अर्हम्

योगनिष्ठ मुनिराज महाराजश्री १००८ श्री

बुद्धिसागरजी विरचितः

॥ आत्मप्रकाशः ॥

छपावी प्रसिद्ध करनार.

माणसाना शेठ वीरचंदभाइ कृष्णाजी.

માણસાના. શા. ચંદુલાલ વીરચંદની સ્વર્ગવાસી માતાશ્રી ચંચળબાઈના સ્મરણાર્થે પુણ્યમાં કાઢેલા રૂપૈયામાંથી, આ ગ્રંથ છપાવી પ્રસિદ્ધ કર્યો છે.

અમદાવાદ.

સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસ. પાંચકુવા નવા દરવાજા.

વીર સંવત ૨૪૩૩, સંવત ૧૯૬૪.

સને ૧૯૦૭.

॥ आत्मप्रकाश. ॥

॥ समुद्देश ॥

॥ सम्मतितर्क ॥

सर्वस्यैव हि शास्त्रस्य, कर्मणो वापि कस्यचित् ।
यावत् प्रयोजनं नोक्तं, तावत् तत् केन गृह्यते ॥ १ ॥
अनिर्दिष्ट फलं सर्वं, न प्रेक्षापूर्वकारिभिः ।
शास्त्रमाद्रियते तेन, वाच्यमग्रे प्रयोजनम् ॥ २ ॥
शास्त्रस्य तु फले दृष्टे, तत्प्राप्त्याशावशीकृताः ।
प्रेक्षावंतः प्रवर्तन्ते, तेन वाच्यं प्रयोजनम् ॥ ३ ॥
यावत् प्रयोजनेनास्य, संबंधो नाभिधीयते ।
असंबंधप्रलापित्वात्, भवेत्तावदसङ्गतिः ॥ ४ ॥
तस्माद् व्याख्यांगमिच्छद्भिः सहेतुस्स प्रयोजनः ।
शास्त्रावतारसंबंधो, वाच्यो वान्यस्तु निष्फलः ॥ ५ ॥

સર્વ શાસ્ત્રનું વા કોઇ પણ કર્મનું પ્રયોજન જ્યાં સુધી કહેવામાં આવતું નથી. ત્યાંસુધી તે કોનાવડે ગ્રહણ કરાય; માટે પ્રત્યેક ગ્રન્થનું પ્રયોજન ગ્રન્થારંભે શિષ્ટપુરૂષોએ કથન કરવું જોઇએ. પ્રેક્ષાવંત ભવ્યોવડે જેનું ફલ

કહ્યું નથી, એવું શાસ્ત્ર આદરવાળું થતું નથી. માટે તેનું પ્રયોજન કહેવું જોઇએ, અમુક શાસ્ત્રથી વાંચકને અમુક જ્ઞાનદ્વારા અમુક ફલ થાય છે એમ ફલ દેખતે છતે તેની પ્રાપ્તિની આશામાં વશીભૂત પ્રેક્ષાવંત પ્રવર્તે છે, માટે પ્રયોજન કહેવું જોઇએ–પ્રયોજનવડે ગ્રન્થનો સંબંધ જ્યાંસુધી કહેવામાં આવ્યો નથી, ત્યાંસુધી અસંબંધ પ્રલાપથી ગ્રન્થની અસંગતિ થાય છે. તે માટે વ્યાખ્યાનાંગ ઇચ્છાવાળાઓએ હેતુસહિત પ્રયોજનવાળો શાસ્ત્રાવતાર સંબંધ કહેવો જોઇએ. અન્યથા નિષ્ફલપણું સત્પુરૂષો કથે છે. તેમ સમ્મતિ તર્ક વૃત્તિકારના મત પ્રમાણે આ આત્મપ્રકાશ ગ્રન્થનું પ્રયોજન કહેવું જોઇએ. આત્મપ્રકાશ ગ્રન્થ કરવાનું પ્રયોજન એ છે કે તે ગ્રન્થ વાંચીને સર્વ ભવ્યો પોતાના આત્મસ્વરૂપને ઓળખે. સર્વજ્ઞાન કરતાં આત્મજ્ઞાન શાસ્ત્રોમાં અપેક્ષાએ મોટું કહ્યું છે. આત્મજ્ઞાન બે પ્રકારનું છે. ૧ મિથ્યા આત્મજ્ઞાન. ૨ બીજું સમ્યગ્ આત્મજ્ઞાન–તેમાં પ્રથમ મિથ્યા આત્મજ્ઞાન કહેનારાં દુનીઆમાં ઘણાં શાસ્ત્રો છે, તેથી આત્મજ્ઞાનને બદલે આત્માનું અજ્ઞાનજ થાય છે. અને તેથી ઇષ્ટકર્તવ્યની પરાઙ્મુખતાથી ભવભ્રમણની વૃદ્ધિ થયા કરે છે. માટે આત્મજ્ઞાન એટલા શબ્દથી રાજી ન થતાં સમ્યગ્ આત્મજ્ઞાન શું છે. અને તેના વક્તા કોણ છે તેની પરીક્ષા કરવી જોઇએ. અમો કહીશું કે–પૂર્વાપર અવિરૂદ્ધ

વચનના ભાષણકર્તા શ્રી સર્વજ્ઞ વીરપ્રભુએ આત્મસ્વરૂપ યથાતથ્ય કેવલજ્ઞાનથી જાણી ભવ્યજનોને ઉપદેશ્યું છે. તે આત્મસ્વરૂપનું વર્ણન સૂત્રોમાં છે. તે સૂત્રસમુદ્રમાંથી બિંદુની પેઠે ઉદ્ધાર કરી સમ્યગ્ આત્મસ્વરૂપ આ ગ્રન્થમાં પ્રકાશ્યું છે માટે આ ગ્રન્થનું નામ, આત્મપ્રકાશ સાર્થક રાખવામાં આવ્યું છે. સર્વજ્ઞવાણી અનુસાર આ ગ્રન્થ રચ્યો છે તેથી તે ગ્રન્થમાં પ્રમાણતા આવે છે. કારણ કે—**आप्तोक्तं वाक्यं प्रमाणं** આપ્તપુરૂષે કહેલું વાક્ય પ્રમાણ છે—માટે આત્મપ્રકાશ ગ્રન્થ પણ પ્રમાણભૂત ઠરે છે. શ્રી સમ્મતિ તર્કમાં પણ કહ્યું છે કે—પ્રમાણનું લક્ષણ.

॥ श्लोक ॥

तत्रापूर्वार्थविज्ञानं, निश्चितं बाधवर्जितम् ।
अदुष्टकारणारब्धं, प्रमाणं लोकसंमतम् ॥ १ ॥

એ પ્રમાણલક્ષણની સંગતિ પણ આત્મપ્રકાશ ગ્રન્થમાં જીનાજ્ઞાનુસારીપણાથી થાય છે. આત્મપ્રકાશગ્રન્થ વાચક છે. અને આત્મસ્વરૂપ વાચ્ય છે. માટે આ ગ્રન્થનો અને આત્મસ્વરૂપનો વાચ્ય વાચકભાવ સંબંધ જાણવો. આત્મસ્વરૂપનો પ્રકાશ કરવો, કરાવવો, એ ગ્રન્થરચનનો હેતુ છે અને તેનું ફલ મોક્ષ છે. મોક્ષપ્રાપ્તિમાં આ ગ્રન્થ ઉપાય છે અને મોક્ષ ઉપેય છે. મોક્ષાધિકારી થવાને આ ગ્રન્થ યોગ્યતા

બતાવે છે. આ ગ્રન્થ વ્યવહાર અને નિશ્ચયનું સમ્યક્ પ્રતિપાદન કરે છે. જો કે આ ગ્રન્થ અધ્યાત્મ શાસ્ત્રનો છે અને તેમાં નિશ્ચયનયનું વિશેષ વર્ણન છે તોપણ વ્યવહારનયને કારણ પરત્વે આદેય બતાવવામાં ખામી રાખી નથી. અધ્યાત્મજ્ઞાનનું વિશેષ વિવેચન કર્યું છે તે અધ્યાત્મજ્ઞાન અર્થે છે. પણ તેથી વ્યવહારનો લોપ કરવા માટે નથી. તેમ જ્યાં વ્યવહારનું વિશેષ પ્રતિપાદન કર્યું છે ત્યાં એમ સમજવું કે ભવ્યજનોની વ્યવહાર ધર્મમાં પ્રવૃત્તિ સૂચવી છે. પણ નિશ્ચયનયનું ખંડન કર્યું નથી. આ ગ્રન્થમાં પ્રથમ અહંવૃત્તિનું સ્વરૂપ બતાવ્યું છે. ત્યારબાદ અહંવૃત્તિના નાશ માટે ષડ્દ્રવ્યનું તથા સાતનયનું જ્ઞાન બતાવ્યું છે. અને પશ્ચાત્ સાધ્યતત્ત્વ છેલ્લા દુહાઓમાં બતાવ્યું છે. તેમજ જ્ઞાન, ક્રિયા, એ બેથી મુક્તિ મળે છે. એમ સર્વ સારાંશ દર્શાવ્યો છે. એકલા જ્ઞાનથી પણ મુક્તિ નથી તેમજ એકલી ક્રિયાથી પણ મુક્તિ નથી. બેથી મુક્તિ છે. શ્રી સિદ્ધસેનદિવાકર સૂરિ કહે છે કે—

परस्परं कोऽपि योगः क्रियाज्ञानविशेषयोः
स्त्रीपुंसयोरिवानन्दं प्रसूते परमात्मजम् ॥ १ ॥
भाग्यं पंगूपमं पुंसां व्यवसायोऽन्धसंनिभः
यथा सिद्धिस्तयोर्योगे तथा ज्ञानचरित्रयोः ॥ २ ॥

પરસ્પર ક્રિયા અને જ્ઞાનમાં એવું માહાત્મ્ય રહેલું

છે કે તે સ્ત્રીપુરૂષની પેઠે પરમાત્માનંદને ઉત્પન્ન કરે છે. પુરૂષોનું ભાગ્ય પંગુ સમાન છે અને વ્યવસાય એટલે વ્યાપાર; ક્રિયા અંધ સમાન છે, પણ તે બેનાસંયોગે જેમ કાર્યની સિદ્ધિ થાય છે તેમ જ્ઞાન અને ચરિત્ર એટલે સંયમક્રિયા એ બેને વિષે મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ જાણવી. આત્મજ્ઞાનથી સમ્યગ્ વિવેક પ્રગટવાથી અંતરાત્મની શુદ્ધિ થાય છે. અને બાહ્યશુદ્ધિ તો વ્યવહાર ધર્મક્રિયારૂપ સંવરથી થાય છે. તે વિષે શ્રી સિદ્ધસેન સૂરિ ચરણ નીચે મુજબ કહે છે—

॥ श्लोक ॥

अन्तस्तत्त्वं मनःशुद्धिः बहिस्तत्त्वं च संयमः ॥
कैवल्यं द्वयसंयोगे तस्माद् द्वितयभाग् भव ॥ १ ॥

ઇત્યાદિથી જ્ઞાનક્રિયા પર્યુપાસના જૈન શાસ્ત્રોમાં રૂડી રીતે સિદ્ધ થાય છે તેને દર્શાવનાર આત્મપ્રકાશ છે. આત્મા જેનાવડે પ્રકાશે તે આત્મપ્રકાશ ગ્રન્થ છે, આત્મપ્રકાશ ગ્રન્થમાં મતિદોષથી કોઇ સ્થાને જીનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તેની હું ક્ષમા ચાહું છું. અને તે ભૂલને સજ્જન પંડિતો સુધારી લેશે. અસત્ય જે કંઇ લખાયું હોય તો તેને કોઇએ દ્દષ્ટિરાગથી સત્ય માનવું નહિ. સાપેક્ષ ગંભીરનયવડે આ ગ્રન્થમાં આત્મસ્વરૂપ સંબંધી વિવેચન કર્યું છે. શ્રી

સર્વજ્ઞપ્રભુએ બે પ્રકારનો મોક્ષમાર્ગ બતાવ્યો છે. ૧. સાધુમાર્ગ. ૨. શ્રાવકમાર્ગ. એ બે માર્ગથી મોક્ષનગરીમાં જવાય છે. તે બે માર્ગમાં પણ પ્રવૃત્તિ કરવા માટે આત્મજ્ઞાનની આવશ્યકતા છે. માટે આ ગ્રન્થ વાંચવાથી વૈરાગ્ય સંવેગ નિર્વેદદ્વારા મોક્ષની આરાધના થશે. દુહા રૂપે આ ગ્રન્થ બનાવ્યા બાદ માણસાના સુશ્રાવક શા. વીરચંદભાઇ કૃષ્ણાજીની વિનંતિથી ભણવા માટે તેનું વિવેચન કર્યું છે, અને તેઓજ આ ગ્રન્થને છપાવી હજારો ભવ્યજીવોને જ્ઞાનદાન આપવામાં સ્હાયકારી બન્યા છે. અમદાવાદમાં—શાહીબાગમાં ઝવેરી. લલુભાઈ રાયજીના બંગલામાં આ ગ્રન્થના દોહરા. ઝવેરી. મંગળભાઇ (ભોગીલાલ) તારાચંદભાઇએ વાંચ્યા હતા. તેમને વાંચ્યાથી બહુ આનંદ મળ્યો હતો, તેથી તેમને પણ વિજ્ઞપ્તિ વિવેચન માટે કરી હતી. હાલના સમયમાં લોકોનું અધ્યાત્મમાર્ગમાં વિશેષ વલણ થયું છે. તેથી કેટલાક જૈનો એકાંત મિથ્યાત્વના અધ્યાત્મ ગ્રન્થો વાંચે છે તેથી તેઓને પણ સમ્યગ્ જૈનશાસનના અધ્યાત્મજ્ઞાનમાં દોરવાને આ ગ્રન્થ બહુ ઉપયોગી થઇ પડશે, કેટલાક ફક્ત અધ્યાત્મ ગ્રન્થો વાંચી શુષ્કજ્ઞાની બની સદ્વર્તન ઉચ્ચઆચાર વ્યવહાર ક્રિયાથી ભ્રષ્ટ બને છે તેઓને આ ગ્રન્થ સારા વિચારો આપી આચારવિચારની ઉચ્ચકોટિના સદ્વર્તનમાં અને વ્યવહારધર્મ-

ર્તામાં સ્હાયકારી બનશે. તેમજ કેટલાક એકાંત અજ્ઞપણાથી ધર્મક્રિયા કરે છે અને આત્મજ્ઞાનમાર્ગમાં કંઇપણ સમજી શકતા નથી તેવા ભવ્યજનોને તત્ત્વનું સ્વરૂપ સમજાવશે. અને ધર્મની ક્રિયાઓમાં વિશેષ રૂચિ કરાવશે. હાલના સમયમાં સંસ્કૃત તથા માગધી ભાષામાં રચેલા ધર્મધુરંધર પૂજ્ય હરિભદ્ર, હેમાચાર્ય, શ્રી યશોવિજયજી, જેવાના ગ્રન્થોનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરાવવું પડે છે. તેનું કારણ કે માગધી અને સંસ્કૃતમાં રચેલા ગ્રન્થોના અભ્યાસી અલ્પ છે. અને ગુજરાતી ભાષાના જાણકાર ઘણા છે. માગધી અને સંસ્કૃત ગ્રન્થોનું પણ જ્યારે ગુર્જર ભાષામાં ભાષાંતર કરાવવું પડે છે. અને તેથી લોકોને ધર્મ જ્ઞાનનો લાભ મળે છે તો અમોએ પણ સર્વ ભવ્યોને લાભ મળવા માટે ગુજરાતી ભાષામાં ગ્રન્થ રચ્યો છે. અને તેથી ગુજરાતી સાહિત્યમાં વધારો દેખી સાહિત્યના ઉપાસકો આનંદ માનશે. આ ગ્રન્થથી ભવ્યજનો ધર્મતત્ત્વની પ્રાપ્તિ કરો. એજ.

શુભાશા.

ॐ शांतिः शांतिः शांतिः ३

आत्मप्रकाश.

ॐ अर्हम्

नत्वा स्मृत्वा जगद्देवं श्रीवीरं परमेश्वरम् ॥
आत्मप्रकाशशास्त्रस्य व्याख्या वितन्यते मया ॥ १ ॥

दुहा.

परंपरागम पामीने पाळे पञ्चाचार ॥
रजोहरण मुखवस्त्रिका जैनसूत्र अनुसार ॥ १ ॥

વિવેચન—આ જગતમાં અનેક પ્રકારના ધર્મ માર્ગો પ્રવર્તે છે, પણ તેમાં પૂર્ણ સત્ય સમાયું નથી, દુનીયામાં ત્રણસો ત્રેસઠ પાખંડીઓના મતો છે. અને તેનું વિવેચન શ્રી સૂયડાંગસૂત્ર વિગેરેમાં કર્યું છે, દરેક મતોમાં સંપૂર્ણ અંશે સત્યતા નથી, એવું જ્ઞાન જે વીતરાગ કથિત તત્ત્વોને જાણે છે, તેને થાય છે. જે ભવ્યો વીતરાગનાં વચન જાણે છે, તે દુનીયામાં ઉત્પન્ન થએલા ધર્મ પન્થો, કે જે એકાંત વાદથી ભરપૂર છે, તેમાં ફસાતા નથી. શ્રી વીતરાગ પ્રરૂપિત સાતનયોનું ગુરૂગમદ્વારા જ્ઞાન થતાં સમ્યક્ તત્ત્વનું શ્રદ્ધાન થાય છે. માટે ભવ્ય પુરૂષોએ ગુરૂચરણની ઉપાસના કરવી જોઇએ. સાધુ તરીકે પંચમ પરમેષ્ટિરૂપ ગુરૂ નવકાર

પદમાં જે જણાવ્યા છે, તેનું લક્ષણ પ્રથમ બાલજીવોના અર્થે કહેવામાં આવે છે. સાધુરૂપ ગુરૂનું લક્ષણ કહેવાનું પ્રયોજન એ છે કે શ્રી સાધુ મહારાજનું ઓળખાણ થાય. અને તેમનું ઓળખાણ થતાં, તેમની વિનયભક્તિ થશે. અને તેમની વિનયભક્તિથી જ્ઞાન મળશે. અને જ્ઞાનથી સમકિતની પ્રાપ્તિ થશે. ઉત્તરોત્તર આત્મા પરમાત્મ અવસ્થા સન્મુખતાને ભજશે. જે કોઈ સાધુ પરંપરાગમ પ્રાપ્ત કરી, પંચમહાવ્રત ગુરૂ પાસે ઉચ્ચરી, રજોહરણ અને મુખવસ્ત્રીકારૂપ યતિલિંગને ધારણ કરે અને જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાર, તપઆચાર અને વીર્યાચારનું સમ્યગ્રીત્યા દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ પ્રમાણે રક્ષણ કરે, અને સ્વાત્મ સન્મુખતાને ભજે, એવા મુનિરાજ વ્યવહારથી સાધુ કહેવાય છે. વ્યવહારથી કથિત મુનિ વેષથી જીવ ઉપાધિ માર્ગથી ન્યારો રહેવા પ્રયત્ન કરે છે. **वेसो रक्खइ धम्मं** એમ પણ કહ્યું છે. માટે વેષ પણ ભાવ મુનિગુણ પ્રાપ્ત કરવામાં ઉપકારક છે. શ્રી તીર્થંકર ભગવાન્ પણ ગૃહસ્થાવાસનો ત્યાગ કરી, વ્યવહાર સાધુપણું ગ્રહણ કરે છે. કોઈ ગ્રહસ્થ ભાવમુનિના ગુણ સ્પર્શી ભાવચારિત્ર પ્રાપ્ત કરી, કેવળજ્ઞાની બને. અને તેનું આયુષ્ય વિશેષ હોય તો, અવશ્ય તેવા કેવલજ્ઞાનીને રજોહરણ અને મુખવસ્ત્રીકા ધારણ કરવી પડે છે. શ્રીકુર્મા પુત્રને ગૃહસ્થાવાસમાં કેવલ જ્ઞાન થયું, અને છ મહીના

સુધી ગ્રહસ્થાવાસમાં રહ્યા, અંતે તે વાતની સ્પષ્ટતા થતાં, આયુષ્ય મર્યાદા વિશેષ હતી, માટે કુર્માપુત્રે રજોહરણ અને મુખ વસ્રીકારૂપ વ્યવહાર સાધુનો વેષ અંગીકાર કર્યો. આ ઠેકાણે સમજવાનું કે તેમને નિશ્ચય ચારિત્ર પ્રાપ્ત છતાં. પણ ઉપદેશાધિકાર તથા અનાદિકાળની સ્થિતિ જાળવવા અને તેથી અનેક જીવોને લાભ થાય, માટે વ્યવહાર સાધુનો વેષ અંગીકાર કર્યો. વ્યવહારમાં વ્યવહાર સાધુપણું બળવાન્ છે, વ્યવહાર સાધુત્વ અંગીકારથી નિશ્ચય સાધુત્વ પ્રગટવું એતો રાજમાર્ગ છે. અને એવો માર્ગ સર્વ જગત્ જીવોને અવલંબનીય છે. અને તેથી સિદ્ધાંતકારે કહ્યુ છે કે—

गाथा.

एगदीवसंपि जीवो पव्वज्जमुवागओ अनन्नमणो ॥
जइवि न पावइ मुख्खं अवस्स वेमाणिओ होइ ॥१॥
कंचणमणि सोवाणं थंभसहस्सूसियं सुवन्नतलं॥
जो कारिज्ज जिणहरं तओवि तव संजमो अहिओ ॥२॥

ભાવાર્થ—જે કોઈ ભવ્યજીવે એક દીવસની પણ અનન્યચિત્તથી દીક્ષા અંગીકાર કરી હોય, તેજે કદાપિ મુક્તિ પામે નહિ, તો પણ અવશ્ય આરાધક હોવાથી, વૈમાનીક થાય છે. કોઈ મનુષ્ય સહસ્ર સ્તંભથી શોભાયમાન સુવર્ણ તથા મણિમય જીનમંદિર કરાવે, તેથી પણ તપ અને સં-

જમમાર્ગ વિશેષ છે, અલબત સંવરમય ચારિત્રમાર્ગ ગૃહસ્થાવાસના ધાર્મિક કૃત્યો કરતાં અધિક છે, આત્મમતિ જ્ઞાન તથા શ્રુતજ્ઞાન હોય, તો પણ વ્યવહારથી સાધપણું અંગીકાર કરી પાળેલો ચારિત્રમાર્ગ વિશેષતઃ કર્મનો ક્ષય કરે છે. દેવતાઓને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, તથા અવધિજ્ઞાન હોય છે, તો પણ તેમનામાં વ્યવહારથી ચારિત્રગુણ અંગીકાર કરવાની શક્તિ નથી. તેથી તેઓ મનુષ્યાવતારમાં જે કોઇ વ્યવહારચારિત્ર અંગીકાર કરે છે, તેમને નમસ્કાર કરે છે, તેમની સ્તુતિ કરે છે; ચોસઠ ઇંદ્રને પણ વ્યવહારચારિત્ર પાળનાર મુનિરાજ વંદ્ય છે, તો ગૃહસ્થજીવ મુનિરાજને વંદન કરેજ તેમાં શું આશ્ચર્ય! શ્રી તીર્થંકર ભગવાન ધર્મમાર્ગ પ્રવર્તાવવા પ્રથમ સાધુમાર્ગમાં જીવોનો પ્રવેશ કરાવે છે. અને પોતે ભવ્ય જીવોને વ્યવહારચારિત્ર અંગીકાર કરાવે છે. કેવલજ્ઞાનીના હુકમને અનુસરી, સર્વજીવોએ વ્યવહારચારિત્ર અંગીકાર કરેલા મુનિરાજોની વિનયભક્તિ કરવી. તેમનાથી ઉન્મુખ થઈ ઉત્સૂત્ર પ્રલાપ કરવો નહીં. કોઇ એમ કહે કે, હાલના સમયમાં સાધુ નથી, સાધ્વી નથી, શ્રાવક નથી, શ્રાવીકા નથી; એમ કહેનારને સંઘની બહાર કાઢવો. વ્યવહાર સાધુનો વેષપણ જીનેશ્વર કથિત સૂત્રાનુસારે હોવો જોઇએ. વ્યવહારચારિત્ર અંગીકાર કરવાથી, અનેક પ્રકારની સંસારની ઉપાધિયો દૂર થાય છે કાજળની કોટડીમાં રહીને જેમ ડાઘરહિત

રહેવું, તેવુંજ સંસારાવસ્થામાં રહીને ઉપાધિરહિત રહેવું કઠિણ છે. ત્રણજ્ઞાને યુક્ત એવા તીર્થંકર ભગવાન્ કે તે ભવમાં મુક્તિ જવાનું છે, એમ જાણે છે, છતાં વ્યવહાર-ચારિત્ર અંગીકાર કરે છે. તો અન્ય ભવ્યજીવોએ તો અવશ્ય વ્યવહારચારિત્ર અંગીકાર કરવું અને વ્યવહારચારિત્ર ધર્મ અંગીકાર કરનાર મુનિરાજની સેવા ચાકરી કરવી. જે કોઈ વ્યવહાર સાધુ થવારૂપ વ્યવહારનું ઉત્થાપન કરે છે, તે તીર્થનો ઉચ્છેદ કરી, મહા મોહનીય કર્મ સમુપાર્જન કરે છે. માટે આત્માર્થી જીવોએ સુસાધુનું બહુ માન કરવું. અને સાધુ પદ અંગીકાર કરવાની ચાહના કરવી, સંસારને બંધનરૂપ માનવો, ગૃહસ્થાવાસમાં છકાયના જીવોની હિંસા કરવી પડે છે, અને પંચપ્રકારના અવ્રતોનું સેવન થાય છે. વ્યવહારચારિત્રાવસ્થામાં પંચપ્રકારનાં અવ્રતોનો ત્યાગ કરવો પડે છે. ધર્મોપદેશના અધિકારી પણ ગીતાર્થ સાધુ મહારાજ છે, પણ ગ્રહસ્થ નથી. અસંયતિની પૂજા નામનું દશમું આશ્ચર્ય હાલમાં પ્રવર્તે છે, તેથી આત્માર્થી જીવોએ માધ્યસ્થભાવધારણ કરવો. ઉપદેશના વા વ્યાખ્યાનના અધિકારી મુનિરાજ છે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

गाथा.

संविग्गो गीयथ्थो मज्झथ्थो देशकालभावन्नू ॥
नाणस्स होइ दाया जो शुद्ध परूवगो साहू ॥ १ ॥

ભાવાર્થ—સંવિજ્ઞ ગીતાર્થ માધ્યસ્થ દેશકાલ ભાવનો જાણ એવો અને શુદ્ધપ્રરૂપક સાધુ તેજ જ્ઞાનનો દાતા જાણવો. ગૃહસ્થાવાસમાં રહીને ઉપદેશનો અધિકારી જીવ બની શકતો નથી જ્યાં જ્યાં સૂત્રમાં ધર્મકથાઓ ચાલી છે, ત્યાં ત્યાં મુનિરાજોએ ધર્મોપદેશ આપ્યો છે. શ્રાવક વા સાધુમાર્ગનો ઉપદેશ કરવો, એ મુનિરાજનું કર્તવ્ય છે. ગૃહસ્થાવાસમાં રહીને પણ અપવાદ માર્ગે કોઇને કંઇ ગૃહસ્થજીવ ગીતાર્થ મુનિરાજની નિશ્રાએ સમજાવે. સમજાવે તો પણ સૂત્રમાં શ્રાવકને **लद्धठा गहियठा** કહ્યા છે. પણ ઉપદેશ વા ધર્મવ્યાખ્યાન આપનાર કહ્યા નથી. ગીતાર્થ મુનિવિના ધર્મોપદેશ આપ્યાથી ઉત્સૂત્ર પ્રરૂપણા, ધર્મમાર્ગલોપ. વિગેરે દોષોત્પત્તિ થવાનો પ્રસંગ રહે છે. માટે જ્ઞાની સદ્ગુરૂ ચરણ સેવાધીન રહી, ભવ્યજીવોએ આત્મકલ્યાણ કરવું. અને એવા સદ્ગુરૂ મુનિદ્વારા જ્ઞાન ગ્રહણ કરવું એજ ઉદ્દેશ હૃદયમાં ધારણ કરવો.

दुहा.

आत्मध्यानी पण साधु वा श्रावक जे को होय
परमपंथने पारखी—करे न शंसय कोय ॥ २ ॥

ભાવાર્થ—જે કોઇ આત્મધ્યાન કરનાર સાધુ અગર શ્રાવક હોય, તે શ્રી વીતરાગ પ્રરૂપીત પરમ પન્થને જાણી

પૂર્વોક્ત બાબતમાં કોઇ પણ પ્રકારનો સંશય કરતા નથી. શ્રાવક ધર્મ, અને સાધુ ધર્મ, તે બન્ને ધર્મનું પૂર્ણ રહસ્ય સમજી, આત્મધ્યાની શ્રાવક વા સાધુ માર્ગનો નિષેધ કરતો નથી. સર્વજ્ઞે બે માર્ગ પ્રરૂપ્યા છે, તે યથા યોગ્ય છે. કેવલજ્ઞાનીએ જે જે માર્ગ સ્વરૂપ બતાવ્યું છે, તે તે સત્ય છે, એમ સમજી આત્મધ્યાની પોતે પ્રયત્નમાંજ જોડાય છે; આત્મ તત્ત્વ સન્મુખ થવા સદ્ગુરૂની ઉપાસના કર્યા કરે છે. પોતાની શક્તિ હોય તો, સાધુ ધર્મ સ્વીકારે છે, અને તેટલી શક્તિ ન હોય તો શ્રાવકનો ધર્મ સ્વીકારે છે. પોતાનાથી જેટલું બને તેટલું કર્યા કરે છે, શ્રાવક કરતાં સાધુને ધર્મધ્યાન તથા શુકલ ધ્યાનની પ્રાપ્તિ રાજમાર્ગથી જોતાં વિશેષતઃ થાય છે. ગૃહસ્થ દેશથી ઉપાધિ એટલે અવિરતી પણાનો ત્યાગ કરે છે, અને મુનિરાજ સર્વથા પ્રકારે અવિરતિપણાનો ત્યાગ કરે છે, ઉપાધિ રહિત દશામાં ધ્યાન કરી શકાય છે. ગૃહસ્થ સદાકાળ પ્રાયઃ ઉપાધિ દશામાં જીવન ગાળે છે, તેથી તેને ધ્યાનનો સંભવ અલ્પ છે, અને મુનિરાજ તો કંચન, કામીની, સંસાર વ્યવહાર વિગેરેના ત્યાગી હોવાથી, તેઓને આત્મધ્યાન માટે ઘણો વખત મળે છે, અને તેથી તેઓ ધર્મધ્યાનાદિકનું વિશેષતઃ સેવન કરી શકે છે. શ્રાવક ચોથા ગુણસ્થાનકમાં વા પંચમગુણસ્થાનકમાં વર્તત્તા હોય છે, અને ચોથા તથા પાંચમા ગુણ

ઠાણે ધર્મધ્યાન કહ્યું છે. તેથી શ્રાવકને પણ આત્મધ્યાની કહ્યા છે, પણ શ્રાવકને ગુણ ઠાણાની મર્યાદા પ્રમાણે ધ્યાન છે. ધ્યાનની મુખ્યતા મુનિ માર્ગમાં છે. મુક્તિ પ્રાપ્ત કરવાનો આસન્ન ઉપાય મુનિ ધર્મ છે, મુનિ ધર્મથી સર્વ કર્મનો નાશ થાય છે. શ્રાવક પણ સદાકાળ મુનિ થવાની અંતરમાં ભાવના કરે. આત્મધ્યાની એમ દુહામાં કહ્યું છે તેનો પરમાર્થ એ છે કે, શ્રાવક વા સાધુ વર્ગ ફક્ત આત્મ ધર્મ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા હોય છે, તે જણાવ્યું છે. મુનિરાજ આત્મ ધર્મ સન્મુખ કેવી રીતે થાય છે તે બતાવે છે.

दुहा.

द्रव्यानुयोगे करी, करता आतमध्यान
चरणानुयोगे करी, बाह्याचार विधान ॥ ३ ॥
वर्ते निजपद शून्यता, चलवे डाकडमाल
वर्ते बाह्याचारमां, भव तस अरहट्टमाल ॥ ४ ॥
वेष ग्रहेथी शुं हुवे, अन्तर नहि उपयोग
अंतर उपयोगी मुनि, पामे निजगुण भोग ॥ ५ ॥

ભાવાર્થ—મુનીરાજ દ્રવ્યાનુયોગના જ્ઞાનથી આત્મધ્યાન કરે છે. અને ચરણ કરણાનુયોગથી બાહ્ય સાધુના આચારમાં તત્પર રહે છે. અનુયોગ ચાર પ્રકારના છે. ૧. દ્રવ્યાનુયોગ. ૨. ગણિતાનુયોગ. ૩ ચરણકરણાનુયોગ.

અને ૪. ધર્મકથાનુયોગ. એ ચાર અનુયોગમાં દ્રવ્યાનુયોગ તે તત્ત્વમય છે. શ્રીતીર્થંકર પ્રભુએ દ્રવ્ય ગુણ પર્યાયનું સ્વરૂપ કહ્યું છે, તે દ્રવ્યની વ્યાખ્યા આવે છે. ષડ્દ્રવ્યનો વિચાર અસ્મદીય ષડ્દ્રવ્ય વિચાર નામના ગ્રંથમાંથી જોઇ લેવો. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય. આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાલ, અને અને જીવ દ્રવ્ય, એ ષડ્ દ્રવ્ય છે. ધર્માસ્તિકાય દ્રવ્ય ચલણ સહાય ગુણ છે. ધર્માસ્તિકાયના અસંખ્ય પ્રદેશ છે. લોકાકાશ વ્યાપી ધર્માસ્તિકાય દ્રવ્ય છે. ધર્માસ્તિકાયના પ્રતિ પ્રદેશે ચલણ સહાયગુણ રહ્યો છે. ધર્માસ્તિકાય અનાદિકાળથી છે. અને અનંત છે. ધર્માસ્તિકાય અરૂપી છે, અજીવ છે. પરદ્રવ્યમાં પરિણમતું નથી. ધર્માસ્તિકાયના પ્રતિ પ્રદેશે અનંત ગુણ પર્યાય છે. ધર્માસ્તિકાયમાં સમયે સમયે એકેક પ્રદેશમાં ઉત્પાદવ્યયની વર્તના થઇ રહી છે, તેજ પ્રમાણે અધર્માસ્તિકાય દ્રવ્ય પણ અસંખ્ય પ્રદેશી છે, સ્થિર થવામાં સાહાય્ય આપવી, એ ગુણ અધર્મ દ્રવ્યનો છે. અધર્માસ્તિકાય દ્રવ્ય લોકાકાશવ્યાપી છે. તેના પ્રતિ પ્રદેશે અનંત ગુણ પર્યાય રહ્યા છે. અધર્માસ્તિકાય દ્રવ્ય અનાદિકાળથી છે, અને અનંત છે. જે વસ્તુ અનાદિ અનંત છે, તેનો અન્ય કોઇ કર્તા નથી. અધર્માસ્તિકાય અરૂપી છે, તથા અજીવ છે. તે પર દ્રવ્યમાં પરિણમતું નથી; અધર્મદ્રવ્યના એકેક પ્રદેશમાં સમયે સમયે અનંત ઉત્પાદવ્યયની વર્તના થયા કરે છે.

ત્રીજું આકાશાસ્તિ કાય દ્રવ્ય છે. આકાશ દ્રવ્ય લોક તથા અલોકમાં સર્વ વ્યાપી છે. **अवगाहो आगासं** અવકાશ આપવો, એજ આકાશનું લક્ષણ છે. સર્વ દ્રવ્યને રહેવાની સ્થિતિ આકાશમાં છે. લોકાકાશમાં પંચ દ્રવ્ય છે. અલોકાકાશમાંતો ફક્ત એક આકાશ દ્રવ્ય છે. આકાશના અનંત પ્રદેશ છે. લોકાકાશના અસંખ્ય પ્રદેશ છે. અલોકાકાશના અનંત પ્રદેશ છે. આકાશ દ્રવ્ય અનાદિ અનંત છે. આકાશ અરૂપી છે. અજીવ છે, તેના પ્રતિ પ્રદેશે સમયે સમયે ઉત્પાદ વ્યય થયા કરે છે. આકાશ દ્રવ્ય અન્ય દ્રવ્યમાં પરિણમતું નથી.

ચોથું દ્રવ્ય પુદ્ગલાસ્તિકાય છે. પુદ્ગલ પરમાણુ અનંત છે, પ્રત્યેક પરમાણુમાં એક વર્ણ. એક ગંધ, એક રસ, અને બે સ્પર્શ રહ્યા હોય છે. બે પરમાણુ ભેગા થાય ત્યારે દ્વયણુક કહેવાય છે. ત્રણ પરમાણુ ભેગા થાય, ત્યારે ત્રયણુક સ્કંધ થાય છે. અસંખ્ય પરમાણુ ભેગા થાય ત્યારે અસંખ્યાતાણુક કહેવાય છે. અનંત પરમાણુ ભેગા થાય, ત્યારે અનંતાણુક પુદ્ગલ સ્કંધ કહેવાય છે. આઠ કર્મની વર્ગણાઓ પણ આવા પુદ્ગલ પરમાણુઓથી બની હોય છે. ઔદારીક વર્ગણામાં અનંત પરમાણુઓ હોય છે. તેનાથી વૈક્રીય વર્ગણામાં અનંત પરમાણુ વિશેષ હોય છે. તેના કરતાં આહારક વર્ગણામાં અનંત પરમાણુ વિશેષાધિક છે.

તેના કરતાં તૈજસ વર્ગણામાં અનંત પરમાણુ વિશેષાધિક છે. એમ ભાષા વર્ગણા તથા શ્વાસોશ્વાસ વર્ગણા અને મનો વર્ગણા અને આઠમી કાર્મણ વર્ગણામાં ઉત્તરોત્તર અનંતાનંત વિશેષાધિક પરમાણુઓ રહ્યા હોય છે. આ આઠ વર્ગણાઓ ચૌદરાજ લોકમાં ભરી છે. દરેક જીવ કર્મ આ આઠ વર્ગણાઓને ગ્રહણ કરે છે, અને પછી તેને ત્યાગે છે. આઠ કર્મ પણ પુદ્ગલ પરમાણુઓના સ્કંધોથી બન્યા છે. છ લેશ્યાઓ પણ પરમાણુઓના સ્કંધોથી બની હોય છે. પાંચ પ્રકારનાં શરીર પણ પુદ્ગલ પરમાણુઓના સ્કંધોથી બને છે. પુદ્ગલ સ્કંધના બે ભેદ છે. એક સચિત્ત પુદ્ગલ સ્કંધ અને બીજો અચિત્ત પુદ્ગલ સ્કંધ તેમાં જીવની સાથે લાગેલા સ્કંધોને સચિત્ત પુદ્ગલ સ્કંધ કહે છે. અને જે જીવના પ્રદેશોની સાથે નથી લાગ્યા તેને અચિત્ત પુદ્ગલ સ્કંધો કહે છે. સચિત્ત અને અચિત્ત પુદ્ગલ સ્કંધો પણ મળે છે અને પાછા વિખરાઇ જાય છે. સ્કંધ પણ પુદ્ગલ દ્રવ્યના પર્યાય કહેવામાં આવે છે. પુદ્ગલ સ્કંધ અનિત્ય છે. પૃથિવી, જલ, અગ્નિ અને વાયુ તત્વરૂપે પણ પુદ્ગલ દ્રવ્ય પરિણમે છે ચાર તત્ત્વમય સ્થિતિ તે પણ પુદ્ગલ સ્કંધોની છે. છકાય રૂપે પણ પુદ્ગલ દ્રવ્ય પરિણમે છે. પુદ્ગલ દ્રવ્ય રૂપી છે. અનાદિકાળથી પુદ્ગલ દ્રવ્ય છે, અને તેનો અંત નથી, માટે તે અનંત છે. પુદ્ગલનો કર્ત્તા કોઈ

અન્ય ઇશ્વર નથી. જે વસ્તુ અનાદિ છે. તેનો બનાવનાર કોઇ હોતો, નથી. પ્રત્યેક પરમાણુંમાં સમય સમયે ઉત્પાદ વ્યય થયા કરે છે. પુદ્ગલ દ્રવ્ય જીવદ્રવ્યની સાથે પરિણમી જાય છે, તેથી પુદ્ગલ દ્રવ્ય પરિણામી કહેવાય છે. પુદ્ગલ દ્રવ્ય વ્યવહારથી જીવની સાથે પરિણામી છે. પણ નિશ્ચયથી પરિણામી હોત, તો પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન કોઈ આત્મા થાત નહિ. અનેક જીવો પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન થાય છે, માટે પુદ્ગલ દ્રવ્ય છે, તે વ્યવહારથી જીવની સાથે પરિણમે છે. જેમ દુધ અને જલ પરસ્પર એક બીજામાં મળી જાય છે, તેમ આત્મા અને પુદ્ગલ પરસ્પર પરિણમે છે. અનાદિકાળથી આત્માની સાથે કર્મરૂપ પુદ્ગલ પરિણમ્યું છે, કર્મ પુદ્ગલ સ્કંધો અનિત્ય છે. કારણકે તે મળે છે, અને વિખરે છે. પુદ્ગલ પરમાણુંઓ જડ છે. અન્ય દ્રવ્યનું પોતાનું સ્વરૂપ જાણવાનો પુદ્ગલ દ્રવ્યમાં સ્વભાવ નથી. પુદ્ગલ દ્રવ્યરૂપ અનંત પરમાણુઓમાં નિત્યપણું અને અનિત્યપણું કહ્યું છે. નૈયાયિકોએ પરમાણુઓને એકાંતે નિત્યપણું અને અનિત્યપણું રહ્યું છે. દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્યત્વપણું છે, અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્યત્વપણું રહ્યું છે. એમ સર્વજ્ઞે કહ્યુંછે—એકજ પરમાણુમાં એક સમયે નિત્યત્વપણુ અને અનિત્યત્વપણુ રહ્યું છે. પરમાણુમાં રહેલા વર્ણ ગંધરસ અને સ્પર્શના પર્યાય ફરે છે, માટે અનિત્યત્વપણું

રહ્યું છે. અને પરમાણુરૂપ દ્રવ્ય છે તે પર્યાયના ફેરફારથી પણ પોતે બદલાતું નથી, માટે તે પરમાણુ દ્રવ્યપણે નિત્ય છે, જગતમાં અનંતપરમાણુઓ છે. પરમાણુઓથી બનેલા પુદ્ગલ સ્કંધો કેટલાક દ્રષ્ટિગોચર થાય છે, અને કેટલાક દ્રષ્ટિગોચર થતા નથી. પરમાણુઓમાં ગમન શક્તિ રહી છે, તેથી તે ગમન શક્તિ પરમાણુથી બનેલા સ્કંધોમાં પણ આવે છે. ઉદ્યોત, તાપ. પ્રતિબિંબ તાઢ, છાયા એ સર્વ પુદ્ગલ દ્રવ્યના સ્કંધો છે. શબ્દ છે, તે પણ પુદ્ગલ દ્રવ્યના સ્કંધો છે शब्दगुणमाकाशं નૈયાયીકો શબ્દગુણ આકાશનો એમ કહે છે, પણ તે તેમની ભુલ છે. કારણ કે આકાશદ્રવ્ય અરૂપી છે. અને શબ્દ તો રૂપી છે. આકાશતો અગતિમાન્ છે અને શબ્દતો ગતિમાન્ છે. વળી શબ્દતો મુખાદિ પ્રયત્ન જન્ય છે, તેથી તે આકાશનો ગુણ નથી વળી હાલના સમયમાં શબ્દગતિમાન્ અને રૂપી છે, તેની સાબીતીમાં ફોનોગ્રાફ યંત્ર અને ટેલીફોન વિગેરેને જોઇ લ્યો. શબ્દરૂપી છે અને તે પુદ્ગલ દ્રવ્ય છે, એમ અનેક હેતુઓથી સિદ્ધ થાય છે. આ સ્થળે તેની ઘણી ચર્ચાકરવી તે યોગ્ય નથી પુદ્ગલ દ્રવ્યરૂ પી છે. તેનો સ્વભાવ સડણ પડણ અને વિધ્વંસનનો છે પુદ્ગલ દ્રવ્ય અજીવ છે. લોકાકાશમાં પુદ્ગલ દ્રવ્યની સ્થિતિ છે. પુદ્ગલ દ્રવ્યમાં ઘણી શક્તિ રહી છે, પણ તે આત્મીકશક્તિ કરતાં જુદા પ્રકારની છે ઘર,હાટ, શરીર, ઇન્દ્રિય,

મહેલ, પૃથ્વી, રથ, ધન એ સર્વ પુદ્‌ગલદ્રવ્યના સ્કંધો છે: પુદ્‌ગલદ્રવ્યમાં મળવાની અને વિખરવાની સ્વભાવથી શક્તિ રહી છે. પુદ્‌ગલદ્રવ્યના મોટા મોટા પર્યાયરૂપ આકારો દેખી, આપણે અજ્ઞાનથી વિચારીએ છીએ કે, અહો! આવા મોટા આકારો કોણે કર્યા હશે? તેનો કર્તા અન્ય કોઈ હોવો જોઈએ. પણ જ્ઞાન દ્રષ્ટિ જ્યારે થાય છે, અને આવી રીતે પુદ્‌ગલદ્રવ્યનું સ્વરૂપ સમજવામાં આવે છે, ત્યારે માલુમ પડે છે પુદ્‌ગલદ્રવ્યમાંજ મળવાની અને વિખરવાની શક્તિ રહી છે. કોઈ એમ કહેશે કે પરમાણુદ્રવ્યના પર્વત આદિ મોટા મોટા આકાર બનાવનાર ઈશ્વરની શક્તિ માનવી જોઈએ, આવી રીતે કોઈ કહે તો તેની ભૂલ છે કારણ કે, તેવી પર્વતાદિ મોટા પર્યાયરૂપે થવાની શક્તિ પુદ્‌ગલદ્રવ્યમાં ના હોત તો, ઈશ્વરશક્તિની કલ્પના કરવી પડત. પણ એવી શક્તિ પુદ્‌ગલદ્રવ્યમાં રહી છે, માટે ઈશ્વરશક્તિની જરૂર રહેતી નથી. ઈશ્વરની શક્તિ તો ચૈતન્ય સ્વરૂપ છે, તે જડ જે પુદ્‌ગલ પરમાણુ આ તેને એકઠા કરવા, જુદા કરવા, આદિ કાર્ય કરી શકતીજ નથી. દૂધનો દધિરુપ પર્યાય થવાની શક્તિ સ્વભાવ તો તે દૂધમાંજ છે. પણ કંઈ ઈશ્વરે દૂધનો દધિરૂપ પર્યાય કર્યો નથી. ઈશ્વરની શક્તિથી અમુક મોટું વિગેરે થાય છે, તેમ કહેવું તે તો અજ્ઞાનથીજ છે. જ્યારે દરેક દ્રવ્યનો ભિન્ન ભિન્ન સ્વભાવ છે, ત્યારે અન્ય

દ્રવ્યનું કાર્ય અન્યદ્રવ્ય કેમ કરી શકે? અગ્નિમાં ઉષ્ણતા સ્વભાવેજ રહી છે. તેનો કર્તા જેમ અન્ય ઇશ્વર નથી. જલમાં શીતતા સ્વભાવે રહી છે, તેનો કર્તા અન્ય ઇશ્વરરૂપે નથી. તેમ ષડ્દ્રવ્યના સમૂહરૂપ આ જગત્‌નો કર્તા અન્ય ઇશ્વિર નથી. પણ પ્રત્યેક દ્રવ્ય પોતપોતાના ધર્મનો કર્ત્તા છે, અમુક અને અમુક પદાર્થ ભેગા કરીએ ત્યારે લાલરંગ બને છે. તેમ પુદ્‌ગલ સ્કંધોના ભેગા થવાથી મોટા મોટા પર્વતો વિગેરે બને છે. પુદ્‌ગલ દ્રવ્યના મહાન્ પર્યાય થવામાં પુદ્‌ગલ દ્રવ્યજ કારણી ભૂત છે. પુદ્‌ગલ દ્રવ્યમાં વિચિત્ર શકિતયો રહી છે. એક તલમાત્ર હલાહલ વિષયથી, મોટા મોટા હાથીઓના પ્રાણ નાશ પામે છે, ત્યારે વિચારો કે પુદ્‌ગમાં કેટલી શક્તિ રહી છે. ભિન્ન ભિન્ન વર્ણ ગંધ રસ અને સ્પર્શને લઇ પુદ્‌ગલ સ્કંધો પણ ભિન્ન ભિન્ન શક્તિવાળા બનેલા હોય છે. અને તેથી પુદ્‌ગલ દ્રવ્યના પર્યાયો પણ પરસ્પર એક બીજાથી વિરૂદ્ધ સ્વભાવવાળા હોય છે; કેટલાક પુદ્‌ગલો શરીરમાં રૂધિર રૂપે પરિણમે છે, અને કેટલાંક પુદ્‌ગલો શરીરમાં ધાતુ રૂપે પરિણમે છે. વળી કેટલાક પરમાણુ પુદ્‌ગલોનો અસ્થિ રૂપ પરિણામ બને છે. વળી કેટલાંક પુદ્‌ગલો પરસેવા રૂપે પરિણમે છે. એમ પુદ્‌ગલ દ્રવ્યના પર્યાયોનો પરિણામ ભિન્ન ભિન્ન રૂપે પરિણમ્યા કરે છે. જેમ શેલડીના

પુદ્ગલો સાકર રૂપ પરિણામને ધારણ કરે છે. દૂધ રૂપ પુદ્ગલો દહિં રૂપ પર્યાય પરિણામને ધારણ કરે છે. અપ્કાયનાં પુદ્ગલો વરાળ રૂપ પરિણામને ધારણ કરે છે અનેક પ્રકારનાં ઔષધો રૂપ પુદ્ગલ પર્યાયોથી, અનેક પ્રકારના રોગો મટે છે. જ્વરના ઔષધથી જ્વરોત્પાદક પુદ્ગલ સ્કંધોની શાંતિ થાય છે. કોઇ મનુષ્યને સર્પ કરડે છે, ત્યારે તેના શરીરમાં સર્પ વિષના પુદ્ગલોનો પ્રવેશ થાય છે. તેજ વિષ પુદ્ગલોનો પ્રતિપક્ષી ઔષધ રૂપ પુદ્ગલોથી નાશ રૂપ વિપરિણામ થાય છે. કોઈ મનુષ્યની આંગળીએ વૃશ્ચિક કરડયો હોય છે, અને ત્યાંથી તેના હસ્તમાં લોહી મારફત વિષનાં પુદ્ગલો પ્રસરે છે; ત્યારે તેજ વિષ પુદ્ગલોનો તેના ઔષધ રૂપ પ્રતિ પક્ષી પુદ્ગલોથી શાંત ભાવ થાય છે, અર્થાત્ તે વિષનાં પુદ્ગલો બહાર નીકળી જાય છે. વા શરીરમાંજ વિષતાને છોડી અન્ય રૂપે પરિણમે છે, એમ જણાય છે. આ ઉપરથી વિચારો કે પુદ્ગલોમાંજ સ્વભાવતઃ કેવા પ્રકારની શક્તિ રહી છે. કોઇ મનુષ્યની આંખ દુઃખે છે, ત્યારે તેની ચક્ષુ રકત પુદ્ગલવાળી દેખાય છે. ત્યારે તે રક્ત પુદ્ગળો ઉપશાંત કરવા સારૂ અન્ય પ્રતિપક્ષી ઔષધ રૂપ પુદ્ગલોને ચક્ષુમાં આંજતાં, તુરત રક્ત પુદ્ગલોનો શાંત ભાવ થાય છે. દરેક વનસ્પતિનાં પુદ્ગલોમાં સ્વ-

ભાવતઃ એક બીજાથી વિરૂદ્ધ એવા પ્રકારની શક્તિ વર્ણગંધરસ સ્પર્શની વિભિન્નતાએ રહ્યા કરે છે. તેમજ પુણ્ય અને પાપનાં પુદ્ગલો પણ પરસ્પર વિરૂદ્ધ સ્વભાવવાળાં હોય છે, પુણ્યનાં પુદ્ગલો જ્યારે શાતા વેદનીયના હેતુ થાય છે, ત્યારે પાપનાં પુદ્ગલો અશાતા વેદનીયના હેતુભૂત થાય છે. ચૌદરાજ લોકમાં પુદ્ગલ સ્કંધો સદાકાળે વર્તે છે. વિશ્રસા, મિશ્રસા, અને પ્રયોગસા આ ત્રણ પ્રકારે પણ પુદ્ગલોજ પરિણમે છે. પુદ્ગલ સ્કંધો અનેક રૂપે પરિણમે છે. શુભ પુદ્ગલો અશુભરૂપે પણ પરિણમે છે, અને અશુભ પુદ્ગલો છે, તે શુભ રૂપે પણ પરિણમે છે. મિષ્ટ પુદ્ગલો અમિષ્ટરૂપે પરિણમે છે, અને અમિષ્ટ પુદ્ગલો મિષ્ટરૂપે પરિણમે છે. સુગંધી પુદ્ગલો ક્ષણમાં દુર્ગંધરૂપે પરિણમે છે, અને દુર્ગંધનાં પુદ્ગલો નિમિત્ત પામી, ક્ષણમાં સુગંધરૂપે પરિણમે છે. અંધકારનાં પુદ્ગલો અજવાળા રૂપે પરિણમે છે, અને અજવાળાંનાં પુદ્ગલો અંધકાર રૂપે પરિણમે છે. નૈયાયીક તેજના અભાવને તમઃ માને છે, પણ તેની તે ભૂલ છે. તેજનો અભાવ તે અંધકાર નથી, પણ અંધકાર પુદ્ગલ દ્રવ્ય છે. જેમ તેજની ઉત્પત્તિ અને વિલય છે, તેમ અંધકારની પણ ઉત્પત્તિ અને વિલયતા છે. તેજનાં પુદ્ગલોથી અંધકારનાં પુદ્ગલોનો નાશ થાય છે. જેટલા જેટલા ભાગમાં તેજનાં પુદ્ગલો

હોય છે; તેટલા ભાગમાં અંધકારનાં પુદ્‌ગલો તેજ રૂપે ક્ષણમાં પરિણમે છે. પુદ્‌ગલ દ્રવ્યમાં અદ્‌ભૂત પરિણમન શક્તિ છે. તેથી અંધકારનાં પુદ્‌ગલો ક્ષણમાં તેજરૂપે પરિણમે, એમાં આશ્ચર્ય નથી. વળી રાત્રી પડતાં તેજનાં પુદ્‌ગલો પણ અંધકાર રૂપે પરિણમે છે. પુદ્‌ગલ સ્કંધોમાં નાશ અને ઉત્પાદપણું રહ્યું છે. તમઃ અને તેજનાં પુદ્‌ગલોમાં પણ નાશ અને ઉત્પાદપણું રહ્યું છે. જે કંઇ પદાર્થજ નથી તેનામાં ઉત્પાદ અને નાશ હોતો નથી. જેમ આકાશ કુસુમનું દ્રષ્ટાંત. તેજ પ્રમાણે અંધકાર જો પદાર્થ ના હોત, તો તેમાં ઉત્પાદવ્યય થાતજ નહીં, અને ઉત્પાદવ્યય તો થાય છે, માટે તે પુદ્‌ગલ સ્કંધ છે, એમ ન્યાયથી પણ સિદ્ધ કરે છે. અને આગમ પ્રમાણ આ પ્રમાણે કહે છે—

गाथा.

सद्दंधयारउज्जोअ, पभाछाया तवोहिया
वन्नगंधरसाफासा, पुग्गलाणं तु लक्खणं ॥ १ ॥

ભાવાર્થ—શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શએ પુદ્‌ગલોનું લક્ષણ છે. અનેક પ્રકારના દારૂના ગોળાઓ પણ પુદ્‌ગલ સ્કંધોનોજ પરિણામ છે. કેટલાંક પુદ્‌ગલો સારી અસર આત્મા ઉત્પન્ન કરે છે. અને કેટલાંક પુદ્‌ગલો નઠારી અસર આ-

ત્મામાં ઉત્પન્ન કરે છે. કસ્તુરી રૂપ સુગંધ પરિણામને પામેલાં પુદ્ગલોજ છે. અને લસણ રૂપ દુર્ગંધ પરિણામને પામેલાં પુદ્ગલોજ છે.

હડકવાવાળા કૂતરાના વિષનાં પણ પુદ્ગલોજ છે. હડકાયા કૂતરાના વિષનાં પુદ્ગલોની ઘણી પરંપરા દેખાય છે. હડકાયુ કૂતરૂ જેને કરડે તે મનુષ્ય પણ હડકાયુ થાય છે. વળી તે મનુષ્યને હડકવા સાલતાં તે પણ જેને કરડે તેને પણ હડકવા થાય છે. પાપારંભ કાર્યોથી પાપનાં પુદ્ગલોની પ્રવૃતિ પણ હડકાયા કૂતરાના વિષ સદૃશજ છે. માટે સર્વ પાપોનાં હેતુઓનો ત્રિધાયોગે ત્યાગ કરવો જોઇએ. બકરીને સર્પ કરડે છે, તો મરતી નથી, અને વૃશ્ચિક જો બકરીને કરડે છે તો બકરી પ્રાણનો ત્યાગ કરે છે આ સાંભળેલી વાતમાં પણ વિચારીએ તો પુદ્ગલોનોજ પરિણામ છે. બકરીના શરીરમાં સર્પના વિષનાં પુદ્ગલોની અસર થાય નહીં, એવા પ્રકારનાં પ્રતિ પક્ષી પુદ્ગલોની હયાતી છે તેથી સર્પ વિષ પુદ્ગલો પોતાની અસર કર્યા વિના ઉપશાંત થાય છે. અનેક પ્રકારે પુદ્ગલ દ્રવ્ય પરિણામે છે. એક કૃષ્ણ પરમાણુ દાખલા તરીકે લ્યો. અને એક રક્ત પરમાણુ દાખલા તરીકે લ્યો. કૃષ્ણ પરમાણુમાં રક્ત ગુણની નાસ્તિતા છે. અને રક્ત પરમાણુમાં કૃષ્ણ ગુણની નાસ્તિતા છે. પોતાને ગુણે અસ્તિતા છે અને પર-

ગુણની પોતાનામાં નાસ્તિતા આવે છે. એમ એકજ કૃષ્ણ પરમાણુમાં અસ્તિતા અને નાસ્તિતા એક સમયમાં રહી છે. કૃષ્ણ ગુણવાળા પરમાણુમાં અસ્તિતા અને નાસ્તિતાનાયોગે સપ્તભંગી ઉત્પન્ન થાય છે. એમ એકક પરમાણુમાં પ્રત્યેક વર્ણગંધ રસ અને સ્પર્શને આશ્રયી સપ્તભંગી ઉત્પન્ન થાય છે. એમ પરમાણુ દ્રવ્યમાં નિત્ય અને અનિત્ય તેમજ એક અને અનેક તેમજ ભેદ અને અભેદ આદિની સપ્તભંગીયો કરી હોય તો અનેક સપ્તભંગીનો અવતાર થાય. પરમાણુઓ અનંત છે અને તે પરમાણુ દ્રવ્ય અનાદિ અનંત છે. પરમાણુ રૂપ પુદ્‌ગલ દ્રવ્યનો બનાવનાર કોઈ નથી. જે વસ્તુ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ અનાદિ અનંત હોય છે, તેનો અન્યકર્તા હોતો નથી. પુદ્‌ગલ દ્રવ્ય પરમાણુ પણે નિત્ય દ્રવ્ય પણે છે. તેથી તે પરમાણુ દ્રવ્યનો ત્રિકાલમાં નાશ થતો નથી, માટે તે નિત્ય છે. જે વસ્તુ નિત્ય હોય છે તે અનાદિ અનંત હોય છે. પુદ્‌ગલ પરમાણુઓ પણ દ્રવ્યપણે નિત્ય છે, માટે તે અનાદિઅનંત છે. અનાદિવસ્તુનો ઉત્પન્ન કર્તા અન્ય કોઇ નથી. પુદ્‌ગલ દ્રવ્યથી આત્મગુણનો ઘાત થાય છે. પુદ્‌ગલદ્રવ્યથી આત્મગુણનું આવરણ થાય છે, તેનું દ્રષ્ટાંત નીચે મુજબ સમજાવું. જેમ મદિરા રૂપી છે, તથા મદિરાના અણુઓ પણ જડ છે, પુદ્‌ગલ છે, પણ મદિરાપાન કરવાથી આત્માનો

જ્ઞાનગુણ અરૂપી છે, તેનું આચ્છાદન થાય છે. તથા ચક્ષુની અંદર ગોલકમાં અસંખ્ય પ્રદેશ આત્માના છે. તે પ્રદેશોમાં ચક્ષુદર્શાનાવરણીય કર્મના ક્ષયોપશમ યોગે ચક્ષુ દર્શન ગુણ આત્માનો છે, તો પણ તે ગુણનું આવરણ પડલ વિગેરે પુદ્ગલ પર્યાયોથી થાય છે. માટે અનેક દ્રષ્ટાંતોથી સિદ્ધ થાય છે કે આત્મ ગુણનું આચ્છાદન પુદ્ગલ સ્કંધોથી થાય છે, તથા તેમજ ક્ષયોપશમ ભાવીય મતિજ્ઞાનનો વિકાશ બ્રાહ્મી વિગેરે ઔષધિયોના ભક્ષણથી થાય છે. ક્ષયોપમભાવીયજ્ઞાનમાં પુદ્ગલ સ્કંધો કથંચિત્ નિમિત્ત કારણરૂપે ઉપકારક પણ થાય છે. પુદ્ગલ દ્રવ્ય સક્રિય છે, તેથી પરમાણુઓ એક સ્થાનથી અન્યસ્થાને ગમન કર્યા કરે છે. પુદ્ગલદ્રવ્યના યોગે આત્મા પણ એક ગતિમાંથી અન્યગતિમાં જઇ શકે છે, પુદ્ગલ સ્કંધો અનેકરૂપે પરિણમેલા દ્રષ્ટિગોચર થાય છે; પૃથ્વીકાય; અપ્કાય; વાઉકાય, વનસ્પતિકાય, અને ત્રસકાયરૂપે પણ પુદ્ગલ સ્કંધોજ પરિણમ્યા છે. રૂતુવંતી સ્ત્રીના શરીરની છાયાના પુદ્ગલોથી અડદના પાપડ ફાટી જાય છે, તેથી સમજાય છે કે છાયાનાં પુદ્ગલોમાં પણ ઘણી શક્તિ રહી છે. જે લોકો છાયાનાં પુદ્ગલો નથી માનતા, તેઓને આ દ્રષ્ટાંત વિચારી જોતાં મનાશે. સ્ત્રીના આસને બ્રહ્મચારી પુરૂષે બે ઘડી પછી બેસવું, તેનું કારણ પણ એ છે કે જે સ્થાને સ્ત્રી બેઠી હોય છે. તે સ્થાને વિષયનાં

પુદ્ગલો બહાર નીકળેલાં કેટલાંક હોય છે. તે પુદ્ગલોનો સંબંધ પુરૂષના શરીરની સાથે થતાં વિષયનાં પુદ્ગલો શરીરમાં પ્રવેશી મનમાં ખરાબ અસર કરે છે; બે ઘડી પછી વિષયનાં પુદ્ગલો સ્રીના ગયા બાદ નષ્ટપ્રાય: થઈ જાય છે. માટે અનુભવથી જોતાં પુદ્ગલોનો વિચિત્ર સ્વભાવ માલુમ પડે છે. જેને ફોનોગ્રાફ યંત્ર પ્રત્યક્ષ જોયું હશે તેને માલુમ પડશે કે તેમાં આપણે જેવું બોલીએ છીએ, તેવાજ સ્વરથી ફોનોગ્રાફ યંત્ર સામુ બોલી જવાબ આપે છે. આ મુખમાંથી જે જે શબ્દો નીકળ્યા તે તે શબ્દના પુદ્ગલોને ધારણ કરવાની તે યંત્રમાં શક્તિ હોય છે. આરીસામાં મુખ જોતાં, સામુ દેખાય છે. તે મુખનું પ્રતિબિંબ છે, અને તે પુદ્ગલ સ્કંધોથી તેવાજ પ્રકારનું બની જાય છે. જે મનુષ્યો છબીઓ પાડે છે, તેમાં પણ અસલ વસ્તુ સદૃશ અન્ય પુદ્ગલોજ ગોઠવાય છે; તેમજ આત્મા જેજે રાગ અને દ્વેષના વિચારો કરે છે, તેથી કર્મરૂપ પુદ્ગલ સ્કંધોને પોપોતાના પ્રદેશોની સાથે ગ્રહણ કરે છે. જેવા વિચાર તેવાજ કર્મનું ગ્રહણ જેમ જેવો મનુષ્ય તેવાજ આકારની છબી પડે છે, તે પ્રમાણે આત્મા જેવા શુભ વા અશુભ વિચાર કરે છે, તેવાંજ કર્મ ગ્રહણ થયા કરે છે; અનાદિકાળથી કર્મ આત્માની સાથે વર્તે છે. દરેક ગતિમાં આત્મા આઠ કર્મનાં કેટલાંક પુદ્ગલો ગ્રહણ કરે છે, અને છોડે છે. શુભ અને

અશુભ વિચારોથી સમજમાં વા અણસમજમાં પણ આત્મા પુણ્ય અને પાપરૂપ પુદ્દગલો ગ્રહણ કર્યા કરે છે. રાગદ્વેષના વિચારયોગે કર્મ ગ્રહણ થાય છે. રાગ દ્વેષનો કર્ત્તા આત્મા છે, તેથી રાગ દ્વેષ યોગે ગ્રહણ થતા કર્મનો કર્ત્તા પણ આત્મા બને છે. જ્યારે આ પ્રમાણે સ્વભાવેજ પુદ્દગલો-માં પોતાની મેળે પરિણમવાની શક્તિ રહી છે, ત્યારે અ-ન્ય ઈશ્વર કર્મ ગ્રહણ કરાવે છે, વિગેરે જે કલ્પના કરવી, તે અજ્ઞાનતાનું કારણ છે, જુઓ નાળીએરનું પાણી કેવું સરસ છે, પણ તેજ પુદ્દગલોમાં કપુરનાં પુદ્દગલો મેળવીએ તો બંનેનો થયેલો વિકાર અશુભ થાય છે. પરમાણુઓથી બનેલા પુદ્દગલ સ્કંધોનો જેમ જેમ અનુભવ કરીએ છીએ તેમ તેમ તે સંબંધી વિશેષ વિશેષ જ્ઞાન પ્રગટ થતું જાય છે; જે મનુષ્યને પ્રમેહરોગ થાય છે, તેના પેશાબમાં પણ પ્રમેહ રોગનાં પુદ્દગલો હયાતી ધરાવે છે, તેથી પ્રમેહી મનુષ્યના પેશાબ ઉપર અન્ય મનુષ્યો પેશાબ કરે છે, તો તો તે પ્રમેહ રોગનાં પુદ્દગલો પેશાબ કરનાર પુરૂષની ઉપ-સ્થ ઇન્દ્રિયદ્વારા શરીરમાં દાખલ થઇ તે પુદ્દગલો પોતાની વૃદ્ધિ કરે છે, અને પ્રમેહરોગ કરે છે. માટે પ્રમેહી વિગેરે ચેપી રોગવાળા પુરૂષના પેસાબની ઉપર પેશાબ કરતાં પણ રોગનાં પુદ્દગલો બીજાને લાગી શકે છે. માટે બનતી સગવડે અન્યે કરેલા પેશાબ ઉપર પેશાબ કરવો નહીં. વળી પેશાબ

ઉપર પેશાબ કરવાથી જીવોની ઉત્પત્તિ થાય છે. માટે પેશાબ ઉપર પેશાબ કરવો નહીં. સૂક્ષ્મ દ્રષ્ટિથી આવાં સૂક્ષ્મ પુદ્ગલોનાં પરિણામો સમજવામાં આવે, તો આત્મા સારો અનુભવ મેળવી શકે અમુક રોગી પુરૂષનો શ્વાસ લેવો નહિ એમ કોઈ સ્થાને દેખાડયું છે, તેનું કારણ પણ શ્વાસના પુદ્ગલોથી થતી ખરાબ અસરજ છે; ક્ષયવાળા પુરૂષની સંતતિને પણ ક્ષયરોગ પ્રાપ્ત થાય છે, તેમાં પણ પુદ્ગલોનીજ થતી અસર છે. જે પિતાના શરીરમાં રોગો હોય છે; તે રોગો પુત્રના શરીરમાં પણ દેખવામાં આવે છે, તેનું કારણ રોગના પુદ્ગલોનો પરંપરાએ પુત્રના શરીરમાં પ્રવેશ અમુક રીતિએ થાય છે તેજ છે, ઈત્યાદિ સર્વ પુદ્ગલોનો સ્વાભાવીક વિચિત્ર પરિણામ જાણવો. હવે કાલ દ્રવ્યનું સ્વરૂપ કહે છે.–કાલદ્રવ્ય ઔપચારિક છે, કાલ કંઇ પ્રદેશ સમૂહરૂપ નથી. માટે તે દ્રવ્ય નથી. કાલના ત્રણ ભેદ છે. અતીત અનાગત અને વર્તમાન. કાલદ્રવ્યનું એમ સામાન્ય સ્વરૂપ કહ્યું.—જીવદ્રવ્ય અનંત છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ જીવનું લક્ષણ છે. કહ્યું છે કે—

गाथा.

नाणं च दंसण चेव । चरित्तं च तवो तहा ॥
वीरियं उवओगो अ । एयं जीवस्स लक्खणं ॥ १ ॥

જીવ બે પ્રકારના છે. સંસારી તથા સિદ્ધ તેમાં સંસારી જીવના બે ભેદ છે, ૧. ત્રસ અને ૨. સ્થાવર. તેમાં સ્થાવરના પાંચ ભેદ છે. ૧ પૃથ્વીકાય, ૨ અપ્કાય, ૩ તેઉકાય, ૪ વાયુકાય, ૫ વનસ્પતિકાય. તેમજ ત્રસ જીવના દ્વીન્દ્રિય. ત્રીન્દ્રિય. ચતુરિંદ્રિય અને પંચેંદ્રિય એ ચાર ભેદ છે. એમ જીવના પાંચસે ત્રેસઠ ભેદ થાય છે. ચેતના લક્ષણથી જીવ એક પ્રકારે છે. ત્રસ અને સ્થાવરની અપેક્ષાએ જીવ બે પ્રકારે કહેવાય છે. સ્ત્રી વેદ, પુરૂષ વેદ, અને નપુંશક વેદ, આ ત્રણ વેદવાળા જીવો દુનીયામાં વર્તે છે, માટે ત્રણ પ્રકારે જીવ કહેવાય છે. દેવતા, મનુષ્ય, તીર્યંચ, અને નારકી આ ચાર ગતિની અપેક્ષાએ જીવ ચાર પ્રકારના કહે છે. તેમ સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, અને શ્રોતેન્દ્રિયની અપેક્ષાએ જીવ પંચ પ્રકારે કહેવાય છે. કાયની અપેક્ષાએ જીવ છ પ્રકારે કહેવાય છે. વળી નવતત્ત્વ પ્રકરણમાં જીવના ચઉદ ભેદ કથન કર્યા છે—

ગાથા.

एगिंदिअ सुहुमियरा सण्णियरा पणिंदियस बितिचउ॥
अपज्जत्ता पज्जता कमेण चउदस जीयठाणा ॥ १ ॥

એકેંદ્રિયના સૂક્ષ્મ અને બાદર એ બે ભેદ છે. પંચેંદ્રિય જીવો સંજ્ઞી અને અસંજ્ઞી એ બે ભેદ છે.

એ ચાર ભેદમાં બેરેંદ્રિય, તેરેંદ્રિય, અને ચતુરિંદ્રિયના ત્રણ ભેદો ઉમેરતાં ૭ સાત ભેદો થયા. એ સાત ભેદ પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતાં, ચતુર્દશ ભેદ થાય. જીવ સંબંધીનો વિશેષ અધિકાર અસ્મદીય કૃત તત્ત્વ વિચાર નામના ગ્રંથમાંથી જોઈ લેવો. તેથી વિશેષ જીવાભિગમ સૂત્ર આદિમાંથી અધિકાર જોવો. સિદ્ધ જીવોના ભેદ નથી. કારણકે, સિદ્ધના જીવોએ ક્ષાયીક ભાવે સ્વસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે. જીવદ્રવ્ય બે પ્રકારના છે. એક ભવ્ય જીવ, અને બીજા અભવ્યજીવ. ભવ્યજીવમાં મુક્તિ યોગ્યતા છે, અને અભવ્ય જીવમાં મુક્તિ યોગ્યતા નથી. અભવ્ય જીવ સમ્યકત્વરત્ન પ્રાપ્ત કરી શકતો નથી. જીવના અસંખ્યાતા પ્રદેશ છે. એકેક પ્રદેશે અનંત કર્મ વર્ગણા લાગી રહી છે, જીવના પ્રદેશોમાં એવો સ્વભાવ છે કે, તે કીડીનું શરીર ધારણ કરતાં તેમાંજ સમાઇ રહે છે, અને તેજ જીવના અસંખ્યાત પ્રદેશ હસ્તીના શરીરમાં પણ સમાઇ જાય છે. જીવ દ્રવ્ય અનાદિ અનંત છે. જે વસ્તુની અનાદિ છે તે વસ્તુ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય હોય છે. આત્મામાં નિત્યત્વ પણું રહ્યું છે, અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્યત્વ પણું રહ્યું છે, તેમજ આત્મમાં એકત્વ રહ્યું છે, અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનેકત્વ રહ્યું છે, તેમ આત્મામાં ભવ્ય સ્વભાવ રહ્યો છે, અને અભવ્યસ્વભાવ રહ્યો છે. તેમ આત્મામાં ભેદત્વ અને

અભેદત્વ રહ્યું છે. નૈયાયીકો એકાંત આત્માને નિત્ય માને છે, પણ તેમની તે ભૂલ છે, કારણ કે એકાંત નિત્ય આત્મા કર્માચ્છાદિત થઈ શકતો નથી. તેમજ એકાંત નિત્ય માનવાથી મનુષ્યાદિ પર્યાય ધારણ કરી શકે નહીં. માટે પર્યાયાર્થિક નયને મતે કથંચિત્ અનિત્ય માનતાં, બંધ મોક્ષાદિની વ્યવસ્થા યથા યોગ્ય થઈ શકે છે આત્મામાં સ્વદ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવની અસ્તિતા રહી છે, અને પરદ્રવ્ય ક્ષેત્રકાલ ભાવની નાસ્તિતા રહી છે આત્મામાં જે સમયે સ્વદ્રવ્ય ક્ષેત્ર કાલભાવની અસ્તિતા છે, તેજ સમયમાં પરદ્રવ્ય ક્ષેત્ર કાલભાવની નાસ્તિતા છે. આત્મામાં રહેલી અસ્તિતા તથા કથંચિત્ નાસ્તિતા અવક્તવ્ય છે–કથંચિત અસ્તિતા અવક્તવ્ય છે, તેમજ કથંચિત્ નાસ્તિતા પણ અવકતવ્ય છે. અસ્તિતા અને નાસ્તિતા આત્મામાં રહી છે, તે યુગપત્ અવક્તવ્ય છે. એમ આત્મામાં અસ્તિતા અને નાસ્તિતાના યોગે સપ્તભંગી ઉત્પન્ન થાય છે. તેમ એક અનેક તથા નિત્ય અને અનિત્ય આદિની અનેક સપ્તભંગીઓ આત્મામાં લાગી શકે છે. આત્મા જ્ઞાન ગુણવડે સ્વ અને પરનો પ્રકાશક છે, માટે આત્મા સ્વપર પ્રકાશક કહેવાય છે. ષડ્દ્રવ્યનો જ્ઞાનમાં પ્રતિભાસ થાય છે. આત્મજ્ઞાનમાં અનંત વસ્તુઓ જ્ઞેયરૂપે પ્રતિભાસે છે. આત્મામાં અનંત દર્શનગુણ છે, દર્શનના ચાર ભેદ છે, ચક્ષુ દર્શન, અચક્ષુ દર્શન, અવધિદર્શન, અને કેવલદર્શન. આ ચાર દર્શનોમાં કેવલ દર્શન

છ તે ક્ષાયીકભાવનું શુદ્ધ દર્શન છે, તે કેવળ દર્શનથી ષડ્-દ્રવ્યો દશ્યપણે પ્રતિભાસે છે. તેમજ આત્મામાં ચારિત્ર ગુણ રહ્યો છે; આત્માના અનંત ગુણો પોતાના સ્વભાવે શુદ્ધ સ્થિર થાય, તેને ચારિત્ર કહે છે, તેમજ આત્મામાં અનંત ક્ષાયીક સમકિતગુણ રહ્યા છે. તેમજ આત્મામાં અનંત દાનાદિક પાંચ લબ્ધિયો રહી છે. આત્માનું સ્વરૂપ કદાપિકાળે ક્ષરતું નથી માટે આત્માને અક્ષર કહે છે. તેમજ આત્મા કદાપિકાળે ઉત્પન્ન થયો નથી, માટે તેને અજ કહે છે. વળી આત્મા વર્ણાદિકથી ન્યારો છે, માટે તેને અરૂપી કહે છે. સમયે સમયે આત્મા સુખાદિક અનંત ગુણનો ભોક્તા છે, માટે તેને ભોગી કહે છે; પરપુદ્ગલરૂપ અચેતન વસ્તુનો આત્મા અભોગી છે. પૂર્વોક્ત ગુણ વિશિષ્ટ આત્મદ્રવ્ય સ્વરૂપ છે. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય પણ ન્યાયાલોક નામના ગ્રંથમાં કહે છે કે—तत्र द्रव्याणि 'धर्माधर्माकाश कालजीव पुद्‌गल भेदात् षोढा. એમ છ દ્રવ્યનું સ્વરૂપ સંક્ષેપથી કહ્યું છે—उत्पादव्ययध्रौव्ययुक्तं द्रव्यं ઉત્પાદવ્યય અને ધ્રૌવ્ય પણું દ્રવ્યનું લક્ષણ કહેવાય છે. જે સમયે દ્રવ્યનો ઉત્પાદ છે, તેજ સમયે વ્યય છે, અને તેજ સમયે ધ્રૌવ્યતા રહી છે. એકલું ઉત્પાદપણું તથા એકલું વ્યયપણું, તથા એકલું ધ્રૌવ્યપણું દ્રવ્યનું લક્ષણ થતું નથી. ત્રણે મળીને દ્રવ્યનું લક્ષણ થાય છે. શ્રી વીત-

રાગ ભગવંતે આ છ દ્રવ્ય કથન કર્યાં છે. દુનીયાના દરેક તત્ત્વોનો આ ષડ્ દ્રવ્યમાં સમાવેશ થાય છે. વૈશેષિક દ્રવ્ય ગુણ કર્મ સામાન્ય વિશેષ સમવાય અને અભાવ, આ સાત પદાર્થ માને છે. પૃથ્વી, અપ્, તેજ, વાયુ, આકાશ, કાલ, દિગ્, આત્મા, મન, આ નવ દ્રવ્યના ભેદ છે. પૃથ્વી, અપ્, તેજ, વાયુ, જો સચિત્ત હોય તો જીવમાં સમાવેશ થાય છે, અને અચિત્ત હોય તો, અજીવમાં સમાવેશ થાય છે. આકાશ તો દ્રવ્યજ ભિન્ન છે. દિક્નો આકાશ દ્રવ્યમાં સમાવેશ થાય છે. કાલ દ્રવ્ય ભિન્ન છે. આત્મા દ્રવ્ય ભિન્ન છે. અને મનના બે ભેદ છે, તેમાં દ્રવ્ય મન જે પુદ્ગલ સ્વરૂપ છે, તેનો પુદ્ગલ દ્રવ્યમાં સમાવેશ થાય છે, ગુણ એ કંઇ દ્રવ્યને ત્યાગ કરી અન્યત્ર રહેતા નથી, તેથી તે ભિન્ન પદાર્થ કલ્પવો વ્યર્થ છે. કર્મનો સમાવેશ પુદ્ગલ દ્રવ્યમાં થાય છે. સામાન્ય અને વિશેષ એ બેતો વસ્તુના ધર્મ છે, તેથી તેનો છ દ્રવ્યના ધર્મમાંજ સમાવેશ થાય છે, તેથી અન્ય પદાર્થ કલ્પના કરવી વ્યર્થ છે. સમવાય એક જાતનો સંબંધ છે. તેનો પણ ષડ્દ્રવ્યમાંજ સમાવેશ થાય છે. અભાવ એ નાસ્તિ સ્વરૂપ છે. અને નાસ્તિના રૂપ ધર્મ છે. તે ધર્મ વિના રહી શકે નહીં. ષડ્દ્રવ્યોમાં પરસ્પર નાસ્તિતા રહી છે. માટે અભાવ પણ ષડ્ દ્રવ્યમાં પ્રવિષ્ટ થાય છે. નૈયાયીક મતમાં પ્રમાણ પ્રમેયાદિ સોળ

પદાર્થની કલ્પના કરી છે, તેનો પણ ષડ્ દ્રવ્યમાં સમાવેશ થાય છે, નવ તત્ત્વનો પણ ષડ્ દ્રવ્યમાં સમાવેશ થાય છે. વેદાન્ત મત પ્રરૂપકો **सर्वं खल्विदं ब्रह्म** એમ કહી એક બ્રહ્મ વિના અન્ય વસ્તુનો અપલાપ કરે છે, તે તેમની ભૂલ છે. તે સંબંધી ઘણી ચર્ચા છે, તે અન્ય ગ્રંથોથી જોઇ લેવી.

એમ છ દ્રવ્ય અનાદિ કાળથી છે, તેનું સાતનયથી યથા તથ્ય જ્ઞાન કરવું. અને એ ષડ્ દ્રવ્ય ઉપર સપ્તભંગીનો અવતાર કરવો. તથા ચાર નિક્ષેપાથી ષડ્ દ્રવ્યનું ગુરૂગમ દ્વારા જ્ઞાન કરવું. **द्रव्यानुयोगे करी करता आतमध्यान** આ પ્રથમ વાક્યાર્થથી એમ સૂચવ્યું કે ધ્યાની પુરૂષો દ્રવ્યાનુયોગથી આત્મ ધ્યાન કરે છે. દ્રવ્યાનુયોગના જ્ઞાનવિના, આત્મ ધ્યાન થઈ શકતું નથી, માટે જે ભવ્ય પુરૂષોને ધ્યાનેચ્છા પ્રવર્તતી હોય, તેમણે દ્રવ્યાનુયોગ સ્વરૂપ જ્ઞાન સંપ્રાપ્ત કરવું. આત્માર્થી પુરૂષો દ્રવ્યાનુયોગથી આત્મધ્યાન કરે છે, અને ચરણાનુયોગ દ્વારા ચરિત્ર માર્ગનું સમ્યગ્રીત્યા પરિપાલન કરે છે. વ્યવહાર ચરિત્ર અંગીકાર કરી, ચારિત્ર મોહનીય કર્મનો પરાજય કરવા ભવ્ય પુરૂષો સદાકાળ પ્રયત્ન કરે છે.

પોતાના સ્વરૂપની અંતર દ્રષ્ટિથી શુન્યતા વર્તે, અર્થાત્ સ્વસ્વરૂપનો ઉપયોગ હોય નહીં, અને બાહ્ય દ્રષ્ટિથી અંધની પેઠે ડાકડમાલ ચલવી પોતાને ધર્મી માને અને

સદાકાળ બાહ્યાચારમાં પ્રવર્તે, આત્મ જ્ઞાન અને આત્મ તત્ત્વ પ્રાપ્તિમાં નિમિત્તાદિક આચારો પ્રતિ લક્ષ આપે નહીં, એવા જીવના ભવ અરહટ્ટ ઘટિકાની પેઠે, પુનઃ પુનઃ સંસૃતિમાં થયા કરે છે, માટે ભવ્ય જીવે આત્મજ્ઞાન પ્રાપ્તિ યોગ્ય આચારોનું સેવન કરી, અંતર ઉપયોગ દશાની જાગૃતિ કરવા પ્રયત્ન કરવો.

જે બાહ્ય વેષ માત્રથી મુક્તિ માની, આત્મ જ્ઞાન તથા આત્મધર્મ પ્રતિ લક્ષ આપતા નથી, તેમને શિક્ષા વચન કહે છે કે એકલો મુનિ વેષ ધારણ કરવાથી શું થાય ? અંતર દશાની જાગૃતિ થવી જોઇએ. આત્માર્થી પુરૂષોએ આત્મ જ્ઞાનથી આત્મ સન્મુખતાને ભજવી. આત્મ સન્મુખતાથી સંવર તત્ત્વની પ્રાપ્તિ થાય છે. ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, અને ક્ષાયીકભાવનું આરાધન કરવા અંતર ઉપયોગ દશાનું સેવન કરવું. જે ભવ્ય મુનિ વેષ ધારણ કરી, આત્મોપયોગમાં વર્તે છે, તે મુનિનો દ્રવ્ય વેષ ઉપયોગી છે. શ્રીઆનંદઘનજી મહારાજ પણ કહે છે કે— **आतमज्ञानी श्रमण कहावे बीजा तो द्रव्यलिंगीरे**—એ વાકયથી આત્મ જ્ઞાનોપયોગી મુનિ કહ્યા છે. એવા આત્મ જ્ઞાની મુનિ સ્વસ્વરૂપના ભોગી બને છે. ભવ્ય જીવ તત્ત્વ જ્ઞાનના બોધક સદ્‌ગુરૂનું વિશેષતઃ આલંબન કરે, તે નીચેના દુહાથી બતાવે છે.

दुहा.

तत्त्वबोधना हेतु जे, सद्गुर्वादिक होय ॥
पामी तेने प्रेमथी, पापपंक सब धोय ॥ ६ ॥

ભાવાર્થઃ—તત્વ જ્ઞાનના હેતુભૂત સદ્ગુરૂ મહારાજ તથા સૂત્રાદિક છે તેનું વિશેષેતઃ અવલંબન કરીને જીવ સમકિત રત્ન પ્રાપ્ત કરે છે. અને અનાદિકાળથી લાગેલ મિથ્યાત્વાદિ પાપ પંકનો નાશ કરે છે. માટે ભવ્યજીવે જો તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું હોય, તો સદ્ગુરૂ મુનિરાજનું શરણુ અંગીકાર કરવું તેમના વિશ્વાસે વર્તવું તેમની મન, વચન, અને કાયાથી ભક્તિ કરવી. સદ્ગુરૂની આજ્ઞા સદાકાળ પાલવી. જીવનવાણી, તથા સદ્ગુરૂ તથા જીન મૂર્તિનું અવલંબન કરવું. જીન વાણીનું શ્રવણ સદ્ગુરૂદ્વારા કરવું. પુષ્ટ નિમિત્તોને અવલંબવાથી, આત્મા સ્વોન્નતિ શિખરે ચઢે છે.

दुहा.

निज परना विज्ञान बिन, क्रियाकाण्डमां रक्त ॥
भेदज्ञाननी दृष्टि बिन, नहि धर्मे आसक्त ॥ ७ ॥

ભાવાર્થ—પોતાના અને પર સ્વરૂપના જ્ઞાન વિના અજ્ઞાન દ્રષ્ટિથી બાહ્ય ક્રિયા સમૂહમાં જે વર્તે છે, તેમાંજ એકાંતે હિત ગણી આસકત થએલો જીવ પોતાનું હિત કરી સકતો નથી. બાહ્ય દ્રષ્ટિથી જોતાં, ધર્મમાં આશકત થ-

એલો દેખાય છે. પણ ષડ્દ્રવ્ય તેના ગુણપર્યાયથી જે ભેદ-જ્ઞાનદ્રષ્ટિ થાય છે તે ભેદ જ્ઞાનકી દ્રષ્ટિ વિના, સાધ્યભૂત આત્મધર્મમાં આસકત થયેલો નથી. ત્યારે શાથી આત્મ ધર્મમાં આસકત થએલો જીવ સમજવો, એવી જીજ્ઞાસા થતાં તેનો પ્રત્યુત્તર આપે છે.

दुहा.

भेदज्ञान प्रगटे लहे, प्रेमे शिवपुर पंथ ॥
ग्रन्थी त्यजे द्विधा तदा, थावे महानिर्ग्रन्थ ॥ ८ ॥

ભાવાર્થ—જ્યારે ષડ્દ્રવ્યનું ગુરૂગમ દ્વારા જ્ઞાન થાય છે. ત્યારે જીવદ્રવ્ય અને અન્યદ્રવ્ય ભિન્ન છે; મન, વાણી, અને કાયાથી આત્મતત્ત્વ સદા ભિન્ન છે, એવી ભેદજ્ઞાન દ્રષ્ટિ થાય છે. ત્યારે જીવને ઔદાસીનભાવ પ્રગટે છે. અહો આ સંસારમાં જે દેખું છું, તે સર્વ પુદ્‌ગલ વસ્તુ છે, આજ પર્યંત મેં અજ્ઞાનદશાથી પરજડ વસ્તુને પોતાની માની, અને તેના મમત્વભાવથી સ્વભાન ભૂલ્યો, અને ચાર ગતિમાં ઝૂલ્યો. અને પરૠદ્ધિથી ફુલ્યો. અહો મારી કેવી અજ્ઞાન દશા હતી? જેમ કોઇ બાલક લાકડાની સ્ત્રીને પોતાની સ્ત્રી કલ્પે, તેમ મેં પોતાનાથી ભિન્ન એવી પરવસ્તુને પોતાની કલ્પી. હવે હું પરવસ્તુમાં રાચું નહી. મારૂં સ્વરૂપ તો પોતાના ગુણમાં રમવાનું છે. અને ખરૂં નિત્ય-

સુખ પણ આત્મામાંજ રહ્યું છે. જડવસ્તુમાં અંશ માત્ર પણ નિત્યસુખ નથી, એવી ભેદજ્ઞાન યોગે વિવેકખ્યાતિ જાગ્રત થતાં આત્મા ચાર ગતિના વાસને વિષ્ટાગૃહ સમાન માની, આત્મસ્વરૂપમાં રમણ કરવા લાગ્યો. વ્યવહારથી બાહ્યગ્રંથીનો ત્યાગ કરી, અને અંતરથી રાગદ્વેષાદિક ગ્રંથિનો ત્યાગ કરી, આત્મા સત્ય નિર્ગ્રંથ થયો. અને સ્વસ્વરૂપમાં એકચિત્તથી રમણ કરતો કર્મપ્રકૃતિનો નાશ કરતો, શિવપુરપન્થ પ્રાપ્ત કરી પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરે છે.

दुहा.

साध्यदृष्टि सापेक्षथी, यदि वर्ते व्यवहार
निर्विकल्पपणे ग्रहे, शुद्ध स्वरूपाधार ॥ १ ॥

ભાવાર્થ—ધર્મવ્યવહારનાં આચરણો અંતરતત્ત્વ સાધ્ય કરવાની દ્રષ્ટિથી જો હોય, તો તે ભવ્ય નિર્વિકલ્પરૂપ શુદ્ધ સ્વરૂપમય આત્મતત્ત્વની પ્રાપ્તિ કરી શકે છે; તે સંબંધી શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે—

वचन निरपेक्ष व्यवहार जूठो, वचन सापेक्ष व्यवहार साचो॥
वचननिरपेक्ष व्यवहार संसारफल, सांभळी आदरी कांइ राचो

સાધ્યદ્રષ્ટિશૂન્યતા અંતરમાં વર્તતી હોય, તો કરેલો વ્યવહાર નિરપેક્ષ હોવાથી, ત્યાજ્ય છે. માટે મુનિરાજ મહારાજ દ્રવ્યાનુયોગ વિગેરેથી આત્મસાધ્ય સિદ્ધિ કરતા

હોય તો તેમની બાહ્યક્રિયા પણ અતિશય ફલવતી જાણવી. અધ્યાત્મ દ્રષ્ટિવંત જીવની વ્યવહારક્રિયા સફલ જાણવી. અત્ર જાણવું કે કોઇ જીવ આત્મજ્ઞાનવિના ધર્મબુદ્ધિથી બાહ્યપંચાચારરૂપ વ્યવહારનું પરિપાલન કરે છે, તો તેનું કોઇએ ખંડન કરવું નહીં. બાહ્યધર્મક્રિયાથી પણ શુભ કર્મોપાર્જન થાય છે.

दुहा.

सूक्ष्मज्ञान सद्दृष्टि विन, होवे नहि भव अंत ॥
शिवपुर पन्थ वह्या विना, कबु न होवे सन्त ॥ १० ॥

ભાવાર્થ—તત્ત્વોનું વ્યવહાર અને નિશ્ચયદ્વારા સૂક્ષ્મ-જ્ઞાન થયા વિના, અને આત્માની સન્મુખ થયા વિના, ભવાંત હોતો નથી. અને સૂક્ષ્મજ્ઞાન અને સદ્દૃષ્ટિ વિના શિવપુરપન્થમાં વહન થતું નથી, અને શિવપુરપંથપ્રતિ ગમન કર્યા વિના, સન્તપણું પ્રાપ્ત થતું નથી.

दुहा.

अन्तरशून्य दशा वहे बाह्य दशा उजमाल ॥
द्रव्य धर्म आराधना, ते मूर्खोनी चाल ॥ ११ ॥

ભાવાર્થ—જ્ઞાન વિના અંતરમાં શૂન્ય દશા આત્માની હોય, અર્થાત્ બહિરાત્મ દશામાં ઉજમાલ થયો હોય. એવો પુરૂષ દ્રવ્યધર્મ આરાધે છે, અને તેવી આધરના

અજ્ઞપુરૂષોની છે, માટે આત્મોપયોગે વર્તી ધર્મસાધન કરવું. આત્મસ્વરૂપ સાધ્ય ગણી ધર્મારાધના કરવી.

दुहा.

वर्ते आत्मस्वभावमां आत्मस्वभावे स्थीर ॥
शुद्धचरण परमार्थथी पामी थाय फकीर ॥ १२ ॥

ભાવાર્થ—ભવ્યાત્મા ચૈતન્યધર્મસાધકપુરૂષ આત્મસ્વભાવમાં વર્તે બાહ્ય જગત્ પ્રપંચમાં અજ્ઞાનતઃ ભ્રમણ કરતી ચિત્તવૃત્તિયોને સંહરી, એક પરમ શુદ્ધ આત્મસ્વરૂપમાં રમતો રહે. આત્મા સંખ્ય પ્રદેશમાં સ્થિરતા કરે. બાહ્ય અનિત્યજગત્માં અસ્થિરત્વ દેખી, અખંડ અસંખ્ય પ્રદેશ રૂપ જે સ્વકીય વાસ તેમાંજ વસે, અને સત્યવાસ પણ અસંખ્ય પ્રદેશમય આત્મતત્ત્વમાંજ માને; આત્મગુણ સ્થિરતારૂપ શુદ્ધ ચારિત્ર પ્રાપ્ત કરી, સત્યફકીર અર્થાત્ આત્માનંદ ભોગી પોતે બને. આત્મામાં અનંત સત્યસુખ છે, તેનો અનુભવ સ્થિરતા પ્રાપ્ત કર્યા વિના પ્રાપ્ત થતો નથી. આત્મગુણ સ્થિરતા પ્રાપ્તિસાધન નિર્જન દેશ, જ્ઞાન ગ્રંથાદિનું અવલંબન કરી જીવ અંતરસત્યાનંદનો ભોક્તા બને છે, અસલ ફકીરી કંઇ આત્માથી ભિન્ન નથી. અનંત ગુણ પર્યાયાધાર આત્માને જાણતાં, તેની શ્રદ્ધા કરતાં, અને તેમાં રમણ કરતાં સુખની લહરીયોનો ભાસ પોતાને થાય છે.

दुहा.

आत्मस्वभावे ध्यान त्यां परनो नहि प्रसंग ॥
चरण करण साफल्यता पामे प्रभुता अंग ॥१३॥

ભાવાર્થ—જ્યાં આત્મીક શુદ્ધ સ્વભાવનું ધ્યાન છે, ત્યાં પરનો પ્રસંગ એટલે પુદ્ગલ વસ્તુનો સંબંધ રહેતો નથી. અર્થાત્ આત્મધ્યાની આત્મધ્યાનપ્રાબલ્યથી પરવસ્તુમાં લેપાતો નથી. જ્યાં લેપાવાપણું છે ત્યાં ધ્યાન નથી અને જ્યાં ધ્યાન છે ત્યાં લેપાવાપણું નથી. આત્મજ્ઞાન વિના ધ્યાન થતું નથી. માટે આત્મજ્ઞાનપ્રશંશા પૂર્વે કરી હતી. "જ્ઞાનીકો ભોગ સવિનિર્જરાકો હેતુ હે" એ વચન પણ આત્મજ્ઞાનીની પરિણુતિને ઉદ્દેશી કહ્યું છે. આત્મધ્યાની પુરૂષો બાહ્ય ક્રિયા કરતાં ધ્યાનરૂપ ક્રિયાથી ઘણા કર્મનો ક્ષય કરે છે. ધ્યાન પણ ક્રિયારૂપ છે. જે લોકો આત્મધ્યાન કરનારને ક્રિયા કરનાર નથી માનતા તે લોકો અજ્ઞાની જાણવા. ક્રિયા બે પ્રકારની છે. બાહ્યક્રિયા, ૨ અંતરક્રિયા. બાહ્યક્રિયા પ્રતિલેખના વંદનાદિક છે. અને અંતરક્રિયા ધ્યાનરૂપ છે. શ્રી વિજયલક્ષ્મી સૂરિમહારાજ પણ કહે છે કે—

ध्यानक्रिया मनमां आणीजे धर्म शुकल ध्यायीजेरे ॥
आर्त रौद्रनां कारण किरिया पचवीशने वारीजेरे ॥

ध्यानक्रिया—ધ્યાન ને ક્રિયા કથનાર શ્રી વિજયલક્ષ્મી

સૂરિ ગીતાર્થ હતા. તેમણે પણ અંતરક્રિયાનું આ પ્રમાણે સ્વરૂપ દર્શાવ્યું છે, અનેક ગ્રંથોમાં એમ બે પ્રકારની ક્રિયાના પુરાવા મળી આવે છે. જે મુનિ દ્રવ્યાનુયોગના જ્ઞાની હોય, અને આવી અંતરક્રિયામાં વિશેષ પ્રવૃત્તિવાળા હોય, અને તેથી બાહ્યક્રિયામાં વિશેષ લીન ન હોય, તોપણ તે અંતરક્રિયા કરવાથી સર્વ કરતાં મોટામાં મોટા ધર્મારાધક સમજવા. કારણ કે, મનને જીતવું એ અંતરક્રિયા છે, તે ક્રિયાના કર્તા જે હોયછે તે પૂજ્ય, આરાધ્ય, સેવ્ય જાણવા. બાહ્યક્રિયા કંઈ નિષેધ નથી. પ્રથમમાર્ગમાં તેની જરૂર છે, પણ જ્યારે આત્મજ્ઞાનથી ધ્યાનમાં પ્રવેશ થાય છે, ત્યારે તો અંતરક્રિયાની મહત્ત્વતા જાણવી. આત્મધ્યાનીઓ પરકાર્યપ્રપંચમાં પ્રસંગે આવી પડે તોપણ અન્તરથી ન્યારા વર્તી શકે છે. કારણ કે તેઓ જ્ઞાનદ્રષ્ટિથી વિવેકદ્વારા સ્વ પરની વહેંચણ કરે છે, તેથી તેમાં રાગદ્વેષે કરી લીન થતા નથી. ગૃહસ્થાવાસમાં કુર્માપૂત્ર તથા ભરત ચક્રવર્તિ વિગેરેને કેવલજ્ઞાન થયું તેનું કારણ પણ તેમના આત્માએ અંતરથી સેવેલી ધ્યાનક્રિયા છે. ચાલતાં, હરતાં, ફરતાં, ખાતાં, પીતાં, પણ અન્તરથી પોતાના સ્વરૂપનો ઉપયોગ ક્ષણે ક્ષણે વર્તે, અને બાહ્ય કાર્ય કરતાં છતાં પણ ચિત્ત બાહ્યભાવમાં રંગાય નહી, અને આત્માના સ્વરૂપમાં રમણ કરે, એવી આત્માની સ્થિ-

તિને ધ્યાનક્રિયા કહે છે. આવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે વૈરાગી મુનિરાજોની સંગતિ કરવી, અને દ્રવ્યાનુયોગનાં પુસ્તકો વાંચવાં. એમ સતત પ્રયાસ કર્યાથી, વૈરાગ્યભાવ પ્રગટ થશે. અને તેથી વિષયોથી વૈરાગી થયેલું મન આત્માના ગુણો તરફ વળશે. જલમાં કમળ રહે છે પણ જલથી ન્યારૂં રહે છે, તેમ તેવા જીવો સંસારવ્યવહારકાર્યોમાં પ્રવૃત્તિ ઔદયીકભાવના યોગથી કરે પણ અન્તરથી ન્યારા વર્તી, રાગદ્વેષનો લેપ આત્માને થવા દેતા નથી. તેથી તેઓ ખરા વૈરાગી કહેવાય છે. આવા વૈરાગી પુરૂષો વા સ્ત્રીવર્ગ આત્મીકસુખ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરે છે. અને સત્ય સુખપ્રાપ્ત કરવા અને વિષયસુખ પરાઙ્મુખ થવા ચારિત્ર અંગીકાર કરે છે, ચારિત્ર અંગીકાર કરી નિરૂપાધિ દશા ભોગવી, ક્ષણે ક્ષણે આત્મસુખ અનુભવે છે. ખરેખર સત્યસુખ મુનિ અવસ્થામાં ધ્યાન દશાથી મળે છે. સંસારનાં વૈષયીકસુખ ત્યાગવાનું કારણ એ છે કે સંસ્કારી સુખ અનિત્ય છે, અને તે સુખની પાછળ દુઃખ રહ્યું છે, અને આત્મસુખ નિત્ય છે. આત્મસુખ સદાકાળ રહે છે. તેથી આત્મસુખ પ્રાપ્ત કરવા ચારિત્ર અંગીકાર કરવાની જરૂર છે. પરિસહ કેવળ સહન કરવા એટલોજ ઉદ્દેશ કાંઇ ચારિત્ર શબ્દનો નથી. પરિસહ સહન કરવા તે પણ આત્મસુખ પ્રાપ્ત કરવા માટે, અને નવાં કર્મ બંધાય નહી તે માટે છે. આત્મધ્યાની ચારિત્ર-

માર્ગ પાળી આત્મીકસુખ ક્ષણે ક્ષણે અનુભવી, ચરણકરણુની સાફલ્યતા કરે છે. ચરણકરણનું ફળ આત્મા પોતાની સુખાદિ અનંતરૂદ્ધિ પ્રગટપણે કરે તેજ છે. ચરણકરણથી આત્મા સ્વસ્વરૂપમાં આવી, ક્ષણે ક્ષણે અનંત કર્મવર્ગણાને ખેરવતો અને તે તે અંશે આત્મગુણો પ્રાપ્ત કરતો છતો પ્રાંતે, ક્ષપકશ્રેણી આરોહી, પરમ પદની પ્રાપ્તી કરી, અનંત સુખનો સમયે સમયે ભોક્તા બને છે. તે સુખ પ્રાપ્ત કરવા માટે, આત્મધ્યાની મુનિવરોની યોગ્યતા છે. સંસારના સુખમાં વિષ્ટાના કીડાની પેઠે રાચી માચી રહેલા મોહી પામર સંસારીજીવોની નિત્ય સુખમાં ધ્યાની મુનિરાજ જેવી યોગ્યતા નથી, માટે તેવી યોગ્યતા પ્રાપ્ત કરવા માટે તેવા સદ્ગુરૂનાં ચરણકમળ સેવી, યોગ્યતા મેળવી, આત્મધ્યાની થવું. ધ્યાની આત્મપરિણતિ કેવા પ્રકારની સેવે તોતે પ્રસંગે પરિણતિનું વિવેચન કરે છે.

दुहा.

द्विधा परिणति ख्याति छे शुद्धाशुद्ध विचार ॥
शुद्ध रही सिद्धात्ममां नित्यानंदाधार ॥ १४ ॥

ભાવાર્થ—પરિણતિના બે ભેદ છે-૧ શુદ્ધ પરિણતિ અને બીજી અશુદ્ધ પરિણતિ. તેમાં પ્રથમ શુદ્ધ પરિણતિ સ્વરૂપ કહે છે. આત્માના ગુણો ક્ષાયીકભાવે શુદ્ધ થઇ શુદ્ધ પરિણામને ભજે, તે શુદ્ધ પરિણતિ કહેવાય છે. કેવળ

શુદ્ધ પરિણતિના ધારક સિદ્ધાત્માઓ છે, અને કેવળજ્ઞાનીઓ છે. નિત્ય આનંદના આધારભૂત તે શુદ્ધ પરિણતિ કોઇ પણ કાળે પોતાનું સ્વરૂપ ત્યાગતી નથી. શુદ્ધપરિણતિ સાદિ અનંતમા ભાંગે છે. એવી શુદ્ધ પરિણતિ પ્રાપ્ત કરવા આત્માર્થી ભવ્ય જીવોએ આત્મસન્મુખતા સેવવારૂપક્રિયા કરવી જોઈએ,જીવ અને પુદ્ગલની વહેંચણ કરી, આત્મ દ્રવ્યને પુદ્ગલથી ભિન્ન ધારી, તેના સ્વરૂપમાં એક સ્થિર ચિત્તથી રમણતા કરવાથી, શુદ્ધ પરિણતિ સન્મુખ ગતિ કિંચિત્ કિંચિત અંશે થશે. અને જે જે અંશે આત્મ સ્વરૂપમાં લીનતા થશે, તે તે અંશે શુદ્ધ પરિણતિનો અનુભવ આત્માને થશે. શુદ્ધ પરિણતિ એ અરૂપી છે, અને અરૂપી શુદ્ધ પરિણતિનો અનુભવ પ્રાપ્ત કરવો એ દુર્લભ વાત છે. અરૂપી આત્મસ્વરૂપમાં રમણતા કરે, તો તેથી અરૂપી શુદ્ધપરિણતિ શી વસ્તુ છે, તેનો અનુભવ થઇ શકે. બાહ્યપદાર્થોમાં અહર્નિશ મનમર્કટ પરિભ્રમણ કર્યા કરે, અને શુદ્ધ પરિણતિનો અનુભવ કરવો એ વાત ભસવું અને આટો ફાકવા બરોબર છે, માટે અરૂપી એવા આત્માનું ધ્યાન કરો, ચિત્તને બાહ્યમાં એક પરમાણુ માત્રના વિચારમાં પણ જવાદો નહી. એમ એક મીનીટ, બે મીનીટ, અર્ધકલાક, પોણો કલાક, એમ શુદ્ધ આત્મસ્વરૂપમાં જ સ્થિરોપયોગ કરવાનો અભ્યાસ કરો. અને પછી જુઓ કે પ્રથ-

મના કરતાં તમારી દ્રષ્ટિમાં હવે શુદ્ધ પરિણુતિના અનુભવમાં કેટલો વિશેષ નિશ્ચય થયો છે, તમારો આત્મા તમને તે સંબંધી પ્રત્યુત્તર આપશે. અહર્નિશ સાંસારીક પદાર્થોમાં સુખની બુદ્ધિથી રાચી માચી રહી તમો આત્મસંબંધી જરા માત્ર લક્ષ આપતા નથી, અને એકદમ શુદ્ધ પરિણુતિનો અનુભવ કરવો છે, તેની હયાતિ જાણુવી છે, આ બાબતમાં તમો કેટલું બધું સાહસ કરો છો? તમો તમારા શરીરને નવરાવવા, ખવરાવવા, અને શણુગારવા જેટલો વખત ગાળો છો, તેટલો પણુ વખત શું શુદ્ધ પરિણુતિના અનુભવ માટે થતા ધ્યાનરૂપ પ્રયાસમાં ગાળો છો? ના નથી ગાળતા: જ્યારે તમે ગાળતા નથી ત્યારે તે વસ્તુનો તમને અનુભવ થાય નહી તે યોગ્ય છે. તમારે શુદ્ધ પરિણુતિ માટે પ્રયત્ન કરવો નથી, અને શુદ્ધ પરિણુતિની પ્રાપ્તિ કરવી છે તેવી નકામી આશાથી તમારૂ કાર્ય સિદ્ધ થવાનું નથી. તમો તમારા પુત્રને માટે, તથા તમારી સ્ત્રી માટે, તથા તમારા ઘેર આવેલા પ્રાહુણાઓ માટે, કેટલો બધો વખત ગાળો છો? તેટલો વખત પણુ તમે ખરા અંતઃકરણુથી શુદ્ધ પરિણુતિ અનુભવ કારણુ ધ્યાન માટે જ્ઞાનપૂર્વક હરરોજ સેવ્યો છે? ઉત્તરમાં કહેશો કે સેવ્યો નથી. જ્યારે ધ્યાન પ્રયત્ન સેવ્યો નથી, તો તેનો અનુભવ તમે પ્રાપ્ત કરી શકવાના નથી. ખાતાં પીતાં પ્રભુ મીલે તો હમકું ભી કહિયો. આવી સ્થિતિ

તમે સેવન કરો છો, ધનની પ્રાપ્તી માટે તમો અમુક શેઠના દાસ થઈને રહો છો. રાત્રી અને દીવસ ગદ્ધાવૈતરૂ કરતાં જરા માત્ર અચકાતા નથી. વળી તમે ધનની પ્રાપ્તિ માટે પહાડ, નદી, જંગલ, સમુદ્ર, ખાણોમાં ભય દૂર કરી જાઓ છો–અને તે કાર્યમાં કેટલો બધો ઉમંગ ધરાવો છો! શું તમોએ આત્માની શુદ્ધ પરિણુતિરૂપ અનંત ધન અર્થે સદ્ગુરૂનું દાસત્વ અંગીકાર કર્યું છે! શુદ્ધ પરિણુતિરૂપ ધન અર્થે શું તમોએ રાત્રી દીવસ સતત પ્રયત્ન કર્યો છે? શું તમોએ આત્મપરિણુતિરૂપ ધનને અર્થે અનેક પ્રકારના ભયનો ત્યાગ કરી, ધ્યાનાભ્યાસમાં પ્રવેશ કર્યો છે? ઉત્તરમાં કહેશો કે કશું કર્યું નથી. જ્યારે તમે સત્યધન, અને સત્ય સુખરૂપ શુદ્ધ પરિણુતિ માટે ધ્યાનાભ્યાસરૂપ પ્રયત્ન કરતા નથી, તો તેની પ્રાપ્તિ શી રીતે કરી શકો? શું વાત કરતાં વડાં થઇ જશે એમ તમે ધારો છો! ના કદી તેમ થવાનું નથી. તમે જરા જુઓ! જંબુ સ્વામી નામે ચરમકેવલી થયા, તેમણે સાંસારીક ક્ષણુભંગુરસુખનો ત્યાગ કરી, સત્ય અનંતસુખ પ્રાપ્ત કરવા માટે કેટલો બધો પ્રયત્ન કર્યો છે. શ્રી જંબુસ્વામીએ આત્મસન્મુખતા માટે બાહ્ય પ્રપંચોથી કેટલી બધી પરાઙ્મુખતા ધારણ કરી હતી. તેમ કદી પ્રયત્ન તમે કરો છો? શ્રી વીરપરમાત્મા ચરમતીર્થંકરે શુદ્ધ પરિણુતિ અર્થે બાર વર્ષ અધિક ઉત્તમ પ્રકારની

ચારિત્ર અવસ્થા ગાળી હતી, ત્યારે તેમને કેવળજ્ઞાન થયું. તેવી સ્થિતિ પ્રાપ્ત કરવા તમોએ જરા માત્ર પણ પ્રયત્ન કર્યો નથી, માતેલા સાંઢની પેઠે અહર્નિશ ચિત્તવૃત્તિને દુનીયાના વ્યવહારમાં ગમે ત્યાં ફરવાદો છો, તેથી તમારે અને શુદ્ધ પરિણતિને આકાશ અને પાતાળ જેટલું અંતરૂ રહે છે. શુદ્ધ પરિણતિ તમારા આત્માથી દૂર નથી, તમારી પાસેજ સદા કાલ વસે છે. પણ તમારાજ પ્રમાદથી તે તિરોભાવે વર્તે છે. જો તમે આત્માભિમુખતા સાધવા અર્થે શુદ્ધજ્ઞાન અને જ્ઞાનવડે બાહ્યપ્રપંચથી તથા રાગદ્વેષાદિ આંતરૂપ્રપંચથી દૂર રહી, પ્રયત્ન કરો, તો તે પ્રગટ થયા વિના રહેવાની નથી. તમારા ઉદ્યમમાં ખામી છે. તમે શુદ્ધપરિણતિ કરવા અર્થે આજ સુધી દ્રઢ સંકલ્પ કરી, ખરા પ્રેમ તથા પ્રયત્નથી જોડાયા નથી. શુદ્ધપરિણતિ એમ કહે છે કે જે ભવ્ય આત્મસ્વભાવમાં પરિણમે, અને પરસ્વભાવમાં પરિણમે નહીં તેની તો હું દાસી થઇને રહું છું. પણ જે જીવ અશુદ્ધ પરિણતિનું સેવન કરે છે, અને તેનામાંજ રાગદ્વેષથી પરિણમી રહે છે, તેનાથી હું તેની પાસે છતાં દૂર છું. વળી શુદ્ધ પરિણતિ એમ કહે છે કે જે ભવ્ય આત્મધ્યાનથી સ્વસ્વભાવમાં રમણતા–લીનતા–એકતા કરે છે. તેની હું રાગીણી થાઉ છું. મારી પ્રાપ્તિ કરનાર આત્માને સદાકાળ અખંડ અનંત સુખ સમયે સમયે મળે છે. મારી પ્રાપ્તિ

કરનાર આત્મા ત્રણ ભુવનનો પતિ બને છે. વળી મારા સંગે રહેનાર આત્મા સાદિ અનંતમા ભાગે શુદ્ધબુદ્ધ પરમાત્મારૂપ બને છે, મારી સંગતિથી અનંત સિદ્ધાત્માઓ અનંત અનંત સુખ ભોગવે છે. મારી સંગતિથી આત્મા અનંતકાળ પર્યંત ભોગવેલાં દુઃખથી દૂર રહે છે. મારી સંગતિથી ચોરાશી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ થતું નથી. મારી સંગતિથી જીવ રંક સરખો હોય પણ રાજા બને છે; મારી સંગતિથી જીવ અજર અમર બને છે. કોઇ સદ્ગુરૂ વચનામૃત પ્રાપ્ત કરી જીવો મારી સંગતિ અર્થે પ્રયત્ન કરે છે. જેમ સ્પર્શમણિના સંયોગે લોહ સુવર્ણત્વને પામે છે; તેમ મારી સંગતિથી જીવ તે શિવ એટલે પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કરે છે. ભૂતકાળે અનંત સિદ્ધો થયા, વર્તમાન કાળે થાય છે, અને ભવિષ્યકાળે અનંત સિદ્ધો થશે, તે સર્વ શુદ્ધપરિણુતિ સેવન કરવાથીજ થાય છે. માટે ભવ્યજીવોએ શુદ્ધપરિણુતિની પ્રાપ્તિ અર્થે અહર્નિશ પ્રયત્ન કરવો, આત્મસ્વભાવમાં રમવું, પરસ્વભાવનો ત્યાગ કરવો, એજ શુદ્ધ પરિણુતિ પ્રાપ્ત કરવાનો સરળ ઉપાય છે. શુદ્ધ પરિણુતિ પ્રાપ્ત કરી સિદ્ધના જીવો શું સુખ ભોગવે છે, તે બતાવે છે.

दुहा.

पामी शुद्ध स्वभावने शाश्वत शुद्ध कथाय ॥
सुख अनंता भोगवे निर्मलता निर्माय ॥ १५ ॥

ભાવાર્થ—સિદ્ધ પરમાત્માઓ શુદ્ધસ્વભાવરૂપ શુદ્ધ પરિણતિ પ્રાપ્ત કરી, સાદિ અનંતમે ભાંગે, શાશ્વત શુદ્ધ કહેવાય છે, ત્યાં અનંત સુખ આત્મસ્વભાવથી સમયે સમયે ભોગવે છે. જ્યાં દુઃખનું તો કિંચિત્ માત્ર પણ નામ નથી. જ્યાં સદાકાળ આનંદ આનંદ વર્તી રહ્યા છે, શુદ્ધ નિર્મલતા પ્રાપ્ત કરી જે સદાને માટે કૃતકૃત્ય થઇ રહ્યા છે. જ્યાં આધિ, વ્યાધિ, ઉપાધિનો તો બીલકુલ સંભવ નથી, એવું શુદ્ધ પરિણતિનું સામર્થ્ય સિદ્ધ પરમાત્મામાં વર્તે છે. હવે પ્રસંગાનુસાર જીજ્ઞાસા થઇ કે જ્યારે સિદ્ધ પરમાત્માઓ શુદ્ધ પરિણતિના ભોક્તા છે, ત્યારે તે સિદ્ધાત્માઓની સિદ્ધ સ્થાનમાં વા સિદ્ધ થયાની આદિ છે કે નહી, તેનું સમાધાન કરે છે.

दुहा.

स्थिति प्रवाह अपेक्षतां आदि कबूह न होय ॥
आत्मसिद्धानंतनी भंगी प्रथमज जोय ॥ १६ ॥
एकज व्यक्ति अपेक्षतां सिद्ध जीवनी जाण ॥
सादि अनंति स्थिति ज्यां शोभे छे निर्वाण ॥ १७ ॥

ભાવાર્થ—પ્રવાહની અપેક્ષાએ સિદ્ધ જીવોની આદિ નથી, અર્થાત્ અનાદિ છે. એમ આત્મસ્વરૂપ વ્યક્તિભાવે કરેલ અનંત સિદ્ધની અનાદિ સ્થિતિ જાણવી; અને એક

શ્રી રૂષભદેવ અથવા વીર પ્રભુરૂપ વ્યક્તિની અપેક્ષાએ, સિદ્ધ જીવની સાદિ અનંતિ સ્થિતિ છે. એનું વિશેષ સ્વરૂપ સદ્ગુરૂ ઉપાસના કરી લેવું. મોક્ષ સ્થાન પ્રાપ્તિની એક જીવની અપેક્ષાએ સાદિ છે, પણ મોક્ષમાંથી જીવ પાછો સંસારસાં આવતો નથી. સંસારમાં પરિભ્રમણ કરવાનું કારણ કર્મ છે; અને કર્મ જ્યાં છે, ત્યાં સંસાર છે. સિદ્ધના જીવ સંપૂર્ણ કર્મક્ષય કરી, નિર્વાણ પદ પામ્યા છે. તેથી પુનઃ સંસારમાં અવતાર લઇ શકતા નથી. કહ્યું છે કેઃ—

श्लोक.

दग्धे बीजे यथात्यंतं प्रादुर्भवति नाङ्कुर ॥
कर्मबीजे तथा दग्धे नरोहति भवाङ्कुर ॥१॥

બીજ બળી જતાં, જેમ બળેલા બીજમાંથી, અંકુર ઉગી નીકળતો નથી, તેમ કર્મ બીજ બળી જતાં, સંસારરૂપ અંકુર ઉગી નીકળતો નથી. ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કે—**यद्गत्वा न निवर्तंते तद्धाम परमं मम** જ્યાં ગયા બાદ સંસારમાં પાછું અવાતું નથી, તેજ મોક્ષ છે; આત્મા પોતાના અસંખ્ય પ્રદેશો કરી મુક્તિસ્થાનમાં રહે છે. સ્વસ્વરૂપે આત્મા અનંત ગુણથી અનંત પર્યાયથી જ્યાં શોભી રહ્યો છે, તે સ્થાન ભવ્ય પુરૂષોએ પ્રાપ્ત કરવું યોગ્ય છે.

હવે સામાન્યતઃ શુદ્ધ પરિણતિ તથા તેના સ્વા-

બીનું વર્ણન લેશ માત્ર કર્યું, હવે અશુદ્ધપરિણુતિનું સ્વરૂપ કહે છે.

दुहा.

काल अनादि प्राणीने वर्ते छे अज्ञान ॥
वृद्धिगत थातां क्रमे प्रगटे लौकीक भान ॥१८॥
अहंवृत्त्युद्भव थतां अशुद्ध परिणति पोष ॥
अहंवृत्ति छे ज्यां लगे मिटे न तावदोष ॥१९॥

ભાવાર્થ—અનાદિકાળથી પ્રાણીને અજ્ઞાન વર્તે છે, અનંતકાળથી નિગોદમાં જીવ રહ્યો છે. ત્યાં પણ અજ્ઞાન વર્તે છે; જેમ જેમ જીવ નિગોદમાંથી નીકળી ઉચ્ચગતિ એકેન્દ્રિય બેરેન્દ્રિય વિગેરેમાં આવ્યો, તેમ તેમ અવ્યકત ભાવે રહેલું જે અજ્ઞાન, તે કિંચિત્ વ્યક્તપણે અજ્ઞાન પ્રગટવા લાગ્યું ક્રમે ક્રમે વ્યકતપણે અજ્ઞાનની વૃદ્ધિ થવા લાગી. પંચેન્દ્રિય અવતારમાં પણ અજ્ઞાનથી વર્તી રહ્યું છે. અને તે અજ્ઞાનથી દુનીયાના વ્યવહારના અભ્યાસમાં પ્રવર્તતાં લૌકીકઅજ્ઞાન વૃદ્ધિ પામી, આ હું અને આ મારો, એવું લૌકીકભાન થવા લાગ્યું અને તે અજ્ઞાનદ્વારા અહંવૃત્તિનો ઉદ્ભવ થવા લાગ્યો; અને તેથી હું અને મારૂં એવા પ્રત્યયથી અહંવૃત્તિસંસ્કારની પુષ્ટિ થવા લાગી. અને તેથી જીવદુનીયાના વ્યવહારમાં સગાં, વ્હાલાં, ધન, કુટુંબ, પુત્ર, સ્ત્રી

મહેલ, શરીરાદિને પોતાનાં કલ્પવા લાગ્યો. અને તે કુટુંબાદિમાં રાચીમાચી રહેવું, અને તેજ પોતાનાં, અને તેજ હું એમ મિથ્યા અધ્યાસવાળો પ્રાણી થઈ ગયો. પર અને પોતાનું શું, તે તત્ત્વથી જાણ્યું નહીં. જગતના વ્યવહાર પ્રમાણે વર્તવું તેજ સ્વજન્મ કર્તવ્ય સમજવા લાગ્યો. એમ અજ્ઞાનથી કેવળ આત્માએ પંચેંદ્રિયપણું પામીને પણ અહંવૃત્તિથી અશુદ્ધ પરિણતિનું પોષણ કર્યું. અને જ્યાં સુધી અશુદ્ધ પરિણતિ છે, ત્યાં સુધી અજ્ઞાનાદિ દોષો ટળ્યા નહીં એમ જીવની અજ્ઞાનતઃ બહિરાત્મદશાજ રહી.

હવે અહંવૃત્તિથી આત્મા દોષ રહિત થાય નહીં તે પ્રસંગાનુસાર જણાવે છે.

दुहा.

अहंवृत्ति यावद् रहे, तावद्दोष न अस्त ॥
अहंवृत्ति अज्ञानथी, प्रगटे दोष समस्त ॥ २० ॥
अहंवृत्ति उदये ग्रहे, भ्रात मात ने तात ॥
अहं मंत्र मोहारिनो, स्मरतां नरके पात ॥२१॥

ભાવાર્થ—અહંવૃત્તિ આત્મામાં જ્યાં સુધી રહે છે, તાવત્ પર્યંત કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, અજ્ઞાનાદિ દોષોનો ક્ષય થતો નથી. અહંવૃત્તિરૂપ અજ્ઞાનથી સર્વ પ્રકારના દોષો પ્રગટે છે. પરવસ્તુમાં અહંવૃત્તિ થતાં, તેમાં

મમતા થાય છે. આ ઘર મારૂં એમ અહંવૃત્તિ ઉત્પન્ન થતાં, તે ઘરમાં અન્ય કોઇનો પ્રવેશ થતાં, તેના ઉપર દ્વેષ ઉત્પન્ન થાય છે. અમુક પુત્ર પોતાનો માનતાં, તે જો વ્યભિચાર આદિ દોષો સેવે, તો તેથી મહાદુઃખ ઉત્પન્ન થાય છે. અમુક ઘર મારૂં છે, એવી અહંવૃત્તિ થઈ, અને પશ્ચાત્ તે ઘર બળી જાય તો તેથી પ્રાણી મહાદુઃખ ધારણ કરે છે, અને વળી તેથી ગ્રથીલ પણ બની જાય છે. અમુક રાજ્ય મારૂ છે, અમુક દેશ મારો છે, એમ અધ્યાસ થતાં, તે રાજ્ય વા દેશ જીતવા અન્ય કોઇ પ્રયત્ન કરે તો તે માટે પોતે અહંવૃતિના આવેશથી યુદ્ધ કરે છે, પ્રાણનો નાશ કરે છે. રૂશીયા અને જાપાનને લડાઈ થઇ અને તેમાં લાખો મનુષ્યોનો નાશ થઇ ગયો, તે પણ અહંવૃત્તિના આવેશથીજ જાણવું.

અહંવૃત્તિ ઉદયે, જીવ બાહ્ય પદાર્થોમાં વ્યવહાર મમત્વનો અધ્યાસ કરી, આ મારા ભ્રાતા, અમુક મારી મા, અને અમુક જનક, વિગેરેને કલ્પી લેછે. અને પછી દૃઢ અધ્યાસ પ્રતિદિન વૃદ્ધિ પમાડતો પ્રવૃત્તિ કર્યા કરે છે. પોતાના પાડેલા નામમાં પણ હું દેવદત્ત, હું ચંદ્રદત્ત, એવો દૃઢ અધ્યાસ ધારણ કરે છે. પછી દેવદત્ત નામથી પ્રસંશા શ્રવણ કરી બહુ ખુશી થાય છે, કોઇ દેવદત્ત નામથી સંબોધી ગાલીપ્રદાન કરે, તો તે બહુ દુઃખી થાય છે.

ગાલી દેનારને પણ ગાલીદાન સામું અર્પે છે. જાહેરપત્રો માં કે પુસ્તકોમાં પોતાનું નામ આવેલું જુએ છે, તો તે ખુશી થાય છે. પોતાના નામ માટે ધારે તે કરે છે. પોતાનું નામ પ્રસિદ્ધ થાય, તે માટે અનેક પ્રયત્નો કરે છે. એમ અજ્ઞાનયોગે પાડેલા નામમાંજ તેની અહંવૃત્તિ દ્રઢ થવાથી, અન્ય કશું સમજી શકતો નથી પોતાના નામને દેવદત્તભાઈવા જી એવું જોડી અન્ય લોકો બોલાવે, તો તેને સારૂં સમજે છે. આ સર્વ અશુદ્ધપરિણતિના વિલાસ છે. જ્ઞાનીપુરૂષને પોતાના નામ ઉપર મોહ રહેતો નથી. જ્ઞાનીપુરૂષ સમજે છે કે જેમ ઘટપદાર્થ ઓળખવા ઘટ એવો શબ્દ સંકેત છે, તેમ મારી મનુષ્યાવસ્થા ઓળખવા માટે એક સંજ્ઞા પાડી છે. અને સંજ્ઞા તે હું નથી. ફક્ત તે થકી જગતમાં વ્યવહારમાર્ગ પ્રવર્તે છે; આપણા ચોવીસ તીર્થંકરોનાં પણ નામ હતાં, પણ તે નામમાં અહંવૃત્તિ રાખતા નહોતા, તેથી તેઓ સર્વજ્ઞ થયા. દુનીયાનાં વ્યવહાર પ્રવર્તવા માટે દરેક વસ્તુઓનાં નામ પડે છે પણ તે નામમાં અજ્ઞાની મોહ પામી ભૂલ કરે છે. અને જ્ઞાની મોહ પામતા નથી. આત્માએ અનંતિવાર જન્મ ધારણ કર્યા. તે વખતે તેનાં જુદાં જુદાં નામ પાડવામાં આવેલાં પણ તેમાંનું હાલ એકે નથી. તેમ વળી હાલ જે નામ પાડયું છે, તે અન્ય આગામીભવમાં રહેવાનું નથી તો હવે સમજો કે આપણું કયું નામ

સાચું અને કયું નામ ખોટું ? આપણે પોતાના નામની પ્રસિદ્ધિ–કીર્તિ માટે જે કંઇ સારાં કામ કરીએ છીએ, તેટલાંજ પરોપકાર કૃત્ય તેવી ખરાબ આશા વિના કરીએ, તો આત્માની ઉન્નતિ અલ્પકાળમાં કરી શકીએ. અલક્ષ્ય એવો આત્મા તેનું વસ્તુતઃ વિચારીએ તો નામ નથી, આત્મા અનામી છે; શબ્દસંકેતથી જગત્‌નો વ્યવહાર ચાલે છે. ઉત્તમપુરૂષોના નામસ્મરણથી ઉત્તમગુણની યાદી આવે છે, અને તેવા ગુણો પોતાના આત્મામાં પ્રગટે છે. માટે વ્યવહારમાર્ગમાં પ્રભુનું નામ, ગુરૂનું નામ, સ્મરણીય છે. પણ નામ જેનું પાડવામાં આવ્યું છે, તેથી વસ્તુ ન્યારી હોય છે; તે વાત ભૂલવી જોઈતી નથી. નામ છે તે વાચક છે, અને વસ્તુ વાચ્ય છે, નામ અને વસ્તુનો વાચક વાચ્ય સંબંધ છે; તીર્થંકરોનાં નામ તે તીર્થંકર વ્યક્તિનું ભાન કરાવે છે, માટે તે વાચક છે, અને તીર્થંકર વ્યકિત વાચ્ય છે. તેમ આપણું અમુક નામ પાડયું તે વાચક છે, અને આપણી આકૃતિ તે વાચ્ય છે. નામ અને આપણી વ્યક્તિનો એકાંતે અભેદ અધ્યાસ ધારણ કરી, આપણે અશુદ્ધ પરિણતિને સેવીએ છીએ અને તેથી અજ્ઞાનમાં જીવન ગાળીએ છીએ. અહંવૃત્તિ ઉત્પન્ન કરનાર અજ્ઞાનનો પુત્ર અવિવેક છે. જગત્‌માં પુરૂષ અને લલનાઓ દરેક આવી રીતે નામ, રૂપ,ભ્રાત, માત, તાતમાં, અહંવૃત્તિથી ફસાયાં છે. જ્ઞાનીઓ અહંવૃત્તિનું પ્ર-

બલસામર્થ્ય જોઇ, આશ્ચર્ય પામે છે કે અહો! અહંવૃત્તિએ મોહરૂપમદિરાપાન કરાવી, સર્વજીવોને બેભાન કરી દીધા છે. તેથી પોતાનું સત્યસ્વરૂપ સમજવા જરામાત્ર પણ પ્રયત્ન કરતા નથી. મારો અમુકપદાર્થ એમ અહંવૃત્તિની જાગ્રતિ થતાં, આત્મા તેમાં રાગધારણ કરી કર્મવર્ગણાઓ ગ્રહણ કરે છે. અનાદિકાળથી જીવો સંસારમાં પરિભ્રમણ કરે છે, અને નિવૃત્તિપદ પ્રાપ્ત કરતા નથી. તેનું કારણ પણ અહં-વૃત્તિ છે. ત્યારે શું આપણે આ મારો પુત્ર, આ મારો શિષ્ય, આ મારૂં ઘર, એવો વચનવ્યવહાર મૂકી દેવો જોઈએ? ઉત્તરમાં કહેવાનું કે તમો એવો વ્યવહાર કરો, પણ તે વસ્તુ હું છું, અગર તે મારી છે, એવું અંતરમાં માની લો નહીં. જગતના વ્યવહારકાર્ય માટે, આ મારો પુત્ર, આ મારૂં ધન, એમ કહેવું, તેટલામાત્રથી આપણે બંધાતા નથી. પણ તે વસ્તુમાં મમત્વપરિણામ ધારણ કરવાથી બંધાઇએ છીએ. માટે મમત્વપરિણામનો ત્યાગ કરવો, તેજ અત્ર સારાંશ છે. પણ તેવા શબ્દ ત્યાગવા, અગર બોલવા નહીં એમ કહેવાનો ઉદ્દેશ નથી. જ્ઞાની આ મારા શિષ્ય, આ મારા શ્રાવકો, આ મારા ગુરૂ એવા શબ્દોનો વ્યવહાર કરે છે, પણ અહંવૃત્તિના ત્યાગથી બંધાતો નથી, અને અજ્ઞાની બંધાય છે. ત્યાં મનમાં ઉત્પન્ન થતી અહંવૃત્તિનોજ દોષ છે, કંઈ શબ્દનો દોષ નથી એમ વિવેકદ્રષ્ટિથી સમજવું

કે જેથી ધર્મવ્યવહારમાં પણ મારા ગુરૂ, મારા શિષ્ય, મારા દેવ, એમ વ્યવહાર કરતાં દોષ સમજાય નહીં. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકા, દેવ, ગુરૂ, ધર્મમાં પણ મારા સાધુ, મારા દેવ, વિગેરે શબ્દો બોલતાં કોઇ જાતનો દોષ નથી, વા તે શબ્દો દોષોત્પાદક નથી. પરંતુ ઉલટા ગુણોત્પાદક છે. જ્ઞાની પુરૂષ આવી રીતે ધર્મમાર્ગમાં શબ્દવ્યવહાર કરે છે, પણ બંધાતા નથી. કારણ કે તે સ્વ અને પરવસ્તુના ભેદને જાણનાર હોય છે. અધર્મવસ્તુ કરતાં ધર્મોત્પાદકનિમિત્ત-કારણીભૂત દેવગુરૂ ઉપર પ્રશસ્ય રાગ થાય, તો તે વ્યવ-હારમાં પ્રશસ્ય છે. કારણ કે તેથી ઉપાદાન કારણરૂપ જ્ઞાન-દર્શનચારિત્રનો લાભ મળે છે. સાધુમાર્ગમાં તે પ્રમાણે વ્ય-વહારધર્મ પ્રવર્તન અર્થે અમુકના શિષ્ય અમુક વિગેરે નામ પાડવામાં આવે છે, તેથી કંઈ દોષ નથી. શબ્દવ્યવહાર વિના વ્યવહારધર્મમાં પ્રવેશ થતો નથી. અને વ્યવહારધર્મ વિના નિશ્ચય આત્મધર્મની પ્રાપ્તિ થતી નથી. માટે આવા પ્રકારના શબ્દવ્યવહાર કરતાં, જ્ઞાની ધર્મવૃદ્ધિ સાપેક્ષપણે કરે છે એમ જે ન માને, તે નામ નિક્ષેપાનું ઉત્થાપન કરે છે. અત્ર પ્રસંગાનુસાર લખવાનું થયું છે તે અહંવૃત્તિરૂપ પરિણામ કરવાથી કર્મબંધ છે, તેને ઉદ્દેશી છે, પણ તેથી શબ્દ માટે કોઇએ વિપરીત અર્થ ગ્રહણ કરવો નહીં. અહં-વૃત્તિરૂપ અશુદ્ધપરિણતિની વ્યાખ્યાનોજ અત્ર ઉદ્દેશ છે.

મોહરૂપ શત્રુએ અહંમમરૂપ મંત્રથી સર્વજગત્ વશ કર્યું છે, અને જે જીવો અહંમંત્રનું સ્મરણ કરે છે, અહંમંત્રમાંજ ચિત્તવૃત્તિ રાખ્યા કરે છે, તે જીવો નરકાદિગતિને ભજનારા થાય છે. ઘણા ચક્રવર્તિયો, ઘણા રાજાઓ પૃથ્વીમાં, રાજ્યમાં અહંભાવ ધારણ કરી, રાગદ્વેષયોગે અનેકપ્રકારનાં અશુભ-કર્મ ઉપાર્જન કરી નરકમાં ગયા. જુઓ સિદ્ધાંતોમાં જે જીવો નરકે ગયા, તે અહંવૃત્તિના યોગેજ જણાશે. અહંવૃત્તિ બળતી અગ્નિ સમાન છે, તેનો સંસર્ગ કરનાર જીવ મહાદુઃખ પ્રાપ્ત કરે છે. યાવત્પર્યંત જીવ બહિરાત્મભાવમાં છે, તાવત્-પર્યંત તે અહંવૃત્તિમાંજ રમણતા કરે છે. આત્મજ્ઞાન થતાં અહંવૃત્તિ છૂટે છે. તે વિના મહાવિકરાળ અહંવૃત્તિ રાક્ષસી ક્રિયાકાંડથી પણ આત્માથી છૂટતી નથી તે જણાવે છે,

दुहा.

यावद् भान न आत्मनुं, अनेकान्त नहि दृष्टि ॥
क्रियाकाण्ड क्लेशे करी, मिटे न तावत् सृष्टि ॥ २२ ॥
सूत्रभणी पण्डित बने, हुं पण्डित अभिमान ॥
वेदभणी हुं वेदीछुं, माने ते अज्ञान ॥ २३ ॥

ભાવાર્થ—યાવત્પર્યંત આત્મભાન થયું નથી, અર્થાત્ સાતનય, સપ્તભંગી, ચારનિક્ષેપા, વ્યવહાર અને નિશ્ચયથી, તેમ ચાર પ્રમાણથી, તથા અષ્ટપક્ષથી, આત્મજ્ઞાન થયું

નથી, અને સમ્યગરીત્યા તેનું ભાન થયું નથી, અને યાવત્‌પર્યંત અનેકાન્તમત જાણીને અનેકાન્તદ્રષ્ટિ થઈ નથી, તાવત્‌પર્યંત ક્રિયાકાંડક્લેશે કરી જગત્‌પરિભ્રમણ મટતું નથી. સ્વ અને પરના જ્ઞાનવિના આત્મતત્વારાધક થઈ શકતો નથી, અને આત્મારાધક થયાવિના, શુદ્ધપરિણુતિ સન્મુખ થવાતું નથી. યથાપ્રવૃત્તિકરણની આરાધના જીવે ઘણીવાર કરી પણ સમકિતગુણ પ્રાપ્ત થયો નહીં. અને તેથી ભવાંત આવ્યો નહીં. આત્મભાન થયાવિના, વૈરાગ્યગુણ તથા ખરેખરી ઉદાસીનતા પ્રગટ થતી નથી, અને આત્મભાનવિના મોહભાવ ઘટતો નથી. આત્મજ્ઞાનવિના સંયમની આરાધના થતી નથી. આત્મજ્ઞાનથીજ વિવેકદૃષ્ટિ પ્રગટે છે. અને તે વિવેકદૃષ્ટિ વિના અવિવેકથી અનેક પ્રકારની કષ્ટક્રિયાઓ કરી, પણ ભવાંત આવ્યો નહીં.

વળી અશુદ્ધપરિણુતિથી આત્માએ સ્વપરનું જ્ઞાન મેળવ્યું નહીં. અને વ્યવહારમાર્ગથી સૂત્ર ભણી પંડિતપણાનું અભિમાન ધારણ કર્યું. ફક્ત પંડિતાઈની ખ્યાતિ માટે સૂત્રાભ્યાસ સ્વીકાર્યો, તેમ વેદભણી હું વેદાંતજ્ઞાતા, મારા જેવો કોઇ વિદ્વાન નથી, એવું અહંવૃત્તિથી માની લીધું. આત્મજ્ઞાનપૂર્વક વિવેકદ્રષ્ટિથી, જો તત્ત્વાભ્યાસ કરવામાં આવે તો અહંવૃત્તિ ઉદ્‌ભવતી નથી. કારણકે, જે જે ભણવું છે, તે તે આત્માર્થે છે, એમ વિવેકી સમજે છે. તેથી વિવેકી

પુરૂષ સૂત્રસિદ્ધાંતનું રહસ્ય યથાર્થ સમજી શકે છે. કોઇ અહંવૃત્તિવાળો હોયછે, તોપણ સૂત્રાદિક ભણવાથી તેની અહંવૃત્તિનો નાશ થાય છે. તેથી એકાંત કોઇએ સમજવું નહિં. દુહામાં જે લખ્યું છે, તેતો અહંવૃત્તિ સૂત્ર ભણીને પણ ટાળવી, તેવા ઉદ્દેશથી સમજવું. કિંતુ તેથી અન્યોએ એવો અર્થ લેવો નહિં કે. સૂત્રાદિકનો અભ્યાસ કરવાથી, અહંવૃત્તિ પ્રગટે છે. માટે જે વિદ્વાનો હોય છે, તે સર્વ ખરાબ છે, આવો વિચાર સ્વપ્નમાં પણ લાવવાથી આત્માનું હીત થતું નથી. જે જે વચનો લખાય છે, તે સાપેક્ષથી શિક્ષારૂપ છે, પણ તેથી વિદ્યાભ્યાસનો નિષેધ નથી. ગંગાનદીમાં ગમે તેવો મલીન પુરૂષ સ્નાન કરે તોપણ જલનો સ્વભાવ એવો છે કે તે .પુરૂષના શરીરને સ્વચ્છ કરે. તેમ અત્ર પણ શ્રીવીરપ્રભુના સૂત્રોમાં એવું સામર્થ્ય છે, કે તેથી ભવ્યાત્મા નિર્મલ બને. અત્ર તો એટલુંજ લેવું કે, કોઈ જીવ સૂત્રાર્થ ભણી ગર્વ કરે તો વિદ્યામદ કર્યાથી આત્મઅહિત કરે, તેથી તેવી પરિણતિ જીવને થાય નહિ, તેટલા પુરતું આ શિક્ષાવચન દુહામાં કહ્યું છે. પણ તેથી કોઇએ વિપરીત માર્ગમાં પ્રવેશ કરવો નહીં; જીનવાણી સૂત્રરૂપ ગંગાનો પ્રવાહ છે, તથા જીનવાણી તે સાક્ષાત્ તીર્થંકર સમાન છે, તેના અભ્યાસી સાધુઓની પૂર્ણ ભક્તિ કરવી. તેમની નિંદા કરવી નહિં. જ્ઞાન અને જ્ઞાની-

ની આશાતના વર્જવી. જ્ઞાન અને જ્ઞાનાભ્યાસી મુનિરાજોની પૂર્ણ ભક્તિ કરવી. જ્ઞાનેચ્છુજીવોએ તો જ્ઞાનીની સેવા કરવી એટલુંજ લક્ષ્યમાં રાખવાનું છે. પણ અમુક અહંવૃત્તિ ધારણ કરે છે, એમ પરમાં પ્રવેશવાની બુદ્ધિ રાખવી નહિ. સૌને પોતપોતાનું કૃત્ય કરવાનું છે. ભવભીરૂ આત્મસાધક જીવ તો અહર્નિશ સ્વસન્મુખતા સેવવા પ્રયત્ન કરે છે. મિથ્યાજ્ઞાન ભણવાથી અહંવૃત્તિની જાગૃતિ થાય એ સ્વાભાવિક છે. પણ જિનેંદ્રવચનથી તો અભવ્ય સિવાય દરેક જીવને પ્રાયઃ સ્વસન્મુખતા થાય છે. શ્રીયશોવિજયજી ઉપાધ્યાયજી તથા શ્રીહરિભદ્રસૂરિ જેવાનાં વચનો પ્રમાણેવર્તી, આત્મકલ્યાણ માટે પ્રયત્ન કરવો.

दुहा.

क्रियागर्व हृदये वहे, परनिन्दामांभाव ॥
अहं वृत्तिने धारतो, पामे नहि सुखदाव ॥२४॥
सत्ताधारी वृद्ध हुं, सघलो मारो देश ॥
वृद्ध युवा हुं नृपति, अहंवृत्तिथी क्लेश ॥ २५ ॥

ભાવાર્થ—જે કોઈ બહિરાત્મવાળો જીવ, અજ્ઞાન દશામાં અનેક પ્રકારની ક્રિયાઓ ધર્માર્થે કરે, પણ તેથી પોતાને ઉત્તમ સમજી, અન્ય જનોની નિંદા કરે, અને પરભાવમાં રમણતા કરે, અને પોતાને નિરપેક્ષ બાહ્યક્રિયા માત્રથીજ

કૃતકૃત્ય સમજે છે, તેવો જીવ અહંવૃત્તિને ધારણ કરતો, સુખપ્રાપ્તિ કરી શકતો નથી. શાસ્ત્રમાં ક્રિયાનું અજીર્ણ નિંદા લખી છે. વળી ક્રિયાઓ કરીને, ક્રિયા નહીં કરનારાઓની નિંદા કરવાથી, મન નિંદામાં લપટાય છે, અને તેથી નિંદાની વૃત્તિ વૃદ્ધિ પામવાથી પરનિંદા રહીત થવાતું નથી. અશુદ્ધપરિણુતિથી, નિંદાદિક દોષોમાં પ્રવૃત્તિ વૃદ્ધિ પામે છે. એકવાર જો મનને નિંદા કરવામાં વેગ આપ્યો, તો બીજીવાર સહેજે બીજાની નિંદા થાય છે, એમ પ્રતિદિન નિંદાની ટેવ વધવાથી, પછીથી નિંદામાંથી મન પાછું વાળતાં બહુ પ્રયાસ પડે છે. પ્રબળ પ્રયત્ન કર્યા વિના, નિંદાની પ્રવૃત્તિ ટળતી નથી. માટે નિંદાવૃક્ષને ઉગતાંજ, છેદી નાખવું. અત્ર કહેવાનું તાત્પર્યાર્થ એ છે કે ક્રિયા કરતાં, પણ અન્ય નિંદા પ્રવૃત્તિ કરવી નહીં. અને તેવી નિંદાની પ્રવૃત્તિ થાય છે, તેનું કારણ અશુદ્ધ પરિણુતિ છે. અને શુદ્ધપરિણુતિ રહેવાનું કારણ બહિરાત્મભાવ છે. અને બહિરાત્મભાવનું કારણ અજ્ઞાન છે. અને અજ્ઞાનથી ઉત્તરોત્તર તેવા દોષોની ઉત્પત્તિદ્વારા અશુદ્ધ પરિણુતિની પુષ્ટિ થાય છે. માટે ભવ્ય જીવે જ્ઞાન સંપાદન કરી ગર્વરહીત ક્રિયા કરવી. પણ ધર્મક્રિયાથી ભ્રષ્ટ થવું નહીં. સારાંશ કે ક્રિયાઓ કરી, નિંદાદિક દોષો પરિહરવા. અને જો ધર્મક્રિયામાં પ્રવર્તીને પણ નિંદાદિક કરે, તો અશુદ્ધ પરિણુતિની

વૃદ્ધિ કરે છે. અને ક્રિયાનું યથાર્થ ફળ મળતું નથી. ભવ્ય જીવે ક્રિયાનું સેવન કરવું. ધર્મક્રિયા નિષ્ફળ જતી નથી. દોષ રહિત ક્રિયા કરવાના કરતાં ક્રિયા નહીં કરવી, તે સારી એમ કોઈ કહે તો તે યોગ્ય નથી. દોષ ટાળવાની સાપેક્ષ બુદ્ધિથી ક્રિયા કરે, ને દોષ લાગે, તો પણ ક્રિયા કરનાર ક્રિયા નહિ કરનાર કરતાં સારો છે, અને તે આરાધક છે. જ્ઞાન હોય તો પણ ક્રિયા વિના મુક્તિ નથી. સિદ્ધાંતમાં કહ્યું છે કે---

गाथा.

जाणंतो वि य तरिउं काइय जोगं अजुंजए नइए ।
सो वुझइ सोएणं एवं नाणी चरणहीणो ॥ १ ॥

ભાવાર્થ---તરવાનું જાણતાં છતાં, પણ નદીમાં પેશી કરચરણ હલાવે નહીં, તો નદીમાં બૂડે, તેમ જ્ઞાની પણ ચારિત્રમાર્ગથી હીન ભવ સાગરમાં ડૂબે. ચારિત્રમાર્ગથી ઘણા ગુણોની પ્રાપ્તિ થાય છે. માટે આવશ્યકાદિ ધર્મ ક્રિયાઓનું બહુ પ્રેમથી સેવન કરવું. પણ નિંદાદિક દોષોનું ભેગું સેવન કરવું નહીં. તેમ ક્રિયાનો ગર્વ પણ કરવો નહીં. ધર્મક્રિયા કરનારાઓ જો જ્ઞાન સંપાદન કરે, અને અન્તરાત્મસન્મુખ વળે, તો દોષો નાશ પામતા જાય. ગમે તેવી પોતે બહિ-રાત્મભાવથી સારી ધર્મક્રિયા કરે, અને ગર્વ નિંદાદિ દો-

ષોનું સેવન કરે, તો પોતાના આત્માને પણ હિત થાય નહીં અને બીજાઓ પણ પોતાની ખરાબ પ્રવૃત્તિથી ધર્મની હીલના કરે. માટે પર નિંદાદિકમાં થતી અહંવૃત્તિને ધર્મક્રિયા કરતાં સેવવી નહીં. અને જો તે સેવાય તો અશુદ્ધપરિણતિ વૃદ્ધિ થાય છે. હું અમુક દીવાન છું, રાજા છું, અમીર છું, શાહેનશાહ છું, અમુક લોર્ડ છું, ઈત્યાદિ બાહ્ય સત્તામાં અહંપણું સ્ફુરાયમાન થાય છે. તથા આ દેશ મારો છે, એમ બાહ્યવસ્તુમાં અહંકારની સ્ફુરણા થાય છે. તથા વૃદ્ધ, યુવા અને બાલ્યાવસ્થાને આત્માની અવસ્થા માને, તેમાં અહંકાર સ્ફુરે, તો તેથી બહિરાત્મપણું વૃદ્ધિ પામે છે, અને એવી અહંવૃત્તિયોથી આત્મા નવીન કર્મ સમુપાર્જન કરે છે. અને અહંમમત્વના યોગે રાગદ્વેષના યોગે શારિરિક—માનસિક મહા ક્લેશ પામે છે.

વળી અહંવૃત્તિયોગે કેવા પ્રકારની સ્ફુરણાઓ મનમાં સમુદ્ભવે છે, તે બતાવે છે.

दुहा.

क्षत्री ब्राह्मण वैश्य हुं, सहुमां हुं छुं श्रेष्ठ ॥
अहंवृत्तिनी जागृति, थावे शुं परमेष्ठ ॥ २६ ॥

ભાવાર્થ—અહંવૃત્તિયોગે ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન થતાં હું ક્ષત્રીય છું. એવો અજ્ઞાનમૂલક દ્રઢાધ્યાસ બંધાઇ જાય છે.

તેથી ક્ષત્રિયાભિમાની બની, ભ્રમજાળમાં સપડાય છે. બ્રાહ્મણીની કૂખે જન્મતાં, હું બ્રાહ્મણ છું. વર્ણમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે, એવો મિથ્યાદ્રઢાધ્યાસ અજ્ઞાનતઃ બંધાઇ જાય છે, અને તે મહાપ્રયત્ને સદ્‍ગુરૂસંગથી છૂટે છે; ત્યારે હું તો આત્મા છું, એમ સત્યજ્ઞાન પ્રગટે છે. વૈશ્યને ત્યાં જન્મ થતાં, હું વૈશ્ય છું, મારાં અમુક કાર્ય છે, એમ બહિરાત્મપણાથી વૈશ્યજાતિમાં અહંવૃત્તિની જાગૃતિ થાય છે. શુદ્રને ત્યાં જન્મ થતાં, હું શુદ્રછું, એમ દ્રઢ અધ્યાસ બંધાય છે. યવનને ત્યાં જન્મ થતાં, હું યવન છું, એમ અહંવૃત્તિરૂપ દ્રઢ અધ્યાસ બંધાય છે. ચીનાને ત્યાં જન્મ થતાં હું ચીનો છું, એવો દ્રઢ અધ્યાસ બંધાઈ જાય છે. વળી ઉત્તમકુળમાં જન્મ થાય, તો મનમાં અહંકારથી વિચારે કે સર્વ મનુષ્યોમાં હું શ્રેષ્ઠ છું; એવી રીતે આત્મા અહો ! બહિરાત્મભાવથી પોતાને જ્યાં જન્મ્યો, ત્યાં તેવો માની લેછે. અહો ! સદાકાળ અજ્ઞાનમૂળ અહંવૃત્તિની જાગૃતિમાં, આત્મા પોતાની જાગ્રદવસ્થા સ્વીકારે છે; અહો ! આવી રીતે આત્મા જ્યારે બાહ્યભાવમાં પોતાને કલ્પી લેછે, તો તે પરમાત્મસ્વરૂપ શીરીતે પ્રાપ્ત કરી શકે ? જેમ કોઈ મનુષ્ય પોતાને રાજા છતાં, ભીક્ષુક કલ્પી લે, તો તેની કેટલી અજ્ઞાનાવસ્થા ! તેમ આ આત્મા બહિરાત્મભાવમાં, પોતાને કલ્પી, મહાદુઃખપાત્ર બન્યો છે. જેમ

કોઇ મનુષ્યે મદિરાપાન કર્યું હોય, અને પોતાને પછી કહે કે હું તો સ્ત્રી છું, વા કહે કે હું તો વાઘ છું, વા કહે કે હું તો બાદશાહ છું; જેમ તે દારૂપાન કરનારની કલ્પનાઓ જુઠી છે; તેમ નિશ્ચયનયથી જોતાં આત્મા બ્રાહ્મણાદિ જાતિરૂપે નથી. નાહક મોહામદિરા પીને પોતાને પરરૂપે કલ્પી દુઃખી થાય છે.

વળી અહંવૃત્તિથી આત્માની કેવી સ્થિતિ થાય છે તે બતાવે છે.

दुहा.

भ्रमण करे भवमां भवि, अहंवृति आवेश ॥
अहंवृत्ति मनमां जगे, फरतो देशोदेश ॥ २७ ॥
आशाथी आधीनता, सुखतो मळे न लेश ॥
अहंवृत्ति संसारता, टळतां शुं अवशेष ॥ २८ ॥

ભાવાર્થ—અજ્ઞાનીજીવ અહંવૃત્તિના આવેશથી ચોરાશીલાખ જીવયોનિરૂપ સંસારમાં અનંતશઃ પરિભ્રમણ કરે છે; દેવતા, મનુષ્ય, તિર્યંચ, અને નારકીમાં પણ આ જીવ જન્મ્યો, અને ત્યાં અહંમમત્વરૂપ અહંવૃત્તિના વિચારમાં પડી, પુનઃ પુનઃ કર્મ ઉપાર્જન કર્યા. અને કર્મ ઉપાર્જન કરી, મહા દુઃખ પામ્યો. મનમાં અહંવૃત્તિની જાગ્રતિ થએ છતે, આત્મા ધનાદિક અર્થે દેશોદેશ પમિભ્રમણ કરે છે. દેશને પોતાના કલ્પી લે છે. અને તે બાહ્યદેશમાં પોતાને કલ્પી

ત્યાં સુખની આશાએ પ્રયત્ન કરતો છતો, પણ જરા માત્ર સુખ પામી શકતો નથી. ક્ષણીકસુખની લાલચે, અનંતસુખાશ્રય આત્મસ્વરૂપને ભૂલી ગયો. જરા માત્ર પણ આજીવે આત્મસુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો નહીં, આત્મસુખ માટે સદ્‌ગુરૂનાં ચરણકમળની ઉપાસના કરી નહીં. આત્મ સ્વરૂપજ્ઞાનાર્થે, ગીતાર્થગુરૂઓનાં વચન શ્રવણ કર્યાં નહીં. સામાન્ય વિશેષાત્મકપદાર્થસ્વરૂપ સમજી શક્યો નહીં. આત્મારૂપ દેશનું જ્ઞાન લીધું નહીં, અને બાહ્યદેશમાં સુખ માની લીધું. ઇત્યાદિ સર્વ અહંવૃત્તિનો પ્રભાવ જગતમાં દ્રષ્ટિગોચર થાય છે. વળી અહંવૃત્તિથી આશા ઉત્પન્ન થાય છે. આ જગતમાં અનેક પ્રકારની આશાઓને મનુષ્યો ધારણ કરી રહ્યા છે, કરે છે અને કરશે. સ્ત્રી, ધન, પુત્ર, સુખની આશાએ અનેક પ્રકારના ઉદ્યમો કરાય છે. આશારૂપ પિશાચિનિના યોગે, અનેક પ્રકારની ગુલામગીરી જીવ કરે છે. ધનની આશાએ મૂર્ખ મૂઢ રાજાની સેવા પંડિતો પણ કરે છે. સ્ત્રીની આશાએ અનેક પ્રકારની આજ્ઞાઓ પુરૂષ ઉઠાવે છે; સંસારનાં સુખ મધુબિંદુ સમાન છે, તેની આશામાં જીવ પોતાનું આયુષ્ય વ્યર્થ ગુમાવે છે; ક્ષણીક સુખની આશામાં, ચંડાલની પણ સેવા ચાકરી કરે છે. તે સંબંધી શ્રી. આનંદઘનજી મહારાજ કહે છે—

पद.

आशा ओरनकी क्या कीजे, ज्ञान सुधारस पीजे ॥ आशा०
भटकत द्वार द्वार लोकनके, कुकर आशा धारी ॥
आतम अनुभव रसके रसीया, उतरे न कबहुं खुमारी ॥आशा०
आशा दासीके जे जाया, ते जन जगके दासा ॥
आशा दासी करे जे नायक, लायक अनुभव प्यासा ॥आशा०
मनसा प्याला प्रेम मशाला, ब्रह्मअग्नि परजाली ॥
तनभाठी अवटाइ पीए कस, जागे अनुभव लाली ॥आशा०
अगम पियाला पीयो मतवाला, चिन्ही अध्यातम वासा ॥
आनंदघन चेतन व्है खेले, देखे लोक तमासा ॥ आशा०

બહિરાત્મભાવથી અજ્ઞાની જીવો આશારૂપ ઝેરના પ્યાલા પીવે છે. અને પરભાવરૂપ વિષ્ઠામાં ભૂંડની પેઠે સદાકાળ રાચીમાચીને રહે છે. આશાના બાંધ્યા જીવો પરભાવરૂપ મહા દુઃખસાગરમાં પડે છે. આશાના યોગે જીવો અનેક પ્રકારનાં મહાકુકર્મો કરે છે. કૂતરાની પેઠે આશાના યોગે જીવ ઠેકાણે ઠેકાણે ભમ્યો, પણ કોઇપણ સ્થાને જરા માત્ર સુખ પામ્યો નહીં. વિશેષ શું કહેવું કે આશાની વૃદ્ધિથી વિશેષ દુઃખ અને આશાના નાશથી સુખ થાય છે. પરાધીનપણું આશાના યોગથીજ જીવોને હોય છે.

આશારૂપ દાસીના પુત્રો જગત્માં દાસજ જાણવા. આશાથી લેશ માત્ર પણ સુખ મળતું નથી. આશાનો નાશ થતાં, કશું અવશેષ રહેતું નથી. અહો! આ જીવ આશાના યોગે અનેક પ્રકારના વિકલ્પ સંકલ્પો કરે છે; તેમજ અનેક પ્રકારના પ્રયત્નો કરે છે, પણ તેથી કંઇ સુખ થતું નથી. શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે—

आशा मारी आसन घरघटमें, अजपाजाप जपावे ।
आनंदघन चेतनमय मूरति, नाथ निरंजन पावे ॥

ઇત્યાદિ—અનાદિકાળથી મોહના વશથી આ જીવ પરપુદ્ગલ વસ્તુમાં સુખની આશા રાખે છે, તેનું કારણ અજ્ઞાન છે; જો આત્મજ્ઞાન થાય, તો પરવસ્તુમાં અહંપણું જીવ શા માટે ધારણ કરે? જે પુદ્ગલ વસ્તુઓ એક ક્ષણમાં અન્ય રૂપ ધારણ કરે છે, તેવી જડ વસ્તુઓમાં જીવ પોતાપણું કલ્પે નહીં. જે વસ્તુઓની આશા રાખવામાં આવે છે, તે વસ્તુઓ સર્વ પ્રાપ્ત થાય એવો કાંઇ નિયમ નથી. તેમ તે વસ્તુઓથી સુખ પણ થતું નથી, એમ અનુભવથી જોવામાં આવે છે. આશારૂપ દાસીના પ્રેમથી ફસાએલ આ જીવે અનેક શરીરો ધારણ કરી, અનેક સંકટો વેઠયાં, તો પણ હજી તેને કંઇ સુખ પ્રાપ્ત થયું નહીં. અને થનાર પણ નથી. માટે ભવ્યજીવોએ આશાથી દુર રહેવું. પાણી વલોવતાં કદી માખણ નીકળનાર નથી. તેમ

રેતી પીલતાં, તેલ નીકળતું નથી; તેમ આશાના સંગથી કદી સુખ થતું નથી. જે પ્રાપ્ત થવાનું છે, તે થવાનું છે. તે સંબંધી નાહક વિકલ્પ સંકલ્પરૂપ ચિંતારૂપ દાવાનલમાં પડવાથી દુઃખજ પ્રાપ્ત થાય છે. આકાશમાં જેમ આકાશીય પુષ્પ ઉત્પન્ન થાય નહી, તેમ પરવસ્તુની આશાથી કદી પણ સત્યસુખ થાય નહીં. કેટલાક મનુષ્યો રાજ્યની આશામાં પરભવમાં ચાલ્યા ગયા, કેટલાક ધનની આશામાંજ મૃત્યુ પામ્યા. કેટલાક જીવો આશાથી જરા માત્ર પણ ઉંઘતા નથી. આશારૂપ અગ્નિના સંયોગથી જીવ સદાકાળ તપ્ત રહે છે. આશા સંબંધી કબીર કહે છે કે—

माया मरी और मन मरे, मर मर गए शरीर ॥
आशा तृष्णा ना मरी, लिख गए दास कबीर ॥ १ ॥

કબીરભકત પણ આશાનું આવું માહાત્મ્ય બતાવે છે; આશા હૃદયમાં શક્તિની પેઠે વસ્યા કરે છે. આશામાં અનેક દુઃખ સમાયાં છે. તે ઉપર એક દ્રષ્ટાંત કહે છે. “ એક નગરમાં પિંગલા નામની એક વેશ્યા રહેતી હતી. તે રૂપ અને લાવણ્યથી બહુ શોભતી હતી. એક દીવસ તે સવારના પહોરથી ધનીક પુરૂષોની આશાએ ગોખમાં સુંદર શણગાર સજીને બેઠી, પણ કોઇ તેની પાસે આવે નહીં. સાયંકાળ થવા આવી, પણ કોઇ ગ્રહસ્થ તેને મળ્યો નહીં, પિંગલા વેશ્યાએ વિચાર કર્યો કે કોઇ રાત્રીના વખતમાં

આપણી પાસે આવશે, એમ વિચાર કરતી પરપુરૂષની આશાથી રાત્રીના બાર વાગ્યા સુધી બેઠી, પણ કોઇ પુરૂષ આવ્યો નહીં. પુરૂષ મળવાની આશા તેના હૃદયમાં વારંવાર નદીના પુરની પેઠે ઉભરાતી હતી. પણ રાત્રીના બે વાગ્યા સુધી આશામાં ને આશામાં જરા માત્ર પણ ઉંઘી નહીં. ત્યારે તેણે વિચાર કર્યો કે અહો! મેં આશામાં નિદ્રા પણ લીધી નહીં. ભોજન પણ કર્યું નહીં. ધિક્કાર છે આશાને કે જે મેં આશાથી બંધાઇ મારૂ જીવન વ્યર્થ ગાળ્યું, એમ વિચાર કરતાં તેણીના મનમાં વૈરાગ્ય પ્રગટયો. વેશ્યાનો ધંધો છોડી દીધો, પ્રભુભજન કરવા લાગી, અને અનેક પુરૂષોને વેશ્યાના સંગથી થતી ખુવારી સમજાવવા લાગી, અને પોતે સદાચારમાં તત્પર થઇ; આશાને ઉદ્દેશી કહ્યું કે—**आशा हि परमं दुःखं नैराश्यं परमं सुखं** આશા છે તેજ મોટામાં મોટું દુઃખ છે, અને આશારહીતપણું તેજ મોટું સુખ છે. આપણે આશાનાં બંધનો છોડીએ તો સુખનો અનુભવ મેળવવા ભાગ્યશાળી થઇશું. અનેક પ્રકારની આશાઓના વિચારો સપાસપ મનમાં કર્યા કરો છો, અને તમે સુખની આશા રાખો છો, તે ભસવા અને આટો ફાકવા બરોબર છે. તમારે સુખની ઇચ્છા છે, પણ આશાના વશમાં છો, ત્યાં સુધી તમો તમારૂં કાર્ય સિદ્ધ કરી શકવાના નથી. બહિરાત્મભાવ યોગે આશાથી અહંવૃત્તિ પરવસ્તુમાં

થયા કરે છે. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે—

हुं एनो ए माहरो, ए हुं एणीबुद्धि ॥
चेतन जडता अनुभवे, न विमासे शुद्धि ॥
आतमतत्त्व विचारीए. ॥

હું આનો અને એ મારૂ, એવી બુદ્ધિથી ચેતન જડતા એટલે બહિરાત્મપદ અનુભવે છે. અને તેવી બહિરાત્મ બુદ્ધિથી આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ અનુભવી શકતો નથી. માટે આત્મતત્ત્વની વિચારણા કરવી કે જેથી પરમાં થતી અહંવૃત્તિ ટળે. અહંવૃત્તિથીજ સંસારમાં પરિભ્રમણ થયા કરે છે; આશા ટળે તો કંઈ બાકી રહેતું નથી; અર્થાત્ આશાના નાશથી શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. જેમ વડના બીજથી, મોટું વૃક્ષ બને છે, તેમ એક નાનીસરખી આશાથી પણ મોટું દુઃખવૃક્ષ ઉત્પન્ન થાય છે. આશાનો નાશ કંઈ એકદમ થતો નથી. જ્ઞાની સદ્ગુરૂ મુનિરાજની સેવના, ભેદજ્ઞાનની પ્રાપ્તિ, અને સંસારના ત્યાગથી આશારૂપ અંકુરો નાશ પામે છે. આ આત્માને એ આશાથી ખરેખર દુઃખજ થાય છે, એમ જો નિશ્ચય કર્યો હોત તો સંસારમાં પરિભ્રમણનો સમય રહેત નહીં. આશા એ ક્ષયરોગ સમાન છે. ક્ષયરોગથી એકવાર મરણ થાય છે, અને આશારૂપ ક્ષયરોગથી તો વારંવાર જન્મ મરણ થાય છે. ક્ષયરોગથી તમારા હૃદયમાં જેટલી બીક તેટલી જો આશારૂપ ક્ષયરોગથી બીક હોત, તો પરાધીન અવસ્થા ભોગવવી પડત નહીં. આપણે પોતેજ આશારૂપ

દુઃખવૃક્ષોને અહંવૃત્તિ રૂપ જલથી સિંચી મોટાં કરીએ છીએ તો તેનું ફળ આપણનેજ ભોગવવું પડશે. હે ચેતન ! તારી આવી પરાધીનસ્થિતિ પરની આશાથી થઇ છે. પરપુદ્ગલની આશાથી, હે ચેતન ! તું પુદ્ગલદ્રવ્યના ઘેર વર્ણગંધાદિક વસ્તુની ભિક્ષા માગતો ફરે છે, પણ તેથી હે ચેતન ! તારૂં કંઈ કાર્ય સિદ્ધ થશે નહીં. તારી અનંત જ્ઞાન, દર્શન, ચરિત્રરૂપ રૂદ્ધિ તારીજ પાસે છે. તે પોતાની રૂદ્ધિની શોધ કર, ધ્યાન કર, તારી રૂદ્ધિવિના, હે ચેતન ! તને ખરેખર સત્યસુખ પ્રાપ્ત થશે નહીં. અનંત તીર્થંકરો થયા, તેમણે પણ પુદ્ગલવસ્તુઓરૂપરૂદ્ધિને એંઠ સમાન સમજી, તેનો ત્યાગ કરી, અંતરની રૂદ્ધિ પ્રાપ્ત કરી. હે આત્મા ! તું પણ હવે આવું તારૂં સ્વરૂપ સમજી, બાહ્યવસ્તુઓની આશા કરીશ નહીં. ખરેખર તુંતો જ્ઞાનરૂપ અમૃતનો પીનાર છે, તોતું આશારૂપ વિષના પ્યાલા કેમ પીવે છે? જરા અંતરમાં વિચાર કર. આત્મસ્વરૂપનો અનુભવરૂપ રસ પીવાથી, જે ખુમારી ચઢશે, તે કદી ઉતરશે નહીં. અને તે અનુભવરસ પીવાથી અનંત સુખની ખુમારી અનુભવમાં આવશે. મોટા મોટા રાજા ચક્રવર્તિયો પણ આશાનો ત્યાગ કરી, નિર્જન પ્રદેશમાં ધ્યાનારૂઢ થયા, અને પરમ સુખ પામ્યા. જગત્નાં કાર્યો કરતાં, પણ અંતરમાં નિરાશભાવે વર્તવાથી, કર્મલેપ લાગતો નથી. અન્યજીવોને

ઉપકાર કરીને, પણ સામી અમુક વસ્તુ પ્રાપ્ત કરવાની આશા રાખીશ નહીં. હું અમુકને દાન આપું છું, તેથી તે અમુક મારૂં કાર્ય કરશે, એવી આશા રાખીશ નહીં. જો તેં અમુક આશાથી, અમુક મનુષ્યને ભણાવ્યો, પાછળથી તે મનુષ્ય તારૂં કામ નહી કરે, તો તને પશ્ચાતાપ થશે; અને પછી બીજાઓને ભણાવતાં, દાન દેતાં, પાછો હઠીશ; માટે પરોપકાર વિગેરે જેજે કાર્ય કરવાં, તે નિરાશભાવે કરવાં. નિરાશભાવે કાર્ય કરવાથી, આત્મા પરમસુખ પ્રાપ્ત કરે છે. અધ્યાત્મજ્ઞાન વિના બહિરાત્મભાવનો નાશ થતો નથી. માટે અહંવૃત્તિનું સંસારપરિભ્રમણ ફળ જાણી, સ્વસ્વરૂપનું જ્ઞાન લેવું. વળી અહંવૃત્તિનું માહાત્મ્ય જણાવે છે.

दुहा.

शस्त्र ग्रही रणमां चढे, माने हुं महा योध ॥
अहंवृत्ति प्रगटे यदा, तब वर्ते छे क्रोध ॥ २० ॥

ભાવાર્થ—અજ્ઞાની જીવ અહંવૃત્તિના યોગે, શસ્ત્ર ગ્રહણ કરી, રણમાં ચઢે છે; અનેક પ્રકારનાં યુધ્ધો-લડાઇઓ પરમાં અહંત્વબુદ્ધિયોગે થાય છે. મહાભારતની લડાઇ થઈ, તેમાં પણ અહંવૃત્તિરૂપ મહા ડાકિનીનું જોર હતું. ઇંગ્લીશોએ ટ્રાન્સવાલની લડાઇ કરી, તેમાં અહંવૃત્તિજ કારણીભૂત હતી. જાપાન અને રૂશીયાની લડાઇ થઈ તેમાં પણ

અહંવૃત્તિજ બીજરૂપ છે. રણમાં અજ્ઞાની જીવ પોતાને મહા યોદ્ધા તરીકે માને છે, તે પણ અહંવૃત્તિની ચેષ્ટાજ છે. જેમ કોઇ સ્ત્રીના શરીરમાં વ્યંતરી પેઠી હોય, અને પછી તે સ્ત્રી રૂદન કરે, મારવા ઉઠે, ગાળો દે, અનેક પ્રકારનું જુદું બોલે, ઘડીમાં રૂએ, ઘડીમાં ક્રોધ કરે, ઘડીમાં હસાહસ કરી મૂકે, ઘડીમાં ઉઠાઉઠ કરી મૂકે, તેમ અહંવૃત્તિરૂપ ડાકિની પુરૂષ યા સ્ત્રીના શરીરમાં પ્રવેશ કરી, અનેક પ્રકારની યુદ્ધની ચેષ્ટાઓ કરે છે, અને સહસ્રશઃ જીવોનો ઘાત કરી દે છે, તેમ વળી અહંવૃત્તિના પ્રેર્યા જીવો ક્ષણમાં ક્રોધી બની જાય છે, અને તેથી મહાકર્મ ઉપાર્જન કરે છે. અહંવૃત્તિરૂપ વ્યંતરીથી પ્રેરાયલા જીવોની સંગતમાં આવનારા મનુષ્યોને અહંવૃત્તિ વળગે છે. અહંવૃત્તિરૂપ વ્યંતરી જીવોને ચારગતિરૂપ ખાડામાં નાખી દે છે. મોટા મોટા રૂષિયો અને મહા તપસ્વીઓને પણ અહંવૃત્તિએ સંસારમાં પાડી દીધા. અહંવૃતિવશમાં પડેલા જીવો પોતાનું સ્વરૂપ બીલકુલ સમજી શકતા નથી. અનેક યુદ્ધમાં જય કરી શકાય ભુખ વેઠી શકાય છે, તૃષા વેઠી શકાય, શત્રુઓ ઉપર જય કરી શકાય છે, આકાશમાં પણ ચાલી શકાય છે, પણ અહંવૃત્તિનો નાશ કરી શકાતો નથી. કોઈ વીરલા પુરૂષો અહંવૃત્તિનો નાશ કરી શકે છે. અહંવૃત્તિ અનેક પ્રકારનાં રૂપ ધારણ કરી હૃદયમાં પ્રગટે છે તે યત્ કિંચિત્ બતાવે છે.

दुहा.

विषयेच्छा वृद्धि लहो, अहंवृत्तिना योग ॥
भय चंचलता वैरता, अहंवृत्तिना भोग ॥ ३० ॥
हुं शाणो हुं शोभतो, हुं सहुमां हुशियार ॥
अहंवृत्ति महाडाकिनी, दुःखश्रेणि दातार ॥ ३१ ॥

ભાવાર્થ—સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય, એ પાંચ ઈંદ્રિયોના વિષય ભોગની ઇચ્છાની વૃત્તિ પણ અહંવૃત્તિના યોગે ઉત્પન્ન થાય છે. રાવણે સીતાને અપહરી, તેમાં વિષયની ઇચ્છાજ કારણભૂત હતી. વિષયોમાં સુખ બુદ્ધિ ઉત્પન્ન થઇ ત્યારે રાવણે પાપ કર્મ આદર્યું, અને તેથી તેનું રાજ્ય ગયું, રણમાં મરી ગયો. અહંવૃત્તિએ રાવણના આત્મામાં પોતાની પ્રબલ સત્તા વર્તાવી હતી. દુર્યોધને અહંવૃત્તિના યોગે પાંચ પાંડવોની સાથે લડાઇ કરી હતી. વિષયોમાં અહંવૃત્તિથી આસક્ત થએલા ગર્દભભિલ્લરાજાએ દુર્ગતિ સ્વીકારી. અલ્લાઉદ્દીન ખુનીએ લાખો મનુષ્યોને અહંવૃત્તિના યોગે મારી નાંખ્યા. અનેક પ્રકારનાં દુઃખની દેનારી લડાઇઓમાં પ્રાણાહુતિ અર્પનાર મનુષ્યો પણ અહંવૃત્તિના સેવકો જાણવા. વળી આ આત્મા અહંવૃત્તિના યોગે સાતભયનો ભોક્તા બને છે. પરપુદ્ગલવસ્તુમાં અહંત્વમમત્વભાવ છે, ત્યાં સુધીજ ભય-

દશા રહે છે. પરવસ્તુમાંથી મમત્વભાવ છુટી જતાં, જીવ નિર્ભય થાય છે. અનેક પ્રકારની મનવચન તથા કાયયોગથી થતી ચંચળતા પણ અહંવૃત્તિના યોગે છે. આત્મા મોક્ષ પામ્યો નહીં, તેનું કારણ અહંવૃત્તિ છે. આત્મા વારંવાર કર્મ ગ્રહણ કરી અનેક પ્રકારનાં શરીર ગ્રહણ કરે છે, અને છોડે છે, તે પણ અહંવૃત્તિનોજ પ્રભાવ છે. સંબંધમાં આવતા અનેક જીવોની સાથે કલેશ કરે છે, અને અનેક જીવોનો નાશ કરે છે, તેનું કારણ પણ અહંવૃત્તિજ છે. હું શાણો છું, મારા જેવો કોઇ નથી, મારાવિના કોઇ કાંઇ કરી શકનાર નથી, મારી શક્તિના જેવી કોઇની શક્તિ નથી, સર્વ સંસારી વ્યાપાર વિગેરે પ્રપંચોમાં મારા જેવો બીજો કોઇ હુંશીયાર નથી, ઇત્યાદિ મનમાં વિચારવું. તે સર્વ અહંવૃત્તિની ચેષ્ટા છે. અહો! આશ્ચર્યની વાત છે કે અહંવૃત્તિથીજ આવા પ્રકારનાં વિચિત્ર દુઃખ થાય છે, તો પણ મોહરૂપ મદિરાનું પાન કરનાર મૂઢ જીવો જરામાત્ર પણ ચેતી શકતા નથી. અહંવૃત્તિરૂપ મહાડાકિની દુઃખ શ્રેણી અર્પનાર છે, એમ ભવ્ય જીવો જાણો; અને તે ડાકિનીનો સંગ નિવારો. આત્મજ્ઞાનરૂપ મંત્રથી અહંવૃત્તિ ડાકિની દૂર-નાશી જશે. માટે આત્મજ્ઞાનરૂપ મંત્રના અર્પનાર સદ્ગુરૂ મુ-નિરાજની ઉપાસના કરો. સદ્ગુરૂની આજ્ઞામાં રહો. પામર-જીવ સદ્ગુરૂના ઉપદેશ વિના ધર્મતત્ત્વ સમજી શકતો

નથી. અહંવૃત્તિના નાશ માટે સદ્ગુરૂ મહારાજ સારા ઉપાયો બતાવશે. પરમ વૈરાગ્ય અને જ્ઞાનવિના અહંવૃત્તિનો નાશ થતો નથી. આત્મજ્ઞાનરૂપ સૂર્ય હૃદયાકાશમાં પ્રગટતાં અહંવૃત્તિરૂપ અંધકાર નાશ પામે છે; મોટા મોટા કુહાડાઓ લોઢાને કાપી શકતી નથી; પણ છીણીયું લોઢાને કાપી નાખે છે. તેમ જગત્‌ની વિદ્યાઓ અહંવૃત્તિનો નાશ કરી શકતી નથી, પણ આત્મજ્ઞાન અહંવૃત્તિનો ત્વરિત નાશ કરે છે. અહંવૃત્તિનો નાશ ભેદજ્ઞાન અને ચારિત્ર વિના થતો નથી. મોક્ષસાધ્યસાધક ભવ્ય પુરૂષો અંતરૂથી આત્મસ્વરૂપનું સ્મરણ કરી, અહંવૃત્તિનો નાશ કરે છે. સર્વ સાંસારિક પદાર્થોનો ત્યાગ કરી, પંચમહાવ્રત અંગીકાર કરી, મુનિ થઇને પણ અહંવૃત્તિનો નાશ કરી, આત્મીકસુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો, એજ ઉત્તમોત્તમ કર્તવ્ય છે. અહંવૃત્તિ જોકે મહા જોરવાળી છે, તો પણ જ્ઞાન અને ધ્યાનથી તેનો નાશ થઇ શકે છે. અહંવૃત્તિથી થતા અભિમાનથી સંસારમાં જીવો હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, વિશ્વાસઘાત, વિગેરે પાપકૃત્યો અહર્નિશ કર્યા કરે છે. અહંવૃત્તિના યોગે આત્મા પોતાના સ્વરૂપનું ધ્યાન મૂકી, અન્યવસ્તુનું ધ્યાન કરે છે, તેથી પોતે પરવસ્તુનો ધ્યાતા કહેવાય છે. અનેક પ્રકારના દોષોની ઉત્પત્તિ અહંવૃત્તિના યોગે ઉદ્ભવે છે; આત્માના અનંતગુણોનું આવરણ અહંવૃત્તિના યોગે થયું છે, થાય છે અને થશે.

અહંવૃત્તિના યોગે આપણે અન્ય પુદ્ગલવસ્તુઓને રૂદ્ધિ તરીકે માની તેમાં રમણતા કરીએ છીએ. અહો ! અહંવૃત્તિ તારૂ પ્રબળ સામ્રાજ્ય છે. હવે કૃપા કરી તું મારાથી જરા દૂરથા; દૂરથા. વળી અહંવૃત્તિનું સ્વરૂપ વર્ણવે છે.

दुहा.

जे अज्ञानी जीव छे, पशुसम वर्ते जोय ॥
अहंवृत्ति तेमां घणी, कथ्युं विचारी जोय ॥ ३२ ॥
अज्ञानीने अंध दो, देखे नहि तलभार ॥
रणना रोझसमान ते, पामे नहि भवपार ॥ ३३ ॥
अज्ञानी अज्ञानमां, गाळे सघळो काळ ॥
वृद्धपणुंने श्वेत केश, पण वर्तेछे बाळ ॥ ३४ ॥

ભાવાર્થ—જે પુરૂષો સમ્યગ્ અનેકાન્તધર્મતત્ત્વથી અજાણ છે, તે આ સ્થળે અજ્ઞાની જાણવા. ધર્મથી અજાણ પુરૂષો પશુ સદૃશ સંસારમાં પ્રતિભાસે છે. અજ્ઞાની જીવો સ્વપરજ્ઞાનના અભાવે સંસારમાંજ સાર માની, રાત્રી અને દીવસ ધાંચીની ઘાણીના બળદની પેઠે યત્ન કર્યા કરે છે. અને અજ્ઞાનીજીવો સાંસારીક સુખની લાલસાએ અનેક પ્રકારનાં પાપો સેવવામાં, જરામાત્ર પણ અચકાતા નથી. મનુષ્યઅવતાર શાથી પ્રાપ્ત થયો ! હું કોણ છું ? ક્યાંથી આવ્યો ! અને ક્યાં જઇશ ? મારૂ સંસારમાં શું છે ! આવી

સાથે પરભવમાં કોણ આવશે? પુણ્ય શું! અને પાપ શું! ઇત્યાદિ વિચારશુન્ય અજ્ઞાની જીવોનું હૃદય હોય છે. સંસારમાં શું આદેય છે.! કઇ વસ્તુ ત્યાગ કરવા યોગ્ય છે.! શું જાણવા યોગ્ય છે.! ઇત્યાદિ વિવેકના અભાવે, અજ્ઞાનીજીવને શાસ્ત્રકાર પશુ સમાન કહે છે, તે અસત્ય નથી. પશુ જેમ ખાવું, પીવું, ઉંઘવું, અને વિષયસુખ ભોગવવાં, એટલુંજ સમજી શકે છે, તેમ અજ્ઞાની મનુષ્ય ખાવું, પીવું, સ્ત્રી ધન પુત્રનું પાલન કરવું, અને વિષયસુખ ભોગવવાં, એટલુંજ સમજી શકે છે. અજ્ઞાનીજીવમાં અહંવૃત્તિ ઘણી હોય છે. બી. એ. વા, એમ. એ. પર્યંત અભ્યાસ કરો, સી. આઇ. ઇ. અક્ષરોની પદવીઓ મેળવો, પણ તેથી તમારૂ હિત તેટલામાં સમાયું નથી. જ્યાંસુધી ષડ્દ્રવ્ય, સાતનય, સિદ્ધાંતાદિકનું જ્ઞાન યોગ્યતા પૂર્વક મેળવી ભેદ જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી, ત્યાં સુધી તમો આત્મસન્મુખ થયા નથી. અને આત્મસન્મુખ થયા વિના, તમારૂ જાણવું અવિદ્યા વા અજ્ઞાનરૂપ છે. અને એવા અજ્ઞાનથી દુઃખકારક ભવાંત થતો નથી.અજ્ઞાની પુરૂષજડ સરખો અંતર્દ્રષ્ટિથી જોતાં જણાય છે. અજ્ઞાની અને અંધ બે સરખા છે. અંધપુષરૂના કરતાં પણ અજ્ઞાની તો ખરાબ છે; કારણ કે, અંધપુરૂષ તો સદ્ગુરૂ ઉપદેશ શ્રવણ કરી, અંતર્દ્રષ્ટિને ખીલવે છે; રણનારોઝ સમાન અજ્ઞાની છે. અજ્ઞાની મિથ્યાત્વાદિકમાં લેપાએલો

હોવાથી શાશ્વતમુક્તિ પામી શકતો નથી. અનંતકાળ આ જીવે નિગોદમાં ગાળ્યો, ત્યાં પણ અજ્ઞાન હતું, અવ્યવહાર રાશિ નિગોદમાંથી નીકળી. વ્યવહારરાશિમાં આવ્યો. પાંચ સ્થાવરમાં ઘણાકાળ સુધી પરિભ્રમણ કર્યું. ત્યાંથી બેઇંદ્રિયમાં આવ્યો; ત્યાંથી તેરેંદ્રિય અને ત્યાંથી ચતુરિન્દ્રિયમાં આવ્યો; ત્યાંથી પંચેંદ્રિયમાં આવ્યો; પંચેંદ્રિયના પણ દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચારભેદ છે. એ ચારના પણ પ્રત્યેકના ઘણા ભેદ છે, એમ ઇત્યાદિ અવતારો ગ્રહણ કર્યા. પણ અજ્ઞાનના વશથી આત્મા પોતાનું સ્વરૂપ સમજી શક્યો નહીં શ્રીવીતરાગ વચનની શ્રદ્ધા કરી નહીં. કુદેવ કુગુરૂ, કુધર્મને ધર્મ માની, તેમાં વિશ્વાસ રાખ્યો. ઇત્યાદિ સર્વ અજ્ઞાનનાંજ પરિણામ જાણવાં અજ્ઞાનના પણ ત્રણ ભેદ છે. મતિઅજ્ઞાન, બીજું શ્રુતઅજ્ઞાન, અને ત્રીજું વિભંગજ્ઞાન તેમાં પ્રથમના બેભેદો હાલમાં આ પંચમઆરામાં વિશેષતઃ જોવામાં આવે છે. અજ્ઞાનથી જીવને અજીવ માનવામાં આવે છે, તેમજ અજ્ઞાનથી પુણ્યને પાપ માનવામાં આવે છે, અને પાપનાં કાર્યને પુણ્ય માનવામાં આવે છે. અજ્ઞાનથી આશ્રવને સંવર માનવામાં આવે છે, અને સંવરને આશ્રવ માનવામાં આવે છે, તેમજ અજ્ઞાનથી બંધને મુક્તિ માનવામાં આવે છે, અને મુક્તિને બંધમાનવામાં આવે છે. અજ્ઞાનથી પુદ્‌ગલદ્રવ્યને જીવરૂપે માનવામાં આવે છે; અને

જીવને જડ માનમાં આવે છે. અજ્ઞાનથી રૂપીવસ્તુને અરૂપી માનવામાં આવે છે, અને અરૂપીને રૂપી માનવામાં આવે છે. અજ્ઞાન એજ મિથ્યાત્વનું મૂળ છે. અજ્ઞાનીજીવથી આત્મહિત થઇ શકતું નથી. મહાપ્રોફેસરની પદવી મેળવો; અનેકપ્રકારની ભાષાના વિદ્વાન્ ગણાઓ, પણ જ્યાં સુધી સ્યાદ્વાદ રૂપે આત્માને ઓળખ્યો નથી, ત્યાં સુધી અજ્ઞાની છો. અજ્ઞાનીની ક્રિયા સંસારની વૃદ્ધિ કરે છે વિષમાં વિષ; દુઃખમાં દુઃખ અજ્ઞાન છે.માટે અજ્ઞાનનો નાશ કરવા સદ્ ગુરૂમુનિરાજની ઉપાસના કરવી. અજ્ઞાનથી સત્યાસત્યનું ભાન થતું નથી. અજ્ઞાની પુરૂષ લોકવ્યવહારની નીતિનેજ ધર્મ કહે છે, વા દુનીયામાં શુદ્ધાચાર રાખવો, એટલોજ ધર્મ સ્વીકારે છે. પણ તે તેનું અજ્ઞાનજ છે, અજ્ઞાની પુરૂષ સર્વ ધર્મને એક ધર્મ-માની બેસે છે. જેમ કોઇ બાળક, બકરી, ગાય, ભેંસ, ઉંટ, થુવર, આકાડાના દૂધને એક સરખું દૂધ માની લે છે, તેમ અજ્ઞાની જીવ સર્વ ધર્મને એક સરખા માની લે છે; પણ તેનાથી સત્યાસત્યનો નિર્ણય કરી શકાતો નથી. દુનીયાની વસ્તુઓનું જ્ઞાન સારી રીતે મેળવ્યું, પણ આત્માનું જ્ઞાન સાતનય, સપ્તભંગી, નિક્ષેપા, પ્રમાણ, અનુભવાદીથી મેળવ્યું નથી, ત્યાં સુધી તમારૂ કાર્ય સિદ્ધ થવાનું નથી. અને સમકિત રત્ન પ્રાપ્ત કરી શકવાના નથી. ઉમર વધવાથી કાંઇ મહત્વ પ્રાપ્ત થતું નથી. કહ્યું છે કે—

दुहा.

उमर वधीतो क्या हुवा, गद्धां घरडां थाय ॥
खरावपोरे भूंकतां, मूरख तेवो न्याय ॥ १ ॥

વૃદ્ધપણું તથા ધોળા વાળ આવવાથી, મહત્વપણું પ્રાપ્ત થતું નથી; એવા વૃદ્ધો પણ અજ્ઞાન યોગે બાળ જાણવા. અને બાળ હોય તોપણ અઇમુત્તામુંનિની પેઠે જ્ઞાનવૃદ્ધ જાણવા. અજ્ઞાની જીવ સંસારની મોહમાયારૂપ ઘોર નિદ્રામાં સૂઇ રહ્યા હોવાથી હિતાહિત જાણી શકતા નથી. જ્ઞાની શ્વાસોશ્વાસમાં કર્મનો ક્ષય કરે છે, ત્યારે અજ્ઞાની પૂર્વ ક્રોડ વર્ષ પર્યંત ચારિત્ર પાળે, તો પણ કર્મક્ષય કરી શકતો નથી. જ્ઞાનીને આશ્રવના હેતુઓ પણ સંવરરૂપે પરિણમે છે, અને સંવરના હેતુઓ અજ્ઞાનીને આશ્રવરૂપે પરિણમે છે. અજ્ઞાની અને ભૂંડનું જીવન સરખું છે. કોઇપણ પ્રકારની ભાષા ભણ્યા વા વાંચતાં લખતાં આવડ્યું, એટલે જ્ઞાની બની ગયા, એમ સમજવું નહી. શ્રી વીતરાગનાં વચન અનેકાન્ત રૂપે સમજી, શ્રદ્ધા કરવાથી, જ્ઞાની થઇ શકાય છે અજ્ઞાની બાહ્ય વસ્તુમાં સદાકાળ લોભાઈ દ્વેષ, ક્રોધ, માન માયા, લોભાદિકનું સેવન કરી, અહંવૃત્તિની પ્રતિદિન પુષ્ટિ કર્યા કરે છે. અહંવૃત્તિના યોગે જ્ઞાનાવરણીઆદિક આઠ કર્મની વર્ગણાઓનું ગ્રહણ કરે છે, અને તેથી પોતે સંસારમાં

બંધાય છે-વળી અહંવૃત્તિનું સ્વરૂપ બતાવે છે.

दुहा.

अहंवृत्तिना योगथी, उत्शृंखलता वृद्धि ॥
अस्थिर अन्तर वृत्तियो, दुःखावहा समृद्धि ॥ ३५ ॥
सत्य असत्यपणे ग्रहे, जडमां आतमबुद्धि ॥
धर्मद्रष्टि नहि आत्ममां, करेशुं निजजपद शुद्धि ॥३६॥

ભાવાર્થ—અજ્ઞાનજન્ય અહંવૃત્તિથી, ઉત્શૃંખલતાની વૃદ્ધિ થાય છે. તેથી આત્મા મનમાં આવે, તેવું માને છે. અને મનમાં આવે તેવું બકે છે. જેમ કોઇ મનુષ્ય ગ્રહણ-ગાંડો થયો હોય, તેવી તેની ચેષ્ટાઓ બહિરાત્મ યોગે થાય છે. અને તેથી અહંવૃદ્ધિધારકમનુષ્યની અંતરવૃત્તિયો અ-સ્થિરપણે વર્તે છે. જેમ જાતે મર્કટ, વળી તે શરીરે પુષ્ટ હોય, અને તેને મદિરાનું પાન કરાવ્યું હોય, અને વળી તેવા પ્રસંગે તેને વૃશ્ચિક કરડે, તો કુદંકુદા કરવામાં બાકી મૂકે નહીં, દોડંદોડા કરીમૂકે, જરા માત્ર પણ સ્થિર રહે નહીં. તેમ અજ્ઞાનીજીવ પણ મૂળતો આત્મસ્વરૂપથી અ-જાણ અને વળી તેમાં મોહમદિરાનું પાન કર્યું, અને વળી તેને અવિવેકરૂપી વૃશ્ચિક કરડયો, એટલે તેની અંતરવૃત્તિયો અસ્થિર વર્તેજ. અને મુક્તિરૂપ સ્થાને ઠરીને બેસે નહીં, તે સત્યજ જાણવું. અજ્ઞાની જીવને બાહ્યસમૃદ્ધિ પણ દુઃખપ્રદા

થાય છે. અજ્ઞાનીજીવ જાણે ગાંડોજ થઇ ગયો હોયની, તેમ સંસારમાં ચેષ્ટા કરે છે. જેમ કૂતરૂં આરસામાં પોતાનું રૂપ દેખી, સામું બીજા કૂતરાની વિદ્યમાનતા દેખી, ખૂબ ભસ્યા કરે છે, અને અન્ય કૂતરાના અધ્યાસથી પ્રતિબિંબને મારવા દોડે છે; તેમ અજ્ઞાનીજીવ મનમાં, વાણીમાં, તથા કાયામાં આત્મત્વબુદ્ધિ ધારણ કરી, તેમાં અહંત્વનો દ્રઢાધ્યાસ ધારણ કરી મુંઝાય છે. કોઈ અજ્ઞાની છીપોનો મોટો ઢગલો દૂરથી દેખી, તેમાં રૂપાની બુદ્ધિ ધારણ કરી, તેનું ગ્રહણ કરે, અને તેને વેચવા જાય, અને ઝવેરીઓની આગળ કહે કે "આ રૂપું છે" પણ ઝવેરીઓ પાસેથી તેને કંઈ મળે નહીં; ઉલટો પોતાની ભૂલથી પશ્ચાતાપ પામે, તેમ અજ્ઞાની જીવ અહંવૃત્તિ યોગે સાંસારીક જડપદાર્થોને પોતાના કલ્પી, રાચી માચી રહે, પણ અંતે પરભવ જતાં, શરીરથી આત્મા છૂટતાં, માલૂમ પડે કે, અહો! હું જન્મ ધારણ કરી, નાહક મોહમાયામાં મુંઝાયો, અને મારૂ સત્યસ્વરૂપ ઓળખ્યું નહીં. અરે હવે મારી શી ગતિ થશે? અરે ફરી મનુષ્ય-જન્મ પામું તો ભૂલ કરૂં નહીં, એમ ઘણો પશ્ચાતાપ કરે. પણ પુનઃ મનુષ્ય અવતાર દુર્લભ છે. તેમ અત્ર પણ અજ્ઞાનીજીવ ભ્રાંતિથી સાંસારીક કાર્યોમાં પુત્ર, ધન, સ્ત્રી, વગેરેમાં, પોતાનું આયુષ્ય ગાળે અને તેમાંજ સાર માને, તે ધોળા દિવસે મોહ શત્રુઓથી મનુષ્ય ગતિરૂપ બજારમાં લૂંટાય છે; લક્ષાધિપતિ હોય,

રાજા હોય, પણ આત્મજ્ઞાનના અભાવે, બાહ્ય પદાર્થોમાં અહંવૃત્તિથી, રાચી માચી રહેવાથી, દુઃખપાત્ર અંતે બને છે; આ ભવમાં જે કર્મ કર્યા હોય છે, તે અવશ્ય પરભવમાં ભોગવવાં પડે છે તેમાં કોઇનો છૂટકબારો થતો નથી. જેમ ઘૂકમાં સૂર્યને દેખવાનો સ્વભાવ નથી તેમ, અજ્ઞાની જીવ સત્ય તત્ત્વને દેખી શકતો નથી. ઉલટું સત્ય વસ્તુને અજ્ઞાની અસત્ય જાણે છે. ઠાણાંગ સૂત્રમાં મિથ્યાત્વનું સ્વરૂપ સારી રીતે બતાવ્યું છે. તેવું મિથ્યાત્વ પણ અજ્ઞાન મૂલક ભવ્ય જીવોએ જાણવું. પાંચ ભૂતના બનેલા શરીરમાં આત્મબુદ્ધિ ધારણ કરે છે, અને તેથી નાસ્તિક લોકો આત્મા શરીરથી ભિન્ન છે, એમ માનતા નથી અથવા કેટલાક જીવો આત્મા અને મન એક સમજે છે; વળી કેટલાક આત્મા અને મનનો ધર્મ ભિન્ન સમજતા નથી; વળી કેટલાક આત્માને ઉત્પન્ન થયેલો માને છે; વળી કેટલાક આત્માને પુણ્ય પાપ લાગતું નથી, એમ માને છે; એમ અનેક કુતર્કોના કરનારાઓ અજ્ઞાની જાણવા; અજ્ઞાની જીવ જડમાં આત્મબુદ્ધિ ધારણ કરે છે, તેમજ વળી જડમાં ધર્મ માને છે. જડમાં ત્રિકાલમાં પણ આત્મધર્મ નથી. જેમ અગ્નિનો સ્વભાવ ઉષ્ણ છે; જલનો સ્વભાવ શીત છે; તેમ જડનો જડત્વ ધર્મ છે; અને આત્માનો જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ધર્મ છે, તેમ અજ્ઞાની સમજી શકતો નથી. અ-

જ્ઞાનીની આત્મામાં ધર્મ બુદ્ધિ નથી. પણ તેની તો જડમાં ધર્મબુદ્ધિ વર્તે છે. તેથી અજ્ઞાની જીવ પોતાના આત્માની શુદ્ધિ કરી શકતો નથી. આત્માનું સ્વરૂપ જાણે નહીં, અને મનમાં આવે તેમ વર્તે તેથી આત્મહિત થઈ શકતું નથી. ઉપયોગે ધર્મ અને ક્રિયાએ કર્મ, અને પરિણામે બંધ છે, એનું સ્વરૂપ અજ્ઞાની સમજી શકતો નથી. અજ્ઞાની જીવ પોતાની ભૂલ સમજી શકતો નથી. અહો ! હે ચેતન ! જો તને શિવપુર પ્રાપ્ત કરવાનો ભાવ છે, તો આત્મ સન્મુખ પ્રયત્ન કર. હે જીવ ! બાહ્યપ્રયત્નો રાગદ્વેષથી તેં અનંતિવાર કર્યા, પણ તેથી તારૂં કાર્ય સિદ્ધ થયું નહીં. હે જીવ ! વારંવાર આર્ય દેશ, મનુષ્ય જન્મ, દેવ ગુરૂ સામગ્રી પામીને, પણ હજી સુધી તું શ્રી વીરપ્રભુનાં પરમ શિવ સુખકારક વચનામૃતોનું પાન કરતો નથી. હે જીવ ! હજી સમય ગયો નથી. ચેતેતો હજી તારા હાથમાં બાજી છે. આયુષ્ય અવધિ સમાપ્ત થતાં, તારૂં ડહાપણ ધૂળમાં ભળશે. સમજીને પણ કેમ પ્રમાદી થાય છે. એક દિવસ આ દેખાતું શરીર ધૂળમાં ભળી જશે. ધુમાડાના બાચકા સરખી મોહ માયાથી તારૂં હિત થનાર નથી. હે જીવ ! તું અહંવૃત્તિના યોગે જ્યાં ત્યાં કુલણજીની પેઠે ફુલી જાય છે. અને દુનીયાદારીના ગપાટા સપાટામાં તારૂ જીવન નકામું ગાળે છે, અને જાણે હું અમર છું; એમ

સમજે છે. પણ યાદ કર કે દુનીયાદારીની ક્ષણીક બાજી કોઇને છાજી નથી, અને છાજશે પણ નહીં. હે આત્મા ! તું દુકાનમાં બેસી, અનેક જીવોને જૂઠું સમજાવી, જૂઠું આપી, હર્ષ ધારણ કરે. પણ તેથી કર્મ રાજા તારૂં આવું સ્વરૂપ દેખી, હર્ષ ધારણ કરે છે કે, એ જીવ મારા તાબામાં રહેવાનો છે. અરે જીવ ! તું ધનપતિ, વા સત્તાધારી થઇ, અનેક જીવોની હિંસા કરી, શું ખુશી થાય છે ? તારી મોજ મઝા અને આનંદ પરભવમાં જોતાં જોતાં ઉડી જશે, અને ત્યાં મહા દુઃખી થઇશ. હે જીવ ! તું ધર્મી પુરૂષોને ઢોંગી ગણેછે, પણ તારી દુર્મતિનું ફળ પરભવમાં મહા દુઃખ વેઠી ચાખીશ. અરે જીવ ! તું બીજા જીવોની ઠઠ્ઠા મશ્કરી કરે છે, પણ સમજતો નથી કે તારી મશ્કરી કર્મ રાજા તેજ વખતે કરે છે, અરે જીવ ! તું મસ્તાનો થઇને મ્હાલે છે, પણ યાદ રાખ કે તારા જેવા નવાણું લાખ દુનીયામાં જન્મી જન્મીને ચાલ્યા ગયા, તો તારો શો ભાર છે ? અરે જીવ ! તું અજ્ઞાનના યોગે મનમાં અનેક પાપ કાર્ય કરવાના ઘાટો ઘડયા કરે છે, પણ યાદ કર કે ઘડી પશ્ચાત્ શું થશે. ? તેની તને સમજણ નથી. અરે જીવ ! તું મિત્રોની સોબતમાં અનેક પ્રકારની કુચેષ્ટાઓ કરે છે, તેનું ફળ તને મળ્યા વિના રહેનાર નથી. અરે જીવ ! તું મોટાઇની આશાએ ફક્ત

તારી ચતુરાઈ બીજાઓને દેખાડે છે, પણ યાદ રાખ કે પરભવમાં તારી ચતુરાઈ જરા માત્ર રહેવાની નથી. અરે જીવ તું! અવિદ્યાના તોરમાં અનેક કુતર્કો કરી, ધર્મ શાસ્ત્રને જૂઠાં પાડે છે. પણ તેનું ફળ નરકાદિક તને મળ્યા વિના રહેનાર નથી. અરે જીવ! તું અનેક પ્રકારનાં પાપ કર્મ કરીને તેમને અહીં છાના રાખ પણ પરભવમાં તેનાં ફળ ભોગવતી વખત જરા માત્ર પણ પાપ છાનું રહેનાર નથી. અરે લોભી જીવ! તું લોભથી અનેક પ્રકારનાં અસત્ય વચન બોલ, પણ તેથી પરભવમાં જીભ પ્રાપ્ત કરવી પણ મુશ્કેલ થશે. મનમાં આવે તેમ ચાલ, ગમે તેમ કર, પણ પરભવમાં માલુમ પડશે. અરે જીવ! માયાનાં વિષ વૃક્ષો તું વાવે છે, તો તેનાં નઠારાં ફળ તું ભોગવીશ. અરે જીવ! તું જ્ઞાની મુનિરાજોની ફાવે તેમ નિંદા કર, પણ તેથી પરભવમાં મૂઢ બન્યા વિના રહેનાર નથી. અરે જીવ! તું પોતાને ઓળખ; અવિદ્યામાં અનંત કાળ ગયો, પણ તેથી તને પરમ શાંતિ મળી નહીં. અરે જીવ! તું પોતે પોતાને ઓળખતો નથી, એ તારી કેટલી મોટી ભૂલ છે; અહંવૃત્તિના યોગે તું ભૂતની પેઠે ચેષ્ટા કરે છે. અહંવૃત્તિના યોગે તું પર સ્વભાવમાં પરિણમી જાય છે. અહંવૃત્તિ બાહ્યનું જીવન છે. અહંવૃત્તિ એ વિભાવદશા છે.

હવે પુનઃ અહંવૃત્તિનું સ્વરૂપ કહે છે.

दुहा.

धर्मपन्थनी भिन्नता, अहंवृत्तिना जोर ॥
अहंवृत्तिमतवादियो, करता शोरबकोर ॥ ३७ ॥
अनेकपन्थ प्रगट्या भुवि, थाशे पन्थ अनेक ॥
अहंवृत्ति अज्ञानथी, वर्ते मिथ्या टेक ॥ ३८ ॥

ભાવાર્થ—જગત્માં ધર્મપન્થની ભિન્નતા દેશોદેશ જોવામાં આવે છે; તેનું કારણ અહંવૃત્તિનું જોર જાણવું. મન, વચન, કાયા અને ધનાદિકમાં અહંવૃત્તિ ધારનાર, તથા માનપૂજા કીર્તિ બહુ માનના લાલચુ જીવો, અહંવૃત્તિથી પરસ્પર ખંડન મંડન કરી, પોતાનો મત સ્થાપન કરવા પ્રયત્ન કર્યા કરે છે. કેટલાક પોતાના મતની પુષ્ટિ માટે, ઉત્સૂત્રભાષણ કરે છે. કેટલાક મતવાદિયો તરવારની ધારથી લાખો મનુષ્યોનાં લોહી પૃથ્વી ઉપર વહેવરાવી, ધર્મોન્નતિ કરવા ધારે છે. કેટલાક મતવાદિયો ધર્મના નામે અનેક પશુ પક્ષીઓને મારી નાખી, પ્રભુને પ્રસન્ન કરવા ઇચ્છે છે, કેટલાક વામ માર્ગિઓ પોતાના પન્થની પુષ્ટિ કરવા, અહંવૃત્તિથી પ્રયત્ન કર્યા કરે છે. કેટલાક ફક્ત વ્યવહારનયને માની, સાંખ્યમતને એકાંતે સ્વીકારી, આત્માને અનાદિકાળથી નિર્લેપ માની, ધર્મક્રિયાથી ઉન્મુખ બની, બીજાઓને શાસ્ત્રાર્થ કરી, પોતાના મતમાં આણવા પ્રયત્ન કર્યા કરે છે. કેટલાક

આત્માને ક્ષણીક માનનારા બુદ્ધો, પોતાના મતની યુક્તિઓ વિસ્તારતા અહર્નિશ પ્રયત્ન કર્યા કરે છે. બુદ્ધ એકાંતરૂજુ સૂત્રનયને માની, અન્ય નયોથી કથાનું સ્વરૂપ માનતો નથી. શબ્દ બ્રહ્મનેજ એકાંતે સ્વીકારનાર, એકાંત શબ્દનય વાદી મીમાંસકો, ઇશ્વરાદિને સર્વજ્ઞ સ્વીકારતા નથી. સર્વજ્ઞ પરમાત્માને તેઓ માનતા નથી. કેટલાક નૈયાયિકો આત્માને એકાંતે આકાશની પેઠે વ્યાપક માની, આત્માના સુખાદિઅનંત ગુણોનો અપલાપ કરે છે. શ્રી વીશમા મુનિસુવ્રતસ્વામીના સ્તવનમાં આનંદ ઘનજી મહારાજ દરેક મતવાદીયોના એકાંતનયથી ઉઠતા શોર બકોરનું વિવેચન કરતાં કહે છે કે—

मुनिसुव्रत जिनराय, एक मुज विनाति निसुणो ।
आतम तत्त्व क्यु जाण्युं जगतगुरु, एह विचार मुज कहीयो ।।
आतमतत्त्व जाण्या विण चेतन, चित्तसमाधि न लहीयो ।
मुनिसुव्रत जिनराय, एक मुज विनति निसुणो ॥ १ ॥
कोइ अबंध आतमतत्त्व माने क्रिया करतो दीसे ।
क्रियातणुं फल कहो कुण भोगवे, इम पूच्छयुं चितरीसे
मुनिसुव्रत. ॥ २ ॥

जड चेतन ए आतम एकज, थावर जंगम सरखो ।
सुख दुःख संकर दूषण आवे, चित्त विचारीजो परखो
मुनिसुव्रत. ॥ ३ ॥

कोइ कहे नित्यज आतमतत्त्व, आतमदर्शन लीनो ।
कृतनाश अकृतागमदूषण नवि देखे मतहीणो. मुनिसुव्रत.॥४॥
सौगतमतरागी कहे वादी, क्षणीक ए आतम जाणो ।
बंध मोक्ष सुखदुःख नवि घटे, एह विचार मन आणो
मुनिसुव्रत.॥ ५ ॥

भूतचतुष्कवर्जित आतमतत्त्व, सत्ता अलगी न घटे ।
अंध शकट जो नजरे न देखे, तो शुं कीजे शकटे. मुनिसुव्रत६
एम अनेकवादि मत विभ्रम, संकट पडीयो न लहे ।
चित्तसमाधि ते माटे पुछुं, तुम विण तत्त्व कोइ न कहे ।
मुनिसुव्रत ॥ ७ ॥

वळतुं जगतगुरु एणी पेरे भाखे, पक्षपात सवि छंडी ।
रागद्वेषमोहपखवर्जित पक्षपात सवि छंडी–मुनिसुव्रत ॥ ८ ॥
आतमध्यान करे जो कोउ, सो फिर इणमे नावे ।
वागजाल बीजुं सहु जाणो, इणतत्त्वे चित्त चावे–मुनिसुव्रत ॥९॥
जेणे विवेक धरी ए पखग्रही, एसो तत्त्वज्ञानी कहीए ।
श्रीमुनिसुव्रत कृपा करो तो, आनन्दघनपद लहीए–मुनिसुव्रत १०

શ્રી આનંદઘનજી એકેક નયથી, એકાંતે ઉઠેલા મ-
તોનું સ્વરૂપ કહી, અંતે કહે છે કે—જે કોઈ સાત નય,
ચાર નિક્ષેપા, સપ્તભંગી પૂર્વક આત્મ સ્વરૂપ સમજી, તથા

કારણ કાર્યભાવ સમજી, દ્રવ્ય, ગુણ પર્યાય સમજી, આત્મ-
ધ્યાન કરે; આત્મામાંજ રમણુતા કરે, આત્માનેજ પરમત-
ત્વ સમજે; પાંચ દ્રવ્યથી ભિન્ન આત્મસ્વરૂપનુંજ સ્મરણ
કરે; ધર્મધ્યાનથી પોતાના આત્માની પુષ્ટિ કરે, બાહ્ય વ-
સ્તુઓમાં વારંવાર ભટકતી ચિત્તવૃત્તિને, આત્મધ્યાનમાં વાળે
રાગ દ્વેષથી પરમાં પરિણમન થતું વારીને, એક શુદ્ધ જ્યો-
તિર્મય આત્મધ્યાનમાં, લય લીનતા કરે. વિભાવ દશામાં
વારંવાર થતું પરિણમન અંતરથી વારી, આત્માના ઉપયોગે
વર્તે. પુદ્ગલનાં કાર્ય તે આત્માનાં નહિ.શાતાવેદનીય અને અશા
તાવેદનીયના વિપાકો ઉદયે આવે, ત્યારે અંતરથી રાગદ્વેષથી
ન્યારો વર્તી વેદે.શાતા અને અશાતા, તેમ કીર્તિ અને અપકીર્તિ,
તેમજ માન અપમાનને વેદે, પણ સાક્ષીભૂત થઈને વર્તે,
તેમાં પરિણમી જાય નહીં. શુભ અને અશુભવિપાકોદયમાં
હર્ષ વિષાદ ધારણ કરે નહીં, સમભાવે વર્તીને ઉદયમાં
આવતાં કર્મને ખેરવે, જેમ કોઇ લેણદાર લેણું લેવા આવે,
ત્યારે અવશ્ય આપવું પડે, તેમ કર્મના વિપાકોદયમાં આવે,
તે ભોગવે, પણ તેથી ખિન્ન થાય નહીં. ઔદયીકભાવ ભો-
ગવતો, પણ તેને રોગ સમાન જાણી, આત્માના ઉપયો-
ગમાં રમણુતા કરવી, તેજ ધર્મનું શ્રદ્ધાન કરે. અને એક
સ્થિર ઉપયોગથી આત્મધ્યાન કરે; તે સંબંધી નીચેનું પદ—

पद.

एणी पेरे ध्यान धरीजे घट अंतर, एणी पेरे ध्यान धरीजेरे हेजी.
मनकर वशमें ने तनकर कबजे, आतमरूप समरीजेरे हेजी ॥
आसन मारी आशा मारी, समताभाव वरीजे—घट ॥ १ ॥
स्थिर उपयोग करी ध्यावो नरमांहिला, चित्त परमां नवी
दीजे—हेजी,
असंख्य प्रदेशी परमातम सो, पोताना पर रीजे—घट ॥ २ ॥
जिन केम दीन थाय, ग्रहुं निजपद तब जगमगज्योति ज-
गावे—हेजी ॥
बुद्धिसागर निर्भयदेशी, समजे सो नर पावे—घट ॥ ३ ॥

ભાવાર્થ—આત્માનું આવી રીતે ધ્યાન કરવું. પ્રથમતો અનેક પ્રકારના વિકલ્પ સંકલ્પ કરનાર મનને વશ કરવું. અંતરમાં સ્થિરતાવાળું મન થાય, તેવી રીતે મન કબજે કરવું. પદ્માસન અને સિદ્ધાસન વિગેરેથી, તનુની સ્થિરતા કરવી. અને પશ્ચાત્ સમભાવ ધારણ કરવો. ચાર ભાવનાઓ ભાવી, અંતરમાં લક્ષ્ય દેવું; અને સ્થિર ઉપયોગથી, અંતરાત્માનું સ્વરૂપ વિચારવું. મન ભટકી ભટકીને બહાર દોડે, તોપણ ખેંચી આણી આત્મ સ્વરૂપમાં જોડવું. અસંખ્ય પ્રદેશી આત્માના ગુણ પર્યાયનું અષ્ટ પક્ષથી ધ્યાન કરવું. એક ધ્યાન સંતતિ

થી સમયે સમયે ઘણી કર્મ વર્ગણાઓ ખેરવી દેતાં આત્મા પોતાના ગુણ પ્રગટાવી, પોતાનેજ આપે. આત્મા પોતાના સ્વરૂપમાં રમણતા કરે, તો તે પોતાના પર રીઝી, પરમાત્મદશા પ્રગટાવે. અહો ! આત્મા જીન છે. આત્મા તે પરમાત્મારૂપ છે. સર્વ કર્મનો જય કરનાર, માટે આત્માને જીન કહેવામાં આવે છે; હવે તે જીન સમાન આત્મા પોતાના સ્વરૂપનો ભોક્તા હોઈ પોતાનું પદ ગ્રહણ કરતાં કેમ દીન એટલે રંક બને! અર્થાત્ વીર્યોલ્લાસ પરિણામની વધતી ધારાએ કદી દીન થાય નહીં. અને સ્વધ્યાનમાં રહી, અનંતજ્ઞાનરૂપ ઝગઝગ કરતી જ્યોતિ જગાવે. અનંતા જીવોએ આવી પૂર્ણજ્યોતિ પ્રગટ કરી અને કરે છે. આવો અસંખ્ય પ્રદેશી આત્મા તે નિર્ભય છે. આત્મપ્રદેશોમાં કંઇ પણ ભય નથી. અભયરૂપ અસંખ્ય પ્રદેશમાં વાસ કરતાં અનંત સુખની ખુમારી પ્રગટે છે. જે ભવ્યો આત્માનુભવથી આવું સ્વરૂપ સમજે છે, તે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરે છે; આત્મધ્યાન જે ભવ્ય કરે છે, તે આ સંસારચક્રમાં જન્મ મરણ ધારણ કરતો નથી. આત્માની અનંતશક્તિની ઉપાસના મૂકી, જે અન્યકાર્યમાં લક્ષ દેવું, તેનું ભાષણ કરવું, તે નિશ્ચય નયની અપેક્ષાએ વાગ્જાલ જાણવું. આત્માર્થી જીવોનું આત્મતત્ત્વમાંજ લક્ષ્ય લાગે છે; અને :તેનીજ ચાહના આત્માર્થીઓને રહે છે; જેણે સત્ય વિવેક ધારણ કરી, આત્મત-

ત્વની ઉપાસના-સેવના-ભક્તિ કરી, તેજ તત્ત્વજ્ઞાની કહેવાય. આનંદઘનજી મહારાજ કહે છે કે— હે મુનિસુવ્રત સ્વામી આપ કૃપા કરો તો પરમાત્મ તત્ત્વ પામીએ, એકાંતનય-વાદનો પરિહાર કરી, અનેકાંતનયવાદ ગ્રહણ કરી, આત્મ સ્વરૂપાલંબન કરવું ! શબ્દબ્રહ્મ અને, પરબ્રહ્મ એ બે બ્રહ્મનું સ્વરૂપ ગુરૂગમથી અવધારવું. અનુભવજ્ઞાનમાં ગુરૂ-ગમ વિના પ્રવેશ થતો નથી. સદ્ગુરૂ મુનિરાજની ઉપાસના કરવી, તેમનો વિનય કરવો. તેમની વૈયાવચ્ચ કરવી. ગુરૂની આજ્ઞા મન વચન અને કાયાએ કરી પાળવી. સદ્ગુરૂ મુનિ રાજને આહારાદિક વહોરાવવાં. ગુરૂ ગામની નજીક આવ્યા હોય, તો વાજતે ગાજતે તેડી લાવવા. ગુરૂરાજ અન્યત્ર વિહાર કરે, ત્યારે પોતાની શક્તિ મુજબ પહોંચાડવા જવું. ગુરૂ ઉભા હોય તો બેસવું નહીં, બેઠા હોય તો શયન કરવું નહીં. ગુરૂ ઉભા થાય તો સર્વ શિષ્યોએ ઉભા થવું. ગુરૂશ્રી વહોરવા આવ્યા હોય, તો સર્વ કાર્ય પડતાં મૂકી સામા જવું. ગુરૂની પાછળ ગુરૂના ગુણ ગાવા; તથા સર્વ લોકોની આગળ ગુરૂની સ્તુતિ કરવી, ગુરૂનું બહુ માન કરવું', કોઇ ગુરૂરાજના અવર્ણવાદ બોલતો હોય, તો તેને અટકાવી, નિ-રૂત્તર કરવો. ગુરૂરાજની નિંદા શ્રવણ કરવી નહીં. ગુરૂને ત્રણ પ્રદક્ષિણા તથા ત્રણ ખમાસમણ દેઇને શાતા પુછવી. પશ્ચાત્ ખમાસમણ દેઇને અભુટ્ઠિઓ અભિંતર ખામવું.

ગુરૂના સન્મુખ હાથ જોડી બેસવું. પગ લાંબા કરી બેસવું નહીં તેમ પગના ઉપર પગ ચઢાવવો નહીં. ગુરૂરાજ આજ્ઞા ફરમાવે તે તે શ્રવણ કરી મનમાં અત્યંત હર્ષ ધારણ કરે અને ભાવના ભાવે કે અહો ! આજ મારાં પૂર્ણ ભાગ્ય કે શ્રી સદ્ગુરૂએ મારી ઉપર કૃપા કરી, આજ્ઞા ફરમાવી તથા ગુરૂ જે વચન કહે તે તહત્તિ કહી સ્વીકારે, તથા કાયા થકી સદ્ગુરૂનાં કથન કરેલાં કાર્ય કરે એમ અનેક પ્રકારે સદ્ગુરૂનો વિનય સાચવી, તેમના મુખથી આત્મતત્ત્વ વિદ્યાનું ગ્રહણ કરે. ગુરૂનો બહુ વિનય કરે નહીં, તો તત્વ પ્રાપ્ત થઇ શકે નહીં મુક્તિમાર્ગ દર્શક સંસારસમુદ્ર તારક શ્રી સદ્ગુરૂજ છે. ગુરૂ વિના સ્વછંદતાએ પુસ્તકો વાંચવાથી, કાર્ય સિદ્ધ થતું નથી. ગુરૂનો વિનય વૈયાવચ્ચ અભ્યંતર તપમાં કહ્યો છે. ગુરૂ વિનયથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે. માટે સદ્ગુરૂ ઉપાસનાપૂર્વક આત્મજ્ઞાન સંપ્રાપ્તિ કરવી. આત્મજ્ઞાનથી અહંવૃત્તિનો નાશ થાય છે. આત્મજ્ઞાન વિના અહંવૃત્તિનું રાજ્ય પ્રવર્તવાથી, અનેક ધર્મ પન્થો પૃથ્વીમાં પ્રગટ થયા અને થાય છે. તેમાં અહંવૃત્તિનોજ વિલાસ છે. અહંવૃત્તિનું મૂળ અજ્ઞાન છે. અને અજ્ઞાન તે મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. જગત્ના જીવો સર્વ બાહ્ય મોહ, પ્રપંચનું સ્વરૂપ ખોટું જાણે, તો મુક્તિ દૂર નથી. અહંવૃત્તિથીજ દુઃખ થયાં, અને થશે, અહંવૃત્તિથીજ

ધર્મની લડાઈઓ થઇ. અહંવૃત્તિથીજ ધર્મ કરતાં પણ ધાડ જેવું થયું છે. અહંવૃત્તિનો મહિમા સર્વ જીવોને દુઃખમાં રાખવાનો છે. સર્વ સંસારી જીવો, જરા આંખ મીંચી, અંતરમાં વિચારે તો માલુમ પડશે કે મારામાં કેટલી બધી અહંવૃત્તિ ભરી છે. મારૂ મનુષ્યત્વ અહંવૃત્તિથી કેટલું બધું બગડી ગયું છે, સહેજ હૃદયમાં વિચાર કરતાં માલુમ પડશે. અહંવૃત્તિ મનમાં પ્રગટ થાય છે; માટે ક્ષણે ક્ષણે અહંવૃત્તિનું સ્વરૂપ તપાસવા મન તરફ લક્ષ દેવું. વળી અહંવૃત્તિનું સ્વરૂપ વર્ણવે છે.

दुहा.

भिन्नभिन्न वेषो ग्रही, धर्मी नाम धराय ॥
अहंवृत्ति मनमां लही, धूते भोळा भाय ॥ ३९ ॥
कृष्ण चतुर्दशी सारिखुं, अंधारु महाघोर ॥
व्याप्युं जगमां जाणजो, अहंवृत्तिनुं जोर ॥ ४ ॥

ભાવાર્થ—શ્રી સર્વજ્ઞ પ્રણીત વ્યવહાર ધર્મના સમ્યગ્ વેષવિના જગત્ના જીવો અનેક પ્રકારના દંભો ધારણ કરી, ભિન્ન ભિન્ન વેષો ધારણ કરે છે. અને પોતે ધર્મી બની બેસે છે. તેઓ અહંવૃત્તિ ધારણ કરી ભોળા અજ્ઞાની જીવોને પોતાની કુયુક્તિના પાસલામાં સપડાવી ધૂતે છે.

પ્રશ્ન—વાહરેવાહ ! તમે ઠીક કહો છો. શ્રીજીનેશ્વર

વિના સર્વ ધર્મવાળાઓના વેષને અપ્રામાણીક ગણો છો, તેમાં તમારો પક્ષપાત નજરે દેખાય છે.

ઉત્તર—અમો જરા માત્ર પણ પક્ષપાત રાખતા નથી, અમને શ્રીવીર પ્રભુ ઉપર રાગ નથી, તેમ અન્ય ઉપર દ્વેષ પણ નથી. જેના વચનમાં વિસંવાદ હોય, અને જેનાં વચન અનુભવમાં સત્ય ભાસે, તેવા પુરૂષનો કથિત ધર્મ અમારે માન્ય છે, અને તેવા સર્વજ્ઞ ભગવંતે કથેલાં ધર્મ વેષમાં વિશેષ પ્રામાણ્યતા છે અને તેમના કથનાનુસાર ચાલવાથી સર્વ જીવોનું કલ્યાણ થાય છે, માટે તેવા શ્રીવીતરાગ સર્વજ્ઞ વચન વિના, અન્ય વચનમાં સર્વાંશે સત્યતા નથી; માટે અન્ય કદાગ્રહી, અને સ્વપક્ષ સ્થાપનમાંજ રસીક થઇ જગતના જીવોને કુપંથમાં લગાવે છે, તેથી તે માનનીય નથી.

પ્રશ્ન—સર્વજ્ઞ વીતરાગનાં વચન શાથી પ્રમાણ માનવાં ?

ઉત્તર—યુક્તિ અને અનુભવમાં આવે છે તેથી. તથા વળી શ્રીવીતરાગ પ્રભુનાં વચન સ્ખલાયમાન હોતાં નથી, તેથી તે પ્રમાણ છે. અન્યોના શાસ્ત્રમાં હિંસા, યજ્ઞ, વિગેરે પાપકૃત્યોનુ પ્રતિપાદન કર્યું છે. સર્વ વસ્તુઓનું સ્વરૂપ સાત નયોથી વર્ણવ્યું છે. દરેક વસ્તુનું સ્વરૂપ નયોની અપેક્ષાથી એવી રીતે સ્થાપન કર્યું છે, કે જેમાં જરા માત્ર શંકા રહે નહીં.

પ્રશ્ન—જ્યારે તમે જીનેશ્વર કથિત વેષનું પ્રતિપાદન કરો છો, અને તેથી ધર્મસાધના થાય છે, ત્યારે તમારા

ભગવંતે પણ કહ્યું છે કે અન્યલિંગે અર્થાત્ અન્ય વેષે પણ મુક્તિ જીવોની થાય છે, તેથી તે અન્યલિંગ સિદ્ધ કહેવાય છે, ત્યારે તમે એકાંત પોતાના દર્શનનું લિંગ પ્રતિપાદન કરો છો.

ઉત્તર—હે ભવ્ય ! હજી તને સદ્ગુરૂનો સમાગમ થયો નથી, જો સદ્ગુરૂનો સમાગમ થયો હોત, તો શંકા રહેત નહીં. સ્વલિંગે સિદ્ધ થાય તે તો રાજમાર્ગ છે, અને અન્યલિંગે સિદ્ધ થાય, તેતો છીંડીનો માર્ગ છે. માટે અત્ર રાજમાર્ગરૂપ સ્વલિંગની મુખ્યતા સ્થાપન કરી છે. અન્યલિંગે સિદ્ધ થાય, તો પણ નિશ્ચય સમકિત તથા નિશ્ચય ચારિત્ર વિના મુક્તિ થતી નથી. પૂર્વભવમાં જૈનતત્ત્વનો અભ્યાસ કર્યો હોય, અને પશ્ચાત્ કર્મયોગે મિથ્યાત્વ કુળમાં જન્મ થાય, ત્યાં વૈરાગ્યાદિથી વલ્કલચીરીની પેઠે અન્ય તાપસાદિ લિંગ ધારણ કરે, અને પશ્ચાત્ જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વભવ સ્મરણમાં આવે અને તેથી જીનતત્ત્વનું શ્રદ્ધાન થાય, અને પશ્ચાત્ અંતરંગમાં સમ્યગ્ આત્મતત્ત્વનું ધ્યાન થાય; અને તેથી ચારિત્રમોહનીયનાં ક્ષય કરી, અંતરંગચારિત્ર પ્રાપ્ત કરી મુક્તિપદ પામે. આવા બનાવોમાં અન્યલિંગ છતાં પણ અંતરંગ સમકિત તેઓને પ્રગટવાથી સમભાવ આવે છે. અને તેથી પરમપદની પ્રાપ્તિ થાય છે, તેથી શાસ્ત્રકારોએ પક્ષપાત રહીત પ્રતિપાદન કર્યું છે કે—

गाथा.

सेयंवरो वा आसंवरो वा, बुद्धो वा अहव अन्नो वा ॥
समभावभावि अप्पा, लहइ मुक्खं न संदेहो ॥ १ ॥

ભાવાર્થ—શ્વેતાંબર હોય, દિગંબર હોય, અથવા બુદ્ધ હોય, અને કોઇ વેદાન્તી વિગેરે હોય, પણ જ્યારે આત્મા સમભાવથી આત્માને ભાવીત કરે, ત્યારે મુક્તિ પ્રાપ્ત કરે તેમાં સંદેહ નથી.

પ્રશ્ન—જ્યારે સમભાવ આવે ત્યારે મુક્તિ થાય, તેવો સમભાવ તો દરેક દર્શનમાં ધર્મમાં આવે, આવી શકે, ત્યારે જૈનદર્શનની મહત્વતા શાથી માનવી.

ઉત્તરઃ—હે ભવ્ય ! શ્રવણ કર. મુખ્યતાએ જીનેશ્વરનાં વચન સમજ્યા વિના, અને તે પ્રમાણે વર્ત્યા વિના સમભાવ આવી શકતો નથી. સમ્યગ્જ્ઞાન જીનેશ્વર ભગવંતે પ્રરૂપ્યું છે, માટે તેની શ્રદ્ધા કરવાથી આત્મા સ્વસ્વરૂપ ઓળખે છે. અન્ય મતોમાં સમ્યગ્ જ્ઞાનના અભાવે, એકાંત વસ્તુની પ્રતીતિ થવાથી, કદાગ્રહ તથા મિથ્યા આચરણ આચરી શકાય છે. માટે સમભાવની પ્રાપ્તિ અન્ય દર્શનમાં પ્રાપ્ત થવી પ્રાયઃદુર્લભ છે; સમ્યકત્વવિના સમભાવ આવવો દુર્લભ છે. રાગ દ્વેષ રહીત આત્માની સમભાવ પરિણતિ-થવામાં, જીનેશ્વરનાં વચન પુષ્ટાલંબન છે. જીનેશ્વરનું

દર્શન તે સર્વનું દર્શન છે; કારણકે, શ્રી જીનેશ્વર ભગવંતે સર્વ જગત્ જીવોમાં જેવો સ્વાભાવીક ધર્મ રહ્યો છે, તેવો કહ્યો છે. તેમજ ષડ્ દ્રવ્યાદિક પદાર્થોનું પ્રતિપાદન કર્યું છે. શ્રી સર્વજ્ઞે વ્યવહારથી અને નિશ્ચયથી ધર્મ તત્ત્વનું પ્રતિપાદન કર્યું છે. અન્ય દર્શનો જ્યારે એક દેશથી આત્મ ધર્મ બતાવી, અન્ય દેશમાં ભૂલ કરે છે, ત્યારે શ્રી જીન-દર્શન સર્વ દેશથી નયોના વિભાગે કરી, સાપેક્ષપણે આત્મ-ધર્મનું પ્રતિપાદન કરે છે, સર્વવસ્તુને સાપેક્ષ વચનોથી સ્વીકારે છે. તે સંબંધી શ્રી આનંદઘનજી મહારાજ એકવીશમા શ્રી નમિનાથના સ્તવનમાં કહે છે કે—

जिनवरमां सघळां दर्शनछे, दर्शने जिनवर भजनारे,
सागरमां सघळी तटिनी सहि तटिनीमां सागर भजनारे-
षट्दर्शन जिन अंग भणीजे ॥

શ્રી જીન દર્શનમાં સઘળાં દર્શનોનો નયમાર્ગણાથી સમાવેશ થાય છે. અર્થાત્ જીન દર્શન આરાધ્યું તો, સઘળાં દર્શનની આરાધના કરી કહેવાય. સાગરમાં સઘળી નદીઓ આવી પડે, તેમાં સમાય, પણ નદીમાં સાગરની ભજના છે. તેમ જિન દર્શનમાં સઘળા, પણ પ્રત્યેક દર્શનમાં જીનદર્શનની ભજના છે. કારણ કે, અન્ય દર્શનો એકાંતે એકેક નયથી થયા છે. અને જીનદર્શનતો સર્વ નય પરિપૂર્ણ છે, માટે જીનદ-

ર્શન અંગી છે. અને બાકીનાં અંગ છે. સાપેક્ષ બુદ્ધિથી ગ્રહણ કરે, તો જીનદર્શનની પ્રાપ્તિ થાય; ન્યાયદિવાકર મહાતાકીક શ્રીસિદ્ધસેન સૂરિકૃત સંમતિ તર્કમાં પણ કહ્યું છે કે—

શ્લોક.

सुनिश्चितंनःपरतंत्रयुक्तिषु स्फुरंतियाःकाश्वनसूक्तिसंपदः
तवैवताःपूर्वमहार्णवोच्छिता जगत्प्रमाणं जिनवाक्यविप्रुषः

માટે ભવ્યજીવોએ જીન દર્શનની શ્રદ્ધા કરવી. જીન દર્શનની શ્રદ્ધા તથા જ્ઞાનથી માધ્યસ્થ ભાવ પ્રગટશે. તેથી અંતે સમભાવની પ્રાપ્તિ થશે. અન્ય દર્શનમાં સમભાવની પ્રાપ્તિ પૂર્વોક્ત રીત્યા છીંડી માર્ગે છે, પણ રાજમાર્ગે નથી. તેથી અમો સ્વલિંગની મુખ્યતા સમજી અન્ય લિંગમાં ઉદાસી ભાવે રહી અને અન્યલિંગથી કંઇ તત્ત્વસ્વરૂપ પમાતું નથી, માટે તેનો પરિહાર કરીએ છીએ. આ સંબંધી ચર્ચા ઘણી છે. પણ ગ્રંથગૌરવ તથા પ્રસંગાભાવે વિશેષ લખવામાં આવી નથી. હવે પ્રસ્તુત વિષય સંબંધી વર્ણન કરતાં કહેવામાં આવે છે કે તત્ત્વસ્વરૂપના અજ્ઞ લોકો અહંવૃત્તિમાં મગ્ન રહી, અનેક પ્રકારના વેષો ધારણ કરે, પણ તેથી તેમના આત્માનું કલ્યાણ થાય નહીં, અને વેષમાં મમત્વભાવ ઉલટો બંધાઇ જાય, તે છુટે પણ નહીં. ત્યારે કોઇ કહેશેકે જીનદર્શનનો વેશ પણ મમત્વપ્રદ રહેશે, તેના ઉત્તરમાં સમજવાનું કે જીનદર્શનમાં કથિત વેષ મમત્વનો નાશ કરે છે. કારણકે, જીનદર્શનના સાધુનો વેષ પહેરે છે,

તે પ્રથમતો સર્વ પાપકૃત્યોનો ત્યાગ કરે છે. ગૃહસ્થાવાસના કૃત્યોનો ત્યાગ કરે છે; અને પુત્ર સ્ત્રી આદિકનો મમત્વભાવ દૂર કરી, સંસારને ત્યાગી, સર્વ પરભાવથી દૂર રહી જીનદર્શનના ચિન્હ તરીકે તથા ગૃહસ્થાવાસ કરતાં સાધુમાર્ગ અન્ય છે, તે ઓળખાવવા, તથા શરીરની ધર્મના અર્થે સંરક્ષા કરવા માટે, સાધુવેષ અંગીકાર કરવાથી, મમત્વનો તો મૂળથીજ નાશ થાય છે. અને આત્માના ગુણ પ્રકટાવા ધ્યાન વિગેરે પ્રયત્ન થાય છે. શરીરનો પણ મમત્વ રહેતો નથી, તો વસ્ત્રનો મમત્વ કયાંથી હોય? ફક્ત એક આત્મા વિના કોઇપણ વસ્તુ પોતાની ભાસ્તી નથી. તેથી જીનદર્શનના સાધુમાં વ્યવહારવેષ અંગીકાર કરતાં કોઇપણ દોષ સંભવતો નથી. જેમ ઔષધ ખાતાં ચરી પાળવી છે, તે ગુણને માટે છે; તેમ ધર્મકરતાં સાધુવેષ અંગીકાર કરવો તે પણ ધર્મના માટે છે; જેમ ક્ષેત્રને વાડની જરૂર છે, તેમ ધર્મકરતાં સાધુવેષની પણ જરૂર છે. જેમ આંબાના વૃક્ષને વાડોલીયાની જરૂર છે, તેમ સાધુનો ધર્મ સેવનકરતાં સાધુવેષની જરૂર છે. જેમ રૂપૈયામાં એકતો રૂપું હોય, અને છાપ સારી હોય, તેમ એકતો ધર્મ સત્ય, અને વેષ પણ સત્ય એમ જીનદર્શનમાં સમજી લેવું. અન્ય વેષોનો પરિહાર કરી સત્યધર્મવેષની સિદ્ધિ કર્યાબાદ, પુનઃ અહંવૃત્તિનું વર્ણન કરતાં કહેવામાં આવે છે કે અહો! આ જગતમાં કાળીચૌદશના જેવું અંધારૂ વ્યાપી રહ્યું છે. અર્થાત્ દુનિ-

યાના જીવોમાં અજ્ઞાનરૂપ અંધારૂં મહાઘોર વર્તી રહ્યું છે, તે પણ અહંવૃત્તિનુંજ જોર જાણવું. જેમ અંધકારથી વસ્તુને દેખી શકાય નહીં, તેમ મિથ્યાત્વરૂપ અંધકાર છતાં આત્મદર્શન થવું દુર્લભ છે. જેમ અંધકારથી એક બીજાને ઓળખી શકાતું નથી, તેમ અજ્ઞાનરૂપ અંધકારથી જડ અને ચૈતન્ય સ્વરૂપ જાણી શકાતું નથી. માટે તે પણ અહંવૃત્તિનો ઉદય જાણવો, અહંવૃત્તિનો ઉદય મહા બળવાન છે. અહંવૃત્તિરૂપ સમુદ્રમાં સર્વ જીવો બુડે છે, વીરલા તરી શકે છે. ત્યારે પ્રશ્ન થાય છે કે અહંવૃત્તિનાશક કોઈ બળવાન શરણ છે ? કોઇ બળવાન વસ્તુ છે કે જેના આધારે અહંવૃત્તિને જીતી શકાય, એવા પ્રશ્નનો ઉત્તર નીચેના દુહાથી આપે છે.

दुहा.

ज्ञानप्रकाशक ज्ञानिनी, वाणीनो आधार ॥
जगमां वर्ते जीवने, पञ्चम आर मझार ॥ ४१ ॥
ज्ञानी सद्गुरु सेवतां, अहंवृत्तिनो नाश ॥
सत्यज्ञान प्रगटे हृदि करतुं तत्त्वप्रकाश ॥ ४२ ॥

ભાવાર્થ—જ્ઞાનનો પ્રકાશ કરનાર જ્ઞાની સદ્ગુરૂનો આધાર આ જગત્માં ભવ્યજીવોને વર્તે છે. પંચમ આરામાં જ્ઞાની સદ્ગુરૂની ઉપાસનાથી અહંવૃત્તિનો નાશ થાય છે. શ્રી સદ્ગુરૂ ઉપાસના થયા વિના અહંવૃત્તિની વૃદ્ધિ થયા કરે

છે. ગીતાર્થના સેવનથી આત્મા શુદ્ધ પરિણુતિ પ્રાપ્ત કરે છે, અને સત્ય આત્મજ્ઞાન હૃદયમાં પ્રકાશ કરે છે. આ કાળમાં જીનવાણીમાં અનેક પ્રકારના કુતર્ક કરનારાઓ વર્તે છે. પોતાના વિચારની પુષ્ટિ માટે અનેક પ્રકારની કુયુક્તિયોથી જીવોને ભ્રમાવે છે. અહો! સદ્ગુરૂ વિના જીવ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ઓળખી શકે નહીં. માટે પુનઃપુનઃ ભલામણ છે કે સદ્ગુરૂની ઉપાસના કરવી. શુદ્ધ નિરંજન આત્મ સ્વરૂપની ઉપાસના કરવી. વ્યવહારથી આત્મા રૂપી છે. અને નિશ્ચયથી આત્મા અરૂપી છે. વ્યવહારથી જોતાં આત્મા અનેક પ્રકારે દેખાય છે. શબ્દ નયથી આત્મા સમકિત પ્રાપ્ત કરેલો કહેવાય છે. એમ દરેક નયથી આત્માનું સ્વરૂપ અવધારવું. નામ જીવ સ્થાપના જીવ દ્રવ્યજીવ અને ભાવજીવનું સ્વરૂપ અવધારવું. વ્યવહારથી દેવ ગુરૂ અને ધર્મનું સ્વરૂપના બતાવનાર ગુરૂરાજ છે. અને તેમજ નિશ્ચયથી દેવ ગુરૂધર્મના સમજાવનારા પણ ગુરૂમહારાજ જ છે, નવતત્ત્વમાં પણ આત્માજ મુખ્યતાએ ઉપાદેય છે. જેણે આત્મની ઉપાસના કરી તેણે મોક્ષની ઉપાસના કરી કારણ કે, મોક્ષ આત્માથી ભિન્ન નથી. સંવર પણ આત્માનો ધર્મજ છે. રેતીમાં જેમ ખાંડ વેરાણી હોય, તેને કીડીઓ વેણી ખાય છે, તેમ સૂક્ષ્મ સ્વરૂપ દર્શી અન્તરાત્માઓ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પુદ્ગલથી ન્યારૂ કરી આરાધી પ્રાપ્ત કરે છે. જેમ કમળ પત્રને જલનો

લેપ થતો નથી, તેમ સદ્ગુરૂ ઉપાસના કરનાર અંતરાત્માઓને અહંવૃત્તિનો લેપ થતો નથી. જેમ અગ્નિ સર્વને બાળી ભસ્મ કરી દે છે. તેમ અંતરાત્મા જ્ઞાની કર્મને બાળી ભસ્મ કરી દે છે. શ્રી આષાઢાભૂતિ આચાર્ય કે જે વેશ્યાના સંગી હતા, તે પણ આત્મજ્ઞાન ભાવનાથી કેવલજ્ઞાન પામ્યા. શ્રી ભરતરાજા પણ આત્મજ્ઞાનથી મુક્તિ પામ્યા. શ્રી ગૌતમસ્વામી પણ આત્મ સ્વરૂપ ચિંતવનથી કેવળજ્ઞાન પામ્યા. આત્મસ્વરૂપના ઉપયોગમાં વર્ત્યા વિના અનેક કષ્ટ ક્રિયાઓ, તપ જપ કરવાથી, પણ આત્મા શુદ્ધ થતો નથી. વીરલા પુરૂષો આત્મતત્ત્વની આરાધના કરે છે. કેટલાક પુરૂષો તો હું આત્મા છું કે જડ છું, તેનું પણ સ્વરૂપ સમજતા નથી. તેવા જીવોને જ્ઞાની સદ્ગુરૂ શરણ્ય છે. જ્ઞાની ગુરૂ વિના મોક્ષ માર્ગ સ્વરૂપ સમજાતું નથી. માટે ભવ્યજીવોએ જ્ઞાનીની ઉપાસના કરવી. પિસ્તાલીશ આગમનું રહસ્ય સમજાવનાર પણ જ્ઞાની મુનિરાજ છે. માટે આ કાળમાં વિશેષતઃ ગુરૂની ઉપાસના કરવી. જેમ સૂર્ય ઉગતાં અંધકાર સ્વતઃ દુર થાય છે; તેમ જ્ઞાની ગુરૂની વાણી શ્રવણ કરતાં, અહંવૃત્તિ પલાયન કરી જાય છે. કોઇ પુરૂષ ગુફાના અંધકારને નાશ કરવા તેના સામી તરવાર ચલાવે, યા બંદુક ફોડે, વા લાકડીઓ મારે, પણ તેથી જરા માત્ર નાશ થતો નથી પણ તેમાં નાનો સરખો દીપક લેઈ

જવાથી અંધકાર તુરત નાશ પામે છે, તેમ જ્ઞાનીગુરૂ સેવતાં અહંવૃત્તિરૂપ અંધકારનો તુરત નાશ થાય છે. હાલના સમયમાં ગુરૂ શરણ્ય છે. પ્રદેશી રાજા મહા મિથ્યાત્વી હતો પુણ્ય પાપ માનતો નહોતો, તથા જીવ પણ માનતો નહોતો. પંચભૂતનું પૂતળું શરીર છે, તે વિના જીવ વસ્તુ અન્ય નથી; એવું તે માનતો હતો. પણ કેશી કુમારની પાસે આવ્યો ત્યારે તેના હૃદયમાં જ્ઞાનરૂપ સૂર્યનો પ્રકાશ થયો. અને જૈન ધર્મ અંગીકાર કર્યો. તેનો વિશેષ વિચાર અમારા બનાવેલા પંચશતી નામના ગ્રંથમાં જોઇ લેવો. તેમજ જ્ઞાની સદ્ગુરૂની કેવી રીતે ભક્તિ કરવી તેની વિધી અમારા બનાવેલા અનુભવ પંચવિંશતિ નામના ગ્રંથમાંથી જોઇ લેવી. આ સ્થાને તેનો વિશેષ અધિકાર લખ્યો નથી. ગુરૂ સેવા સંબંધી નીચે લખેલું પદ અનુભવવું:—

पद.

गुरुगमथी भाइ ज्ञान ग्रहो तुम, गुरु देवता गुरु दीवो ॥
गुरु आंखोने गुरु छे पांखो, गुरु गीतारथ जगजीवो—गुरू ॥१॥
गुरुकृपाथी ज्ञानज प्रगटे, विघटे मिथ्यामल भारी ॥
चिरंजीवजो गुरुगीतारथ, बुडंतां बेडली तारी —गुरू ॥२॥
देवगुरू दो देखी सज्जन, वन्दो पहेला किसकुं भाइ ॥
उपकारी गुरुवन्दन पहेला, संत जनोए दीयुं बताइ—गुरू ॥३॥

गुरुने देखी वन्दन करवुं, नम्रवचनने उच्चरवुं ॥
हाथ जोडकर सुणो देशना, गुरुविनय मनडुं धरवुं-गुरू ॥८॥
समकित दायक सद्गुरुदर्शन, विधिये करज्यो नरनारी ॥
प्राणांते पण गुरुनी आणा, लोपो नहि हिम्मतधारी-गुरू ॥५॥
जेना माथे सद्गुरू नहीं ते, नगुरा दुःख लहेशे भारी ॥
सेवो गुरुने ज्ञानज अर्थे, समज समज मन संसारी-गुरू ॥६॥
गुरुनी भक्ति करजो प्रेमे, श्रद्धा मन लावी सारी ॥
बुद्धिसागर वन्दो सद्गुरु, हुं जावुं तस बलिहारी-गुरू ॥७॥

ઇત્યાદિ સદ્ગુરૂ મહિમા અપરંપાર છે. સદ્ગુરૂ સદા શરણ્ય છે. તેમના સંગથી અહંવૃત્તિનો નાશ થશે. હવે સદ્ગુરૂ સેવનથી આત્માની ઉન્નતિ થાય છે. તે બતાવે છે.

दुहा.

ग्राह्याग्राह्य विवेकता, प्रगटे घटमां स्पष्ट ॥
सूक्ष्मभेद विचारणा, होवे ज्ञान अदष्ट ॥ ४३ ॥
भेदज्ञानथी भेदता, हंस चञ्चुने न्याय ॥
पुद्गल चेतन लक्षणो, भिन्न भिन्न परखाय ॥ ४४ ॥

ભાવાર્થ—શ્રી સદ્ગુરુ માહારાજની ઉપાસના કરવાથી ગ્રહ્યાગ્રાહ્યનો વિવેક ઘટમાં સ્પષ્ટ રીતે પ્રગટે છે, અને જ્ઞાન દર્શન ચારિત્રવીર્ય સુખાદિ અનંત ગુણોનો ભોક્તા હું આ-

ત્માછું. હું ભાવ સંવરમય છું. પુદ્‌ગળોની બનેલી અનેક વર્ગણાઓ આત્માના અસંખ્ય પ્રદેશે લાગેલી છે, તે મારે ભોગ્ય નથી કારણ કે વર્ગણાઓમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહેલો છે. દરેક વર્ગણાઓમાં સમયે સમયે ઉત્પાદ વ્યય થઈ રહેલો છે. વર્ગણાઓમાં સક્રિયપણું છે. ઔદારિક વર્ગણા, વૈક્રિય વર્ગણા, તૈજસવર્ગણા આહારક વર્ગણા, ભાષા વર્ગણા, શ્વાસોચ્છવાસ વર્ગણા, મનો વર્ગણા, અને કાર્મણ વર્ગણા આ આઠ વર્ગણા અનાદિકાળથી આત્માના પ્રદેશોની સાથે લાગી રહી છે. અભવ્ય જીવને આઠ વર્ગણા અનાદિ અનંતમે ભાંગે વર્તે છે. અને એ આઠ વર્ગણા ભવ્ય જીવને અનાદિ સાંત ભાંગે વર્તે છે. જે જે સિદ્ધાત્માઓ થયા તેઓએ આઠે વર્ગણાઓનો બિલકુલ સંબંધ છોડયો, અને તે છુટેલી વર્ગણાઓ ચૌદ રાજલોકમાં રહી, અને તે કારણ યોગે અન્ય પરિણામને પણ પામે છે. આ આત્માની સાથે પણ આઠે વર્ગણાઓ લાગી છે પણ તે પ્રત્યેક વર્ગણાઓ પોતપોતાનું જુદું જુદું કાર્ય કરે છે. રાગ અને દ્વેષથી સમયે સમયે આત્મા અનંત કર્મ વર્ગણાને ગ્રહણ કરે છે આ વર્ગણાઓ અનંતાનંત પરમાણુની બનેલી હોય છે. પહેલીના કરતાં બીજીમાં અનંતાનંદ પરમાણુઓ વિશેષાધિક હોય છે એમ ઉત્તરોત્તરની વર્ગણાઓમાં અનંતાનંત વિશેષ પરમાણુઓ જાણવા. આત્મા ચોરાશી લાખ જીવયોનિમાં

શરીર ધારણ કરી, કેટલીક કર્મ વર્ગણાઓને ગ્રહણ કરે છે, અને કેટલીક કર્મ વર્ગણાઓને છોડે છે. શરીરમાં રહેલો આત્મા પોતાની પાસે રહેલી કર્મ વર્ગણાઓને ગ્રહણ કરે છે. દરેક વર્ગણાઓના પરમાણુઓમાં સમયે સમયે વર્ણ, રસ અને ગંધનો ઉત્પાદવ્યય થયા કરે છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની વર્ગણાઓમાં ષટ્ગુણ હાનિવૃદ્ધિ પરિણમી રહી છે. આ જીવે અનંતી કર્મ વર્ગણાઓને ગ્રહણ કરી. રાગ અને દ્વેષના યોગે આત્માએ કર્મ વર્ગણાઓનું ગ્રહણ કર્યું, પણ એમાં તત્ત્વથી વિચારીજોતાં જડભૂત કર્મ વર્ગણાઓમાં આત્માને કાંઇ ગ્રાહ્યપણું નથી. વર્ગણા જડ છે અને આત્મા જ્ઞાનવાન છે. આત્માને આત્મત્વ જાતિ છે અને પુદ્ગળની પુદ્ગળત્વ જાતિ છે, આત્મા અરૂપી છે અને વર્ગણાઓ રુપી છે, આત્મા અક્રિય છે, અને વર્ગણાઓ સક્રિય છે, આત્માઓ અવિનાશી છે, અને વર્ગણાઓ વિનાશ ધર્મવાળી છે. આત્મા સ્વસ્વરુપે પરિણામી છે, અને તેમાં અનંત સુખ રહ્યું છે. પુદ્ગળમાં સુખ ગુણ નથી. આત્મા લોકાલોકને પોતાના જ્ઞાનમાં વિષયીભૂત કરે છે અને પોતાના સ્વરૂપને પણ જ્ઞાનમાં જ્ઞેયરુપે વિષયીભૂત કરે છે. તેથી આત્મા સ્વપર પ્રકાશક કહેવાય છે. સ્વપર પ્રકાશક ગુણ અજીવ પદાર્થોમાં થયો નથી, અને થશે પણ નહિ. સુખ ગુણ જાણવાની શક્તિ તથા ભોગવવાની શક્તિ આ-

ત્મામાં રહી છે. તેથી આત્મા અનંત સુખનો ભોગી કહેવાય છે. આત્મા પોતાના સ્વરુપમાંજ સુખનો અનુભવ પામે છે. પરસ્વરુપમાં રમણ કરવાથી, ત્રિકાલમાં પણ સુખને અનુભવ થઈ શકતો નથી. બાહ્ય પદાર્થોમાં જે સુખની બુદ્ધિ થાય છે તે ફક્ત ભ્રાન્તિજ છે. જડ પદાર્થોમાં જે જીવો રચીમચી રહેલા છે, તે જીવો કદાપિ કાળે સુખાનુભવ કરી શકતા નથી. આઠ વર્ગણાઓને પુદ્ગળ જાણી, અગ્રાહ્યતારુપે સ્વીકારે તેમજ આઠ કર્મ, છ લેશ્યાઓ, પાંચ શરીર, છ સંસ્થાન, મન વચન કે કાયાના યોગમાં આત્મા નથી, તેથી આત્માને કર્માદિક ગ્રાહ્ય નથી. બાહ્ય દેખાતા દ્રશ્ય તથા અદ્રશ્ય પદાર્થો પુદ્ગલ સ્કંધો છે, તે પણ આત્માને ગ્રાહ્ય નથી. અગ્રાહ્ય એવી પુદ્ગલ વસ્તુને, આત્મા ગ્રહણ કરી, ચારગતિમાં પરિભ્રમણ કરે છે. પુણ્ય અને પાપનાં પુદ્ગલો પણ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળાં છે. પુણ્યનાં પુદ્ગલો શુભવર્ણ ગંધ રસ અને સ્પર્શવાળાં છે, અને પાપનાં પુદ્ગલો અશુભવર્ણ ગંધ રસ અને સ્પર્શવાળાં છે. પુણ્યનાં પુદ્ગલોથી શુભ વિપાકોદય શાતાવેદનીયરૂપ ભોગ ભોગવવો પડે છે. પુણ્ય અને પાપની ચતુર્ભંગી થાય છે. પુણ્યાનુબંધી પુણ્ય, પાપાનુબંધી પુણ્ય, પાપાનુબંધી પાપ, પુણ્યાનુબંધી પાપ, આ ચારભંગીનું વિશેષ વિવરણ આત્મશક્તિપ્રકાશ નામનો અમારો બનાવેલો ગ્રંથ છે, તેમાંથી જોઇ લેવું. અત્ર તો સામાન્યતઃ વર્ણન કર્યું છે. પુણ્ય અને

પાપનાં પુદ્ગલો પણ આત્માથી જુદાં છે. આત્મા પુણ્ય અને પાપથી ભિન્ન સમજી, તેમાં રમણુતા કરવી. પુદ્ગલ દ્રવ્યના સ્કંધો અભોગ્ય અને અગ્રાહ્ય છે. પણ ચેતન વિ-ભાવદશાથી, તેનો ગ્રહણકર્તા તથા ભોક્તા અનાદિકાળથી બન્યો છે; અભવી જીવને પુણ્ય પાપ અનાદિ અનંતમે ભાંગે છે, અને ભવ્ય જીવને પુણ્ય ને પાપ અનાદિસાંત ભાંગે છે. પુણ્ય સુવર્ણની બેડી છે, અને પાપ લોહની બેડી છે. પુણ્ય છાયા સમાન છે, અને પાપ તડકા સમાન છે. પુણ્ય વ્યવહારથી આદરવા લાયક છે અને નિશ્ચયથી ત્યાગ કરવા લાયક છે. પુદ્ગલ સ્કંધો જે જે આત્માની સાથે લાગ્યા છે, તે સર્વ રાગ અને દ્વેષથી લાગ્યા છે. જ્યારે રાગ અને દ્વેષનો ત્યાગ કરવામાં આવે છે, ત્યારે કર્મ પુદ્ગલ-સ્કંધોનું આવાગમન આત્માની સાથે થતું નથી. રાગદ્વેષ પરિણુતિથી કર્મ ગ્રહણ થાય છે, માટે તેનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો જોઇએ. રાગ અને દ્વેષના પણ ચાર ભેદ છે. શુભરાગ, અને અશુભરાગ; અને શુભદ્વેષ, અને અશુભદ્વેષ; એ ચાર ભેદો છે તે પણ નિશ્ચયથી અગ્રાહ્ય સમજવા. રાગ અને દ્વેષ ગુણસ્થાનકની હદે નાશ થાય છે, માટે તેનો નાશ કરવા વ્યવહાર ચારિત્રને અંગીકાર કરવું. શુભ રાગથી અશુભ રાગનો નાશ થાય છે. અને શુભ દ્વેષ-થી અશુભ દ્વેષનો નાશ થાય છે. અનુક્રમથી રાગદ્વેષનો

નાશ કરવા પ્રયત્ન કરવો. ક્રોધ માન, માયા અને લોભનો પણ રાગ દ્વેષમાં સમાવેશ થાય છે. તેનું સ્વરૂપ શ્રી યશોવિજયજી ઉપાધ્યાકૃત અધ્યાત્મ મત પરીક્ષામાં સારી રીતે વર્ણવ્યું છે. વિભાગ દશાનું મૂલ કારણ રાગ અને દ્વેષ છે. વિભાગ દશામાં રમણતા કરવાથી, અશુદ્ધ ષટ્કારકનો કર્તા આત્મા અનાદિકાળથી થયો છે. તેથીજ પરવસ્તુમાં અહં-અને મમત્વ અધ્યાસ બંધાયો છે. માટે વિભાગદશા પણ અગ્રાહ્ય સમજી, તેનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો. મિથ્યાત્વ અવિરતિ આદિ પણ અગ્રાહ્ય જાણી, ત્યાગ કરવા યોગ્ય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગળ અને કાલ આ પંચદ્રવ્યથી આત્મદ્રવ્ય ભિન્ન ઉપાદેય છે. નવ તત્વમાં પણ અજીવ, પાપ, આશ્રવ અને બંધ તત્વ-ત્યાગ કરવા લાયક છે. અને પુણ્ય વ્યવહારથી ગ્રાહ્ય છે, અને નિશ્ચયથી ત્યાગ કરવા લાયક છે, સંવર, મોક્ષ અને નિર્જરા તત્વ ઉપાદેય છે. વિવેકદ્રષ્ટિથી જોતાં શુદ્ધ આત્મ તત્ત્વ ઉપાસ્ય છે, તેની ઉપાસના કરવાથી આત્મા પરમાત્મા રૂપ થાય છે; આત્માના ગુણપર્યાયનું સ્મરણ ધ્યાન નિદિ-ધ્યાસન કરવું. આત્મા તેજ પ્રભુ છે. ક્ષણે ક્ષણે આત્મસ્વરૂપ ઉપગોગથી સ્મરવું. તે સંબંધી તાર્કીક ન્યાય વિશારદ શ્રી યશોવિજયજી ઉપાધ્યાય ગાવે છે કે:—

पद.

परम प्रभु सब जन शब्दे ध्यावे, जब लग अन्तर भ्रम नभागे॥
तब लग कोउ न पावे. परम. ॥१॥
सकल अंश देखे जग जोगी, जों खीण समता आवे॥
ममता अन्ध न देखे याको, चित्त चिन्हु ओर ध्यावे परम. ॥२॥
सहज शक्ति अरु भक्ति सुगुरुकी, जो चित्त जोग जगावे॥
गुणपर्याय द्रव्य शुं अपने, तो लय कोउ लगावे परम. ॥३॥
पढत पुराण वेद अरु गीता, मूरख अर्थ न पावे॥
इन उत फरत लहत रस नांहि, ज्युं पशु चरवत चावे परम. ॥४॥
पुद्गलशुं न्यारो प्रभु मेरो, पुद्गल आप छीपावे॥
उनसे अन्तर नांहि हमारे, अब क्यां भाग्यो जावे. परम. ॥५॥
अकल अलख जरु अजर निरंजन सो प्रभु सहज कहावे॥
अन्तरजामी पुरण प्रगटयो, सेवक जस गुण गावे. परम. ॥६॥

પરમ એટલે ઉત્કૃષ્ટ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ લક્ષ્મી સ્વામી આત્માને સર્વે પુરૂષો શબ્દથી ધ્યાવે છે. આત્મા આત્મા એમ સર્વ કહે છે, પણ તેથી કંઇ કાર્યસિદ્ધિ થતી નથી. જ્યાંસુધી જડ અને ચેતનનું જ્ઞાન થતું નથી, અને જડમાં ચેતન બુદ્ધિ છે, બહિરાત્મભાવરૂપ ભ્રમણા વર્તે છે, ત્યાં સુધી કોઇ આત્મારૂપ પરમ પ્રભુની પ્રાપ્તિ કરી શકતા

નથી. અષ્ટપક્ષ, અને સાતનય, ચારનિક્ષેપાવડે, સમ્યગ્આત્મસ્વરૂપ સર્વાંશે પરિપૂર્ણ, મુનિરાજો કે પોતાના ગુણોને પોતાના સ્વરૂપમાં જોડનારા યોગિયો જાણે છે. ક્ષણ ભાવમાં પણ સમતા જો આવી જાય, તો આત્મા પોતાના સ્વરૂપનો અનુભવ પ્રકાશ કરી શકે છે. જ્યારે આત્મા રાગદ્વેષ, માન, અપમાન, કીર્તિ, અપકીર્તિ, શત્રુ, મિત્ર, પ્રિય, અપ્રિય, તૃણ, મણિ, વંધક, નિંદક ઉપર સમભાવ ધારણ કરે છે. અને એક આત્માના શુદ્ધ સ્વરૂપમાંજ ઉપયોગ ભાવે એકાગ્ર ચિત્તથી વર્તે છે, ત્યારે સહજાનંદનો અનુભવ કરી શકે છે. મમતામાં અંધ થયેલ પુરૂષો કે જેનું ચિત્ત ચારે તરફ ફરતું છે, તેઓ પરમ પ્રભુસ્વરૂપ આત્માને અનુભવચક્ષુથી દેખી શકતા નથી. જ્યારે સ્વાભાવિક આત્મશક્તિની સ્ફુર્ણા થાય, સદ્ગુરૂની ભક્તિ હૃદયમાં જાગૃત થાય, સદ્ગુરૂ ઉપદિષ્ટ આત્મસ્વરૂપમાં ચિત્ત સ્થિરતાને પામી ધ્યાન કરે, અને આત્માના ગુણ પર્યાયનું જ્ઞાન ધ્યાન થાય ત્યારે કોઇ ભવ્ય પુરૂષ લય યોગ સ્વસ્વરૂપાવસ્થાનમય પ્રાપ્ત કરે છે. પુરાણ, વેદ અને ગીતાનો અભ્યાસ કરતાં, મૂર્ખ સાપેક્ષ બુદ્ધિ વિના સમ્યગ્ અર્થ પામી શકતો નથી. અનેક પ્રકારની વનસ્પતિઓનું ચર્વણ કરનાર પશુ રસનો આસ્વાદ પ્રાપ્ત કરતું નથી; તેમ વિચારશૂન્ય અને સાત નયોના જ્ઞાનહીન પામર મનુષ્ય આત્મતત્ત્વ પ્રાપ્ત કરતો

નથી. પુદ્‌ગલના બનેલા દેહથી આત્મા ન્યારો છે. પોતે પુદ્‌ગલમાં રહ્યો છે. તેનું કારણ કર્મ છે. જેમ શેરડી પરાળમાં ઢાંકી છૂપાતી નથી, તથા જેમ છાબડીથી સૂર્યનું આચ્છાદન થઈ શકતું નથી, તેમ શરીરમાં રહેલો આત્મા જ્ઞાનીઓને દેખાયા વિના રહેતો નથી; કારણ કે જ્ઞાન અને દર્શન આત્માના ગુણો છે. તે સ્વતઃ પોતાના સ્વરૂપને જાણી તથા દેખી શકે છે, તેથી શ્રી ઉપાધ્યાયજી પરોક્ષ જ્ઞાનદ્વારા અનુભવદૃષ્ટિથી અને જ્ઞાનવડે કહે છે, કે અમારે પરમપ્રભુ આત્માથી અંતર નથી. અંતરનું કારણ બહિરાત્મદશા હતી. બહિરાત્મદશાનું કારણ અજ્ઞાન હતું. અજ્ઞાન ટળવાથી, સમ્યગ્‌જ્ઞાન પ્રાપ્ત થયું, અને તે સમ્યગ્‌જ્ઞાન કાંઈ આત્માથી ન્યારૂં નથી. સમ્યગ્‌જ્ઞાનમાં આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે, તો સાક્ષાત્ થયેલો આત્મા શી રીતે દૂર થઇ શકશે, અર્થાત્ તે દૂર થઇ શકનાર નથી, એમ પરમભક્તિદ્વારા કહે છે. વળી આત્માનું સ્વરૂપ બતાવે છે. આત્મા કળારહિત છે. બાહ્યથી દેખાતી ચંદ્રાદિકની કળા વૃદ્ધિ અને ક્ષીણતાને પામે છે. આત્માની અકળ કળા છે. તે ઉપશમસમકિત, ક્ષયોપશમસમકિત અને ક્ષાયિક સમકિત પ્રાપ્ત થતાં પ્રતિભાસે છે. વળી આત્મા અલક્ષ્ય છે. સ્પર્શેન્દ્રિયના આઠ ગુણ છે, તે સ્પર્શને જાણી શકે છે; પણ અરૂપી આત્મસ્વરૂપને જાણી શકતો નથી. રસનેન્દ્રિય

રસને, ઘ્રાણેન્દ્રિય ઘ્રાણને, ચક્ષુરિંદ્રિય રૂપને, શ્રોત્રેન્દ્રિય શબ્દને, અને મનરૂપી પદાર્થને જાણી શકે છે. આત્મા અરૂપી છે, તેથી તે અતીન્દ્રિય છે, અને અતીન્દ્રિય આત્મસ્વરૂપ અનુભવજ્ઞાન તથા કેવળજ્ઞાન વિના લક્ષમાં આવી શકે નહિ, માટે આત્મા અલખ કહેવાય છે. આત્માને જન્મ જરા મરણ નથી; કારણ કે નિશ્ચયનયથી આત્મા અનાદિકાળથી છે. અસંખ્ય પ્રદેશરૂપ પોતાનું સ્વરૂપ કદી ઉત્પન્ન થયું નથી અને થનાર નથી. વ્યવહારદૃષ્ટિથી કર્મયોગે શરીરાદિ ધારણ કરે છે, તેની અપેક્ષાએ જન્મ, જરા, મરણ ધારણ કર્તા કહેવાય છે. જન્મ, જરા, અને મરણરૂપ અશુદ્ધ પર્યાય તે આત્માના શુદ્ધપર્યાયથી ભિન્ન છે. શુદ્ધપર્યાયરૂપ ધર્મ ઉપાસ્ય છે, અને ઉપાસક આત્મા છે. અશુદ્ધપર્યાય ત્યાજ્ય છે, અને તેનો ત્યાગ કરનાર શુદ્ધપર્યાય રમણ કર્ત્તા આત્મા કહેવાય છે. ગતિપર્યાય, દેહપર્યાયાદિનો ત્યાગ કરવાથી, આત્મા પરમાત્મરૂપે પ્રકાશે છે. આત્મા નિરંજન કહેવાય છે. શુદ્ધ નિશ્ચયનયથી જોતાં આત્મા કર્મરૂપ અંજનથી રહિત છે, અને વ્યવહારથી પરભાવમાં રમણ કરે છે, ત્યાં સુધી કર્મરૂપ અંજનવાળો કહેવાય છે. વસ્તુતઃ જોતાં કર્મરૂપ અંજન આત્માનો ધર્મ નથી. અને જે પોતાનું સ્વરૂપ નથી, તેમાં રમવું તે અજ્ઞાનીનું લક્ષણ છે. જે જે જ્ઞાની મહાત્માઓ થઈ ગયા, તે આત્મજ્ઞાનધ્યાનમાં રમણતા

કરી, તિરોભાવ રિદ્ધિનો આવિર્ભાવ કરી, શુદ્ધ સિદ્ધ બુદ્ધ થયા. પંચશતિ નામના અમારા બનાવેલા ગ્રંથમાં કહ્યું છે કે

तिरोभाव निज ऋद्धिनो, आविर्भाव प्रकाश ॥
परमातमपद ते कह्युं, ते पदनो हुं दास ॥ १ ॥

પરમાત્મ સ્વરૂપ એજ સારમાં સાર આદેયમાં આદેય છે. અનંત ગુણથી વિરાજીત શુદ્ધાત્મા, અંતર્યામી ધ્યાનથી પૂર્ણ પ્રકટે છે. જરા માત્ર પણ પોતાના ગુણમાં ન્યૂનતા રહેતી નથી; એમ આત્મ ઉપાસક, આત્મપ્રભુસેવક શ્રીયશોવિજયજી પોતાના સ્વરૂપનું ગાન કરે છે. આવી રીતે ગ્રાહ્ય આત્મસ્વરૂપ જાણી, ધ્યાનશતકમાં કથન કરેલ ધ્યાન પ્રયોગે સ્વવીર્ય પ્રગટ કરી શુદ્ધાત્મની ઉપાસના કરી પૂજ્ય બને છે, ચતુર્થ ગુણસ્થાનકથી ઉપશમ સમકિત, ક્ષયોપશમસમકિત, અને ક્ષાયિક સમકિતથી આત્મસ્વરૂપની ઉપાસના કરાય છે, તથા વળી ચતુર્થ ગુણ સ્થાનકથી ઉપશમ ચારિત્રથી, અને ક્ષયોપશમ ચારિત્રથી, શુદ્ધ ચરણની ઉપાસના થાય છે. અષ્ટમ ગુણસ્થાનકથી, ક્ષપક શ્રેણિએ ચઢેલો આત્મા કર્મપ્રકૃતિઓને ખેરવતો, નવમા દશમા ગુણઠાણાને સ્પર્શતો, બારમા ગુણઠાણે આવે છે. બારમા ગુણઠાણે ક્ષયોપશમભાવનું જ્ઞાન છે, અને ત્યાં દર્શનાવરણીય કર્મનો પણ ક્ષયોપશમભાવ છે. બારમા ગુણ-

ઠાણાને અંતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, એ ત્રણ કર્મનો ક્ષય કરે છે, મોહનીય કર્મનો નાશ દશમા ગુણ ઠાણે કરે છે, એમ ચાર ઘાતી કર્મનો ક્ષય કરી આત્મા તેરમા ગુણઠાણે આવે છે. અને ત્યાં સયોગી કેવળી કહેવાય છે. શરીર છતાં આયુષ્યની મર્યાદાએ કેવળજ્ઞાની ભવ્ય જીવોને ધર્મઉપદેશ આપે છે. આયુષ્ય મર્યાદા પૂર્ણ થતાં, શુકલ ધ્યાનના ચરમ બે પાયાનું ધ્યાન કરી, ગુણ-ઠાણાતીત થઇ, એક સમયમાં ઉર્ધ્વ ગમન કરી, સમ શ્રે-ણિએ સિદ્ધ શિલાની ઉપર–એક યોજનના ચોવિશ ભાગ કરીએ તેમાં ત્રેવિશ ભાગ નીચે મૂકી ચોવિશમા ભાગની ઉપર સાદિ અનંતમે ભાગે પરમાત્મ રૂપે સમયે સમયે અનંત સુખના ભોકતા થઈ વિરાજે છે. પોતાના શુદ્ધ સ્વ-રૂપનો ભોગ તેજ નિશ્ચય નયથી જોતાં ગ્રાહ્ય છે, અને તેમાંજ રમણતા કરવી ઇષ્ટ છે. આવી રીતે સૂક્ષ્મભેદની વિચારણાથી, અંતર્જ્ઞાન કે જે ઇંદ્રિયોથી નહિ દેખાયેલું એવું હૃદયમાં પ્રગટ થાય છે. અને તેથી અહંવૃત્તિ સમૂ-લતઃ ભેદજ્ઞાનથી નાશ પામે છે. ભેદજ્ઞાન હંસની ચંચુ માફક છે. હંસ પોતાની ચંચુથી દૂધ અને પાણી બેને ભિન્ન કરી, દૂધનું પાન કરે છે, તેમ આત્મા પણ વિવેક-દૃષ્ટિ ભેદજ્ઞાન રૂપ ચંચુથી જલ સમાન પુદ્ગળ વસ્તુ અને દુગ્ધ સમાન ચૈતન્ય વસ્તુ ભિન્ન કરી, ચૈતન્ય સ્વરૂપ ગ્રહે

છે. સમ્યગ્ ભેદજ્ઞાનથી આત્મા જડ અને ચૈતન્ય લક્ષણોને ભિન્ન ભિન્ન પણે પારખી શકે છે.

દુહા.

कायादिपर्याय सहु, पुद्गलना पर्याय ॥
आत्मप्रदेशे कर्म पण, पुद्गलकार्य सोहाय ॥ ४५ ॥
चेतन पण जडसंगते, जडता रूप जणाय ॥
तिरोभाव निज शक्तिथी, आच्छादनता थाय ॥४६॥
अहंवृत्ति आच्छादती, अन्तर निजगुणशक्ति ॥
अहंवृत्तिता जो टळे, परमातम पद व्यक्ति ॥ ४७ ॥

આ-
કાયા, લેશ્યાદિ સર્વ પુદ્ગલ સ્કંધોના પર્યાય છે.
ત્માના પ્રદેશોની સાથે ક્ષીર નીરવત્ પરિણમેલું કર્મ પણ
પુદ્ગલ પર્યાયો છે. અહો!! ચેતન પણ જડની સંગતિથી
જડ જેવો બની ગયો છે. અને તેથી આત્માના અનંતગુણો
સૂર્યતેજ જેમ વાદળથી ઢંકાય છે, તેમ કર્મયોગે આચ્છા-
દિત થયા છે. આત્માના ગુણો તિરોભાવે વર્તે છે, તે જેમ
જેમ કર્માવરણ જેજે પ્રમાણમાં ટળે છે, તેતે પ્રમાણમાં
આવિર્ભાવતાને પામે છે, જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ,
વા ક્ષાયીકભાવ થવાથી, જ્ઞાનગુણ આવિર્ભાવતાને પામી,
સ્વપરનો પ્રકાશ છે. દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ વા
ક્ષાયીકભાવ થતાં, દર્શનગુણ આવિર્ભાવતાને પામે છે. વ-

હનીયકર્મનો ક્ષય થતાં અવ્યાબાધ સુખ આત્મામાં પ્રગટે છે; મોહનીયકર્મનો ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, તથા ક્ષાયીકભાવ થવાથી સમ્યકિતગુણ તથા ક્ષાયીક ચારિત્રગુણ પ્રગટે છે. આયુષ્યકર્મનો ક્ષય થતાં આત્માની સાદિ અનંતી સ્થિતિ પ્રગટે છે; નામકર્મનો નાશ થતાં અરૂપીગુણ આત્માનો આવિર્ભાવતાને પામે છે. ગોત્રકર્મનો નાશ થતાં આત્માનો અગુરૂ લઘુગુણ આવિર્ભાવને પામે છે. અંતરાયકર્મનો ક્ષયોપશમ વાં ક્ષાયીકભાવ થતાં, અનંતદાન, લાભ, ભોગ, ઉપભોગ, અનંતવીર્યગુણ આત્મામાં પ્રગટે છે. આત્માના અનંતગુણો અનાદિકાળથી શક્તિભાવે છે. પણ કર્માવરણથી વ્યક્તિભાવે થયા નથી. પણ જ્યારે કર્માવરણ દૂર થાય છે, ત્યારે સ્વતઃ અનંતગુણો પોતપોતાના કાર્યગુણથી પ્રકાશ કરે છે. કર્મ છતાં આત્માની રૂદ્ધિ તિરોભાવે વર્તે છે. અને કર્માભાવે આત્માની રૂદ્ધિ પ્રગટભાવે થાય છે. કર્મની એકશોઅઠ્ઠાવન પ્રકૃતિયો આત્માની સાથે બંધાય છે, છે. કર્મનું કારણ પણ વિચારી જોતાં રાગદ્વેષમય અહંવૃત્તિ જણાય છે. માટે પોતાના આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખાદિગુણોને આચ્છાદન કરનારી વસ્તુગત્યા અહંવૃત્તિજ છે, હવે જો મુહા દુઃખદાયીકા અહંવૃત્તિતા ટળે, તો આત્માના અનંતગુણો શક્તિભાવે રહેલા છે તે વ્યકિતભાવે થાય. જેમ જેમ આત્મગુણ રમણ, તેમ તેમ

આત્મગુણો પ્રકાશતા જાય છે. અને તે તે અંશે અહંવૃત્તિનો
નાશ થાય છે. જે જે અંશે નિરૂપાધિપણું, તે તે અંશે
અહંવૃત્તિ નાશદ્વારા ધર્મની પ્રગટતા થાય છે. શ્રી ઉપાધ્યા-
યજી પણ કહે છે કે—

जे जे अंशे रे निरुपाधिपणुं, ते ते अंशे रे धर्म;
सम्यग्दृष्टि रे गुणगणा थकी, जाव लहे शिवशर्म.

આત્મજ્ઞાની અલ્પજીવનમાં પ્રબલ પુરૂષાર્થથી સ્વસા-
ધ્ય સિદ્ધિ કરે છે. અહંવૃત્તિનાશક જ્ઞાન છે. માટે આ-
ત્મજ્ઞાન સંપ્રાપ્ત કરવું. આત્મઅજ્ઞાનથીજ સંસારકાર્યમાં
પુનઃ પુનઃ ચિત્તવૃત્તિ પરિભ્રમે છે, અને તેથી સ્વગુણરમણ-
તામાં પ્રેમ થતો નથી. જ્ઞાનદશા ભજતાં પરપરિણતિ સહેજે
ટળે છે. કહ્યું છે કે—

ज्ञानदशा जे आकरी, तेह चरण विचारो; ॥
निर्विकल्प उपयोगमां, नहीं कर्मनो चारो. आतम. ॥

જ્ઞાનદશા જે આકરી કહેતાં શુદ્ધ સ્વભાવમાં રમણતા
રૂપ તેજ ચારિત્ર જાણો. નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાનોપયોગે
આત્મા જ્યારે વર્તતો હોય, ત્યારે કર્મનું આવાગમન થતું
નથી. વળી કહ્યું છે કે—

श्लोक.

आत्माऽज्ञानं हि विदुषामात्मज्ञानेन हन्यते ॥

तपसाप्यात्मविज्ञानहीनैस्तत्तु न शक्यते ॥ १ ॥

આત્મઅજ્ઞાનથી પુદ્ગલ પદાર્થ કે જેવા શરીર, મન-
વાણી, લેશ્યાદિમાં આત્મત્વ ભ્રમ ધારણ કરતાં કર્મગ્રહણ
તથા દુઃખ થાય છે. કહ્યું છે કે—**मिच्छतेणं उदिण्णेणं अठकम्म
पयडीओ बंधंति** આત્મઅજ્ઞાનથી થએલાં દુઃખ, કષ્ટક્રિયા,
તપ વિગેરેથી ટળતાં નથી, પણ જેમ હિમવિકારનું દુઃખ
અગ્નિથી ટળે છે, તેમ આત્મઅજ્ઞાનજન્ય દુઃખ છે, તે
આત્મજ્ઞાનથી ટળે છે; આત્મજ્ઞાનના પણ બે ભેદ છે; એક
ભેદજ્ઞાન અને બીજું અભેદજ્ઞાન. તેમાં દ્રવ્યગુણ પર્યાયની
વહેંચણ કરવી તેને ભેદજ્ઞાન કહે છે. આત્માના ત્રણ ભેદ
પાડવા; અથવા જ્ઞાનાદિગુણ આત્માથી કથંચિત્ ભિન્ન ક-
હેવા, ઈત્યાદિ સર્વ ભેદજ્ઞાન છે. ગુણપર્યાય સહિત દ્રવ્ય
અથવા જ્ઞાનદર્શનચારિત્ર તેજ આત્મા છે, ઈત્યાદિ અભે-
દજ્ઞાન જાણવું, આત્મજ્ઞાની વિષમભાવોમાં પણ સમભાવે
જોનાર હોય. વિષયમભાવો જેવા કે કપટી, નિંદક, પાપી,
કદાગ્રહી, દ્વેષી, લોભી, દુષ્ટમાં પણ સમભાવ રાખે. આત્મ-
ધ્યાનમાં રમણતા કરતાં, મુક્તિના સુખનો સાક્ષાત્ અનુભવ
થાય છે. જીવતાં જેને મુકિતનાં સુખ પ્રાપ્ત થયાં, તેને
મૃત્યુ બાદ પણ તે સુખની પ્રાપ્તિ થશે. માટે ભવ્યજીવે
પૂર્વોકત જ્ઞાનદ્વારા સમભાવે આત્માને ભાવી અહંવૃત્તિનો
નાશ કરી, આત્મસુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. અહંવૃત્તિ

ટાળવા પુનઃ પુનઃ પુરૂષાર્થ કરવો. અહંવૃત્તિથી આત્માની કેવી સ્થિતિ થાય છે. તે બતાવે છે.

दुहा.

परम हंस सन्यासी हुं, जाणे नाहि सन्यास ॥
बहिर्वृत्ति बहुधा भजे, करे न सत्य प्रकाश ॥ ४८ ॥
बाहिरद्दष्टा दृश्यनो, अहं वृत्तिथी भेद ॥
अहंवृत्ति बहिरात्मता विविध अर्पे खेद ॥ ४९ ॥
प्रथमगुणस्थानक रह्या, जाणो जीवानंत ॥
व्यक्ताव्यक्तस्वरूपमां, कालानादि रहंत ॥ ५० ॥

ભાવાર્થ—સન્યાસગ્રહણ કરી, હું સંન્યાસી છું, એમ અભિમાન ધારણ કરવાથી, વૃત્તિ બાહ્યભાવમાં રમે છે, અને તેથી સત્યસ્વરૂપનો પ્રકાશ થતો નથી. બાહિરવસ્તુનો આત્મા દૃષ્ટા બને છે, અને વળી દૃશ્ય એવી બાહ્યવસ્તુમાં, અનેક-પ્રકારના ભેદ કલ્પે છે. અને બાહ્ય દૃશ્ય પદાર્થોમાં પ્રિય, સુખ, અસુખાદિના ભેદ કલ્પીને, બાહ્યવસ્તુના ત્યાજ્ય અત્યાજ્યમાં અવિવેકરૂપ વિવેક અહંવૃત્તિથી કલ્પ્યા છે, અને તેથી બહિરાત્મ પદની પ્રાપ્તિ થાય છે. અનેક પ્રકારના મનમાં થતા ખેદને અર્પનાર અહંવૃત્તિ છે. પ્રથમ ગુણસ્થાનકમાં અનંતજીવ રહ્યા છે, તેઓ પણ અહંવૃત્તિભાક્ જાણવા. વ્યક્ત વા અવ્યક્તસ્વરૂપમાં પણ અનાદિકાળથી અહંવૃત્તિ-

મારકજીવ જાણવો. કારણુ પામી આત્મા જ્યારે સ્વસ્વરૂપનો જ્ઞાતા બને છે, ત્યારે અહંવૃત્તિનો નાશ કરવા પ્રયત્ન કરે છે. અહંવૃત્તિ મહા કેફી વસ્તુ કરતાં પણુ બુરી છે. અહં-વૃત્તિ મહા માયાનું સ્વરૂપ છે. જ્યાં આત્મા નથી, તેવી પરવસ્તુમાં અહંભાવવાળી અહંવૃત્તિ મહા રાક્ષસી સરખી જાણી તેનો નાશ કરવો. અહંવૃત્તિ મમતારૂપ છે. જગતના નશ્વરપદાર્થોને મારા કલ્પનાર અહંવૃત્તિનોજ આ સર્વ પ્રપંચ છે. અહંવૃત્તિનો નાશ થતાં, સમભાવની પ્રાપ્તિ આત્મામાં પ્રગટે છે. માટે હે ચેતન ! મમતાનું કારણુ જે અહંવૃત્તિ તેને દૂર કર. અહંવૃત્તિનું સેવન કરવાથી, હે ચેતન ! તું અનેક દોષ-પાત્ર બન્યો છું. અનેક પ્રકારના પદાર્થોમાં અહંવૃત્તિ કલ્પી અજ્ઞાનથી આત્મા નરકનિગોદનાં મહા દુઃખ પામ્યો. અનં-તજીવોની સાથે અનંત જન્મ ધારણુ કરી, આ જીવે વૈર ઝેર કર્યું, તે પણુ અહંવૃત્તિના યોગેજ સમજાય છે. જેમ કાષ્ઠપુતળીઓને મદારી દોરી ફેરવી, મરજીમાં આવે તેમ નચાવે છે, તેમ અહંવૃત્તિએ જીવોને અજ્ઞાનથી ગમે તેમ નચાવ્યા અને જીવો પણુ નાચ્યા કરે છે. નાટકીયાની પેઠે આ જીવ અનેક પ્રકારનાં શરીર ગ્રહી નાચ્યો, તેનું કારણુ પણુ અહંવૃત્તિ છે. આત્મા શુદ્ધ સ્વભાવનો નિશ્ચયથી જોતાં ભોક્તા છે, પરંતુ અહંવૃત્તિના યોગે પરમાં પરિણુમી પરનો ભોક્તા બન્યો. અને હજી પણુ પરસ્વભાવથી વિરામ પામતો

નથી, તે ઓછું ખેદકારક નથી. ધતુરભક્ષણ કર્તાને જેમ દૃશ્ય શ્વેતવસ્તુઓમાં પીતત્વ ભાન થાય છે, તેમ અહંવૃત્તિથી દૃશ્ય વસ્તુઓ કે જે જડ છે, તેમાં પોતાની ભ્રાંતિ થવાથી આત્મા પોતાના સ્વરૂપને જાણી શક્યો નહીં, અને જેઓએ પોતાના સ્વરૂપને જાણ્યું છે, તેઓ નામ રૂપથી આત્માને ભિન્ન સમજી, સત્યપણે શ્રદ્ધા કરી, ધ્યાનાસક્ત થયા છે કહ્યું છે કે.

नहिं नाम रूप जेनां ज्योतिरूप ते तो सहि,
निजमां निज परखायोरे हेजी.
निर्भय देशी शुद्ध प्रदेशी, ज्ञानिजन सोहि बतलायोरे;
आतम अमरछेजी.
कोइ एक ज्ञानियो विचारेरे, आतम अमरछेजी.

નામ અને રૂપથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ છે. તે પોતાના જ્ઞાનથી, પોતાની મેળે પ્રકાશે છે. નિર્ભય અસંખ્યપ્રદેશી આત્માને સર્વજ્ઞે કથ્યો છે. એવો શુદ્ધ આત્મા નિશ્ચય નયથી જાણી, તેની પ્રાપ્તિ કરવા ધ્યાન કરવું.

શિષ્ય—જ્યારે આત્મા અરૂપી શુદ્ધ છે ત્યારે તે કર્મનું ગ્રહણ શી રીતે કરે છે.

ગુરૂ—હે ભવ્ય! એકાગ્રચિત્તથી શ્રવણ કર. આત્મા શુદ્ધ કહ્યો, આત્મા પરમાત્મારૂપ કહ્યો; ઇત્યાદિ સર્વ આ-

ત્માની સત્તાનું વર્ણન છે આત્મા સત્તાથી પરમાત્મ જેવો છે, પણ જ્યાં સુધી રાગદ્વેષ છે, ત્યાં સુધી આત્મા પરમાત્મારૂપ થઈ શકતો નથી. અર્થાત્ વ્યકિતભાવે થઇ શકતો નથી. તેથી તે રાગદ્વેષ યોગે કર્મનું ગ્રહણ કરે છે; પરમાત્મરૂપ વ્યકિતભાવે થયા પશ્ચાત્ કર્મનું ગ્રહણ થતું નથી— કર્મગ્રહણ તો રાગદ્વેષાદિ યોગે થાય છે, તે બતાવે છે.

दुहा.

आकर्षेऽहंवृत्तिथी, कर्माष्टकने हंस ॥
यथा शुचि लोहचुम्बके, करतो निजगुण भ्रंश ॥ ५१ ॥
कर्माष्टकनी वर्गणा, समजो नयव्यवहार ॥
अनुपचरितासद्भूतथी, कर्त्ता चेतन धार ॥ ५२ ॥

ભાવાર્થ—જેમ લોહચુંબકવડે, સોયનું આકર્ષણ થાય છે, તેમ હંસ એટલે આત્મા રાગદ્વેષરૂપ અહંવૃત્તિથી, આઠકર્મનું આકર્ષણ કરે છે. વ્યવહારનયની અપેક્ષાએ, જ્ઞાનાવરણીયાદિક પુદ્ગલકર્માદિકનો કર્ત્તા ચેતન જાણવો. ત્યાં અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી આત્મા કર્મનો કર્ત્તા છે, અને ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી ગ્રહ દુકાનાદિકનો કર્ત્તા આત્મા જાણવો; તથા સ્વજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી પુત્રાદિકનો કર્ત્તા અને વિજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી ધનાદિકનો કર્ત્તા આત્મા જાણવો. તથા

સ્વજાતિ વિજાતિ ઉપચરિત અસદ્ભુતવ્યવહારથી નગર આદિ વિગેરેનો કર્ત્તા આત્મા જાણવો. તથા અશુદ્ધનિશ્ચયનયથી રાગદ્વેષનો કર્ત્તા આત્મા છે, અશુદ્ધક્રિયાનો કર્ત્તા આત્મા અનાદિકાળથી છે, તેથી ષટ્કારક પણ આત્મમાં અશુદ્ધપણે પરિણમ્યાં છે; અને તેથી આત્મા પરપરિણતિને ધારતો છતો, શુદ્ધ પરિણતિ સ્વરૂપ વિસરી ગયો છે. સર્વ સંસારિ-જીવોની અહંવૃત્તિયોગે આવી અવસ્થા થઇ ગઇ છે. કર્મ-રૂપે આકર્ષેલાં પુદ્ગલોનો ચાર પ્રકારે મોદક દ્રષ્ટાંતે બંધ પડે છે તે દર્શાવે છે.

दुहा.

आकर्ष्यां जे पुद्गलो, चउविह तेनो बंध ॥
प्रकृत्यादिक कर्मथी, जीव पुद्गल संबंध ॥ ५३ ॥
रुपी अरुपी परिणम्यां, क्षीरनीर दृष्टांत ॥
भेदज्ञाननी योजना, विना थइ महा भ्रान्त ॥ ५४ ॥

રાગદ્વેષથી આકર્ષેલાં પુદ્ગલોનો પ્રકૃતિબંધ, સ્થિતિ-બંધ, પ્રદેશબંધ, અને રસબંધ, એ ચાર પ્રકારે બંધ પડે છે; કર્મની એકશો અઠ્ઠાવન પ્રકૃતિયોરૂપ પુદ્ગલનો જીવની સાથે અનાદિકાળથી સંબંધ થયો છે. આકર્ષેલાં કર્મ-રૂપી પુદ્ગલો રૂપી છે, અને તે જીવની સાથે ક્ષીરનીરની પેઠે પરિણમ્યાં છે. ભેદજ્ઞાન વિના કર્મ અને આત્માની ભિ-

જાતા પ્રતિભાસ્યા વિના, બેને એક રૂપે ગ્રહણ કરી આત્માએ મહાભ્રાંતિ ધારણ કરી.

दुहा.

शरीर मन वाणी तथा, पुद्गल सहुथी भिन्न ॥
असंख्यप्रदेशी आतमा, निर्भय निजगुणलीन ॥ ९५ ॥
अहंवृत्ति परमां जगी, परवस्तुमां सार ॥
मानी चेतन भ्रांतिथी, अटतो सबसंसार ॥ ९६ ॥

ભાવાર્થ—શરીર, મન, વાણી તથા ધનાદિક પુદ્ગલથી ભિન્ન અસંખ્યપ્રદેશી આત્માનું સ્વરૂપ અવધારવું. સાત સાતભયથી અતીત તથા અનંતગુણમય આત્મસ્વરૂપ છે; અહંવૃત્તિપરમાં જાગૃતિ પામવાથી, પરવસ્તુમાં સાર માનતો, આત્મા અજ્ઞાનરૂપ ભ્રાંતિથી સર્વસંસારમાં પરિભ્રમણ કરે છે;

दुहा.

सुरता लगी न आत्ममां, कर्यो न उद्यम नित्य ॥
मुक्ति पण छे आत्ममां, जो वश वर्ते चित्त ॥ ९७ ॥
सम्यग् गुरुगम ज्ञानथी, करतो शिष्य प्रयत्न ॥
श्रद्धाज्ञा भक्ति ग्रही, पामे निजगुण रत्न ॥ ९८ ॥
कर्त्ता भोक्ता कर्मनो, हर्ता जेह कथाय ॥
रत्नत्रयी आधारभूत, आत्मस्वरूप लक्षण ॥ ९९ ॥

આત્માની સાથે ઉપયોગ ભાવની એકતાનતા થઈ નહીં; અને વળી આત્મગુણપ્રાપ્તિકારક ધ્યાન સ્મરણાદિક ઉદ્યમ કર્યો નહીં, તેથી લોકાકાશના પ્રતિપ્રદેશે આત્માએ અનંતિવાર જન્મ મરણ ધારણ કર્યાં. પણ જો આત્મસ્વરૂપમાં ચિત્તવૃત્તિ રમે, અને પરને ગ્રહે નહીં, વિકલ્પ સંકલ્પ દશા છુટે, સંવરાવસ્થામાં આત્મા વર્તે, તો આત્મામાંજ મુક્તિ છે. આત્માનોજ બંધ છે, અને આત્માનીજ મુક્તિ છે. સમ્યગ્ ગુરૂગમથી પ્રાપ્ત કરેલા જ્ઞાનથી, શિષ્ય આત્મસ્વરૂપાર્થે પ્રયત્ન કરતો છતો, જ્ઞાન દર્શન ચારિત્ર વીર્યાદિ ગુણરત્નની પ્રાપ્તિ કરે. આત્મશ્રદ્ધા પ્રાપ્ત થવી મહા દુર્લભ છે, માટે પ્રથમ સુગુરૂની શ્રદ્ધા હોય, અને સુગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલે અને સુગુરૂની ભક્તિ કરે, તો સુગુરૂ પ્રતાપે આત્મપદ પ્રાપ્ત કરે છે. આત્મા વ્યવહારનયથી કર્મનો કર્ત્તા તથા ભોક્તા છે, અને ચારિત્રમાં રમણ કરવાથી, કર્મનો હર્તા પણ થાય છે. રત્નત્રયીનો આધાર આત્મા જ્ઞાન ગુણથી ઓળખાય છે.

दुहा.

रूपी अचेतन जाणवुं, वर्णादिक पर्याय ॥
पुद्गल द्रव्य अनंतता, व्यापक लोक सदाय ॥ ६० ॥
पुद्गल परिणत आतमा, वर्ते नय व्यवहार ॥
कालऽनादि भङ्गथी, जीव अनंता धार ॥ ६१ ॥

પુદ્ગલ દ્રવ્ય રૂપી અને અચેતન છે, તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પર્યાય છે. પરમાણુઓરૂપ પુદ્ગલદ્રવ્ય અનંતા છે, અને તે પુદ્ગલપરમાણુઓ લોકાકાશવ્યાપક છે; પુદ્ગલપરિણામી આત્મા વ્યવહારમાં વર્તે છે, અનાદિકાલથી અનંત જીવો કર્મસાથે પરિણમ્યા છે; આ સંબંધી વિશેષ વર્ણન પૂર્વે કર્યું છે, તેથી સામાન્ય શબ્દાર્થ માત્રનું અત્ર વર્ણન કર્યું છે.

दुहा.

रागेद्वषे परिणमी, अशुद्धवृत्ति थाय;
कर्माष्टक ग्रहतो भावि, भवभवमां भटकाय. ॥ ६१ ॥
शक्ति विचारे सिद्ध सम, जग जीवो सहु जोय;
कर्माच्छादक प्राणिया, व्यक्तपणे नवि होय. ॥६२ ।

રાગદ્વેષે પરિણમેલી અશુદ્ધવૃત્તિ કહેવાય છે, અને તે અશુદ્ધવૃત્તિથી અષ્ટકર્મને ગ્રહણ કરતો જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. અજ્ઞાનથી કલ્પેલાં કુંટુંબાદિકમાં જીવ મમતાથી બંધાઇ રાગદ્વેષ કરે છે. રાગદ્વેષયોગે જીવ રજ્જુ વિના પણ બંધાયો છે, કાદવવિના ખરડાયો છે. જીવ રાગદ્વેષે કરી સંસારમાં આડાઅવળો અથડાય છે. આત્મા, જ્ઞાનથી આત્મા વિચારે છે કે—'અરે ! મારી સ્વરૂપમાં સ્થિતિ રહી નથી, અજ્ઞાનથી મોહ પામેલો જીવ વૃથા જન્મે છે,

અને વૃથા મરે છે. પ્યારા પદાર્થોની ઉપર અપ્રિયતા રહી છે, અને શાતાજન્યસુખોની ઉપર દુઃખો રહ્યાંજ છે; ક્ષણુભંગુર પદાર્થોને વાંછી, અથવા મેળવી, રાજી થવું એ પણ વ્યર્થ છે' જો વિચિત્રલક્ષ્મીઓને મેળવી મન બહુ રાજી થતું હોય, તો હું તો એમજ ધારૂં છું કે તે સંપત્તિયો પણ ઘણાં કષ્ટ વેઠવાથી મળે છે; પાછું તેઓનું રક્ષણ કરવામાં પણ ઘણાં કષ્ટ છે; અને રક્ષણ કરતાં પણ અવશ્ય જતી રહે છે. માટે તેઓ સંપત્તિયો નથી, પણ વિપત્તિયોજ છે. જેમ પતંગીયું અગ્નિની શિખાઓમાં લંપટ થાય છે, તેમ હું પણ વિષયસુખની જ્વાળાઓમાં લંપટ થયો છું. આખો સંસાર દુઃખભોગોની પરાકાષ્ટારૂપ કહેવાય છે, તો દેહથીતો સુખ મળેજ કયાંથી ? મનરૂપ વાનરાની લીલાઓ દેખવા માત્રજ રમણીય છે. પણ પરિણામે વિનાશ ઉપજાવનારી છે; એમ મારા જાણવામાં આવ્યું, આ મનરૂપી ચોરે મને લાંબા કાળ સુધી કનડી, દુઃખ આપ્યું છે; માટે હવે હું મનના વશ થઇશ નહીં. આ દેહ હું છું, અને આ ધનાદિક મારાં છે, એ રીતે મારા મનમાં સ્ફુરેલા ખોટા વિચારનું પરિણામ મેં જાણ્યું. વળી વિચારતાં જણાય છે કે, આ સંસારમાં કઇ વસ્તુ સારી છે કે જેના પ્રયત્નમાં હું દોરાઉં ? કોઇ પણ વસ્તુ સારભૂત લાગતી નથી. આ જગત્માં જેનો ઉત્પાદ છે, તેનો વિનાશ નજરે દેખાય છે. માટે હું કઇ

વસ્તુને પોતાની માનું, જ્યાં રાગ, ત્યાં દ્વેષ થયા કરે છે. વળી રાગ અને દ્વેષથી આ જગત્ વિષમ દેખાય છે. આ જગત્માં અનેક રાજાઓ થઇ ગયા, ચક્રવર્તિ થઇ ગયા, પણ કોઇએ જગત્ના મોહથી સત્યસુખ પ્રાપ્ત કર્યું નહીં. સ્વાત્મજ્ઞાનવિના વિષ્ટાના કીડાના કરતાં ભૂંડી મારી અવસ્થા થઈ. મેં બાહ્યદૃષ્ટિથી દેખાતા પદાર્થોજ સાચા માની લીધા. શ્રી સદ્ગુરૂ શરણ ઉપકારદૃષ્ટિથી કર્યું નહીં. સ્વપ્નમાં દેખાતા પદાર્થો જેવા આ દૃશ્ય પદાર્થોમાં અહંભાવકલ્પના ફોગટ છે; વંધ્યાને સ્વપ્નાની અંદર દેખાએલા પુત્રમાં અહંભાવ જેમ નકામો છે, તેમ આ દેખાતા પુદ્ગલસ્કંધરૂપ પદાર્થોમાં અહંભાવકલ્પના વ્યર્થ છે. અગ્નિનો સ્વભાવ તે જલનો નથી, અને જલનો શીતત્વસ્વભાવ તે અગ્નિનો નથી, તેમ આ-ત્માનો ધર્મ તે જડમાં નથી, અને જડનો ધર્મ તે આત્મામાં નથી. ઝાંઝવાના જળથી જેમ તૃષાની નિવૃત્તિ થતી નથી, તેમ તૃષ્ણાજલથી આત્માની શાંતિ થતી નથી. ફેરપુંદડી ફરતાં જેમ વૃક્ષાદિક ફરતાં દેખાય છે, તેમ ભ્રાંતિથી પુ-ત્રાદિક પોતાના ભાસે છે-જેમ ભ્રાંતિથી બે ચંદ્ર આકાશમાં લાગે છે, તેમ દેહમાં પણ ભ્રાંતિથી આત્મબુદ્ધિ થાય છે. જેમ નાનાં બાળક લાકડાની ઢબુડીને સ્ત્રી કલ્પી, હરખાય છે, તેમ આત્માએ પણ અજ્ઞાનથી સ્ત્રી વિગેરેને પોતાનાં કલ્પી, હર્ષ-વિષાદનું સેવન કર્યું. હવે હું આત્માને જ્ઞાનધ્યાનથી પુષ્ટ

કરીશ. અશુદ્ધવૃત્તિનાં કાર્ય વેશ્યા સમાન સમજી, શુદ્ધવૃત્તિનું સેવન કરીશ. રાગદ્વેષરૂપ અશુદ્ધ વૃત્તિને હવે હું કષ્ટપ્રદ સમજીશ. આ પ્રમાણે અંતરાત્માની વાણીના ઉદ્ગાર સાંભળી, શુદ્ધવૃત્તિ પ્રમોદભાક્ થઇને કહેવા લાગી કે—હે આત્મપતિ ! તું હવે જ્યારે પોતાનું સ્વરૂપ સમજ્યો, ત્યારે સુખી થયો. હે આત્મા તને ધન્ય છે કે આવી વિવેકબુદ્ધિની પ્રાપ્તિ તેં કરી. આત્મા કહે છે કે, " હે શુદ્ધવૃત્તિ સ્ત્રી શ્રવણ કર. હું તારા સંગમાં રહેતો નહોતો તેનું કારણ અજ્ઞાનજ હતું. અજ્ઞાને મને સંસારરૂપ નગરના ચોરાશી લાખ ચઉટામાં રખડાવ્યો, અને મને મોહરૂપકેફનું પાન અશુદ્ધવૃત્તિએ કરાવી, જ્ઞાનદર્શનચારિત્રરૂપ લક્ષ્મી લૂંટી લીધી. અશુદ્ધવૃત્તિએ એવી ઇન્દ્રજાળવિદ્યા પાથરી કે મને તેમાં કંઈ ભાન રહ્યું નહીં. સદ્ગુરૂના ઉપદેશથી મારી અંતરદૃષ્ટિ ખુલી, તેથી જાણ્યું કે, અહો ! હું ક્યાં અને જડના ધર્મો ક્યાં ! હું ક્યાં ! અને અશુદ્ધવૃત્તિ ક્યાં ! અરે અશુદ્ધવૃત્તિની જેટલી દુષ્ટતા કહું તેટલી ઓછી છે " શુદ્ધવૃત્તિ કહે છે, " હે સ્વામિનાથ ! તમો અશુદ્ધવૃત્તિ વેશ્યાના ઘેર રહેતા હતા, અને તે તમને ફસાવી તમારૂં કાળજું ફોલી ખાતી હતી, તે સર્વ મારા જાણવામાં હતું, પણ તમો તેના વશમાં હતા, તેથી મારૂં કંઇ ચાલતું નહોતું. મારી પાસે આવ્યાથી હવે તેનું કંઇ ચાલવાનું નથી. આત્મા કહે છે કે

હે શુદ્ધવૃત્તિ! હવે હું તારી પાસેથી કદી ખસનાર નથી. રાગદ્વેષ, નિંદા, નિદ્રા, આલસ્ય, વિષય, કષાય, ચોરોનું હવે મારી પાસે કંઇ ચાલવાનું નથી. સ્વસ્વરૂપરમણુતારૂપ ઘરની બહાર જતાં તે ચોરોએ મને ખુબ લૂંટયો હતો. પણ હવે હું પરસ્વભાવરૂપ ઘરની બહાર ગમન કરનાર નથી. માયાનાં વિષવૃક્ષો વાવી, મેં નઠારાં ફળોનું ભક્ષણ કરી પોતાની મેળે દુઃખ ઉત્પન્ન કર્યું. અરે! શુદ્ધવૃત્તિ તારી સં-ગતિથી, મને અપૂર્વ સુખ પ્રાપ્ત થયું છે, તેવું સુખ મને કોઈપણ સ્થાને મળ્યું નહોતું. હે શુદ્ધવૃત્તિ! તારી સ્થિરતા શાંતતા અપૂર્વ છે. તું ખરેખરી પતિવૃતા છે" શુદ્ધવૃત્તિ કહે છે કે,—"હે સ્વામિન! આપની પણ અકળ કળા છે. આપ અનંતરૂદ્ધિના ભોક્તા હો; આપે જે ભૂલ કરી હતી, તેમાં અશુદ્ધવૃત્તિનું આચરણ હતું. હવે ગઈ વાતને વિસ્મરો. આપ હવે અસંખ્ય પ્રદેશરૂપ ઘરમાં રહી જ્ઞાનધ્યાન લીન-તાથી સમયે સમયે અનંતસુખને ગ્રહણ કરો. આપ હવે અનુભવમંદિરમાં નિર્વિકલ્પદશાયોગે રહી અપૂર્વશાંતિ ભો-ગવો. આપની શક્તિ સિદ્ધસમાન છે. અનેકર્માપગમથી વ્યક્તિપણે પણ અનંત સિદ્ધસમાન થાઓ તેવા હો. જે પ્રાણીયોના કર્મનો નાશ થાય છે, તે સિદ્ધબંધુ બને છે, માટે તમો પણ જ્ઞાનધ્યાન અપ્રમાદદશા યોગે સિદ્ધસમાન થાઓ એમાં કશું આશ્ચર્ય નથી. અંતરાત્મા તેજ પરમાત્મા

છે. હું પણ તમારી સહચારિણી થઈશ. આ પ્રમાણે શુદ્ધ-વૃત્તિ અને અંતરાત્માનો વાર્તાલાપ પ્રસંગ ઘટાડયો છે.

दुहा.

अवळी परिणति आत्मनी, वर्ते तब संसार;
सवळी परिणति आत्मनी, निर्मल पद निरधार. ॥६३॥
शुद्ध स्वरुपाधारमां, ध्यान लगे सुखकार;
भवभ्रमणा सहेजे टळे, पामी चिद्घन सार. ॥६४॥
भोग रोगसम लेखवे, आत्मार्थी जे भव्य;
आत्मिकशुद्ध स्वभावता, ज्ञानि जन कर्तव्य. ॥६५॥

ભાવાર્થ—આત્માની અવળી પરિણતિ જ્યાં સુધી વર્તે છે, ત્યાં સુધી સંસાર છે. આત્માની સવળી પરિણતિ થતાં, મલરહિત પરમાત્મપદ પ્રાપ્ત થાય છે, એમાં જરા-માત્ર શક નથી. શુદ્ધ અનંતધર્મ આધારીભૂત આત્માનું ક્ષયોપશમભાવે. સ્થિરોપયોગથી સુખ કરનારૂં ધ્યાન થાય, તો આ સંસારની ભ્રમણા સહજવારમાં નષ્ટ થાય, અને ચિદ્ઘનઆત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય. આત્માર્થી ભવ્યપુ-રૂષ પંચેંદ્રિય વિષયભોગોને રોગ સમાન જાણે. પ્રારબ્ધ કર્મોદયે પંચેંદ્રિય વિષયભોગો ભોગવાય, તોપણ તેમાં રાગદ્વેષથી લેપાય નહીં. અંતરથી ન્યારો વર્તી, ભોગોને ઉદાસીનવૃત્તિથી ભોગવતાં, જ્ઞાની કર્મબંધ અલ્પ કરી શકે

છે. શ્રીવીરભગવાન્ સંસારાવસ્થામાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાને સહિત હતા. તોપણ ગૃહસ્થાવાસમાં ભોગાવલિ કર્મના ઉદયે રહ્યા હતા. અને પંચેંદ્રિય વિષય-ભોગની સામગ્રી ભોગવતા હતા, પણ વૈરાગ્યબળ અને જ્ઞાનબળથી અંતરથી ન્યારાવર્તી, ઉદાસીનપણે જલપંકજવત અલેપ રહેતા હતા. અને જ્યારે ભોગાવલી કર્મનો ઉદય ક્ષીણ થઇ ગયો, ત્યારે લીંટની પેઠે ગૃહસ્થાવાસનો ત્યાગ કર્યો. ક્ષયોપશમની ઇન્દ્રિયો દરેક પોતપોતાનું કાર્ય કરી શકે છે, પણ તે ઇન્દ્રિયોના વિષયોમાં રાગ વા દ્વેષભાવ ધારણ કરવાથી કર્મબંધ થાય છે. અજ્ઞાનીને ઇન્દ્રિયગ્રાહ્ય વિષયોમાં રોચક વા અરોચકભાવ બંધાઈ ગયો છે. જ્ઞાનીને એમાંનુ કશું નથી. જ્ઞાની પણ ખાય છે, અજ્ઞાની પણ ખાય છે, જ્ઞાની પણ ચાલે છે, અજ્ઞાની પણ ચાલે છે, જ્ઞાની જળ પીએ છે, અજ્ઞાની પણ જલ પીએ છે, જ્ઞાની દરેક રંગ દેખે છે, અને અજ્ઞાની પણ અનેક રંગ દેખે છે. પણ બંન્નેમાં એટલો ફેર છ કે, જ્ઞાનીની ભેદદૃષ્ટિ ખુલી છે, અને અજ્ઞાનીની ભેદદૃષ્ટિ ખુલી નથી. અજ્ઞાનીની દૃષ્ટિમાં બાહ્યપદાર્થોમાં સુખ ભાસે છે, ત્યારે જ્ઞાનીની દૃષ્ટિમાં અંતર્ આત્મસ્વરૂપમાં સુખ ભાસે છે. અજ્ઞાની બાહ્યપ્રતિષ્ઠામાં પોતાના જીવનની સાફલ્યતા સમજે છે, ત્યારે જ્ઞાની બાહ્ય-પ્રતિષ્ટાને નાકના મેલ સમાન ગણી, આત્મસ્વરૂપની સ્થિ-

સ્તામાં પ્રતિષ્ઠા સમજે છે. અજ્ઞાની કીર્તિને માટે રાત્રી દિવસ મનમાં અનેક પ્રકારની ઝંખના કરે છે, અને જો કીર્તિનો કોઇપણ પ્રકારે નાશ થઇ ગયો, તો મરણ પામે છે, ત્યારે જ્ઞાની કીર્તિ અને અપકીર્તિ નામ કર્મનાં પુદ્ગલોથી થતી દુનીયામાં કીર્તિ અને અપકીર્તિમાં જરામાત્ર સુખ સમજતો નથી, અને તેથી કોઈ કીર્તિ કરે વા અપકીર્તિ કરે, તોપણ જરામાત્ર ખેદાતુર ન થતાં, સમભાવથી આનંદમાં મગ્ન રહે છે; અજ્ઞાની સ્ત્રી ધનને પોતાના માની તેના દાસ જેવો બની જઈ, પોતાને ભાગ્યવંત માને છે. ત્યારે જ્ઞાની સ્ત્રી ધનમાં આત્મત્વ જરામાત્ર દેખતો નથી, તેથી તે ધનાદિક હોય વા ન હોય તોપણ સમભાવી થઈ, જ્ઞાનાનંદ અમૃતનો આસ્વાદી થાય છે. અજ્ઞાની બાહ્ય મહત્તામાં મહાસુખ સમજી, તેની અત્યંત વાંછા કરે છે. અને બાહ્યસત્તાથી મહત્ત્વ પામેલા રાજા ગૃહસ્થોને પુનઃ પુનઃ નમન સલામ કરે છે, ત્યારે આત્મજ્ઞાની બાહ્યસત્તા મહત્તાને દેહમેલ સમાન ગણી અંતર્ અનુભવી જ્ઞાનિયોની મહત્તાને પ્રમાણભૂત ગણી તેમને નમસ્કાર કરે છે, વંદન કરે છે, પૂજન કરે છે, અને બાહ્યમહત્તાને ફુટેલા ઢોલ સમાન લેખે છે. અજ્ઞાની વાડી, ગાડી, લાડી, તાડીમાંજ જ્યારે સુખનો સેવધિ કલ્પી લે છે, ત્યારે જ્ઞાની વાડી ગાડી લાડીને માટીનાં પૂતળાં કલ્પી લેછે; તેથી તેમાં કંઇ પણ

તેને સુખ ભાસતું નથી. જ્ઞાની આત્મા વિના અન્યત્ર સુખનો લેશ પણ દેખી શકતો નથી. અજ્ઞાની પુદ્ગલાનંદી હોય છે, અને તે પુદ્ગલાનંદીનાં લક્ષણ શ્રી અધ્યાત્મસારમાં પરમજ્ઞાની ઉપાધ્યજીએ સારી રીતે વર્ણવ્યાં છે. જ્ઞાની થવાથી કંઇ શરીરમાં ફેરફાર થઇ શકતો નથી. જ્ઞાનીને ઓળખવા માટે બાહ્ય લક્ષણ આભૂષણાદિક નથી. પણ જ્ઞાનીને ઓળખાવનાર આત્મજ્ઞાન છે. માટે જે આત્મજ્ઞાનીએ આત્મસ્વરૂપમાં સુખ દીઠું છે, તેને બહારના કોઇપણ પદાર્થમાં સુખ પ્રતિભાસતું નથી; અને બાહ્યના પદાર્થોમાં યાવત્ પર્યંત સુખબુદ્ધિ છે, તાવત્ પર્યંત આત્મતત્ત્વમાં સુખની બુદ્ધિ થઇ નથી; એમ સમજવું. બાહ્યના ભોગાદિક પદાર્થોમાં સુખબુદ્ધિ જેને હોય છે, તે મિથ્યાત્વી કહેવાય છે. સત્ય અનંતસુખ આત્મામાંજ છે. એવી પૂર્ણ શ્રદ્ધા થઇ નથી. ત્યાં સુધી જીવ અજ્ઞાની જાણવો. આત્મામાંજ જ્ઞાનીને પૂર્ણ સુખની શ્રદ્ધા હોય છે. તેથી તે સમકિતી કહેવાય છે. તેથી જ્ઞાનીની ક્રિયા મોક્ષ માર્ગ સાધનારી થાય છે. આત્મામાંજ સત્ય પૂર્ણ સુખની દ્રઢ અવિચળ શ્રદ્ધા થવાથી જ્ઞાની ચારિત્રમોહની યાદિ કર્મનો ક્ષય કરવા માટે, ઉપાધિભૂત સંસારાવસ્થા ત્યાગી, પંચમહાવ્રત અંગીકારરૂપ વ્યવહારચારિત્ર અંગીકાર કરી, નિર્વૃત્તિપદ સેવે છે. હવે વિચારો કે એવા જ્ઞાનીને બાહ્યપૌદ્ગલીક ભોગ તે

રોગ સમાન લાગ્યા વિના કેમ રહે ! અર્થાત્ લાગેજ. આત્મજ્ઞાનીને આત્માનો શુદ્ધ સ્વભાવ પ્રગટ કરવો, એજ કર્ત્તવ્યમાં કર્તવ્ય સારમાં સાર છે. આત્માભિમુખતા ક્ષણે ક્ષણે ઉપયોગ ભાવથી અંતરમાં સેવવી. વ્યવહારીક કાર્ય કરતાં પણ, આત્માના ગુણ પર્યાયનું ચિંતવન કરવું. સાત નયોથી આત્મસ્વરૂપ વિચારવું. સંગ્રહનયની અપેક્ષાએ આત્મસત્તા અવલંબી ધ્યાન કરવું. શુદ્ધ વ્યવહારથી દ્રવ્યગુણ પર્યાય ભેદ પાડી, આત્મધ્યાન કરવું. એમ આત્મસ્વરૂપનું ક્ષણે ક્ષણે અંતરવૃત્તિથી સેવન કરવું. ચકલી પોતાનાં ઈંડાંને જો સેવે નહીં તો. ઈંડાં કોહી જાય છે, અર્થાત્ બગડી જાય છે. મયુરી પણ ઈંડાંનું સેવન કરે છે, તેથી ઈંડાંની અંદર રહેલો જીવ પુષ્ટ થાય છે. અને પશ્ચાત્ તે ઈંડાં કુટવાથી બહાર નીકળે છે. માટે સેવનક્રિયામાં અદ્ભૂત શક્તિ સમાઈ છે. સમુદ્રમાં રહેલી કાચબી પોતાનાં ઈંડાં સમુદ્રની બહાર રેતીમાં આવી દાટી જાય છે, અને પછી તે જતી રહે છે. પછી સમુદ્રમાં રહી વારંવાર પોતાનાં ઇંડાંની યાદી કર્યા કરે છે. મારાં બચ્ચાં સુખી છે, મારાં બચ્ચાંને શાંતિ છે, મારાં બચ્ચાં મોટાં થાય છે, એમ વારંવાર મનમાં ચિંતવન કર્યા કરે છે, તેથી તે ઈંડાં મ્હોટાં થઈ તેમાંથી બચ્ચાં નીકળી પાણીમાં ચાલ્યાં જાય છે. જો તે કાચબીને કોઈ મારી નાંખે, વા આફતથી ઇંડાંનું ચિંતવન કરે નહીં; તો

તે ઈંડાં સડી જાય છે. દરીયામાં દૂર રહેલી કાચબીનું મન ઈંડાંમાં હોવાથી ઈંડાં સેવાય છે, તેમ અત્ર પણ સમજવું કે જ્ઞાનીનું મન આત્મામાં રહેવાથી, અને મનથી ક્ષણે ક્ષણે આત્માનું સેવન કરવાથી, આત્મા તે પરમાત્મરૂપ બને છે. એવો અંતરવૃત્તિથી આત્મપ્રભુસેવનનો અદ્ભૂત મહિમા જાણવો. માટે જ્ઞાન ધ્યાનવડે આત્મ સેવના ક્ષણે ક્ષણે કરવી, કે જેથી સકળ કર્મ ક્ષયદ્વારા મુક્તિસુખ પ્રાપ્ત થાય.

दुहा.

शाताशाता वेदनी, समभावे वेदाय; ॥
भावे संवरता लही, निजपदमां वर्ताय. ॥ ६६ ॥

लगी न ताळी ध्याननी, घटयुं न ममता मान ॥
लगी न वृत्ति लक्ष्यमां, तब तक हे अज्ञान. ॥६७॥

शुद्ध सद्गुरु संगते, पामे प्राप्ति ज्ञान; ॥
विवेकदृष्टि जागतां, आवे निजगुण भान. ॥ ६८ ॥

आवे निजगुण भान तब, प्रगटे ज्ञानप्रकाश; ॥
अनुभवसुखनी ल्हेरियो, वेदतां विश्वास. ॥ ६९ ॥

ભાવાર્થ—શાતા વેદનીય. તેમજ અશાતા વેદનીય જો રાગદ્વેષ વિનાસમભાવે વેદાય, તો ભાવસંવરતા પ્રાપ્ત કરી, પોતાના સ્વરૂપમાં વર્ત્તિ શકાય છે. શ્રી વીરપ્રભુને કર્ણમાં ગોપે ખીલા

માર્યા હતા, તો પણ જરા માત્ર પણ ગોપના ઉપર દ્વેષ કર્યો નહોતો; તથા વળી વીરપ્રભુને ચંડકોશીક સર્પ કરડયો હતો, તોપણ તેના ઉપર જરા પણ દ્વેષ કર્યો નહોતો. શ્રી વીરપ્રભુને સાધુ અવસ્થામાં દેવતાઓએ સ્તવના–પ્રશંશા કરી તોપણ તેઓના ઉપર રાગભાવ કર્યો નહીં. શ્રી વીરપ્રભુએ છદ્મસ્થ અવસ્થામાં પણ ગામોગામ વિચરીને શાતા અને અશાતા વેદનીય સમભાવે વેદી, તેથી તેમણે પરમાત્મપદ પ્રગટ કર્યું, તેમ શ્રી ચરમ તીર્થંકર વીરપ્રભુની પેઠે પુણ્ય અને પાપનાં ફળ ભોગવતાં, પણ સમભાવે વર્તે, હર્ષ શોક ઉત્પન્ન થાય નહીં; એવી જ્ઞાનવડે શમાવસ્થાની ઉત્પત્તિ, શાતા અને અશાતાવેદનીય ભોગવતાં પણ, અંતરમાં વર્તે તો અલ્પકાળમાં સકળકર્મનો ક્ષય થઇ જાય, શ્રી સ્કંધકસૂરિના શિષ્યોની પેઠે દુઃખ ભોગવતાં સમાવસ્થા પ્રગટે તો કલ્યાણ થાય, તથા ગજસુકુમારની પેઠે શ્વસુર ઉપર દુઃખ દેતાં, પણ સમભાવ વર્તે, તથા પૃથ્વી ચંદ્ર અને ગુણસાગરની પેઠે શાતા વેદનીયના હેતુઓ પ્રાપ્ત થયા છતાં, પણ સમભાવ વર્તે, તો અલ્પકાળમાં મુક્તિ થયા વિના રહે નહી. સમકિતી જીવોને આવા પ્રકારનો સમભાવ વર્તી શકતો નથી જ્ઞાન વિના આવો ઉત્તમ શમભાવ આવતો નથી. અજ્ઞાનાવસ્થામાં પણ મિથ્યાત્વયોગે શમાભાસ કોઇ જીવોમાં માલુમ પડે છે, પણ તે યથા પ્રવૃત્તિકરણનો છે. તેટલા માત્ર શમથી

રાજી થવું નહિ. ઉત્કૃષ્ટ શમભાવની પ્રાપ્તિ થતાં કંઇ અવશેષ રહેતું નથી.

મનુષ્યજન્મ પ્રાપ્ત કરી, કામાદિક ભોગ ભોગવી, ખુશી થનાર અજ્ઞાની જીવોજ છે, પણ મનુષ્યજન્મ સંપ્રાપ્ત કરી, આત્મજ્ઞાન કરવું, અને આત્મજ્ઞાનદ્વારા ધ્યાન કરવું, એજ સર્વોત્કૃષ્ટ માર્ગ છે. આત્મા અને પરમાત્મસ્વરૂપની ઐક્યતારૂપ ધ્યાનની તાળી લાગી નહિં, અને મમતા માન ઘટ્યું નહિ, અને જ્યાં સુધી આત્મસ્વરૂપ રૂપ લક્ષ્યમાં વૃત્તિ લાગી નહિ, ત્યાં સુધી બહિરાત્મદશા એટલે અજ્ઞાનભાવ સમજવો, અર્થાત્ અંતરઆત્મામાં સુખ છે તે સંબંધી જરાપણ વિચાર કર્યો નહી, પૌદ્‌ગલિક ભાવથી ભિન્ન જ્ઞાનદર્શન ચારિત્રગુણ વિશિષ્ટ અસંખ્ય પ્રદેશી હું આત્મા છું, એવી વિવેકદ્રષ્ટિ જાગી નહિ; અને ધર્મધ્યાનાદિકમાં પ્રવેશ થયો નહીં, ત્યાં સુધી અજ્ઞાનજ છે. સમ્યગ્મતિજ્ઞાન અને સમ્યક્શ્રુતજ્ઞાન પ્રાપ્ત થતાં, આત્મસ્વરૂપ ઓળખાય છે, અને તેના ઉપર પ્રેમ થાય છે. અને અંશે અંશે મમતા અને માન ઘટે છે; તેથી ચોથા ગુણઠાણે પણ ધર્મધ્યાનની અસ્તિતા છે; પ્રથમ ગુણઠાણે ધર્મધ્યાનની અસ્તિતા કહી નથી. ચોથા ગુણઠાણે ઉપશમ સમકિત, ક્ષયોપશમ સમકિત, અને ક્ષાયિક સમકિતની અસ્તિતા છે. ચોથા ગુણઠાણે મતિ અજ્ઞાનાદિ હોતાં

નથી. ચોથાગુણઠાણાની પ્રાપ્તિ બીજના ચંદ્રમા સમાન કહેલી છે. મિથ્યાત્વ જ્યાંસુધી છે, ત્યાં મતિ અને શ્રુતપણ અજ્ઞાનરૂપ જાણવું. હવે પ્રસંગે જ્ઞાનના ભેદ કહે છે. આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અને પાંચમું કેવલજ્ઞાન. ત્યાં પ્રથમ મતિજ્ઞાનના અઠ્ઠાવીસ ભેદ છે. તેમાં અવગ્રહ, ઇહા, અપાય, અને ધારણા એ ચાર ભેદ છે. મન અને ચક્ષુવિના બાકીની ચાર ઇંદ્રિયોવડે વ્યંજનાવગ્રહના ચાર ભેદ થાય છે. મનને ચક્ષુ અપ્રાપ્યકારી હોવાથી, તેમનો વ્યંજનાવગ્રહ થઇ શકતો નથી. અર્થનો પરિચ્છેદ કરનાર અર્થાવગ્રહને છ ઇંદ્રિયોવડે છ પ્રકારનો જાણવો. અને તે પ્રમાણે ઇહા, અપાય, અને ધારણાના ભેદો મેળવતાં ચોવીશ ભેદ થયા. તેમાં વ્યંજનાવગ્રહના ચાર ભેદો મેળવતાં અઠ્ઠાવીશ ભેદ થયા. એ અઠ્ઠાવીશ ભેદોને બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અનિશ્ચિત, નિશ્ચિત, અને ધ્રુવ, એ છ ભેદ તથા એના પ્રતિપક્ષી છ ભેદ મળી, બાર પ્રકારે ગણતાં, ત્રણસોછત્રીસ ભેદ થાય છે. જૂદી જૂદી જાતના અનેક શબ્દોને જુદા જુદા ઓળખવા તે બહુ છે; તે હરેકના પાછા સ્નિગ્ધ મધુરાદિક ભેદો જાણવા તે બહુવિધ છે. તે ઝટ પોતાનારૂપે ઓળખવા તે અચિર છે; લિંગ વગરનું જાણવું તે અનિશ્ચિત છે; સંશયવિના જાણવું, તે નિશ્ચિત છે, કોઇવેળા નહીં પણ અત્યંત જાણવું તે ધ્રુવ છે;

મતિજ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ એક જીવની અપેક્ષાએ છાસઠ સાગરોપમ અધિક છે; એટલા કાળ પ્રમાણવાળું ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાન પણ છે. શ્રુતજ્ઞાનના ચાૈદ ભેદ છે; અક્ષર, સંજ્ઞિ, સમ્યક્, સાદિ, સપર્યવસિત, ગમિક, અને અંગપ્રવિષ્ઠ, એ સાત ભેદ અને તેના પ્રતિપક્ષી સાતભેદ મેળવતાં, ચઉદભેદ થાય. અવધિજ્ઞાનના બે ભેદ છે. (૧) ભવપ્રત્યયિક અને (૨) ગુણપ્રત્યયિક; તેમાં નારકીના જીવો અને દેવતાઓને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન છે, ભવપ્રત્યયિક અવધિજ્ઞાન ઉત્કૃષ્ટપણે તેત્રીસસાગરોપમ, અને જઘન્યથી દશહજાર વર્ષ પર્યંત છે. ત્યાં અનુગામિ એટલે ભવાંતરે સાથે આવતું જ્ઞાન તે અપ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય છે; અને જન્મસુધી રહે તે પ્રતિપાતિ છે. ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન બે પ્રકારનું છે; તિર્યંચોનું અને મનુષ્યોનું, તે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ છાસઠ સાગરોપમ ઝાઝેરૂં હોય છે. તે બેવાર કોઇ વિજય વિમાને જાય, અથવા ત્રણવાર અચ્યુત દેવલોકમાં જઇ, ત્રણજ્ઞાન સહિત મનુષ્યપણે જન્મે ત્યારે થાય છે. અનુગામી, અનનુગામી, વર્ધમાન, અને અવર્ધમાન, તથા પ્રતિપાતિ અને અપ્રતિપાતિ, એ છ પ્રકારે અવધિજ્ઞાનના ભેદો જાણવા. અવધિજ્ઞાન નિશ્ચયથી પ્રત્યક્ષ અને રૂપીદ્રવ્ય વિષયી છે; એ ત્રણે સમ્યક્દષ્ટિ જીવને હોય ત્યારે જ્ઞાન ગણાય છે; તેમાં મતિશ્રુત તો બે

સાથેજ રહે છે; અને અવધિજ્ઞાન સાથે પણ થાય; અને પછીથી પણ થાય. એ ત્રણ જ્ઞાનના સ્વામી પર્યાપ્તસંજ્ઞિ પંચેંદ્રિય જીવો હોય છે વળી પરભવનું આવેલું અવધિજ્ઞાન અપર્યાપ્ત સંજ્ઞિમાં પણ ગણાય કહ્યુ છે કે, **सन्नि अपज्जत्तेवि हु परभावियं ओहिनाणंतु** એમ ધર્મરત્ન પ્રકરણમાં કહ્યું છે. પરમાવધિઅંત મુહુર્ત હોય છે. લોકાકાશ પ્રમાણુ જે અવધિજ્ઞાન થાય છે, તે અપ્રતિપાતિ અવધિજ્ઞાન ગણાય છે. અપ્રમત્તયતિને મન સંબંધી જે જ્ઞાન થાય, તે મનઃપર્યવ જ્ઞાન કહેવાય છે. મનઃપર્યવના બે ભેદ છે; ઋજુમતિ મનઃ પર્યવજ્ઞાની અઢીઆંગળઉણું સમય ક્ષેત્ર જુવે છે. અને વિપુલમતિ સંપૂર્ણ ક્ષેત્ર જુવે છે. મનઃપર્યવ જ્ઞાન જઘન્યથી અંતમુહૂર્ત પ્રમાણ હોય, અને ઉત્કૃષ્ટ દેશોનપૂર્વકોટિ વર્ષ પર્યંત હોય; જિનસિવાય કોઇકને વખતે અવધિજ્ઞાન વિના પણ મનઃપર્યવજ્ઞાન થાય છે; શ્રુતકેવલિ, આહારક, ઋજુમતી, અને ઉપશમ શ્રેણીવાળા જીવ પડે તો પાછા અનંતભવ પરિભ્રમણ કરે છે; બાકી વિપુલમતિનોં અપ્રતિપાતિ જાણવું. પંચમ કેવલજ્ઞાન સર્વ દ્રવ્ય તથા સર્વ પર્યાયગોચર છે. તેના બે ભેદ છે; ભવસ્થ, અભવસ્થ; તેમાં ભવસ્થ કેવલજ્ઞાન જઘન્યથી અંતમુહુર્ત અને ઉત્કૃષ્ટ દેશેઉણી પૂર્વકોટિ હોય, અભવસ્થ કેવલજ્ઞાન સાદિ અપર્યવસિત છે. સર્વજ્ઞાનોમાં શ્રુતજ્ઞાનજ ઉત્તમ છે; કેમકે તે દી-

પકની માફક સ્વ અને પરપ્રકાશક છે. બાકીનાં જ્ઞાન મૂક છે. કેવલજ્ઞાની પણ જે બોલે છે, તે વચનરૂપ હોવાથી, શ્રુત જ્ઞાન છે; તેમ જાણતો પણ મૂકકેવલી બોલી શકતો નથી, તેથી તે બીજાને ઉપદેશ આપી તારી શકતો નથી. જ્ઞાન મહામોહરૂપ અંધકારની લહેરોને હરવા સૂર્યોદય સમાન છે. દુર્જય કર્મરૂપ ગજોને હણવા જ્ઞાન સિંહ સમાન. જીવ અને અજીવ વસ્તુઓ દેખવા માટે જ્ઞાન લોચન સમાન છે. જે અપૂર્વજ્ઞાન શિખે, તે તીર્થંકરપદ પ્રાપ્ત કરે છે. અને અન્યોને અપૂર્વજ્ઞાન શિખવે તો મહાફળ મોક્ષરૂપ થાયજ; કોઈ અજ્ઞાની જીવ પણ માષતુષની પેઠે સમ્યગ્જ્ઞાનમાં ઉદ્યમ કરતો છતો, કેવલ જ્ઞાનની પ્રાપ્તિ કરે છે. જ્ઞાની સંવિગ્ન પાક્ષીક છતાં, પણ જેવું દ્રઢ સમ્યકત્વ ધારી શકે છે, તેવા જ્ઞાનવિના અજ્ઞ તીવ્રતપ કરતો છતો પણ, દ્રઢ સમ્યકત્વ ધારણ કરી શકે નહીં. જૈની દીક્ષા પામીને પણ જે પરમાર્થતત્વના અજાણ સંસારમાં વારંવાર પરિભ્રમણ કરે છે, તેમાં જ્ઞાનાવરણીયનો દોષ છે. વળી જ્ઞાનવિનાનું ચારિત્ર શું ફળ આપે છે તે કહે છે—

गाथा.

नाण विहूणो चरणुज्जुओवि न कयावि लहइ निव्वाणं ।
अंधुव्व धावमाणो निवडइ संसार कूवंमि. ॥ १ ॥

अन्नाणी कुणउ कहं संवेगपरायणो त्ति संतोवि ॥
जिणभणियं जइधम्मं सावयधम्मंच विहिपुव्वं. ॥ २ ॥

જ્ઞાનરહીત કોઇ ચારિત્રમાં તત્પર હોય, તો પણ તે મોક્ષ નહીં પામતાં, આંધળાની માફક દોડતો થકો સંસાર-કૂવામાં પડે છે. સંવેગમાં પરાયણ અને શાંત એવો અજ્ઞાની જીનેશ્વર કથિત યતિધર્મ અને શ્રાવક ધર્મનું શી રીતે આ-રાધન કરી શકે? અર્થાત્ નજ કરી શકે માટે હમેશાં જ્ઞાન આપવું. દ્રવ્યાનુયોગ આદિજ્ઞાતા એવા મુનિરાજોને અનુસરવા, અને જ્ઞાનીની નિંદા કરવી નહીં. આત્મજ્ઞાની મુનિરાજોના ચરણ કમળની ઉપાસના કરવી. આત્મજ્ઞાન વિના ભવાંત થવાનો નથી. માટે શુદ્ધ સુગુરૂની સંગતિ કરી જ્ઞાનની પ્રાપ્તિ કરવી. સદ્ગુરૂ ગમથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે સફળ જાણવું. સદ્ગુરૂ પાસે જ્ઞાન શિખતાં વિ-વેક દ્રષ્ટીની જાગૃતિ થાય છે. અને તેથી પોતાના સ્વ-રૂપનું ભાન આવે છે. અને જ્યારે પોતાના આત્મ સ્વ-રૂપનું ભાન આવ્યું, ત્યારે સત્ય જ્ઞાનનો પ્રકાશ હૃદયમાં ભાસે છે. અને આત્માનુભવયોગે સ્થિરતાથી અનંત સુ-ખની લહરીયોનો વેદક આત્મા બને છે. અને આત્મ સુખ વેદતાં, આત્મ તત્ત્વનો પૂર્ણ પણે વિશ્વાસ થાય છે, અને જડ વાદને દેશવટો મળે છે. અનુભવ જ્ઞાનથી, આત્મ સુખનો ભોગ મળે છે; અને તેથી આત્મસ્વરૂપ રમણતામાં

ચોલ મજીઠનો રંગ લાગે છે, તે સંબંધી નીચેનું અનુભવ પદ જાણવું.

पद.

अवधूत निरपक्ष विरला कोइ ए राग. ॥

अवधूत अनुभवपद कोइ रागी, दृष्टि अन्तर जस जागी;
अवधूत.

जलपंकजवत् अन्तर न्यारा, निद्रासम संसारा ॥
हंसचंचुवत् जडचेतनकुं, भिन्न भिन्न कर धार्या. अवधूत. ॥१॥
पुद्गलसुखमें कबहु न राचे, औदयिकभावे भोगी; ॥
उदासीनता परिणामे ते, भोगी निजधन योगी. अवधूत. ॥२॥
क्षायोपशमिकभाव मतिश्रुत, ज्ञाने ध्यान लगावे; ॥
आपहि कर्त्ता आप अकर्त्ता, स्थिरताये सुखपावे अवधूत. ॥३॥
कारक षट् घट अन्तर शोधे, परपरिणतिकुं रोधे; ॥
बुद्धिसागर चिन्मय चेतन, परमातमपद बोधे. अवधूत. ॥४॥

જેની અન્તર દ્રષ્ટી જાગી છે, એવા કોઇ અનુભવી પુરૂષો આત્મ સ્વરૂપના રાગી જાણવા. તેવા આત્માનુભવી પુરૂષો જલમાં જેમ કમળ નિર્લેપ રહે છે, તેમ પોતે સંસારમાં પરભાવરૂપ જલથી નિર્લેપ રહે છે. અને તેવા અનુભવિ મહાત્માઓ જેમ કોઇને ગાઢ નિદ્રા આવી

હોય તે કશું જાણી શકે નહીં તેમ સંસારની ખટપટો વિકલ્પ સંકલ્પોમાં ગાઢ નિદ્રાની પેઠે વર્તે છે. અર્થાત્ સંસાર દશામાં અનુભવિ મુનિરાજો જરા પણ મનને લક્ષ આપતા નથી. વળી અનુભવિ મુનિરાજોએ હંસની ચંચુની પેઠે જડ અને ચૈતન્ય ભાવ ને ભિન્ન ભિન્ન કરી ધાર્યો છે. વળી અનુભવિ મુનિરાજો પુદ્ગલ સુખમાં કદી રાચતા નથી. ઔદયિક ભાવ ભોગમાં પણ ઉદાસીનતા પરિણમે છે; મુનિરાજ આત્મ ધનભોગી યોગી છે; ક્ષાયોપશમિકભાવના મતિશ્રુત જ્ઞાને કરી આત્મ ધ્યાન લગાવતાં, આત્મા પોતાના સ્વરૂપનો કર્ત્તા, અને પર સ્વભાવનો અકર્તા થાય છે; આત્મિક શુદ્ધ ધ્યાનની સ્થિરતાથી સુખ થાય છે. વળી આત્મધ્યાની મુનિરાજ કર્તા, કર્મ કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, એ છ કારક અંતરમાં શોધે અને પરપરિણતિનો રોધ કરે. એવા મુનિરાજ પરમાત્મ પદની પ્રાપ્તિ કરે છે; તપ જપ ક્રિયાદિકથી પણ રાગ દ્વેષક્ષય દ્વારા આત્મ વિશુદ્ધિ કરવાની છે; ભવ્ય જીવો આત્મસાધક થઈ અનુભવાખંડાનંદથી આયુષ્ય સમાપ્તિ કરે છે,

दुहा.

आत्मासंख्य प्रदेशमां, स्थिरता अद्भूत होय; ॥
परपुद्गलथी भिन्नता, स्पष्टपणे अवलोय. ॥ ७०॥

नयप्रमाणे आत्मनी, सद्दहणा प्रगटाय; ॥
अडगवृत्ति मेरू यथा, तथा चरणता पाय. ॥ ७१ ॥
घट अन्तर सहु रूद्धिनो, होवे स्वयंप्रकाश; ॥
शुद्धस्वभावे तत्त्वथी, केवल धर्मविलास. ॥ ७२ ॥
निर्वाणे निजलक्ष्यतो, घटमां छे निर्वाण. ॥
ज्ञाने जो निजलक्ष्यतो, अन्तर केवलनाण. ॥ ७३ ॥

ભાવાર્થ—આત્મધ્યાનાનુભવથી અસંખ્ય પ્રદેશમાં અદ્‌ભૂત સ્થિરતા પ્રગટે છે, અને તેવી અદ્‌ભૂત સ્થિરતાથી પર પૌદ્‌ગલીક વસ્તુથી સ્પષ્ટપણે આત્માની ભિન્નતા ભાસે છે. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્રનય, શબ્દ, સમભિરૂઢ અને એવંભુતનયથી આત્મસ્વરૂપ જાણતાં આત્મતત્ત્વની શુદ્ધ શ્રદ્ધા પ્રગટે છે. અને તેથી આત્મ વીર્યોલ્લાસથી ઉપયોગભાવે ધ્યાન કરતાં, મેરૂ પર્વતની પેઠે અચળ શ્રદ્ધા પ્રગટે છે. અને તેથી નિજગુણ સ્થિરતારૂપ ચારિત્ર અંતરમાં પ્રગટે છે. આત્મશકિત પ્રકાશ કરવાઅર્થે, હે ભવ્યો ! આ ઉત્તમ ઉપાય છે,સ્વસ્વભાવ સ્થિરતા–લીનતા–રમણતારૂપચારિત્ર તત્ત્વથી, સારમાં સાર છે. અને તેવી સ્થિતિથી, અનંત કર્મ વર્ગણાઓ ખરે છે. અને જેટલા પ્રમાણમાં જે જેગુણને આવરણ કરનારી કર્મવર્ગણાઓ ખરે છે, તે તે અંશે આત્માના ગુણો પ્રગટ થાય છે. કોઇની આંખમાં મોતિયારૂપ પુદ્-

ગળ આવરણોને લીધે, ચક્ષુ દર્શનમાં ઝાંખ પડે છે; તેને મોતિયારૂપ પુદ્ગલાવરણોનો દાકતરીય પ્રયોગથી નાશ થતાં ચક્ષુદર્શનનો સ્પષ્ટભાસ થાય છે; તે પ્રમાણે આત્મગુણોની પ્રગટતામાં પણ સમજવું. ક્ષયોપશમ ભાવ યોગે મતિજ્ઞાનાદિ તથા ચક્ષુ દર્શનાદિ ગુણોની ઉત્પત્તિ થાય છે. ક્ષાયિક ભાવે કેવલજ્ઞાન અને કેવલ દર્શનાદિ ગુણોની ઉત્પત્તિ જાણવી.

શુદ્ધ સ્વભાવે સ્મરણ કરવાથી, આત્મમાં અનંત રૂદ્ધિનો પ્રકાશ થાય છે. હે આત્મા! તારી શુદ્ધ સત્તાનું સ્મરણ કર. તું આજ્ઞાનાંધકારમાં સ્વભાન ભુલી કેમ આ-આથડે છે. પોતે સિંહ છતાં, કેમ અજવૃન્દમાં પોતાને અજ કલ્પી બેટો છે? આશું અંતરમાં સમજાતું નથી? આટલો શા માટે મોહ? શા માટે આટલી ચિત્તની અસ્થિરતા? શામાટે તું ધુમાડાના બાચક સમાન મા-યાને ગ્રહણ કરવા ઇચ્છે છે? અહો! આત્મા છેલ્લી બાજી જીતી લે. સર્વ સામગ્રી પ્રાપ્ત થઇ છે. અમૂલ્ય ક્ષણ જાય છે, ચેત!! કોઇ પણ મનુષ્યો અનેક કલેશ દ્વેષ સંતતિ દાયક પરસ્વભાવ રમણથી કિંચિત્ પણ સત્ય સુખ પામ્યા નથી, અને પામશે પણ નહિ. સ્વપ્ન પદાર્થવત ક્ષણીક પૌદ્ગલિક પ્રદાર્થ સાર્થમાં, ઇષ્ટ વા અનીષ્ટ બુદ્ધિ અજ્ઞાનથી કલ્પી, ફોગટ નિષ્ફળ જીવન ગાળે છે. અહો કેટલી મૂર્ખતા!!! રાજા સમાન આત્માને રંક સમાન,

વા ધુળ સમાન ગણી, અજ્ઞાનથી બહુ ફુલ્યો; ભવમાં ઝુલ્યો સંસારમાં સત્યાસત્યનો જરા માત્ર પણ વિચાર નહીં કરવાથી, પોતાની ભુલથી દુઃખની સામગ્રી ઉત્પન્ન કરી છે. ચેતન! જરા જ્ઞાન શકિત હોય, તો હું તને સમજાવું. સમજોતો ખરા. સ્થિર થઇ, આંખ મીચી બેશી જાઓ. કશું દેખાય છે, ના નહીં. તેવીજ રીતે આંખ મીંચાયાથી કશું અંતે દેખાવાનું નથી. સર્વ વસ્તુનો દેખનાર તથા તે સંબંધી વિચાર કરનાર તે તું પોતે છે. તું રાજાનો રાજા, સ્વામીનો સ્વામી છે. તું જ્ઞાન ધ્યાનથી આત્માનુભવ કર. હે આત્મા! તું જેમ જેમ જ્ઞાનથી પોતાના સ્વરૂપનો અનુભવ કરીશ, તેમ તેમ નવી નવી તર્ક વિતર્કની સ્ફુરણાઓ પ્રશ્ન રૂપે ઉઠશે, અને પાછી સમી જશે. અનુભવાર્થે નીચેનું પદ સ્મરણ કર.—

पद.

अरे जीव शीदने कल्पना करे—ए राग.

अनुभव आतमनो जो करे, तदा तुं अजरामर थइ ठरे; ॥
देहदेवळमां उंघ्या देवने, घडी न सुख अरे ॥
सुरता घंट उंघ भागे, जागे देव दुःख हरे; ॥
तदा तुं अजरामर थइ ठरे. ॥ १ ॥
त्यागे न जल ज्युं माछलुं भाइ, तेम गुण निज वरे; ॥
अलख अविहड आतमानी, दशा कबु नही फरे तदा. ॥२॥

पार्श्वमणिसम ध्यान तारु, सिद्धबुद्धता वरे; ॥
परम ब्रह्मस्वरूप पामी, नाम रूप नहीं धरे. तदातुं. ॥३॥
गाडीमांहि बेसीने झट, चालजे निज घरे; ॥
सारथि मनडुं अश्वइन्द्रिय, साचवे सुखसरे. तदातुं. ॥४॥
छेल्ली बाजी जीतीले भाइ, मायाथी शीद मरे; ॥
बुद्धिसागर चेत झटपट, चेतना करगरे. तदातुं. ॥५॥

હે આત્મન્ યદિ તું વિવેક દ્રષ્ટિથી સ્વપરનો વિભાગ કરી, ચૈતન્ય તત્વનો અનુભવ સમ્યગ જ્ઞાનથી શ્રીવીરપ્રભુના પેઠે કરે તો તું પણ અજરામર થઇ, સિદ્ધ શિલાની ઉપર પરમાત્મમય થઇ, સાદિઅનંતમે સ્થિર થાસ જ્યાં અનંતા સિદ્ધ છે ત્યાં તું પણ અસંખ્યાત પ્રદેશથી નિર્મલ સિદ્ધ સનાતનતા પ્રાપ્ત કરે.

શિષ્યપ્રશ્ન—હે કૃપાસિન્ધુ ગુરો એકસ્થાનમાં અનંત સિદ્ધ જીવો શી રીતે રહી શકતાં હશે! તેમજ એક આત્મના પ્રદેશ ભેગા અન્ય સિદ્ધોના પ્રદેશ રહેવાથી ભેળ સેળ પણું થઇ જાય કે નહી?

ગુરૂ—હે વિનેય, જિજ્ઞાસુ શિષ્ય એક સ્થાનમાં અનંત સિદ્ધો રહે છે, તો પણ તેમને બાધ આવતો નથી જેમ એક ઓરડામાં એક દીપકનો પ્રકાશ માઇ રહે છે, તેમજ તેજ ઓરડામાં શત દીપકનો પ્રકાશ પણ માઇ

શકે છે, તેમજ સહસ્ર દીપકનો પણ માઇ શકે છે; જેમ સહસ્ર દીપકના પ્રકાશને એક ઓરડામાં માતાં વ્યાઘાત આવતો નથી, તેમાં પણ વિચારવાનું છે કે દીપકનો પ્રકાશ તો વર્ણ ગંધરસ સ્પર્શમય પુદ્‌ગલના સ્કંધો છે, જ્યારે રૂપી પુદ્‌ગલો પણ આવી રીતે માઇ શકે છે, તો પછી અરૂપી એવા સિદ્ધાત્માઓને એક સ્થાનમાં રહેતાં, કોઇ પણ પ્રકારનો બાધ આવી શકતોજ નથી. વળી હે શિષ્ય તેં કહ્યું કે સિદ્ધાત્માના પ્રદેશો છે, તે અન્ય સિદ્ધાત્માના પ્રદેશોની સાથે મળવાથી, સેળભેળ પણું થઇ જાય. આમ કહેવું પણ યોગ્ય નથી. કારણ કે પ્રત્યેક સિદ્ધાત્મના અરૂપી પ્રદેશો અન્યાત્માના પ્રદેશો ભેગા રહે છે, છતાં પણ મળી જતા નથી. એક આકાશ પ્રદેશમાં અનંત સિદ્ધાત્મ પ્રદેશો ભેગા રહેતાં પણ પ્રત્યેક સિદ્ધાત્માની વ્યક્તિ ભિન્ન હોવાને લીધે, ભેળસેળ પણું થતું નથી. જેમ એક દુકાનમાં પાંચ ગુમાસ્તાઓ રહે, પણ દરેકની વ્યક્તિ જુદી રહે છે. કંઇ ભેળસેળ પણું થતું નથી, તેમ સિદ્ધાત્મ પ્રદેશમાં પણ સમજી લેવું. પ્રત્યેક સિદ્ધાત્મ વ્યક્તિ ભિન્ન ભિન્ન હોવાને લીધે તેમાં ભેળસેળ પણું થઇ શકતું નથી, એમ સમજી લેવું.

પૂર્વોક્ત સિદ્ધાત્મ પદની શક્તિ આ શરીરમાં રહેલા આત્મામાં સત્તાએ રહી છે. તેને સંબોધીને કહે છે કે, હે ભવ્ય! દેહરૂપ દેવળમાં અનાદિ કાળથી આત્મારૂપ દેવ

અજ્ઞાન નિદ્રાથી ઉંઘ્યો છે, તેથી પોતે કોણ છું તે ભુલી ગયો છે.

શિષ્ય પ્રશ્ન—હે પરમકૃપાળુ શરણ્ય સદ્‌ગુરૂ આપે કહ્યું કે દેહરૂપ દેવળમાં અનાદિકાળથી આત્મા રહ્યો છે, એમ શી રીતે ઘટે ! કારણ કે, દેહતો શત વર્ષ અધિક પ્રાય રહી પછી વિખરી જાય છે, તેની તેની તો આદિ છે, અને અંતપણ છે તો તમોએ તો દેહ દેવળમાં અનાદિકાળથી આત્મ દેવ રહ્યો છે, એમ કહ્યું; દેહની આદિ થઇ, તો આત્મા અનાદિ કાળથી રહ્યા, શી રીતે કહી શકાય ?

ગુરૂ ઉત્તર—હે ભવ્ય ! શ્રવણ કર **देह रुप देवळ** એક જાતનું નથી પણ તે પાંચ પ્રકારનું છે તે નીચે પ્રમાણે. **औदारीक, वैक्रिय, आहारक, तैजस**, અને **कार्मण**. એ પાંચ શરીરમાં તૈજસ અને કાર્મણ સૂક્ષ્મ શરીર કહેવાય છે. **औदारीक** સ્થુળ શરીર કહેવાય ।. ત વથ છે દનાર-તા કીનું વૈક્રિય શરીર હોય છે. ચારેગતિમાં તૈજસ અને કાર્મણ શરીર આત્માની સાથે રહે છે. અનાદિકાળથી સંસારમાં જીવ શરીર મુકે છે અને છોડે છે, પણ કોઇ વખત સંસારમાં શરીર વિના રહી શકતો નથી. પ્રવાહની અપેક્ષાએ અનાદિકાળથી આત્માની સાથે શરીરનો સંબંધ છે, અને મનુષ્યાદિ શરીરની એક વ્યકિત અપેક્ષતાં શરીર સાદિસાંત ભાંગે છે. તેથી હે શિષ્ય ! અનાદિકાળથી આ-

ત્માને દેહનો સંબંધ છે, તેથી કોઇ જાતનો વિરોધ આવતો નથી. આ ઠેકાણે દેહદેવળ ગ્રહ્યું છે, તેતો ફક્ત મનુષ્ય શરીર આશ્રી છે. તેતો સાદિસાંત ભાગે છે. દેહ દેવળમાં રહેલો આત્મા પોતાની દેવત્વ શકિતના અજ્ઞાનને લીધે, અનંત શકિતમાન્ છતાં, પણ પોતાને શકિત રહીત માને છે. વળી પોતાને દેહની પેઠે વિનશ્વર માને છે. દેહના ધર્મોનો આત્મામાં આરોપ કરે છે, દેહની વૃદ્ધિથી પોતાને વૃદ્ધ અને દેહના ક્ષીણ થવાથી પોતાને ક્ષીણ માને છે. આવી રીતે પરના ધર્મો પોતાનામાં કલ્પી, પોતાનું સત્ય સ્વરૂપ વિસરી ગયો છે. અહો ! આશ્ચર્યની વાત છે કે દેહદેવળ ક્ષણભંગુર છે, તેથી પોતાને સુખ નથી, છતાં સુખ માની ભૂલ કરે છે. ક્ષણભંગુર દેહ દેવળમાં ઉંઘવાથી ચારે ગતિમાં વિચિત્ર દુ:ખના સ્થાનભૂત આત્મા થયો. દેહ દેવળનો નાશ અણધાર્યો થાય છે, અને અન્ય દેહમાં રહેવું પડે છે. અનેક પ્રકારનાં છેદન, ભેદન, તાડન અને તર્જનનાં દુ:ખો દેહવડે ભોગવવાં પડે છે. તેવા દેહમાં વાસ કરતાં, જરામાત્ર પણ સુખ મળવાનું નથી. વળી દેહમાં સદાકાળ અશુચિ રહ્યા કરે છે. જે દેહમાં કસ્તુરી નાંખીએ છીએ તે પણ દેહમાં વિષ્ઠારૂપ બનીજાય છે. નાકમાંથી લીંટ વહ્યા કરે છે, પેટમાં કરમીયા મળ, વિષ્ઠા, મૂત્ર, વિગેરે ભર્યું છે. ચક્ષુમાંથી પીયા નીકળ્યા કરે છે,

બગલમાંથી સદા દુર્ગંધી મેળ ઉત્પન્ન થાય છે. અનેક પ્રકારના રોગો શરીરમાં કર્મ યોગે થયા કરે છે. જે દેહ સાત ધાતુથી બનેલ છે; એક પળનો પણ જેનો ભરૂસો નથી; જે દેહની બાલ, યુવા, વૃદ્ધાવસ્થા, થયા કરે છે. એવા દેહ દેવળમાં કોણ પોતાનો વાસ કલ્પે ? પોતાનો ખરોવાસ દેહમાં નથી. દેહતો પુદગલ છે, અને આત્માતો ત્રણે કાળમાં પુદ્‌ગળથી જુદી જાતિનો છે. આત્મા ચેતના ગુણવાળો છે, અને પુદ્‌ગળ સડણ, પડણ, વિધ્વંસન, સ્વભાવવાળું છે. પોતાનો ખરો વાસ તો અસંખ્ય પ્રદેશમાં છે. જે પ્રદેશો અનાદિકાળથી છે, અને અનંત છે, અસંખ્ય પ્રદેશ અરૂપી અને અક્ષર છે, અસંખ્ય પ્રદેશરૂપ વાસ આત્માનો છે. માટે શુદ્ધ ઉપયોગરૂપ સુરતાનો ઘંટ ક્ષણે ક્ષણે વાગે, ત્યારે આત્મારૂપ દેવ પોતાના સ્વભાવે જાગે, અને પોતાના સ્વભાવે જાગૃતિ પામેલો આત્મા પોતાને નડતાં અનંત દુઃખનો નાશ કરી શકે છે; અને તેવી અવસ્થા પ્રાપ્ત થતાં, હે આત્મન્! તું અજરામર થાય છે. જેમ માછલાંઓ જળનો ત્યાગ કરતાં નથી, તેમ આત્મારૂપ મત્સ્ય છે તે સ્વસ્વભાવરૂપ જલનો ત્યાગ કરે નહીં. ત્યારે પોતાના ગુણ પ્રાપ્ત કરે, અને વળી જ્યારે અવિનશ્વર અલક્ષ્ય આત્માની શુદ્ધ પરિણતિરૂપ દશા સ્થિરપણે વર્તે ત્યારે હે ભવ્ય! તું અજરામર થાય. વળી કથ્યમાન આત્માની સ્તુતિ કરતાં કહે છે કે, 'હે

આત્મા તારૂં ધ્યાન પાર્શ્વમણિ સદૃશ છે. જેમ સહસ્ત્ર મણ લોહને પણ પાર્શ્વ મણિનો સ્પર્શ થાય, તો લોહ સુવર્ણતાને ભજે છે, તેમ હે આત્મન્! તારૂં ધ્યાન કરતાં, આત્મા તે પરમાત્મા બને છે. કહ્યું છે કે–अप्पा सो परमप्पा આત્મા તેજ પરમાત્મા છે, આત્મા ધ્યાને પરમબ્રહ્મ, વા સિદ્ધત્વ પ્રાપ્ત કરી, પશ્ચાત્ કદાપિ કાળે નામ રૂપને ધારણ કરી શકતો નથી. એવી હે આત્મન્! તારી સ્થિતિ છે. હે આત્મા! ચારિત્રરૂપ ગાડીમાં બેશીને, પોતાના ઘરે ચાલજે. મન સારથિ સમાન છે. ઇન્દ્રિયો અશ્વ સમાન છે. માટે મન અને ઇન્દ્રિયો ઉપર પોતાનો અંકુશ રાખજે. મન અને ઇન્દ્રિઓના વશમાં થઈ, તેને છુટી મૂકી તો ભવકાનનમાં રખડાવશે. માટે અસંખ્ય પ્રદેશરૂપ નગર તરફ તું ચાલજે. વળી હે આત્મન્! યાદ રાખ જે કે અસંખ્ય પ્રદેશ રૂપ નગર તરફ જતાં માર્ગમાં ક્રોધ, માન, માયા, લોભરૂપ ચોરોનો વાસ આવે છે. માટે તેથી સાવધાન રહેજે. વળી હે ચેતન! અસંખ્ય પ્રદેશરૂપ પોતાના નગરપ્રતિ જતાં, મામાં ગતૃષ્ણારૂપ મોટી ખાઇ આવે છે, તેનું તળીયું જણાતું નથી. તેમાં પડી જવાય નહીં, તેનો ઉપયોગ રાખજે. વળી માર્ગમાં ચાલતાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શરૂપ વિષય વિષનાં વૃક્ષો આવે છે, તેની છાયામાં વાસ કરીશ નહીં. અને જો વાસ કર્યો, તો

મહા દુઃખ પ્રાપ્ત થશે. અને એવી તો ઘેન ચડશે, કે તેથી મરણુ શરણુ થવું પડશે. વળી હે ચેતન! માર્ગમાં ચાલતાં મોહરૂપ પલ્લિપતિ આવે છે, તે અનેક પ્રકારે તને છેતરવા પ્રયત્ન કરશે; પણુ તેથી તું છેતરાઇશ નહી. અભિમાનરૂપ અજગર માર્ગમાં પડયો છે, તેથી સાવધાન થઇ ચાલજે, માર્ગમાં જતાં, પરભાવરૂપ સિંહ મોહકાનનમાં વસે છે, તેનાથી દૂર રહી ચાલજે. પ્રમાદ દશારૂપ પિશાચણીને અપ્રમત્ત મંત્રથી જીતી લેજે. વિવેકરૂપ ચક્ષુથી, સિદ્ધા માર્ગે જોઇ જોઇને ચાલતાં, તું આત્માસંખ્યપ્રદેશ નગરને પ્રાપ્ત કરીશ. આ નગર પ્રતિ કેટલાક પુરૂષો ગમન કરવાની ઇચ્છા ધરાવે છે, પણુ ગમન કરતા નથી જીવ. કેટલાક પુરૂષો કંઇક સમજીને ગમન કરે છે, પણુ પંથમાં પૂર્વોકત પંથમાં સપડાઇ જાય છે. કેટલાક ભવ્યો પ્રમાદ દશામાં પૂર્વોકત નગરનું સ્વરૂપ પણુ સમજી શકતા નથી. કેટલાક આસન્ન ભવ્ય જીવો આવા સત્ય નગરપ્રતિ ગમન કરી, સ્વવાસ પ્રાપ્ત કરે છે, માટે હે ભવ્યજીવ ! તું ચેત, અને આ છેલ્લી બાજી જીતી લે. શા માટે મોહમાયાથી જન્મ મરણુ કરે છે? અમરપદ પ્રાપ્ત પુરૂષાર્થાધીન છે. હે જીવ ! હવે ઝટપટ ચેતી લે, અને શુદ્ધ ચેતનાતને કરગરીને કહે છે કે પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કર. આવી શુદ્ધ ચેતનાની વિજ્ઞપ્તિ શ્રવણુ કરી, આત્મા નિર્વાણુ પ્રતિ લક્ષ આપવા લાગ્યો.

નિર્વાણમાં, હે ચેતન! તારૂં લક્ષ છે, તો તારા આત્મામાંજ નિર્વાણ (મોક્ષ) છે. મોક્ષ સ્વરૂપી આત્મા છે, અને તે મોક્ષાવસ્થામાં શિદ્ધશિલાની ઉપર રહે છે.

નૈયાયીક દુઃખઅત્યંતાભાવરૂપ મુકિત માને છે. અને સુખ ગુણનો પ્રલાપ કરે છે. તેથી તેનું માનેલું મુકિતનું સ્વરૂપ યોગ્ય નથી. તથા અદ્વૈતવાદિ સર્વ વ્યાપક મુકિત માને છે, પણ તત્ત્વથી વિચારી જોતાં, સર્વ વ્યાપક આત્મા માનતાં તેનો બંધ અને મોક્ષ આકાશની પેઠે ઘટતો નથી. રામાનુજ મતવાળા તો આ પ્રમાણે કહે છેઃ—

आनन्दमयपरमात्मानि जीवात्मलयो मोक्ष इत्याहुः तत्र लयो यद्येकादशेन्द्रियसूक्ष्ममात्रावस्थितपंचभूतात्मकलिंगशरीरापगमस्तदा नामकर्मक्षय एव स इति कर्मक्षयरूपमोक्षवादिकक्षाप्रवेशो यदि चोपाधिशरीरनाशे औपाधिकजीवनाशस्तदा तेन रूपेण अकाम्यत्वात् अपुरूषार्थत्वाम् ॥ આનન્દમય પરમાત્મામાં જીવાત્માનો લક્ષ થવો, તેજ મોક્ષ છે. તેને-સ્યાદ્વાદવાદી કહે છે કે હે રામાનુજ મતવાદી! તમારો માનેલો લય એકાદશ ઇન્દ્રિય, સૂક્ષ્મમાત્રાવસ્થિત પંચભૂત સ્વરૂપ જે લિંગ શરીર, તેનો નાશ તેને મોક્ષ કહો છો. જો એવો તમારો મોક્ષ હોય, તો સંપૂર્ણ કર્મ ક્ષયથી મોક્ષ માનનાર જીન મતમાં તમારો પ્રવેશ થયો. કદાપિ જો

તમે ઉપાધિક શરીરના નાશથી ઔપાધિક જીવનો નાશ થઇ જવો તેને મુક્તિ માનતા હોય તો જીવના નાશરૂપ મુક્તિ ઇચ્છવા લાયક નથી. તથા તેવી મુક્તિ માટે પુરૂષાર્થ કોઇ કરેજ નહીં, માટે રામાનુજે માનેલી મુક્તિ યોગ્ય નથી. વળી દયાનંદ સરસ્વતિમતવાળા એમ કહે છે કે જીવ મુક્તિમાં જઇ કેટલોક કાળ રહી, પાછો સંસારમાં આવે છે. ત્યારે તે મતવાળાને પુછીએ છીએ કે મોક્ષમાં ગએલા આત્માને અજ્ઞાન અવિદ્યા ખેંચી લાવે છે. અગર તે પોતાની ઇચ્છાથી ચાલ્યો આવે છે. અથવા જ્યારે મુક્તાત્મા થાય છે, ત્યારે તેમાં શું કંઈ અવિદ્યાનો લેશ રહી જાય છે. વા ઇશ્વર તેને સંસારમાં ખેંચી લાવી જન્મ મરણ કરાવે છે. એ ચાર વિકલ્પમાંથી પ્રથમ પક્ષ જો તમે માનશો તો—તમારી માનેલી અવિદ્યા તો જડ છે, અને તમારા મતમાં તો જડ પદાર્થ કંઇ કરી શકતો નથી, તેથી અવિદ્યા કંઇ મુક્તાત્માને ખેંચી લાવે તે ઘટી શકે નહીં. અને બીજું દૂષણ એ આવે છે કે, જ્યાં સુધી અવિદ્યા છે, ત્યાં સુધી મોક્ષ પણ કહી શકાય નહીં. બીજો પક્ષ માનશો, તો તે પણ સિદ્ધ થતો નથી. કોણ મૂર્ખ મુક્તિનાં સુખ મૂકી સંસારમાં આવવાની ઇચ્છા કરે, જે મુક્તિને માટે અનેક પ્રકારના તપ, જપ, દાન, દયા, પરોપકાર જ્ઞાન ધ્યાનાદિનું સેવન કરી, મોક્ષ મેળવ્યું, તેમાંથી પાછું

કોણ આવવાની ઇચ્છા કરે; મુક્તાત્માને ઇચ્છા માનશો, તો તે પણ સિદ્ધ થતું નથી. મુક્તાત્માની ઇચ્છા સુખ વિષયી છે કે દુઃખ વિષયી છે? પુનઃ તે ઇચ્છા નિત્ય છે કે અનિત્ય છે? જો કહેશો કે મુક્તાત્માની ઇચ્છા સુખ વિષયી છે, તો તેમાં પણ વિકલ્પ કે—ક્ષણીક સુખ સંબંધી કે છે નિત્ય સુખ સંબંધી છે?. જો કહેશો કે ક્ષણીક સુખ સંબંધી ઇચ્છા છે, તો તે મુક્તાત્માને ઘટી શકે નહીં. અજ્ઞાની સંસારી જીવને ક્ષણીક સુખેચ્છા હોય છે. અને એવી જો ક્ષણીક સુખેચ્છા મુક્તાત્મામાં માનશો, તો તે પણ અજ્ઞાની મૂર્ખ સંસારીજ ઠર્યા. બીજા પક્ષમાં તમે કહેશો કે—મુક્તાત્માને નિત્ય સુખ સંબંધી ઇચ્છા છે, તો તેવું મોક્ષનું નિત્ય સુખ મૂકી ક્ષણીક સંસાર સુખ ભોગવવા કોણ અજ્ઞાની વિના બીજો મોક્ષમાંથી સંસારમાં આવવાની ઇચ્છા કરે? તમો કહેશો કે—મુક્તાત્માને સુખ વિષયી ઇચ્છા નિત્ય છે, તો હે ભવ્યો જરા આંખ મીંચી વિચારો તો ખરા કે—સુખ વિષયી નિત્ય ઇચ્છાવાળા મુક્તાત્માઓની નિત્ય સુખેચ્છા કદાપિ કાળે નાશ પામશે નહીં, અને તેથી મુક્તાત્મા કદી પાછા સંસારમાં આવી શકશે નહીં. વળી નિત્ય સુખેચ્છાવાળા મુક્તાત્માઓ સંસારનાં અનિત્ય સુખ ભોગવવા પાછા આવે, તે બને નહી, અને તેમ બને તો નિત્ય સુખેચ્છાનો લોપ થાય. અને અનિત્ય સુખેચ્છા કરવાથી

સંસાર વિના મુક્તિની સિદ્ધિ થઇ શકે નહીં. અને તેથી તમારી માનેલી મુક્તિ એક કલ્પનાનો ગપ્પગોળોજ માત્ર કહી શકાય. બીજો પક્ષ ગ્રહી, તમો માનશો કે મુક્તાત્માની ઇચ્છા દુઃખ વિષયી છે, તો તેવી ઇચ્છા મુક્તાત્માને ઘટે નહીં. અને દુઃખ વિષયી ઇચ્છા, તો એક કોઇને પણ પ્રિય નથી, અને એવી ઇચ્છા તે મુક્તિ જીવોને કહેતાં મહા મૂર્ખતા ઠરે.

વળી ઇચ્છાથી સંસારમાં કેમ આવીશકે ? કારણ કે, સંસાર બળતા અગ્નિ સમાન છે. સંસારમાં જરા માત્ર પણ સુખ નથી તેવા સંસારમાં અનંત સુખરૂપ મુક્તિને છોડીને મૂર્ખવિના કોણ આવવાની ઇચ્છા કરે ? વિચારશૂન્ય વિના આવી મુક્તિ અન્ય કોણ માની શકે ! વળી એક દ્રષ્ટાંત સાંભળો. “ એક મનુષ્ય આંખે આંધળો હતો તેથી તે બહુ દુઃખ પામતો હતો. કોઇ ડાકતરે દવાના પ્રયોગથી તેની આંખની અન્ધતા ટાળી તેથી તે સર્વ પદાર્થોને જોવા લાગ્યો. હવે તે પોતાનીમેળે શીરીતે આંખ ફોડીનાંખે, તેમ સંસારી જીવ પ્રથમ સંસારમાં મહા દુઃખી હતો, તેને સમ્યગજ્ઞાન ધ્યાનાદિથી મુક્તિ થઇ, તેથી તે સત્ય અનંત સુખ ભોગવવા લાગ્યો. તે પાછો કેમ સંસારમાં આવવાની ઇચ્છા કરે ! અલબત કદી કરેજ નહીં. વળી સત્યાર્થ પ્રકાશના નવમા ઉલ્લાસમાં લખ્યું છે કે આત્મા જ્ઞાનફલ ચાહે છે, જ્ઞાનથી

અવિદ્યા નષ્ટ થઇજાય છે. અને અવિદ્યાના નાશથી મુક્તાત્મા પુનઃ જન્મ ધારણ કરતો નથી. ત્યારે હવે દેખો કે જ્યારે તે જન્મ ધારણ કરતો નથી, ત્યારે તે સંસારમાં શામાટે આવે છે! જો તે પાછો આવે છે, તેમ માનો તો, તમારા સત્યાર્થ પ્રકાશનું લખવું ભાંગ પીનારા મનુષ્યના વચનની પેઠે બકવાદરૂપ અસત્ય થયું. તેથી મુક્તિમાંથી સંસારમાં આવવું સિદ્ધ થયું નહીં. વળી અત્ર વિચાર કરો કે જન્મ મરણરૂપ જે સંસાર કાર્ય છે, તેનું કારણ અવિદ્યા છે, તેતો જ્ઞાનથી નષ્ટ થઇગઇ, તો તેથી સંસારમાં જન્મ ધારણ કરવાનું કારણ રહ્યું નહીં. તેથી મોક્ષની સ્થિતિ સાદિ અનંતમે ભાંગે સિદ્ધ કરી. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

श्लोक.

दग्धे बीजे यथात्यंतं प्रादुर्भवति नांकुरः ॥
कर्मबीजे तथा दग्धे न रोहति भवांकुरः ॥ १ ॥

બીજ બળે છે અને જેમ અંકુરો બીજમાંથી ઉગીનીકળતાં નથી; તેમ કર્મરૂપ બીજ બળે છે તે સંસાર જન્મ મરણરૂપ ભવ પ્રાપ્ત થતો નથી. વળી મુક્તાત્માને ઇચ્છા માનવી તેપણ અયોગ્ય છે. જે મુક્તાત્માઓ કૃત કૃત્ય થયા છે, તેમને કોઇપણ પદાર્થની ઇચ્છા રહેતી નથી અને

જ્યાંસુધી કોઇપણ પદાર્થ પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય છે, ત્યાં સુધી મુક્તાત્મા કહેવાતો નથી. ઇચ્છા તો અધુરાને હોય છે. શું તમોએ મુક્તાત્મામાં કલ્પેલી ઇચ્છા જડ પદાર્થ સંબંધી છે કે ચૈતન્ય પદાર્થ સંબંધી છે? પ્રથમ પક્ષ ગ્રહી કહેશો કે મુક્તાત્માને જડ પદાર્થ સંબંધી ઇચ્છા છે, તો જડપદાર્થમાં જે સુખ માને છે, તે બહિરાત્મા કહેવાય; મુક્તાત્મા કહેવાય નહી. જડમાં સુખની ઇચ્છા વાળો અજ્ઞાની કહેવાય, સુખતો આત્માનો ગુણ છે, જડનો ગુણ નથી. બીજો પક્ષ ગ્રહશોતો પુછવાનું કે, ચૈતન્ય સ્વરૂપ આત્માની પરિપૂર્ણતાએ મુક્તાત્માએ પ્રાપ્તિ કરી છે, તો હવે કાર્ય સિદ્ધિ કર્યા બાદ ઇચ્છાની નિવૃત્તિ થવી જોઇએ. જેમ કોઇ મનુષ્યને જલ પીવાની ઇચ્છા થઇ છે, અને જ્યારે જલ મળ્યું અને પીધું, ત્યારે જલપાનેચ્છાની શાંતિ થાય છે; તે પ્રમાણે જીવાત્માને પણ અનંત સત્ય સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા હતી. જ્ઞાન ક્રિયાથી જીવાત્મા પોતે મુક્તાત્મા થઇ, અનંત સત્ય સુખ પામ્યો, તો ઇચ્છાનો નાશ થવો જોઇએ. કારણ કે, સુખ પ્રાપ્તિ રૂપ કાર્યનું કારણ સુખેચ્છા છે, તે કાર્ય પૂર્ણ થયા બાદ રહે નહી. પરીપૂર્ણ બ્રહ્મસ્વરૂપ પ્રાપ્ત થયાને કોઇ સુખની ન્યુનતા નથી કે જેથી સુખેચ્છા પણ હોય. એ પ્રમાણે ઇચ્છાનો નિષેધ મુકતાત્માને જાણવો. ત્રીજો પક્ષ પણ મુકતાત્માને ઘટતો નથી. મુકતા-

ત્મામાં અવિદ્યાનો લેશ બન્યો રહે છે, તેથી તે સંસારમાં પાછો આવે છે, એમ કહેવું આકાશ કુસુમ સદૃશ છે. કારણ કે જયાં સુધી અવિદ્યાનો લેશ માત્ર પણ છે, ત્યાં સુધી મુકતાત્મા કહેવાય નહીં. સર્વ અવિદ્યાનો નાશ થાય, ત્યારે મુકતાત્મા કહેવાય છે. માટે તમોએ કોઇ દેવ વિશેષમાં મુકતાત્માપણું માની લીધું છે, એમ સ્પષ્ટ ભાસે છે. કહ્યું છે કે **क्षीणे पुण्ये मृत्युलोकं विशन्ति ॥** દેવતાઓ પુણ્યક્ષય થઈ ગયા બાદ, મૃત્યુ લોકમાં આવે છે. માટે તમોએ કલ્પેલી મુકિત દેવલોક વિના અન્ય સિદ્ધ થતી નથી તેથી સિદ્ધ થયું કે, તમારી માનેલી મુકિત સંસારજ છે. માટે સંસારી જીવ સંસારમાં પાછા જન્મ ધારણ કરે, અને મુકતાત્મા કરે નહીં. એમ સિદ્ધ ઠર્યું. ચોથો પક્ષગ્રહી તમો કહેશો કે મુકતાત્માને ઇશ્વર સંસારમાં ખેંચી લાવે છે, અને જન્મ જરામરણ કરાવે છે ત્યારે તો એમ માનવાથી સિદ્ધ ઠર્યું કે મુકતાત્માઓનું સુખ જોઇ, ઇશ્વરને અદેખાઇ આવી, તેથી સંસારમાં તેમને પાછા લાવે છે, તો ઇશ્વર અદેખાઇ દોષવાન ઠર્યો. તથા મુકતાત્માઓ આનંદથી મુકિતનું સુખ ભોગવતા હતા, તેને વાંક વિના એકદમ પાછા સંસારમાં ખેંચ્યા તો ઇશ્વર અન્યાયી થયો. મુકતાત્માઓ સત્ય સુખ ભોગવતા હતા, તેમને ખેંચીને સંસારમાં ઇશ્વરે નાખ્યા તો દયાલુતા પણ રહી નહીં, ઉલટો ઇશ્વર

નિર્દય ઠર્યો. માટે ચોથોપક્ષ પણ યુક્તિ અનુભવ રહીત થવાથી અસિદ્ધ ઠરેછે. મુક્તાત્મા થએલો જીવ; પાછો સંસારમાં આવતો નથી.

એમ માનવામાં કોઇ જાતનો દોષ આવતો નથી. વીતરાગ ભગવંતે કથિતમુક્તિ ન્યાય યુક્તિ પ્રમાણથી સત્ય ઠરે છે. કોઈ મતવાદી મુક્તિમાં સ્વામિ સેવકભાવ સ્વીકારે છે, પણ કર્મક્ષયથી સર્વ સરખા હોય છે, તેથી સ્વામી સેવક ભાવ માનવો મિથ્યા ઠરે છે. आत्महानं मुक्तिरिति चार्वाकाः આત્માનો નાશ તેજ મુક્તિ ચાર્વાક માને છે. એવી મુક્તિને તો વિદ્વાનો કિરો પણ ઇચ્છે નહીં, મુક્તિનું સ્વરૂપ સ્યાદ્વાદતત્ત્વથી સિદ્ધ થાય છે, આત્માની જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ રૂદ્ધિનો તિરોભાવ હતો, તેનો આવિર્ભાવ થવો, તેજ મુક્ત પણું ઠરે છે. कृत्स्नकर्मक्षयो मुक्तिः એવંભૂતનયની અપેક્ષાએ ઘાતીયાં અને અઘાતીયાં સર્વ કર્મનો ક્ષય, તેજ મુક્તિ જાણવી. अस्मदीयकृतपंचशती નામના ગ્રંથમાં પણ કહ્યું છે કે—

तिरोभाव निजरूद्धिनो आविर्भाव प्रकाश. ।
परमातमपद ते कह्युं ते पदनो हुं दास, ॥

આત્મા કર્મના નાશથી, પોતેજ પરમાત્મ સ્વરૂપ થાય છે. માટે હે ભવ્ય ! તને નિર્વાણમાં લક્ષ્ય હોય, તો તારા

આત્મામાં નિર્વાણ છે. માટે આત્મસ્વરૂપ સાક્ષાત્કાર અર્થે ચારિત્રરૂપ ઉદ્યમ કર. જ્ઞાન પણ આત્મામાં છે. અનંત જ્ઞેય પદાર્થને જાણવાની જ્ઞાન શક્તિ આધાર આત્મા છે. આત્મામાંજ કેવલજ્ઞાન થાય છે, જ્ઞાન તે આત્માનો ગુણ છે, અને જ્ઞાન તે આત્માની મુખ્ય પરિણતિ કહેવાય છે. જ્ઞાનનો પ્રકાશ આત્મામાંથીજ થાય છે. અનંત તીર્થંકર ભગવંતો થયા, તેમને કેવલજ્ઞાન પોતાના આત્મામાં સત્તાએ હતું, તે આવરણક્ષયથી આવિર્ભાવરૂપે થયું. ધ્યાનથી જ્ઞાન શક્તિ વિશેષતઃ પ્રગટે છે. માટે ભવ્ય હવે સર્વ ઉપાધિરૂપ સાંસારિક પ્રપંચ છોડી, સ્થિર ચિત્તથી, અન્તર દેવની ઉપાસના કર. અન્તર દેવની ઉપાસનાથી તારાં સર્વ કર્મ ક્ષય થઇ જશે. અન્તર દેવપણ તું છે, અને ઉપાશના કરનાર પણ તું છે, અને ઉપાસ્યભૂત પણ તારૂંજ સ્વરૂપ છે. સાપેક્ષતાએ સર્વ ઉપાસક વિગેરે ભાવો પણ તારામાં ઘટી શકે છે. તારી અનંત શકિતનો પ્રગટ કર્તા પણ જ્ઞાનભાવથી પોતેજ છું. તું પોતે પોતાને તારે છે, તું પોતે પોતાને કર્મથી છોડવે છે. તું પોતેજ પોતાને અનંત જ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય સુખાદિ ગુણોનો લાભ આપે છે. તારા ઘટમાંજ નિર્વાણ છે, અને તેનો પોતે ઉત્પાદક છે. ક્ષયોપસમ જ્ઞાનવડે કેવલજ્ઞાનનો ઉત્પાદક પણ તું છે. તારી અકલગતિ છે. હે આત્મન્! તું ચિત્ સ્વરૂપ છે. તારા સ્વરૂપમાં અખંડાનંદ

સમાયો છે, હે આત્મન્ ! અન્ય જડવસ્તુમાં તું કદી નથી, તો તેમાં પોતાને શામાટે શોધે છે, માટે આત્મ જ્ઞાનથી સ્વસ્વરૂપનું દર્શન કર; દેહ વાણી આદિ ઔદયિક ભાવોમાં તું તટસ્થ સાક્ષી રૂપે.વર્ત. આત્મજ્ઞાનીને પોતાની ભ્રાંતિ, જ્ઞાનથી દૂર થાય છે, અને તેથી કોઇ સાંસારીક પદાર્થમાં સ્વાર્થ પરાયણ થઇ. મુંઝાતો નથી. માટે હેચેતન ! તું તારૂં જ્ઞાન કર અને સ્ત્રી વિષયાદિકમાં સુખની બુદ્ધિ થઇ છે, તેને દૂર નિવાર. કારણકે સ્ત્રી વિગેરેમાં મોહકરવો યોગ્ય નથી. એક અસંગ આત્માનો બોધ કર. ઇન્દ્રિયાદિકના જે જે વિકારો છે, તે મોહ જનિત છે. અને હે આત્મન્ ! તું તો તેવા વિકારોથી રહીત છે જેમ સ્ફાટિક રત્નમાં રાતા ફુલ અને શ્યામ પુષ્પનો પ્રતિભાસ પડે છે, તેથી સ્ફાટિક રત્ન હું રાતું છું, વા કાળું છું, એમ માને તો, તે તેની ભ્રાંતિ છે તેમ આત્મારૂપ સ્ફાટિક રત્નમાં પ્રતિભાસ રૂપે થયેલા રાગ અને દ્વેષાદિકને આત્મા પોતાના માને, તેમાં તેની ભ્રાંતિ છે. રાગ દ્વેષાદિ વિકારો આત્માના નથી. અને આત્મા તેથી સ્ફાટિકની પેઠે ન્યારો છે. વળી બીજું દ્રષ્ટાંત નીચે મુજબ છે. જેમ કોઈ એક તળાવ છે, તળાવની બાજુમાં ઘર છે, અને ઉપર ચંદ્ર સૂર્ય વિગેરે તારાઓ છે. સરોવરનું જલ પવનની લહેરોથી હાલક ડોલક થાય છે. તે વખતે ઘર ચંદ્રનો પડછાયો જલમાં પડે છે, તેથી ઘર ચંદ્ર

સૂર્ય હાલક ડોલક થતાહોય એમ દેખાય છે. પણ તે જેમ ભ્રાંતિ છે; તેમ આત્માએ રાગ દ્વેષથી પોતાના માનેલા પદાર્થો વસ્તુતઃપોતાના નથી. વેદાંતી જડ પદાર્થોને ભ્રાંતિ માત્ર કહી, તેની સત્તાનો લોપ કરે છે, તે જૈનોને માન્ય નથી. જડ પદાર્થો આત્મારૂપે નથી, તેથી તે આત્માની અપેક્ષાએ અસત્ સમજવા પણ તે પોતાના સ્વરૂપે તો સત છે. જડ પદાર્થની સાથે ચૈતન્ય પદાર્થનો સંબંધ હોવાથી, આત્મા અજ્ઞાનથી પોતાને જડ માની, બાહ્ય પદાર્થોમાં મોહપામી બહિરાત્મ પદ ધારણ કરે છે. આત્મા સ્વ અને પર પ્રકાશક હોવાથી, જીવ અને અજીવ પદાર્થની સિદ્ધિ થાય છે.

પર અજીવાદિ વસ્તુ સિદ્ધ ઠરે, તો તેનો પ્રકાશક આત્મા ઠરે. અનેકસ્વ તથા પરશાસ્ત્રોમાં आत्मा स्वपर प्रकाशक કર્યો છે, તેથી જીવ અને અજીવપદાર્થરાશી સિદ્ધ ઠરે છે. અને તે પ્રમાણે પ્રત્યક્ષ દેખાય છે. જ્ઞાન ચેતનાની સન્મુખતા આત્મ પ્રતિવર્તે, તો અલ્પકાલમાં સકળ પંચેન્દ્રિય વિષવારીને, નિઃકામી તથા નિઃસંગી થાય, માટે ભવ્ય જીવોએ પરદોષ દ્રષ્ટિનો ત્યાગ કરી, સ્વાત્મસ્વરૂપ જ દેખવું. પરદોષ દેખવાની દ્રષ્ટિથી આત્મા દોષી બને છે તે બતાવે છે.

दुहा ।

परदोषी जो चिंतवो दोषी दिनने रात ॥
बालकवृत्ति दोषमां, काकवृत्ति अवदात. ॥ ७१ ॥

परस्वभावे वर्ततां, तिरोभावनी वृद्धि; ॥
आत्मस्वभावे वर्ततां, क्षायीक आत्मसमृद्धि. ॥ ७५ ॥

વિવેચન—હે ભવ્યાત્મન્ જો તારૂં ચિત્ત પારકાનાં દોષ દેખવા તત્પર છે, તો તું રાત્રી અને દીવસ દોષમય ચિત્ત વૃત્તિ થઇજવાથી, દોષીજ છે. અમુક તો ક્રોધી છે, અમુકે તો અમુક પાપકર્મ કર્યું. અમુકે અમુકનો વિશ્વાસ-ઘાત કર્યો, અમુકે અમુકને મારી નાંખ્યો, અમુકે અમુકનું ધન હરીલીધું. અમુકે અમુકની સાથે વ્યભિચાર કર્મ સેવન કર્યું અમુકતો મહા પાપી છે, અમુકનું તો સવારના પહોરમાં નામ લેવા યોગ્ય નથી. અમુકનું આચરણ અંતરથી ન્યારૂં અને બહિરથી ન્યારૂં છે, અમુકતો મુખે પ્રભુ પ્રભુ જપે છે, પણ હૃદયમાં તો મહા પાખંડી છે. અમુકતો મહાધૂર્ત છે; અમુકતો અન્યાયી છે, અમુકતો લીધેલાં વ્રત છોડયાં છે, અમુકતો અમુક વખતે અમુક દોષ સેવતો હતો. ફલાણા દીઠા, એતો દોષના ભંડાર છે ફલાએ અમુકનું ધન ચોર્યું, ફલાણાએ આખી નાત બગાડી, ફલાણાએ કુલમાં કલંક લગાડયું, વિગેરે જે જે દોષનું બોલવું, વિચારવું, દોષદ્રષ્ટિ રાખવા ઇત્યાદિ પરસ્વભાવથી મન સદા દોષી રહે છે. મનના વેગને અન્યના દોષ જોવામાં રોકવાથી મન દોષ ગ્રહણ કરવાનુંજ શિખે છે. અને પરનો દોષ જોવાની ટેવથી, મનની સ્થિતિ દોષવાળીજ દેખાય છે. જેમ કામનો

વેગ થવાથી કામી મન અનેક સ્ત્રીયોનું ચિંતવન કરે છે, પછી મનમાંથી કામનો દોષ દૂર કરવો હોય, તો મહા મહેનત પડે છે. તે પ્રમાણે મન પણ પરદોષ ગ્રહણ કરવાના વ્યાપારમાં તલ્લીન થવાથી, પ્રતિદિન દોષ દ્રષ્ટિની પુષ્ટિ કરે છે. મનમાં બીજાના અનેક દોષો જોવાથી, તે દોષોના સંસ્કાર પોતાના હૃદયમાં પડે છે, અને પછી સંસ્કાર વશાથી, કેટલોક કાળ વીત્યા બાદ, તે દોષોનું ભાજન પોતે થઇ પડે છે. પ્રથમ તો પારકા દોષો જોવામાં મનની પ્રવૃત્તિ થાય છે; પશ્ચાત્ વચનની પ્રવૃત્તિ થાય છે, પશ્ચાત્ કાયાની પ્રવૃત્તિ થાય છે; ત્રણ યોગ પણ પર દોષથી દોષીત બને છે. પર દોષથી નિંદાની ટેવ વૃદ્ધિ પામે છે. અને તેથી વૈર વૃદ્ધિ કુસંપ પ્રાણઘાત વિગેરે પાપોની ઉત્પત્તિ થાય છે. માટે પારકાં દૂષણ જોવાથી, બોલવાથી, બાળકવૃત્તિ ચેષ્ટાને ભજનારો આત્મા થાય છે. પરદોષ દર્શી પશ્ચાત્ કાગડાની ઉપમાને ધારણ કરે છે. જેમ કાગરો ચાંદાને દેખીને ખોતરે છે; તેમ દોષી પુરૂષ પારકા દૂષણ જોવામાંજ મનોગતિ વાપરે છે. દોષ દેખનાર પુરૂષ ગમે તેવો સારો હોય, પણ તે બુરોજ છે, કારણ કે જો તે સારો હોય તો પારકા દોષ દેખનાર જોનાર કેમ હોય ! અને પરદોષ દૃષ્ટા બન્યો, તો પોતાના આત્મસ્વભાવને ચૂકી પરસ્વભાવમાં પેઠો; અને પર સ્વભાવવાળું ચિત્ત હોવાથી પોતાના સ્વરૂપનો ઉપયોગ રહ્યો

નહીં. અને પોતાના સ્વરૂપનો અનુપયોગી થએલો એવો સમયે સમયે સાત આઠ કર્મને ગ્રહણ કરે છે. વળી પર-દોષ દ્રષ્ટાને રાત્રીમાં પણ સ્વપ્નામાં પારકા દોષ દેખાય છે. આવી આત્માની સ્થિતિથી પોતે અધર્મી બન્યો. અને તેથી અંતરમાં ચંડાલ સરખો બન્યો, અને તેથી આત્મ ગુણને નાશ કરનાર બન્યો. આવી રીતે દોષ દેખવાની તથા બોલવાની ટેવથી અનેક પ્રકારના દોષનું ભાજન આત્મા બને છે. અનેક પ્રકારના દોષથી આત્મા બહિ-રાત્મ ભાવનેજ સેવે છે. તેથી તે ઉપસમભાવ,--ક્ષયોપશમ ભાવ, અને ક્ષાયીક ભાવને પ્રગટ કરી શકતે નથી. માટે ભવ્ય જીવોએ આત્મકાર્ય સાધવું હોય, તો પર દોષ દૃષ્ટિનો ત્યાગ કરવો. પર દોષ દૃષ્ટિથી એકલા દોષોજ દેખવામાં આવે છે, પણ અન્યના ગુણ તરફ લક્ષ જતું નથી. હે ભવ્ય જરા હૃદયમાં સમજ. દરેક મનુષ્યોમાં દોષ અને ગુણ રહેલા છે. કાળી બાજુ તરફ નહીં દેખતાં, ધોળી બાજુ તરફ દેખવાની ટેવપાડ. હે ચેતન ! અનાદિ કાળથી દોષ દેખવાની ટેવ પડી છે. તેને વૈરાગ્ય અને જ્ઞાનથી વાર. જેમ જેમ દોષ દેખવાપણું દૂર જશે, તેમ તેમ આત્મા સ્વસ્વભાવમાં રમણ કરશે, અને સ્વસ્વભાવ રમણતાથી આત્મ ગુણોનો પ્રકાશ થશે. માટે હે ભવ્ય ! વૈર અદેખાઇ નિંદાનું મૂલ કારણ પર દોષ દૃષ્ટિને જલાંજ-

લી આપ. સંસારમાં અનેક પુરૂષોનો સ્વભાવ પારકા દોષ દેખવાનો જોવામાં આવે છે, તેવા પર દોષ દષ્ટાઓના ઉપર પણ સમભાવ ધારણ કરવો. અને પર દોષ દષ્ટાઓનાં દૂષણો જોવાની ટેવ પણ કદી રાખવી નહીં. આપણાં દૂષણો અન્ય જોવા પ્રયત્ન કરે છે, ત્યારે તેમના દૂષણો જોવાનું મન પણ આપણું થઇ જાય છે. અને તેથી મનોવૃત્તિ ખરાબ થઇ જાય છે. આપણેતો એમ સમજવું કે અન્ય પુરૂષો પોતાની ખરાબ ટેવથી ભલે દૂષણો જુવે, પણ મારે તો છતાં, વા અછતાં, પણ અન્યનાં દૂષણો શામાટે જોવાં જોઇએ; અન્ય દૂષણો જોવાથી, હું પોતે પર સ્વભાવમાં રમી કર્મ બાંધું છું. તેથી હું દોષી બનું છું. વળી અન્યનાં દૂષણો જોવાથી, અને તેમની નિંદા કરવાથી, અન્યોમાંથી કંઇ દૂષણો જતાં રહેતાં નથી. પારકા દોષ દેખવા કરતાં, પોતાના દોષ જોશોતો માલુમ પડશે કે મારૂં કેટલું આત્મવિરૂદ્ધ આચરણ છે! પોતાનું શુદ્ધ રૂપ મૂકી મન કયાં કયાં ભટકે છે, તે તો જરા વિચારો. તમારૂં મન પોતાના સ્વરૂપને મૂકી, પુદ્ગલભાવમાં જાય છે, તેજ તમારો મોટો દોષ છે. તમો સમય સમયે સાતવા આઠ કર્મને ગ્રહણ કરો છો,તે તમારો શું સામાન્ય દોષ છે? અલબત તે મોટામાં મોટો દોષ છે, તમો રાગ અને દ્વેષ કરોછો એ શું તમારામાં મોટો દોષ નથી? અલબત મોટો દોષ છે તમારૂ ચિત્ત જડ પદાર્થમાં સુખ માને છે, એ શું

ઓછો દોષ છે? તમારૂં મન અનેક પ્રકારના વિકલ્પ સંક- લ્પ કર્યા કરે છે, તે શું ઓછો દોષ છે! આઠ કર્મ પણ દો- ષ રૂપજ છે, અને તે આઠ કર્મને તમો ધારણ કરોછો તો તેથી તમો નિર્દોષી ઠરતા નથી. તમો હસોછો, ખેલોછો, અંતરમાં અનેક પ્રકારની કુવાસનાઓ ધારણ કરોછો, તેથી શું તમો દોષી ઠરતા નથી? હા અવશ્ય ઠરોછો, તમો અજ્ઞાન સ્થિતિથી સ્વાત્મભાન ભૂલીગયા છો તે શું ઓછો દોષ છે, આત્માની પરમાત્મ સ્થિતિ થવા અર્થે બાહ્ય અને અંતર કોઇપણ પ્રકારનો ઉદ્યમ કરતા નથી, તે શું દોષ નથી! અ- લબત દોષજ છે. તમોએ આત્મજ્ઞાન પ્રાપ્ત માટે આત્મજ્ઞાની મુનીરાજ પાસે ગયા નથી, તે શું ઓછો દોષ નથી સેવ્યો!! તમો દુનિયાની નીતિ પ્રમાણે ચાલોછો, કિંતુઆત્મધર્મ પ્રાપ્તિની નીતિ માટે કાંઇપણ લક્ષ આપતા નથી તે શું તમારો દોષ નથી. વળી તમોએ પોતાને દોષી માની, દોષમય વૃત્તિવાળું મન કર્યું, પણ પોતાના ગુણોની પ્રાપ્તિ માટે કંઇપણ ઉદ્યમ કર્યો નહીં, તે શું ઓછો દોષ છે, તમો મનુષ્ય જન્મ ધારણ કરી, પશુની પેઠે ધર્મહીન આયુષ્ય ગુમાવોછો તે બહુ દોષથી, અજગરની પેઠે આળસુ થઇને તમોએ પ્રમાદ દોષનું ઘણું સેવન કર્યું છે, તે કેમ ભૂલીજાઓછો; તમો દોષને દેખવાની ટેવ પરિહરી, આત્મગુણ નિરીક્ષણ કરશો, તો અજરામર પદ પ્રાપ્ત કરશો. આપણા શ્રી વીરજીનેશ્વરે

કોઇનો અલ્પમાત્ર પણ દોષ દેખ્યો નથી; અને કોઇની નિંદા કરી નથી. તમારે પણ મુક્તિપદની ઇચ્છા હોય, તો હવે જરા આત્મ સન્મુખ દ્રષ્ટિદેઇ, પોતાનું સ્વરૂપ વિચારવું ઘટે છે. શ્રી ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વપ્રભુ ઉપર કમઠના જીવે બહુ ઉપસર્ગ કર્યા, પણ પ્રભુએ તેના દોષ તરફ દ્રષ્ટિ દીધી નથી. શ્રી ગજ સુકુમાલે પોતાના સસરાનાઉપર દોષ દ્રષ્ટિથી જોયું નથી. અપકાર કરનાર ભલે અપકારરૂપ દોષનું સેવન કરે. પણ આપણેતો અપકાર કરનાર પ્રતિ દોષ દ્રષ્ટિથી જોવું યોગ્ય નથી. દોષ દ્રષ્ટિ વાળા છો, તો કાગડા અને તમારામાં અંતર નથી. દોષ દેખવામાં આશ્ચર્ય નથી, પણ ગુણ દેખવામાં આશ્ચર્ય છે. દોષ દેખવા તથ દોષનું કથન કરવામાં ધર્મ નથી, પણ ગુણ દેખવામાં ધર્મ છે. દોષીને દોષી કહી, તેમની ફજેતી કરવામાં પોતાની તથા તેમની ઉન્નતિ નથી, પણ તેમને ગુણી બનાવવામાં તથા પોતાની દોષ દેખવાની ટેવ ટાળવામાં ઉન્નતિ સમજવી. કોઇ એક નાના બાળકની માતા પોતાના પુત્રની વિષ્ઠાને ધોઇ નાખે છે, તેમ ઉત્તમ પુરૂષો કે જે માતાના સમાન છે, તે દોષી પુરૂષોના દોષરૂપ વિષ્ઠાને ધોઇ નાખે છે. પણ નિંદામાંતો પ્રવૃત્ત થતાજ નથી. ભવ્ય પુરૂષો પોતાના શુદ્ધાચરણથી અનેક જીવોના દોષને ટાળી નાખે છે. અને સત્પુરૂષોની વાણીરૂપ ગંગા નદીમાં અસત્પુરૂષો સ્નાનકરી દોષોને દૂર કરે છે.

परगुणपरमाणून् पर्वती कृत्य नित्यं निजहृदि विकसंतः संति संतः कियन्तः ॥ પરમાણુ સમાન પરગુણને પર્વત સમાન ગણી કેટલાક સત્ પુરૂષો હૃદયમાં પ્રમોદ ધારણ કરે છે. પારકામાં રહેલા દોષને દેખી, જે લોકો દોષી તરફ તિરસ્કારની લાગણીથી જુએ છે, તેના કરતાં પારકામાં રહેલા દોષેને દેખી પ્રસંગ આવે, પ્રેમભાવથી ટાળે છે, અને દોષીને શુદ્ધ બનાવે છે, તેવા સત્પુરૂષોને નમસ્કાર થાઓ. તમો સમજો કે જ્યારે પોતાનામાં કોઈ જાતનો દોષ રહેલો હોય છે, અને તે દોષથી અન્ય લોકો તમારા ઉપર તિરસ્કારની લાગણીથી જુવે છે ત્યારે તમારા મનમાં કેટલું તેના ઉપર દુઃખ લાગે છે! તેવી રીતે સર્વ જીવોને માટે સમજવું. તમારામાં રહેલા દોષો કોઈ ટાળી તમને સારા બનાવે તો તમો તેનો કેટલો બધો ઉપકાર માનો છો ! તે પ્રમાણે સર્વના માટે સમજી લેવું. કોઇ બાલકે પોતાના મુખ ઉપર રૂશનાઇ રેડી હોય, અને તે પોતાનું મુખ કાળું છે, એમ દેખી શકતો નથી, અન્ય લોકો તેને કહે કે કાળા મુખવાળો, ત્યારે તે છોકરો કેટલો બધો મનમાં દુઃખ પામે છે. પણ કોઈ તેને આરીસો આપી, તેનું મુખ દેખાડે છે તો પોતાનું મુખ કાળુ દેખી શુદ્ધ કરવા ઉમંગથી પ્રયત્ન કરે છે, તે પ્રમાણે દોષી પુરૂષોના સબંધમાં સમજવું. પોતાનામાં દોષ છે, તેને જોવાની જ્ઞાન શક્તિ આપતાં, પોતાની મેળે દોષો

નો ત્યાગ કરવા ઉત્સાહથી પ્રયત્ન કરે છે. પ્રત્યેક મનુષ્યમાં પ્રાયઃઅલ્પ અધિક દોષોનો સદ્દભાવ હોય છે. પોતાના દોષો જોતાં, ગુણની વૃદ્ધિ થાય છે, અને પરના દોષો જોતાં ગુણનો નાશ થાય છે. તમારૂં મન સ્ફટિકરત્ન સમાન છે, તેના ઉપર પરદોષગ્રહણરૂપ રૂશનાઇ કેમ રેડો છો? તમો પોતેજ પરદોષગ્રહણરૂપ બેડીથી તમારા આત્માને સંસારમાં બાંધી રાખ્યો છે. જે દીવસમાં તમોએ કોઇના દોષો તરફ દ્દષ્ટિ નહીં દીધી હોય, તે દીવસને ધન્ય છે. અનાદિકાળથી તમને દોષ જોવાની ટેવ પડી છે અને તેથી તમોએ તમારી ઉન્નતિમાં પોતાના હાથે પથરા નાખ્યા છે, તેથી તમારી આત્મશકિતનો પ્રકાશ થતો નથી. બીજાના દોષ જોવાનો તમને કોઇએ હુકમ આપ્યો છે! અને બીજાના દોષો જોતાં, પ્રથમ તમારા હ્રદયમાં દોષનો ભાસ થાય છે, તેથી તમને શમભાવની પ્રાપ્તિ થવાની નથી. અને શમભાવની પ્રાપ્તિ વિના મુક્તિ નથી. તમો સાધુ અગર સાધ્વી હો અને કોઇની આગળ તમો નિંદા કરો છો, અને અન્ય દોષોથી તમારી જીભ મલીન કરો છો, તમારૂં મન મલીન કરો છો, તેથી શું તમોને શ્રવણ કરનારા પુરૂષો પવિત્ર ધારશે કે કેમ તેનો વિચાર કરો. પ્રાયઃ ઘણું કરીને તમો દ્વેષ, સ્પર્ધા, અને અન્યની મોટાઇથી અન્યના દોષો જોવાનું અને કથનનું સાહસ કરો છો, તેથી તમે ભારે દોષી

બનો છો. તમો અન્યના જે દોષો જુઓ છો, તે ખરા હોય કે ખોટા હોય, તેમાં શું પ્રમાણ છે. અન્યમાં રહેલા છતા દોષો દેખવાની, તથા તેની નિંદા કરવાની, ટેવથીજ તમો પરમાત્મપદ પ્રાપ્ત કરી શકતા નથી. તમારી સ્વસ્વભાવરમણતાને તમો પરદોષ ગ્રહણની કુટેવથી પ્રાપ્ત કરી શકતા નથી. તમો આજથી સ્વાત્મોન્નતિના શિખરે ચઢવાનું ઈચ્છતા હોય, તો પરદોષ ગ્રહણ કરવાની બુદ્ધિને દેશવટો દ્યો. અને દૃઢ પ્રતિજ્ઞા કરો, કે હું આજથી કોઇના દોષ જોઇશ નહીં. અને કદી કલેશ વૈર વિગેરે કારણથી અન્ય દોષોચ્ચારણબુદ્ધિ થાય, તો જીનેશ્વર ભગવાનનું તે સમયે સ્મરણ કરીને, બુરી ટેવને વારજો. કોઈની નિંદા કરવાની બુદ્ધિ થાય, ત્યારે તમારા મનને પ્રભુગુણસ્મરણમાં જોડજો. તમારી નિંદા કોઇ કરે, તે જાણીને તેની નિંદા કરવા પ્રવૃત્ત થશો નહીં. આપણી મનોવૃત્તિયો ઉપર બહુ દાબ મૂકવો જોઇએ. મનોવૃત્તિને આત્મસ્વભાવમાં જોડવી. અને પરસ્વભાવનો ત્યાગ કરવો. આત્મધર્મનો ઉપયોગ ભૂલીને, અન્ય વિકલ્પ સંકલ્પ કરવા, તે સર્વ પરભાવ છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન તે પરભાવના ઘરનાં છે. આર્તધ્યાનના ચાર પાયા છે, અને રૌદ્રધ્યાનના ચાર પાયા છે. તેનું વિશેષ સ્વરૂપ **अस्मदीयकृत ध्यानविचार**માંથી જોઇ લેવું. પરસ્વભાવમાં વર્તતાં તિરોભાવની વૃદ્ધિ થવાથી, જ્ઞાનાદિગુણો

પ્રગટ થતા નથી, અને આત્મજ્ઞાન સંપ્રાપ્ત કરી, આત્મસ્વભાવે રમણુ કરતાં, ક્ષાયિકભાવની વૃદ્ધિ થાય છે. પ્રથમ તો આત્મસ્વભાવમાં રમણુતા કરવી, એ અશક્ય લાગશે. પણુ અભ્યાસ કરતાં હળવે હળવે પ્રવેશ થશે. અનેક વિકલ્પ સંકલ્પ કરતી મનોવૃત્તિયોને ટાળી દેઇ, એક સ્થિર ઉપયોગથી જ્ઞાનાદિ ગુણોનું સ્મરણુ કરવું. અનેક પ્રકારના વિચારો તમારા મનમાં પ્રવેશ કરતા જણાશે, પણુ તમો હિંમત હારશો નહિ. પ્રથમ ધ્યાનાવસ્થામાં વિકલ્પ સંકલ્પોની સાથે બહાદૂરીથી યુદ્ધ કરવું. પોતાના મનને એક આત્મસ્વરૂપોપયોગમાંજ જોડવું, તેજ અત્ર બહાદુરી છે. રાધાવેધની પેઠે, આત્મગુણુસ્થિરતામાં એકલક્ષ આપવાથી અત્યાનંદનો સહજ ઝરો હૃદયમાં પ્રગટે છે, તેનો અનુભવ યોગીને હોય છે. પરસ્વભાવવૃત્તિ તેજ સંસાર છે. ઘોર નિદ્રામાં જેમ સર્વ ભાન ભૂલી જવાય છે, તેમ તમો પરસ્વભાવવૃત્તિને તેવી રીતે ભૂલી જશો, તો એક આત્મસ્વરૂપ જાગૃતિ થવાથી, અનંત સુખના ભોગી બનવાના, એમાં જરામાત્ર સંશય નથી. આત્મસ્વરૂપની જાગૃતિથી, ધ્યાનની સ્થિરતા વૃદ્ધિ પામવાથી, શુદ્ધાત્મસ્વરૂપનો અનુભવ હૃદયમાં પ્રગટે છે. પછી ધ્યાનીપુરૂષને અન્ય મનુષ્યોની સાથે વાર્તાલાપ કરવાનું પણુ ગમતું નથી. સર્વ બાહ્યપદાર્થોમાં ઇષ્ટાબુદ્ધિ બંધાઇ હતી, તે ટળી જાય છે. અને

અનિષ્ટ સંયોગ અને અનિષ્ટ પદાર્થોપર અરૂચી બંધાઈહતી, તે પણ ટળી જાય છે. અંતરની રમણુતા વિના ધ્યાનીના હૃદયમાં આનંદ પ્રગટતો નથી. ખરેખર અંતરના અનુભવની ખુમારીમાં લીન થવાથી, आनंदंपरमंसुसं એજ સૂત્રનો સમ્યક્ અનુભવ પ્રતીત થાય છે.

હવે આત્મગુણપ્રાપ્તિઅર્થે પ્રવૃત્તિ કરવાથી નિવૃત્તિ થાય છે તે દર્શાવે છે.

दुहा.

रत्नत्रयी प्रवृत्तिमां, अंते छे निवृत्ति; ॥
त्यजो प्रवृत्ति बाह्यनी, भजवी अन्तरभक्ति. ॥ ७६ ॥
अन्तरभक्ति भावतां, अन्तरमां उद्योत; ॥
शुद्धस्वभावे आत्मनी, झळके रूडी ज्योत. ॥ ७७ ॥
शुद्धस्वभावे शांतता, अवर शांतता त्याग;
सेवो शांति आत्मनी, करजो तेनो राग. ॥ ७८ ॥

જ્ઞાનદર્શન, ચારિત્રરૂપરત્નત્રયીમાં, પ્રવૃત્તિ કરવાથી અંતે મોક્ષ છે. માટે જ્ઞાનદર્શનચારિત્ર વિનાની જે બાહ્યપ્રવૃત્તિ, તેનો ત્યાગ કરી અન્તર આત્મતત્વની ભક્તિ કરવી. આત્મારૂપ સત્યસાહિબની સેવા ચાકરી કરતાં, દરિદ્રાવસ્થા રહેતી નથી. જેવી દ્રવ્ય કમાવામાં બુદ્ધિ થાય છે, તથા જેવી સુંદર યૌનાવસ્થાવાળી સ્ત્રીમાં રાગભાવની બુદ્ધિ થાય

છે, તેવી રાગભાવથી જો અન્તરાત્મતત્ત્વમાં પ્રવૃત્તિ થાય તો મુક્તિ સત્ત્વર થાય છે. અંતરાત્માની સેવાથી મનમાં આનંદની લહરીયો પ્રગટે છે. અન્તરાત્મની સેવા ભક્તિ સમાન કોઇની સેવા નથી. તે સંબંધી શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી કહે છે કે—

पद ।

अब में साचो साहिब पायो, याकी सेवा करत हु याकी;
मुज मन प्रेम सोहायो. ॥ अब० १

वाकुं ओर न होवे अपनो, जो दीजे घरमायो
संपति अपनी क्षणमें देवे, वयतो दीलमें ध्यायो. अब० २
ओरनकी जन करतहे चाकरी, दूरदेश पाउ घासे;
अंतरजामी ध्याने दीसे, वयतो अपने पासे. अब० ३
ओर कबहु कोइ कारण कोप्यो, बहोत उपाय न तुभे;
चिदानन्दमे मगन रहतुहे, वेतो कबहु न रूसे. अब० ४
ओरनकी चिन्ता चित्ते न मिटे, सबदिन धंधे जावे;
थीरता सुख पूरणगुण खेले, वयतो अपने भावे. अब० ५
पराधीनहे भोग ओरको. याते होत विजोगी;
सदासिद्ध समसुख विलासी, वयतो निजगुणभोगी. अब ०६
ज्युं जानो त्युं जगजन जाणो, मेंतो सेवक उनको;

पक्षपातको परशुं होवे, राग धरत हुं गुनको. अब० ७
भाव एक हि सब ज्ञानीको, मूरख भेद न भावे;
अपनो साहिब जो पिछाणे, सो जस लीला पावे. अब० ८

ભાવાર્થઃ—હવે મેં સત્યસાહેબ જે દેહમાં અસંખ્ય- પ્રદેશરૂપવ્યક્તિથી બિરાજીત આત્મા છે, તેને પામ્યો. જેની અંતરદૃષ્ટિથી સેવા કરતાં મારો જેના ઉપર પ્રેમ પ્રેમ થઇ ગયો, એવા આત્મસાહેબને પ્રાપ્ત કર્યો. અંત- રાત્મપ્રભુને અન્ય કોઇ તે પોતાનો થતો નથી. ઘણા પ્રયત્નો કરીએ, તો પણ જે પોતાનો નથી, તેને પોતાનો કરે નહીં અને વળી જેની સેવા કરતાં, પોતાની સર્વ આત્મસમૃદ્ધિ ક્ષણવારમાં આપી દે છે. ક્ષપકશ્રેણિએ ચઢેલા મુનિવર્યો શુકલધ્યાનમાં ધ્યાનારૂઢ થઇ, સ્થિરોપયો- ગથી, આત્મપ્રભુની સેવા કરે છે, તો તે કર્મની પ્રકૃતિયો ખેરવી તેરમા ગુણઠાણે ક્ષાયીકભાવની નવ લબ્ધિયોને આત્મરૂપપ્રભુ અર્પે છે. આત્મા પોતાની સેવા કરે છે અને પોતેજ સંપત્તિઓ આપે છે. માટે આત્મરૂપ સાહેબ જ મારા દીલમાં ધ્યેય છે. એના વિના રાજા, ચક્રવર્તિ, શેઠ, પાદશાહ, ઠાકોર વિગેરે બાહ્યધનસત્તાથી સાહેબ કહેવાય છે, તેતો મારા દીલમાં રૂચતા નથી. બાહ્યસા- હેબ અને આત્મસાહેબમાં આકાશ પાતાળ જેટલો ફેર છે. મેરૂપર્વતની આગળ સર્ષપનો દાણો કયાં! સ્વયંભુ

સમુદ્રની આગળ ખાબોચીયું શા હીસાબમાં ! હંસની આગળ કાક શા હીસાબમાં ! ઐરાવત હસ્તિની આગળ રાસભ શા હીસાબમાં ! ઇંદ્રની આગળ ભૂત શા હીસાબમાં ! ગરૂડની ગતિ આગળ કુકડાની ગતિ શા હીસાબમાં ! સૂર્યતેજ આગળ ખજુઆનું તેજ શા હીસાબમાં ! કલ્પવૃક્ષની આગળ આકડો શા હીસાબમાં ! તેવી રીતે આત્મારૂપ સાહેબની આગળ બાહ્યના દેખાતા સાહેબો કંઇ હીસાબમાં નથી. અંતરાત્મપ્રભુની સેવાથી મનુષ્ય અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત કરે છે. શ્રી ગૌતમસ્વામિને અઠ્ઠાવિશ લબ્ધિયો ઉત્પન્ન થઇ હતી, તે પણ અંતરાત્મપ્રભુની સેવાથી થઈ હતી. વજ્રસ્વામીને આકાશગામિની વિદ્યા પ્રાપ્ત થઇ હતી; તેમાં પણ તેજ કારણ હતું. શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે શત ગ્રંથ આદિની રચના કરી, તેમાં પણ અંતરાત્મપ્રભુની સેવાથીજ જ્ઞાનશક્તિ પ્રાપ્ત થએલી હતી. શ્રી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્ર આચાર્યે મહાન્ ગ્રંથોની રચના કરી છે, તે પણ અંતરાત્મપ્રભુ સેવામાહાત્મ્યથીજ સમજવો. શ્રી આષાઢાભૂતિ આચાર્ય નાટક કરતાં કરતાં કેવળજ્ઞાન પામ્યા, તે પણ અંતરાત્મપ્રભુની ધ્યાનરૂપ સેવાથીજ સમજવું. શ્રી ઇલાચીકુમાર વાંસે ચઢી, અંતરાત્મપ્રભુની ભાવનારૂપસેવાથી કેવળજ્ઞાન પામ્યા. શ્રી મરૂદેવી માતા હસ્તિના ઉપર બેઠા છતાં, અંતરાત્મપ્રભુની ભાવ-

નારૂપસેવાથી કેવલજ્ઞાન પામ્યાં. શ્રી ગૌતમસ્વામી અંતરાત્મપ્રભુની ભાવનાધ્યાનરૂપસેવા કરતા છતાં કેવળજ્ઞાન પામ્યા. શ્રી પૃથ્વીચંદ્ર અને ગુણુસાગર અંતરાત્મપ્રભુની ભાવનારૂપસેવાથી કેવળજ્ઞાન પામી મુક્ત થયા. શ્રી સનતકુમાર અંતરાત્મપ્રભુની તપરૂપ સેવાથી, લબ્ધિધારક થયા. શ્રી નંદિષેણુ અંતરાત્મપ્રભુની સેવાથીજ બોધ દેવાની શક્તિ પામ્યા. શ્રી વિષ્ણુકુમાર મુનિયે મોટું શરીર બનાવી, નમુચિને દાબી દીધો, તે પણુ અંતરાત્મપ્રભુની તપરૂપ સેવાથીજ. વાલીએ રાવણુને બગલમાં ઘાલી ફેરવ્યો, તથા અષ્ટાપદ ચાંપી રાવણુને બુમ પાડવાની પ્રેરણા કરી, તે પણુ અંતરાત્મપ્રભુની સેવાકૃપાથી. શ્રી ભરતરાજા આરીસાભુવનમાં કેવળજ્ઞાન પામ્યા, તે પણુ અંતરાત્મપ્રભુની ભાવના ધ્યાનરૂપ સેવાનો મહિમા જાણુવો. શ્રી પ્રસન્નચંદ્રરાજર્ષિ કેવળ જ્ઞાન પામ્યા, તે પણુ અંતરાત્મ પ્રભુની સેવાથીજ. શ્રી ગજસુકુમાલે મસ્તકે અગ્નિની વેદના સહન કરી તે પણુ અંતરાત્મ પ્રભુની સેવાથીજ. ધર્મ ધ્યાન અને શુકલધ્યાનથી અંતરાત્મ પ્રભુનીસેવા ચાકરી થઈ શકે છે અને બહિરાત્મપ્રભુઓની સેવા ચાકરી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી થાય છે. યોગિયો અનેક પ્રકારની લબ્ધિશકિતયો પ્રાપ્ત કરે છે, તે પણુ અંતરાત્મપ્રભુની સેવાના માહાત્મ્યથીજ સમજવું અષ્ટસિદ્ધિ અને નવનિધિનું ભોક્તાપણું પણુ અંતરાત્મપ્રભુની સેવાની પ્રસાદી સમજવી.

મેરૂ પર્વતને કંપાવવાનું સામર્થ્ય પણ અંતરાત્મપ્રભુની સેવાથીજ પ્રગટે છે. પૃથ્વીનું છત્ર કરવાનું સામર્થ્ય પણ અંતરાત્મપ્રભુની સેવામાં સમાયું છે. અવધિજ્ઞાન તથા મનઃપર્યવ જ્ઞાનની સંપદા પમાડનાર પણ અંતરાત્મપ્રભુની સેવાજ છે. શ્રીકૃષ્ણ અને શ્રેણીક નૃપને મુક્તિપદની પ્રાપ્તિ થશે, તે પણ અંતરાત્મ પ્રભુના ધ્યાનથીજ સમજવું. રામ તથા પાંચ પાંડવોએ મુક્તિપદ પ્રાપ્ત કર્યું તે પણ અંતરાત્મપ્રભુની ધ્યાનરૂપ સેવાનું માહાત્મ્ય જાણવું. પોતાની ભગિનીનો ભોક્તા ચંદ્રશેખર રાજા પરમપદ પામ્યો, તે પણ અંતરાત્મપ્રભુની સેવાથીજ. જાલી, મયાલી, અને ઉવયાલી પણ શત્રુનો જય કરનાર અંતરાત્મપ્રભુનીસેવાથી મુકિતપદ પામ્યા. સ્કંધસૂરિના પંચશત શિષ્યો ઘાણીમાં પીલાતા છતા મુક્તિપદ પામ્યા, તે પણ અંતરાત્મ પ્રભુની ધ્યાનરૂપ સેવાથીજ. જેટલા જીવ સિદ્ધ થયા થાય છે, અને થશે, તે સર્વ અંતરાત્મ પ્રભુની સેવાનું મહાત્મ્ય જાણવું. યમ નિયમ; આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિ એ અષ્ટાંગ યોગથી પણ આત્મપ્રભુનું સેવન કરવું પડે છે. એ અષ્ટાંગ યોગની સાધન કરતાં, અનેક પ્રકારની શક્તિયો જાગે છે, તે પણ આત્મપ્રભુ સેવન માહાત્મ્ય જાણવું. અષ્ટ દ્રષ્ટિપણ અંતરાત્મપ્રભુની સેવનારૂપ જાણવી. મુનિરાજનાં પંચ મહાવ્રત ઉચ્ચરવાં, અને શ્રાવકનાં બાર વ્રત ઉચ્ચરવાં, ઇત્યાદિ વ્રત-

સેવના પણ અંતરાત્મપ્રભુ પ્રગટ કરવાને માટે સમજવી. દ્રવ્યસંવર, અને ભાવસંવરની ઉપાસના તથા દ્રવ્યનિર્જરા અને ભાવ્યનિર્જરાની ઉપાસના પણ ઉપાસ્યભૂત અંતરાત્મપ્રભુની પ્રાપ્તિ અર્થે છે. સામાયક, પૌષધ; પ્રતિક્રમણ, પૂજા વિગેરે કૃત્યોથી પણ અંતરાત્મપ્રભુની ઉપાસનાજ કરવામાં આવે છે. કેટલાક લોકો અંતરાત્મનાં ભજનો અને પદો ગાઇને તેની સેવના કરે છે. કોઈ सोऽहं આદિ જાપવડે અંતરાત્માની સેવના કરે છે. કોઇ પ્રભુની આગળ અનેક પ્રકારનાં સ્તવનો ગાઇને, પણ અંતરાત્મપ્રભુની સેવા કરે છે. કોઈ આત્મજ્ઞાનનાં પુસ્તકો વાંચીને પણ અંતરાત્મપ્રભુની સેવા કરે છે. સ્યાદ્વાદજ્ઞાની છે, તે નૈગમસંગ્રહ વ્યવહાર, રૂજુસૂત્ર, શબ્દનય, સમભિરૂઢ, અને એવંભૂત એ સાત નયોથી આત્મપ્રભુનું સ્વરૂપ અનેકાન્તરૂપે સમજી તેની સેવા કરે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી, આત્મસ્વરૂપ સમજી, ભવ્યપુરૂષો આત્મપ્રભુની સેવના કરે છે. સપ્તભંગી, અને ચારનિક્ષેપા, તથા દ્રવ્યગુણપર્યાય સમજી. શ્રેયઃસાધક ભવ્યાત્માઓ અંતરાત્મપ્રભુની સેવના કરે છે. અનાદિકાળથી અજ્ઞાનિજીવો આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી બહિરાત્મભાવે આત્માની સેવના કરી, દુર્ગતિમાં પરિભ્રમણ કરે છે. શુભોપયોગે સેવના કરતાં, સ્વર્ગાદિસુખની પ્રાપ્તી થાય છે. અંતરાત્મપ્રભુની

શુદ્ધોપયોગે સેવના કરતાં, અલ્પકાળમાં શિવસુખની પ્રાપ્તી થાય છે. કેટલાક લોકોએ કીર્તિ રાજ્યાદિ આદિની પ્રાપ્તી અર્થે, સેવા કરી, તો તેને તેટલુંજ મળ્યું. જેવા હેતુથી જેવી સેવના આત્મપ્રભુની કરે છે, તેવું ફળ પ્રાપ્ત થાય છે. બહિરાત્મપ્રભુની સેવના આ જીવે અનાદિકાળથી કરી, પણ કિંચિત્ સુખની પ્રાપ્તિ થઇ નહીં. સુભૂમ ચક્રવર્તિ વિગેરે બહિરાત્મપ્રભુની સેવા કરી નર ગતિ પામ્યો. ઈર્ષ્યા લોભથી ધવળશેઠ બહિરાત્મપ્રભુની સેવા કરી નરકગતિ પામ્યો. વ્યભિચાર તથા અભિમાન વિગેરે દોષોથી, રાવણ નૃપે બહિરાત્માની સેવા કરી, નરકગતિ પામ્યો. ઉદાયીરાજાને કંકરત્નની છરીથી મારનાર વિનયરત્ન નરકગતિ પામ્યો, તેમાં પણ દ્વેષ કપટથી બહિરાત્મસેવનાજ કારણી ભૂત છે. અગ્નિશર્મા બ્રાહ્મણનો જીવ દ્વેષવડે બહિરાત્મપ્રભુની સેવા કરી, દુર્ગતિનાં મહા દુઃખ પામ્યો. નમુચિ પ્રધાન મિથ્યાત્વ દ્વેષાદિક બહિરાત્મપ્રભુની સેવા કરી, નરકગતિ વિગેરેનાં મહાદુઃખ પામ્યો. સંગમ દેવતા બહિરાત્મપ્રભુની સેવા કરી, મહા દુઃખ પામ્યો. પૃથ્વીને પોતાની માની રાગ અને દ્વેષથી બહિરાત્મપ્રભુની સેવા કરી, અનેક રાજાઓ જન્મજરામરણનાં મહા દુઃખ પામ્યા. જ્યાં સુધી અજ્ઞાન છે, ત્યાં સુધી બહિરાત્મપ્રભુની સેવા કરવામાં આવે છે. અઢાર પાપ સ્થાનકથી, બહિરાત્મપ્રભુની સેવા

કરી, જીવ મહા દુઃખ સંપ્રાપ્ત કરે છે. સમકિત ગુણ પ્રાપ્ત થયાથી, બહિરાત્મભાવનો ત્યાગ થાય છે, અને તેથી અંતરાત્મપ્રભુની સેવા થઇ શકે છે. તથા સમકિત ગુણ અને દેશથકી વિરતિગુણ, તથા સર્વતઃ વિરતિગુણ, પ્રાપ્ત કર્યાથી, અંતરાત્મપ્રભુની વિશેષતઃ સેવાભક્તિ કરી શકાય છે. અપ્રમત્ત દશાથી સાતમું ગુણઠાણું પ્રાપ્ત કર્યાથી, વિશેષતઃ અંતરાત્મપ્રભુની સેવના કરી શકાય છે. ચોથા ગુણઠાણાથી તે સાતમા ગુણઠાણા સુધી ધર્મધ્યાનના ચાર પાયા વડે, અંતરાત્મપ્રભુની સેવના કરવામાં આવે છે. ઉપશમ શ્રેણિએ ચઢતો જીવ ઉપશમ ભાવથી આઠમા ગુણઠાણાથી તે અગીયારમા ગુણઠાણા સુધી, અંતરાત્મપ્રભુની સેવના કરે છે. આઠમા ગુણઠાણાથી ક્ષપકશ્રેણિ આરંભ કરતો છતો જીવ, શુકલધ્યાનથી અંતરાત્મ પ્રભુની સેવાભકિત કરી શકે છે. આઠમા ગુણઠાણાથી શુકલધ્યાન શરૂ થાય છે. શુકલધ્યાનથી અંતરાત્મપ્રભુની સેવાભકિતથી ઘણાં કર્મનો ક્ષય થઇ જાય છે. અને તેથી આત્મા અસંખ્ય પ્રદેશે નિર્મલ થતો જાય છે. શુકલધ્યાનના બીજા પાયાથી અંતરાત્મપ્રભુની સેવાભકિત કરતાં, શેષ રહેલાં ત્રણ ઘાતિકર્મનો ક્ષય થઈ જાય છે. અને બારમા ગુણઠાણાને અંતે ઘાતીકર્મનો ક્ષય થતાં, તેરમા ગુણઠાણે ક્ષાયીક ભાવથી નવ લબ્ધિયો પ્રગટ થાય છે. જ્ઞાનાવરણીય

કર્મનો ક્ષય થવાથી, અનંત જ્ઞાન ગુણ ઉત્પન્ન થાય છે. કેવલજ્ઞાનમાં બાકીનાં ચાર જ્ઞાન સમાઈ જાય છે. કેવળજ્ઞાનથી લોકાલોકના સર્વ પદાર્થ જાણવામાં આવે છે. દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી, ક્ષાયીકભાવે કેવલ દર્શન ગુણની ઉત્પત્તિ થાય છે. મોહનીય કર્મક્ષયથી ક્ષાયિકસમકિત અને ક્ષાયિક ચારિત્રની પ્રગટતા થાય છે, અંતરાયકર્મનો ક્ષય થવાથી, દાનાદિક પાંચ લબ્ધિની ઉત્પતિ સહજ સ્વભાવે થાય છે, એમ અંતરાત્મ પ્રભુની સેવા ભકિત કરતાં, ક્ષાયીક ભાવીય નવ લબ્ધિની પ્રાપ્તી થાય છે. પશ્ચાત્ આયુષ્ય શેષ રહેતાં શુક્લધ્યાનના છેલ્લા બે પાયાનું ચિંત્વન કરી, કેવળજ્ઞાની આત્મા સિદ્ધ સ્થાનમાં સાદિ અનંતમે ભાગે બિરાજે છે. તેરમા ગુણ ઠાણે આત્મા પરમાત્મસ્વરૂપ કહેવાય છે, પણ તે દેહસ્થ કહેવાય છે. આવી રીતે અંતરાત્મ પ્રભુની સેવા કરતાં અનંત સુખાદિ ગુણોનો લાભ થાય છે. હવે અંતરાત્મ પ્રભુની સેવામાં, અને બહિરાત્મ ભાવથી કરાતી રાજા શેઠીયા વિગેરેની સેવામાં કેટલો તફાવત છે તે દર્શાવે છે. **औरनकी जन कहतहे चाकरी दूरदेश पाउ घासे**—આત્મવિનાના શેઠીયા, સાહેબ, રાજા વિગેરેને સેવા ચાકરીમાં દૂરદેશોમાં પગથી ગમન કરવાં પડે છે. અને ક્ષુધા, પિપાસા, તાઢ, તડકો, રોગ વિગેરેથી મહા દુઃખો સહન કરવાં પડે છે.

તો પણ પોતાનું કાર્ય સિદ્ધ થતું નથી. અને અંતરાત્મ પ્રભુની સેવા ચાકરી કરતાં શું થાય છે તે કહે છે- **अंतरजामी ध्याने दीसे, वय तो अपने पासे.** શરીરની અંતર રહેલા અસંખ્ય પ્રદેશી આત્મારૂપ પ્રભુ ધ્યાન થકી દેખાય છે. અને તેતો આત્મ સ્વભાવમાં રમણુતા કરવાથી સંતુષ્ટ થાય છે. અંતર્યામી પ્રભુ આપણી પાસે છે— કહ્યું છે કે:—

जरा विचारी देहनगरीमां जुओ त्यारे, अनुभव आतम जडशे हेजी.
असंख्य प्रदेशी तखते बेठो, ज्ञानिजन हाथमांहि चडशे रे.
आतम अमर छे जी कोइ एक विरला विचारे रे आतम अमर छे जी—

અંતરાત્મપ્રભુનાં દર્શનાર્થે દૂર દેશમાં પગ ઘસવા પડતા નથી. આત્મા દેહમાં રહેલો જ્ઞાનવડે ઓળખાય છે. અજ્ઞાનીજીવ દેહમાં રહેલા આત્મપ્રભુને ઓળખી શકતા નથી. કહ્યું છે કે—

श्लोक.

परमानन्द सम्पन्नं, निर्विकार निरामयम्; ॥
ध्यानहीना न पश्यन्ति, निजदेहे व्यवस्थितम्. ॥१॥

पाषाणेषु यथा हेम, दुग्धमध्ये यथा घृतम् ;
तिलमध्ये यथा तैलं, देहमध्ये तथा शिवः ॥२॥

काष्ठमध्ये यथा वन्हिः शक्तिरूपेण तिष्ठति; ॥
अयमात्मा शरीरेषु, यो जानाति स पण्डितः ॥३॥

પરમાનંદ સંપન્ન, નિર્વિકાર, નિરામય, એવા પોતાના આત્માને દેહમાં રહ્યા છતાં, પણ ધ્યાન હીન પુરૂષો દેખી શકતા નથી. પાષાણમાં જેમ સુવર્ણ વ્યાપીને રહ્યું છે; દૂધમાં જેમ ઘી રહ્યું છે, તથા કાષ્ટમાં જેમ અગ્નિ સૂક્ષ્મરૂપે રહ્યો છે. તેમ આ આત્મા શરીરમાં વ્યાપી રહ્યો છે. એમ જે જાણે છે તે જ્ઞાની જાણવો. અને તે પોતાની પાસે અંતરાત્મ પ્રભુ છે, એમ જાણી શકે છે, દેહમાં અંતરાત્મ પ્રભુ બિરાજમાન છે તેને સંબોધી એક પદ ગાયું છે કે—

पद.

तत्त्वस्वरूपी अलख ब्रह्मतुं, परमातम परगट पोते; ॥
घटमां वशीयो मायावशथी, जडमां निजने शुं गोते. तत्त्व.॥१॥
अजरामर अविनाशी अरूपी, आंख मींचकर अवधारो ॥
रटना अविहड पदनी लागे, तो होवे घट उजियारो. तत्त्व. ॥२॥
अविचल असंख्यप्रदेशी आतम, चिद्घन चेतन तुं प्यारो; ॥
नित्यानित्यस्वरूपी ज्ञाता, अनेकान्त मत निरधारो. तत्त्व. ॥३॥
परमेष्ठिमय परगट पोते, समज समज आतम देवा. ॥
बुद्धिसागर प्रेमभावथी, करवी तेनी दील सेवा. तत्त्व. ॥४॥

ભાવાર્થ—સુગમ છે, તેથી વિવેચન કરવાની જરૂર નથી અંતરાત્મપ્રભુ મનુષ્યદેહમાં બહુ પુણ્યપુંજથી આવી વસ્યા છે. તેનું કારણ કર્મ છે. દેહમાં અંતરાત્મપ્રભુ છે, એમ જ્ઞાનથી જાણી કયાં જડ વસ્તુઓમાં પોતાને શોધે છે. નિશ્ચય હવે થયો હશે કે અંતરાત્મપ્રભુ આપણી પાસે છે, માટે તેને ધ્યાનથી દેખી તેની સેવા કરો. પ્રેમભાવથી તેની દીલમાં સેવા કરવાથી, પોતે પોતાના ઉપર પ્રસન્ન થાય છે. અને તેથી તાઢ તડકાનાં તથા ક્ષુધા તૃષાનાં દુઃખો સત્વર નાશ પામે છે, અને અંતર્યામી અન્તરાત્મપ્રભુની સેવાથી સહજ સ્વભાવે સત્યાનંદની પ્રાપ્તિ થાય છે. માટે અન્તરાત્મપ્રભુની સેવા તેજ મોક્ષના મેવા જાણવા. વળી બન્ને સ્વામિનો તફાવત કહે છે. બહિરનો સ્વામી સાહેબ કોઈ કારણસર કોપાયમાન થાય છે, તો ઘણા ઉપાયો તેને રીઝવવાના કરવામાં આવે છે. પણ સંતુષ્ટ થતો નથી. ત્યારે અંતરાત્મ પ્રભુતો ચિદાનંદમાં મગ્ન રહે છે, તેથી તે કદાપિકાળે કોપાયમાન થતા નથી. જેમ જેમ અન્તરાત્મપ્રભુની પ્રેમભકતી ધ્યાનથી વિશેષતઃ સેવા કરવામાં આવે છે, તેમ તેમ રીઝીને વિશેષ વિશેષ જ્ઞાનદર્શન ચારિત્રરૂપ રૂદ્ધિને અર્પે છે. માટે અન્તરાત્મપ્રભુની સેવામાં આનંદમહોદધિ છે, અને જરા માત્ર પણ ભય નથી. વળી બેનું અન્ત કહે છે

ओरनकी चिन्ता चित्ते न मटे सबदीन धंधेजावे ! અન્ય

સ્વામી તથા સાહેબની ચિંતા ચિત્તમાંથી મટતી નથી, રખેને વાંક આવશે તો કંઈ થઇ જશે, મારો વાંક આવશે તો નશીબ પરવારશે. ગમે તેવી સ્વામીની ચાકરી કરવામાં આવી હોય, તોપણ જરા વાંક આવતાં નોકરી રદ્દ થઈ જાય છે. શેઠ તથા સાહેબ કે જે ઢોલામારૂ સરખા હોય તોપણ તેને નીચા નમીને સ્વાર્થને માટે સલામ કે નમસ્કાર કરવા પડે છે. જે શેઠાણી કે જેના હાથનાં બોર પણ બીજા લે નહીં, તેવી મૂર્ખિણીને પણ ચાટુકવચનથી ગરીબ ગાય જેવું મુખ કરી કરગરવું પડે છે. તથા બાહ્યસ્વામિ, રાજા, વિગેરેની સેવા ચાકરી કરતાં સર્વ દિન ધંધામાં ચાલ્યા જાય છે. અર્થાત્ પરતંત્રતાની બેડીમાં સદાકાળ રીબાવું પડે છે, તેથી જરા માત્ર પણ બાહ્યશાંતિ ભોગવાતી નથી તો આભ્યંતર શાંતિ તો હોયજ કયાંથી ! બાહ્યસ્વામિની સેવામાં સ્થિરતા તથા સુખ સમાયું નથી, અને અન્તરાત્મપ્રભુની સેવા ભક્તિમાં તો આત્મા અપૂર્વસ્થિરતા અને પૂર્ણ સુખમાં ખેલે છે. તેથી દુઃખ ચિંતા તથા પરતંત્રતાનું તો નામ પણ રહેતું નથી. અન્તરાત્મપ્રભુની સેવા ભક્તિ તો આત્મસ્વભાવમાં રમણતા કરવાથી મળે છે. અને એવી સેવા મહા પુણ્યોદય હોય તો પ્રાપ્ત થાય છે. અન્તરાત્મપ્રભુની સેવામાંજ સત્યસ્થિરતા હોય છે. અને જેમ જેમ નિરૂપાધિયોગે અન્તરાત્મપ્રભુનું સ્થિ-

રોપયોગથી ધ્યાન થાય છે, તેમ તેમ ભાવચારિત્રના આનંદની ખુમારી હૃદયમાં પ્રગટપણે વેદવામાં આવે છે. સમાધિ અવસ્થામાં લીન થયેલા મુનિરાજોને સ્થિરતાથી સુખ જો અનુભવમાં આવ્યું નહિ હોત, તો ધ્યાનાવસ્થાને માટે કોઇ પ્રયત્ન કરત નહીં. સારાંશ કે, અન્તરાત્મપ્રભુના ધ્યાનમાં લીન થએલા મહાત્માને જે સુખ થાય છે, તેનો કરોડમો ભાગ પણ ઇંદ્ર, ચંદ્ર, નાગેંદ્રને સુખ નથી. સુખનો અનુભવ તમારે લેવો હોય તો બાહ્યોપાધિમાં થતા વિકલ્પ સંકલ્પ ટાળીને સદ્ગુરૂઆજ્ઞાનુસાર ધ્યાનાવસ્થામાં લીન થાઓ, તેથી તમને અંતરમાં રહેલો આત્મા આનંદાનુભવ અમૃતરસ ચખાડશે. આનંદાનુભવ અમૃતરસમાં લીન થએલા યોગિયો જગત્માં ખરેખરા સુખી અને સત્તા ધારી તથા રાજાના રાજા સમજવા. અંતરાત્મપ્રભુની સેવા તે પોતાનીજ સેવા છે. ત્યાં પરતંત્રતા કહેવાતી નથી. રાગદ્વેષના તાબે રહી, પૌદ્ગલીક સુખોને માટે જે કંઈ કરવામાં આવે છે, તે ખરેખરી પરતંત્રતા છે. અન્તરાત્મપ્રભુસેવક તો આત્મસુખાભિલાષી હોવાથી સ્વતંત્રજ છે. પર સ્વામીથી જે ભોગોની પ્રાપ્તિ થાય છે, તે કહે છે **पराधीनहे भोग ओरको याते होत विजोगी ॥** અન્યસ્વામીસેવાલબ્ધ ભોગ તો પરાધીન છે. અમુક વસ્તુ મળે અને તે ખાવામાં આવે, પીવામાં આવે, તથા અન્ય ઇંદ્રિયોથી ભોગવવામાં આવે, તો સુખ થાય, અને તે પૌદ્ગલીક-

વસ્તુ જન્યં સુખ તે પુદ્દગલના આધીન છે, અને તે ઇષ્ટ એવાં પુદ્દગલોની વસ્તુઓનો જેવો સંયોગ થાય છે, તેવોજ તેનો વિયોગ થાય છે. પૌદ્દગલીક ઇષ્ટવસ્તુઓ સદાકાળ કોઇની પાસે રહી નથી, અને રહેવાની નથી. ઇંદ્ર, ચંદ્ર, નાગેંદ્ર વિગેરે જે પૌદ્દગલીક સુખો ભોગવે છે, તે તેમના શરીર પર્યંત સમજવું. અન્ય શરીરની પ્રાપ્તિ થતાં, ઇષ્ટ પુદ્દગલ વસ્તુનો વિયોગ થતાં, તેથી થતા સુખનો પણ વિયોગ થાય છે. માટે બાહ્યપ્રભુની સેવામાં ક્ષણીક સુખ, પણ અંતે દુઃખજ સમાયું છે. ત્યારે અન્તરાત્મપ્રભુની સેવામાં જે સુખ થાયછે તે કહે છે—**सदा सिद्धसम सुख विलासी, वयतो निजगुणभोगी**—પ્રતિદીનરાત્રી સિદ્ધસુખ સમાન સુખનો વિલાસી આત્મા બને છે. કારણકે, પોતાના ગુણનો જે ભોગ છે તે સ્વાભાવિક છે, તેથી તેનો વિયોગ થતો નથી. આત્માની સાથે પુદ્દગલ વસ્તુનો સંયોગ થાય છે, અને તેથી તેનો વિયોગ થાય છે. આત્માની સાથે પુદ્દગલદ્રવ્યનો સંયોગ વિભાવીક છે, તેથી તે વિઘટે છે; માટે સ્વગુણભોગમાંજ સુખ સમાયું છે, એમ શ્રી સર્વજ્ઞ મહાવીરસ્વામી કહે છે. પરવસ્તુતો જડ છે, અને જડમાં સુખગુણ નથી, તેથી અજ્ઞાનજન્ય ભ્રાંતિ-ટાળીને, અન્તરાત્મપ્રભુની સેવા કરો, કે જેથી સાદિ અનંતમે ભાંગે સત્યસુખ પામો. ક્ષણીકસુખ તો સાદિસાંત ભાંગે છે, અને જડ વસ્તુનો સંબંધ પણ સાદિસાંત ભાંગે છે. દેવ-

તાના ભવનાં સુખ તથા મનુષ્યભવના સુખની આદિ છે, અને તેનો અંત પણ છે, મોક્ષ સુખની આદિ છે પણ અંત નથી, માટે સત્ય મોક્ષસુખની પ્રાપ્તિનો ઉપાય તો અન્તરાત્મપ્રભુની સેવા ભક્તિ ધ્યાનાદિ છે. ઉપશમભાવથી વા ક્ષયોપશમભાવથી અન્તરાત્મપ્રભુની ભક્તિ કરવી, એજ શ્રેષ્ટ સત્ય કર્તવ્ય છે. ઉદયિકભાવથી બાહ્યવસ્તુઓના ઈષ્ટ અને અનીષ્ટ વસ્તુઓનો સંબંધ થતાં, હર્ષ શોક ધારણ કરી પુદ્ગલ વસ્તુઓમાં રાગ અને દ્વેષથી ઇષ્ટપણું અને અનીષ્ટપણું કલ્પવું તે બહિરાત્મ ભાવ છે, તેથી પુદ્ગલ વસ્તુની સેવા કરવી પડે છે. હે આત્મન્! હવે તું વિરામ પામ, શાંત થા. હે બહિરાત્મ! હવે તું દૂર થા. હે સ્વભાવરમણુતા ! હવે જાગ; જાગ. અન્તરાત્મપ્રભુની સેવામાં આનંદી બનેલા ભવ્યોની અંતરદશા ઓર પ્રકારની વર્તે છે, તે દશાનો સાક્ષાત્ અનુભવ કરનાર શ્રી મહાજ્ઞાની ઉપાધ્યાયજી અંતરાત્મપ્રભુનું ગાન કરે છે કે—

ज्युं जाणो त्युं जगजन जाणो, मैंतो सेवक उनको;
पक्षपाततो परशुं होवे, राग धरत हुं गुनको.

જગત્ના જીવો જેવી મતિ, તે પ્રમાણે જાણો. હું તો અંતરાત્મપ્રભુનો સેવક છું. પક્ષપાત તો પરથી હોય છે. હું તો ગુણનો રાગ ધારણ કરૂં છું, તેથી અંતરાત્મપ્રભુ વિના મારો જડવસ્તુમાં જરા માત્ર પણ રાગ ઉત્પન્ન થતો નથી. જડ-

વસ્તુમાં અજ્ઞાનદશાથી રાગ બંધાયો હતો તે જ્ઞાનદશા પ્રગટ થતાં, નાશ પામ્યો, અને અંતરાત્મપ્રભુ ધ્યાનમાં રમણુતારૂપ રાગ થયો, તે હવે કદી છૂટનાર નથી. મારા મનમાં અંતરાત્મપ્રભભક્તિ અને સેવાજ અહર્નિશ રમી રહી છે, સર્વ જ્ઞાનિઓનો એક ભાવ હોય છે; સર્વ જ્ઞાનિઓનો એકસરખો વિચાર હોય છે. અને શતમૂર્ખના શત વિચાર જુદા જુદા હોવાથી, પરસ્પર વિચાર મળતા નથી. જે જ્ઞાની હશે, તેના વિચાર મળતા હશે. અન્તરાત્મપ્રભુના સેવનમાં જે જ્ઞાની થયા, અને થશે તે સર્વના એક સરખા વિચાર હોય છે. મૂર્ખોને ભેદજ્ઞાનની,વા અંતર્તત્ત્વની સમજણુ પડતી નથી. અસંખ્યપ્રદેશે કરી, શરીરમાં બીરાજીત અંતરાત્મારૂપ પોતાનો સાહેબ, જે ભવ્ય ઓળખે છે, તે કર્મશત્રુને જીતિને યશોલીલા પાવે છે, એમ શ્રીયશોવિજયજી ઉપાધ્યાય કહે છે. અંતરાત્મસાહેબની સેવા કરવી તેજ સત્યેષ્ટ કર્તવ્ય છે. માટે બાહ્યની રાગદ્વેષથી બહિરાત્મભાવે થતી પ્રવૃત્તિનો ત્યાગ કરી, અંતરાત્મની ભક્તિ કરવી, તેજ સારમાં સાર છે. બાહ્યજગત્પ્રપંચની ખટપટમાં લટપટીઆ થઇ પડવાથી, વિકલ્પ સંકલ્પ જાળમાં મૃગની પેઠે ફસાવું પડે છે. તે સંબંધી ઉપાધ્યાયજી સમાધિશતકમાં કહે છે કે—

मोहवागुरी जालमन, तामें मृगमत होउ;
यामें जे मुनि नहि परे, ताकुं असुख न कोउ.

આનું વિવેચન અમોએ વિશેષતઃ કર્યું છે તે સમાધિ-શતક વિવેચનમાંથી જોઈ લેવું. બાહ્યપ્રવૃત્તિમાં મન જવાથી, બહિરાત્મભાવનું સેવન થાય છે, અમુક દોષીછે, અમુકનું આમ કરવું જોઈએ. અમુકનું હું આમ કરીશ. ઇત્યાદિ વિચારો પર વસ્તુસંબંધી રાગદ્વેષથી કરતાં, આત્મસન્મુખતાથી ભ્રષ્ટ થવાય છે. પારકી પંચાતમાં પ્રવેશ કરતાં, આત્મા સ્વરૂપ ઉપયોગથી શૂન્ય બને છે. જગત્‌ની વિચિત્રતા છે. સર્વ જીવ કર્માધીન છે, તેથી સર્વ જીવ એક સરખા નથી, માટે કોઈ સારાં કૃત્ય કરે, અને કોઈ ખોટાં કૃત્ય કરે, તોપણ તેને દેખી માધ્યસ્થભાવે વર્તવું અને પોતાના આત્માને હિતશિક્ષાથી સમજાવવો. હે આત્મન્! તું પોતાના ચૈતન્યસ્વરૂપનો વિચાર કરી, પરમાં ઉત્પન્ન થતી અહંવૃત્તિથી દૂર રહેવા પ્રયત્ન કર. જગત્‌ના જીવોનાં એક સરખાં કર્મ નથી. એક સરખા વિચાર નથી, એક સરખા આચાર નથી, એક સરખી ભાષા નથી, એક સરખા ઉચ્ચાર નથી. એક સરખા રાગ નથી, એક સરખા દ્વેષ નથી, એક સરખાં રૂપ નથી, એક સરખાં શરીર નથી, એક સરખાં મન નથી, એક સરખાં વચન નથી, એક સરખાં દુઃખ નથી, એક સરખી જાતિ નથી, એક સરખી જ્ઞાતિ નથી, એક સરખા ક્રોધ, લોભ, માન, માયા નથી, એક સરખાં સુખ નથી, એક સરખો વૈભવ નથી, એક સરખી સત્તા નથી,

એક સરખી પરિણુતિ નથી, એક સરખું ભક્ષણુ નથી, એક સરખી ઇચ્છા નથી, એક સરખી પ્રવૃત્તિ નથી. કોઇ પાપી છે, તો કોઇ પુણ્યવંત છે, કેટલાક મિથ્યાત્વી છે, તો કેટલાક સમકિતી છે, કેટલાક ભોગી છે, તો કેટલાક યોગી છે, કેટલાક જીવો ધ્યાની છે, તો કેટલાક માની છે, કેટલાક જ્ઞાની છે, તો કેટલાક અજ્ઞાની છે, કેટલાક લોભી છે, તો કેટલાક નિર્લોભી છે. આવી ભિન્નતા જગત્ જીવોની સદાકાળ રહેવાની કે તેનો નાશ થવાનો ? ઉત્તરમાં કહેવાનું કે કર્મની વિચિત્રતાથી ભિન્નતા પણુ કર્મની હયાતી પર્યંત રહેવાની. ત્યારે શું જગજ્જીવોની એક સરખી પ્રવૃત્તિ થવાની ? ઉત્તરમાં કહેવું થશે કે ક્ષાયીકભાવે આત્મગુણુની પ્રાપ્તિ વિના નિજગુણુની એક સરખી પ્રવૃત્તિ થતી નથી, એક સરખી પ્રવૃત્તિ તે પણુ આત્મગુણુની ગ્રહણુ કરવાની છે. પણુ સર્વ જીવો ક્ષાયીકભાવની પ્રાપ્તિ કરે, એ પણુ અશકય છે. સર્વ જીવો સમકિતી બની જાય, એમ પણુ થવું અશકય છે. ઉપદેશ વિગેરે પણુ આત્મગુણોની પ્રાપ્તિમાં નિમિત્ત કારણુ છે, તેથી એકાંતે ઉપદેશ દેવાથી સર્વ જીવો એક સરખા થઇ જાય, એમ સર્વ જીવોના માટે બનવું અશકય છે. તેથી સદોષીને નિર્દોષી બનાવવા તે પણુ અશકય છે. કોઇને ઉપદેશની અસર થાય છે, અને કોઇને થતી નથી. પંચ કારણુથી કાર્યોત્પ-

ત્તિ થાય છે. માટે અન્ય મનુષ્યોને ગુણી બનાવવા એકાંત-ઉદ્યમ કારણીભૂત સમજી, બાહ્યપ્રવૃત્તિમાં પડવું પ્રાયઃ યોગ્ય જણાતું નથી—પ્રથમ તો પોતાના આત્મને ગુણી બનાવ્યો નથી, તો અન્યને શી રીતે બનાવી શકવાના. પોતાનો આત્મા બહિરાત્મભાવથી અનેક પ્રકારના વિકલ્પ સંકલ્પ સેવ્યા કરે છે, તથા રાગદ્વેષથી સદોષ આચરણ પ્રતિદિન સેવ્યા કરે છે. અનેક પ્રકારનાં સિંહની પેઠે ગર્જના કરી ભાષણો આપે છે. પણ અન્તરમાં જોયું હોય, તો મોટી પોલ હોય છે. બાહ્યજગતના જીવોને અનેક પ્રકારની વિદ્વતા તથા ચતુરાઇ દેખાડવા આત્મા પ્રયત્ન કરે છે. પણ અંતરના ક્રોધ, કામ, લોભ, મોહ, માયા, મત્સરનો નાશ કરવા બીલકુલ પ્રયત્ન કરતો નથી. કહો કેટલું બધું અંધેર! દુનીયામાં મહત્તા મેળવવા માટે તથા સ્વાર્થ સાધવા માટે, જે કંઇ કરે છે, તેટલું આત્માની મહત્તા તથા આત્મગુણોની પ્રાપ્તિ માટે, તે કંઈ પણ કરતો નથી. બાહ્યકીર્તિ તથા, પ્રતિષ્ટા માટે જેટલો પ્રયત્નં કરે છે, તેનો શતાંશ પણ પોતાના આત્મગુણ માટે પ્રયત્ન કરતો નથી. બીજાની નિંદા કરવામાં તથા અમુકની હલકાઇ કરવામાં જેટલી હુંશીયારી જીવ ધારણ કરે છે, તેનો શતાંશ પણ પોતાના દોષો જોવામાં અને અવગુણથી થતી પોતાની હલકાઇ જોવામાં, પ્રયત્ન કરતો નથી. આનું કારણ અજ્ઞાન

વિના તથા મોહ વિના કશું કંઈ નથી. અજ્ઞાનથીજ આવી બહિરાત્મભાવની પ્રવૃત્તિઓ થયા કરે છે. અજ્ઞાનથીજ જીવ પારકી પંચાતમાં દોઢડાહ્યો બની આત્મગુણથી ભ્રષ્ટ થાય છે. અજ્ઞાનથીજ પોતાના આત્મામાં સુખ છે, એમ સમજાયું નથી. અજ્ઞાનથીજ અન્યના દોષો જોવામાં કાકવૃત્તિ ધારણ કરી, વારંવાર પોતાના મનને નિંદામાં પ્રવર્તાવી, પોતે નિંદક બને છે. જો બહિરાત્મા; અંતરાત્મા, તથા પરમાત્મસ્વરૂપનું ગુરૂ ઉપદેશ દ્વારા જ્ઞાન થાય, તો આવી દોષપ્રવૃત્તિઓથી નિવૃત્તિ થયા વિના રહે નહિ. માટે હે આત્મન્! સમજ કે બાહ્યવસ્તુમાં પ્રવૃત્તિ તથા લક્ષ હોવાથી બહિરાત્માની પુષ્ટિ થાય છે. માટે ક્ષણે ક્ષણે આત્મસ્વરૂપ સ્મરણ કર. અન્યવસ્તુ રૂપ હું નથી, એમ દૃઢ નિશ્ચય કરી, ખાતાં, પીતાં, ફરતાં, હરેક કાર્ય કરતાં અંતરમાં લક્ષ રાખ. બાહ્યપ્રવૃત્તિમગ્નચિત્તને, ત્યાંથી ખેંચી, અન્તરમાં વાળ અને અન્તરઆત્મસ્વરૂપની ભકિત કર.

અન્તરભક્તિથી અન્તરાત્માને ભાવતાં, અંતરમાં જ્ઞાન દર્શન ચારિત્રનો ઉદ્યોત થાય છે. અને કેવલ શુદ્ધ આત્મસ્વરૂપનું શુદ્ધોપયોગથી તન્મયપણે ભજન (સેવન) કરતાં, અંતરમાં કેવલ જ્ઞાનાદિ ગુણોનો ઉદ્યોત થાય છે. અન્તરાત્મપ્રભુની ભકિતથી ક્ષાયીક ભાવે શકિતયો પ્રગટે છે. કેવલ આત્મીક શુદ્ધ સ્વભાવે ઉપયોગથી પ્રવર્તવું, તેવી શાંતતા પ્રાપ્તવ્ય છે. પણ કાયા વાણીની જે ચેષ્ટા તેની સ્થિરતા,

અર્થાત્ તેને કાબુમાં રાખવી, એટલીજ શાંતતા તો ત્યાગ કરવા લાયક છે. માટે આત્મિકશાંતિનું સેવન કરવું, અને બાહ્યશાંતિ જે બકવૃત્તિ સમાન છે, તેમાં મોહ પામવો નહીં. આત્મિકશાંતિમાં રાગ ધારણ કરવાથી, તે શાંતિની પ્રાપ્તિ માટે પ્રયત્ન થાય છે, અને તે શાંતિનો લાભ થાય છે. તે સંબંધી નીચે પ્રમાણે પદ છે.

पद.

शान्ति सदा सुखदाइ, जगतमां शान्ति सदा सुखदाइ;
सेवो चित्तमां ध्यायी. जगत्मां. १

भवजंजाळे भटकतांरे, शांति होय न लेश;
मन चञ्चलता ज्यां हुवेरे, उलटो वाधे क्लेश. जगत्मां. २

सत्ता धन वृद्धि थकीरे, होय उपाधि जोर;
चित्त स्थिरता नहीं भजेरे, प्रगटे दीलमां तोर. जगत्मां. ३

दुनीयानी खटपट थकीरे, खटपटीयुं मन थाय;
मनडुं भटके बाह्यमांरे, बहिरातम पद पाय. जगत्मां. ४

लेश विकल्प न उपजेरे, अन्तर वर्ते ध्यान;
उपाधि अळगी हुवेरे, होवे शान्ति भान. जगत्मां. ५

खाराजलना पानथीरे, कदी न तृप्ति थाय;
धुमाडा बाचक भरेरे, हाथ कशुं नहि आय. जगत्मां. ६

माया ममता योगथीरे, कदी न शान्ति होय;
शांति वर्ते आत्ममांरे, निश्चयथी अवलोय. जगत्मां. ७
आत्मध्याने आतमारे, शान्तिथी भरपूर;
बुद्धिसागर शांतिमांरे, रहेवुं सदा मगरूर. जगत्मां. ८

સત્યાભ્યંતર શાંતિનો અનુભવ કરવા ઉદ્યમ કરવો. અને જ્ઞાનથી આત્મામાંજ શાંતિ છે, એમ નિશ્ચય કરી, સદાકાળ, સત્ય શાંતિ અર્થે, ધ્યાનસ્થિરતારૂપ પ્રયત્ન જો સેવવામાં આવશે, તો અનુભવ આવશે. શ્રી આનંદઘનજી મહારાજે શ્રી શાંતિનાથના સ્તવનમાં શાંતિ પ્રાપ્ત કરવાના ઉપાયો સારી રીતે વર્ણન કરી બતાવ્યા છે. ત્યાંથી વિશેષ સ્વરૂપ જોઇ લેવું. ચારિત્રમોહનીયનો ઉપશમભાવ તથા ક્ષયોપશમભાવ, તથા ક્ષાયીકભાવ થતાં, સત્ય સહજ આત્મિકશાંતિનો લાભ મળે છે.

અન્તરની સત્યશાંતિ ઉપાસ્ય છે, એવા જ્ઞાન વિના બાહ્યક્રિયા ફક્ત માન પૂજાર્થે કપટ કરવામાં આવે તો તેથી ખરી શાંતિ પ્રાપ્ત થતી નથી તેમજ બાહ્યવૈરાગ્ય વિગેરેથી, પણ આત્મજ્ઞાનવિના ખરી શાંતિ પ્રાપ્ત થતી નથી આત્મજ્ઞાનવિના બાહ્યક્રિયાનો આડંબર આત્મકલ્યાણાર્થે થતો નથી, તે જણાવે છે.

दुहा ।

क्रिया काण्डमां दक्षता, बाह्यपणे वैराग;
आत्मनाण विन आतमा, त्यजे न परगुण छाग. ७९

द्रव्यादिक सापेक्षथी, निश्चयनयव्यवहार;
सद्गुणज्ञानी सेवना, करतां टळे विकार. ८०
संतसमागम दोहिलो, मळे न वारंवार;
आत्मार्थीने योग्य ते, करे महा उपकार. ८१
सरलस्वभावि योग्य को, पामे सद्गुरु सङ्ग;
समजी सत्य स्वरूपने, थावे निजगुणरङ्ग. ८२

ક્રિયાકાંડમાં અન્તરથી કપટતા હોય, એટલે ક્રિયાનું રહસ્ય સમજે નહિ, પરલોકમાં માન, પૂજા, કીર્તિ થાય, તેજ અંતરનો ઉદ્દેશ હોય, તથા વૈરાગ્ય પણ બાહ્યથી હોય; એટલે વૈરાગ્યના બાહ્યહેતુઓનું અવલંબન કર્યું હોય તેથી કંઇ આત્મસાધન થઇ શકતું નથી. શ્રી દેવચંદ્રજી પણ વિહરમાનના સ્તવનમાં કહે છે કે:-

अवगुण ढंकणकाज करु जिनमतक्रिया,
न तजुं अवगुणचाल अनादिनी जे प्रिया;
दृष्टिरागनो पोष तेहसमकित गणुं,
स्याद्वादनी रीते न देखुं निजपणुं.—१

અવગુણ ઢાંકવા અર્થે, જિનોક્ત ક્રિયા કરૂં છું અને અનાદિની અવળી પરિણતિની માની લીધેલી પ્રિયચાલ તોડતો નથી. અહો ભગવાન્ કેવી મારી સ્થિતિ છે. દૃષ્ટિરાગના પોષમાં સમકિત ગણું છું. સ્યાદ્વાદરીત્યા, આ-

રમામાં આત્મત્વતો હું દેખતો નથી; તાત્પર્યાર્થ કે જિનોક્ત સ્યાદ્વાદરીત્યા, સમ્યગ્ આત્મતત્ત્વ જ્ઞાનવિના આત્મા પર-પુદ્ગલ પરિણમતાને ત્યાગતો નથી. માટે આત્મ-જ્ઞાનાભ્યાસ સદ્ગુરૂ પાસે કરવો. શ્રી ઉત્તરાધ્યયનમાં પણ કહ્યું છે કે—**अप्पनाणेण मुणी होइ न मुणि रण्णवासेण** આ-ત્મજ્ઞાનથી મુનિ થવાય છે. કંઇ જંગલમાં, વસ્ત્ર ગૃહ સ્ત્રીનો ત્યાગી થઈ વસવાથી, મુનિ થવાતું નથી. શ્રી આનંદઘનજી મહારાજ કહેછે કે—આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્ય લિંગીરે ! આ પદથી પણ આત્મજ્ઞાનથી મુનિપદની સાફ-લ્યતા છે. માટે બાહ્યપ્રવૃત્તિ પરિહરી, આત્મજ્ઞાન માટે ભવ્યપુરૂષો ખપ કરો. આત્મજ્ઞાનથી સર્વ કર્મનો ક્ષય થઇ જાય છે. **अप्पासो परमप्पा.** આત્મા તે પરમાત્મા છે. દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવ યોગે આત્મા વ્યવહારનય અને નિશ્ચય-નયનું અવલંબન કરી, પરમાત્મસ્વરૂપ સાધ્ય લક્ષી આત્મ તત્ત્વની સેવના કરે તો, દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મનો વિકાર ટળી જાય, અને આત્મા સિદ્ધ બુદ્ધ પરમાત્મ સ્થિ-તિનો ભોક્તા થાય. આત્મજ્ઞાન પ્રાપ્ત્યર્થમ્ જ્ઞાનિમુનિ સં-તોની ઉપાસના કરવી. જ્ઞાનિ મુનિવર્ય સંતોનો સમાગમ કલ્પવૃક્ષ વા ચિંતામણિ રત્નની પેઠે દુર્લભ છે. વારંવાર સંત મુનિરાજોનો સમાગમ મળતો નથી, માટે આત્માર્થી પુરૂષે મુનિસંત સમાગમ પ્રાપ્ત કરી, આત્મતત્ત્વની ઉપાસના કરવી.

સંત પુરૂષોની બહુ ભક્તિ કરવી, તેમની યોગ્ય સંગતિથી મોટામાં મોટો ઉપકાર થાય છે. કોઇ સરલ સ્વભાવી અને સદ્‌ગુરૂના પ્રેમી આવો ઉત્તમોત્તમ સમાગમ પ્રાપ્ત કરી શકે છે. અને તેઓ તેથી આત્મસ્વરૂપમાં દ્રઢ રંગ ધારણ કરી શકે છે. અને પરમાત્મ અવસ્થા પ્રાપ્ત કરે છે. તમારા જીવનની પ્રતિદિન ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા જ્ઞાનિ સત્પુરૂષોના ચરણકમલની સેવા કરો. તમારો આત્મા તમારી આવી પ્રવૃત્તિથી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી પ્રાંતે અનંત સુખમય નિવૃત્તિપદ પ્રાપ્ત કરશે.

શુદ્ધ નિશ્ચયનય ચૈતન્યસ્વરૂપને ઉપયોગ ભાવે ધ્યાનદશામાં લક્ષી, અંતરમાં રમણુતા કરવાથી, અદ્‌ભૂત આનંદ સદાકાળ ભોગવવામાં આવે છે. તેને ઉદ્દેશી કહે છે.

दुहा ।

अद्‌भूत आनंदे सदा, सहज स्वभावे होय;
जे करशे ते भोगवे, नडे न कोने कोय. ८३

स्थिरता क्षायिकभावथी, चिदानन्द भण्डार;
वेत्ता ज्ञेय अनंतनो, शुद्धस्वभावे धार. ८४

उपशम क्षय क्षायिकथी, आत्मिक धर्मकथाय;
उदयिकभावे धर्मनी, आश न लेश रखाय. ८५

અદ્‌ભૂત સત્યાનંદથી, સહજ સ્વભાવે આત્મા સદા વર્તે છે. કર્મ પુદ્‌ગલોના શુભાશુભ વિપાકોમાં, તથા તેના સાનુકુળ વા પ્રતિકુળ સંયોગોમાં, સમાનભાવ વર્તે છે. જે કરશે તે ભોગવશે. હું મારૂં સ્વરૂપ ભોગવીશ તથા અધુના ભોગવું છું. પુદ્‌ગલનો ભોગ પુદ્‌ગલનેજ ઘટે. ચેતન ધર્મનો ભોગ ચેતન દ્રવ્યનેજ ઘટે. કર્મરૂપ વિપાકી પુદ્‌ગલોનો ભોકતા હું નથી. યદ્યપિ તેનો વ્યવહારથી ભોકતા કહેવાઉં છું, પણ નિશ્ચયથી નથી. તેમ કર્મ વિપાકિ પુદ્‌ગલો વ્યવહારનયથી નડે છે, પણ નિશ્ચયથી નડી શકતાં નથી. આત્મદ્રવ્યથી પુદ્‌ગલ દ્રવ્યનો વિનાશ થતો નથી, અને પુદ્‌ગલ દ્રવ્યથી આત્મદ્રવ્યનો વિનાશ થતો નથી, નિશ્ચયનયથી જોતાં કોઈ દ્રવ્ય કોઇ દ્રવ્યને ઉપકારક તથા વિઘાતક નથી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં, એક સરખી ઉપયોગધારા વહેતાં, આવી આત્મદશાનું ભાન થાય છે. અને સત્ય આત્મધર્મની પ્રતીત થાય છે. અને તેથી ચારિત્ર મોહનીયનો ક્ષાયિક ભાવ ક્ષય કરી આત્મા ચિદાનંદ ભંડાર બને છે. અને તેરમા ગુણ સ્થાનકે કેવળ જ્ઞાન, કેવળ દર્શન, અનંત ક્ષાયિક સમકિત, અનંત ચારિત્ર, દાનાદિ પાંચ લબ્ધિનો ભોકતા બને છે. અનંતજ્ઞેય પદાર્થનો જ્ઞાતા જ્ઞાનથી આત્મા બને છે. આત્માનો શુદ્ધ સ્વભાવ થતાં, સહેજે આવી સ્થિતિ બન્યા કરે છે. ઉપશમ ભાવથી વા ક્ષયો

પશમ ભાવથી વા ક્ષાયિકભાવથી આત્મધર્મ કથાય છે, પણ ઔદયિક ભાવમાં આત્મિક ધર્મની લેશ માત્ર પણ આશા રાખવી નહીં. ઔદયિક ભાવથી થતી શરીરાદિ ક્રિયાઓમાં ધર્મ માની અજ્ઞાની જીવો ઠગાય છે. કેટલાક ધર્મ ધર્મ પોકારે છે પણ ઔદયિક ભાવમાંજ રાચી માચી રહે છે. ઔદયિક ભાવથી ભિન્ન ઉપશમભાવાદિને કોઇ સમજતા નથી, તેના વિચારમાં સત્ય ધર્મ આવી શકે નહીં. વસ્તુધર્મને અન્યમાં શોધીએ તો જડ મૂર્ખ કહેવાઈએ. આત્માના અનંતજ્ઞાન દર્શન ચારિત્રાદિ ધર્મો કે જે અરૂપી છે, તે સત્ય ધર્મ રૂપે છે. તેનો અનુભવ સદ્ગુરૂદ્વારા સમ્યગ્જ્ઞાન પામી કરાય છે. જડ પુદ્ગલ રૂપ દેહના ધર્મમાં અજ્ઞાની જીવ ધર્મ માની કર્મોપાર્જન કરી ચતુર્ગતિમાં પુનઃ પુનઃ અવતાર ગ્રહણ કરે છે. આત્મદ્રવ્ય અને પુદ્ગળ દ્રવ્ય ન્યારૂ છે. પુદ્ગળના ધર્મ જડ છે, અને તે હેય છે. આત્મા અનાદિકાળથી કર્મ રૂપ પુદ્ગલના ક્ષીર નીરની પેઠે નીકટ સંબંધમાં આવેલો છે, અને તેથી પુદ્ગળના ધર્મને પણ ભ્રાંતિથી પોતાના સમજે છે. પુદ્ગલ કર્મની સોબતથી પોતાને પણ જડ જેવો માની લીધો છે. એટલાથી પણ વિશેષ એ બન્યું કે ચૈતન્ય સત્તા પણ પંચ ભૂતમાં માની, રાચવા લાગ્યો અને પોતાને જડરૂપજ માની ચૈતન્ય સત્તાનો નિષેધ કરવા લાગ્યો. અને જડવાદના ભય-

કર અથાગ સમુદ્રમાં ગોથાં ખાવા લાગ્યો. સર્વત્ર જગત્માં ચૈતન્યસત્તાનો નિષેધ સ્વીકારી, અનેકજાતનાં પાપો કરવા લાગ્યો. ખાવું, પીવું, એશઆરામ ભોગવવામાંજ મનુષ્યજન્મની સાફલ્યતા સમજી, નરકનિગોદમાં પુનઃ પુનઃ અથડાયો, મિથ્યાત્વબુદ્ધિથી સત્યને અસત્ય માનવા લાગ્યો, અને અસત્યને સત્ય માનવા લાગ્યો. એમ જડની સંગતિથી જડ બનેલા આત્માએ બહિરાત્માપદ ધારણ કર્યું, અને મોહ માયામાં ખૂંચી, અનંત દુઃખનો ભોકતા બન્યો. અજ્ઞાનથી ઔદયિકભાવમાંજ ધર્મતત્ત્વની એકાંતે ધારણા કરી સત્ય ધર્મનો અપલાપ કર્યો. સમ્યગ્જ્ઞાનવિના મિથ્યાત્વી જીવોની તથાપ્રકારની સ્થિતિ જોવામાં આવે છે. એ જીવોને સત્યનું ભાસન નહીં થતાં, ઉલટું અસત્યનું ભાસન થાય છે. મિથ્યાત્વીજીવોની તર્કશક્તિનો પણ મિથ્યા ઉપયોગ થાય છે. સારાંશ કે અજ્ઞાની જીવો ઔદયિકભાવમાં રાચી માચીને પરિણમે છે. પણ જ્ઞાનીજીવો તો આત્માભિમુખતા ધારણ કરી; ઉપશમભાવ વા ક્ષયોપશમ વા ક્ષાયિકભાવમાંજ સુખના ભોગી બને છે, અને ઔદયિકભાવને તટસ્થ દ્રષ્ટિથી નીરખે છે. માટે ભવ્ય જીવોએ કર્મ ગ્રંથ, ભાવ પ્રકરણ વિગેરેથી પંચભાવનું સ્વરૂપ સમજી, ઉપશમભાવાદિ ત્રણમાં આદર કરવો. સિદ્ધાંતવચનનાં સૂક્ષ્મ રહસ્ય જાણ્યા વિના ધર્મનું પૂર્વોક્ત સ્વરૂપ

જણાતું નથી અને તે વિના સાધુવેષ ગ્રહણ કરીને પણ યથાર્થ તત્વ સાધ્ય કર્યું નહીં, તે જણાવે છે.

दुहा.

समयसिन्धु अवगाहता, करी न जीव लगार;
नाम धरावे साधुनुं, वेष विडम्बक धार. ८६
धर्मी नाम धरावीने, वञ्चे जनना थोक;
बाह्यक्रियामां छद्मता, जाणो ते सहु फोक. ८७
अहो विषम कलिकालमां, विरला सद्‌गुरु भाण;
धामधूमने ढोंगमां, वर्ते जीव अजाण. ८८

ભાવાર્થ:—કેવળભગવાનની વાણીરૂપ શ્રુતજ્ઞાનસમુદ્રનું અવગાહન તો જરા માત્ર પણ કર્યું નહીં, અને યતિવેષ ધારણ કર્યો, તો ફકત તે વેષધારીજ જાણવો. જ્ઞાન વડે મુનિપણું પ્રાપ્ત થાય છે. પણ જંગલમાં વસવા માત્રથી મુનિપણું નથી, એમ ઉત્તરાધ્યયનસૂત્રમાં શ્રી વીરપ્રભુએ કહ્યું છે. કર્મનું જ્ઞાન નથી, જીવ અજીવનું જ્ઞાન નથી, તો જ્ઞાનવિના દયા પણ કોની પાળશે ? અથવા ધર્મી એવું નામ ધારણ કરીને સહસ્રશઃ મનુષ્યોને છેતરે, અને બાહ્યક્રિયા પડિલેહણ, પ્રતિક્રમણ પ્રમુખ લોકલજ્જા, કીર્તિલાભ, માન, પૂજાની ખાતર કરે, વા એકાંતે ક્રિયાનું સ્વરૂપ બરાબર સમજ્યા વિના તેમાંજ ધ-

ર્મમાની જ્ઞાનાદિકની ઉપેક્ષા કરે, તોપણ તેનું સર્વ નિષ્ફળ જાણવું. બાહ્યક્રિયા અજ્ઞાને કરી લોકમાં પોતાને મોટો જણાવે અને જ્ઞાનિયોની નિંદા કરે, ક્રિયાનું અજીર્ણ બરાબર ભજવે, એવા જીવો સ્વતત્વના શૂન્યોપયોગથી, આત્મહિત સાધી શકતા નથી. અહો વિકરાળ પંચમકાળમાં સૂર્યસમાન પ્રકાશક અલ્પસુસાધુ ગુરૂ રાજે છે. બાકી ધામધુમ ને ઢોંગમાં અનુપયોગ દશાથી વર્તનારા અજાણજીવો વર્તે છે. તેવા જીવોને દેખી મનમાં વૈરાગ્યભાવ ધારણ કરવો. પણ કોઈની નિન્દા હેલના અપમાન કરવું નહિ. કારણ કે અજ્ઞજીવો તો અજ્ઞદોષથી દોષીત થયા છે માટે તેનો અજ્ઞદોષ ટાળવા પ્રયત્ન કરવો. આત્માર્થીજીવોએ પરમાં પડવું નહીં. પોતાને ગુણી માની પારકાં ચાંદાં ખોળવાની ટેવ છે, ત્યાં સુધી આત્મસન્મુખતાથી લાખો ગાઉ દૂર છીએ, એમ સમજવું. જ્ઞાનીનું કર્તવ્ય છે કે કારૂણ્યભાવનાથી તથા માધ્યસ્થભાવનાથી પોતાના આત્માને ભાવી સ્વાત્મસાધનપરાયણ થવું. અજ્ઞદોષવાળા મનુષ્યોનું પણ લેશમાત્ર અશુભ ચિંતવવું નહીં. સ્વાત્મહિતથી ભ્રષ્ટ થવાય નહીં, તેવી રીતે ક્રિયામાં કપટ કરનારા વા અજ્ઞાની જીવોને અનેક સાનુકુળ ઉપાયો કરી, સત્યધર્મસન્મુખ આકર્ષવા અને સત્ય સમજાવવું કે જેથી તેમનું કલ્યાણ થાય. અહો પંચવિષ જેમાં ભેગાં

થયાં છે એવા આ વિષમ કલિકાળ પંચમા આરામાં સૂર્ય-સમાન; સ્વપરપ્રકાશક, અલ્પસદ્ગુરૂઓ હોય છે. બાકી ધામધુમ અને ઢોંગમાં, ગીતાર્થપરતંત્રતા વિના અજ્ઞાની જીવો વર્તે છે; અને અન્યને પણ પોતાની માયાજાળમાં ફસાવે છે. કેટલાક તો ગ્રહસ્થાવાસમાં વસી પોતાને ગુરૂ મનાવી, ખમાસમણ દેવરાવે છે. તેવા માન પૂજાના અભિ-લાષી પામર જીવો જીનાજ્ઞાવિરાધકયોગથી પુનઃ પુનઃ સંસારમાં પરિભ્રમણ કરે છે, અને અન્ય જીવોને કરાવે છે. જીનાજ્ઞાનું આરાધન કરનારા સદ્ગુરૂનું શરણ કરવું. તેમની આજ્ઞા મસ્તકે ધારણ કરવી. તેમનો વિનય કરવામાં ખામી રાખવી નહીં, દેવ ગુરૂ અને ધર્મની પ્રાપ્તિ મહા દુર્લભ જાણી, ધર્મારાધક થવા માટે સદ્ગુરૂઉપદેશનું વા-રંવાર શ્રવણ કરવું. અજ્ઞાનીઓના પાસમાં ફસાવું નહીં. સદ્ગુરૂનાં ઉપદેશવચનો હૃદયમાં ધારણ કરી, અંતરમાં રમણતા કરવી. બાહ્યશૂન્યદશાભરપુર કુગુરૂઓની સં-ગતિ કરવી નહીં. શ્રી મુનિ સુંદરસૂરિમહારાજાએ ઉપદેશ-રત્નાકર ગ્રંથમાં કુગુરૂ અને સુગુરૂઓનાં લક્ષણ બતાવ્યાં છે. તે જાણી સુગુરૂનું શરણ કરવું. બાહ્યઢોંગમાં અથવા બાહ્યાચારમાં ધર્મ માની અંતરઆત્મસ્વરૂપમાં રમણ નહિં કરવાથી આત્મગુણરૂપ ધનનું આચ્છાદન થાય છે, તે જણાવે છે.

दुहा.

बाह्याचारे वर्ततां, अंतर्धन अवराय; ॥
भ्रान्ति टाळी बाह्यनी अन्तर्धर्म ग्रहाय. ॥ ८९ ॥
प्रायः दृष्टिरागमांहि, माने जगजन धर्म ॥
अन्तर्धर्म न पारखे, बांधे उलटां कर्म. ॥ ९० ॥

શરીર વાણીના બાહ્યાચારમાં પ્રવર્તિને, અંતર્ ઉપયોગ શૂન્ય થવાથી, આત્મિકજ્ઞાનદર્શન ચારિત્રધનનું આચ્છાદન થાય છે. આત્મામાં ધર્મ છે, આત્મધર્મ અરૂપી છે, તે ચક્ષુથી દેખી શકાતો નથી. અને જે ચક્ષુથી દેખવામાં આવે છે, તે આત્મિકધર્મજ નથી. પણ જડ વસ્તુ છે, તો ધર્મનું સ્વરૂપ સમજ્યાવિના શરીરની (ચેષ્ટાઓમાં) ક્રિયાઓમાં, ધર્મ માનતાં મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે. માટે બાહ્યક્રિયા ચેષ્ટામાં ધર્મની ભ્રાન્તિ અનાદિકાળની હતી તે ટાળી વિવેકી પુરૂષવડે આત્મિકધર્મ ગ્રહણ કરાય છે. ઘણું કરી જીવો દૃષ્ટીરાગમાં ધર્મ માને છે, અનેતેથી અન્તરઆત્મિકધર્મ પારખ્યાવિના ઉલટાં કર્મ બાંધે છે. **वथ्थु सहावो धम्मो** વસ્તુનો સ્વભાવ તેજ ધર્મ છે. પણ કંઇ વિભાવદશામાં ધર્મ નથી. આત્માનો સ્વભાવ તેજ ધર્મ છે. તે માટે **ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः**—આત્માના જ્ઞાન દર્શન ચારિત્ર ગુણ છે, તેજ મોક્ષમાર્ગ

છે. આત્માની મુક્તિ થવામાં જ્ઞાનદર્શન ચારિત્ર ઉપાદાન કારણ છે. ચોથા ગુણઠાણાથી આત્મધર્મની અંશે અંશે પ્રગટતા છે. અનંત ધર્મનો આધાર આત્માને મૂકી જે જીવો પુદ્ગલદ્રવ્યમાં ધર્મને શોધે છે, તે જીવો અજ્ઞાની જાણવા. અને તે જીવો સંસારમાં પરિભ્રમણ કરે છે. યથાપ્રવૃત્તિકરણ સુધી પણ ઘણા જીવો આવીને પાછા સંસારમાં ભમે છે. માટે યથાપ્રવૃત્તિકરણની સ્થિતિથી પણ રાચવું નહીં. સમકિત આદિ ગુણોની પ્રાપ્તિ અર્થે, પ્રયત્ન કરવો. બાહ્યવસ્તુમાં ધર્મ માનનારા પામરજીવો અહંવૃત્તિમાં લયલીન રહે છે. અને ઉલટા તેઓ અધર્મ કરે છે તે દર્શાવે છે.

दुहा ।

अहंवृत्तिथी धर्मनो, लाभ न कबहु होय;
ज्ञानी समजे ज्ञानथी, मूढ न समजे कोय. ९१
अन्तर्लक्ष्य उवेखता, चलवे डाकडमाल;
पञ्चमकाले प्राणिया, करे न अन्तरख्याल. ९२
दर्शन श्रीजिनवर कथ्युं, अधुना ते छेदाय;
उपदेशक पण तेहवा, कलियुगनो महिमाय. ९३
अन्तरस्थिरता ज्ञानथी, अज्ञाने नहि थाय;
बाह्योपाधि त्यागथी, स्थिरता घट वर्ताय. ९४

बाह्योपाधि त्यागी पण, घट्युं न ममतामान;
घट्युं हि ममता मान तो, त्यागी तेह प्रमाण. ९९

અહંવૃત્તિથી આત્મિકધર્મની પ્રાપ્તિ કદાપિ થતી નથી. એમ જ્ઞાનદ્વારા જ્ઞાની સમજી શકે છે. અજ્ઞાની જીવ સમજી શકતો નથી. અજ્ઞાની જીવ વસ્તુસ્વરૂપના અજ્ઞાનથી સ્વ અને પરનો ભેદ જાણી શકતો નથી.

અન્તર જે આત્મિકધર્મ તેને ઉવેખી, બાહ્યમાં ધર્મ માનનારા અજ્ઞ જીવો પંચમકાળમાં દ્રષ્ટિદોષથી અન્તર ખ્યાલ કરી શકતા નથી. બાહ્યડાકડમાલમાં આત્મધર્મની આશા રાખવી નહીં. આવાં અજ્ઞજીવોની સ્થિતિને દેખી, સવાસો ગાથાના સ્તવનમાં શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કેઃ—

ज्ञानदर्शन चरणगुण विना, जे करावे कुलाचाररे;
लूंटे तेणे जग देखतां—क्यां करे लोक पोकाररे. स्वामि०

જ્ઞાનદર્શન અને ચારિત્રવિના કુલાચારે જે ધર્મ પ્રારૂપે છે; તે લોકોને લૂંટે છે. લોક કયાં જઇ પોકાર કરે ? વળી જે પુદ્‌ગલરૂપ પરઘરમાં ધર્મ માને છે અને આત્મરૂપ ઘરમાં ધર્મ જોતા નથી તેને ઠપકો આપે છે.—

परघरे जोतांरे धर्म तुमे फरो, निजघर न लहोरे धर्म;
जेम नवि जाणेरे मृगकस्तुरियो, मृगमद परिमल मर्म. श्री०

जेम ते भूल्योरे मृगदिशिदिशि फरे, लेवा मृगमद गंध;
तेम जगे ढुंढेरे बाहिरधर्मने, मिथ्यादृष्टिरे अंध. श्री०
जातिअंधनोरे दोष न आकरो, जे नवि देखेरे अर्थ.
मिथ्यादृष्टिरे तेहथी आकरो, माने अर्थ अनर्थ. श्री०

ભાવાર્થ. હે બાહ્યદ્રષ્ટિ જીવો ! તમે પરઘરમાં ધર્મને જોતા ફરો છો, પણ પોતાના ઘટમાં ધર્મ પામતા નથી. જેમ કસ્તુરીઓ મૃગ, પોતાની નાભિમાં ઉત્પન્ન થએલી કસ્તુરી ગંધસુવાસ જાણે નહી, અને અન્ય સ્થાનથી કસ્તુરીની ગંધ આવે છે, તેમ જાણે તેમ બાહ્યદ્રષ્ટિ જીવોની પણ પરપુદ્ગલ વસ્તુમાં સુખ તથા રૂદ્ધિ છે એવી બુદ્ધિ થઇ છે, અને તેથી બહિરાત્મભાવે રાત્રી દીવસ પુદ્ગલના ચુંથણામાં, તથા પુદ્ગલ ગ્રહણમાં, ભમ્યા કરે છે. અહો કેટલી અજ્ઞાનતા ! વળી જેમ કસ્તુરીયોમૃગ કસ્તુરીની ગંધ લેવા માટે, વનમાં દિશાદિશામાં ફરે, તેમ મિથ્યાદ્રષ્ટિ જીવ કે જે આત્મસ્વરૂપ જાણતો નથી તે પોતાના આત્માથી અન્યત્ર શરીર મનવાણી આદિ પુદ્ગલ વસ્તુમાં ભ્રાંતિથી ધર્મને શોધે છે, પણ વિપર્યાસથી આત્મામાં રમણતા કરે નહી અને પરમાં રાચીમાચી રહે. ધન ધાન્યાદિકને રૂદ્ધિ કલ્પી તેમાં અહંત્વબુદ્ધિ ધારણ કરે. જન્મથી જે અંધ છે, તે કોઇ વસ્તુને દેખતો નથી, તેમાં તેનો દોષ આકરો નથી, પણ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવ તો છતિ આંખે, વસ્તુને દેખ-

તો નથી. માટે તે જાતિઅંધના કરતાં આકરો દોષી છે. કારણ કે તે અર્થને અનર્થકરી માને છે. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિજીવ દશ પ્રકારનું મિથ્યાત્વ ધારણ કરેછે તે કહે છે—

[1]धम्मे अधम्मसन्ना [2]अधम्मे धम्मसन्ना.
[3]उमग्गे मग्गसन्ना [4]मग्गे उमग्गसन्ना.
[5]साहूसु असाहुसन्ना [6]असाहुसु साहुसन्ना.
[7]जीवे अजीवसन्ना [8]अजीवे जीवसन्ना.
[9]मुत्ते अमुत्तसन्ना [10]अमुत्ते मुत्तसन्ना.

ભાવાર્થ:—અજ્ઞાની જીવને ધર્મમાં અધર્મસંજ્ઞા રહે છે. નિમિત્ત કારણરૂપે ધર્મ અને ઉપાદાન કારણ રૂપે જે ધર્મ તેમાં તેની અધર્મબુદ્ધિ રહે છે.' દ્રવ્યધર્મ, ભાવધર્મ, તથા વ્યવહાર ધર્મ તથા નિશ્ચયધર્મમાં અધર્મપણું અજ્ઞાની માને છે. દશવૈકાલીકસૂત્રની આદ્યમાં કહ્યું છે કે धम्मो मंगलमुक्किटं अहिंसा संजमो तवो देवावितं नमंसंति जस्स धम्मे सया मणो. ધર્મ તેજ ઉત્કૃષ્ટ મંગલ છે. ધર્મનું લક્ષણ કહે છે 'અહિંસા સંયમ અને તપરૂપ ધર્મ છે. તેમાં પ્રથમ જ્યાં સુધી જીવની હિંસા કરવામાં આવે છે, ત્યાં સુધી અધર્મ છે. ખ્રીસ્તિ લોકોતો ગાય, ભેંસ, પશુ, પંખી, માછલાં વિગેરેમાં આત્મા માનતા નથી, અને તે જીવોના માંસથી ઉદરપૂર્તિ કરેછે, માટે તેઓ દયામાંજ સમજતા નથી. ખ્રીસ્તિયો એમ કહે

કે બાઇબલમાં પશુ પંખીમાં આત્મા માન્યો નથી, તો કહેવાનું કે બાઇબલ કંઇ સર્વજ્ઞપ્રણીત શાસ્ત્ર નથી, માટે તે અપ્રમાણ પુસ્તક છે. પશુપંખીમાં મનુષ્યની પેઠે આત્મા છે, તેથી તે જીવોને મારવામાં જે અધર્મ ગણતા નથી, તે સર્વ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવો જાણવા. જે લોકો એકેંદ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અને પંચેન્દ્રિય જીવોનું સ્વરૂપ જાણતા નથી, તેથી તે લોકો મિથ્યાત્વી જાણવા. જીવના જ્ઞાનવિના જીવની દયા થઈ શકતી નથી. દશવૈકાલીકમાંજ કહ્યું છે કે **पढमं नाणं तओ दया**—પહેલું જ્ઞાન, અને પશ્ચાત્ દયા, માટે મિથ્યાદૃષ્ટિજીવ અજ્ઞાનથી, અહિંસારૂપ ધર્મને જાણી શકતો નથી. વળી અહિંસાના બે ભેદ છે. એક દ્રવ્યઅહિંસા, અને બીજી ભાવઅહિંસા. તેમાં જે પ્રાણીને જેટલા પ્રાણ હોય, તેની રક્ષા કરવી તે દ્રવ્યઅહિંસા. એકેન્દ્રિયને ચાર, બેરેન્દ્રિયને છ, તેરેન્દ્રિયને સાત પ્રાણ, ચતુરિન્દ્રિયને આઠ પ્રાણ, અને પંચેન્દ્રિયને દશ પ્રાણ હોય છે. આત્માના અસંખ્ય પ્રદેશ છે, તેમાં પ્રત્યેક પ્રદેશે અનંતજ્ઞાનદર્શનચારિત્રાદિ ગુણો છે. સંસારીજીવોના એકેક પ્રદેશે અનંતિકર્મવર્ગણાનાં દલીયાં લાગ્યાં છે. તેથી આત્માના ગુણો આચ્છાદિત થયા છે, અને આત્મા પુદ્ગલદ્રવ્ય સંબંધે ચારગતિમાં ભમે છે. પોતાના આત્માના ગુણોનું સ્વરૂપ સમજી, તેનું રક્ષણ કરવું. આત્માના

સ્વભાવમાં રમવું, તે ભાવદયા, ભાવદયાવિના ભવાંત થતો નથી. ભાવદયાના પણ બે ભેદ છે. સ્વભાવદયા અને પરભાવદયા તેમાં આત્મજ્ઞાન વડે સ્વસ્વરૂપમાં રમણુતા કરવાથી સ્વભાવદયા કહેવાય છે. અને પરજીવને સમ્યક્જ્ઞાનદર્શનચારિત્રની ઉપદેશદ્વારા પ્રાપ્તી કરાવી આપવી તે પરભાવદયા કહેવાય છે. પોતાના આત્માની ભાવદયાવિના પરઆત્માની ભાવદયા થઇ શકતી નથી. અજ્ઞાની મિથ્યાત્વીને સમકિતના અભાવે, ભાવદયા હોઇ શકતી નથી. દ્રવ્યદયા પણ મિથ્યાત્વી જીવ સમજી શકતો નથી, તો દ્રવ્યદયા સમ્યક્ શી રીતે પાળીશકે? માટે ભવ્યજીવોએ જ્ઞાનનો ખપ કરવો. 'જ્ઞાન''જ્ઞાન' પણ ઘણા પોકારે છે, પણ સમ્યગ્જ્ઞાન થયા વિના આત્મકલ્યાણ થતું નથી. મિથ્યાત્વજ્ઞાનથી ઉલટી સંસારની વૃદ્ધિ થાય છે. સ્યાદ્વાદપણે ષટ્દ્રવ્યનું જ્ઞાન થાય, તેને સમ્યગ્જ્ઞાન કહે છે. હવે સારાંશકે અહિંસાનું પાલન સમકિતી કરે છે. તેમાં પણ મુનિરાજ કે જે દીક્ષા ગ્રહણ કરી, પંચમહાવ્રત પાળે છે, તે બરાબર છકાયના જીવોની દયા કરે છે. માટેજ મુનીશ્વરને છકાયના પીયર કહે છે. અન્યધર્મ કે જે એકાંતમત, તેમાં આસકત એવા સન્યાસી, ફકીર, વીશવસાની દ્રવ્યદયા પણ પાળી શકતા નથી, તો ગૃહસ્થાવાસમાં રહેલા જીવોની તો શી વાત કરવી? અહિંસાજ ધર્મરૂપ છે, તથા સંયમ તથા તપના ભેદ શાસ્ત્રમાં

વિસ્તારથી વર્ણવ્યા છે, તેવા સંયમમાં ધર્મ છે. સંયમથી કર્મનો ક્ષય થાય છે, અને આત્મગુણોનો આવિર્ભાવ થાય છે. માટે ધર્મ તેજ ઉત્કૃષ્ટમંગલ છે. પૂર્વોક્ત ધર્મમાં મિથ્યાત્વીને અધર્મબુદ્ધિ રહે છે. ખાવું, પીવું, મોજમઝાહ મારવી, એટલુંજ સ્વકર્તવ્ય સમજે છે. વા અજ્ઞાનીજીવ પોતાના આત્માને પંચભૂતથી ભિન્ન માનતો નથી. તેથી તે નાસ્તિકવાદમાં પ્રવેશી સદાને માટે દુર્ગતિમાર્ગ કબુલ કરે છે. કેટલાક એમ સમજે છે કે સર્વ પાપ કરીને એક દીવસ પ્રભુપાસે પશ્ચાતાપ કરીશું, એટલે સર્વ પાપ ક્ષય થઇ જશે. એમ માનનારાની પણ ભૂલ છે. કારણ કે જેજે કર્મ કરવામાં આવેછે તેનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. જાણી જોઇને પાપ કરી પશ્ચાતાપ કરવાથી કંઇ પાપથી છુટી શકાતું નથી. કેટલાક એમ કહેછે કે આપણને સારી અગર ખોટી બુદ્ધિ આપનાર ઇશ્વર છે, તેથી આપણે સારાં કર્મ અગર નઠારાં કર્મ કરીએ તેનું ફળ ઇશ્વરને છે, આપણને નથી, આમ જે અજ્ઞાની લોકો કહે છે, તેની પણ ભૂલ છે. કારણ કે ઇશ્વર કોઇને સારી અગર ખોટી બુદ્ધિ આપતો નથી. ઇશ્વરને કોઇને સારી અગર ખોટી બુદ્ધિ આપવાનું પ્રયોજન નથી. ઇશ્વર કોઇને સારી ખોટી બુદ્ધિ આપે, એમ માનીએ તો એકના ઉપર રાગ અને બીજાના ઉપર દ્વેષ અને તેથી ઇશ્વરમાં રાગદ્વેષ પક્ષપાત રૂપ દોષ લાગવાથી ઇશ્વરપણું કહેવાય નહી.

કોઇ એમ કહે છે કે—જેવાં આપણે કર્મ કર્યા છે, તે તે કર્માનુસારે ઇશ્વર સારી અગર ખોટી બુદ્ધિ ન્યાયપૂર્વક આપે છે. આમ જે કહે છે, તેને અમો પુછીએ છીએ કે આત્માઓમાં સ્વાભાવિક બુદ્ધિ રહી છે, કે તે ઇશ્વરની બુદ્ધિથીજ કર્મ કર્યા કરે છે? પ્રથમ પક્ષ ગ્રહી કહેશો કે જીવોમાં સ્વાભાવિક બુદ્ધિ રહી છે તો સિદ્ધ ઠર્યું કે જીવોમાંજ સ્વાભાવિક સારી અગર ખોટી બુદ્ધિ રહી છે તેમાં કંઇ ઇશ્વરને વચ્ચમાં લાવવાનું કારણ રહ્યું નથી. બીજો પક્ષ ગ્રહણ કરી કહેશો કે જીવો ઇશ્વરની બુદ્ધિથીજ કર્મ કર્યા કરે છે, તો અહો તમારા માનેલા ઇશ્વરની લીલાનો પાર રહ્યો નહીં. વ્યભિચાર, જુઠ; હિંસાબુદ્ધિ આપનાર ઇશ્વર તેમજ લડાઇ, વૈર, વિશ્વાસઘાતબુદ્ધિ આપનાર ઇશ્વર ઠર્યો. સારીઅગર ખોટી બુદ્ધિ ઇશ્વરની, તો તેનું ફળ પણ ઇશ્વરને થવું જોઇએ. મૂર્ખ મનુષ્ય પણ સારી અને ખોટી બુદ્ધિ આપનારને ઇશ્વર માની શકે નહિ. ઇશ્વર કર્માનુસારતઃ વા કર્મ વિના પણ કોઇને સારી અગર ખોટી બુદ્ધિ આપી શકતો નથી. ઇશ્વરનું સ્વરૂપ યથાર્થ જાણવામાં આવે તો ઇશ્વર ઉપર આવા દોષો લગાડવાનો પ્રસંગ આવે નહીં. ઇશ્વરનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ, કર્મસ્વરૂપ, જગત્સ્વરૂપ બરાબર સમજવામાં નહીં આવે ત્યાં સુધી અજ્ઞાનપણું જાણવું. જે ભવ્ય આત્મા અને કર્મનું સ્વરૂપ સમજતો નથી, ધર્મનું સ્વરૂપ

સમજી શકતો નથી. તેની ધર્મમાં અધર્મબુદ્ધિ રહે તેમાં શક નથી. અને તેથી ઉલટું અધર્મમાં ધર્મબુદ્ધિ રહે છે. મિથ્યાત્વથી ઉન્માર્ગમાં માર્ગસંજ્ઞા રહે છે. **ज्ञानदर्शन चारित्राणि मोक्ष मार्गः** જ્ઞાનદર્શન ચારિત્ર મોક્ષમાર્ગ છે. તેથી વિપરીત માર્ગને ઉન્માર્ગ કહેવાય છે. અર્થાત્ સંસારમાં પરિભ્રમણ કરવાના માર્ગને મોક્ષમાર્ગ માનવો, તે ઉન્માર્ગ જાણવો. રાગ દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ, અવિરતિ; યોગ, હિંસા, જુઠ, ચોરી, સ્ત્રીસેવન, મૂર્છા, એકાન્તપક્ષપાત, પરસ્વભાવરમણ; અજ્ઞાન ઈત્યાદિ સર્વ ઉન્માર્ગ છે; અર્થાત્ તે થકી પુનઃ પુનઃ સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. તેમાં મોક્ષમાર્ગની બુદ્ધિ જેને હોયછે, તે મિથ્યાત્વીજીવ જાણવો. તથા સંવરરૂપ મોક્ષમાર્ગ, અથવા જ્ઞાનદર્શનચારિત્ર તેજ મોક્ષમાર્ગ છે. એવા સમ્યગ્ મોક્ષમાર્ગમાં ઉન્માર્ગબુદ્ધિ જેની છે, તે જીવ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જાણવા, સાહુસુ અસાહુસન્ના. સાધુઓમાં અસાધુપણાની બુદ્ધિ, જે જીનાજ્ઞાપૂર્વક ભાગવતીદીક્ષા અંગીકાર કરી, પંચમહાવ્રત પાળતા હોય, અને ચરણસિત્તરિ અને કરણસિત્તરીનું સમ્યક્પ્રતિપાલન કરનારા હોય, તેમજ દ્રવ્યક્ષેત્રકાલભાવ પ્રમાણે ચારિત્રના આરાધક હોય, એવા સાધુઓમાં અસાધુપણાની જે બુદ્ધિ તે મિથ્યાત્વ જાણવું. કેટલાક કહે છે કે—હાલના કાળમાં સાધુપણું નથી તેમ કહે-

નારા અનંત સંસારની વૃદ્ધિ કરે છે.

પ્રશ્ન—હાલના કાળમાં સાધુપણું છે, એવું કયા સૂત્રમાં પ્રતિપાદન કર્યું છે!

ઉત્તર—હે ભદ્રકભવ્ય સાભળ. શ્રીકલ્પસૂત્રમાં કહ્યું છે કે—

गाथा.

जो भणइ नथ्थि धम्मो, न य सामइय न चेव वयाइं
सो समण संघवझो, कायव्वो समण संघेण

જે એમ કહે કે—ધર્મ નથી; સામાયક નથી; પંચ-મહાવ્રત હાલ નથી, એમ કહેનાર ઉત્સૂત્રભાષકને શ્રમણ-સંઘ બહિષ્કૃત કરવો. શ્રીભગવતીસૂત્રમાં કહ્યું છે કે " હે ગૌતમ! મારૂં શાસન એકવીશહજાર વર્ષ સુધી રહેશે, અને ત્યાં સુધી સાધુ, સાધ્વી, શ્રાવક, તથા શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ બન્યો રહેશે, બેહજાર અને ચાર યુગ પ્રધાનમાંથી હજી ઘણાખરા તો થવાના છે, તે સર્વ સાધુ વેષે જાણવા. મહા-નિશીથ, નિશીથ, આચારાંગ, બૃહતકલ્પ, ઉત્તરાધ્યયન; ભગ વતી; દશવૈકાલિક વિગેરે ઘણા સૂત્રોમાં સાધુ તથા સાધ્વીના આચારોનું વર્ણન તથા તેમનાથીજ ધર્મની આરાધના વર્ણ-વેલી છે. સાધુ અને સાધ્વી વિના શ્રાવક તથા શ્રાવીકાપણું કોઇપણ સૂત્રમાં કહ્યું નથી. અધુના સાતમા ગુણઠાણા સુધી-ની સ્થિતિ છે, અને મુનિપણું તો છઠ્ઠા ગુણઠાણે કહ્યું છે,

તેની છઠ્ઠું ગુણઠાણું પ્રાપ્ત થાય છે, માટે જે સાધુ અને સાધ્વી માર્ગનો નિષેધ કરે છે, વા સાધુ તથા સાધ્વીને માનતા નથી તેવા મૂઢ મિથ્યાત્વી જીવોની કઈ ગતિ થશે, તે કેવલીભગવાન્ જાણે. જે મહામિથ્યાદૃષ્ટિ શ્રાવક નામ ફકત ધારણ કરનારા જિનકલ્પી અથવા સ્નાતકનિગ્રંથના ગુણો વખાણી સ્થવિરકલ્પધારક સાધુ અને સાધવીઓ ઉપરની શ્રદ્ધાને ફેરવવા અન્યજીવોને ભરમાવે છે, તે ઘણા કાલ સંસારમાં પરિભ્રમણ કરશે. તથા જે એમ કહે છે કે જેનામાં રાગદ્વેષ હોય નહીં, તે સાધુસાધ્વી કહેવાય, પણ આવી રીતે બોલનાર સમજતો નથી. પ્રથમ ગુણઠાણાનું સ્વરૂપ, જાણ્યું હોય, તો સમજવામાં આવે કે છઠ્ઠું ગુણઠાણું સાધુનું છે. સાતમા ગુણઠાણાનો અલ્પકાળ હોવાથી તેની વ્યાખ્યા કરી નથી. છઠ્ઠા ગુણઠાણે સંજ્વલનનો ક્રોધ માન માયા અને લોભ હોય છે. સંજ્વલનના કષાયની ઉત્કૃષ્ટ સ્થિતિ પન્નર દીવસની છે. તેથી છઠ્ઠાગુણઠાણે સાધુ સાધ્વીને ક્રોધ, માન, માયા, લોભ થવાનો સંભવ છે. અને તેથી છઠ્ઠું ગુણઠાણું પ્રમાદી કહેવાય છે. સંજ્વલનના ક્રોધાદિક કરવાનો ભાવ નથી, પણ કોઇ ઉદીરણા કરે તો ક્રોધાદિક થઈ શકે છે, પણ તેની આલોચના નિંદા પશ્ચાતાપ કરવાથી ક્રોધાદિકનું ફળ બેસી શકતું નથી. દશમા ગુણઠાણા સુધી કષાય છે, પછી છઠ્ઠા ગુણઠાણાએ તો હોય તેમાં શું આશ્ચર્ય?

સાધુ સાધ્વીને ક્રોધાદિક હોય નહીં એમ જો માનીએ તો, પછી પખ્ખીસૂત્ર વિગેરેમાં ક્રોધાદિક દોષોનો પશ્ચાતાપ કરવાનો કહ્યો છે, તેનું શું કારણ! અલબત પ્રમાદગુણસ્થાનકે ક્રોધાદિકનો સંભવ છે, અને સાધુસાધ્વીને ક્રોધ માન માયા લોભ થાય છે, તેથી કંઇ સાધુપણું જતું નથી. પણ તેથી અતિચાર લાગે છે, અને અતિચારની તો આલોચણા કરવાની છે. બીલકુલ રાગદ્વેષ રહીત હાલના કાળમાં કોઇનાથી થવાતું નથી. તેરમા ગુણઠાણે બીલકૂલ રાગદ્વેષ નથી, અને જે રાગદ્વેષ રહિત સર્વથા હોય છે, તે કેવળજ્ઞાની હોય છે. હાલના સમયમાં તો છઠ્ઠા અને સાતમા ગુણઠાણા સુધી જઈ શકાય છે. અને તેથી છઠ્ઠાગુણઠાણે બીલકૂલ રાગદ્વેષનો ક્ષય હોતો નથી; રાગદ્વેષને જીતવાને માટે તો વ્યવહારચારિત્ર અંગીકાર કર્યું છે. ઉદ્યમ કરતાં ગુણઠાણાને હદે રાગદ્વેષનો ક્ષય થાય છે. માટે કદાપિ કોઈ સાધુને રાગદ્વેષ થઈ જાય છે તેથી આ સાધુ નથી; એમ કહેવું નહીં. ખરાબ વચનો કહી સાધુને ક્રોધાદિક કરાવનાર પોતે પાપી બને છે, અને સાધુને પણ કષાયની ઉદીરણા કરાવવામાં નિમિત્ત કારણ થાય છે. જુઓ પ્રસન્નચંદ્ર રાજર્ષિને પણ સાધુ અવસ્થામાં ક્રોધ થયો હતો, અને તેથી મનવડે સાતમી નરકમાં દળીયાં ઉપાર્જન કર્યાં હતાં, અને પાછા ધર્મધ્યાનાદિકમાં વળ્યા ત્યારે કેવલજ્ઞાન પામ્યા. માટે એકાંત કોઈ વાત પકડવી

૧૫

નહી. ચંડરૂદ્રાચાર્યે શિષ્ય ઉપર ઘણો ક્રોધ કર્યો હતો અને શિષ્યને કેવલજ્ઞાન થતાં તેને ખમાવતાં પોતાને પણ કેવલજ્ઞાન થયું. એમ ઘણા સાધુઓને ચારિત્રાનુવાદે જોતાં, ક્રોધ થયો હોયછે. અને પાછો શમી પણ જાય છે. તેથી સમજવાનું કે શાસ્ત્રનાં વચન સમજ્યા વિના એકાંતહઠ કદાગ્રહ પકડી, જે કોઇ સાધુ સાધ્વીની હરેક પ્રકારે હીલના કરે છે, તેઓ મહા મોહનીયકર્મ ઉપાર્જનકરી, બીઆરા નરકમાં જાય છે. વળી જૈનશાસ્ત્રમાં કંઇ એક નયથી વાત માનવાની કહી નથી. સાતેનયથી વસ્તુનું સ્વરૂપ સમજવું જોઇએ. નૈગમનયથી સાધુનું સ્વરૂપ, સંગ્રહનયથી સાધુનું સ્વરૂપ, વ્યવહારનયથી સાધુ, રૂજુસૂત્રનયથી સાધુ, શબ્દ નયથી સાધુ, સમભિરૂઢનયથી સાધુનું સ્વરૂપ અને એવંભૂતનયથી સાધુનું સ્વરૂપ સમજવું જોઇએ. નિશ્ચયનયથી કહેવાતું સાધુનું સ્વરૂપ માની, વ્યવહારનયથી કહેવાતું સાધુનું સ્વરૂપ નહીં માનીએ તો અનંત સંસારની વૃદ્ધિ થાય અને વ્યવહારનય પ્રમાણે સાધુ સ્વરૂપ તથા સાધ્વી સ્વરૂપ નહીં માનનારાએ એકાંતનય પકડવાથી, મિથ્યાત્વની વૃદ્ધિ કરી, અને જૈનશાસનનો ઉચ્છેદ કર્યો, એમ ભગવાનની વાણીથી સમજવું. શ્રીઆવશ્યક સૂત્રમાં કહ્યું છે કે—**जइ जिणमयं पवज्जह ता मा ववहार निच्छए मुयह ववहारनओछेए तित्थुच्छेओ जओ भणियो**—ભાવાર્થઃ—યદિ હે ભવ્ય ! જો તું જિનમત

અંગિકાર કરે છે, તો વ્યવહાર અને નિશ્ચયનયને મૂકીશ નહીં. વ્યવહારનયનો ઉચ્છેદ થતાં, તીર્થનો ઉચ્છેદ વીરપ્રભુએ કહ્યો છે. સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકારૂપ તીર્થ, વ્યવહારનય માન્યાવિના, સ્થાપન થઇ શકતું નથી. પુસ્તક વાંચવું, ગુરૂદર્શન કરવાં, સ્તવન ગાવાં, ધ્યાન કરવું. પુસ્તક લખવાં, લખાવવાં, ખાવું, પીવું, ઉપદેશ આપવો, ઉપદેશ શ્રવણ કરવો; પ્રભુપૂજા કરવી; ઇત્યાદિ સર્વ વ્યવહાર છે. વ્યવહારનય નહીં માને તેને ખાવું પીવું વા બોલવું પણ જોઇએ નહીં. વ્યવહારનય કારણ છે, અને નિશ્ચયનય કાર્ય છે. જેણે કારણ ઉથાપ્યું, તેણે કાર્ય ઉથાપ્યું.

ઘણા ડોળઘાલું શુષ્ક અધ્યાત્મીઓ આત્મા આત્મા પોકારે છે, અને સાધુ સાધ્વીને માનતા નથી અને તેમની પાસે પણ જતા નથી, અને પોતાનો નોખો પંથ ચલાવવા, સમુદ્રમાં બુડતો મનુષ્ય જેમ ફીણને પકડે, તેમ કુયુક્તિયોને પકડે છે. હજારો જીવોને સાધુ સાધ્વીની નિંદા કરી, આડુંઅવળું સમજાવી પોતાના પાશમાં ફસાવે છે. તેથી તે જીવો ધર્મક્રિયારૂપ વ્યવહાર મૂકીને હરાયાં ઢોરની પેઠે આડાઅવળા અથડાય છે. અને પ્રથમથીજ મગજ ચસ્કી જવાથી પશ્ચાત્ ઘણું સમજાવવામાં આવે, તોપણ પ્રયાસ નિષ્ફળ જાય છે. અહો એવા શુષ્ક અધ્યાત્મીયોનાં હૃદય તપાસીએ તો તેમનાં ચરિત્ર ખરાબ વાસ-

નાથી ભરપૂર હોય છે. વ્યવહાર વર્તનવિના શુષ્ક અધ્યાત્મીઓનો વૈરાગ્ય ફાતડાના વિલાપ જેવો લાગે છે. નિશ્ચયનય ફક્ત આત્માનું શુદ્ધ સ્વરૂપ બતાવે છે પણ તે વ્યવહાર પ્રયત્ન વિના કંઇ પ્રાપ્ત થતું નથી. ઘડાનું સ્વરૂપ જાણ્યું, તેટલાથીજ કંઇ ઘટની પ્રાપ્તિ થતી નથી, પણ ઘટને બનાવવાની ક્રિયારૂપ વ્યવહારપ્રવૃત્તિ કરીએ તો ઘટ બને છે. તેમ આત્મા પરમાત્માસ્વરૂપ છે, એમ અનેક યુક્તિથી જાણ્યું, પણ આત્મા પરમાત્મારૂપ થાય, તેવી વ્યવહારધર્મક્રિયા નહી કરીએ, તો કર્મનો ક્ષય શી રીતે થઈ શકે. માટે ભવ્યજીવોએ વિચારવાનું કે કાર્યની સિદ્ધિ અર્થે કારણનું અવલંબન કરવું જોઈએ. જેટલા પરમાત્મસ્વરૂપ થયા, તેમણે ભાવના, ધ્યાન, ધર્મક્રિયારૂપ કારણવિના મુક્તિરૂપ કાર્ય ઉત્પન્ન કર્યું નથી. ધર્મધ્યાન અને શુકલધ્યાન ધ્યાયાવિના, ગુણસ્થાનકે ચઢાતું નથી. અને કર્મનો ક્ષય થતો નથી. ઉપાદાનકારણ અને નિમિત્તકારણના જ્ઞાનવિના આત્મહિત થતું નથી. જે લોકો ઉપાદાનકારણને અવલંબવું માની, નિમિત્તકારણને ઉથાપે છે, તેઓ જીનેશ્વરનો મત જાણતા નથી. માટી તેજ ઘટરૂપ થાય છે, પણ દંડચક્ર કુંભાર વિગેરે ના હોય, તો એકલી માટી પોતાની મેળે ઘટરૂપ બની શકતી નથી. તેમજ આત્મા એકલા ઉપાદાન કારણથી પરમાત્માસ્વરૂપ બની શકતો નથી. દેવગુરૂ-

આદિ નિમિત્તકારણને અવલંબ્યા વિના, કોઇની સિદ્ધિ થઇ નથી. વળી વિચારો કે કોઇને ઘીનો ખપ છે, તો ગાય અગર ભેંસ રાખે, અને ચારો ખવરાવે, દોહનક્રિયા કરે, દૂધ કાઢે; પાછું તેનું દહીં થાય, તેને વલોવે, તેનું માખણ થાય. પશ્ચાત માખણ તાવવાથી ઘી થાય, તેમ પરમાત્મદશાની પ્રાપ્તિ માટે, આત્મા ગુરૂનો સમાગમ કરે, જીનવાણી સાંભળી તત્વની શ્રદ્ધા કરે, દેવની શ્રદ્ધા કરે, વ્યવહાર તથા નિશ્ચયધર્મ સમજી, ધર્મની આરાધના કરે. પરસ્વભાવનો ત્યાગ કરે, આત્મસ્વભાવમાં રમણતા કરે. શ્રાવક વા સાધુવ્રતોને યથાશક્તિ અંગીકાર કરે. એમ પ્રયત્ન કરતાં, આત્મા સ્વસ્વરૂપાભિમુખ થતો જાય અને અંતે કર્મનો ક્ષય કરે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે વ્યવહારનયકથિત ધર્માનુષ્ઠાન પ્રવૃત્તિ વિના, નિશ્ચયનયથી આત્મકલ્યાણ થતું નથી. આત્મા આત્મા એમ પોકારે, પણ પોતાના આત્માની શુદ્ધ પ્રવૃત્તિ કરે નહી, તો કંઇ હિત નથી. કેવલીભગવાન પણ વ્યવહારની માન્યતા રાખે છે. કેવલીભગવાન દેશના દેછે, તે પણ વ્યવહાર છે. અને દેશના શ્રવણકરવી તે પણ વ્યવહાર છે. વ્યવહારના પણ પ્રસંગાનુસારતઃ ઘણા ભેદ પડેછે. તીર્થંકરભગવાન દીક્ષા અંગીકાર કરે છે, તે પણ વ્યવહાર છે. કેવલજ્ઞાન પામ્યા પશ્ચાત્ સમવસરણમાં બેસે છે, તે પણ વ્યવહાર છે. સમવસરણમાંથી દેવછંદામાં બીરાજે છે તે

પણ વ્યવહાર છે. સાધુ, સાધ્વી, શ્રાવક, તથા શ્રાવીકારૂપ તીર્થની સ્થાપના કરેછે. તે પણ વ્યવહાર છે. નિશ્ચયથી તીર્થની સ્થાપના થતી નથી. વળી વિચારો કે સાધુ સાધ્વીના તથા શ્રાવક શ્રાવીકારૂપ તીર્થ સ્થાપ્યું, ત્યારે તે દરેક વર્ગના આચાર પણ જુદા જુદા કેવલજ્ઞાનથી બતાવ્યા. તેમાં પણ વ્યવહારશુદ્ધિદ્વારા આત્મગુણ પ્રાપ્તિરૂપ નિશ્ચયનય કથ્યો છે. નિશ્ચયનય શુદ્ધ આત્મિકસ્વરૂપ બતાવે છે પણ તેનો ઉદ્યમ કરીએ તો તેવું સ્વરૂપ પ્રાપ્ત થાય. ઉદ્યમરૂપવ્યવહારને માન્યા વિના આગળના નયકથિત આત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. સાતનયથી ધર્મતત્ત્વનું સ્વરૂપ સમજવું, અને ધર્મતત્ત્વની શ્રદ્ધા કરવી. ચઢતાનય પાછળના નયના કરતાં આત્મશુદ્ધતા વિશેષતઃ બતાવે છે, એ વાત ખરી, પણ તે નયથી તે સ્વરૂપ જાણ્યું, એટલે કંઇ આત્મામાં તેવા ગુણો એકદમ પ્રગટતા નથી. એવંભૂતનયથી આત્માનું સ્વરૂપ સિદ્ધસમાન જાણ્યું, એટલે શું વાંચનાર સિદ્ધસમાન બની ગયો? ના કદી નહીં. એવંભૂતથી સિદ્ધસ્વરૂપ આત્માનું છે, પણ તે નયદ્વારા કથિત આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા નિમિત્ત ઉદ્યમ દ્વારા ઉપાદાનકારણની શુદ્ધતા કરવારૂપ ઉદ્યમ કરવો જોઇએ. આઠેકાણે સમજવું કે ઉપાદાનકારણની શુદ્ધિ જે જે હેતુદ્વારા થાય તે તે હેતુઓ સર્વ વ્યવહારરૂપે જાણવા. વ્યવહારનયની મુખ્યતા સિદ્ધ કરવા માટે, શ્રી તીર્થંકર ભગવાન્ કે જે કે-

વળજ્ઞાની છે, તે પણ શ્રુતજ્ઞાનીના હાથથી લાવેલો આહાર વાપરે છે. માટે વ્યવહારનય બલવાન્ છે. **असाहुसु साहुसन्ना**–અસાધુ કે સાધુ નથી, વા સાધુનો વેષ અંગીકાર કર્યો છે પણ પાસથ્થો છે. વા બ્રાહ્મણ, સન્યાસી, પાદરી વિગેરે જે સાધુ નથી તેનામાં જે સાધુપણાની બુદ્ધિ, તેને મિથ્યાત્વ કહે છે. તથા જીવે અજીવસન્ના અજીવે જીવસન્ના જીવમાં અજીવબુદ્ધિ તેને મિથ્યા કહે છે એકેન્દ્રિયથી તે પંચેન્દ્રિય પર્યંત જીવો તથા સિદ્ધના જીવોનું સ્વરૂપ જે જાણતા નથી, તેને જીવમાં અજીવ સંજ્ઞારૂપ મિથ્યાત્વ હોય છે. ચાર્વાક જડવાદીયો, ઇશુખ્રીસ્તિયો, વિગેરે જીવો પૃથ્વીકાય, અપકાય, વિગેરે જીવોનું સ્વરૂપ જાણતા નથી, તથા પૃથ્વી, જલ, વનસ્પતિની અંદર જીવ માનતા નથી, તેથી તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જાણવા. જે અજીવવસ્તુ છે, તેમાં જીવપણાની બુદ્ધિ, તે અજીવમાં જીવસંજ્ઞારૂપ મિથ્યાત્વ જાણવું. પુદ્‌ગલદ્રવ્યરૂપ પરમાણુઓ અનંત છે, તે પરમાણુઓ જડ છે, છતાં કોઈ તેને ચૈતન્ય શકિતવાળા કહે, તો તેને અજીવમાં જીવસંજ્ઞારૂપ મિથ્યાત્વ લાગે છે. **मुत्ते अमुत्तसन्ना** મૂર્તવસ્તુમાં અમૂર્તપણાની બુદ્ધિ તેને મૂર્તમાં અમૂર્તસંજ્ઞારૂપ મિથ્યાત્વ કહે છે. જે કોઇ વાયુને મૂર્ત છતાં, અમૂર્ત માને, તેને આ મિથ્યાત્વ છે. જે અમૂર્તવસ્તુ હોય છે, તે કોઇપણ ઈન્દ્રિયથી

ગ્રહણ કરી શકાતી નથી, વાયુ તો ત્વચા ઇન્દ્રિયથી ગ્રહણ કરી શકાય છે, માટે તે મૂર્ત છે. કોઇ **शब्दगुणमाकाशं**-શબ્દને આકાશનો ગુણ માને છે, તેના મત પ્રમાણે શબ્દ અમૂર્ત ઠરે છે, પણ સમજવું જોઇએ કે-શબ્દ શ્રવણેન્દ્રિયથી ગ્રહણ કરી શકાય છે, માટે તે મૂર્ત છે. સ્યાદ્વાદરત્નાવતારીકા, સમ્મતિતર્ક વિગેરેમાં શબ્દ પૌદ્દગલિક મૂર્ત છે, એમ યુકિતપ્રમાણથી સિદ્ધ કર્યું છે. માટે શબ્દને મૂર્ત માનવો. અને જે નથી માનતા, તેને પૂર્વોકત મિથ્યાત્વ લાગે છે, ઉષ્ણતા અને શીતતાનાં પુદ્દગલો, તથા પ્રકાશ તથા અંધકારનાં પુદ્દગલો મૂર્ત છે. અને તેને કોઇ અમૂર્ત માને તેને પૂર્વોકત મિથ્યાત્વદોષ લાગે છે. અંધકાર પદાર્થ છે, એમ સમ્મતિતર્ક વિગેરેમાં સારી રીતે પ્રમાણથી સિદ્ધ કર્યું છે. અંધકાર સક્રિય છે; માટે તે મૂર્ત છે: આ સ્થાને તેનું વર્ણન કરતાં ગ્રંથગૌરવ થઈ જાય માટે વિશેષ વિવેચન કર્યું નથી. **अमुत्ते मुत्तसन्ना** અમૂર્ત પદાર્થમાં મૂર્તપણાની બુદ્ધિ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને જીવ તથા કાલ આ પંચ દ્રવ્ય અમૂર્ત છે. તેમાં મૂર્તપણાની બુદ્ધિથી મિથ્યાત્વ લાગે છે. ઠાણાંગસૂત્રમાં આ દશ પ્રકારનું મિથ્યાત્વ કહ્યું છે. તે જ્યા સુધી ટળ્યું નથી ત્યાં સુધી આત્માની અજ્ઞાનાવસ્થા જાણવી. દશ પ્રકારનું મિથ્યાત્વ ટળવાથી, સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. અને સમ્યગ્જ્ઞાન

થવાથી, સ્વયમેવ અહંવૃત્તિ ટળતાં, આત્મા પોતાના શુદ્ધસ્વરૂપ સન્મુખ વળે છે. અન્તરલક્ષ્યની ઉપેક્ષા કરતાં આત્માભિમુખતાની સિદ્ધિ થતી નથી. અધુના પંચમકાળમાં શ્રી સર્વજ્ઞતીર્થંકર મહારાજાએ કથન કરેલું સ્યાદ્વાદ દર્શન છેદાય છે. સ્યાદ્વાદદર્શનનું જ્ઞાન સૂક્ષ્મ બુદ્ધિ વિના થઇ શકતું નથી. વીરલા ભવ્યજીવો સ્યાદ્વાદદર્શનને સૂક્ષ્મબુદ્ધિથી જાણે છે. ઉપદેશક પણ સૂક્ષ્મજ્ઞાનના અભાવે, સ્થૂળપદાર્થોનુંજ વર્ણન કરનારા હોય છે. અને શ્રોતાઓ પણ ભૌતિકપદાર્થોમાં સ્વાત્મોન્નતિ માનનારા હોય છે, તેથી સૂક્ષ્મતત્ત્વજ્ઞાન ગુરૂગમદ્વારા લેતા નથી. અને આપમતિથી છપાએલા ગ્રન્થો વાંચવાથી પરંપરા ચાલતો આવેલો અનુભવ, તથા પરંપરાએ ચાલતું આવેલું ગુરૂગમજ્ઞાન તેનો નાશ થાય છે. અંતરમાં ખરેખરી લાગણી થયા વિના અને આત્મશ્રદ્ધા પ્રગટયા વિના, સ્વાત્મોન્નતિના શિખરે પહોંચાતું નથી. કાળના માહાત્મ્યથી જૈનદર્શનની ઉન્નતિ વિશેષતઃ દેખવામાં આવતી નથી. ભવ્યોએ સ્વપરપ્રકાશક એવું જ્ઞાન પ્રથમ સંપાદન કરવું જોઇએ. સત્યસ્યાદ્વાદજ્ઞાન પ્રાપ્ત કરવાથી, ભૌતિક પદાર્થમાં મમત્વયોગે થતી અસ્થિરતાનો નાશ થાય છે. અને અંતર્ આત્મસ્વરૂપમાં જ્ઞાનવડે સ્થિરતા થાય છે. પણ અજ્ઞાનથી તો ઉલટી અસ્થિરતા. જેટલું અજ્ઞાન, તેટલી અસ્થિરતા; જે જે અંશે આત્મજ્ઞાન તે તે અંશે સ્થિરતા. જ્ઞાન હોય પણ બાહ્યોપાધિનો સંસર્ગ

હોય તો મનની ચંચળતા ઉદ્ભવે છે. માટે જ્ઞાન થતાં બાહ્યોપાધિનો ત્યાગ કરવાથી આત્મામાં સ્થિરતા અનુભવ ગોચર થાય છે. કોઈએ બાહ્યઉપાધિ ત્યાગી, પણ મમતા માન ઘટયું નહીં, અને સ્વાત્માભિમુખતા થઈ નહીં, તો તેનો બાહ્ય ત્યાગ અપ્રમાણુ છે. બાહ્યત્યાગ પણ હિતકારક છે. અને અંત ર્ત્યાગ તો વિશેષતઃ હિતકારક છે. બાહ્યાભ્યંતરત્યાગથી ત્યાગીપણું આત્મસ્થિરતા પ્રગટાવી, સહજાનંદનો સ્વાદ ચખાડે છે. અને આત્મજ્ઞાનદશા પ્રગટતાં, અહંવૃત્તિનું જોર નાશ પામે છે. આત્મા તે આત્મા અને જડ તે જડ એમ ભેદ જ્ઞાનથી, વિવેકદૃષ્ટિ પ્રગટતાં, સર્વ વસ્તુનો સાક્ષીભૂત આત્મા વર્તે છે. અને તેથી પરમાત્મદશા પ્રગટ થતાં વાર લાગતી નથી. હવે વિષયાદિકમાં રાગબુદ્ધિ અહંવૃત્તિયોગે પ્રગટે છે,–તે દર્શાવે છેઃ—

दुहा.

अहंवृत्ति त्यां सहु घटे विषयादिक सञ्चार;
क्षयता जोऽहंवृत्तिनी लहिये भवजल पार. ९६

यथाप्रवृत्ति करणथी बाह्य शांतता होय;
अभवीने पण आवती नहि ते धर्मी जोय. ९७

वार अनन्ति आवीयुं–प्रथम करण निरधार;
समकित बिन संसारमां पुनः पुनः अवतार. ९८

बिन समकित शुं साधना अन्तर्लक्ष्य न लेश ।
अन्तर्लक्ष्य विना कदी घटे न धर्मी वेश. १९

જ્યાં અહંવૃત્તિ છે, ત્યાં વિષયાદિક પ્રવૃત્તિ ઘટે છે. જો અહંવૃત્તિનો ક્ષય થાય, તો ભવજલપાર પામીએ. કહ્યું છે કે:—

श्लोक.

यत्राहं वृत्तितातत्र, रागादिनां समुद्भवः
अहंवृत्तेरपायेतु मुक्तिरेव न संशयः १

પરમાં અહંત્વબુદ્ધિથી પોતાના શુદ્ધસ્વરૂપ પ્રતિ વળાતું નથી. અને શુદ્ધસ્વરૂપાભિમુખતા વિના, ખરી શાંતતા થતી નથી. બાહ્યશાંતતા તો યથાપ્રવૃત્તિકરણવાળાને પણ અનંતિવાર આવે છે. પણ તેથી સમ્યકત્વાદિ ધર્મની પ્રાપ્તિ થતી નથી. કહ્યું છે કે:-

श्लोक.

यथा प्रवृत्तितः शान्तिर्बाह्या भवति देहिनाम्;
सा त्वभव्यैरपि प्राप्ता तया धर्मो न कश्चन. १

અનંતિવાર યથાપ્રવૃત્તિકરણ પ્રાપ્ત થયું, પણ સમ્યકત્વવિના સંસારમાં પુનઃ પુનઃ અવતાર ધારણ કરવા પડે છે. વળી હે જીવ સમજ કે સમકિતવિના ધર્મસાધના

નિષ્ફળ છે, અર્થાત્ ધર્મસાધના મોક્ષફળ અર્પનાર નથી. સમ્યકત્વવિના અન્તરાત્મસ્વરૂપનો લક્ષ્ય થતો નથી, અને ચિત્તવૃત્તિ બહિરાત્મભાવે રમે છે. સમ્યકત્વવિના અન્તર લક્ષ્ય થતો નથી, અને અન્તર આત્મસ્વરૂપનો લક્ષ્ય થયા વિના, આત્મધર્મીપણું ઘટતું નથી. અન્તર લક્ષ્ય થયાવિનાધર્મીપણું ઘટતું નથી તે દર્શાવે છે.

दुहा ।

चित्त न लाग्युं लक्ष्यमां अन्यभावमां चित्त ॥
धर्मी नाम धरावतां कबहु न होय पवित्त ॥ १०० ॥

આત્માની પરમાત્મદશા પ્રાપ્તવ્ય છે, આત્મ લક્ષ્યમાં ચિત્ત લાગ્યું નહીં અને અન્યભાવમાં ચિત્ત પ્રવેશે છે. ચિત્તવડે આત્મોપયોગતા સેવાતી નથી, અને ચિત્તમાં પૌદ્‌ગલિક વસ્તુઓ સંબંધી હજારો વિચારો પ્રવેશ કરે છે, અને નીકળે છે. અનેક વિષયનો વ્યાપાર ચિત્ત કર્યા કરતું હોય. ક્ષણવારપણ સ્થિરતાથી, ચિત્ત આત્મામાં લીન થતું ન હોય, અનન્ય પ્રેમભક્તિભાવે જો મનોદ્વારા આત્માનું આરાધનપણું થતું ન હોય, તો ધર્મી એવું નામ ધરાવાથી પણ આત્મા પવિત્ર થતો નથી. મનઃ સંયમદ્વારા આત્મા પવિત્ર થાય છે. આસનવાળીને બેસો, આંખો મીચો, પણ મન જો દશ દિશાએ જ્યાં ત્યાં

ભટકયા કરે તો આત્માનું સેવન ધ્યાન થઈ શકતું નથી. ચિત્તશુદ્ધિ કર્યાવિના, મનુષ્ય ધર્માધિકારી થઇ શકતો નથી. જેના પેટમાં મળ હોય, તેને જુલાબ આપ્યાવિના, પેટ સ્વચ્છ થતું નથી. તેમ હૃદયમાંથી રાગ, દ્વેષ, ભય, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, વૈર કદાગ્રહ કપટાદિક અશુદ્ધિ ગયા વિના, ચિત્તની શુદ્ધિ થતી નથી. ચિત્તશુદ્ધિ વિના ધર્મક્રિયાઓ યથાર્થફળને અર્પતી નથી. સરોવરમાંથી સેવાલ ખસ્યા વિના, સરોવરમાં ચંદ્રનું પ્રતિબિંબ પડતું નથી. દર્પણની કાલિમા રાખવિના દૂર થતી નથી. દર્પણ સ્વચ્છ થયા વિના દર્પણમાં કોઈ વસ્તુનું પ્રતિબિંબ પડી શકતું નથી. તેમ ચિત્તની શુદ્ધિ થયા વિના, ચિત્તમાં આત્માનુભવ સાક્ષાત્કાર થતો નથી. જેમ ક્ષેત્રની શુદ્ધિ કર્યાવિના, તેમાં બરાબર ધાન્ય ઉગી નીકળતું નથી, તેમ ચિત્તની શુદ્ધિ કર્યાવિના આત્મધર્મમાં પ્રવેશ થતો નથી. મૃત્તિકાની શુદ્ધિ કર્યાવિના ઘટ બનતો નથી. ધાતુની શુદ્ધિ કર્યાવિના જેમ માત્રા બનતી નથી, તેમ ચિત્તની શુદ્ધિ થયાવિના આત્મધર્મસાધનતા થઈ શકતી નથી. પ્રથમ મનઃશુદ્ધિ કરવાની આવસ્યકતા છે. જ્ઞાન, વૈરાગ્ય, પ્રભુભકિત, ગુરૂભકિત, આત્મપ્રેમ, સત્સંગમ, સદ્ગુરૂ ઉપદેશ, વિગેરેથી મનઃશુદ્ધિ થાય છે. પશ્ચાત્ મનઃસંયમ કરવાથી, ચિત્તની સ્થિરતા થાય છે. અને ચિત્તની સ્થિરતાથી આત્મસ્વભાવમાં રમણતા થાય છે. અને આત્મા-

નેજ એક લક્ષ્ય લક્ષી ચિત્ત અત્યંત સ્થિર થઇ જાય છે. ત્યારે જ્ઞાનદર્શન ચારિત્રગુણધારક આત્માભિમુખતા આત્મા વીર્યશકિતથી સાધી શકે છે. એમ પ્રતિદિન મનની લીનતા આત્મસ્વરૂપમાં થવાથી, આત્મા કર્મરૂપ પડદો ચીરીને સૂર્યનીપેઠે લોકાલોકનો પ્રકાશ કરે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિથી આત્મા પરમાત્મતત્ત્વની સિદ્ધિ કરે છે. અષ્ટાંગયોગમાં પણ ચિત્તશુદ્ધિની આવશ્યકતા છે. મલીનજળ કતકનું ચૂર્ણ નાખ્યા વિના તથા ગળ્યાવિના સ્વચ્છ થતું નથી. તેમ મન પણ જ્ઞાનવૈરાગ્યરૂપ કતકચૂર્ણ તથા આત્મપ્રેમ વિવેકરૂપ ગરણીથી ગળ્યા વિના શુદ્ધ થતું નથી માટે ચિત્ત લક્ષ્યમાં લાગે તેવા ઉપાયોનું સેવન કરવું તે વિના ધર્મીપણું શોભતું નથી. મનઃ સંયમકરીને, આત્મામાં રમણ કરવું તેથી અનુભવ થાય છે, અને સમ્યગ્અનુભવ જ્ઞાનની જાગ્રતિ થાય, તો અહંવૃત્તિનો નાશ થાય છે. અને સમ્યગ્જ્ઞાની વિના અનુભવજ્ઞાન થતું નથી, તે દર્શાવે છે.

दुहा ।

सम्यग् अनुभव प्राप्तिथी अहंवृत्तिनो नाश;
सम्यग्ज्ञानी जो मळे तो तत्त्वे विश्वास. १०१

दीर्घ विकट शिवपन्थमां स्थिर लक्ष्यो जो वृत्ति;
शक्तिभक्ति संयोगथी अल्पकालमां मुक्ति. १०२

वहिरवहे नहि वृत्तियो लक्ष्ये तस विश्राम;
अलखदशा तब जागशे परमातम पद नाम. १०३
लगी न ताळी आत्मनी ग्रह्यो न सद्गुरु सङ्ग;
तपजपकिरिया फोक सहु भाखे भगवइ अंग. १०४
ग्रह्यं न ध्यान विवेकथी चेतन तत्त्वस्वरूप;
तब तक भवभ्रमणा रहे मिटे न भवमय धूप. १०५

સમ્યગ્ અનુભવજ્ઞાનની પ્રાપ્તિ થતાં, રાગદ્વેષમય અહં-વૃત્તિનો નાશ થાયછે. સૂર્યની આગળ જેમ અંધકાર ટકી શકતું નથી, જેમ સિંહની આગળ હસ્તિવૃન્દ ટકી શકતું નથી, તેમ સમ્યગ્ અનુભવ જ્ઞાનની આગળ રાગ દ્વેષમય અહં-વૃત્તિ ટકી શકતી નથી. સમ્યગ્અનુભવ જ્ઞાનનું અપૂર્વ મહાત્મ્ય, એની અપૂર્વ શકિત છે. સમ્યગ્ અનુભવજ્ઞાન અપાર મહોદધિ છે. સમ્યગ્ અનુભવજ્ઞાનથી, તત્વનો નિર્ણય હસ્તામલકવત્ છે. સમ્યગ્ અનુભવ જ્ઞાન છે, તે કેવળ જ્ઞાનનો લઘુભ્રાતા છે. અનુભવમાં ખરૂ સુખ શાંતિ તથા સ્થિરતા સમાઇ છે. અનુભવજ્ઞાનનું વર્ણન જીહ્વાથી કરવું એ સાહસ છે. અનુભવજ્ઞાન બીજાને કહી શકાતું નથી. પણ એવા અનુભવી જ્ઞાનિયોની પાસે રહેતાં તેમના વચનોથી અલૌકીક બોધ પ્રાપ્ત થઇ શકે છે. સમ્યગ્જ્ઞાનિયોની પાસે રહેતાં, અને તેમના વચનામૃતથી, આ-

ત્મતત્વમાં વિશ્વાસ થાય છે. અને અમૂર્ત આત્મસ્વરૂપમાં લીનતા થતાં, અખંડ સુખની ધારા વહે છે. અનન્ય શરણ્ય આત્મસ્વરૂપમાં સદાકાળ મગ્ન રહેવાથી, આત્માપરમાત્મ દશા પ્રાપ્ત કરી જન્મજરામરણનાં દુઃખથી રહીતથાય છે.

દીર્ઘવિકટ શિવપન્થમાં ચાલતાં, લક્ષ્યમાં સ્થિરવૃત્તિ હોય, અને આત્મશકિત તથા ભકિતનો સંયોગ થાય તો અલ્પકાલમાં મુકિત થાય છે.

વૃત્તિયોનું વહન બાહ્યભાવમાં થાય નહીં, અને લક્ષ્યમાં વીશ્રામ પામે, ત્યારે આત્માની અલખદશા જાગે છે. પરમાત્મપદમાં વાસ કરવાથી, બાહ્યવાસનો અંત આવે છે. આત્મસ્વરૂપમાં એકતન્મયતા થવી તેરૂપી તાળી જો લાગી નહી, અને સદ્ગુરૂ સંગ કર્યો નહી. ત્યાં સુધી મિથ્યાભાવ હોવાથી, ભગવતી સૂત્રમાં મિથ્યા અજ્ઞાનીનું તપજપ ક્રિયા ફોક કહી છે. જ્યાં સુધી ચેતનતત્વસ્વરૂપનું જ્ઞાન વીવેકથી ગ્રહણ કર્યું નહીં, ત્યાં સુધી ભવભ્રમણ રહે છે, અને સંસારનાં આધિવ્યાધિ ઉપાધિનાં દુઃખ ટળતાં નથી. અને શાન્તાવસ્થાથી થતા સુખનું ભાન હોતું નથી જ્ઞાન પ્રગટતાં બાહ્ય ઉપાધી સુખકર લાગતી નથી, અને અન્તરાત્મસ્વરૂપ વેદનમાં બાહ્યોપાધિ અસ્થિરતા કરાવે છે. માટે જ્ઞાનિ પુરૂષોએ જ્ઞાનનું ફળ વિરતિ જાણીને સંયમપન્થ ગ્રહણ કરવો જોઈએ; તે દર્શાવે છે—

दुहा

बाह्योपाधि त्यागीने, ग्रहवो संयम पन्थ;
पञ्चमहाव्रत धारतां, थइए महा निर्ग्रन्थ. १०६

ભાવાર્થઃ—સાંસારીક રાગદ્વેષોત્પાદક બાહ્યોપાધિનો ત્યાગ કરી, સંયમમાર્ગ ગ્રહણ કરવો યોગ્ય છે. પંચમહાવ્રતને દ્રવ્યભાવથી ધારતાં, ઉત્તમ નિર્ગ્રન્થ થઈએ, અને તેથી ભવાંત થાય. બાહ્યોપાધિત્યાગ, એ શબ્દથી વ્યવહારચારીત્રમાં કુંટુંબાદિકનો ત્યાગ મુખ્યતાએ ગ્રહણ કર્યો છે, અને બાહ્યોપાધિ ત્યાગતાં મોહ માયાદીક અંતરૂઉપાધી પણ નાશ પામે છે. બાહ્યોપાધિના ત્યાગની સાથેજ અંતરૂઉપાધિનો ત્યાગ એકદમ થઇ શકતો નથી. અંતરૂઉપાધિના નાશાર્થે, બાહ્યોપાધિનો ત્યાગ કરવો શાસ્ત્રમાં કહ્યો છે. અંતરૂઉપાધિનો નાશ બાહ્યોપાધિ ત્યાગવિના થઈ શકતો નથી, એ રાજમાર્ગ છે. તીર્થંકરો અનંત થયા, તેમણે બાહ્યોપાધિનો ત્યાગ પ્રથમ કર્યો, તથા અનંતતીર્થંકર ભાવિકાલે થશે, તે પણ ગ્રહસ્થાવાસરૂપ બાહ્યોપાધિનો ત્યાગ કરી અંતરૂઉપાધિનો નાશ કરી મુક્તિપદ પ્રાપ્ત કરશે. બાહ્યોપાધિના ત્યાગથી વ્યવહારચારિત્ર કહેવાય છે. શ્રાવકઅવસ્થા કરતાં, સૂત્રાનુસારે જોતાં, સાધુઅવસ્થા મોટી છે. તે દર્શાવે છે.

दुहा

सर्षप सुरगिरि जेवडो, श्राद्ध यतिमां फेर;
करो न निन्दा साधुनी, करतां भव अन्धेर. १०७
गणियाछे परमेष्टिमां, पञ्चमपद मुनिराय;
परमेश्वर मुनिरायने, नमतां शिवसुख थाय. १०८
लक्ष्य ग्रही शुद्धात्मनुं, साधे तत्त्वोपाय;
नमो नमो मुनिवर प्रभु, जन्मजरादुःख जाय. १०९
श्रावक बाह्योपाधिमां, वर्तेछे निशदिन;
विरतीछे तस देशथी, प्रायः परमां लीन. ११०
धर्मधुरंधर साधु छे, संप्रति पञ्चमकाल;
नमो नमो मुनिवरसदा, होवे मङ्गलमाल. १११

ક્યાં સરસવનો દાણો અને ક્યાં મેરૂ પર્વત? એટલો શ્રાવક અને સાધુની હદમાં અંતર છે. શ્રાવક જ્યારે ગ્રહસ્થાવાસમાં સ્ત્રી પુત્રાદિકમાં બંધાય છે; ત્યારે મુનિરાજે સ્ત્રીપુત્રાદિકનો ત્યાગ કર્યો છે. શ્રાવક પંચમહાવ્રતથી દૂર છે, અને મુનિરાજ પંચમહાવ્રત પાળે છે. શ્રાવક ઘરમાં બંધાયો છે, ત્યારે મુનિરાજ ગૃહનો ત્યાગ કરી અનગાર થયા છે. શ્રાવક વ્યાપાર વિગેરેની ઉપાધિમાં પડી રાગદ્વેષથી ચિત્તઅસ્થિરતા પ્રાપ્ત કરે છે, અને મુનિરાજ વ્યાપાર વિગે-

રેની ખટપટો ત્યાગવાથી, રાગ અને દ્વેષનાં કારણોથી દૂર રહી, નિર્મળ ચિત્તથી વિચરે છે. શ્રાવક સ્ત્રીસાથે મૈથુન કરે છે, ત્યારે મુનિરાજ દ્રવ્ય તથા ભાવથી મૈથુનનો ત્યાગ કરી વિષ્ટાની પેઠે તેના સામું પણ જોતા નથી. શ્રાવકને ગૃહસ્થાવાસમાં આહાર વિગેરેને પચાવવાના આરંભ કરવા પડે છે, ત્યારે મુનિરાજને તેમાંનું કશું હોતું નથી. જ્યાંથી નિર્દોષ આહાર મળ્યો, ત્યાંથી લેઇ લે છે. જ્ઞાનદર્શનચારિત્રથી આત્મગુણને સાધે, તેને સાધુ કહે છે. સાધુમુનિરાજ ચોરાશી ઉપમાથી બીરાજમાન હોય છે. તેમાં પ્રથમ સાત ઉપમા સર્પની આપે છે.

૧—જેમ સર્પ પોતે બીલાદિક ઘર કરે નહીં, અને ઉંદર વિગેરેનું કરેલું બીલાદિક હોય તેમાં રહે છે, તેમ સાધુ પોતે ઘર કરે નહીં, કરાવે નહિ, કરતાને અનુમોદે નહિ. ગૃહસ્થે પોતાને માટે કરાવેલું ઘર હોય, તે નિર્દોષ જાણી આજ્ઞા લેઈ, તેમાં રહે.

૨—જેમ અગંધનજાતિનો સર્પ વિષ વમીને પાછું લેતો નથી; તેમ મુનિરાજે શબ્દાદિક પંચેન્દ્રિયવિષયભોગ ત્યાગ્યા; તે પાછા ગ્રહણ કરે નહીં.

૩—જેમ સર્પ બીલમાં સીધો પ્રવેશ કરે, તેમ મુનિરાજ મોક્ષમાર્ગમાં સિદ્ધા પ્રવર્તે.

૪—જેમ સર્પ બીલમાં પ્રવેશ કરતાં, આઘોપાછો થાય નહીં

તેમ મુનિરાજ આહારને સ્વાદાર્થે, એક દાઢમાંથી બીજી દાઢમાં ફેરવે નહીં.

૫—જેમ સર્પ કાંચલી ઉતારીને મૂકે, તે પાછી ગ્રહણ કરે નહી. તેમ મુનિરાજ પુત્ર કલત્રાદિક કુંટુંબરૂપ કાંચલી ત્યાગીને, પશ્ચાત્ સરાગદૃષ્ટિથી તેને ગ્રહણ કરે નહિ.

૬—જેમ સર્પ કાંટાદિકથી ડરતો નથી, એક દૃષ્ટિથી ચાલે, તેમ મુનિવર્ય ઉપસર્ગથી ડરે નહિ અને ઈર્યાસમિતિથી ચાલે.

૭—જેમ સર્પ મયુર વિગેરે પંખીથી ડરતો રહે છે, તેમ મુનિવર્ય દર્શનભ્રષ્ટ મનુષ્યોથી ડરતા રહે, તથા સ્ત્રીથી ડરતા રહે.

૭ હવે અગ્નિની સાત ઉપમા મુનિને આપે છે.

૧—જેમ અગ્નિ ઇન્ધનથી તૃપ્તિ પામે નહીં, તેમ મુનિરાજ જ્ઞાનધ્યાનથી તૃપ્તિ પામે નહીં, સદાકાળ જ્ઞાનધ્યાનનું સેવન કરે. અભિનવજ્ઞાન સંપાદન કરવા પ્રયત્ન કરે, પણ જ્ઞાનાભ્યાસ કરતાં થાકે નહીં.

૨—જેમ અગ્નિ તેજથી તેજવંત હોય, તેમ મુનિરાજ તપશ્ચર્યાદિકથી તેજવંત હોય; તેજોલેશ્યા પુલાકઆદિલબ્ધિથી ઉદ્યોત કરનારા હોય.

૩—જેમ અગ્નિ લીલી સુકી સર્વ કાષ્ટાદિક વસ્તુને બાળી નાખે છે, તેમ મુનિરાજ ધ્યાનરૂપ અગ્નિથી સર્વ નિ-

કાચિતઆદિ કર્મકાષ્ટને બાળી ભસ્મ કરે.

૪—જેમ અગ્નિ અંધકાર દૂર કરીને પ્રકાશ કરે છે, તેમ મુનિરાજ મિથ્યાત્વાદિક દૂર કરીને સમ્યક્ત્વરૂપ પ્રકાશ કરે છે.

૫—જેમ અગ્નિ સુવર્ણ વિગેરે ધાતુને લાગેલો મેલ-કાટ દૂર કરે છે, તેમ મુનિવર્ય મિથ્યાત્વ મોહાદિક મેલ કચરાને દૂર કરે છે.

૬—જેમ અગ્નિ સુવર્ણ વિગેરે સ્વચ્છ કરે છે, તેમ મુનિવર્ય પોતાના આત્માને સ્થિરતા સમતા, ઉપયોગથી શુદ્ધ કરે છે.

૭—જેમ અગ્નિ ઇંટ, વાસણ વિગેરે કાચી વસ્તુને પાકી કરે છે, તેમ મુનિરાજ સમ્યગ્જ્ઞાનદર્શનચારિત્રથી શિષ્યાદિક ભવ્યજીવોને મોક્ષમાર્ગમાં બહિરાત્મપણું ટાળી પાકા કરે છે.

૭ મુનિવર્યને સાત ઉપમા પર્વતની આપે છે.

૧—જેમ પર્વત અનેક ઔષધિયોથી શોભાયમાન હોય છે. તેમ મુનિરાજ જ્ઞાનદર્શનચારિત્રથી તથા અનેક પ્રકારની ચમત્કારીક લબ્ધિયોથી શોભાયમાન હોય છે.

૨—જેમ પર્વત પવનાદિકથી ચળાયમાન થતો નથી, તેમ મુનિવર્ય ઉપસર્ગથી ચળાયમાન થાય નહીં; પરભાવદશાથી સ્વભાવદશાનો ત્યાગ કરે નહીં. સદાકાળ આ-

ત્મસ્વરૂપમાં સ્થિર રહે.

૩—જેમ પર્વતના આધારે બહુ પંખી પ્રમુખ જીવો શાતા પામે છે; તેમ મુનિવર્યના આધારે શિષ્ય, શ્રાવક, શ્રાવિકાઓ પણ વચનામૃતનું પાન કરી શાતા પામે.

૪—જેમ નદીનાં ઝરણાં વિગેરેથી પર્વત શોભાયમાન હોય છે; તેમ ક્ષમાશ્રમણ સપ્તભંગી, સાતનય, વિગેરેના ઉપદેશરૂપ નદીનાં ઝરણથી શોભાયમાન હોય.

૫—જેમ પર્વત ઉંચપણે ઉંચો હોય છે, તેમ ભિક્ષુક જ્ઞાનદર્શનચારિત્રભાવનાથી ઉચ્ચ હોય છે.

૬—જેમ પર્વત નિર્મલ સ્ફટિકરત્નાદિકથી શોભાયમાન હોય છે, તેમ સાધુ ઉપશમ, ક્ષયોપશમ, તથા ક્ષાયીકભાવથી શોભાયમાન હોય છે.

૭—જેમ પર્વત દેવતાદિકને ક્રીડા કરવાનું સ્થાન હોય છે; તેમ મુનિવર્ય વિનેયશિષ્યાદિક ભવ્યજીવોને જ્ઞાનક્રીડા કરવાના સ્થાનભુત હોય છે.

મુનિરાજને સાત ઉપમા સમુદ્રની આપે છે.

૧—જેમ સમુદ્ર અતિ ગંભીર હોય, તેમ મુનિરાજ અતિ ગંભીર હોય. કોઇનો દોષ પ્રકાશે નહિ.

૨—જેમ સમુદ્ર રત્નાકર હોય, તેમ મુનિવર્ય જ્ઞાનદર્શનચારિત્રરત્નના આકર હોય છે.

૩—જેમ સમુદ્ર મર્યાદા લોપે નહિ, તેમ મુનિવર્ય તીર્થ-

કરની આજ્ઞારૂપ મર્યાદા લોપે નહિ.

૪—જેમ સમુદ્ર ચારે તરફથી નદીઓ પોતાનામાં આવે, તેથી જરા માત્ર ઉછળે નહિ. તેમ મુનિવર્ય તીર્થંકરની વાણી શ્રવણ કરે, શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરે, ચાર પ્રકારના અનુયોગનું જ્ઞાન કરે, પણ કિંચિત્ માત્ર અહંકાર કરે નહિ.

૫—જેમ સમુદ્ર જલવડે ઉછળે નહિ, તેમ મુનિવર્ય ક્રોધાદિકથી ઉછળે નહિ, ક્રોધાદિક થતાં તેનો ઉપશમ કરે.

૬—જેમ સમુદ્ર કલ્લોલતરંગે કરી સહિત હોય, તેમ મુનિવર્ય સ્વપરજ્ઞાનકલ્લોલતરંગે સહિત હોય.

૭—જેમ સમુદ્ર જલથી શીતલ હોય, તેમ મુનિવર્ય ક્ષમારૂપ જલથી શીતલ હોય.

૭ સપ્ત ઉપમા આકાશની મુનિરાજને આપે છે.

૧—જેમ આકાશ નિર્મળ ઉજ્વલ હોય છે; તેમ મુનિવર્યનો આત્મા નિર્મલ ઉજ્વલ હોય.

૨—જેમ આકાશ આલંબન રહીત હોય છે, અર્થાત્ પરના આધારરહીત હોય છે, તેમ મુનિવર્ય ગૃહસ્થાદિકના આધારરહીત હોય. ગૃહસ્થના તાબામાં મુનિરાજ રહે નહિં, ગૃહસ્થની નિશ્રાએ વર્તે નહિં.

૩—જેમ આકાશ ષટ્ દ્રવ્યનું ભાજન હોય, તેમ મુ-

નિવર્ય પઋ્ચ મહાવ્રતના ભાજન હોય.

૪—જેમ આકાશ સૂર્યના આતાપથી સૂકાય નહીં, તેમ મુનિવર્ય પરિસહ ઉપસર્ગ ઉત્પન્ન થએ છતે, જ્ઞાન વૈરાગ્યગુણથી સૂકાય નહીં.

૫—જેમ આકાશ વર્ષાથી ભીંજાય નહિ, તેમ મુનિવર્ય પોતાની ગુણ-સ્તુતિ શ્રવણકરી હર્ષથી ભીંજાય નહીં.

૬—જેમ આકાશ અરૂપી છે, તેમ મુનિવર્ય નિશ્ચયથી આત્માને અરૂપી જાણે.

૭—જેમ આકાશ અનંત છે, તેમ મુનિવર્ય જ્ઞાનાદિક ગુણથી અનંત છે.

૭ સાત ઉપમા વૃક્ષની મુનિરાજને આપે છે.

૧—જેમ વૃક્ષ શીત ઉષ્ણ સહે છે, તેમ મુનિવર્ય શીત ઉષ્ણ પરિસહ સહન કરે.

૨—જેમ વૃક્ષ પુષ્પ ફ્લાદિક આપે છે, તેમ મુનિવર્ય શ્રુત ચારિત્રરૂપ પુષ્પ ફ્લાદિક આપે છે.

૩—જેમ વૃક્ષના આશ્રયથી પક્ષીઆદિ ઘણા જીવ સુખ શાતા પામે છે, તેમ મુનિવર્ય પૃથ્વી કાયાદિક જીવોનું રક્ષણ કરે છે. અને તેમના આશ્રયથી સર્વ જીવો સુખશાતા પામે છે.

૪—જેમ વૃક્ષને કોઈ છેદે ભેદે તો, કોઇની પાસે કહે નહીં, તેમ મુનિરાજની કોઇ હેલના કરે, નિન્દા કરે, ઉપસર્ગ

કરે તો પણ મુનિરાજ કોઇની આગળ કહે નહિ.

૫—જેમ વૃક્ષને કોઇ ચન્દનાદિક સુગંધી દ્રવ્યનું વિલેપન કરે, તો વૃક્ષ હર્ષાયમાન થાય નહીં, તેમ મુનિરાજને કોઇ ગુણસ્તુતિરૂપ ચન્દનાદિકનો લેપ લગાવે, તો પણ હર્ષાયમાન થાય નહીં.

૬—જેમ વૃક્ષ જલસિંચનરૂપ સેવાથી, પુષ્પ ફલાદિક આપે; તેમ મુનિરાજને અભ્યુત્થાન, વિનય, ભક્તિ, બહુમાન ગુણ સ્તવનાદિક સેવા કરવાથી, શ્રતશ્રવણ, જ્ઞાન, વિજ્ઞાન, પ્રત્યાખ્યાન, યાવત્ નિર્વાણરૂપ પુષ્પ ફલાદિક આપે.

૭—જેમ વૃક્ષ વેલાએ કરી વિંટાએલ હોય, તેમ મુનિવર્ય સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવીકારૂપ ચતુર્વિધ સંઘથી વીંટાએલ હોય.

૭ સાત ઉપમા ભ્રમરાની મુનિરાજને આપે છે.

૧—જેમ ભ્રમર બગીચામાં પુષ્પાદિકમાંથી સુગન્ધરસ ગ્રહણ કરે છે, પણ પુષ્પને કીલામણા ઉપજાવતો નથી, ને પોતાના આત્માને સન્તોષે છે. તેમ ભ્રમરસમાન મુનિવર્ય તે બાગ સમાન ગ્રામનગરાદિક સંબંધી વૃક્ષસમાન જે ઘર, અને પુષ્પસમાન ગૃહસ્થ દાતારની પાસે જઇ, સુગંધ સમાન અશનાદિક ગ્રહણ કરે. પણ પુષ્પસમાન ગૃહસ્થ દાતારને કોઇજાતની કીલામણા ઉપજાવે નહિ,

અને આત્મસંતોષે.

૨—જેમ ભ્રમર સુગંધ લેવાને માટે, પુષ્પઉપર બેસે છે. પણ પુષ્પની સાથે પ્રેમસ્નેહ પ્રતિબદ્ધ કરે નહિ. તેમ મુનિવર્ય આહારાદિક અર્થે ગૃહસ્થના ઘેર જાય છે. પણ તે ગૃહસ્થોની સાથે પ્રેમસ્નેહાદિક કોઇપણ જાતિના પ્રતિબદ્ધમાં લપટાય નહીં.

૩—જેમ ભ્રમર પુષ્પોના ઉપર ઝંકાર ગુંજારવ શબ્દ કરે છે, તેમ મુનિવર્ય ગ્રામાનુગ્રામ વિહાર કરી, જીવોને ભવ્ય મધુરધ્વનિથી સમકિતપૂર્વક સાધુ શ્રાવકધર્મસંબંધી દેશના દેછે. તેજ મુનિરાજનો ઝંકાર ગુંઝારવ શબ્દ જાણવો.

૪—જેમ ભ્રમર અશનાદિકનો સંગ્રહ કરે નહિ, તેમ મુનિરાજ અશનવસનાદિકનો સંગ્રહ કરે નહીં. અર્થાત મર્યાદા ઉપરાંત અધિક રાખે નહિ.

૫—જેમ ભ્રમર સુગંધને અર્થે પુષ્પઉપર બોલાવ્યા વિના જાય છે; તેમ મુનિવર્ય ગોચરી જાવે.

૬—જેમ માલાકારે બનાવેલી પુષ્પવાટિકામાં ભ્રમર સુગંધ લેવા જાય છે; તેમ મુનિરાજ ગૃહસ્થોએ પોતાને માટે બનાવેલા આહાર લેવા માટે જાય.

૭—જેમ ભ્રમર કેતકી માલતી કેવડાદિક ઉપર વારંવાર જાય છે, તેમ મુનિરાજ ગ્રામનગરાદિકમાં ધર્મરાગવંત.

ભવ્ય જીવો હોય ત્યાં વારંવાર જાય. જ્યાં ધર્મરાગી મનુષ્યો વિશેષ હોય, અને ગુરૂશ્રદ્ધાળુ જીવો હોય, ત્યાં મુનિરાજ વિશેષતઃ વિચરે, અને તેમને ઉપકાર કરે.

સાત ઉપમા પૃથ્વીની મુનિરાજને આપે છે.

૧—જેમ પૃથ્વી છે તે અગ્નિ, વાયુ, વનસ્પતિ, મનુષ્ય, તિર્યંચ, દેવાદિકકૃત્ય, લડાઇ, વહન, પચન, શોષણ વિગેરેને સહન કરે છે, વિષ્ઠાદિકને પણ સહન કરે છે; તેમ મુનીશ્વર બાવીશ પરિસહને કરે છે.

૨—જેમ પૃથ્વી ધન ધાન્યાદિક સહિત હોય, તેમ મુનીશ્વર જ્ઞાનદર્શન ચારિત્રાદિક રૂદ્ધિસહિત હોય.

૩—જેમ પૃથ્વી અનેક પ્રકારની શાલિપ્રમુખ ધાન્યાદિકની ઉત્પત્તિ કરે, તેમ મુનિવર્ય પોતાની આત્મભૂમિમાં અનેક પ્રકારની જ્ઞાનદર્શનચારિત્રની વિશુદ્ધતારૂપ ગુણોની ઉત્પત્તિ કરે છે. અથવા મુનિરાજ હિતોપદેશ દેઇને, જીવોની હૃદયભૂમિમાં ન્યાયસમ્પન્ન વિભવાદિક માર્ગાનુસારિના ગુણ, તથા સમકિત પૂર્વક દેશવિરતિ, સર્વ વિરતિ, પ્રમુખ આત્મગુણોની ઉત્પત્તિ કરે.

૪—જેમ પૃથ્વી શીતઉષ્ણ સ્પર્શ સહે છે; તેમ મુનિવર્ય શીતોષ્ણસ્પર્શ સહન કરે.

૫—જેમ પૃથ્વી છેદાતી ભેદાતી કોઇ આગળ કહે નહિ;

તેમ મુનિરાજને કોઇ ઉપદ્રવ કરે, ઉપસર્ગ કરે; નિંદાહેલના કરે, તોપણ મુનિરાજ કોઇને કહે નહિ.

૬—જેમ પૃથ્વી કાદવ કચરાને સુકાવે છે, તેમ મુનિવર્ય કામભોગરૂપ કાદવ કચરાને સૂકાવે.

૭—જેમ પૃથ્વી વૃક્ષાદિકને આધારભૂત હોય, તેમ મુનિવર્ય આત્માર્થિજીવોને આધારભૂત હોય.

સાત ઉપમા કમલની મુનિરાજને આપે છે.

૧—કાદવમાંહિ ઉપજે અને જલમાં વૃદ્ધિપામે, અને કાદવ જલ બેને મૂકી ઉપર વર્તે, એટલે બેથી ઉંચું રહે, તેમ મુનિવર્ય કર્મરૂપ કાદવમાં ઉપજે છે, અને ભોગરૂપ જલમાં વૃદ્ધિ પામે છે, અને તે કર્મભોગ બેને મૂકી, ઉપર વર્તે, એટલે તે બન્ને છોડી ન્યારા વર્તે.

૨—જેમ કમલ પોતાની વેલોને પોતાની સુગંધીથી વાસિત કરે છે. તેમ મુનિરાજ જ્ઞપ્તિશ્રદ્ધાવિરતિરવરૂપ પોતાની વેલોને, જ્ઞાનાદિક સુગંધિથી વાસિત કરે છે.

૩—જેમ કમલ ચંદ્ર તથા સૂર્યોદયથી વિકસ્વર થાય છે; તેમ મુનિરાજ આચાર્ય, ઉપાધ્યાય, બહુશ્રુત, ગુર્વાદિકના આગમનથી તથા તેમને દેખવાથી વિકસ્વર થાય છે. આનંદ પામે છે, અથવા લઘુકર્મિ શ્રોતાદિક ભવ્ય જીવને દેખીને પણ આનંદ પામે છે.

૪—જેમ કમલ પોતાની સુગંધથી સુગંધિત હોય છે; તેમ મુનિરાજ સ્વસ્વભાવરમણાદિક ગુણોથી સુગંધિત રહે છે.

૫—જેમ કમલ પોતાની કાન્તિથી દેદીપ્યમાન હોય છે, તેમ મુનિરાજ જ્ઞાનધ્યાનરૂપ કાન્તિથી દેદીપ્યમાન હોય છે.

૬—જેમ કમલ નિર્મલ ઉજ્વલ હોય છે, તેમ મુનિરાજ ધર્મધ્યાન તથા શુકલધ્યાનવડે નિર્મળ ઉજવલ હોય છે.

૭—જેમ કમલ સદા ચંદ્ર તથા સૂર્યના સન્મુખ રહે છે, તેમ મુનિરાજ આચાર્ય ઉપાધ્યાય સન્મુખ રહે.

શ્રી મુનીશ્વર મહારાજ રત્નત્રયીના સદાકાળ આરાધક હોવાથી તેઓ મોક્ષમાર્ગમાં પ્રથમપદે અધિકારી છે, અને તેમને પંચપરમેષ્ટિમાં ગણ્યા છે. **णमो लोए सव्वसाहूणं**- લોકની અંદર રહેલા જીનાજ્ઞાધારક પંચ મહાવ્રતધારી મુનિશ્વરોને નમસ્કાર થાઓ, એમ પરમેષ્ઠિમંત્રમાં ઈશ્વરરૂપે સાધુ વર્ણવ્યા છે. એવા પરમેશ્વરરૂપ મુનિરાજને નમસ્કાર કરતાં, મોક્ષનાં સુખ થાય છે. વળી મુનિરાજની અધ્યાત્મદશાનું વર્ણન કરે છે. શુદ્ધ આત્મસ્વરૂપનું પ્રથમ જ્ઞાન કરી, પશ્ચાત્ તેનું લક્ષ્ય કરી, મુનિરાજ તત્વસ્વરૂપ જે આત્મા, તેની પરમાત્મ દશા થવાના ઉપાયો સાધે છે. એવા મુનિવરપ્રભુને નમસ્કાર કરતાં, જન્મ જરા મરણનાં દુઃખ નાશ પામે છે, શ્રાવક અને મુનિરાજની આ-

મદશામાં આકાશ અને પાતાળ જેટલો ફેર છે. શ્રાવક બાહ્યસંસારની ઉપાધિમાં નિશદિન વર્તે છે; એટલે શ્રાવકને ગૃહસ્થાવાસમાં ખાવા પીવાના આરંભની ઉપાધિ સદાકાળ લાગી રહેલી છે. પૃથ્વીકાયના આરંભ કરી, અસંખ્ય પૃથ્વીકાયના જીવોનો નાશ કરતો વર્તે છે. પીવાને માટે પાણી, સ્નાન કરવાને માટે પાણી, વસ્ત્ર ધોવા માટે પાણી, કુંટુબને પીવા માટે પાણી, એમ દરરોજ અપકાયૂના અસંખ્ય જીવોનો નાશ કરે છે. શ્રાવક જલ ગળીને વાપરે છે, તેથી ત્રસજીવોની રક્ષા થાય છે, પણ તેથી અપ્કાયના જીવોની દયા રક્ષા થઇ શકતી નથી. વળી ગૃહસ્થાવાસમાં શ્રાવક અગ્નિકાયના તથા વાયુકાયના જીવોનો નાશ ઉપાધિયોગે કરે છે. તથા વનસ્પતિના જીવોનો નાશ પણ શ્રાવક કરે છે. વનસ્પતિના બે ભેદ છે. ૧ એક સાધારણ અને બીજી પ્રત્યેક. તેમાં એક શરીરમાં અનંત જીવ હોય, તેને સાધારણ કહે છે. જેમ કે, આદુ, મૂળા, ગાજરીયાં, શકરીયાં, બટાટા, સૂરણ, રતાળુ, પિંડાળુ, વિગેરે, કંદમૂળ વિગેરે સાધારણ વનસ્પતિમાં અનંત જીવ હોવાથી શ્રી વીરપ્રભુએ અભક્ષ્ય ગણી છે. જેને એક શરીરમાં એક જીવ હોય, તેને પ્રત્યેક વનસ્પતિ કહે છે. આંબા, લીંબડા, રાયણ, વિગેરે, પ્રત્યેક વનસ્પતિના પણ ઘણા ભેદ છે, તેની શ્રાવક હિંસા કરે છે. એમ સ્થૂલ પંચ સ્થાવર જી-

વોના નાશથી, શ્રાવક વિરમ્યો નથી. તેમ ત્રસ જીવોની પણ હિંસા શ્રાવક કરે છે. માટે શ્રાવકને સવાવસાની દયા શાસ્ત્રકારે કહી છે. તેમ હિંસા, જૂઠ, ચોરી, મૈથુનથી પણ શ્રાવક સર્વથી વિરામ પામ્યો નથી. પંચેંદ્રિયના વિષયભોગથી પણ શ્રાવક વિરામ પામ્યો નથી. આશ્રવના કારણોથી શ્રાવક દેશથકી વિરામ પામ્યો છે, પણ સર્વ થકી વિરામ પામ્યો નથી. ઘણું કરી શ્રાવક પુદ્‌ગલ વસ્તુઓમાં લીન રહે છે. અનેક પ્રકારના વ્યાપારની ઉપાધિ શ્રાવકને કરવી પડે છે. અનેક પ્રકારનાં વ્યાપારનાં હિંસક સાધનો શ્રાવકને સેવવાં પડે છે. ગૃહસ્થાવાસમાં સ્ત્રી, પુત્ર, ભાઈ, બેન વિગેરેના સંબંધથી પ્રભુભજન તથા જ્ઞાન ધ્યાન કરવાનો સમયપણ મળતો નથી. સંસારમાં ધર્મસાધનનાં કારણો વિશેષતઃ નથી. **ज्ञानस्य फलं विरतिः** જ્ઞાનનું ફળ વિરતિ છે. અલ્પવિરતિપણું શ્રાવક ધારણ કરી શકે છે. સંસારનો ત્યાગ કર્યાવિના સર્વથકી વિરતિપણું પ્રાપ્ત થતું નથી. તે માટે ચોવીશ તીર્થંકર ભગવાને ગૃહસ્થાવાસનો ત્યાગ કરી, સાધુપણું અંગીકાર કર્યું. ગૃહસ્થાવાસમાં છીંડી માર્ગે કદાપી. કોઈને કેવલજ્ઞાન થયું સાંભળીએ છીએ, પણ તે છીંડીમાર્ગ ગ્રહણ કરવાનો નથી. સાધુપદ ગ્રહણ કરવાથી કર્મક્ષય થાય છે. આ રાજમાર્ગનું સેવન કરવું જોઈએ. સાધુ થવા રૂપ વ્યવહારમાર્ગને છોડી મનઃકલ્પનાએ

શ્રાવકપણું અંગીકાર કરી, સંતોષ માનવો નહીં. જેના મનમાં સાધુ થવાની ભાવના નથી, તે શ્રાવક નથી. ગૃહસ્થાવાસમાં વસતાં ભરત, મરૂદેવી માતા પ્રમુખને કેવલ જ્ઞાન થયું, એમ વાંચી ગૃહસ્થાવાસમાં વસવાનો સ્થિર વિચાર કરવો જોઈએ નહીં, વા એવો ઉપદેશ પણ આપવો યોગ્ય નથી. તે સંબંધી મહાજ્ઞાની ધર્મધુરંધર શ્રી યશોવિજયજી કહે છે કેઃ—

चरित भणी बहुलोकमांजी, भरतादिकनां जेह;
लोपे शुभ व्यवहारनेजी, बोधि हणे निज तेह. सौ०
बहुदल दीसे जीवनांजी, व्यवहारे शिवयोग;
छींडी ताके पाधरोजी, छोडी पन्थ अयोग. सौ०

ઘણા મનુષ્યો લોકમાં ભરત, મરૂદેવા, પ્રમુખનાં ચરિત્ર કહીને, જે સાધુ થવા રૂપ તથા અન્ય જે શુભ વ્યવહાર તેને લોપે છે, તે સમકિતનો નાશ કરે છે. એકાન્તવાદી એમ કહે કે “ ભરત, મરૂદેવી માતા વિગેરેએ સાધુપદ ક્યાં અંગીકાર કર્યું હતું ? કેવળ આત્મશુદ્ધિથીજ કેવલજ્ઞાન પામ્યા. તો વ્યવહારનું શું કારણ છે. ” “ સાધુ થવાની કંઈ જરૂર નથી. આત્મશુદ્ધ સ્વભાવમાં રમણતા કરીશું, એટલે મુક્તિ થશે. ” એમ કહેનારા વ્યવહાર માર્ગનો નાશ કરે છે. કારણકે ઘણાં દળ વ્યવહારથી શિવ

યોગ્ય દીસે છે. તે માટે સાધુ થવા આદિ વ્યવહાર તે રાજમાર્ગ છે. એ પાધરો માર્ગ છંડીને, જે છીંડીનો એટલે ગલીકુંચીનો માર્ગ શોધે છે. તે જીવો અયોગ્ય જાણવા. **गिहि संयत्त महत्तो** ગૃહસ્થશ્રાવક કરતાં સાધુપદ મોટું છે. માટે વ્યવહારને મૂકી, નિશ્ચયનય એકાંતે અંગીકાર કરી, જે જીવો સાધુમાર્ગનો નિષેધ કરે છે, વા સાધુ થયા વિના શ્રાવકઅવસ્થાથી એકાંતે મુકિતની ઇચ્છા રાખે છે. તેઓ અયોગ્ય જાણવા. **શ્રી ओघनिर्युक्तिमां** કહ્યું છે કેઃ–

गाथा.

निथ्थय मवलंबंता, णिथ्थयओ णिथ्थयं अयाणंता;
णासंति चरणकरण. बाहिर करणालसा. १. इति

વળી શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી કહે છે કેઃ–

तुरंग चढी जेम पामीएजी, वेगे पुरनो पन्थ;
मार्ग तेम शिवनो लहेजी, व्यवहारे निर्ग्रन्थ. सो०

ઘોડા ઉપર ચઢીને જેમ વેગે પુર પામીએ, તેમ વ્યવહારે કરી નિર્ગ્રંથ શિવપુરમાર્ગ લહે છે. માટે નિર્ગ્રંથ થવાની ઘણી આવશ્યકતા છે, ગૃહસ્થાવાસમાં કેવળજ્ઞાન ઉપજે છે, તોપણ રજોહરણ અને મુખવસ્ત્રીકારૂપ સાધુનો વેષ અંગીકાર કર્યા વિના, દેવતાઓ કેવલજ્ઞાનીને વાંદતા નથી. જ્યારે કેવલજ્ઞાની રજોહરણ અને મુખવસ્ત્રીકારૂપ

સાધુવેષ ધારણ કરે છે, ત્યારે દેવતા વિગેરે કેવળજ્ઞાનીને વંદન કરે છે. તેથી પણ સિદ્ધ થાય છે કે સાધુપણું અંગીકાર કરવાની આવશ્યકતા છે. સાધુ થવાની શ્રાવક પ્રતિદિન ભાવના કરે, બોલવામાત્ર નહીં પણ અંતઃકરણથી સાધુ થવાનો શ્રાવક મનોરથ કરે. પંચમગુણઠાણું દેશવિરતિ શ્રાવકનું છે. અને છઠ્ઠું ગુણઠાણું સર્વવિરતિ મુનિરાજનું છે, માટે શુદ્ધવ્યવહારના અભિલાષી જીવોએ સર્વવિરતિપદ અંગીકાર કરવું જોઇએ.

ધર્મનીધુરાના ધારણ કરનાર સર્વ ઉપાધિ ત્યાગ કરી પંચમહાવ્રત ધારણ કરનારા મુનીશ્વર જાણવા. સંપ્રતિ-પંચમકાળમાં સુવિહિતસાધુનું શરણ વિશેષતઃ ઉપકારી છે. એવા મુનિરાજને પુનઃ પુનઃ નમસ્કાર થાઓ. તેમના સ્તવન ધ્યાન શરણથી મંગલમાલા પ્રગટે છે.

दुहा.

शासन चाले साधुथी, श्रावक भक्त कहाय;
नमो नमो निर्ग्रंथने, नरपति सेवे पाय. ११२
पार्श्वमणि श्रीमद्गुरू, उपकारी शिरदार;
नमो नमो निर्ग्रंथने, धर्मदान दातार. ११३

જૈન વીતરાગશાસનના પ્રવર્તક સાધુ છે. આચાર્ય,

ઉપાધ્યાય, સ્થવિર વિગેરે પણ સાધુપદમાં સમાય છે. અને શ્રાવક ભકત કહેવાય છે. અને ભકતોનો ઉદ્ધાર તો સ્વામિની આજ્ઞા માનવાથી થાય છે. ગુરૂરૂપ સાધુ મહારાજે બાહ્ય અને અભ્યંતર એ બે પ્રકારની ગ્રંથીનો ત્યાગ કર્યો છે, માટે તે નિર્ગ્રંથ કહેવાય છે, એવા નિર્ગ્રંથને પુનઃ પુનઃ નમસ્કાર થાઓ. નરપતિ, ચક્રવર્તિ અને સુરપતિપણ, જેમના ચરણકમલ સેવે છે, એવા નિર્ગ્રંથને નમસ્કાર કરવાથી ચારિત્રમોહનીયનો ક્ષય થાય છે, અને આત્મા ચારિત્રસન્મુખતાને ભજે છે. જેણે સમકિતદાન આપ્યું છે, એવા સાધુરૂપ સદ્ગુરૂ પાર્શ્વમણિસમાન છે. જેમ પાર્શ્વમણિનો સંયોગ થતાં, લોહ સુવર્ણતાને પામે છે; તેમ સદ્ગુરૂ મુનિરાજની સંગતિથી, જીવરૂપ લોહ પરમાત્મરૂપ સુવર્ણતાને પામે છે. સર્વ ઉપકાર શિરોમણિ સદ્ગુરૂ મુનિરાજ છે. અન્નદાન, વસ્ત્રદાન, પ્રાણદાન, અનુકંપાદાન, ઉચિતદાન, સુપાત્રદાનાદિ સર્વ દાનોમાં સમકિતનું દાન તે મોટામાં મોટું છે એવા સમકિત દાન દાતાર તથા ચારિત્ર દાન દાતાર નિર્ગ્રંથને પુનઃ પુનઃ નમસ્કાર થાઓ. ધર્મદાન દાતાર સદ્ગુરૂનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે. સદ્ગુરૂનો વિનય કેવી રીતે કરવો, તે સંબંધી વિશેષ વર્ણન અસ્મદીયકૃત અનુભવ પચ્ચિશી નામના ગ્રંથમાંથી જોઈ લેવું.

दुहा.

समकितदाता सेवतां, नमतां पाप प्रणाश;
विनय भक्ति आराधतां, मुक्तिपुरीमां वास. ११४
शाश्वतपन्थ न ओळखे, विनय भक्तिथी हीन;
गुर्वाज्ञा विन प्राणिया, भमता दुःखिया दीन. ११५
गुर्वाज्ञाए धर्म छे, गुर्वाज्ञाए ध्यान;
नगुरा जननुं फोकछे, तप जप किरिया दान. ११६
खप जो शिवपुर मार्गनी, तो शिक्षा तव भव्य;
गुर्वाज्ञाए धर्म छे, संयम सहु कर्तव्य. ११७
जिन आणा गुरू आणमां, गिरूआ गुरु सदाय;
नमो नमो श्रीसद्गुरु, प्रेमे प्रणमो पाय. ११८
गुरुगम नाणदशा ग्रही, शाश्वत पन्थ चलाय;
शुद्धपरिणति आत्मनी, सहजयपणे वर्ताय. ११९

શ્રી સમ્યકત્વદાતા સદ્‌ગુરૂરાજનું સેવન કરતાં, અને તેમને નમસ્કાર કરતાં, અનંત ભવનાં પાપ નાશ પામે છે. શ્રી સદ્‌ગુરૂ મુનીશ્વરનું વિનયભકિતથી આરાધન કરતાં, આત્મા ચૈતન્ય સ્વરૂપનો ભોકતા થઇ, મોક્ષસ્થાનમાં વાસ કરે છે. રાજાની પદવી મળે. ચક્રવર્તિની પદવી પણ સુભાગ્યયોગે મનુષ્યને સંપ્રાપ્ત થાય છે. સુર તથા

સુરપતિની પદવી પણ પુણ્યદ્વારા સંપ્રાપ્ત થાય છે, પણ જગતમાં સદ્ગુરૂની પ્રાપ્તિ થવી દુર્લભ છે. મોક્ષમાર્ગારાધક શ્રી સદ્ગુરૂની જે જે અંશે હૃદયમાં ભકિત છે, તે તે અંશે મનુષ્ય ધર્માધિકારી થઇ શકે છે. શ્રી શિષ્યની ઉપર ઉપરની હલદરના રંગ જેવી વિનયભકિતથી શ્રી સદ્ગુરૂ સંતુષ્ટ થતા નથી. કિંતુ તેઓ ચોલમજીઠના જેવી વિનયભકિતથી શિષ્યની યોગ્યતા સમજી સંતુષ્ટ થઇ તેને યથાક્રમ તત્ત્વોપદેશથી, તત્ત્વમાર્ગમાં પ્રેરે છે. વિનય ભભક્તિદ્વારા ભવ્યશિષ્યોએ સદ્ગુરૂની ઉપાસના કરી, મનની વિકલ્પસંકલ્પ શ્રેણિને દૂર કરી, આત્મસાધક બનવું. બાવનાચંદનસમ શિતલ વચનોથી, શ્રી સદ્ગુરૂ શિષ્યોનાં કષાયથી સંતપ્ત હૃદયને શાંત કરે છે. શ્રી સદ્ગુરૂ વર્યના મુખદર્શનથી તથા તેમની તત્ત્વામૃતવાણીથી, શિષ્યોનાં પાપી હૃદય ગંગાજલની પેઠે નિર્મલ થાય છે. કેટલાક શ્રદ્ધાનહીન અજ્ઞ મનુષ્યોના મનમાં, શ્રી સદ્ગુરૂને મનુષ્યસ્વરૂપ દેખી, તથા પોતાની પેઠે ખાતા પીતા દેખી શ્રદ્ધા થતી નથી, તેમના મનમાં એવા વિચારો આવે છે કે શ્રી સદ્ગુરૂને આપણા જેવું શરીર થાય છે; પણ તેઓ અજ્ઞતાથી શ્રી સદ્ગુરૂની આત્મોન્નતિ સમજી શકતા નથી. અંધકારથી પ્રકાશદર્શન થતું નથી, તેમ અજ્ઞાનીથી જ્ઞાનિસદ્ગુરૂનું આભ્યંતર સ્વરૂપ સમજી શકાતું નથી.

તેથી તેઓ મોટી ભૂલ કરે છે. સમજુ ભવ્ય શિષ્ય શ્રી સદ્ગુરૂની આત્મનિષ્ઠા તથા આત્મધર્મસાધક વ્યવહારીક ધર્માચરણ દેખી, શ્રદ્ધાભક્તિદ્વારા સદ્ગુરૂ ઉપાસના કરે છે. અને તેથી મુક્તિપદ પ્રાપ્ત કરી, અનંત શાશ્વત સુખમય બની કૃતકૃત્ય થાય છે.

વિનય તથા ભકિતથી હીન, નગુરા, શંકાશીલ, અજ્ઞશિષ્ય સદ્ગુરૂઆજ્ઞા વિના શાશ્વતપન્થને ઓળખી શકતા નથી. અને હરાયા ઢોરની પેઠે જયાં ત્યાં ધર્મબુદ્ધિ ધારણ કરીને, ચોરાશીલક્ષ જીવયોનિમાં દીન તથા દુઃખીયા થઇને પરિભ્રમણ કરે છે. માટે ભવ્યજીવોએ શ્રી સદ્ગુરૂની આજ્ઞા મસ્તકે ચઢાવવી. કારણ કે ગુરૂની આજ્ઞા એ ધર્મ છે. ગુરૂની આજ્ઞા એ ધ્યાનની સાફલ્યતા છે. જે નાસ્તિક અલ્પજ્ઞ કુળાચારથીજ માત્ર ધર્મ માનનારા લોકો છે, એવા નગુરાજનનું તપજપાદિ સર્વ અનુષ્ઠાન સફળ થતું નથી. હે ભવ્ય! જરા માધ્યસ્થચિત્તથી શ્રવણ કરી, મનમાં વિચારીશ તો પૂર્વોકતવચનનું રહસ્ય હૃદયમાં ઉતરશે. હે શિષ્ય! તને જો મોક્ષમાર્ગની ચાહના છે, તો એક વજ્ર લેખ સમાન ઉપાય બતાવું છું તે આ છે કે—સંયમ તપ જપાદિ ધર્મ ગુરૂની આજ્ઞાએ કરવા યોગ્ય છે. સદ્ગુરૂની આજ્ઞાએ સર્વ ધર્મક્રિયાની સાફલ્યતા સમજવી.

શ્રી જીનાજ્ઞાધારક સુવિહિત ધર્મક્રિયાકારક તથા પ્રવર્તક

ગીતાર્થ સદ્‌ગુરૂ મુનિરાજની આજ્ઞામાં, જીનેશ્વરની આજ્ઞા પણ સમાય છે. જેમકે લોર્ડ ગવર્નર જનરલની જેણે આજ્ઞા ઉથાપી, તેણે શહેનશાહની આજ્ઞા ઉથાપી. અને જેણે લોર્ડ ગવર્નર જનરલની આજ્ઞા માની, તેણે શહેનશાહની પણ આજ્ઞા માની. અર્થાત્ લોર્ડની આજ્ઞામાં શહેનશાહની આજ્ઞા સમાઇ ગઇ. શ્રી તીર્થંકર ભગવાને કહ્યું છે કે જે જે કાળે, દ્રવ્યક્ષેત્રાનુસારે, જીનાજ્ઞા પ્રતિપાલક સુવિહિત સૂરિ હોય, તે તેતે દ્રવ્યક્ષેત્ર કાલાનુસારે, સાધુ સાધ્વી શ્રાવક શ્રાવીકાના હિતને અર્થે, કલ્યાણનેઅર્થે, ધર્માર્થે, શાસનોન્નતિઅર્થે જે જે આજ્ઞા કરે, તે મારી આજ્ઞાજ સમજવી. તેમ અનુભવમાં પણ આવે છે- તેમ શ્રી સદ્‌ગુરૂની આજ્ઞામાં પણ જીનાજ્ઞાનું પ્રતિપાલન આવી જાય છે. માટે ભવ્યશિષ્યોએ સ્વચ્છંદતાનો ત્યાગ કરી, ગુરૂ આજ્ઞામાં પ્રવર્તવું. ધર્મદાનથી શ્રી સદ્‌ગુરૂ મહાન્ છે, માટે તેમની ભક્તિ બહુ માનમાં જેટલી ઓછાશ, તેટલી જ ધર્મન્યૂનતા તથા ભાગ્યહીનતા જાણવી. જંગમ કલ્પવૃક્ષ, કામકુંભ, ચિંતામણિ રત્નસદૃશ ધર્મમૂર્તિ શ્રી સદ્‌ગુરૂને મન વચન અને કાયાથી પુનઃ પુનઃ નમસ્કાર થાઓ. પ્રેમથી તેમના ચરણકમળને નમસ્કાર કરવો. પૂર્વોક્ત સદ્‌ગુરૂગમથી જ્ઞાનદશા ગ્રહણ કરીને, શાશ્વત મોક્ષમાર્ગમાં ગમન કરીશકાય છે. જ્ઞાનદર્શન ચારિત્રરૂપ રત્નત્રયીની સાપેક્ષપણે સાધ્ય સિદ્ધિમાં પ્રવૃત્ત થએલ આત્મા ઉપશમભાવ,

ક્ષયોપશમભાવ, અને ક્ષાયીકભાવની ઉપાસના કરતો છતો, આત્માની શુદ્ધ પરિણતિને સહેજે ઉત્પન્ન કરે છે. આત્મિક શુદ્ધ પરિણતિનો ઇચ્છક આત્માનંદિ ભવ્ય પુરૂષ પુદ્ગલાનંદને વિષ્ઠાની પેઠે માને છે, માન પૂજા કીર્તિની વાસનાને હૃદયમાં સ્થાન. આપતો નથી. બાહ્ય પૌદ્ગલિક જડવસ્તુઓમાં ઇષ્ટાનીષ્ટ બુદ્ધિને પરિહરી, આત્મામાં સહજ સત્ય સુખમાની, તેને પ્રાપ્ત કરવા ધ્યાનાદિકનું સેવન કરે છે, આત્માનંદીને કોઈ સ્તવે વા કોઇ નિંદા કરે, તોપણ તેના હૃદયમાં રતિ અરતિ ઉત્પન્ન થતી નથી, એવી તેની આત્મ દશા વર્તે છે. મનરૂપી સરોવરમાં, વિકલ્પ સંકલ્પરૂપ તરંગો, ઉપાધિરૂપ વાયુયોગે ઉદ્ભવે છે. જ્યારે ઉપાધિયોગે જે બાહ્યનો છે, તેનો સાક્ષી અન્તરાત્મા વર્તે છે, અને તેમાં રાગદ્વેષથી પરિણમતો નથી, ત્યારે આત્મા નિર્મલમનનો થઇ શાંતપણે સહજ સ્વરૂપી આત્માનો અનુભવપ્રકાશ અંતરમાં અનુભવે છે. જ્યારે આત્મજ્ઞાની હૃદયરૂપ ક્ષેત્રમાંથી, જડભાવેચ્છારૂપ વલ્લિને, મૂળથી ઉદાસીનતારૂપ કોદાળીથી, ઉખેડીનાખે છે, ત્યારે શોક વિયોગાદિ ફળોની પ્રાપ્તિ આત્માને થતી નથી. આત્મા ધ્યાનવડે પોતાનું ધ્યાન કરતો અદ્ભુત અનુભવ દશાને પ્રગટ કરે છે. ભવ્યોએ આત્મશ્રદ્ધામાં સ્થિર થઇ, અન્તરના ઉપયોગથી સ્વસ્વરૂપની ઉપાસના કરવી. પોતાની આત્મિકશક્તિ પ્રગટાવવા યથાક્રમ ધર્માનુષ્ઠાનની સેવના પ્ર-

તિદિન ક્યા કરવી. હે ભવ્યો ! તમો યથાશક્તિ પ્રાપ્ત જ્ઞાનદ્વારા શુદ્ધ પ્રવૃત્તિ કરતા રહો. તમારી શુદ્ધ પ્રવૃત્તિનું સ્વરૂપ અન્યજનો સમજે નહી, તેથી નિંદા કરે, દોષ જુએ, તેથી તમો તમારી શુદ્ધ પ્રવૃત્તિને નિર્દોષ ઠરાવવા, દોષી જનોની આગળ કંઈ પણ પ્રયત્ન કરશો નહીં. દુનીયા દોરંગી છે, આજ કોઈની આગળ તમારી શુદ્ધ પ્રવૃત્તિ સિદ્ધ કરીઆપી, તો વળી કાલ હજારો પુછશે, તે સર્વ મનુષ્યોની આગળ તમારી શુદ્ધ પ્રવૃત્તિની સાબીતી કરતાં કરતાં થાકીજવાના, અને વળી તમે નિર્દોષ થવાને જે ઇચ્છા ધરાવોછો, તેથીજ હજી તમે આત્માભિમુખતા પ્રાપ્ત કરી નથી. જો આત્માભિમુખતા પ્રાપ્ત કરી હોય, તો ભલે કોઈ તમારી શુદ્ધ પ્રવૃત્તિને દોષવાળી કહે, તેથી તમારૂં કંઈ બગડવાનું નથી. દર્પણમાં જેજે વસ્તુઓનાં સારાં અગર ખોટાં પ્રતિબિંબો પડે છે, તે જેમ દર્પણથી ન્યારાં છે, તેમ કોઈ આત્મસાધક પુરૂષની નિંદા કરે, અથવા સ્તુતિ કરે, તોપણ તેથી આત્મસાધકને કંઇ લાગતું નથી. તમો તમારી શુદ્ધ પ્રવૃત્તિઅર્થે નિઃશંક રહો. તમને કોઇ સારા અગર ખોટા કહે, તોપણ તમો જરા માત્ર શબ્દોચ્ચારણ સંબંધી લક્ષ આપશો નહીં, તમારી શુદ્ધ પ્રવૃત્તિ આપોઆપ સૂર્યનીપેઠે સર્વત્ર પ્રકાશ કરતી ભવ્યજીવોના હૃદયને આનંદ અર્પશે. શુદ્ધ પ્રવૃત્તિ કરનારા પુરૂષોની નિંદા કરે, એવા મનુષ્યોની શું ઓછાશ છે ? ના,

નથી. પોતાની નિર્દોષતા માટે અનેક પ્રકારનો પ્રયત્ન કરવો. એ એકજાતની નબળાઇ છે. જેને સંસારીક કીર્તિની વાસનાની ઇચ્છા છે, તેને એમ મનમાં આવે છે કે અરે મને દુનીયા શું કહેતી હશે? દુનીયામાં મારી પ્રવૃત્તિ સારી શી રીતે ગણાય.? આત્માનંદિભવ્યજીવોને સાંસારીક વાસનાનો અરૂચિભાવ હોવાથી, તેઓ મનમાં જરામાત્ર પણ વિકલ્પ સંકલ્પને અવકાશ આપતા નથી. તમારે પોતાના આત્માની શુદ્ધ દશા પ્રગટ કરવી હોય, તો બીજાના સારા અભિપ્રાય સંપાદન કરવાનું કાર્ય આજથી તત્કાળ છોડી દો. અન્ય પુરૂષો તમને સ્વાર્થી, લોભી, ધૂર્ત, કપટી, ધારે તોપણ તેમની દ્રષ્ટિમાં સારા ગણાવાનું જરામાત્ર ઇચ્છશો નહીં. મણીને કોઈ મૂલ્યવાન્ કહે તથા કોઇ અમૂલ્યવાન્ કહે, તોપણ મણીને તેમાંનું કશું લાગતું વળગતું નથી, તેમ આત્માર્થીપુરૂષને કોઈ સારો કહે, અગર કોઈ નઠારો કહે, તોપણ તેથી તેમના મનમાં હર્ષ શોક ઉત્પન્ન થતો નથી. સૂર્યને ઘુવડનું બાળ અંધકારનો ગોળો કહે, તેથી કંઇ સૂર્યનો પ્રકાશ નાશ થતો નથી. તેમ હે ભવ્યો! તમારી આત્મિક શુદ્ધ પ્રવૃત્તિને માટે પણ સમજજો. તમો કેવલજ્ઞાનીની દ્રષ્ટિમાં શુદ્ધ પ્રવૃત્તિવાળા છો, એમ જણાવવા ઇચ્છા કરો. તમોએ શ્રી સદ્ગુરૂ આજ્ઞાથી શુદ્ધ પ્રવૃત્તિમાર્ગનો નિશ્ચય કર્યો હોય, તે તરફ, જગતના અભિપ્રાય સંબંધી લક્ષ નહીં

હેતાં, આંખો મીચી એક નિષ્ઠાથી પ્રવૃત્તિ કરજો. શુદ્ધપ્રવૃત્તિદ્વારા પરમાત્માવસ્થાની સિદ્ધિ, જગતના જીવોને રાજી રાખવાથી, થતી નથી. માટે આયુષ્ય અને પ્રાપ્ત સામર્થ્યનો ઉપયોગ આત્મશુદ્ધિ માટે પૂર્ણ ધૈર્ય તથા ઉત્સાહથી કરો. જગત્ જીવોએ તો શ્રી તીર્થંકર જેવાને પણ નિર્દોષ કહ્યા નથી, તો તમો તો શા હિસાબમાં? આટલી વાત ધ્યાનમાં રાખો કે બીજા તમને કરોડાધિપતિ કહે, તેથી તમારા ઘરમાં કંઇ પચ્ચીસ રૂપૈયા પણ આવવાના નથી. તેમ અન્ય જગજ્જનો તમને સારા કહેશે તો તમારા આત્માની જેવી સ્થિતિ છે, તે કંઇ કિંચિત્ પણ વૃદ્ધિ પામવાની નથી. તો પછી મનુષ્યોને વ્યર્થ સંતોષ પમાડવા, તથા તમારા આત્માને વ્યર્થ સંતોષ પમાડવા, મનુષ્યકાળનો દુરૂપયોગ કેમ કરવો? બીજાઓને મરજીમાં આવે તેમ બબડવા દો. તમારી શુદ્ધ પ્રવૃત્તિથી મંગલમાલા કંઠમાં આરોપાઇ છે, એમ નિશ્શંકરીત્યા સમજજો, આત્મિકશુદ્ધપરિણતિ ઇચ્છનારની યોગ્યતા સામાન્ય પ્રકારની નથી. તેને સોમણની તળાઇમાં શયન કરવાનું નથી. શુદ્ધ પરિણતિની તીવ્રેચ્છા, અને તે દ્વારા ઉત્પન્ન થતો અસાધારણ પુરૂષાર્થ, એ બન્નેની અખંડ જાગૃતિથી શુદ્ધ પરિણતિના સન્મુખ ગમન થશે. શુદ્ધ પરિણતિ માટે સર્વપ્રકારની બાહ્યસુખેચ્છાઓ ત્યજી દેવાની જરૂર છે. ભસવું અને આટો ફાકવો એ બે કામ

સાથે બનતાં નથી, તેમ એક તરફ બાહ્યસુખેચ્છા અને એકતરફ શુદ્ધ પરિણતિની પ્રાપ્તિ, એ બે સાથે રહીશકે નહીં, તેમ બે બનીપણ શકે નહીં. નિષ્કામથી જે ભવ્યો શુદ્ધ પરિણતિ પ્રાપ્તિ અર્થે પુરૂષાર્થ કરે છે, તેઓ તેની પ્રાપ્તિ અવશ્ય કરીશકે છે. શુદ્ધપરિણતિની પ્રાપ્તિ થવી મહા દુર્લભ છે, એમ સમજી તમારા પગ ઢીલા કરીનાંખશો નહીં. ઉદ્યમ અને ઉત્સાહથી અસાધ્યની પણ સિદ્ધિ થાયછે. ઘણા ગ્રન્થોમાં ટીંટોડી અને ટીંટોડાના ઉદ્યમ અને ઉત્સાહની કથા છે, તે શું તમો ભૂલી જાઓછો ? ટીંપે ટીંપે સરોવર ભરાય, આ શું હિતશિક્ષા ભૂલી જાઓછો ? ભવ્યજીવો ઉદ્યમથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે. માટે આત્મજ્ઞાન ધ્યાનાદિક અર્થે ઉદ્યમ કરો. તમારા આત્માના જ્ઞાનવિના તમો સ્વદયાના પ્રતિપાલક થઇ શકતા નથી. શ્રી ઉપાધ્યાય પણ કહે છે કે—

जेह राखे परप्राणने, दया तास व्यवहारे;
निजदया विण कहो परदया, होए कवण प्रकारे. शुद्ध०
लोकविण जेम नगर मेदिनी, जेम जीव विण काया
फोक तेम ज्ञानविण परदया, जिसी नटतणी माया. शुद्ध०

જે કીડી મંકોડા આદિ પરજીવોના બાહ્યપ્રાણનું રક્ષણ કરવું, તે વ્યવહાર દયા છે, અને પરદયા કહેવાય છે. પરદયા પણ દ્રવ્યથી અને ભાવથી છે. તેમાં બાહ્ય પ્રાણની

દયા તે દ્રવ્યથી **પરદયા** અને પરને ઉપદેશથી સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ કરાવવી, તે ભાવથી **પરદયા** જાણવી. જ્ઞાનરૂપ આત્મદયાવિના પરદયા કેમ હોય ? અર્થાત્ ન હોય. કહ્યું છે કે.

गाथा.

जइ आणणेण चत्तं, अत्तणयं नाणदंसणचरित्तं;
तइआ तस्स परेसु, अणुकंपा नथ्थि जीवेसु. १ ॥

એમ ઉપદેશમાલામાં કહ્યું છે. લોકવિના પૃથ્વી જેમ ઉજડરૂપ ભાસે. અને જીવવિના જેમ કાયા ભાસે, સમ્યગ્જ્ઞાનરૂપ આત્મદયાવિના પરદયા તે જેમ નાટકીયાની બાજી ફોક, તેમ ફોક જાણવી. હે ભવ્યો ! પૂર્વોક્તવચનથી હૃદયમાં જણાયું હશે કે આત્મજ્ઞાનની આવશ્યકતા ઘણી છે. તમો સમજ્યાવિના કોને તારવા પ્રયત્ન કરશો ? જ્ઞાનવિના તમો ક્રિયા કોની કરશો ? આત્મજ્ઞાનની સંપ્રાપ્તિ કરવામાં જરામાત્ર આલસ્યનું સેવન કરવું યોગ્ય નથી. આત્મજ્ઞાન તમને શુદ્ધ પરિણતિનું સ્વરૂપ દીપકની પેઠે દેખાડશે. અને આત્મજ્ઞાનથી તમો વિવેકદૃષ્ટિની જાગૃતિ કરી શકશો, આત્મજ્ઞાનથી તમને આત્મશ્રદ્ધા થશે. અને તેથી તમો અખંડ પ્રયત્નદ્વારા અનેક પરિસહને સહન કરીને આત્મસૂર્યને લાગેલા કર્મ વાદળરૂપ પડદાને ક્ષણમાં ધ્યાનવડે ચીરી નાંખી અનંતજ્ઞાનપ્રકાશ સામર્થ્યને પ્રગટાવશો. તમો હુંપણાના તુચ્છ અભિમાનની

સર્વ લાગણીઓમાં પ્રવર્તતી ચિત્તવૃત્તિને શાંત કરી, અચલ શ્રદ્ધાથી આત્મસ્વરૂપમાં રમણ કરજો. શરીરના અને શરીર સંબંધી અનેક ઇષ્ટ અનીષ્ટ સંયોગોથી થતા અનેક વિચારનાં કોકડાંને ભૂલી જઇ, કેવલ આત્મસ્વરૂપનોજ વિચાર હૃદયમાં સ્મરણ કર્યા કરજો. બાહ્યભાવનું અહંવૃત્તિનું અભિમાન ભૂલાવી દેઇ, આત્મસ્વરૂપમાં એકાકાર થવાનો અભ્યાસ સેવ્યા કરશો. આવો સબલ આશ્રય પોતાની પાસે છતાં કયાં અન્યત્ર શોધવા પ્રયત્ન કરો છો? સર્વતઃ કેવળ શુદ્ધઆત્મસ્વરૂપમાં અનન્યપ્રેમભાવથી નિષ્ઠા રાખો. તમે પોતાની શકિતનો પ્રાદુર્ભાવ સ્વયમેવ કરશો. આત્માની શુદ્ધપરિણતિ જાગૃતિ પામે, એવા વિચાર અહર્નિશ કરજો. કારણકે વિચારમાં અપારબળ રહ્યું છે. શુદ્ધઆત્મસ્વરૂપની પ્રાપ્તિવિના નકામા વિચારને હૃદયમાં પ્રવેશ થવા દેશો નહીં. રાગના, દ્વેષના, ઇર્ષ્યાના, અદેખાઇના, કપટના, સ્વાર્થના વિચારોને આજ દિન સુધી કરી તમે હૃદયને અપવિત્ર બનાવી દીધું છે. હવે તમો ખરાબવિચારને દૂર કરો. તમારા હૃદયને તમે પોતાની મેળે દુષ્ટવાસનાઓથી ભરી દીધું છે. તમારા એવા અપવિત્ર હૃદયમાં આત્મપ્રભુનો વાસ થવાની આશા નથી. સ્વ અને પરની દયારૂપ જલથી મંદિરને સ્નાન કરાવી નિર્મલ કરો. અને વૈર ઝેર સ્વાર્થનો નાશ અને વૈરાગ્યરૂપ

જ્ઞાનથી તમારૂં હૃદયમંદિર સ્વચ્છ કરો. આમ કરવાથી હૃદયમંદિર સ્વચ્છ પવિત્ર થતાં, તેમાં આત્મપ્રભુને વાસ કરવાની યોગ્યતા આવશે. सोऽहं सोऽहं એ અજપાજાપ દ્વારા આત્મપ્રભુનું સ્મરણ સ્થિરચિત્તથી પ્રેમલાવી કરશો, તો તેથી આત્મપ્રભુનો હૃદયમંદિરમાં વાસ થશે. ભવ્યો સમજો કે જ્યાં સ્વચ્છ પવિત્ર સ્થાન હોય, ત્યાં ઉત્તમ જનને બેસવાનું મન થાય છે. જ્યાંસુધી હૃદયમંદિરમાં તૃષ્ણારૂપ ભંગિયેણ અને ક્રોધરૂપ ભંગિનો વાસો હોય, ત્યાંસુધી તેવા ખરાબ સ્થાનમાં આત્મપ્રભુ કે જે ત્રિભુવનજનસેવ્યસ્તુત્યપૂજ્ય છે, તે વાસ કરીશકે નહીં. ભવ્યો! તમારા ગૃહમાં કોહેલું કૂતરૂં પેસેછે, તો તમે કેવા તાકુકી લાકડીવડે તેને બહાર કાઢીમૂકો છો. કોહેલા કૂતરાને કાઢયાવિના તમને નિરાંત વળતી નથી. ભવ્યો! તમો તેથી પણ વિશેષ ભૂલ કરોછો. તમારા હૃદયગૃહમાં વિષયવાસનારૂપ કોહેલું કૂતરૂં વસ્યા કરે છે. તેને આજદીનપર્યંત તમે નિરાંતે વસવાદેઇ, તમારૂં હૃદયગૃહ દુર્ગંધીમય કરીનાખ્યું છે. જો તમારા હૃદયમંદિરમાં અનંતશક્તિમય આત્મપ્રભુ સ્થાપવાની ઇચ્છા હોય, તો વૈરાગ્યરૂપ લાકડીવડે વિષયવાસનારૂપ કોહેલા કૂતરાને જલદી કાઢીમૂકો, અને પાછું હૃદયમાં લાગજોઇ પ્રવેશે નહીં તેની સ્મૃતિ રાખો. તમારૂં હૃદયમંદિર પવિત્ર દેખતાં, ધ્યાન ભક્તિથી આકર્ષાએલા આત્મપ્રભુ આપોઆપ બિરાજમાન થશે.

તમારા હૃદયમાં સ્વાર્થરૂપ રાફડો કરી, તેમાં કપટરૂપ કાળોનાગ વસેછે, તેને યુક્તિ પ્રયુક્તિથી દૂર કરજો, હૃદયમંદિર શુદ્ધ નહીં થાય ત્યાં સુધી તમે ગમે તેટલા પ્રયત્ન કરો, પણ કાર્યસિદ્ધિ થશે નહીં. તમારૂં હૃદયક્ષેત્ર અયોગ્યતા મલીનતારૂપ ખારી માટીથી ખરાબ બન્યું છે, ત્યાં સુધી તેમાં આત્મશુદ્ધ પરિણુતિરૂપ ફલાર્થે, આત્મોપાસનારૂપ બીજ વાવશો, તે નકામું જવાનું છે. ખારી માટી સમાન દુર્ગુણી હૃદયક્ષેત્રમાં વાવેલું આત્મોપાસનારૂપ બીજ નકામું જશે. બાહિરથી અનેક પ્રકારનાં ટીલાં ટપકાં છાપ વિગેરે લગાવી માનીલો કે મારા હૃદયમંદિરમાં ભગવાન પધાર્યા. પણ આ તમારૂં માનવું મંડુકજટાવત્ તથા મનુષ્યશૃંગવત્ ફોક છે. જ્યાં સુધી તમો સ્વાર્થસાધક છો, અને વેર ઝેર નિંદા વિશ્વાસઘાત વિગેરે અપકૃત્યોથી હૃદયમંદિરને ખરાબ દુર્ગંધી બનાવતા રહો છો, ત્યાં સુધી ઉપરનાં ટીલાં ટપકાં છાપ વિગેરે લાખો ચિન્હો લગાવો, મેરૂપર્વતની જેટલી ભસ્મ શરીરે ચોપડો. ફોનોગ્રાફ યંત્રની પેઠે જડવત્ બની, અનેક પ્રકારનું ગાન કરો, પણ તેથી આત્મપ્રભુ સંતુષ્ટ થશે નહીં, અને હૃદયમંદિરમાં વાસ કરશે નહીં, એમ નક્કી સમજજો. હાથીના દાંત ચાવવાના જુદા, અને દેખાડવાના જુદા, એવી બે ભાવવાળી કપટવૃત્તિને તમે હૃદયમાં વાસ કરવા દો છો, ત્યાં સુધી હૃદયમંદિરમાં

આત્મપ્રભુ વાસ કરવાના નથી. જ્ઞાનરૂપ દીપકથી હૃદયમંદિર પ્રકાશવાળું કરો. ભક્તિરૂપ છંટકાવ કરો. ધ્યાનરૂપ ગાદી તકીયા બીછાવી દો. સમતાનાં તોરણ બાંધો. ઉત્સાહ પ્રેમના વિજયવાવટા લટકાવી દો. સોऽहंનાં આમંત્રણપાટીયાં લગાવી દો. પછી જુઓ કે–તમારા હૃદયમંદિરમાં આત્મપ્રભુને પધરાવતાં કેટલીવાર થાય છે ! જરામાત્ર પણ વાર થશે નહીં. અસંખ્યાત પ્રદેશરૂપ દ્વારીકાનગરી, અને આત્મરૂપ કૃષ્ણ જાણો, અને શુદ્ધ પરિણુતિરૂપ રાધા જાણો, આવી રીતે આત્મરૂપ કૃષ્ણને, શુદ્ધ પરિણુતિરૂપ રાધાની સાથે અસંખ્યાત પ્રદેશરૂપ દ્વારીકા નગરીમાં ધ્યાનચક્ષુથી દેખો, અને નમન કરો. આત્મસ્વરૂપ કૃષ્ણપ્રભુને હૃદયમંદિરમાં સ્મૃતિપણે સ્થાપવાની યોગ્યતા સંપ્રાપ્ત કરશો, એટલે તમારી ભકિતના આધિન આત્મસ્વરૂપ કૃષ્ણપ્રભુ અવશ્ય પધાર્યા વિના રહેશે નહીં. આત્મસ્વરૂપ રામ જાણો અભિમાનરૂપ રાવણ જાણો; અયોધ્યા સ્વરૂપ અસંખ્ય પ્રદેશ જાણો, શુદ્ધ પરિણુતિરૂપ સીતા જાણો. જ્ઞાનસ્વરૂપ લક્ષ્મણ જાણો, તૃષ્ણારૂપ સમુદ્ર જાણો, અભિમાનરૂપ રાવણ શુદ્ધ પરિણુતિને હરી, તૃષ્ણારૂપ સમુદ્રની મધ્યે અજ્ઞાનરૂપ લંકા નગરીમાં પેઠો એમ સમજો. આત્મપ્રભુસ્વરૂપ રામ છે , તે જ્ઞાનરૂપ લક્ષ્મણભાઇની સાથે, સમતા સંતોષ, ધૈર્યાદિ યોદ્ધાઓની સાથે,

લંકામાં પ્રવેશ કરી, અભિમાનરૂપ રાવણને મારી, શુદ્ધ પરિણતિરૂપ સીતાને પ્રાપ્ત કરી. હે ભવ્યો ! તમારો આત્મા રામ છે તે શુદ્ધ પરિણતિરૂપ સીતાની સાથે હૃદયમંદિરમાં પ્રવેશ કરે, એવી યોગ્યતા પ્રાપ્ત કરો. તમારી નિર્મળ મનથી થતી શુદ્ધ ભકિત છે, તે આત્મસ્વરૂપ રામને જ્યાં હશે, ત્યાંથી ખેંચી લાવવાને સમર્થ છે, એમ નક્કી સમજો. તમારો આત્મારામ શરીરની અંદર વ્યાપી રહેલો છે. અસંખ્યાત પ્રદેશરૂપ ગૃહમાં આત્મસ્વરૂપ રામ વસે છે. તેની હે ભવ્યો !:શુદ્ધ ભાવથી ઉપાસના કરો. તમારી ખરા અંતઃકરણથી થતી ઉપાસના શુદ્ધ પરિણતિનો પ્રાદુર્ભાવ કર્યાવિના રહેવાની નથી. સર્વ બાહ્યના પદાર્થોમાં ચિત્તવૃત્તિના ભટકવાથી આત્મશકિતનો પ્રકાશ થતો નથી. અને આત્મિક શુદ્ધ પરિણતિના સન્મુખ ગમન થતું નથી- **देहं पातयामि वा अर्थं साधयामि** દેહને પાડું છું વા અર્થને સાધુ છું. આવી દ્રઢ અંતરંગ પ્રતિજ્ઞા વિના, શુદ્ધ પરિણતિનો ઉપાસક આત્મા બની શકતો નથી. દ્રઢ નિશ્ચયથી આત્મશુદ્ધતા સેવન કરો. દ્રઢ નિશ્ચયથી સર્વ કાર્ય સિદ્ધ કરવાનું સામર્થ્ય પ્રગટે છે. દ્રઢનિશ્ચયવાળો ભવ્ય મોડો વહેલો શુદ્ધ પરિણતિની પ્રાપ્તિ કરી શકે છે. સ્યાદ્વાદશાસ્ત્ર પોકારીને કહે છે કે આત્મામાં પરમાત્મસ્વરૂપ થવાની શકિત છે, માટે હવે તમે પોતાને સિદ્ધકોટિમાં

મૂકવા માટે ઉત્સાહવાન્ થાઓ. જે વસ્તુપર તમે દ્રષ્ટિ સ્થાપો છો, તે વસ્તુને ધ્યેયરૂપ કરો છો. આજદીન પર્યંત શુભ અને અશુભ વસ્તુઓમાં ઇષ્ટાનિષ્ટબુદ્ધિથી, દ્રષ્ટિ સ્થાપી તેને ધ્યેયરૂપે કરી પુણ્ય પાપનું ઉપાર્જન કરી, ચારગતિમાં તેનાં ફળો ભોગવ્યાં. હવે તેવી બાહ્ય ઇષ્ટાનિષ્ટ કલ્પેલી વસ્તુઓ ઉપર દ્રષ્ટિ સ્થાપી ધ્યેયરૂપે કરવાનું પરિહરીને અન્તર્યામી અસંખ્ય પ્રદેશી આત્મા ઉપર દ્રષ્ટિ સ્થાપી, તેના સ્વરૂપને ધ્યેયરૂપે કરો. ખરેખર ધ્યેય તથા ધ્યાતા અભેદરૂપ છે; પણ શ્રાવક અવસ્થામાં આવા ક્રમવિના સાધ્યસિદ્ધિ થતી નથી. આત્માને ધ્યેયરૂપ કરવાથી આત્મ સન્મુખ આવતા જાઓ છો. આ અધ્યાત્મ શાસ્ત્રનો સિદ્ધાંત નિયમ છે. રોગી અવસ્થામાં, દુઃખી અવસ્થા પ્રાપ્ત થતાં, પણ તમો હું રોગી છું, હું દુઃખી છું, હું ગરીબ છું, એમ ભાવના કરશો નહીં. એવી ખરાબ ભાવના કરવાથી આત્મસ્વરૂપતાથી કરોડો ગાઉ દૂર જાઓ છો. એમ બહિરાત્મભાવના કરવાથી અનંતશક્તિવાળી આત્મસત્તાનો લોપ કરી, બહિરાત્મભાવની દુઃખમય સત્તાને આગળ કરવામાં આવે છે. બહિરાત્મભાવની એવી તુચ્છ સત્તાને જે અવલંબે છે, તે અજ્ઞાની છે, કારણ કે જે બહિરાત્મપણું મિથ્યા છે. તેને તે આગળ કરે છે. માટે તે આત્માનો અભક્ત છે, સુખમય આત્મપ્રભુને હૃદયમંદિરમાં રાખવાને બદલે દુઃખ-

નેજ હૃદયસિંહાસન ઉપર બેસાડવાથી કદી તે પુરૂષ સહજ શાશ્વતસુખનો ભોક્તા થઈ શકતો નથી. તેવો અજ્ઞ પુરૂષ ચિંતામણિરત્ન મૂકીને કાચનો કકડો ગ્રહણ કરે છે. વળી તે અમૃત મૂકીને વિષનું ગ્રહણ કરે છે. વળી તે કામધેનું મૂકીને રાસભને ગ્રહે છે. વળી તે પરમેશ્વરનું પૂજન ત્યાગ કરી ભૂતપ્રેતનું પૂજન કરે છે. કારણકે,જ્ઞાન સુખ વિગેરે આત્માના ગુણો છે. રોગ, શોક, દુઃખ એ આત્માના ગુણો નથી. આત્માના ગુણોનો ત્યાગ કરી, અન્યબહિરાત્મભાવના ધારણ કરે છે, તે અજ્ઞાની છે. તે પુદ્ગલાનંદિ હોવાથી આત્મધર્મની ગંધપણ સમજતો નથી, એમ સમજી લેવું. શાતાવેદનીયના સંયોગોમાં અને અશાતાવેદનીયના સંયોગોમાં પણ, બે સંયોગોથી આત્માને ભિન્ન ધારીને અન્તરથી આત્માના સુખાદિગુણોની દ્રઢ નિશ્ચય ધૈર્યથી ભાવના કરવી કે જેથી શુદ્ધપરિણતિની પ્રાપ્તિ થાય. હું શરીરી છું; પ્રાણી છું, એમ તમારૂં ધારવું મિથ્યા છે, શરીર વા પ્રાણને ધારણ કરનાર વ્યવહારથી આત્મા કથાય છે, પણ નિશ્ચયથી જોતાં આત્મા ભિન્ન છે; અને શરીર પ્રાણ પણ ભિન્ન છે. હું અનંતજ્ઞાન દર્શનચારિત્રમય છું. એવી સતત ભાવના કરવી. આત્મા તેજ પરમાત્મસ્વરૂપ છે, એમ ધ્યાનથી અભેદપણું ચિંતવ્યા કરો કે જેથી અનંતસુખનો પ્રકાશ તમારા અનુભવમાં આવે. તમે શુદ્ધ પરિણતિ પ્રાપ્ત કરવાનો

પ્રયત્ન સેવ્યા કરો. ભવિતવ્યતાને આગળ કરી પ્રયત્ન ત્યાગશો નહીં. શુદ્ધ પ્રયત્ન કોઇપણ શુદ્ધ પરિણામને પમાડશે. શુદ્ધ પરિણતિનો પ્રયત્ન છે, તે શુદ્ધ પરિણતિનેજ અર્પવાનો, માટે પ્રયત્ન કરો. હાથ જોડી બેસી રહેવાથી કદિ સારૂં પરિણામ આવનાર નથી. આત્મામાં રહેલા અનંતગુણોનો આવિર્ભાવ કરવાનો છે. માટે જ્યારે જ્યારે જે જે સમય નિવૃત્તિનો મળે, તે તે સમય આત્મસ્વરૂપનું ધ્યાન કરો. ધ્યાતા અને ધ્યેય ધ્યાનની ઐકયતામાં લીન થાઓ. એકક્ષણ આત્મભાવનાના પ્રયત્ન વિના નકામી જવા દેશો નહીં. કારણકે, એકક્ષણમાં પણ આત્માની ઉચ્ચદશા થઇ શકે છે. થોડા સમયનો પણ પ્રયત્ન આત્મમય થવામાં ઉત્તમ સાહાય્ય આપશે. પ્રયત્નમાં શ્રદ્ધા સેવવી, એ પ્રયત્નને અધિક શક્તિમય કરનાર છે, પ્રયત્ન પર શ્રદ્ધાનો ઓપ ચઢતાં, અધિક શક્તિ આત્મામાં ખીલે છે. આત્મનો ધ્યાન પ્રયત્ન સેવતાં, આત્મમય થશો, અને તેમ થતા અખંડ પ્રસન્નતાને પ્રગટપણે અનુભવજ્ઞાનથી અનુભવશો. અને સહજ સ્વરૂપે આત્માની શુદ્ધપરિણતિ પ્રગટ થતાં, નિરંજન નિરાકાર જ્યોતિઃ સ્વરૂપમય થશો-

दुहा.

कर्मकलङ्क विनाशता, रमतां आत्मस्वभाव;
आतमराम पदाश्रिता, सोऽहंपद प्रभाव. १२१

सोऽहं सोऽहं ध्यानथी, होवे निर्मल हंस;
कृत्यकृत्यछे आत्मनुं, करतां जग प्रशंस. १२२
काया माया वासना, भूली करवुं ध्यान;
अहंवृत्ति भूले यदा, तब पामे शिव गण. १२३

આત્મિક શુદ્ધ સ્વભાવમાં સ્થિરોપયોગથી રમતા કર્મ કલંકનો નાશ થાય છે. કરોડો મણનો કાષ્ટનો ઢગલો હોય પણ તેમાં એક અગ્નિનો કણીયો મૂકવાથી, સર્વ કાષ્ટનો ઢગલો બળીને ભસ્મીભૂત થઈ જાય છે. તેમ અનંતભવનાં કર્મનાં દલીક આત્માની સાથે લાગ્યાં છે, પણ શુદ્ધોપયોગથી એક અંતર્મુહુર્તધ્યાનાગ્નિથી સર્વ કર્મ બળીને ભસ્મીભૂત થઇ જાય છે. **सोऽहं** એ અલખપદને પ્રાપ્ત કરાવે છે. **सः** એટલે જ્ઞાનદર્શન ચારિત્રમય પરમાત્મા જે સત્તાએ ઘટમાં વર્તે છે તેજ હું છું. આત્મામાં પરમાત્મશક્તિ તિરોભાવે રહી છે, તે વ્યક્તિભાવ થાય, એટલે હું પરમાત્મ સ્વરૂપ થાય. પરમાત્માની સર્વ સત્તા મારામાં વર્તે છે, માટે હું પરમાત્મા છું. સત્તાનું સોહં એ શબ્દથી ધ્યાન કરતાં, શક્તિભાવે સર્વ ગુણો આત્મામાં પ્રગટે છે. **सोऽहं** શબ્દનો મનદ્વારા જાપ કરવો. અન્તરમાં વૃત્તિરાખીને આત્મગુણનું સ્મરણ કરવું. એમ અહર્નિશ જાપ કરતાં, પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. અરણિમાં ગુપ્તપણે રહેલી અગ્નિ મથનકરતાં

પ્રગટ થાય છે. તેમ શરીરમાં રહેલો ગુપ્ત આત્મા તેનું ધ્યાન કરતાં આવિર્ભાવે થાય છે. જો તમારે સોહં અક્ષર-દ્વારા અનક્ષરનું ધ્યાન કરવું હોય તો પ્રથમ યમનિયમનું પ્રતિપાલન કરો તથા આસન દૃઢ કરો. આસન દૃઢ કરીને પ્રાણાયામ શરૂ કરો. રેચક, પુરક અને કુંભક એ ત્રણ પ્રકારે પ્રાણાયામ છે. પ્રાણાયામથી પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન આ પંચ પ્રકારના વાયુની શુદ્ધિ તથા વશતા, થાય છે.

हृदि प्राणो गुदेऽपानः समानो नाभिमण्डले;
उदानः कण्ठदेशे स्यात् व्यान सर्वशरीरगः ॥ १ ॥

હૃદયમાં પ્રાણવાયુ રહે છે, ગુદામાં અપાનવાયુ રહે છે. નાભિમંડલમાં સમાનવાયુ રહે છે. કંઠદેશમાં ઉદાનવાયુ રહે છે. અને સર્વ શરીરમાં વ્યાનવાયુ રહે છે. વાયુને બહાર કાઢવો, તેને રેચક પ્રાણાયામ કહે છે. વાયુને નાસીકાદ્વારા નાભિઆદિ સ્થાનમાં પુરવો તેને પૂરક કહે છે–વાયુને ઉદરમાં પુરી, સ્થિરકરવો, તેને કુંભક પ્રાણાયામ કહે છે. આ ત્રણ પ્રકારના પ્રાણાયામ કરવાથી મલની શુદ્ધિ તથા રક્તની શુદ્ધિ થાય છે. પ્રાણાયામની ક્રિયા ગુરૂગમપૂર્વક કરવી જોઇએ. શુદ્ધસ્થાન, એકાંતદેશ, સારી હવા, સારૂ બીછાનું, ચિંતારહીત શરીર, રોગરહીત અવસ્થા, એટલા વાનાંની અગત્યતા છે. ભોજન કર્યા બાદ તુરત પ્રાણાયામની ક્રિયા આરંભવી

નહીં, તેમજ મળમૂત્રની શંકા છતાં, પ્રાણાયામની ક્રિયા કરવી નહીં. સ્વસ્થ ચિત્તવાળા થઇ, તમે સારા આસન ઉપર બેસો, અને સિદ્ધાસન અથવા પદ્માસન વાળો. સિદ્ધા ટટાર બેસો. અર્હં વા ૐ કાર વા ઇષ્ટગુરૂ દેવનું સ્મરણ પ્રારંભમાં કરો. પશ્ચાત્ એમ સંકલ્પ કરો કે—હું શરીરની શુદ્ધિ માટે પ્રાણાયામ કરૂં છું. પશ્ચાત્ પ્રાણાયામની ક્રિયા શરૂ કરવી. પ્રથમ ડાબી એટલે ઇડાથી ધીરે ધીરે ઉદરમાં પ્રાણવાયુ ભરવો. અને પશ્ચાત્ તેને સ્થિર કરવો. પશ્ચાત્ જમણી નાસીકા એટલે પિંગળાથી પ્રાણવાયુને હળવે હળવે બહાર કાઢવો. બે મીનીટનો કુંભક થાય, એટલે પ્રાણાયામની સિદ્ધિ થઇ ગણાશે, સવાર, સંધ્યા ને મધ્યાન્હ એમ ત્રણ કાલે એંશી એંશી પ્રાણાયામ કરો. આરંભમાં પ્રાણાયામ કેટલાક દીવસ કર્યા બાદ, સુષુમ્ણાનું ઉત્થાન થશે. અને સુષુમ્ણાના ઉત્થાનથી, આત્મધ્યાન કરવાની યોગ્યતા સંપ્રાપ્ત થાય છે. બે માસ પર્યંત આમ પ્રાણાયામની ક્રિયા કરશો, એટલે તમારા મનની સ્થિરતામાં વૃદ્ધિ થશે. તથા શરીરમાં રહેલો પ્રાણવાયુ બિલકુલ શુદ્ધ થઇ જશે. પ્રાણાયામની ક્રિયા કરનારને સૂચના કે, તેણે દૂધ વિગેરે પદાર્થનું ભક્ષણ કરવું. કઠીન અને કહોળ તથા પચે નહીં એવા પદાર્થોનો ત્યાગ કરવો જોઇએ. દારૂ અને માંસનું ભક્ષણ કરનારને તો પ્રાણાયામની સિદ્ધિ થતી નથી. પ્રાણાયામની ક્રિયા કરનારાએ નિયમિત ભોજન

તથા જલ વાપરવું જોઇએ, યોગનાં પુસ્તકોનું વિશેષતઃ વાચન તથા શ્રવણ કરવું. સંસારની ઉપાધિયોથી શોક ચિંતા થાય તેમ પ્રવૃત્તિ કરવી નહીં. મનુષ્ય સંસર્ગવાર્તાલાપ વિગેરે ઉપાધિસંયોગોથી બનતા પ્રયત્નથી દૂર રહેવું. અભ્યાસ પશ્ચાત્ કેવલકુંભકની ક્રિયા શરૂ કરવી. કેવલકુંભકથી ચિત્તની અપૂર્વ ઉત્સાહશક્તિ વૃદ્ધિ પામે છે. પૂર્વોક્ત પ્રાણાયામ કરતાં પણ કેવલકુંભકથી ચિત્તની સ્થિરતા વિશેષ થાય છે. શરીરની નીરોગતા વૃદ્ધિ પૂર્વક, વાત પિત્ત કફની સામ્યતા પ્રગટે છે. વળી કેવળકુંભકથી છાતીના રોગ. ક્ષયરોગ, શ્વાસરોગ, વિગેરેનો ક્ષય થાય છે. કેવળકુંભકની ક્રિયાથી મનને શ્રમ લાગે છે, અને તેથી મનમાં અનેક પ્રકારના વિચાર ઉઠતા બંધ થઇ જાય છે. કેવળકુંભકની ક્રિયાથી શરીર હલકું થાય છે, અને ચાલતાં શ્રમ લાગતો નથી. શરીરમાં આહારનું પાચન કેવળકુંભકની ક્રિયાથી સારી રીતે થાય છે, વળી કેવળકુંભકની ક્રિયાથી સ્વપ્નમાં વીર્યનું સ્ખલન થતું હોય છે, તે બંધ પડે છે, અને ઉર્ધ્વરેતાપણું થાય છે. કેવળકુંભકની ક્રિયા ગુરૂને પાસે રાખી કરવી. પોતાનીમેળે ડહાપણ વાપરી કેવલકુંભકની ક્રિયામાં પ્રવૃત્ત થવું નહિ. કહ્યું છે કે—**દેખાદેખી સાધે જોગ, પડે पिण्ड के वाधे रोग** હવે કેવળકુંભકની ક્રિયામાં પ્રાણાયામની પેઠે સર્વ વિધિ સાચવવી. શુભ આસન

ઉપર બેસી નાસીકાથી પ્રાણવાયુ લેવો, બંધ કરવો. યથાશક્તિ ઉદરમાં તથા છાતીમાં વાયુ રોકવો. પશ્ચાત્ ધીરે-ધીરે પ્રાણવાયુને નાસીકાદ્વારા નીકળવા દેવો. આમ સવાર, મધ્યાન્હ, અને સંધ્યા તથા મધ્ય રાત્રી એમ એકેક વખતે વીશ વીશ અને તેથી ઉપર ત્રીશ ત્રીશ પ્રાણાયામ કરવા. ઘી તથા દૂધ વિશેષ વાપરવું. બે માસ પર્યંત આ પ્રમાણે સતતક્રિયા કરવાથી, કેવળકુંભની સામાન્યતઃ સિદ્ધિ થઈ ગણાય છે. આ ક્રિયામાં તે પ્રસંગે શરીરાદિકને અનુસરી, જે જે ફેરફાર કરવા પડે તે ગુરૂ કરાવી શકે છે. લોમ તથા વિલોમ એમ બે પ્રકારના પ્રાણાયામ કહ્યા છે, તથા શ્રી હેમચંદ્ર વિરચિત યોગશાસ્ત્રમાં સાત પ્રકારના પ્રાણાયામ કહ્યા છે યથા—

શ્લોક.

प्राणायामो गतिच्छेदः, श्वासप्रश्वासयोर्मतः

रेचकः पूरकश्चैव, कुंभकश्चेति स त्रिधा. १

प्रत्याहारस्ततः शांत, उत्तर श्चाधरस्तथा;

एभिर्भेदै श्चतुर्भिश्च, सप्तधा कीर्त्यते परैः २

રેચક, પુરક, કુંભક, પ્રત્યાહાર, શાંત, ઉત્તર, તથા અધર એ સાત પ્રકારના પ્રાણાયામ છે. રેચક પુરક વિગેરેનું ફળ દર્શાવે છે.

श्लोक.

रेचकादुदरव्याधेः कफस्य च परिक्षयः
पुष्टिः पूरकयोगेन, व्याधिघातश्च जायते. १
प्राबल्यं जाठरस्याग्ने, र्दीर्घश्वासमरुज्जयोः
लाघवं च शरीरस्य, प्राणस्य विजये भवेत् २
रोहणं क्षतभंगादे, रुदराग्नेः प्रदीपनं;
वर्चोल्पत्वं व्याधिघातः समानापानयोर्जये. ३
उत्क्रान्तिर्वारिपंकाद्यै, श्चाबाधो दाननिर्ज्जये;
जये व्यानस्य शीतोष्णा, संगः कांतिररोगता. ४
यत्र यत्र भवेत्स्थाने, जंतो रोगः प्रपीडकः
तत्शात्यै धारयेत्तत्र, प्राणादिमरुतः सदा. ५

રેચકથી ઉદરવ્યાધિનો તથા કફનો નાશ થાય છે. પૂરકથી શરીરની પુષ્ટિ થાય છે, તથા વ્યાધિનો નાશ થાય છે. પ્રાણવાયુનો વિજય કરછે ને, જઠરાગ્નિનું પ્રાબલ્ય વૃદ્ધિ પામે છે, તથા દીર્ઘશ્વાસ લેઈ શકાય છે. શરીરની લાઘવતા થાય છે, તેમજ સમાનવાયુ તથા અપાનવાયુનો વિજય કરે છતે, ક્ષતભંગાદિકનું મળી જવું થાય છે. ઉદરાગ્નિનું પ્રદીપન થાય છે. અલ્પવિષ્ટા, વ્યાધિઘાત વિગેરે શારીરિક-લાભની સંપ્રાપ્તિ થાય છે.

ઉદાનપ્રાણ વાયુના જયથી જલમાં ડુબી શકતો નથી. જ-

લધિ વિગેરેમાં સુખે કરી તરી શકે છે. તથા જલની બાધા થતી નથી. વળી શાસ્ત્રમાં પંચ પ્રકારના પ્રાણવાયુના જય કરવા માટે બીજ મંત્રમાં કહ્યા છે. પ્રાણવાયુનો જય કરવા માટે યઁ એ મંત્રનો હૃદયમાં જાપ કરવો, તેથી હૃદયકમળની શુદ્ધિ થશે. અને રાજસ તથા તામસબુદ્ધિનો નાશ થશે. સાત્વિક બુદ્ધિનો પ્રાદુર્ભાવ થશે. અપાનવાયુનો જય કરવા રઁ મંત્રનો જાપ કરવો. ગુદાસ્થાનમાં ચિત્તવૃત્તિ રાખી બીજમંત્રનું સ્મરણ કરવું. સમાનવાયુનો જય કરવા નાભિકમલમાં વૈં બીજ મંત્રનું સ્થિર વૃત્તિ પૂર્વક સ્મરણ કરવું. ઉદાન વાયુનો જય કરવા કંઠ દેશમાં લૌં બીજમંત્રનું સ્મરણ કરવું અને વૃત્તિનું સ્થાપન પણ ત્યાંજ કરવું. વ્યાનવાયુનો જય કરવા સર્વ શરીરમાં ક્લા બીજ મંત્ર પૂર્વક વૃત્તિનું પ્રતિદિન એકેક કલાક સ્થાપન કરવું. જે જે સ્થાને મનુષ્યોને વિશેષ પીડાકા કે રોગ થયો હોય, તે તે સ્થાને શાંતિને માટે સદા ત્યાં પ્રાણાદિપ્રાણવાયુ ધારણ કરવો. છાતીના રોગવાળા મનુષ્યોએ કેવળકુંભક કરી, સંકલ્પ કરવો કે હૃદયરોગ નાશ પામો. એમ કહી છાતી ઉપર હાથ ફેરવવો, એમ પ્રતિદિન અર્ધકલાક પર્યંત ક્રિયા કરવાથી, થોડા માસમાં રોગ નાશ પામે છે. આ સર્વ ક્રિયા ગુરૂને પાસે રાખી કરવી. મલશોધક પ્રાણાયામ વિગેરે ઘણી પ્રકારના પ્રાણાયામ છે. વિસ્તારના ભયથી વિશેષ વર્ણન કર્યું નથી.

બાહ્યપ્રાણાયામનું આ પ્રકારે સામાન્યસ્વરૂપ દર્શાવી, આભ્યંતર પ્રાણાયામનું વર્ણન કરે છે. આભ્યંતર પ્રાણાયામનું સ્વરૂપ આ પ્રમાણે છે. બહિરાત્મભાવ જે શરીર, મન, વાણીમાં આત્મબુદ્ધિ, તથા પરવસ્તુમાં આત્મભાવ, જડ અને ચૈતન્યનો અવિવેક, પૌદ્‌ગલિકભાવમાં તન્મયપણું, તે રૂપ જે બહિરાત્મભાવ, તેનો ત્યાગ કરવો. અજ્ઞાનદશાથી ચેતન પરવસ્તુમાં મોહથી લપટાયો, અને પરવસ્તુમાં અહંમમત્વ બુદ્ધિ ધારણ કરી તેમાં પરિણમી, પોતાનું ભાનભૂલ્યો, અને જન્મજરાનાં દુઃખ પામ્યો. હવે ગુરૂના બોધથી ભેદ દૃષ્ટિ જાગતાં, તેનો ત્યાગ ભાવ કરવો તેજ આભ્યંતર રેચક જાણવો. તથા આત્માને જ્ઞાનદર્શનચારિત્રાદિ ગુણોથી પૂરવો તે પૂરક જાણવો. જો કે આત્માના જ્ઞાનાદિ અનંતગુણો આત્મામાંજ અનાદિકાળથી અસ્તિભાવે રહ્યા છે. તેનો નાશ નથી, પણ આત્માના અસંખ્ય પ્રદેશે અનંતિ અનંતિ કર્મની વર્ગણાઓ લાગી છે, તેથી આત્માના ગુણોનું આચ્છાદન થયું છે. અને તે અનાદિકાળથી તિરોભાવે વર્તે છે. તે ગુણોને નિજગુણરમણતાથી આવિર્ભૂત કરવા ઉપશમભાવ તથા ક્ષયોપશભાવ તથા ક્ષાયીકભાવથી આત્મગુણોને પ્રગટાવવા, તથા જેથી તે ગુણો પ્રગટે, એવા હેતુઓનું સેવન કરવું, તેને આભ્યંતરપ્રાણાયામ કહે છે. તથા ઉપશમભાવે વા ક્ષયોપશમભાવે જે ગુણ પ્રાપ્ત થયા, તેને સ્થિર કરવાને આભ્યંતર કુંભક પ્રાણાયામ જાણવો. હવે

પ્રાણાયામનું સ્વરૂપ કહ્યા બાદ પ્રત્યાહારનું સ્વરૂપ કહે છે. પાંચ ઇન્દ્રિયોના શબ્દાદિક ત્રેવીશ વિષય છે તેની સાથે મન જોડે નહીં. બહિરાત્મભાવ દૃષ્ટિને, પરિહરીને, અન્તર દૃષ્ટિથી લક્ષ્યભૂત સાધ્યને સાધે. અન્તર આત્મસ્વરૂપમાં એક સ્થિર વૃત્તિથી ઉપયોગ રાખે. અન્તર દૃષ્ટિથી આત્માસંખ્ય પ્રદેશમાં ઉપયોગ રાખે; તત્ત્વજ્ઞાનથી ઉદયિકભાવમાં રાચે-માચે નહિં સંસાર વૃદ્ધિના ઉપયોગને અસાર જાણે, આશ્રવ હેતુઓના સેવનથી દૂર રહે. પુદ્ગલખેલમાં નિઃસારત્વ સમજી, તેમાં પ્રેમ ધારણ કરે નહીં. ઇત્યાદિ પ્રત્યાહારનાં લક્ષણ જાણવાં. પ્રત્યાહાર કરનાર પુરૂષ સ્વસ્વરૂપનો વિલાસી હોય છે. દર્શન મોહનીયનો ક્ષયોપશમ તથા ઉપશમ ભાવ પ્રત્યાહારથી વૃદ્ધિ પામે છે. આત્માના ગુણપર્યાયનો વિચાર કરવો. આત્માના સ્વરૂપને ઉપયોગ પૂર્વક હૃદયમાં ધારણ કરવું, તેને ધારણા કહે છે. ધારણામાં તત્ત્વનો વિચાર હોય છે. અને આત્માવિષે નિવિડ ધારણા હોય છે. સમ્યગ્ તત્ત્વવિના એકાંત શ્રુતશાસ્ત્ર ઉપર વાસના હોતી નથી. હજારો સંસારનાં કાર્ય કરતાં છતાં પણ વ્હાલા પતિનું સ્મરણ મનમાં સ્ત્રીને જેમ હોય છે, તેમ ધારણાના અભ્યાસી આત્માર્થિ જીવોનું સ્યાદ્વાદવાણીપ્રરૂપિત તત્વસ્વરૂપમાં લક્ષ્ય વર્તે છે. ધારણાસાધક ભવ્યજીવોને સંસારના હેતુઓ ઉપર રાગ તથા દ્વેષ થતો નથી. અર્થાત્ સમભાવ વર્તેછે. ધારણાથી

આત્માની ઉન્નતિ થાય છે. તે બતાવે છે. માયા સમુદ્રને ધારણાવંત પુરૂષ ઓલંઘે છે, ધારણા ધારી ભવ્ય અવિદ્યાના પ્રપંચોથી અન્તરમાં ન્યારો વર્તે છે. ધારણા સાધક ઇન્દ્રિયનાં સુખને દુઃખ કરી જાણે છે. હવે ધ્યાનનું સ્વરૂપ કહે છે. સાલંબન અને નિરાલંબન એમ બે ભેદે ધ્યાન છે. નાભિ, હૃદય, કંઠ, નાસીકાગ્રભાગ, ભ્રૂકુટી, બ્રહ્મદ્વાર વિગેરેમાં ચિત્તવૃત્તિ ઠરાવી, આત્મસ્વરૂપનું જે ધ્યાન કરવું તેને સાલંબન ધ્યાન કહે છે. તથા **सोऽहं, हंस, अर्हं, तत्वमसि** આદિ પદથી તત્ત્વસ્વરૂપ વિચારવું, તેને પણ સાલંબન ધ્યાન કહે છે. તથા જીનેંદ્રભગવાનની પ્રતિમા આગળ બેસી, જીનેંદ્રના ગુણોનું એક સ્થિરચિત્તથી સ્મરણ કરવું, તેને પણ આલંબનધ્યાન કહે છે. બાહ્ય તથા અંતરનું અવલંબન કરી, આત્મગુણનો આવિર્ભાવ, તેવું જે ચિંતવવું તે સાલંબન ધ્યાન કહેવાય છે. નિરાલંબન ધ્યાનમાં ફક્ત આત્મદ્રવ્યનુંજ ચિંતવન હોય છે. વળી, પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એમ ચાર ભેદ ધ્યાનના કહ્યા છે. તેનો વિસ્તાર અત્ર કર્યો નથી. ધ્યાનથી અનંતસુખનો અનુભવ થાય છે. ધ્યાનથી નિર્મળ બોધ પ્રગટે છે. પરવશતામાં દુઃખ, અને સ્વવશતામાં સુખનો ધ્યાનથી પૂર્ણ વિશ્વાસ પગટે છે. જેમ નાગરનું સુખ પામર જાણી શકતો નથી તેમ અનુભવ

વિના ધ્યાનનું સુખ અજ્ઞાની જનો જાણી શકતા નથી. ધ્યાન પશ્ચાત્ સમાધિની પ્રાપ્તિ થાય છે. આત્મસ્વભાવમાં પૂર્ણપ્રવૃત્તિથી સમાધિની પ્રાપ્તિ થાય છે. સમાધિની પ્રાપ્તિ થતાં, ચંદન સમાન શીતલ વચનની પ્રાપ્તિ થાય છે. ઇન્દ્રિયોની પ્રવૃત્તિ વિષયાદિકમાં રાગાદિક ભાવે થતી નથી. સમાધિથી નિર્વિકલ્પ આત્મસ્વરૂપનો અનુભવ થાય છે. બહિરાત્મભાવનો સર્વથા પ્રકારે નાશ થતાં આત્મસ્વરૂપમાં સર્વથા પ્રકારે રમણતા થવાથી આત્મા અનંતસુખનો ભોક્તા થાય છે. સમાધિસુખના ભોક્તા યોગિયો અનંત અખંડ આનંદનો ભોગ કરે છે. સમાધિપ્રાપ્ત થતાં સર્વગુણોની પ્રાપ્તિ થાય છે. અહો! ધન્ય છે સમાધિભાવ પામેલા યોગિઓને કે જે સદાકાળ પૂર્ણાનંદને ભોગવે છે. આત્મભાવમાં રમણતા કરનારા મહાત્માઓની સંગતિથી આત્માભિમુખતાની અંશે અંશે પ્રાપ્તિ થાય છે. અને અનુક્રમે આત્મોન્નતિની શ્રેણિયે ચઢી, આત્મા પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. પૂર્વોક્ત યોગની રીતિથી આત્માયોગાભ્યાસ કરી, આત્માનંદનો ભોગી બને છે, શ્રીચિદાનંદજી મહારાજ કહે છે કે—

थीरकरी पंचनीज वायुकुं प्रचार करे.
भेदे षट्चक्र अवक्रगति पाइके;

प्राणायामजोग सप्तभेदको स्वरूप लही.
रहत अडोल वंकनालमें समायके,
देहिको विचारमान दृढ अति धार ज्ञान;
अनहदनाद सुनो अति प्रीत लायके.
सुधासिंधुरूप पावे सुख होय जावे तब,
मुखथी बतावे कहा गुंगा गोळ खायके.

વાયુના પંચભેદનો બીજમંત્રથી જય કરે, અને અવક્રગતિથી ષટ્ચક્રનું ભેદન કરે, સાત પ્રકારના પ્રાણાયામનો સ્વરૂપ પામીને વંકનાલ કે જેને મેરૂદંડ કહે છે, તેમાં વૃત્તિનો લય કરી સમાઇ રહે, આત્મસ્વરૂપનો દ્રઢ અધ્યાસ ધારણ કરે, એમ કરતાં અનહદ ધ્વનિનું શ્રવણ થાય. સાકર સમુદ્રમાં ભળતાં, જેમ તદ્રૂપ બની જાય છે. અથવા જેમ લવણની પૂતલી સમુદ્રમાં મળતાં તદ્રુપબની જાય છે તેમ આત્મા પણ પરમાત્મસ્વરૂપ ચિંતવતો—ધ્યાવતો, તેમાં રમણ કરતો, પરમાત્મસ્વરૂપ બની જાય છે, સહજ જ્ઞાનયોગદ્વારા પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આત્મા છે તેજ પરમાત્મરૂપ છે, આત્માના શુદ્ધપર્યાયનો યોગ આત્માને થવો, તેજ વસ્તુતઃ યોગમાર્ગ છે. તેની પ્રાપ્તિ માટે ધ્યાનાદિકની અપેક્ષા છે. ક્રમનું ઉલ્લંઘન કરી, એકદમ પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ કરી શકતી નથી. માટે અનુક્રમે કારણ સામગ્રીને સેવ્યાથી; સાધ્યની સિદ્ધિ અનાયાસે થાય

છે. સોહંપદ એ શબ્દાલંબન છે, સોહંશબ્દદ્વારા આત્મસ્વરૂપમાં વૃત્તિ રમાડવાથી, વૃત્તિ નિર્વિષયી બની જાય છે, અને પશ્ચાત્ ઉદાસીન ભાવ પ્રગટવાથી, સંસારની પ્રવૃત્તિમાં સ્વાદ પડતો નથી. અને સંસારની પ્રવૃત્તિમાં રાગદ્વેષથી પરિણમન થતું નથી. અને અન્તરથી આત્માના ગુણપર્યાયમાં રમણતા કરવાથી, અંશે અંશે પરમાત્મસ્વરૂપ પ્રગટતું જાય છે, અને તેથી પ્રાન્તે સંપૂર્ણ પરમાત્માની સ્થિતિમય આત્મા બની રહે છે. હે ભવ્યો ! જગતમાં પરમપ્રશસ્ય એવું ધ્યાનનું મહાત્મ્ય સમજીને, કાયા અને માયાની વાસના ભૂલીને ધ્યાનમાં પ્રવૃત્તિ કરવી ઉચિત છે. કાયામાં ઉત્પન્ન થતો અહંભાવનો વિલય કરવો યોગ્ય છે. તથા માયાની વાસના પણ ભૂલવી જોઇએ. જગત્માં માયાના જોરથી જગત્પ્રાણિયો સંસારરૂપ નગરીના ચોરાશી લાખ ચૌટાની અંદર, નાટકીયાની પેઠે અનેક પ્રકારના અવતારરૂપ વેષ લેઈ, જન્મમરણરૂપ નાચ નાચે છે. માયાની વાસનાનું ભાન ભૂલનાર મહાયોગી જાણવો. માયારૂપ મહા પ્રચંડ રાક્ષસી સર્વનું ભક્ષણ કરી જાય છે. જ્ઞાનિયે માયાની જાત પુછી, કે તું કોણ છે ? શા માટે તું જગતના જીવોને ફસાવે છે ? તું જગત્માં શું કાર્ય કરે છે ? તેના ઉત્તરમાં જ્ઞાનીને ગુરૂ શબ્દથી સંબોધી માયા કહે છે કે:—

मत पूछो मेरी जात गुरुजी, मैंतो नागरब्राह्मणीयां.
हाथी खागइ घोडा खागइ, खागइ सारी फोजडीयां;
सबरे दलमें दोनंग छोडे, एक मख दुजी मोगरीयां. मत० १
गाजर खागइ मूला खागइ, खागइ सारी लालरीयां;
भरे खेतमें दोनंग छोडे, एक कुइ दुजी ढेकरीयां. मत० २
लड्डु खागइ पेंडा खागइ,खागइ सारी रेवडीयां;
भरे हाटमें दोनंग छोडे, एकबाट दुजी तारवडीयां मत० ३

આ પ્રમાણે જગતમાં આત્માને પરિભ્રમણ કરાવનાર મહામાયાનું સ્વરૂપ સમજી, તેથી દૂર રહી ભવ્ય જીવોએ આકાશની પેઠે નિરાકાર એવા જ્ઞાનાદિકગુણમય આત્મસ્વરૂપમાં લીન થવું. અહંવૃત્તિનું ભાન જ્યારે આત્મા ભુલે છે, ત્યારે આત્મા શિવસ્થાન પામે છે, એ સિદ્ધાંત વાત છે, તો પણ સુચના કે પોતાના સ્વરૂપની શ્રદ્ધા અને તેમાંજ રમણતા થવાથી, અને આત્મવિનાની વસ્તુઓ જડ છે, તેથી તે મારી નથી, એવી બુદ્ધિ થવાથી સ્વતઃ અહંવૃત્તિનો નાશ થાય છે, અને અખંડ આનંદગૃહ ભૂતપરમાત્મ અવસ્થા સ્વતઃ પ્રગટે છે. હવે સત્યધર્મ શાથી હોય છે, તે દર્શાવે છેઃ-

दुहा.

आत्मोपयोगे धर्मछे, निजोपयोगे दान;
निजोपयोगि ज्ञानीछे, शाश्वतसुखनी खाण. १२४

वहे वृत्तिनी शून्यता, आत्मस्वभावे लक्ष;
सार सार सहु ग्रन्थनुं, सत्यविकाशे दक्ष. १२५
मनन स्मरण शुद्धात्मनुं, अन्तरमां उपयोग;
राखी चाखी मुक्तिफळ, लहिए निजगुणभोग. १२६

આત્મદ્રવ્યના ઉત્પાદ, વ્યય, ધ્રુવના ઉપયોગે, શુદ્ધ-ધર્મનો પ્રાદુર્ભાવ જાણવો. તથા આત્મોપયોગે ભાવદાન જાણવું. આત્માનો ઉપયોગી ભવ્યજીવ જ્ઞાની જાણવો. આત્મજ્ઞાની સ્વધર્મના ઉપાદેયપણાથી, શાશ્વતસુખનું સ્થાન બને છે. બાહ્યભાવમાં ચિત્તવૃત્તિની શુન્યતા વહે, અને આત્મસ્વભાવમાં લક્ષ વર્તે, તેજ સર્વ ગ્રન્થોનું સારમાં સાર કથન છે. એમ નિર્ભયપણે પંડિતપુરૂષ સત્ય પ્રકાશે છે. પરમપ્રેમથી આત્મસ્વરૂપમાં લક્ષ રાખવું, આત્મજ્ઞાનવિના આત્મસ્વરૂપમાં લક્ષ્ય અપાતું નથી. જ્ઞાનદ્રષ્ટિથી ધર્મ પ્રપ્રગટે છે અને પરમાં રમણતાબુદ્ધિ વર્તતી નથી. માટે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી, અન્તરદ્રષ્ટિથી પરમાત્મદેવનું આરાધન કરવું. કહ્યું છે કે—

पद राग मल्हार.

ज्ञानकी दृष्टि निहालो वाल्हम, तुम अंतर दृष्टि निहालो. वाल्हम०
बाह्यदृष्टि देखेसो मूढा, कार्य नाहि निहालो;
धरम धरम कर घरघर भटके, नाहि धर्म दिखालो. वाल्हम० १

बाहिर दृष्टि योग वियोगे, होत महा मतवालो;
कायर नर जिम मदमत वालो, सुख विभाव निहालो. वालम०२
बाहिरदृष्टि योगे भविजन, संसृति वास रहानो;
तिनतें नवनिधि चारित आदर, ज्ञानानन्द प्रमानो. वालम० ३

પૂર્વોકતપદથી સિદ્ધ થાય છે કે જ્ઞાનદૃષ્ટિ કરી, બહિરાત્મદૃષ્ટિને ત્યાગવી. અર્થાત્ બાહ્યભાવમાં વૃત્તિની શુન્યતા વહે તેમ કરવું. બાહ્યદૃષ્ટિથી મહામતવાળો જીવ થાય છે. અનંતિવાર ચોરાશીલાખ જીવયોનિમાં આ જીવે પરિભ્રમણ કર્યું, તેનું કારણ બાહ્યદૃષ્ટિ છે. માટે જ્ઞાનદૃષ્ટિથી બાહ્યદૃષ્ટિનો પરિહાર કરી, અન્તરાત્મદેવનું શુદ્ધપ્રણિધાન પૂર્વક આરાધન કરવું. તે ઉપર કહ્યું છે કે—

पद राग मल्हार.

ज्ञानकी दृष्टि विचारो, साधो भाइ आतमदृष्टि संभारो०साधो.
अनुकरमें शुद्धज्ञाने अनुभव, ज्ञेय सकल सुविचारो;
ज्ञाने ज्ञेयकी एकता आदर, बहिरातम शुं निवारो. साधो० १
ज्ञानदृष्टि जे अन्तर भावे, शुद्धरूचि रूप पाहिचानो;
अन्तरातम ज्ञानातम भावे, होय परमातम जानो. साधु०२
परमातमते निजगुण भोगी, चारित ज्ञान बखानो;
ज्ञानानंद चेतनमय मूर्ति, आनंदभाव सुजानो. साधु० ३

આ પદમાં પણ જ્ઞાનાત્મભાવે અન્તરાત્મદેવનું આરાધન કરતાં, અન્તરાત્મ તે પરમાત્મરૂપ થાય છે, તેમ સ્પષ્ટપણે દર્શાવ્યું છે. સારાંશ કે અનંત જ્ઞાનાદિ શક્તિનો આધારી ભૂત આત્મતત્વનું જ્ઞાનધ્યાનથી સેવન કરવું. આત્માજ પ્રિય તથા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગણીને, તેનું આરાધન કરવું. તેમાં તલ્લીન થવું. તેજ પરમ રહસ્ય છે. તે સંબંધી ઉપાધ્યાયશ્રી યશોવિજયજીનું પરમપ્રેમમાં વૃત્તિઓને લદબદ કરી, પદદ્વારા આત્મદેવનું ગાન કરે છે કે-

पद.

ज्ञानादिक गुण तेरो, अनंत अपर अनेरो;
वाही कीरत सुन मेरो, चित्तहुं जस गायोहे. ज्ञाना० १
तेरो ज्ञान तेरो ध्यान, तेरो नाम मेरो प्रान;
कारण कारज सिद्धो, ध्याता ध्येय ठरायोहे. ज्ञाना० २
छूट गयो भ्रम मेरो, दर्शन पायो में तेरो;
चरण कमल तेरो, सुजस रंगायोहे. ज्ञाना० ३

જુઓ શ્રી ઉપાધ્યાયજી આત્મસ્વરૂપમાં પ્રેમથી લીન થઇ કહે છે કે **तेरोज्ञान तेरोध्यान तेरोनाम मेरोप्रान** હે આત્મા ! તારૂં જ્ઞાન તેજ જ્ઞાન છે. તારૂં ધ્યાન તેજ ધ્યાન છે. તારૂં નામ તે મારો પ્રાણ છે. અહો કેટલી આત્મપ્રેમ ભક્તિની સીમા ! વળી તેઓ શ્રી કહે છે કે **छूट गयो भ्रम**

मेरो, दर्शन पायो मे तेरो. મારો ભ્રમ મટી ગયો મેં હે આત્મા તારો દર્શન પાયો. અહો ઉપાધ્યાયજી કહે છે કે હે આત્મન્! મેં તારો દર્શન પામ્યો. આ વાકય ઉપરથી ઉપાધ્યાયજીની કેટલી ઉચ્ચદશા છે, તે ભવ્યજીવોએ સમજી લેવું. હે આત્મા! તારા સ્વભાવરૂપ ચારિત્ર કમલમાં મારો સ્વભાવ રંગાયો છે. એમ અત્યંત પ્રેમથી તેઓ શ્રી ગાન કરે છે. તથા આત્મભાવમાં રમણતાજ સારમાં સાર છે, એમ આત્માનિષ્ઠ ઉપાધ્યાયજી આત્માનું ગાન કરતા છતા કહે છે, તે નીચે મુજબ.

पद शोनी राग.

चिदानंद अविनासी हो, मेरो चिदानंद अविनाशी हो. टेक.
कोर मरोर करमकी मेटे, सहज स्वभाव विलासी हो. चि० १
पुद्गलमेल खेल जो जगको, सोतो सबहि विनासीहो;
पूरन गुन अध्यातम प्रगटे, जागो जोग उदासीहो. चि० २
नाम भेख किरियाकुं सबहि, देखे लोक तमासीहो;
चिन मूरत चेतन गुन चिने, साचो सोउ सन्यासीहो. चि० ३
दोरी देवारकी क्रिति दोरे, मति व्यवहार प्रकाशीहो;
अगम अगोचर निश्चय नयकी, दोरी अनंत अगासीहो. चि० ४
नाना घटमें एक पिछाने, आतमराम उपासीहो;
भेदकल्पनामें जड भूल्यो, लुब्ध्यों तृष्णा दासीहो. चि० ५

धर्मसिद्धि नवनिधिहे घटमें, कहा ढुंढत जइ काशीहो;
जश कहे शांत सुधारस चाख्यो, पूरन ब्रह्म अभ्यासीहो. चि० ६

શ્રી ઉપાધ્યાયજી કહે છે કે પુદ્ગલથી ન્યારો ચૈતન્ય સ્વરૂપ મારો અવિનાશી છે. પુદ્ગલના મેલ સમાન ખેલ સર્વ વિનાશી છે. મારો જ્ઞાનઆનંદસ્વરૂપ આત્મા તો અવિનાશી છે. અનાદિકાળ સંસારમાં પરિભ્રમણ કરે છે તો પણ જીવપણું નાશ પામ્યું નથી. અનંતકાળ જશે તો પણ જીવત્વપણું તેવું ને તેવું રહેવાનું. આત્મા દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય છે, અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છે. ગતિ પર્યાયાદિક સર્વ અશુદ્ધ પર્યાય છે. રાગ દ્વેષ અષ્ટકર્મની વર્ગણા, પંચ શરીર, આદિ સર્વ પર્યાય છે, તે પુદ્ગલ સંબંધે છે. અને પુદ્ગલના સંબંધ યોગે, આત્માનો જે વિભાવ પર્યાય બને છે, તેને અશુદ્ધ પર્યાય કહે છે. અભવ્ય જીવોને અશુદ્ધપર્યાયની સ્થિતિ અનાદિ અનંતમે ભાંગે છે. કારણ કે, અભવ્યજીવોને અશુદ્ધપર્યાય નહીં બદલાવાનો સ્વભાવ હોવાથી, પર્યાયની શુદ્ધિ થતી નથી, અને પર્યાયની શુદ્ધિ થયા વિના મુક્તિ નથી. ભવ્યજીવોને અશુદ્ધપર્યાયની સ્થિતિ અનાદિશાંત ભાંગે હોય છે. શુદ્ધપર્યાયની સ્થિતિ પ્રવાહની અપેક્ષાએ સાદિ અનંત છે, અને સમયે સમયે શુદ્ધ પર્યાયનો પણ ઉત્પાદ વ્યય થાય છે, તેની અપેક્ષાએ સાદિ સાંત ભંગ જાણવો. આત્મા પરમાત્માસ્વરૂપ

થયો, તેમાં દ્રવ્યપણું તો પ્રથમ જેવું હતું, તેવું પરમાત્મદશા થતાં પણ છે, પણ પ્રથમ આત્માના જ્ઞાનદર્શનચારિત્રરૂપપર્યાય કર્મયોગે અશુદ્ધ હતા, તે કર્મ ટળતાં શુદ્ધપર્યાય તેજ વિશેષ પરમાત્માપણું જાણવું. આત્માને નિત્યપણે તથા અનિત્યપણે જાણ્યાવિના, તથા આત્માને એકપણે તથા અનેકપણે જાણ્યા વિના સમ્યક્ આત્મજ્ઞાન થતું નથી. નિત્યાનિત્યત્વપણું દર્શાવે છે. પ્રથમ એકાંત પક્ષ દર્શાવે છે.

श्लोक.

तत्रात्मा नित्य एवेति, येषामेकान्त दर्शनम्;
हिंसादयः कथं तेषां, कथमप्यात्मनोऽव्ययात्. १

ત્યાં આત્મા નિત્યજ એકાંતે છે, એવું જેઓનું એકાંત દર્શન છે, એવા સાંખ્ય, વેદાંતી, નૈયાયિક, મીમાંસકના મતમાં, હિંસાદિકની સિદ્ધિ થઈ શકતી નથી. કારણ તે તેમના મતાનુસારે આત્માનો નાશ નથી. માટે કથંચિત્ આત્માનો નાશ માનવામાં આવે તો હિંસાદિક થાય છે. પણ તે તો આત્માને નિત્ય માનનારા માનતા નથી. માટે તેમના મતાનુસારે હિંસાદિક નહી ઘટવાથી, દયાદિકની સિદ્ધિ થતી નથી. આત્માને નિત્ય એકાંતવાદી હિંસાદિકની સિદ્ધિ અર્થે ઉત્તર આપેછે તે નીચે મુજબ.

શ્લોક.

मनोयोगविशेषस्य, ध्वंसो मरणमात्मनः,
हिंसा तच्चेन्न तत्त्वस्य, सिद्धेरर्थसमाजतः ૨

આત્માનો મનની સાથે સંબંધ છે, તે સંબંધનો નાશ થવો તેને મરણ કહે છે. તેજ મરણરૂપ હિંસા જાણવી. આવી હિંસા આત્માને અન્યય માનવાથી પણ ઘટેછે. વાદીનું આ પ્રમાણે કહેવું અયુક્ત છે, એમ સિદ્ધાંતી ઉત્તરમાં દર્શાવે છે. આત્માનો મનની સાથે જે સંયોગ, તે સંયોગનો ધ્વંસરૂપ જે મરણ છે, તેતો અર્થાત્ સિદ્ધ છે. સ્મૃતિઉદ્બોધકવિષયાદિકના અભાવથી, આત્મમન સંયોગ સ્વતઃ નષ્ટ થાય છે, અને સ્મૃતિ ઉદ્બોધકના સદ્ભાવે, આત્મમન ઉત્પન્ન થાય છે. તેથી આત્મમન સંયોગ નાશ કરનાર અન્ય પ્રાણી સિદ્ધ થતો નથી. માટે હિંસકની સિદ્ધિ થતી નથી, અને હિંસક સિદ્ધ થયા વિના દયાદિકની સિદ્ધિ થતી નથી. આ ઉપરથી સિદ્ધ થયું કે આત્મમન સંયોગ નાશને હિંસા માનવી યુક્તિયુક્ત નથી. વળી આત્માને નિત્ય એકાંત માનનારના મતમાં આત્માની સાથે શરીરનો સંબંધ પણ ઘટતો નથી, તે શ્લોક દ્વારા દર્શાવે છે.

શ્લોક.

शरीरेणापि संबंधो, नित्यत्वेऽस्य न संभवी;
विभुत्वेन च संसारः, कल्पितः स्यादसंशयम्. ३

अस्य आत्मनो नित्यत्वे शरीरेणाऽपि सह संबंधोः न संभवी (न घटते) दोषांतरमाह आत्मनो विभुत्वेन संसारश्च असंशयं (निश्चितं) काल्पितःस्यात्.

ભાવાર્થઃ—આત્માને એકાંત નિત્ય માનવાથી, શરીરની સાથે સંબંધ ઘટતો નથી. કારણકે, નિત્યવસ્તુ અપરિણામી હોય છે. વસ્તુમાં પરિણમન થયા વિના સંબંધ થતો નથી. જેમ બે હસ્તનો સંયોગ કરવો હોય છે, ત્યારે હસ્તદ્વયમાં સંયોગજનક વ્યાપાર કરવો પડે છે, તેમ અત્ર પણ નિત્ય આત્માનો શરીરની સાથે સંયોગ કરવા અર્થે અન્ય કોઇ ક્રિયા હોવી જોઇએ. આત્મા નિત્ય અપરિણામી માનેલો હોવાથી, આત્મામાં શરીરસંયોગજનક ક્રિયાનો સંભવ થશે નહીં. અને જો શરીરસંયોગજનક ક્રિયા આત્મામાં માનવામાં આવે, તો આત્મા પરિણામી થવાથી નિત્યત્વ નો વ્યાઘાત થાય છે. વળી બીજું દૂષણ કહે છે, આત્માને વ્યાપક માનવાથી, એક સ્થાનથી બીજે સ્થાને જન્મ લેવો, તથા પરિભ્રમણ કરવું તે સર્વ કલ્પના માત્ર ઠરશે. કારણ કે, વ્યાપકઆત્મા સર્વત્ર એક સરખો હોવાથી, સંસાર (એકસ્થાનથી અન્યસ્થાને જવું) સિદ્ધ થતો નથી. માટે શરીરની સાથે નિત્યવ્યાપક આત્માનો સંબંધ બનતો નથી. અપ્રાપ્ત બે વસ્તુનો સંબંધ તેને સંયોગ કહે છે. અને વ્યાપક આત્મા તો સર્વત્ર હોવાથી કોઇ

સ્થાને અપ્રાપ્ત નથી, તેથી પ્રાપ્ત વ્યાપક આત્માને માનવાથી શરીરનો સંયોગ ઘટતો નથી. અને જ્યારે શરીરની સાથે આત્માનો સંયોગ સિદ્ધ થયો નથી. તો એકાંત નિત્યવાદમાં હિંસાદિકની સિદ્ધિ શી રીતે ઘટે? **अपि तु न घटे!** વાદી તેનું સમાધાન કરવા યુક્તિ કહે છે.

श्लोक.

अदृष्टाद्देह संयोगः, स्यादन्यतरकर्मजः
इत्थं जन्मोपपात्तिश्चेन्न तद्योगाविवेचनात्. ॥ ४ ॥

પુણ્ય પાપરૂપ અદૃષ્ટથી અન્યતર કર્મજ એવો દેહ સંયોગ, આત્માની સાથે થાય છે. તાત્પર્યાર્થ કે આત્મા વ્યાપક હોવાથી, તેમાં સંયોગજનક ક્રિયા ઉત્પન્ન થતી નથી. પરંતુ શરીરતો અવ્યાપક હોવાથી, તેમાં આત્માની સાથે એક દેશથી સંયોગજનકરૂપ ક્રિયા ઉત્પન્ન થાય છે. પુણ્યપાપરૂપ અદૃષ્ટવશાત્ આત્માની સાથે શરીરનો સંબંધ બને છે. તેથી જન્મમરણની સંઘટના થઈ શકે છે. અને તદ્દ્વારા હિંસાદિકની સિદ્ધિ થાય છે.

હવે સિદ્ધાંતવાદી કહે છે કે તે પ્રમાણે માનવું યુક્તિયુક્ત નથી, તથા અનુભવવિરુદ્ધ છે, તે જણાવે છે. **तद्यो.गाविवेचनात्** તે સંબંધનું વિવેચન વિચારી જોતાં સિદ્ધ ઠરતું નથી. શરીરની સાથે આત્માનો સંબંધ છે, તે સબંધ

આત્માથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન સંબંધ માનશો તો જેવો આ આત્માથી શરીરનો સંબંધ ભિન્ન છે, તેવો સર્વ આત્માથી શરીરનો સંબંધ ભિન્ન છેજ. આત્માથી શરીરસંબંધ ભિન્ન છતાં, પણ આત્માની સાથે સંબંધ માનશો, તો આ શરીરથી સર્વ આત્માની સાથે સંબંધ થવો જોઇએ. અને તે પ્રમાણે આ યુક્તિથી નારકીશરીરની સાથે ઇન્દ્રના આત્માનો સંબંધ થવાથી, ઇન્દ્રપણ નારકી કહેવાય, અને જો તમે આત્માની સાથે શરીરનો સંબંધ અભિન્ન માનશો, તો આત્મા નિત્ય હોવાથી, શરીરનો સંબંધ પણ નિત્ય થશે. અને નિત્યશરીર સંબંધથી, આત્મા મુક્ત થશે નહી અને તેથી મોક્ષાભાવ થાય, અને મોક્ષાભાવ સિદ્ધ થતાં ત્યાગ, વૈરાગ્ય, તપ, જપની નિષ્ફલતા થાય ઇત્યાદિ વિકલ્પથી આત્માની સાથે શરીરનો સંબંધ એકાંત નિત્યવાદમાં સિદ્ધ થતો નથી, વળી જો તમે એમ કહેશો કે—અદૃષ્ટનું એવું મહાત્મ્ય છે કે નારકીશરીરનો સંબંધ નારકીઆત્માની સાથે થાય છે, અને ઇન્દ્રના આત્માની સાથે નથી થતો, તેથી ઇન્દ્રમાં નારકીવ્યવહાર થતો નથી. એમ જો કહેશો તો અમે વિકલ્પ કરીએ છીએ કે **अदृष्टजन्य माहात्म्य** છે, તે આત્માથી ભિન્ન છે કે અભિન્ન છે? જો માહાત્મ્ય, આત્માથી ભિન્ન માનશો તો આ આત્માની પેઠે ઇન્દ્રના આત્માથી પણ માહા-

ત્મ્ય ભિન્ન છે. તો ભિન્ન એવા મહાત્મ્યથી જેમ નારકી શરીરની સાથે સંબંધ થાય છે, તેમ ઈન્દ્રના આત્માનો પણ નારકીશરીરની સાથે સંબંધ થવો જોઈએ. અને જો એમ થાય તો પૂર્વોકતદૂષણથી નારકીનું દુઃખ ઇન્દ્રને ભોગવવું પડશે. અને જો બીજા વિકલ્પ પ્રમાણે अदृष्टजन्य માહાત્મ્યને આત્માથી અભિન્ન માનશો, તો કોઈ પણ આત્મા મુકિત પામશે નહીં. ઇત્યાદિ વિચારતાં, એકાંત નિત્ય આત્માની સિદ્ધિ થતી નથી. વળી તમે અદૃષ્ટદ્વારા શરીરમાં વ્યાપાર થતાં આત્માની સાથે સંબંધ થાય છે, એમ વાદીએ કહ્યું, તે પણ અપ્રમાણ છે. સર્વ વ્યાપક આત્માની સાથે એક પ્રદેશથી સંબંધ થવાથી, પૂર્ણ આત્માની સાથે શરીરનો સંબંધ થયો નહીં. જે પ્રદેશાવચ્છિન્ન શરીર સંબંધ હશે, તેથી અદૃષ્ટ ભોગવાશે, તો સર્વ વ્યાપક આત્મા દુઃખાદિકનો ભોકતા સિદ્ધ થશે નહીં. વળી બીજો નિયમ એ છે કે સર્વ વ્યાપક આત્મા એક દેશથી આકાશની પેઠે બંધાતો નથી. એ ઉપરથી એકાંત નિત્ય આત્માની સિદ્ધિ કોઈ પણ રીતે થતી નથી. હવે એકાંત અનિત્ય આત્મા માનનારના મતમાં હિંસાદિકની સિદ્ધિ થતી નથી તે દર્શાવે છે:–

श्लोक.

ऽनित्यैकान्तपक्षेऽपि, हिंसादीनामसंभवः

हेतोरयोगेन, क्षणिकत्वस्य साधनात्. ॥ ९ ॥

આત્માને એકાંત અનિત્ય માનનારના પક્ષમાં પણ હિંસાદિકનો સંભવ થતો નથી. તેનું કારણ કહે છે હિંસ્યની સાથે નાશનું જે નિમિત્ત દંડાદિક કારણ, તેનો સંબંધ નહીં હોવાથી હિંસાદિકની ઉપપત્તિ સિદ્ધ થતી નથી. શા કારણથી સંબંધ થતો નથી તેનું સમાધાન કરે છે કે વસ્તુને ક્ષણીક માનવાના કારણથી.

ભાવાર્થ:—બૌધમતાનુયાયી સર્વ વસ્તુને ક્ષણીક માને છે, તેમના મતમાં એક ક્ષણમાં વસ્તુ રહે છે, બીજા ક્ષણમાં વસ્તુનો નાશ થાય છે. જડ અને ચૈતન્ય વસ્તુ પણ એક ક્ષણમાં ઉત્પન્ન થાય છે, અને બીજા ક્ષણમાં (સમયમાં) નાશ પામે છે. જ્યારે આમ છે, ત્યારે હિંસનક્રિયા, હિંસ્ય અને હિંસકની સિદ્ધિ થતી નથી. જેમ ચૈત્રે એક સમયમાં મૈત્રને માર્યો. ચૈત્રનો તથા મૈત્રનો આત્મા બીજા સમયમાં નષ્ટ થયો. ત્યારે બીજા સમયમાં ઉત્પન્ન થએલા આત્માને પ્રથમ સમયમાં ચૈત્રે કરેલા પાપનું ફળ લાગી શકે નહીં, કારણ કે બીજા સમયમાં ચૈત્રનો આત્મા નષ્ટ થયો છે. જ્યારે આ પ્રમાણે હિંસક કોઇ ઠર્યો નહી, તો હિંસા પણ સિદ્ધ થઇ નહિ, અને જ્યારે હિંસા સિદ્ધ થઇ નહીં, ત્યારે તેનું ફળ દુઃખ વિગેરે પણ સિદ્ધ થતું નથી. જો કહેશો કે પ્રથમના આત્માએ પાપ કર્યું, અને બીજા આત્માને તે લાગ્યું. તે પણ યુક્તિયુક્ત નથી. કારણકે બીજા

સમયમાં ઉત્પન્ન થએલા આત્માને હિંસાદિકની સાથે સંબંધ નથી. હિંસાનો હિંસકની સાથે સંબંધવિના પણ જો ફળ ભોક્તૃત્વ માનશો, તો હિંસા અને દયામાં ભેદ રહ્યો નહીં. વસ્ત્રની ગડીમાં જેમ નીચે કસ્તુરી ધરવાથી, તેની ગંધ ઉત્તરોત્તર ગડીમાં આવે છે, તેવી રીતે પ્રથમના આત્માની વાસનાનો સંક્રમ બીજા આત્મામાં માનતાં પણ દૂષણ આવે છે, તે બતાવે છે. માતાએ જેજે પદાર્થનો અનુભવ કરી, વાસના ધારણ કરી છે, તે વાસનાનો સંક્રમ ઉદરમાં રહેલા બાળકમાં થવાથી, બાળકને પણ માતાએ અનુભવેલા પદાર્થનું સ્મરણ થવું જોઇએ. પણ તે પ્રમાણે સ્મરણ થતું નથી માટે વાસનાનો સંક્રમ પણ સિદ્ધ થતો નથી. અન્યપ્રકારે પણ હિંસાદિકની સાથે હેતુનો સંબંધ થતો નથી, તે બતાવે છે. જેમ દંડવડે કોઇએ દેવદત્તને માર્યો, ત્યારે હિંસા થઈ. તે હિંસા દંડથી ભિન્ન છે કે અભિન્ન છે ? જો ભિન્ન કહેશો, તો વિંધ્યાદ્રિ હિમાદ્રિની પેઠે હિંસાદિકની સાથે દંડાદિકનો સંબંધ ઘટશે નહીં. જો હિંસા દંડથી અભિન્ન માનશો તો, દંડરૂપ હિંસા થઈ, પણ ન્યારી હિંસા થઇ નહીં. વળી દૂષણ આપે છે કે જે સમયમાં ચૈત્રે દેવદત્તને મારવાનો પરિણામ કર્યો તો તે પરિણામ કરવા વાળો આત્મા તો બીજા સમયમાં નષ્ટ થયો. અને દંડગ્રહણ કરનાર તથા મારનાર આત્મા તો અન્ય ઠર્યા. તો કારણવિના

કાર્યની ઉત્પત્તિ થઇ, એમ માનવું પડશે. અને એમ માનવું તે લોકવિરૂદ્ધ છે. પૂર્વોક્ત દૂષણોથી એકાંત અનિત્ય આત્મા માનતાં હિંસાદિકની સિદ્ધિ થતી નથી. એકાંતનિત્ય અને એકાંતઅનિત્ય આત્મા માનતાં જે દૂષણો આવે છે તે સર્વ દૂષણોનો પરિહાર આત્માને નિત્યાનિત્ય માનતાં થાય છે.

श्लोक.

मौनीन्द्रे च प्रवचने, युज्यते सर्वमेव हि;
नित्यानित्ये स्फुटं देहा, द्भिन्नाभिन्ने तथात्मनि. ॥ १ ॥

અનાદિકાળથી સિદ્ધ એવા જીનેન્દ્ર પ્રવચનમાં, આત્મામાં નિત્યાનિત્યપણું તથા દેહથી આત્માનું કથંચિત્ ભિન્નપણું અને કથંચિત્ અભિન્નપણું આદિ સર્વ યુક્તિયુક્ત ઘટે છે.

આત્માને દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય માનવાથી ત્રણે કાલમાં તેનું દ્રવ્યપણું એક સરખું રહે છે, તેથી જે જે કર્મ કરે છે; તે અન્યભવમાં ભોગવી શકે છે. નિત્ય આત્મા દ્રવ્યથી માનતાં પ્રત્યેકભવમાં તેની હયાતિ હોય છે, તેથી જાતિસ્મરણજ્ઞાનાદિકની પણ ઉપપત્તિ સમ્યક્રીત્યા ઘટે છે. આત્માને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ કથંચિત્ અનિત્ય માનવાથી, દેહમાં આત્મા પરિણમે છે, અને કર્મ સાથે પણ પરિણમે છે, તથા અન્યભવમાં કૃતકર્માનુસારે જુદા

જુદા શરીરમાં પરિણમી શકે છે. આત્માને પર્યાયનયાપેક્ષાએ અનિત્ય માનતાં, કર્મસાથે પરિણમન ઘટી શકે છે. એકાંતનિત્ય માનતાં, કર્મસાથે પરિણમન થઈ શકતું નહોતું તે દોષનો કથંચિત્ અનિત્ય માનતાં સર્વથા પરિહાર થાય છે. વળી કથંચિત્ દ્રવ્યાપેક્ષયા નિત્ય માનતાં, એકાંતઅનિત્યપક્ષમાં આત્માની ક્ષણમાં નષ્ટતા સિદ્ધ થતાં, હિંસાદિકની અનુપપત્તિ વિગેરે જેજે દોષો લાગતાહતા, તે સર્વનો પરિહાર થાય છે. કારણ કે પર્યાયાર્થિક નયાપેક્ષાવડે આત્મામાં ક્ષણે ક્ષણે પર્યાયનો વ્યય થાય, અને અન્યપર્યાયનો ઉત્પાદ થાય, તોપણ દ્રવ્યરૂપે તો આત્મા નિત્ય હોવાથી, અને પર્યાયનું ભાજન હોવાથી, બીજા ક્ષણમાં આત્માની અસ્તિતા સિદ્ધ થાય છે અને હિંસાદિકની પણ ઉપપત્તિ થઈ શકે છે. કારણકે, કૃતકર્મ, તથા પરિણામનો કર્તા તથા ભોક્તા આત્મા, દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ, સદાકાળ વિદ્યમાન છે–કર્મની પ્રકૃતિયો આત્માના પ્રદેશો સાથે સંબંધ ધરાવે છે, અને આત્મપ્રદેશો તો ધ્રુવ છે. દ્રવ્યપણે નિત્ય છે, તેથી કર્મ લાગવામાં તથા અન્યક્ષણ તથા અન્યભવમાં કર્મ ભોગવવામાં કોઈ જાતનો દોષ આવતો નથી. એકાંતનિત્ય આત્મા માનતાં, દેહનીસાથે આત્માનો સંબંધ થાય નહિ. એકાંતઅનિત્ય માનતાં, બીજા ક્ષણમાં આત્મા નષ્ટ થાય. પણ અનાદિકાળસિદ્ધ એવો નિત્યાનિત્ય પક્ષ આત્મામાં

સ્વીકારતાં આત્મા નિત્ય, અને કથંચિત્ પર્યાયાપેક્ષયા અનિત્ય સ્વીકારતાં, દેહમાં પરિણમે છે, અને પર્યાયથી અનિત્ય તથા, દ્રવ્યથી નિત્ય માનતાં, સદાકાળ આત્માની અસ્તિતા સિદ્ધ ઠરી, તેથી ક્ષણીકવાદ દોષનો પરિહાર થાય છે. જેમ સુવર્ણ એ દ્રવ્ય છે, અને હાર એ પર્યાય છે. સુવર્ણ દ્રવ્યરૂપ નિ-ત્ય છે. અને પર્યાયથી અનિત્ય છે. સુવર્ણના હારનું કુંડલ બનાવ્યું, તથા કુંડલનું કટીભૂષણ બનાવ્યું એમ અનેક આકાર ભાગ્યા, અને અનેક બનાવ્યા પણ સર્વ આકારમાં સુવર્ણદ્રવ્યની તો અસ્તિતા અને ધ્રુવતા વિદ્યમાનજ છે. સુવર્ણના નાના મોટા વિચિત્રપર્યાય (આકાર) ના નાશથી અને અન્યપર્યાય (આકાર) ના ઉત્પાતથી, કંઇ સુવર્ણદ્રવ્યનો નાશ થતો નથી. તેમ આત્મા ચોરાશીલાખ યોનિમાં અનેક શરીર ધારણ કરે છે. ચાર ગતિમાં અનેક શરીર ધારણ કરે છે, અને મૂકે છે અને બીજાં શરીર ધારણ કરે છે, તોપણ આત્મદ્રવ્યપણું સદાકાળ એક સરખું ધ્રુવ વિદ્યમાન-પણું વર્તે છે. તેમજ આત્માનો શુદ્ધપર્યાય સાદિ અનંત ભાંગે થતાં પણ આત્મદ્રવ્યપણું ધ્રુવપણે વિદ્યમાન છે. ત્રણે કાલમાં આત્મદ્રવ્યપણું ધ્રુવપણે વર્તે છે, અને સુવર્ણના પર્યાયની પેઠે આત્માના અનેક પર્યાયો ચારગતિમાં અશુદ્ધ અને મોક્ષમાં શુદ્ધપણે ઉત્પન્ન થાય છે, તથા નષ્ટ થાય છે. હારમાં રહેલું સુવર્ણહારથી સ્યાત્ ભિન્ન છે, અને અભિન્ન

છે. કથંચિત્ ભિન્નપણું સ્વીકારતાં, સુવર્ણનો હાર એવો વ્યવહાર થાય છે. અને અન્યપર્યાયપણે સુવર્ણ પરિણમે છે. કથંચિત્ અભિન્નપણું સ્વીકારતાં સુવર્ણના પર્યાય અને સુવર્ણનો અભેદ દેખાય છે, આત્મા પણ કથંચિત્ દેહથી ભિન્ન છે, તેથી આત્માનો દેહ એવો વ્યવહાર થાય છે, તથા અન્યગતિમાં અન્યશરીર આત્મા ધારણ કરી શકે છે. તથા ધારણ કરેલા શરીરમાંથી આત્મા જુદો થઇને અન્યશરીર ધારણ કરે છે, કથંચિત્ આત્મા દેહથી અભિન્ન છે. કાર્મણ તૈજસ, અને ઔદારીક શરીરમાં પરિણમેલ આત્મા, સર્વ શરીરમાં રહે છે અને તેનાથી અભિન્નપણે વર્તે છે. જો એકાંતે શરીરથી ભિન્ન આત્મા વર્તે, તો શરીરથી થતાં પાપ પુણ્ય આત્માને લાગી શકે નહીં, અને કર્મની સાથે આત્માનો સંબંધ થાય નહીં. કથંચિત્ દેહની સાથે અભિન્ન આત્મસંબંધ માનતાં, આત્માને યોગસંબંધથી પુણ્ય પાપ લાગી શકે છે. અભિન્ન માનતાં કર્મની સાથે આત્માનો સંબંધ થાય છે. અભિન્ન માનતાં શરીરદ્વારા સુખ દુઃખનો ભોક્તા આત્મા સિદ્ધ થઇ શકે છે. કાર્મણશરીર અને તૈજસશરીરની સાથે તો, આત્મા જ્યાં સુધી મુક્તિપદ પામતો નથી, ત્યાં સુધી અભિન્નપણે વર્તે છે, તોપણ કાર્મણ અને તૈજસશરીરની સાથે પણ આત્માનો કથંચિત્ ભિન્ન સંબંધ છે. ભિન્નપણું કહેવાનું કારણ એ છે કે કાર્મણ અને તૈજસ-

શરીર પણ એક સરખાં હોતાં નથી, અને તેમાં પણ સમયે સમયે ઉત્પાદ વ્યય થયા કરે છે. આત્માના શુભાશુભ વ્યાપાર પ્રયોગે, તે પણ બદલાય છે. તથા આત્માનો કાર્મણ અને તૈજસની સાથે ભિન્ન સંબંધ કથંચિત્ માનતાં, તે બે શરીરથી પણ આત્મા છૂટો થઈ મુક્તિપદ પામે છે. વ્યવહારનયની અપેક્ષાએ શરીરની સાથે આત્માનો અભિન્ન સંબંધ અને નિશ્ચયનયની અપેક્ષાએ ભિન્ન સંબંધ છે. આત્મા મુક્તિપદ પામે છે ત્યારે દેહસંબંધ ટળ્યાથી, ભિન્નાભિન્ન સંબંધ પણ નષ્ટ થાય છે. મુક્તાવસ્થામાં પણ કથંચિત્ નિત્યાનિત્યપણું આત્માને વિષે વર્તે છે. આત્મામાં નિત્યાનિત્યત્વ જેમ વર્તે છે, તેમ સર્વજ્ઞે જ્ઞાનવડે પ્રરૂપણા કરી છે. આત્મદ્રવ્ય અનંત છે. સિદ્ધ અને સંસારી એ ભેદ આત્માના છે. સંસારી જીવ પણ એકેંદ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેંદ્રિયના ભેદથી પંચપ્રકારે છે. મિથ્યાત્વના નાશથી જીવ સમ્યકત્વ પામી ચોથે ગુણઠાણે આવે છે, અને ચોથા ગુણઠાણાથી દેશવિરતિપણું પંચમગુણઠાણે આવે છે. તથા સર્વ વિરતિપણું પામી છઠ્ઠા ગુણઠાણે આવે છે. ત્યાંથી આગળ ચઢી આઠમા ગુણઠાણાથી ક્ષપકશ્રેણિ આરોહીને, બારમાના અન્તે ઘનઘાતીકર્મ ખપાવી, તેરમા ગુણઠાણે જીવ ક્ષાયીકભાવની નવ લબ્ધિ પામી, સયોગી પરમાત્મા બને છે. ત્યાં વેદનીય, આયુષ્ય, નામ, અને ગોત્ર, એ અઘાતીયાં

ચાર કર્મ બાકી રહે છે. સયોગી પરમાત્મા વેદનીયકર્મના ઉદયથી આહાર ગ્રહણ કરે છે. આહારસંજ્ઞાનો નાશ તો મુનિને પણ હોય છે. તેથી સયોગીકેવલીને આહારસંજ્ઞાનું દૂષણ આહાર કરતાં પ્રાપ્ત થતું નથી. તથા તેરમે ગુણઠાણે દગ્ધરજ્જુવત્ વેદનીયાદિ ચાર કર્મ કહ્યાં છે, તે સ્થિતિની અપેક્ષાએ છે. અર્થાત્ તે ચાર કર્મ છે, પણ તેથી સંસારબીજભૂત નવાં કર્મ બંધાતાં નથી. સયોગી કેવલીને નિદ્રાનું કારણ દર્શનાવરણીયકર્મ ખપવાથી આહાર કરતાં નિદ્રાદોષ, તથા મોહનીયકર્મ ખપવાથી પ્રમત્તદોષ, લાગતો નથી. કેવલીને દેશનાદિ પ્રવૃત્તિ જેમ મોહજન્ય નથી, તેમ આહારાદિ પ્રવૃત્તિ પણ મોહજન્ય નથી. નામકર્મના ઉદયથી જેમ સયોગી કેવલીને દેશનાદિમાં પ્રવૃત્તિ થાય છે, તેમ વેદનીયોદયથી આહારાદિકમાં પ્રવૃત્તિ થાય છે. સયોગી કેવલીને મિષ્ટાન્નાદિ આહાર કરતાં, રસ સંબંધી મતિજ્ઞાન ઉત્પન્ન થતું નથી. જેમ સમવસરણમાં સુગંધિ પુષ્પોની સુગંધ આવવાથી, ઘ્રાણ સંબંધી મતિજ્ઞાન કહેવાતું નથી, તેમ અત્ર આહારમાં પણ મતિજ્ઞાનનો દોષ સંપ્રાપ્ત થતો નથી. રસ અને ગંધનું જ્ઞાન તે કેવલજ્ઞાનથી જણાય છે. ઇન્દ્રિયોનું જ્ઞાન ક્ષયોપશમભાવે છે ક્ષાયિકભાવે કેવલજ્ઞાન થતાં, ઇન્દ્રિયજ્ઞાન રહેતું નથી. ઇન્દ્રિયો ફક્ત શોભાર્થે છે. અઘાતીકર્મનો ક્ષય થતાં, આત્મા પરમાત્મસ્વરૂપ થાય છે. એક સમયમાં લોકાંત-

સિદ્ધ ક્ષેત્રમાં સાદિ અનંતમેભાંગે બીરાજમાન થાય છે. સર્વશુદ્ધ પર્યાયનો ઉત્પાદવ્યય સિદ્ધાત્મામાં સમયે સમયે થયા કરેછે. અશુદ્ધતાનો અંશમાત્ર પણ રહેતો નથી. અશુદ્ધતાના યોગે જન્મમરણ થાય છે, અશુદ્ધતા ટળવાથી જન્મ જરા અને મરણનો ભય સિદ્ધાત્માને હોતો નથી. આવી નિર્મલ શુદ્ધદશાની પ્રાપ્તિ કરવી, એજ વિવેકભવ્ય જનોનું મુખ્યમાં મુખ કર્તવ્ય છે. પરમાત્મસ્વરૂપ આત્મામાં સત્તાએ રહેલું છે, તેથી આત્મા નૈગમનયની અપેક્ષાએ સિદ્ધ કહેવાય છે. સંગ્રહનય સર્વ આત્માની એકસરખી સત્તા વર્ણવે છે. તે નયના અનુસારે સર્વ આત્મા સત્ છે. ચૈતન્યસત્તા એકસરખી હોવાથી, તેમાં ભેદભાવ વર્તતો નથી. એકાંત સંગ્રહનયથી આત્મસ્વરૂપ સ્વીકારતાં, વેદાંતમતની ઘટના થઈ છે. વ્યવહારનયથી આત્માનું સ્વરૂપ ભિન્ન ભિન્ન કથવામાં આવે છે ગતિની અપેક્ષાએ; ઇન્દ્રિયોની અપેક્ષાએ, પ્રાણની અપેક્ષાએ, પર્યાપ્તિ તથા અપર્યાપ્તિની અપેક્ષાએ, આત્માઓના અનેકપ્રકારે ભેદ પડે છે. જીવના પાંચસે ત્રેસઠ ભેદ થાય છે. રૂજુસૂત્રનય પરિણામગ્રાહી છે. શબ્દનય ભેદજ્ઞાનથી આત્મસ્વરૂપ સ્વીકારે છે. સમકિતની પ્રાપ્તિ શબ્દનય અંગીકાર કરીને, અન્યનયથી પોતાની વિલક્ષણતા દર્શાવે છે. સિદ્ધાત્મા વિનાની સર્વ દશાને સમભિરૂઢનય સ્વીકારે છે. એવંભૂતનય અષ્ટકર્મથી રહીત સિદ્ધાવસ્થા આ-

ત્માની વર્ણવેછે. સાતનય સાપેક્ષપણે સાચા જાણવા. એકુબી-જાથી નિરપેક્ષપણે વર્તે તો, સુનય પણ કુનય કહેવાય છે. સાત નયથી આત્મસ્વરૂપ જાણી પર્યાયાર્થિક નયથી કહેવાતું એવું આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો, આત્માને પોતાના સ્વરૂપમાં સ્થિરકરી પરભાવમાં જતો અટકાવવો, વા ઉપશમભાવ તથા ક્ષયોપશમભાવદ્વારા ક્ષાયીકભાવની પ્રાપ્તિ કરવા નિમિત્તકારણની સાપેક્ષતાએ પ્રયત્ન કરેલો સફળ થાય છે. પોતાનું જ્ઞાનદર્શન ચારિત્રમય શુદ્ધસ્વરૂપ છે, તેજ હું છું. અન્ય જડ વસ્તુમાં ત્રિકાલમાં પણ હું નથી. મોહમાયાની વાસનાથી પરમાં અહંત્વબુદ્ધિ ઉત્પન્ન થાય છે. પણ હવે જ્ઞાનયોગથી અન્તરમાં પ્રકાશ થવાથી મારૂં ચૈતન્યસ્વરૂપ મેં જાણ્યું, હું આત્મા કેવો છું તે દર્શાવે છે,

શ્લોક.

शुद्धात्म द्रव्यमेवाहं, शुद्धज्ञानं गुणो मम ॥
नान्योऽहं न ममान्ये चेत्यदो मोहास्त्रमुल्वणम् ॥ १ ॥

હું શુદ્ધ આત્મદ્રવ્ય છું. શુદ્ધજ્ઞાનગુણ મારો છે, ક્ષાયિકભાવે ઉત્પન્નથતું કૈવલ્યજ્ઞાન તેજ મારો મુખ્ય ગુણ છે. તેવિના શરીર, લેશ્યા, રાગ, દ્વેષ, મન, વચન, ધન, સ્ત્રી, પુત્ર, રાજ્ય, ક્ષેત્ર, પૃથ્વી, વગેરે હું નથી. આવી પૂર્ણશ્રદ્ધા તથા સંવેગથી ક્ષયોપશમભાવની તત્ત્વબુદ્ધિ છે તે મોહનો ક્ષયકરવા સમર્થ શસ્ત્રજેવી છે. અર્થાત્ આવું આત્મિકસુજ્ઞાન

થતાં, મોહ નાશ થઇશકે છે. આત્મજ્ઞાનદ્વારા આત્મામાં રમી, ક્ષાયિક ભાવનું કેવલજ્ઞાન, દર્શન,ચારિત્ર ઉત્પન્ન કરી, પરમદશાની પ્રાપ્તિ કરવી. તેજ સર્વ કર્તવ્યમાં મુખ્ય કર્તવ્યને ગણતાં વાચકવર્યશ્રી યશોવિજયજી કહે છે કે—**कोरमरोर करमकी मेटे सहजभाव विलासी हो**—કર્મની સર્વ પ્રકૃતિનો ક્ષય કરનાર એવો મારો આત્મા સહજ ભાવમાં વિલાસ કરનારો છું. આત્મગુણમાં ઉપયોગ મૂકી આત્માને સ્તવનારા ઉપાધ્યાયજી જાણે ઔદયિકભાવને ભૂલ્યા હોયતેમ કહે છે કે—**मेरो चिदानंद अविनाशी**—વળી કહે છે કે—પુદ્ગલની રચના તે સર્વ મેલ સમાન છે, એવું આ બાહ્યજગત છે, તેમાં શો રાગભાવ કરવો? મેલ સદૃશ જગતમાં આત્મજ્ઞાનિને ઉદાસભાવ વર્તે છે. તેથી જગત્‌ના પદાર્થોમાં જ્ઞાનિને રાગ અને દ્વેષબુદ્ધિ થતી નથી. અને તેથી જ્ઞાનિને ઉદાસીનતા જાગે છે, અને ઉદાસીનતાદ્વારા આત્મસ્વરૂપમાં રમણ કરતાં કર્મપડદો ચીરી નાંખીને આત્મા સૂર્યની પેઠે પ્રકાશે છે. નામભેખપણું વા નામની ક્રિયા કરનાર બાળજીવોના જ્ઞાનવિનાના તમાસા આત્મજ્ઞાની દેખે છે, અને નામ સાધુ, ત્યાગી વા સંન્યાસી, કહેવરાવવાથી કંઇ આત્મસ્વરૂપ પ્રગટતું નથી. જ્ઞાનસ્વરૂપ ચેતનના ગુણને ઓળખીને તેમાં રમે, તેજ નિશ્ચયથી સત્યસંન્યાસી કહેવાય છે. આવી નૈશ્ચયિકઅધ્યાત્મના રાગી ઉપાધ્યાયજી કહે છે કે—

दोरी देवारकी किति दोरे माति व्यवहार प्रकाशी हो
अगम अगोचर निश्चयनयकी, दोरी अनंत अगासी हो

વ્યવહારની મતિ દેવારની દોરી સમાન છે અને અગમ અગોચર નિશ્ચયનયની દોરી અનંત છે. એમ સ્પષ્ટ કહી, ઉપાધ્યાયજી આત્મતત્વ રમણતાને અગ્રગણ્ય કથે છે. સર્વ દેહધારીઓમાં જ્ઞાનદર્શનચારિત્રમય આત્માઓ વાસ કરે છે. ગુણની અપેક્ષાએ સર્વ આત્મા એક સરખા છે. સત્તાની અપેક્ષાએ સંગ્રહનય સર્વ આત્માને એક કહે છે, પણ વ્યક્તિની અપેક્ષાએ આત્મા અનેક છે. અનંતગુણમય આત્માનું ઐક્યસ્વરૂપ ભાવીને, આત્મજ્ઞાની ભેદ કલ્પનાને વિસારી મૂકે છે. પોતાના સ્વરૂપમાં અભેદપણે રમવાથી મુક્તિ છે. અભેદકલ્પના કરવાથી, જડમાં ચિત્તવૃત્તિનું પરિણમન થવાથી અનેક પ્રકારની તૃષ્ણાનો ઉદ્ભવ થાય છે. માટે બાહ્યભાવની ભેદકલ્પના દૂર કરી, આત્માની અનન્યભાવે ઉપાસના કરવી. હે ભવ્યો! ખરેખર તમે અન્તર્યામી આત્મપ્રભુનો વિશ્વાસ ધરી તેનું સેવન કરો. તમે જ્યાં જાઓછો, ત્યાં અન્તર્યામી આત્મપ્રભુ સાથેને સાથે વર્તે છે. તમારા દેખાતા શરીરમાં સર્વત્ર વ્યાપીને, અસંખ્યપ્રદેશી આત્મપ્રભુ રહ્યા છે. જ્ઞાનશક્તિનો આધાર પ્રકાશક આત્મપ્રભુ તમારી પાસે છતાં ક્યાં બાહ્ય તેને પ્રાપ્ત કરવા ભટકો છો? જરા તમે જ્ઞાનદ્વારા આત્મપ્રભુનું ધ્યાન કરશો તો તમે પોતે

આત્મપ્રભુ છો, અને આ દેખાતું શરીર તમારાથી ભિન્ન છે, એમ ભાસ્યાવિના રહેશે નહીં. શ્રી તીર્થંકર, ચક્રવર્તિ, મુનિવિગેરે જે અનંત સિદ્ધ થયા અને થશે, તે સર્વ આત્મપ્રભુની ઉપાસના કરવાથી સમજો. સૂર્ય ઘનવાદળથી આચ્છાદિત હોય, તોપણ દીવસ માલુમ પડે છે. તેમ આત્મા અષ્ટ કર્મથી આચ્છાદિત છે, તોપણ જ્ઞાનથી તે પ્રકાશ કરે છે. હે ભવ્ય! રત્નચિંતામણિ, કામધેનુ, કામકુંભ કલ્પવૃક્ષથી જે સુખ અપાય નહીં, તે સુખનો દાતા આત્મા પ્રભુ તમારા શરીરમાં જ્ઞાનજ્યોતિથી વિદ્યમાન છતાં કયાં તમે બાહ્યપદાર્થોમાં સુખને શોધો છો! હું ચૈત્ર, વા હું અમૃત, વા હું મણિલાલ, એવા શબ્દોમાં તમે આત્માને કયાં શોધોછો? બાળ, યુવા, અને વૃદ્ધ એવા શરીરને કેમ આત્માની ભૂલ કરોછો? તમો તે સર્વથી ન્યારા અંતરાત્મા પ્રભુછો, એમ દ્રઢ વિશ્વાસ ધારણ કરો, અને સત્તાપેક્ષાએ તમે પરમાત્મા છો. માટે આત્માને સિદ્ધસમાન ભાવો, સિદ્ધસ્વરૂપ અન્તરાત્માથી ન્યારૂ નથી એમ અભેદભાવનાથી આત્મા પરમાત્માનો ભેદ દૂર કરો. તમારી અનંતિશક્તિ છે. તમે આત્મા છો, પણ કાળું ગોરૂં દેખાતું શરીર તમે નથી, એમ અન્તરમાં ભાવ્યા કરો. સર્વ શરીર, મન, વાણીમાં થતા અહંત્વઅધ્યાસને ભૂલીજાઓ. અન્તરમાં રમણતા કરો. આવી ધ્યાનશકિત સ્થિરપણે પ્રતિદિન વૃદ્ધિ કરતા રહો.

પછી જુઓ કે તમારી પ્રથમની પ્રવૃત્તિમાં અને હાલની પ્રવૃત્તિમાં કેટલો ફેરફાર લાગે છે; તે પ્રત્યક્ષ અનુભવશો. રંકસમાન એવા શરીરને તમે આત્માતરીકે સ્વીકારી, તેની જેટલી ચાકરી તથા સારસંભાળ રાખોછો, તેટલી આત્માને માટે રાખતા નથી, તેજ તમારૂં અજ્ઞાન છે. તે બાબત કહ્યું છે કે—राजाने तो रंक गणीने–करी नहीं सारवार. रंकने राजा मानी बेठो–धिक पडयो अवतार–अन्तरघन खोयुंरे–मोटो ए अन्यायछे. नेवानुं पाणी मोभेरे–व्हाला चाल्युं जायछे. આત્મશક્તિને જો ખીલવવી હોય, તો પ્રેમભક્તિથી આત્મપ્રભુની ઉપાસના કરો. આત્મસ્વરૂપ સમજાવનાર શ્રી સદ્ગુરૂ મહારાજની આજ્ઞા મસ્તકે ધારણ કરો. પુનઃ પુન સદ્ગુરૂનો સમાગમ કરવો જોઈએ, શ્રીસદ્ગુરૂના ઉપદેશથી, જેવું આત્મસ્વરૂપ સમજાય છે, તેવું પોતાનીમેળે પુસ્તકો વાંચવાથી કદી જ્ઞાન થતું નથી. નાટક જોવામાં, હવાખાવામાં, ખેલ જોવામાં, કમાવામાં, તમારી ચિત્તવૃત્તિ જેટલી ઉત્સુક થાય છે, તેટલી આત્મપ્રભુની ભક્તિમાં ઉત્સુક થતીનથી, તેનું કારણ અજ્ઞાન મોહ છે. શ્રી સદ્ગુરૂના સમાગમમાં આવતાં, સ્વયમેવ આત્મપ્રભુ જ્ઞાનદ્વારા પોતાનું સ્વરૂપ પ્રકાશ કરશે, અનેક નામધારી એવો આત્મા અનેક નામથી પણ ભિન્ન છે, જે વાણી અગોચર છે, જે ઇન્દ્રિયોથી અપ્રકાસ્ય છે, એવા આત્મપ્રભુની ઉપાસના કરવામાં, એકપલ પણ નકામી

ગાળવી યોગ્ય નથી મનમાં આત્મપ્રભુનું સ્મરણ કર્યા કરો. અનંતગુણાધાર શ્રી આત્મપ્રભુની જેવા ભાવથી સેવના કરશો તેવાં ફળ પામશો. સેવાકરનાર તથા ફળ આપનાર, તથા ફળ ભોગવનાર પણ એક આત્મા છે. અષ્ટસિદ્ધિ અને નવનિધિ પણ આત્મામાં છે, તેને પેદાકરનાર પણ આત્મા છે, ને તેને ભોગવનાર પણ આત્મા છે. શ્રી જીનેન્દ્રભગવાને અસંખ્ય યોગદ્વારાથી આત્મપ્રભુની ઉપાસના કરવાની કહી છે. તે સર્વથી પણ ઉપાદેય પ્રાપ્ય આત્મપ્રભુ છે. જે જે વિચારો તમે કરોછો, તે તે આત્મામાંથી થાય છે, માટે તમારી પાસેજ આત્મા છે. ગૌતમસ્વામીને અઠ્ઠાવીશ લબ્ધિયો ઉત્પન્ન થઇ હતી તે સર્વ લબ્ધિયો પણ આત્માનીજ જાણવી. શ્રી વિષ્ણુકુમારને આકાશગામિનીશક્તિ પ્રાપ્ત થઇ હતી, તે પણ આત્માનીજ શક્તિ જાણવી. અનંતધર્મધન તમારી પાસે છે, છતાં કયાં બાહ્યકાશી વિગેરેજાઈ ધર્મ શોધોછો! તમારૂં ધન આત્મામાં રહ્યું છે. જેમ કોઇ મનુષ્યના ઘરમાં ઘણું ધન દાટેલું છે, અને તેના તાંબાપત્રના લેખો પણ ગૃહમાં મોજુદ છે, છતાં તે અજ્ઞાનથી પોતાને ભિખારી સમજીને અન્યની આગળ ભીખ માગે છે, પણ જ્યારે કોઇ ભેદુ ઘેલા મનુષ્યને સમજાવી તેના ઘરમાં દાટેલું ધન કાઢી બતાવે. ત્યારે તેને કેટલો આનંદ થાય, તથા પોતાને ધનવાન્ માને, તેમ આત્મારૂપ ઘરની અંદર જ્ઞાનદર્શન, ચારિત્ર,

સુખ, વીર્યરૂપ અનંત ઘણું ધન કર્મરૂપ ધુળથી દટાએલું છે, તેથી જીવ પોતાને નિર્ધન માને છે, અને પુદ્ગલ કે જે રૂપું, સોનું, મોતી, વિગેરે છે, તેને ધન સમજી પુદ્ગલ ભિક્ષા માગ્યા કરે છે. પણ જ્યારે પ્રાણીને શ્રી સદ્ગુરૂનો સમાગમ થાય છે; ત્યારે તેને ગુરૂ આત્મિક ધન-જ્ઞાનચક્ષુ ઉઘાડી દેખાડે છે, તેથી આત્માને અનંત આનંદ સંપ્રાપ્ત થાય છે. અને પછી મનમાં વિચારે છે કે અહો સત્યધન તો મારા આત્મામાં છે. બાહ્યધન તો અનંત સિદ્ધજીવોની એંઠ છે. તે તો જડવસ્તુ છે. મારૂં ધનતો જડ-વસ્તુથી ભિન્ન છે, એમ ખરેખરો જ્ઞાનથી વિશ્વાસ થતાં જીવની ધનાર્થે સુખાર્થે બાહ્યભાવમાં થતી પ્રવૃત્તિ સહેજે ટળે છે. અને આત્મા નિવૃત્તિમય બને છે. અને આત્મગુણ ભાવનાથી આત્માને ભાવતો ભેદજ્ઞાની આત્મા અનંતસુખનો ભોગી બને છે. આત્માનો શાંતભાવરૂપ અમૃતરસનું આ સ્વાદન કરતો છતો, આત્મા પૂર્ણ બ્રહ્મસ્વરૂપનો અભ્યાસી બની, અનંત આનંદ રસનો સમયે સમયે આસ્વાદ લે છે. બ્રહ્મસ્વરૂપનો આનંદ ભોગવી, આત્મા સાંસારીકસુખને વિષ્ટાસમાન લેખે છે. અને ઇંદ્ર, ચંદ્ર, નાગેન્દ્રની પદવીને પણ બાળચેષ્ટા સમાન ગણે છે. આત્મા પ્રભુનું ધ્યાન કરતાં પરમાત્મ સ્વરૂપ પ્રગટે છે તે ઉપર શ્રી આનંદઘનજી મહા-રાજ કહે છે કે—

जीन स्वरूप थइ जिन आराधे ते सहि जिनवर होवे रे.
भृंगी इलिकाने चटकावे ते भृंगी जग जोवे रे. ॥ षट् ॥

વળી તે ઉપર શ્રી ચિદાનંદયોગીરાજ પણ કહે છે કે

सुणी भृंग केरो शब्द कीट फीट भृंग थयो, लोहाको विकार गयो पारस फरसथी; फूलके संजोग शील तेल भयो हे फूलेल तरु भये चंदन सुवासके फरसथी; मुक्ताफल स्वातिको उदक भयो सीप संग, काष्ठ हुं पाषाणे ज्युं सीलोदक फरसथी, चिदानंद आतमा परमातमा सरूप भयो. अवसर पाय भेद-ज्ञानके दरसथी.

પરમાત્મસ્વરૂપની ભાવના તથા અન્તરમાં સ્વસત્તાને એકત્વ તન્મયપણે ધ્યાવવાથી પૂર્ણજ્યોતિઃસ્વરૂપની પ્રાપ્તિ થાય છે. વળી આત્મદ્રવ્યનું ભેદજ્ઞાનાર્થે વિશેષતઃ વર્ણન કરે છે.

दुहा.

द्रव्यादिकथी अस्तिता, अन्य नास्तिता पाय;
अन्यपणे सापेक्षथी, समय समयनी मांय. १२७
क्षयोपशमता योगथी, तुं कर निजगुण खोज;
चढते भावे जागशे, चिदानन्दकी मोज. १२८
अनुभवगम्य स्वरूप ज्यां, त्यां शो वादविवाद;
आतमने ते ओळखे, प्रगटे जेने नाद. १२९

ध्यान ध्यानमां भेदता, क्षयोपशमना भेद;
सम्यग्ज्ञान प्रभावथी, रहे न किंचित्खेद. १३०

હવે દ્રવ્યમાં અસ્તિતા નાસ્તિતાનું સ્વરૂપ વર્ણન કરતાં પ્રથમ પ્રસંગોપાત દ્રવ્યનું સામાન્યતઃ સ્વરૂપ વર્ણવે છે. ૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય ૪ પુદ્‌ગલાસ્તિકાય, ૫ જીવ અને ૬ કાલ એ છ દ્રવ્યમાં કાલદ્રવ્ય તે ઉપચારથી દ્રવ્ય છે, વસ્તુગત્યા દ્રવ્ય નથી. એ છ દ્રવ્ય શાશ્વત છે, એ છ દ્રવ્યમાં પાંચ અજીવદ્રવ્ય છે, અને જીવ તેજ જીવદ્રવ્ય છે.

ધર્માસ્તિકાયના ચાર ગુણ છે. ૧ અરૂપી, બીજો અચેતન, ત્રીજો અક્રિય; ચોથો ગતિસહાયગુણ. અધર્માસ્તિકાયના ચાર ગુણ છે. અરૂપી, અચેતન, અક્રિય અને સ્થિતિ સાહાયગુણ. આકાશાસ્તિકાયના ચાર ગુણ છે. અરૂપી, અચેતન, અક્રિય, અને અવગાહનાગુણ. કાલદ્રવ્યના ઉપચારે ચારગુણ છે. અરૂપી અચેતન, અક્રિય, નવા પુરાણાવર્તના લક્ષણ. પુદ્‌ગલાસ્તિકાયના રૂપી, અચેતન, સક્રિય, અને ચોથો મિલન વિખરણપૂરણગલનગુણ છે. જીવદ્રવ્યના અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંતચરિત્ર, અનંતવીર્યગુણ છે. એ છ દ્રવ્યના ગુણ અનાદિ અનંતમે ભાંગે છે. હવે છ દ્રવ્યના પર્યાય કહે છે. ધર્માસ્તિકાયના ચાર પર્યાય છે, એક બંધ, બીજો દેશ, ત્રીજો પ્રદેશ, અને ચોથો અગુરૂલઘુ

બીજા અધર્માસ્તિકાયના ચાર પર્યાય છે. એક સ્કંધ બીજો દેશ, ત્રીજો પ્રદેશ, અને ચોથો અગુરૂલઘુ. પુદ્ગલ દ્રવ્યના ચાર પર્યાય છે. એક વર્ણ બીજો ગંધ, ત્રીજો રસ, અને ચોથો સ્પર્શ અગુરૂલઘુસહિત. તથા આકાશાસ્તિ-કાયના ચાર પર્યાય છે. એક સ્કંધ, બીજો દેશ, ત્રીજો પ્રદેશ, અને ચોથો અગુરૂલઘુ. તથા કાલદ્રવ્યના ઉપચારે ચાર પર્યાય છે. એક અતીતકાલ, બીજો અનાગતકાલ, ત્રીજો વર્તમાન કાલ, ચોથો અગુરૂલઘુ. તેમજ જીવદ્રવ્યના ચાર પર્યાય છે. એક અવ્યાબાધ, બીજો અનવગાહ; ત્રીજો અમૂર્તિક, ચોથો અગુરૂલઘુ. એ છ દ્રવ્યના પર્યાયો પણ પ્રવાહની અપેક્ષાએ અનાદિ અનંતમે ભાંગે જાણવા.

એ છ દ્રવ્યના ગુણપર્યાયનું સાધર્મ્યપણું કહે છે. અગુરૂલઘુપર્યાય ષટ્દ્રવ્યોમાં સરખો છે. અરૂપીગુણ પુદ્ગલદ્ર-વ્યને ટાળીને પંચદ્રવ્યમાં વર્તે છે. અચેતનગુણ પંચદ્રવ્યમાં વર્તે છે. સક્રિયગુણ પુદ્ગલ અને વ્યવહારથી જીવદ્રવ્યમાં વર્તે છે. નિશ્ચયથી સક્રિયગુણ જીવદ્રવ્યમાં વર્તતો નથી. ચલનસાહાય્યગુણ એક ધર્માસ્તિકાયમાં છે. સ્થિરસાહાય્યગુણ એક અધર્માસ્તિકાયમાં વર્તે છે. અવગાહનાગુણ એક આકાશ દ્રવ્યમાં વર્તે છે, બાકીના પંચદ્રવ્યમાં નથી. વર્તનાગુણ તે એક કાળદ્રવ્યમાં છે, તથા મિલનવિખરણગુણ તે એક પુદ્ગલ-દ્રવ્યમાં છે. અન્યદ્રવ્યમાં નથી. તથા જ્ઞાનચેતનાગુણ એક

જીવદ્રવ્યમાં છે, એ છ દ્રવ્યના મૂલ ગુણ જે દ્રવ્યના છે, તેમાંજ રહે. ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ દ્રવ્યના ત્રણ ગુણ, તથા ચાર પર્યાય સરખા છે. ત્રણ ગુણથી કાલદ્રવ્ય પણ સાધર્મ્યતાને ભજે છે. ધર્માસ્તિકાય અસંખ્યપ્રદેશી અને લોકવ્યાપી છે. અધર્માસ્તિકાય અસંખ્યપ્રદેશી અને લોકવ્યાપી છે. આકાશાસ્તિકાય અનંતપ્રદેશી અને લોકાલોક વ્યાપી છે પુદ્‌ગલદ્રવ્ય અનંત છે, અને તે પરમાણુરૂપદ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહે છે. પુદ્‌ગલદ્રવ્ય લોકવ્યાપી છે. કાલદ્રવ્ય ઉપચારથી અઢીદ્વીપ વ્યાપી છે. બાહ્યકાળનો વ્યવહાર સૂર્યચંદ્રની ગતિઉપર આધાર રાખે છે. જીવદ્રવ્ય અનંત છે. પ્રત્યેક જીવના અસંખ્યાતપ્રદેશ છે, અને તે જીવદ્રવ્યો લોકમાં વ્યાપીને રહે છે. દેહધારી જીવોના પ્રદેશો જેટલું શરીરમાન હોય, તેટલામાં વ્યાપીને રહે છે. છએ દ્રવ્યમાં જીવના ગુણનો ઘાતક એક પુદ્‌ગલાસ્તિકાય છે. છ દ્રવ્ય નિશ્ચયનયથી પોતપોતાના સ્વરૂપમાં પરિણમે છે. દરેક દ્રવ્યનો પરિણમનધર્મ ભિન્ન ભિન્ન વર્તે છે. જો દરેક દ્રવ્યનો પરિણમનધર્મ એક સરખો હોય, તો પ્રત્યેકદ્રવ્યની પરિણમતા એક સરખી થઈ જાય, અને તેથી પ્રત્યેક દ્રવ્ય ભિન્ન ભિન્ન કહેવાય નહીં. વ્યવહારથી જીવ અને પુદ્‌ગલ એ બે દ્રવ્યપરિણામી છે. રાગદ્વેષ સહીત જીવને પુદ્‌ગલની સાથે પરિણમવાનો સ્વભાવ છે. બે દ્રવ્યમાં પરિ-

ણમવાની શક્તિ રહી છે. પણ તેમાં પરિણમનક્રિયાનો પ્રવર્તક અશુદ્ધપરિણતિથી આત્મા ભાસે છે. આત્મા અશુદ્ધપરિણતિથી પુદ્‌ગલદ્રવ્યને આકર્ષે છે, તેથી પરિણમનનો મુખ્ય પ્રવર્તક આત્મા બને છે. જો પરિણમનનું મુખ્યપ્રવર્તક પુદ્‌ગલદ્રવ્ય હોય, તો જીવદ્રવ્ય પુદ્‌ગલદ્રવ્યથી છૂટો થઇ શકે નહીં. એમાં પરિણમનસ્વભાવ રહ્યો છે, તેથી તે પરિણમે છે. પરિણમનના બે ભેદ છે. ૧ એક શુદ્ધપરિણમન અને બીજું અશુદ્ધપરિણમન. તેમાં ધર્મ, અધર્મ, આકાશ, કાલ એ ચારનું પરિણમન પોતાના સ્વરૂપમાં છે, તેથી તે શુદ્ધપરિણમન છે, જીવ અને પુદ્‌ગલદ્રવ્યનું બેના સંયોગથી વિભાવપરિણમન થયું છે, તેથી તે અશુદ્ધપરિણમન કહેવાય છે. અનાદિકાળથી જીવ અને પુદ્‌ગલનું અશુદ્ધપરિણમન વર્તે છે. સંસારીજીવ સમયે સમયે સાત આઠ કર્મવર્ગણા ગ્રહણ કરી અશુદ્ધતાની વૃદ્ધિ કરે છે. કેટલીક કર્મવર્ગણાઓ ખરે છે અને કેટલીક નવી આવે છે. હવે પ્રસંગોપાત કર્મવર્ગણાનું કિંચિત્‌સ્વરૂપ કહે છે. બે પરમાણુ ભેગા થાય, ત્યારે દ્વયણુક, તથા ત્રણ પરમાણુ મળે ત્યારે ત્ર્યણુકસ્કંધ કહેવાય છે. એમ અસંખ્યાતાપરમાણુ મળે, ત્યારે અસંખ્યાતાણુક કહેવાય છે. તથા અનંતપરમાણુઓ ભેગા થાય, ત્યારે અનંતાણુકસ્કંધ કહેવાય છે. એ સ્કંધ જીવ ગ્રહણ કરતો નથી. જ્યારે અભવ્યથી અનંતગુણ અધિક

પરમાણુ ભેળા થાય, ત્યારે ઔદારીકશરીરને લેવાયોગ્ય વર્ગણા થાય છે. એમ ઔદારીકથી અનંતગુણા પરમાણુ મળે, ત્યારે વૈક્રિયવર્ગણા થાય. વૈક્રિયથી અનંતગુણાધિક પરમાણુદલ ભેગા થાય, ત્યારે આહારકવર્ગણા થાય છે. એમ ઉત્તરોત્તર વર્ગણામાં એકેકથી અધિક અનંતપરમાણુઓ મળે, ત્યારે વર્ગણાઓ થાય છે. પહેલીથી બીજી, અને બીજીથી ત્રીજી, અને ત્રીજીથી ચોથી તૈજસ, અને તૈજસથી ભાષા, અને ભાષાથી શ્વાસોશ્વાસ અને શ્વાસોશ્વાસથી મનોવર્ગણા, અને મનોવર્ગણાથી આઠમી કાર્મણવર્ગણામાં અનંતગુણાધિક પરમાણુદલીક છે. ઔદારીક, વૈક્રિય, આહારક, તૈજસ, એ ચાર વર્ગણા બાદર છે, તેમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, અને આઠ સ્પર્શ, એમ વિશ ગુણ રહ્યા છે. તથા ભાષા, શ્વાસોશ્વાસ, મન અને કાર્મણ એ ચાર વર્ગણા સૂક્ષ્મ છે. એ ચાર સૂક્ષ્મવર્ગણામાં પાંચ વર્ણ, બે ગંધ; પાંચ રસ, અને ચાર સ્પર્શ, એમ શોળ ગુણ રહ્યા છે. અને એક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ, એક રસ, બે સ્પર્શ એમ પાંચ ગુણ રહ્યા છે. એમ આઠ વર્ગણાનાં દલીક પણ આત્માસંખ્યપ્રદેશોની સાથે, ક્ષીરનીરવત્ પરિણમ્યાં છે. પુદ્ગલ દ્રવ્યરૂપી છે. અને તે આત્માના ગુણોનું આચ્છાદન (વિઘાત) કરે છે. પુદ્ગલદ્રવ્યના બે ભેદ છે. એક ચારસ્પર્શીપુદ્ગલદ્રવ્ય, અને બીજું આઠસ્પર્શીપુદ્ગલદ્રવ્ય

છે. તેમાં ચારસ્પર્શી પુદ્ગલદ્રવ્ય કેટલા છે, તે બતાવે છે. આઠ કર્મનાં પુદ્ગલસ્કંધપર્યાય, અઢાર પાપસ્થાનકના, કાર્મણશરીરના, મનોવર્ગણાનાં પુદ્ગલ, તથા વચનવર્ગણાનાં પુદ્ગલ, સર્વ પ્રયોગસા ચઉફરસીરૂપી પુદ્ગલ જાણવાં. આત્મવીર્યપ્રયોગદ્વારા જે પુદ્ગલો ગ્રહવામાં આવે છે, તે પ્રયોગસા કહેવાય છે. આઠ ફરસીરૂપી પુદ્ગલદ્રવ્ય છે, તેમાંનાં કેટલાંક ચક્ષુગોચર થાય છે, અને કેટલાંક થતાં નથી. વાયુકાયનાં પુદ્ગલ તથા આહારકશરીરનાં ધુંધલાં પુદ્ગલ, અને છ પ્રકારની દ્રવ્યલેશ્યાના, ઇત્યાદિ આઠસ્પર્શી પુદ્ગલ છે, આઠસ્પર્શી છે, તેમાંના જે પુદ્ગલના સ્કંધમાં કર્કશ અને ભારી સ્પર્શના પુદ્ગલ ઘણા હોય, તથા સુકુમાલ, મૃદુ, અને હલકા પુદ્ગલ ઘણા હોય, તે ચક્ષુથી દેખાય નહીં. ઉપરાંત ઔદારીક, વૈક્રિયાદિકના જે પુદ્ગલો દેખવામાં આવે છે, આઠસ્પર્શીરૂપીપુદ્ગલ દ્રશ્ય પણ છે, અને અદ્રશ્ય છે. પુદ્ગલદ્રવ્યના છૂટા પરમાણુઓ પણ અનંત છે. અને તેના સ્કંધો પણ જીવોની સાથે મળેલા અનંત છે.

પુદ્ગલ દ્રવ્યરૂપી છે, તોપણ અરૂપી એવા આત્મગુણોનો તેની સાથે પરિણમીને વિઘાત કરે છે. પુદ્ગલ અને જીવનું પરિણમન પ્રવાહની અપેક્ષાએ અભવ્યજીવને અનાદિ અનંતમે ભાંગે ચઉદ રાજલોક ક્ષેત્રપ્રમાણમાં રાગદ્વેષભાવથી છે. તથા પ્રવાહની અપેક્ષાએ ભવ્યજીવોને આશ્રયી એનું પરિ-

ણુમન અનાદિસાંત ભાંગે છે. ઔદારીક વૈક્રિયાદિશરીરની સાથે જીવોનું પરિણુમન સાદિ સાંત ભાંગે છે. જીવોની સાથે પુદ્ગલનું પરિણુમન સાદિ અનંતમે ભાંગે થતું નથી. જીવોની સાથે કર્મરૂપ પુદ્ગલસ્કંધોનું પરિણુમન વિભાવથી છે, માટે પુદ્ગલથી છૂટો થઈ આત્મા મુક્તિ પામે છે. વિજાતિય બે દ્રવ્યનું પરિણુમન વિભાવથીજ હોય છે. પોતાના ગુણુપર્યાયમાં પ્રત્યેક દ્રવ્ય સ્વભાવથી પરિણુમે છે તેથી ગુણુપર્યાયરહીત કોઇ દ્રવ્ય હોતું નથી. યદ્યપિ જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય પરિણુમે છે, તે બે ભેગાં પોતાના મૂળસ્વભાવથી પરિણુમતાં નથી. બે ભેગાં પરિણુમે છે ત્યારે વિભાવરૂપ વ્યવહારનય કહેવાય છે. બે ભેગાં મળે છે, તોપણ પોતાનું મૂળસ્વરૂપ ત્યાગતાં નથી, તેથી તે નિશ્ચયની અપેક્ષાએ પોતપોતાનામાં પરિણામી હોઇ, અન્યમાં મૂળસ્વરૂપે અપરિણામી કહેવાય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાલ, અને આકાશ એ ચાર, અપરિણામી છે. તે સંબંધી.

गाथा.

परिणामी जीव मुत्ता, सपएसा एगखित्त किरिआय; ॥
निच्चं कारण कत्ता, सव्वगय इयर अप्पवेसे. ॥१॥

પરિણામનું સ્વરૂપ છ દ્રવ્યમાં કહ્યા બાદ જીવપણું કહે છે, છ દ્રવ્યમાં એક જીવદ્રવ્ય તે જીવ છે. અન્ય પંચદ્રવ્ય અજીવ

છે. છ દ્રવ્યમાં એક પુદ્ગલદ્રવ્ય મૂર્તિમાનરૂપી છે. બાકીનાં પંચદ્રવ્ય અમૂર્તિમંત અરૂપી છે. છ દ્રવ્યમાં પંચ દ્રવ્ય સપ્રદેશી છે, અને કાલ અપ્રદેશી છે. કેટલાક આત્માના અસંખ્યપ્રદેશ સ્વીકારતા નથી, તેમના મતમાં આત્મા અનેક શરીર ધારણ કરી, એકકાળમાં ભોગ ભોગવી શકે નહીં, તે દૂષણ આવે છે. અસંખ્ય પ્રદેશ આત્માના માનવાથી, વૈક્રિયશરીર ધારણ કરતાં, વા આહારકશરીર ધારણ કરતાં, દરેક શરીરમાં અસંખ્ય પ્રદેશો ભળે છે. અને પરસ્પર શરીરની સાથે આત્મ પ્રદેશોનો સંબંધ વર્તે છે. અને તેમજ અંતરાલમાં પણ આત્મપ્રદેશોની તતિ વર્તે છે. તેમજ કર્મયોગે આત્મ-પ્રદેશો સંકોચ વિકાશ ધર્મવાળા વર્તે છે, તથા કર્મયોગે આત્મપ્રદેશોમાં ગમનાગમન કરી શકિત વર્તે છે, તેથી તથા આત્મા અનેક શરીર ધારણ કરે છે, તોપણ સર્વ શરીરોમાં વર્તનાર અસંખ્ય પ્રદેશોનો એક સમયમાં ભેગો એક ઉપ-યોગ થવાથી અનેક શરીર સાથે આત્મા સંબંધ ધરાવી ભોગ ભોગવી શકે છે. ઇન્દ્ર તથા ચક્રવર્તિની પેઠે આત્મા અસંખ્યપ્રદેશી છે, અને તે મધ્યમ પરિણામિ છે.

વેદાંતી—હે સિદ્ધાંતી ! તમે આત્માને સર્વવ્યાપક માનતા નથી, અને અસંખ્યપ્રદેશોથી શરીરવ્યાપક માનો છો, તો કોઇના આત્માએ પુણ્યકૃત્ય કર્યું, અને તે પુ-ણ્યના યોગે દ્વીપાંતરમાં મોતિ થયાં. તો તે મોતીની પ્રાપ્તિ

તમોએ માનેલા દેહવ્યાપી આત્માને થઈ શકશે નહીં કારણકે મોતિપ્રાપ્તિકારણ પુણ્ય તો શરીરસાથે છે, અને આત્મા પણ શરીરમાં છે, તો તે દ્વીપાંતરમાં ગયાવિના મોતિની પ્રાપ્તિ કરી શકે નહીં. અમારા મતમાં તો સર્વત્ર આત્મા વ્યાપક હોવાથી, દ્વીપાંતરમાં થનાર મોતિની સાથે પણ આત્મા તથા અદૃષ્ટનો સંબંધ છે, તેથી તે મોતિનો સંબંધ શરીરની સાથે અદ્રષ્ટ કરાવશે. પણ સિદ્ધાંતિના મતમાં સર્વવ્યાપક આત્માના અભાવે, મોતિનો સંબંધ શરીરની સાથે થઈ શકે નહીં. કારણ કે દ્વીપાંતરથી મોતિ લાવનાર કોણ ?

સિદ્ધાંતિ—હે ભવ્ય જરા સ્વસ્થ ચિત્તથી સાંભળો. સ્યાદ્વાદદર્શનમાં શરીરવ્યાપક આત્મા માનવાથી, તમોએ કહેલું પૂર્વોક્ત દૂષણ આવતું નથી. જોકે આત્મા શરીરવ્યાપી છે, અને અદ્રષ્ટ પણ શરીર વ્યાપી આત્માને આશ્રયે રહે છે, તોપણ અદ્રષ્ટમાં એવી શકિત છે કે, દ્વીપાંતરમાં ઉત્પન્ન થએલાં મોતિ અદ્રષ્ટ શક્તિથી શરીરાસન્ન અનેક કારણદ્વારા ખેંચાઇ આવે છે, અને તેનો ભોગ આત્મા અદ્રષ્ટયોગે કરે છે, અદ્રષ્ટ અત્ર છે, અને મોતિ દ્વીપાંતરમાં છે. તોપણ અદ્રષ્ટરૂપ કારણ મોતિથી દૂર રહીને, પણ મોતિની પ્રાપ્તિરૂપ કાર્ય ઉત્પન્ન કરે છે. પાસે રહીનેજ કારણ કાર્યને ઉત્પન્ન કરે, એવો કંઇ નિયમ હોતો નથી.

લોહચુંબકથી સોય ઘણી દૂર હોય છે, તોપણ લોહચું-બક પોતાની શક્તિથી સોયને ખેંચી પાસે આણે છે. વળી સ્યાદ્વાદી સર્વવ્યાપક આત્મા માનનારને કહે છે કે ભાવિવસ્તુ કે જે હાલ ઉત્પન્ન થઇ નથી પણ થશે, તેને પણ યુક્ત અને યુંજાન નામના બે યોગિયો જાણે છે. તો કહેવાનું કે-યુક્ત અને યુંજાનયોગીનું જ્ઞાન તો હાલ છે, પણ વસ્તુ તો હાલ થઇ નથી, તેથી જ્ઞાન અને વસ્તુ-નો સંબંધ શી રીતે થયો ! પ્રત્યુત્તરમાં તમે કહેશો કે, જ્ઞાનમાં એવા પ્રકારની શક્તિ છે કે તે સંબંધવિના પણ ભાવિવસ્તુને વિષયભૂત કરે છે. તો અમે પણ કહીએ છીએ કે અત્ર બેઠાં આ શરીરધારી આત્મામાં રહેલું અદ્રષ્ટ છે. તેમાં એવી શકિત છે કે તે દ્વીપાંતરમાં ઉત્પન્ન થનાર મોતિને ખેંચી લાવશે. વળી અમો પુછીએ છીએ કે વર્તમાન જીવના અદ્રષ્ટથી, ભવિષ્ય વસ્તુ સુખ દેવાવાળી વા દુઃખ દેવાવાળી પરિણામને પામે છે. તો કહેવાનું કે, ભાવિવસ્તુ તો હજી પેદા થઇ નથી, તો ભાવિ વસ્તુની સાથે અદ્રષ્ટનો સંબંધ શી રીતે થયો ? પ્રત્યુત્તરમાં કહે-શો કે-અદ્રષ્ટમાં એવી શકિત છે કે તેનો અવિદ્યમાન ઉ-ત્પન્ન થવા વાળી વસ્તુની સાથે સંબંધ થાય છે. તો તેમ અમે પણ કહીએ છીએ. દ્વીપાંતરવર્તિ મોતિ વગેરે સુખ દુઃખ દેવાવાળી વસ્તુને દૂર છતાં, પણ અદ્રષ્ટ આકર્ષી શકે

છે, તેમાં કોઈ જાતનો દોષ પ્રાપ્ત થતો નથી, માટે મધ્યમ પરિણામી આત્મા માનતાં કોઈજાતનો દોષ આવતો નથી. અદ્રષ્ટથી સાનુકુળ પ્રતિકુળ અનેક વસ્તુઓનો સંબંધ શુભાશુભ અદ્રષ્ટ કરે છે. વળી કહ્યું કે—આત્મા સર્વત્રવ્યાપક આકાશની પેઠે છે, એ પણ વચન અનુભવમાં આવતું નથી. દેહમાંજ સુખ—દુઃખના જ્ઞાતા તરીકે આત્માનો અનુભવ થાય છે. પણ દેહવિના દ્વીપાંતરમાં પોતાનો આત્મા છે. એવો અનુભવ થતો નથી. જ્ઞાનગુણ જયાં હોય છે, ત્યાં ગુણી આત્મા હોય છે. જ્ઞાનગુણ શરીરના સંબંધે હોય છે, માટે જ્ઞાનગુણનો આધાર આત્મા પણ શરીરમાંજ રહે છે. જો શરીરવિના આત્મા અન્યત્ર રહેતો હોય તો દ્વીપાંતરનું પણ હાલ જ્ઞાન થવું જોઇએ. જો કહેશો કે બાહ્યજ્ઞાન તો ઇન્દ્રિયોદ્વારા તથા મનોદ્વારા થાય છે. અને દ્વીપાંતરમાં ઇન્દ્રિય તથા મનના અભાવે બાહ્યજ્ઞાન થતું નથી. ત્યારે અમો કહીએ છીએ કે બાહ્યજ્ઞાન ભલે ના થાય, પણ દ્વીપાંતરમાં આત્માના સદ્‌ભાવથી અંતરજ્ઞાન થવું જોઇએ, પણ તે અનુભવમાં આવતું નથી. તમે કહેશો કે, દ્વીપાંતરના આત્માને અન્તરજ્ઞાન છે, પણ આ શરીરમાં રહેલા આત્માને ઇન્દ્રિયકર્માવરણ છે, તેથી અન્તરજ્ઞાનનો અનુભવ થતો નથી. આવું તમારૂં કહેવું યોગ્ય નથી. કારણ કે દ્વીપાંતરના આત્માને કર્માવરણ નથી, અને આ શ-

રીરમાં રહેલા આત્માને કર્માવરણ છે, ત્યારે તો એમ ઠર્યું કે સર્વવ્યાપક આત્માપણ એકદેશથી બંધાય છે, અને એક દેશથી મુકત રહે છે. આમ હોવાથી કદી આત્મા નિર્મલ થશે નહીં. વળી એવો ન્યાય છે કે, સર્વવ્યાપક આત્મા એક દેશથી કર્મથી બંધાય નહીં. વળી કહેશો કે આત્મા સર્વત્રવ્યાપક હોવાથી, સર્વથી બંધાય છે, આ પણ જ્ઞાનશુન્ય વચન છે. જો સર્વથી આત્મા બંધાય, તો સર્વત્ર વ્યાપક એવું મોટું શરીર પણ આત્માએ ધારણ કરવું જોઇએ. પ્રત્યક્ષ દેખવામાં આવે છે કે, સર્વવ્યાપક કોઈનું શરીર દેખાતું નથી. જે શરીર દેખાય છે, તે મધ્યમ પરિણામવાળાંજ હોય છે, તેથી આત્મા પણ મધ્યમ પરિણામવાળો છે, એમ સાક્ષાત્ અનુભવ થાય છે. વળી હે ભવ્ય ! સર્વત્રવ્યાપક એવો આત્મા માનીએ તો તે આકાશની પેઠે નિષ્ક્રિય ઠરે, અને નિષ્ક્રિય અને એકાંત નિત્ય આત્મા આકાશની પેઠે કર્મથી બંધાય નહીં. અને કર્મથી બંધાયા વિના શરીર ઈન્દ્રિય મન પણ ઉત્પન્ન થાય નહિં, અને શરીર ઇન્દ્રિય મન તો પ્રત્યક્ષ દેખવામાં આવે છે, તેથી સર્વવ્યાપક આત્મા સિદ્ધ ઠરતો નથી. વળી તમે એમ કહેશો કે જ્ઞાન ગુણ તે આત્માનો નથી, મનનો ધર્મ છે તેથી દ્વીપાંતરવર્તિ આત્માનો પ્રતિભાસ થતો નથી, એમ કહેવું તે પણ અનુભવ વિ-

રૂદ્ધ છે. **ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन** તથા **विज्ञानमानन्दं ब्रह्म** આ વચનો તમો માનો છો, તેમાં બ્રહ્મ એટલે આત્માનો જ્ઞાનગુણ કહ્યો છે, તેનો પોતેજ અપલાપ કરવો તે **वदतोव्याघात सदृश** છે. આત્માનો જ્ઞાનગુણ યદિ નહિ સ્વીકારવામાં આવે, તો ઘટપટ જેવો જડ આત્મા થયો અને એવો જડ આત્મા આનંદ સુખને જ્ઞાનાભાવથી દંડની પેઠે જાણી શકે નહીં. વળી યદિ તમે કહેશો કે આત્માને કર્મ લાગતાંજ નથી, કર્મ વા માયા અસત્ છે. ત્યારે અમો પુછીએ છીએ કે તમે બોલો છો તે મુખ વા તમારૂં શરીર શાથી બન્યું ? જો કહેશો કે કર્મથી બન્યું, તો પુછવાનું કે કર્મનો કર્ત્તા કોણ ? જો કહેશો કે આત્મા, તે સિદ્ધાંતવાદમાં તમોએ પ્રવેશ કર્યો. જો કહેશો કે કર્મથી શરીર નથી બન્યું ત્યારે શાથી બન્યું ? જો કહેશો કે ભ્રાંતિથી શરીર બન્યું, તો તે ભ્રાંતિ આત્માથી ભિન્ન છે કે અભિન્ન ? જો કહેશો કે ભિન્ન છે, તો આત્માથી ભિન્ન એવો ભ્રાંતિ પદાર્થ ઠરવાથી દ્વૈતતત્ત્વની સિદ્ધિ થવાથી અદ્વૈતતત્વનું મૂળ ઉખડી ગયું. કહેશો કે આત્માથી ભ્રાંતિ અભિન્ન છે, તો સિદ્ધ ઠર્યું કે આત્મા ભ્રાંતિથી ભિન્ન થવાનો નહીં—માટે પૂર્વોકત વજ્રદૂષણ પિંજરમાંથી મુકત થવા અર્થે કર્મથી આત્મા બંધાય છે, એમ સ્વીકારવું જોઇએ. વળી તમો એમ કહેશો કે સ્વપ્ન સમાન કર્મ વા માયા છે. જેમ સ્વપ્ન જૂઠું છે,

તેમ કર્મ પણ અસત્ છે, તેથી અસત્થી આત્મા બંધાય નહીં. અમો વિકલ્પપક્ષથી પુછીએ છીએ કે સ્વપ્ન, જ્ઞાનમાં ભાસે છે કે–અજ્ઞાનમાં? તથા સ્વપ્નનો ભાસ સત્ છે કે અસત્ છે? પ્રથમ વિકલ્પઅંગી કરી કહેશો કે સ્વપ્નનો જ્ઞાનમાં ભાસ થાય છે, તો તમારા સિદ્ધાંતનો પરિહાર થાય છે. જો કહેશો કે સ્વપ્નનો જ્ઞાનમાં પ્રતિભાસ થાય છે, અને તે સત્ છે, તો બસ સિદ્ધાંતવાદને અંગીકાર કર્યો. જો કહેશો કે સ્વપ્ન અસત્ છે, અને તેનો જ્ઞાનમાં પ્રતિભાસ થાય છે, તો અમારે કહેવાનું કે એકાંત અસત્વસ્તુ હોતી નથી, અને તેથી તેનો એકાંત અસત્ આકાશકુલની પેઠે જ્ઞાનમાં પ્રતિભાસ થતો નથી. સ્વપ્નમાં પણ અલ્પજ્ઞાન હોય છે, અને તેમાં ભાસનારી વસ્તુ પોતાના સ્વરૂપે સત્ હોય છે, તોજ પ્રતિભાસ થાય છે. જગત્માં એકાંત અછતા પદાર્થો સ્વપ્નમાં પ્રતિભાસતા નથી. સ્વપ્ન જ્ઞાન પણ આત્મામાં ઉદ્ભવે છે, અને જાગૃત્અવસ્થાનું જ્ઞાન પણ આત્મામાં હોય છે. સ્વપ્નાવસ્થા અને જાગૃદવસ્થામાં આત્મા ધ્રુવપણે હોય છે, તેથી જાગૃદવસ્થાના અનુભવેલા દેખેલા પદાર્થોનો પ્રતિભાસ અલ્પજ્ઞાનભૂત સ્વપ્નાવસ્થામાં આત્માને મનોદ્વારા થાય છે, તેથી સ્વપ્ન પુરૂ થતાં, જાગૃત્અવસ્થામાં આત્મા કહે છે કે, મેં આજ સ્વપ્નમાં હાથી દેખ્યો; તેમજ આત્માને જ્ઞાન થાય છે કે, દીવસમાં દીઠેલી અમુક સ્ત્રીનું મને સ્વપ્નમાં દર્શન થયું. જો બે અવસ્થામાં આત્માની હયાતી ન

હોત તો, પરસ્પર અવસ્થાનો અનુભવ આત્માને થાત નહીં, અને થાય તો છે, માટે આત્મા બન્ને અવસ્થામાં વર્તે છે. **સ્વપ્નાવસ્થા**માં પણ અલ્પજ્ઞાન હોય છે, **સ્વપ્ન**માં દેખેલા પદાર્થો ફક્ત મનમાં પ્રતિબિંબિત હોય છે. અને તે **સત્** પણે વર્તનાર પદાર્થોનો પરિણામ આત્મામાં થયો હોય છે. જેમ દર્પણમાં મુખનું પ્રતિબિંબ ભાસ્યું. દર્પણમાં પ્રતિબિંબિત મુખ વિશ્રસાપુદ્ગલ પરિણામ છે, અને તે અસલના મુખની અપેક્ષાએ અસત્ છે, પણ વિશ્રસાપુદ્ગલ પરિણામની અપેક્ષાએ **સત્** છે તેમ અત્ર પણ મનોરૂપ દર્પણમાં ભાસનાર પદાર્થોનો પરિણામ હોવાથી, અસલ પદાર્થોથી ભાસમાન પરિણામાકૃતિયો ન્યારી છે તેથી તે ભાસક પદાર્થોની પેઠે જગતના વ્યવહારમાં અસમર્થ હોવાથી અસત્ છે, પણ ભાસમાન પરિણામની અપેક્ષાએ સત્ છે. સમજવાનું કે એકાંત અસત્ વસ્તુ સ્વપ્નમાં પ્રતિભાસતી નથી. માટે સ્વપ્ન સમાન કર્મ માનશો, તો પણ દ્વૈતત્વની સિદ્ધિ થશે. સ્વપ્ન પણ હર્ષ વિષાદનું કારણ થાય છે. તો કર્મ આત્માની સાથે લાગેલું હોવાથી સુખ દુ:ખ આપવામાં વિશેષતઃ સમર્થ થાય છે. સ્વપ્ન સમાન કર્મ કહેવાથી કર્મની નાસ્તિતા સિદ્ધ થતી નથી. કર્મને સ્વપ્નની ઉપમા આપવાનું કારણ તો એ છે કે સ્વપ્નમાં ભાસેલા પદાર્થો જેમ પોતાના એટલે

આત્માના નથી, આત્માથી ન્યારા હોય છે; તેમ કર્મ પણ આત્માને લાગેલું છે, પણ આત્માનું નથી. જડ હોવાથી, તથા કર્મ આત્માથી ભિન્ન જાતિ ધર્મવાળું હોવાથી ન્યારૂં છે, એમ જ્ઞાન કરાવી કર્મનો નાશ કરવા માટે એ વાક્યની પ્રેરણા છે. સ્વપ્ન પોતાની અપેક્ષાએ સત્ છે, અને આત્માની અપેક્ષાએ અસત્ છે, તેમ કર્મ પણ જડ પદાર્થની અપેક્ષાએ સત્ છે, પણ ચૈતન્યધર્મની અપેક્ષાએ અસત્ છે. કર્મની અસ્તિતા સિદ્ધ ઠરવાથી આત્મા કર્મથી બંધાય છે. વેદાંતગ્રંથોમાં લખેલું છે કે જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મ બાળીને ભસ્મીભૂત કરે છે. સર્વ કર્મ જો આત્માની સાથે બંધાય નહીં, તો ભસ્મીભૂત થવું કોનું બને! વળી કહ્યું છે કેઃ—

कृतकर्मक्षयो नास्ति कल्पकोटिशतैरपि ॥
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभं ॥

તથા ભગવદ્ગીતામાં પણ પ્રારબ્ધકર્મ અને સંચિતકર્મ એમ બે પ્રકારનાં કર્મની ઘણી ચર્ચા છે. જો આત્માથી ભિન્ન કર્મ રહે તો કર્મનો ભોગ આત્માને થઈ શકે નહીં, અને આત્માની સાથે કથંચિત્ અભિન્નપણે કર્મ લાગે, તો સુખ દુઃખનો ભોગ આત્મા કરી શકે છે. આત્માની સાથે કર્મનો બંધ સિદ્ધ ઠર્યો. પણ આત્મા મધ્યમપરિણામિ માનવાથી, કર્મબંધની ઉપપત્તિ યથાર્થ સિદ્ધ ઠરી શકે છે.

હવે આત્મા સપ્રદેશી છે તે કહ્યા બાદ એક અનેક કહે છે. છ દ્રવ્યમાં એક ધર્માસ્તિકાય, બીજો અધર્માસ્તિકાય, ત્રીજું આકાશાસ્તિકાય એ ત્રણ એકેક દ્રવ્ય છે. તથા જીવ પુદ્ગલ અને કાલ એ ત્રણ દ્રવ્ય અનેક છે. છ દ્રવ્યમાં આકાશદ્રવ્ય ક્ષેત્ર છે, અને બીજાં પાંચ દ્રવ્ય ક્ષેત્રી છે. વ્યવહારથી જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય સક્રિય છે, અને નિશ્ચયથી છએ દ્રવ્ય પોત પોતાના કાર્યમાં સદા પ્રવર્તે છે; માટે સક્રિય છે. જીવદ્રવ્ય સંસારાવસ્થામાં સક્રિય છે. અને સિદ્ધ થતાં સંસારી ક્રિયા કરતા નથી. માટે અક્રિય. બાકીના ચાર દ્રવ્યનો વ્યવહારથી અક્રિય છે દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ છ દ્રવ્ય નિત્ય ધ્રુવ છે. અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ સમયે સમયે ઉત્પાદ વ્યય થવાથી અનિત્ય છે, વ્યવહારનયથી જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય અનિત્ય છે, અને બાકીનાં ચાર દ્રવ્ય અનિત્ય છે.

છ દ્રવ્યમાં એક જીવદ્રવ્ય અકારણ છે, અને પાંચ દ્રવ્ય કારણ છે. કારણ કે પંચ દ્રવ્ય પણ જીવના ભોગમાં આવે છે. જેમકે ધર્માસ્તિકાય જીવને ચાલવામાં સાહાય્ય કરે છે. અધર્માસ્તિકાય સ્થિર રહેવામાં સાહાય્ય કરે છે. આકાશાસ્તિકાયદ્રવ્ય છે, તે જીવને અવકાશ લેવા રૂપ કાર્યમાં નિમિત્ત કારણરૂપે બને છે. પુદ્ગલાસ્તિકાય છે તે જીવને પંચેન્દ્રિયના ભોગમાં શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ તરીકે

સાહાય્ય કરે છે. કાલદ્રવ્ય છે, તે જીવને બાલ, તારૂણ્ય, વૃદ્ધાવસ્થા આપે છે. તથા અનાદિ સંસારીજીવ ભવસ્થિતિ પરિપક્વ થતાં, એકઅન્તર્મુહૂર્તકાલમાં સકલ કર્મ ખેરવી, સિદ્ધસ્થાનમાં સાદિ અનંતકાલ રહે છે. અને ત્યાં જીવ પરમાત્મારૂપે થઇ, અનંતજ્ઞાનદર્શનચારિત્ર તથા દાનાદિપંચલબ્ધિઆદિ અનંતગુણનો ભોગ કરે છે, માટે કાલદ્રવ્ય પણ જીવને ભોગમાં સાહાય્યકારી છે. પણ એક જીવદ્રવ્ય કોઈના ભોગમાં આવતો નથી. જીવ પરમાત્માવસ્થા પામે છે, ત્યારે પંચદ્રવ્યમાંથી એક આકાશદ્રવ્ય અવગાહનાસાદિ અનંતમે ભાંગે આપે છે. તેથી તે વ્યવહારથી ઉપચારે સિદ્ધ જીવના ભોગમાં સાહાય્યકારી કહેવાય. પણ વસ્તુગત્યા સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયનોજ ભોગ સિદ્ધાત્માને છે. અન્યદ્રવ્યનો ભોગ સિદ્ધોને હોતો નથી. તેમ કાલદ્રવ્ય પણ ઉપચારથી દ્રવ્ય છે અને તે અઢી દ્વીપમાં કાલ વર્તે છે. સિદ્ધના જીવોને કાલદ્રવ્ય ભોગમાં કારણ કહેવું, તે ઉપચારથી છે, વસ્તુતઃ તે સ્વદ્રવ્ય ચતુષ્ટયના ભોગમાં કારણ નથી તથા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય પણ ઉપચારથી ભોગમાં સાહાય્યકારી સિદ્ધમાં ગણાય છે. વસ્તુ સ્વરૂપે જોતાં, સિદ્ધભગવંતને પોતાના ગુણોના ભોગમાં અન્યની અપેક્ષા નથી. સિદ્ધના જીવોને પોતાનો ઉત્પાદવ્યયની વર્તનારૂપ કાળ છે, તે ભોગમાં આવે છે તેમાં ઉપચાર નથી તથા પક્ષાંતરે જીવ કારણ છે, અને બાકીનાં

પંચદ્રવ્ય અકારણ છે. એ વચન પણ અનુભવમાં આવે છે. બહુશ્રુત કહે તે ખરૂ. છ દ્રવ્યમાં એક આકાશદ્રવ્ય સર્વવ્યાપી છે, અને બાકીનાં ચાર દ્રવ્ય લોકવ્યાપી છે. કાલદ્રવ્ય ઉપચારે છે, અને તે અઢીદ્વીપ વ્યાપી જાણવો.

હવે એકેકા દ્રવ્યમાં એક નિત્ય, બીજો અનિત્ય; ત્રીજો એક, ચોથો અનેક, પંચમ સત, અને છઠ્ઠો અસત, સાતમો વક્તવ્ય, અને આઠમો અવક્તવ્ય, એ આઠ પક્ષ કહે છે.

ધર્માસ્તિકાયના ચારગુણ નિત્ય છે. તથા પર્યાયમાં ધર્માસ્તિકાયનો એક સ્કંધ નિત્ય છે. બાકીના દેશપ્રદેશ તથા અગુરૂ લઘુપર્યાય અનિત્ય છે. અધર્માસ્તિકાયના ચાર ગુણ તથા લોકપ્રમાણ સ્કંધ નિત્ય છે. અને દેશપ્રદેશ અને અગુરૂ લઘુપર્યાય અનિત્ય છે, આકાશાસ્તિકાયના ચાર ગુણ તથા લોક પ્રમાણ સ્કંધ નિત્ય છે. દેશ, પ્રદેશ અને અગુરૂલઘુ અનિત્ય છે. કાલદ્રવ્યના ચાર ગુણ ઉપચારથી નિત્ય છે, અને ચાર પર્યાય અનિત્ય છે, પુદ્ગલના ચાર ગુણ નિત્ય છે અને ચાર પર્યાય અનિત્ય છે. જીવદ્રવ્યના ચારગુણ તથા ત્રણ પર્યાય નિત્ય છે અને એક અગુરૂલઘુપર્યાય અનિત્ય છે.

હવે એક અનેક પક્ષ ષડ્દ્રવ્યમાં કહે છે. ધર્મ અને અધર્માસ્તિકાય એ બે દ્રવ્યનો સ્કંધ લોકાકાશ પ્રમાણ એક છે. અને ગુણ અનંત છે. પર્યાય અનંત છે. પ્રદેશ અસં-

ખ્યાતા છે. તદપેક્ષાએ અનેકપણું છે. આકાશદ્રવ્યનો લોકાલોક પ્રમાણ સ્કંધ એક છે. અને ગુણ અનંતા છે. પર્યાય અનંતા છે. પ્રદેશ અનંતા છે માટે અનેક છે.

કાલદ્રવ્યનો વર્તનારૂપ ગુણ એક છે. અને ગુણ અનંતા છે. પર્યાય અનંતા છે. સમય અનંતા છે. કેમકે અતીતકાલે અનંતસમય ગયા, અને અનાગત કાલે અનંત સમય આવશે. તથા વર્તમાનકાલે એક સમય વર્તે છે. માટે અનેકપણું છે. પુદ્ગલદ્રવ્યના પરમાણુઓ અનંતા છે. તે એકેક પરમાણુમાં અનંતગુણ પર્યાય છે, તેની અપેક્ષાએ અનેકપણુ છે. અને પુદ્ગલમાં પુદ્ગલપણું તે એક છે. જીવદ્રવ્ય અનંતા છે. એકેકજીવમાં અસંખ્યાતા પ્રદેશ છે. તથા જીવમાં જ્ઞાન દર્શન ચારિત્રાદિગુણ અનંતા છે. પર્યાય અનંતા છે, તે અનેકપણું છે. તથા જીવિતવ્યપણો સર્વ જીવોનો એક સરખો છે. પ્રશ્ન ઉઠેછે કે જ્યારે સર્વ જીવ સરખા છે, તો મોક્ષના અને સંસારીજીવ એક સરખા ઠર્યા, તો મોક્ષના જીવોને સુખ અને સંસારીજીવોને દુઃખ થાય છે, તે થવું જોઇએ નહિ. ઉત્તરમાં સમાધાન કે, સંગ્રહનયથી તો સત્તાની અપેક્ષાએ, સંસારી અને સિદ્ધ એક સરખા છે. તથા નૈગમનયની અપેક્ષાએ આત્માના આઠ રૂચક સર્વ સંસારીજીવોને નિર્મલ છે, તે અપેક્ષાએ સર્વજીવ એક સરખા જાણવા. જીવત્વપણું સર્વનું એક સરખું છે. માટે એકપણું

જાણવું. નિશ્ચયનયથી સર્વજીવ સિદ્ધસમાન છે. શિષ્ય પ્રશ્ન કરે છે કે, જો સર્વજીવ સિદ્ધ સમાન છે, તો અભવ્યજીવ પણ સિદ્ધસમાન ઠર્યા, તેતો મોક્ષે જતા નથી. તેનો ઉત્તર કે, અભવ્યને કર્મ ચીકણાં છે. અને અભવ્યમાં પરાવર્ત ધર્મ નથી. તેથી સિદ્ધ થતા નથી. ભવ્યજીવમાં તો મોક્ષગમનનો સ્વભાવ છે. ભવ્યજીવોના સર્વથા શુદ્ધ પર્યાય થઇ શકે છે, તેથી કારણ સામગ્રી પ્રાપ્ત થતાં પલટણ પામે છે. ગુણશ્રેણિ ચઢી મોક્ષ જાય છે.

હવે **सत्** તથા **असत्** પક્ષ કહે છે. એ છ દ્રવ્ય છે તે પોતાના દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવપણે **सत्** છે. અને પ્રત્યેક દ્રવ્ય છે, તે પરદ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી **असत्** છે. ધર્માસ્તિકાયનો મૂલ ગુણ ચલનસહાયપણાનો છે, તે સ્વદ્રવ્ય છે. અધર્માસ્તિકાયનો મૂલગુણ સ્થિતિસહાય પણાનો છે, તે સ્વદ્રવ્ય છે. તથા આકાશાસ્તિકાયનો મૂલગુણ અવગાહપણાનો છે, તે સ્વદ્રવ્ય, તથા કાલનો મૂલગુણ વર્તનાલક્ષણ છે, તે સ્વદ્રવ્ય જાણવો. તથા પુદ્ગલનો મૂલગુણ પૂરણગલનપણો, તે તેનો સ્વદ્રવ્ય તથા જીવદ્રવ્યનો મૂલગુણ જ્ઞાન ચેતનાદિકપણો તે સ્વદ્રવ્ય. એ છ દ્રવ્યનું દ્રવ્યપણું કહ્યું, હવે સ્વક્ષેત્ર તે દ્રવ્યનું પ્રદેશપણું જાણવું. ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયનું ક્ષેત્ર અસંખ્યાત પ્રદેશ છે. આકાશનું સ્વક્ષેત્ર અનંતપ્રદેશ છે. કાલદ્રવ્યનું સ્વક્ષેત્ર સમય છે. પુદ્ગલ-

દ્રવ્યનું સ્વક્ષેત્ર એક પરમાણુ છે. પરમાણુઓ અનંતા છે. જીવદ્રવ્યનો સ્વક્ષેત્ર એક જીવના અસંખ્યાતા પ્રદેશ છે.

એ છ દ્રવ્યમાં અગુરૂલઘુનો સ્વકાલ છે. છ દ્રવ્યના પોતપોતાના ગુણપર્યાય તે સર્વદ્રવ્યનો ભાવ જાણવો. તાત્પર્યાર્થ કે ધર્માસ્તિકાયમાં સ્વદ્રવ્યાદિ ચતુષ્ટય છે, અન્યના નથી. અન્યની નાસ્તિતા છે. અધર્માસ્તિકાયમાં સ્વદ્રવ્યાદિ ચતુષ્ટય છે, તેમાં અન્યની નાસ્તિતા છે. આ તેમજ કાલ અને જીવદ્રવ્યમાં સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયત્વ છે, અને તેમાં પરના ચતુષ્ટયત્વની નાસ્તિતા વર્તે છે. **गुणपर्यायवत् द्रव्यम्** ગુણપર્યાયવંત તે દ્રવ્ય જાણવું. દ્રવ્યથી અભેદ પર્યાયવાળું દ્રવ્ય જાણવું. સ્વધર્મનું આધારવંતપણું તેને ક્ષેત્ર કહે છે, તથા ઉત્પાદવ્યયની વર્તનાને કાલ કહે છે. તથા વિશેષ ગુણપરિણતિ, સ્વભાવપરિણતિ, પર્યાય પ્રમુખ, તે સ્વભાવ જાણવો. અત્ર ષડ્દ્રવ્યમાં ૧ ભેદસ્વભાવ. ૨ અભેદસ્વભાવ. ૩ ભવ્યસ્વભાવ. ૪ અભવ્યસ્વભાવ. ૫ પરમસ્વભાવ. એ પંચનું કિંચિત્ સ્વરૂપ કહે છે. પ્રત્યેક દ્રવ્યના સ્વધર્મો પોતપોતાનું ભિન્નભિન્ન કાર્ય કરે છે, તેની અપેક્ષાએ **भेदस्वभाव** છે. અને અવસ્થાપણે **अभेदस्वभाव** છે. તથા પ્રત્યેક દ્રવ્યનું સ્વરૂપ પલટતું નથી, તેની અપેક્ષાએ **अभव्यस्वभाव** છે. તથા પ્રત્યેક દ્રવ્યમાં પર્યાયોનો ઉત્પાદ્વ્યયપણે પલટણપણું થાય છે, તેની અપેક્ષાએ **भव्यस्वभाव** છે, અને પ્રત્યેક

દ્રવ્યના સર્વધર્મ છે, તે વિશેષ ધર્મના અનુયાયીપણે પરિણમે છે, તેની અપેક્ષાએ પરમસ્વભાવ જાણવો. પૂર્વોક્ત સામાન્ય સ્વભાવ જાણવા. એ પ્રમાણે ષડ્દ્રવ્ય સ્વગુણે સત્ છે, અને પરગુણે અસત્ છે.

હવે વક્તવ્ય તથા અવક્તવ્યપક્ષ કહે છે. છ દ્રવ્યમાં અનંતાગુણ પર્યાય વક્તવ્ય એટલે વચને કહેવા યોગ્ય છે. અને છ દ્રવ્યમાં અનંતગુણ પર્યાય અવક્તવ્ય એટલે કહેવા યોગ્ય નથી. અર્થાત્ વચનથી કહી શકાતા નથી. શ્રી કેવલજ્ઞાની ભગવંતે સર્વ પદાર્થોનું યથાતથ્ય સ્વરૂપજ્ઞાનમાં દીઠું. તેના અનંતમા ભાગે જે વકતવ્ય એટલે કહેવા યોગ્ય હતું તે કહ્યુ. વૈખરીવાણીથી દેશના દેતાં વકતવ્યનો અનંતમો ભાગ ભાવાર્થપણે શ્રીગણધરદેવે ઝીલ્યો અને તેનો અનંતમો ભાગ શ્રીગણધરદેવે સૂત્રમાં ગુંથ્યો. તે સૂત્રમાં જે ભાવ પ્રરૂપ્યા, તેના અસંખ્યાતમેં ભાગે હાલ આગમ વર્તે છે.

હવે નિત્ય અને અનિત્ય પક્ષમાંથી ઉત્પન્ન થતી ચતુર્ભંગી વિકલ્પવિચાર વર્ણવે છે. જેની આદિ અને અંત નથી, તેને અનાદિઅનંત કહે છે. એ પ્રથમ ભંગ જાણવો જેની આદિ નથી અને અંત છે, ને અનાદિસાંત દ્વિતીય ભંગ સમજવો તથા જેની આદિ અને અંત છે. તે સાદિ સાંત તૃતીયભંગ સમજવો. જેની આદિ છે પણ અંત નથી તે આદિઅનંત નામક ચતુર્થ ભંગ સમજવો.

એ ચતુર્ભંગી વિકલ્પનો વિચાર ષડ્દ્રવ્યમાં વર્ણવે છે. જીવદ્રવ્યમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખાદિગુણ અનાદિઅનંત નિત્ય છે. ભવ્યજીવને કર્મ સંબંધ અનાદિસાંત ભાંગે છે, કારણ કે, કર્મની સાથે જીવનો સંબંધ અનાદિકાળથી છે, પણ સિદ્ધ થવાથી કર્માંત આવે છે. જીવને દેવતા, મનુષ્ય, તિર્યંક, નારકીની ગતિમાં જવું, શરીર ધારણ કરવાં, યોગ ધારણ કરવા, ઇત્યાદિ સાદિસાંત ભાંગે છે. જીવ કર્મક્ષય કરી સિદ્ધમાં ગયા ત્યાં સિદ્ધપણાની આદિ છે, પણ ત્યાંથી કદી સંસારમાં જન્મ ધારણ કરવાનો નથી, તેની અપેક્ષાએ સાદિ અનંતભંગ જાણવો. જીવદ્રવ્યમાં એમ ચતુર્ભંગી કથી. હવે ધર્માસ્તિકાયમાં ચતુર્ભંગી કથે છે. ધર્માસ્તિકાયમાં ચાર ગુણ તથા સ્કંધત્વ અનાદિ અનંત છે. ધર્માસ્તિકાયમાં અનાદિસાંત ભંગ નથી. તથા તેમાં દેશ, પ્રદેશ, અગુરૂલઘુ, **સાદિસાંત** ભાંગે છે. તથા સિદ્ધજીવોમાં ધર્માસ્તિકાયના જે પ્રદેશ રહ્યા છે, તે પ્રદેશ આશ્રીને **સાદિઅનંત** ભંગ છે. કારણ કે ધર્માસ્તિકાયના તે પ્રદેશોની સાથે, સિદ્ધ થએલા જીવોનો સંબંધ થયો, તેની આદિ છે; પણ પશ્ચાત્ અંત નથી. એ પ્રમાણે અધર્માસ્તિકાયમાં પણ ચતુર્ભંગી સમજવી. આકાશદ્રવ્યમાં ગુણ તથા સ્કંધ અનંત છે. આકાશદ્રવ્યનો સ્કંધ લોકાલોક પ્રમાણ છે, તેની કાલાપેક્ષાથી આદિ નથી, અને અંત પણ નથી, ક્ષેત્રાપેક્ષાએ, લોકાલોક પ્રમાણ મોટા સ્કં-

ધની આદિ નથી, અને અંત પણ નથી. લોકાકાશથી બહાર સર્વ દિશાએ અલોકાકાશની સ્થિતિ છે. તેનો અંત અર્થાત્ પાર મર્યાદા આવતી નથી. અલોકાકાશ એકલું લેઇએ, અપેક્ષાએ તેનો લોકાકાશથી પ્રારંભ અર્થાત્ આદિ લેઇએ પણ અંત નથી, માટે સાદિ અનંત ભાંગો અલોકાકાશમાં લાગે. તેમજ ચઉદરાજલોકનો સ્કંધ લોકાકાશ છે, તે **સાદિસાંત** છે, તે આ પ્રમાણે લોકના મધ્યભાગે, આઠરૂચક પ્રદેશથી માંડીને સાદિ છે, અને જ્યાં ચઉદ રાજલોકનો અંત આવે છે, ત્યાં સાંતપણું જાણવું. તથા આકાશદ્રવ્યના દેશપ્રદેશ, તથા અગુરૂલઘુ, સાદિસાંત છે. તથા સિદ્ધજીવોની સાથે આકાશનો સંબંધ સાદિઅનંતમે ભાગે છે, કારણકે, આકાશપ્રદેશોની સાથે સિદ્ધિસ્થાનમાં સિદ્ધજીવોના સંબંધની આદિ છે, પણ તે સંબંધનો અંત આવવાનો નથી, માટે અનંતભંગ જાણવો.

પુદ્ગલદ્રવ્યમાં ગુણ અનાદિ અનંત છે. અભવ્યજીવ અને પુદ્ગલરૂપ કર્મનો સંબંધ અનાદિ અનંત છે. અને ભવ્યજીવને પુદ્ગલનો સંબંધ, અનાદિ સાંતભાંગે જાણવો, પુદ્ગલના સર્વ સ્કંધ સાદિસાંત છે. તથા પલટણ સ્વભાવે વર્ણ ગંધ રસ અને સ્પર્શ પણ સાદિસાંત ભાંગે છે. સાદિ અનંતભંગ પુદ્ગલમાં વર્તતો નથી.

કાળદ્રવ્યમાં ચારગુણ અનાદિ અનંત છે, પર્યાયમાં

ભૂતકાલ અનાદિસાત છે. અને વર્તમાનકાળ સાદિસાંત છે. ભવિષ્યકાળ સાદિઅનંત છે. ભવિષ્યકાળની વર્તમાનકાળની અપેક્ષાએ સાદિ છે, પણ તેનો અંત નથી. કાળનું સ્વરૂપ ઉપચારથી સર્વ જાણવું.

હવે દ્રવ્યાદિક ચતુષ્ટયમાં ચતુર્ભંગી કથે છે. જીવદ્રવ્યમાં દ્રવ્યથી જ્ઞાનાદિકગુણ અનાદિઅનંત છે. સ્વક્ષેત્રથી જીવના અસંખ્યાતા પ્રદેશ છે, તે સાદિસાંત છે. વસ્તુતઃ ક્ષેત્રથી જીવના અસંખ્ય પ્રદેશ અનાદિઅનંતમે ભાંગે છે. કારણ કે આત્માના પ્રદેશોની આદિ નથી. નિત્ય છે, માટે તથા આત્માના અસંખ્ય પ્રદેશોનો અંત નથી. અવિનાશી છે, માટે. અસંખ્યાત પ્રદેશરૂપ સ્વક્ષેત્ર જીવનું છે, તે અનાદિઅનંતભાંગે છે. પણ અસંખ્યાત પ્રદેશમય જીવદ્રવ્ય સંસારી દશામાં શરીરવ્યાપી હોય છે, અને જીવના પ્રદેશોનું ઉદ્વર્તન હોવાથી, તે ફરેછે તેથી આકાશપ્રદેશોની સાથે તેનો સંબંધ સાદિપણે વર્તે છે. બીજા આકાશપ્રદેશોની સાથે તેજ આત્મપ્રદેશોનો સંબંધ થાતાં, પ્રથમના સંબંધનો અંત આવે છે, માટે આકાશ પ્રદેશોની સાથે જીવના પ્રદેશોનો સાદિસાંત સંબંધ જાણવો, તથા સિદ્ધજીવોના પ્રદેશોનો આકાશપ્રદેશોની સાથે સંબંધ સાદિ અનંતમે ભાંગે હોય છે. જીવનો સ્વકાલ અગુરૂલઘુ ગુણ અનાદિ અનંત છે તથા અગુરૂલઘુ ગુણનો ઉપજવો તથા વિણસવો સાદિસાંત

ભાંગે છે. તથા સ્વભાવગુણ પર્યાય છે, તે પોતાના સ્વરૂપની અપેક્ષાએ અનાદિ અનંત છે.

ધર્માસ્તિકાયમાં સ્વદ્રવ્યચલન સહાયગુણ અનાદિઅનંત છે. સ્વક્ષેત્રકાલની અપેક્ષાએ અનાદિ અનંત છે. તથા અવગાહનાપણે સાદિસાંત છે. સ્વકાલ જે અગુરૂલઘુગુણ છે, તે અનાદિઅનંત છે, તથા ઉત્પાદવ્યય સાદિસાંત છે, સ્વભાવ તે ચારગુણ અગુરૂલઘુ અનાદિઅનંત છે. ૧ સ્કંધ. ૨ દેશ. ૩ પ્રદેશ તે અવગાહનાને પ્રમાણે સાદિસાંત છે. એમ અધર્માસ્તિકાયમાં પણ ચતુર્ભંગી જાણવી, તથા આકાશાસ્તિકાય દ્રવ્યમાં સ્વદ્રવ્ય અવગાહના દાનગુણ અનાદિઅનંત છે. સ્વક્ષેત્ર લોકાલોક પ્રમાણ અનંત પ્રદેશ અનાદિ અનંત છે. સ્વકાલ અગુરૂ લઘુગુણ અનાદિ અનંત છે. તથા અગુરૂ લઘુથી ઉત્પાદવ્યય થાય છે, તે સાદિસાંત ભાંગે છે. તથા સ્વભાવ તે ચાર ગુણ તથા સ્કંધ અને અગુરૂલઘુ અનાદિ અનંત છે. તથા દેશપ્રદેશ સાદિસાંત છે.

કાલદ્રવ્યમાં સ્વદ્રવ્ય. નવા પુરાના વર્તનાગુણ, અનાદિ અનંત છે. સ્વક્ષેત્ર સમયકાળ સાદિસાંત છે. વર્તમાન સમય એક છે, માટે તથા સ્વકાલ તે અનાદિ અનંત છે, સ્વભાવ તે ચારગુણ અને અગુરૂલઘુ અનાદિ અનંત છે. વર્તમાન સાદિસાંત અને અનાગતસાદિ અનંત છે.

પુદ્‌ગલદ્રવ્યમાં સ્વદ્રવ્ય જે પુરણગલન ધર્મ છે, તે

અનાદિ અનંત છે. સ્વક્ષેત્ર પરમાણુ સાદિસાંત છે. સ્વકાલ અગુરૂલઘુ અનાદિ અનંત છે. અગુરૂલઘુનો ઉત્પાદવ્યય સાદિ સાંત છે. સ્વભાવ તે ગુણચાર અનાદિ અનંત છે. વર્ણગંધરસ અને સ્પર્શ પર્યાય સાદિસાંત છે. એમ સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયમાં ચતુર્ભંગી કહી.

છ દ્રવ્ય સંબંધમાં ચતુર્ભંગી અવતાર.

આકાશદ્રવ્યના બે ભેદ છે. ૧ લોકાકાશ, ૨ અલોકાકાશ; તેમાં અલોકાકાશમાં કોઈ દ્રવ્ય નથી. અને લોકાકાશમાં છ દ્રવ્ય છે. ત્યાં પ્રથમ લોકાકાશ, દ્વિતીયધર્માસ્તિકાય, તૃતીય અધર્માસ્તિકાય, તે અનાદિ અનંત સંબંધી છે, લોકાકાશના એકેક પ્રદેશમાં ધર્માસ્તિકાય, તથા અધર્માસ્તિકાયનો એકેક પ્રદેશ રહ્યા છે. તે પણ કોઇ વખત વિનાશ પામશે નહીં. માટે અનાદિ અનંત સંબંધી છે. લોકાકાશ ક્ષેત્ર સર્વ અને જીવદ્રવ્યનો સંબંધ અનાદિકાળથી છે, અને તેનો અંત આવશે નહીં. લોકાકાશમાંજ સર્વ જીવો વર્તે છે. માટે તેનો સંબંધ પણ અનંતકાળ સુધી છે. સંસારીજીવ કર્મસહીત અને લોકના પ્રદેશનો સંબંધ સાદિસાંત છે. કારણકે, કર્મ સહિત જીવ આકાશના એક પ્રદેશનો સંબંધ ત્યાગ કરી, બીજા પ્રદેશે સંબંધ કરે છે, વળી બીજા પ્રદેશનો સંબંધ કરી, ત્રીજા પ્રદેશનો સંબંધ કરે છે. પ્રદેશની સાથે સંબંધ કરતાં,

આદિ અને ત્યાગ કરતાં અંત થાય છે. પણ લોકાંત સિદ્ધ-ક્ષેત્રના સિદ્ધજીવોનો તત્રસ્થ આકાશપ્રદેશોની સાથે સંબંધ છે, તે આદિ અનંતમે ભાંગે જાણવો, લોકાકાશ અને પુદ્ગલ દ્રવ્યનો અનાદિ અનંત સંબંધ છે. આકાશ પ્રદેશની સાથે પુદ્ગલ પરમાણુનો સાદિ સાંત સંબંધ છે. એમ આકાશની પેઠે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો પણ સંબંધ જાણવો. જીવ અને પુદ્ગલ દ્રવ્યનો અનાદિ અનંત સંબંધ છે, ભવ્યને પુદ્ગલનો સંબંધ અનાદિ સાંત અને અભવ્યને અનાદિ અનંત સંબંધ છે. અત્ર સમજવું કે કર્મ જડ છે, તો પણ તે આત્માની અશુદ્ધપરિણતિયોગે આત્માને લાગે છે; અશુદ્ધ પરિણતિ અનાદિકાળથી છે. તેથી કર્મપણ જીવને અનાદિકાળથી લાગ્યાં છે, અન્ય કોઇ કર્મ લગાડનાર નથી.

નિશ્ચયથી છએ દ્રવ્ય સ્વભાવ પરિણામે પરિણમ્યા છે. અને પ્રત્યેક દ્રવ્યનો સ્વભાવ પરિણામ શાસ્વત છે. તે પરિણામ અનાદિ અનંતમે ભાંગે છે. જીવ અને પુદ્ગલ દ્રવ્ય બે પરિણમ્યાં છે. તે વિભાવ પરિણામ છે. પુદ્ગલનો પરિણામ સત્તાએ અનાદિ અનંત છે. અને પુદ્ગલનું મિલવું વિખરવું સાદિસાંત છે, જીવદ્રવ્ય પુદ્ગલ સાથે મળેલો હોય. ત્યારે સક્રિય છે, અને કર્મરૂપ પુદ્ગલથી રહીત થાય ત્યારે અક્રિય છે. પુદ્ગલદ્રવ્ય સદા સક્રિય છે.

એક અનેકપક્ષથી નિશ્ચયજ્ઞાન માટે નયવિવેચન.

સર્વ દ્રવ્યમાં અનેક સ્વભાવ વર્તે છે. તે એકવચનથી કહી શકાય નહીં. અનેક ધર્મનો અપલાપ થાય નહીં, માટે સાપેક્ષપણે વચનવર્ગણાએ બોલવું તેને નય કહે છે. નયના મૂળ બે ભેદ છે. ૧ દ્રવ્યાર્થિકનય, ૨ પર્યાયાર્થિક નય.

૧ ઉત્પાદવ્યયપર્યાયને જે ગૌણપણે ગ્રહે છે, અને દ્રવ્યની ગુણસત્તાને મુખ્યપણે ગ્રહણ કરે છે, તેને દ્રવ્યાર્થિક નય કહે છે. તેના દશ ભેદ છે. ૧ સર્વ દ્રવ્ય નિત્ય છે, તેને નિત્ય દ્રવ્યાર્થિક કહે છે કે **अप्रच्युतानुत्पन्न स्थिरैकरूपत्वं नित्यत्वं** એમ નિત્યનું લક્ષણ જાણવું જે અગુરૂલઘુ ગુણ અને ક્ષેત્રની અપેક્ષા કર્યાવિના મૂલ ગુણને પિંડપણે ગ્રહે તેને એક દ્રવ્યાર્થિક કહે છે. જ્ઞાનાદિક ગુણ સર્વ જીવો સત્તાથી એક સરખા છે. માટે સર્વ જીવોને એક જીવ કહે. સ્વદ્રવ્યાર્થિકને ગ્રહે તે સત દ્રવ્યાર્થિકનય જાણવો. જેમ **सत् लक्षणं द्रव्यम्** (સત છે તેજ દ્રવ્યનું લક્ષણ છે) એકાંતે સત્ દ્રવ્યાર્થિક નયને ગ્રહવાથી, સંગ્રહ નયાભાસ કહેવાય છે. અને એમ એકાંતે સત્ દ્રવ્યાર્થિક નયનું અવલંબન કરનાર અદ્વૈતમત નીકળ્યો છે. અદ્વૈતવાદનો સિદ્ધાંત એવો છે કે એક આત્મા સર્વ પ્રાણીનો છે. એક આત્મા પણ બહુ પ્રકારે થાય છે. કહ્યું છે કેઃ—

શ્લોક.

एक एवहि भूतात्मा भूते भूते व्यवस्थितः
एकधा बहुधा चैव दृश्यते जलचंद्रवत्. १

ભાવાર્થ–સુગમ છે. એક આત્મા સર્વ જીવોનો છે. અને તેથી સત એવી એક વસ્તુ દુનીયામાં છે. અન્ય અસત્ છે. સર્વત્ર વ્યાપક એક બ્રહ્મસત્તાનું જ્ઞાન થવું તથા તન્મય થવું, તેનું નામ મોક્ષ છે. મોક્ષાવસ્થામાં આત્મામાં બીલકુલ જ્ઞાન હોતું નથી. જ્યાં સુધી જ્ઞાન હોય, ત્યાં સુધી માયાની વાસના છે, અને તેથી તાવત્કાલ બ્રહ્મસુખનો અનુભવ આવતો નથી. આમ કહેનાર અદ્વૈતવાદીને પ્રેમપૂર્વક પૂછીએ છીએ કે, તમો સર્વ જીવોની સત્તાને જ ગ્રહી વ્યક્તિનો અપલાપ કરો છો. જેમ કે કોઇ મનુષ્ય હજારો ગાયો દેખીને પછી સર્વમાં રહેલો સાધારણ ધર્મ, જે ગોત્વરૂપ સત્તા, તેને ગ્રહીને કહે કે, સર્વ ગાયો એક છે, એમ ઉચ્ચારી વિશેષ ધર્મ, જે પ્રત્યેક ગાયોમાં જુદો જુદો રહ્યો છે, તેને તથા પ્રત્યેક ગોવ્યક્તિ ભિન્ન છે, તેને માને નહીં. તેના જેવી અજ્ઞાનતા સમજવી છે. તથા જેમ કોઇ મનુષ્ય વનમાં ગયો, અને ત્યાં આમ્ર, લીંબડા, રાયણ, ઉંબર, મહુડા, જાંબુ, સીતાફળ, વિગેરે અનેક વૃક્ષ દેખીને એકાંતે વૃક્ષત્વ ધર્મ સર્વ વૃક્ષોમાં એક સરખો માનીને કહે કે, સર્વ વૃક્ષ વૃક્ષત્વસત્તારૂપ ધર્મથી એક છે.

જુદી જુદી આકૃતિયો વૃક્ષની દેખાય છે, તે ફક્ત કલ્પના છે. આમ કહેનાર બીજી બાજુથી વિચાર કરતો નથી કે, પ્રત્યેક વૃક્ષો વૃક્ષત્વ સાધરણ ધર્મથી એક સરખાં છે, તેમ છતાં આમ્ર, નિંબ આદિ ભિન્ન ભિન્ન વ્યક્તિ પ્રત્યક્ષ દેખાય છે, તેથી વ્યક્તિની અપેક્ષાએ તે અનેક છે. પ્રત્યેક વૃક્ષ ગુણફલની અપેક્ષાએ અનેક છે, તેમ વિશેષ ધર્મ જાણ્યા છતાં, વિશેષ ધર્મનો અપલાપ કરે છે, તેની પેઠે સત્તાથી સર્વ જીવોનો એક આત્મા માનીને અસંખ્ય પ્રદેશરૂપ વ્યક્તિનો અપલાપ કરવો, તથા પ્રત્યેક આત્મવ્યક્તિ ભિન્ન ભિન્ન રહે છે. તેનો અપલાપ કરી એકાંતે સામાન્ય ધર્મરૂપ સત્તાને સ્વીકારવી, પૂર્વોક્ત બે દૃષ્ટાંતોની પેઠે પ્રત્યક્ષ વિરોધ આવે છે. વળી જલમાં ચંદ્રમાનું પ્રતિબિંબ પડે છે, તેમાં ચંદ્ર એક છે, અને પ્રતિબંબ અનેક છે, તેમ આત્મા એક છે, પણ તેના પ્રતિબંબરૂપ જીવો અનેક છે. એમ તમો કહો છો, તે પણ જ્ઞાન યુક્તિથી વિચારી જોતાં અસત્ ઠરે છે. કારણકે રૂપિપદાર્થનું પ્રતિબિંબ પડે છે. જેમ ચંદ્ર રૂપી છે, તો તેનું પ્રતિબિંબ પણ રૂપી પડે છે. બ્રહ્મ (આત્મા) અરૂપી નિરાકાર પદાર્થ છે, તેથી તેનું પ્રતિબિંબ પડેજ નહીં. આત્મા નિરાકાર હોવાથી, તેનું અનેક જીવરૂપ પ્રતિબિંબ આકાશની પેઠે પડે નહીં. એમ પ્રમાણથી પણ સિદ્ધ ઠરે છે. તથા જેમ સર્વવ્યાપક આકાશ છે, તે આકાશ નિરાકાર હોવાથી, તેનું પ્રતિબિંબ

પડતું નથી. તેમ આત્માનું પ્રતિબિંબ પડે નહીં. તથા સર્વવ્યાપક બ્રહ્મનું અંશ અંશ જીવોરૂપ પ્રતિબિંબ પણ હોઇ શકે નહીં. વળી વિચારવાનું કે પ્રતિબિંબ સામી વસ્તુમાં પડે છે. જેમ મુખનું પ્રતિબિંબ સામી વસ્તુ દર્પણમાં પડે છે, તેમ અત્ર પણ બ્રહ્મના પ્રતિબિંબ માટે સામી વસ્તુ બીજી માનવી પડશે. અને સામિ વસ્તુ માનશો તો, અન્ય જડ પદાર્થની સિદ્ધિ થઇ ત્યારે એક બ્રહ્મ અને બીજો જડ પદાર્થ એમ બે પદાર્થની સિદ્ધિ થતાં, અદ્વૈતતત્વનો મૂળથી નાશ થાય છે. માટે જલચંદ્રનું દ્રષ્ટાંત પણ અદ્વૈતતત્વની સિદ્ધિમાં ઘટતું નથી. વળી સમજવાનું કે, જે વસ્તુ હોય છે, તેનો નિષેધ થાય છે. જે વસ્તુ નથી, તેનો નિષેધ ક્યાંથી હોય! અદ્વૈત એમાં અ+દ્વૈત અ=નહીં =દ્વૈત=બે પણું, બે નહીં. આમાં દ્વૈતત્વનો નિષેધ કરો છો, તે દ્વૈતત્વના જ્ઞાનથી કે અજ્ઞાનથી જો કહેશોકે દ્વૈતત્વના જ્ઞાનથી તેમાં પ્રશ્ન કે બે પદાર્થ સત્ છે કે અસત છે! જો કહેશો કે સત્ છે, તો સતનો નિષેધ ત્રિકાલમાં થઇ શકે નહીં. જો કહેશો કે, બે પદાર્થ અસત્ છે, તો તો કહેવાનું આકાશ કુસુમની પેઠે એકાંત અસત્ વસ્તુ નથી, તો તેનો નિષેધ શી રીતે કરી શકાય! બે અસત્ માનતાં બ્રહ્મ પણ અસત્ ઠર્યું, તેથી મૂલતો હાનિ દોષ પ્રાપ્ત થશે. વળી જડ પદાર્થ અસત્ અને બ્રહ્મ અસત્ નહીં, તેમાં

શું પ્રમાણ છે; તમો કહેશો કે બ્રહ્મમાં જ્ઞાન ગુણ છે, તે-
થી તે સત્ છે. તો કહેવાનું કે બ્રહ્મનો જ્ઞાનગુણ સ્વા-
ભાવિક છે કે વિભાવીક છે. જો કહેશો કે બ્રહ્મનો જ્ઞાનગુણ
સ્વાભાવિક છે, તો તે જ્ઞાનગુણ મોક્ષમાં પણ રહેશે. અને
તે જ્ઞાનગુણતો તમે મોક્ષમાં માનતા નથી. બીજા પક્ષમાં
કહેશો કે જ્ઞાનગુણ આત્માનો (બ્રહ્મનો) નથી, વિભા-
વિક છે, તો સિદ્ધ ઠર્યું કે જ્ઞાનવિના મોક્ષદશામાં બ્રહ્મ
જડ રહેશે, ત્યારે જડમાં અને બ્રહ્મમાં ભિન્નતા રહેશે
નહીં, તમો કહેશોકે અમો દ્વૈતત્વના અજ્ઞાનથી દ્વૈતત્વનો
નિષેધ કરીએ છીએ. આ પક્ષ પણ યુક્તિયુક્ત નથી, કા-
રણકે, જ્યારે દ્વૈતત્વનું જ્ઞાન ન હોય, તો તેનો નિષેધ
કેમ થઇ શકે ? સર્વત્ર વ્યાપક આત્મા ઠરતો નથી. સર્વત્ર
વ્યાપક આત્મા માનતાં, આત્માને કર્મ લાગી શકે નહીં,
વગેરે દોષો પૂર્વે દર્શાવ્યા છે. સર્વ જીવનો એક આત્મા
માનતાં, અનેક દોષતતિ આપત્તિની પ્રાપ્તિ થાય છે. કા-
રણકે ચૈત્રના આત્માને દુઃખ પડેતો, તે દુઃખ મૈત્રને થવું
જોઇએ. સર્વત્ર એક આત્મા વ્યાપક હોવાથી, તથા ચૈત્રની
મુકિત થતાં, મૈત્રની મુકિત થવી જોઇએ. બેનો એક અ-
નુસ્યુત આત્મા હોવાથી, કદાપિ તમો ચૈત્ર અને મૈત્રનો
આત્મા એક નહીં માનો, તો બેના આત્મા ભિન્ન ભિન્ન
માનવાથી, સ્યાદ્વાદદર્શનમાં તમારો પ્રવેશ થયો. વળી

સર્વ જીવોનો એક વ્યાપક નિત્ય આત્મા માનવાથી, તે પ્રથમથીજ મુકત છે. કારણકે, એક પદાર્થ માનવાથી, કર્મરૂપ દ્વિતીય પદાર્થની સિદ્ધિ થઈ શકશે નહીં. અને તેથી તપ, તીર્થ, સંન્યાસ, ઉપદેશ, જ્ઞાનાભ્યાસની નિરર્થક્તા પ્રાપ્ત થાય છે. જગત્માં એક મનુષ્ય ભોગી, એક જોગી, એક રાજા, એક રંક દેખવામાં આવે છે, તેનું કારણ પુણ્ય પાપ માન્યાવિના સિદ્ધિ નથી. અને જ્યારે પુણ્ય પાપરૂપ કર્મ માનવામાં આવે તો, જીવ અને અજીવ એમ બે પદાર્થની સિદ્ધિ કરી. તેમજ પુણ્ય પાપના વિચિત્ર ભેદોના ભોકતા ભિન્ન ભિન્ન આત્મા દેખવામાં આવે છે, તેથી સર્વ જીવ વ્યક્તિ ભિન્ન ભિન્ન સિદ્ધ કરે છે. અને તેથી જીવો અનંત વ્યક્તિપણે અનાદિકાળથી છે, તેમજ સર્વ જીવોનો સાધારણ ધર્મ એક સરખો હોવાથી સત્તાની અપેક્ષાએ સાપેક્ષપણે એક કહેવાય છે. પણ તેથી અનાદિકાળ સિદ્ધ અનેક પ્રતિ શરીર ભિન્ન ભિન્ન વ્યકિતયોનો નિષેધ થતે નથી. તેથી સમ્યક્ નયનો સાપેક્ષપણે અવતાર થાય છે. આ સંબંધી વિશેષ વિવેચન કરતાં ગ્રંથ ગૌરવ થાય તેથી કર્યુંનથી. વિશેષ સ્વરૂપના જીજ્ઞાસુઓએ સમ્મતિ તર્ક, સ્યાદ્વાદ મંજરી, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, અનેકાન્તજય પતાકા વિગેરે ગ્રંથો જોવા વા સાંભળવા. સ્યાદ્વાદદર્શનમાં પદાર્થસ્વરૂપ સાપેક્ષપણે માનતાં, દ્વૈતત્વની અને અદ્વૈતત્તની

પણ સિદ્ધિ થાય છે. જીવ અને અજીવ પદાર્થ બે ભિન્ન છે. તેની અપેક્ષાએ દ્વૈતત્વપણું છે. તથા આત્માને કર્મ લાગ્યાં છે, તેથી આત્મા અને કર્મ બે હોવાથી દ્વૈતત્વ સિદ્ધ ઠરે છે. તથા સંસારી આત્મામાં શુદ્ધપરિણામ અને અશુદ્ધપરિ- હોવાથી દ્વૈતત્વ ઠરે છે, તથા આત્મા અને તેના પર્યાય એમ ભેદ પાડવાથી દ્વૈતત્વનો વ્યવહાર થાય છે. તેમજ આત્માને કર્મ લાગ્યાં છે, પણ કર્મ છે તે આત્માની અપેક્ષાએ અસત્ છે, તેથી એક આત્મા માનવાથી અદ્વૈતપણું એક જીવાપે- ક્ષાએ સિદ્ધ ઠરે છે. તથા આત્મા અને આત્માના પર્યાય છે, તે આત્માથી અભિન્ન છે, તેથી તેની અપેક્ષાએ એક- પણું સિદ્ધ ઠરવાથી અદ્વૈતત્વની ઉપપત્તિ થાય છે. તથા આઠમા ગુણસ્થાનકથી ક્ષપકશ્રેણિ મંડાય છે, ત્યાં શુકલ- ધ્યાનના પ્રથમ પાયાની શરૂઆત થાય છે. દશમા ગુણઠાણે એકત્વવિતર્ક અપ્રવિચાર નામના દ્વિતીય પાયામાં ગુણ અને પર્યાયનો સમાસ આત્મામાં કરવામાં આવે છે. અને ત્યાં ઐક્યત્વપણે આત્મસ્વરૂપનો ક્ષયોપશમધ્યાને શ્રુતજ્ઞાનાલંબી ઉપયોગ વર્તે છે. ત્યાં એક આત્મસ્વરૂપવિના અન્યનો કિં- ચિત્ પણ ઉપયોગ નથી. તેથી તે પાયાની અપેક્ષાએ અદ્વૈતત્વ આત્માનું ઠરે છે. નિશ્ચયથી જડતત્વ છે, તે આત્મામાં નહિ વર્તવાથી આત્મામાં અદ્વૈતત્વ સ્વસ્વરૂપની અપેક્ષાએ વર્તે છે. તેથી જડતત્વપદાર્થનો નિષેધ ઠરતો નથી. તથા સત્તા

રૂપ સાધારણ ધર્મ કે જે સર્વ પદાર્થોમાં **सत् सत्** પ્રત્યયને ધારણ કરે છે, તે પણ કાયમ રહે છે. હવે મૂળ વિષય ઉપર આવીએ. દ્રવ્યમાં કહેવા યોગ્ય ગુણ અંગીકાર કરે છે, તેને **वक्तव्यद्रव्यार्थिक** કહે છે. આત્માને અજ્ઞાની કહેવો, તેને અશુદ્ધ **द्रव्यार्थिकनय** કહે છે. કારણ કે અજ્ઞાન એ અશુદ્ધતા છે, તેનો આત્મામાં આરોપ કર્યો. તથા ષડ્દ્રવ્ય છે, તે ગુણ પર્યાયસહિત છે, એમ કહેવું તેને **अन्वय द्रव्यार्थिकनय** કહે છે. સર્વ જીવદ્રવ્યની મૂલ સત્તા એક છે. એમ કહેવું તેને **परमद्रव्यार्थिकनय** કહે છે. સર્વ જીવના આઠ રૂચક પ્રદેશનિર્મલ છે. એમ કહેવું તેને **शुद्ध द्रव्यार्थिकनय** કહે છે–સર્વ જીવના અસંખ્યાત પ્રદેશ એક સરખા છે. તેમાં કિંચિત્ પણ ફેરફાર નથી એમ કહેવું તેને **सत्ताद्रव्यार्थिकनय** કહે છે. ગુણ અને ગુણી એક છે. જેમ જ્ઞાનરૂપ આત્મા છે. દર્શન આત્મા છે ચારિત્ર આત્મા છે, એમ કહેવું તેને **परमभाव ग्राहक द्रव्यार्थिकनय** કહે છે ઇત્યાદિ દ્રવ્યાર્થિકનયના દશ ભેદ કહ્યા.

હવે पर्यायार्थिकनयना षड्भेद કહે છે.

જેનય કથંચિત્ મુખ્યતાએ પર્યાયોનું ગ્રહણ કરે છે, અને ગૌણતાએ દ્રવ્યત્વનું ગ્રહણ કરે છે, તેને **पर्यायार्थिकनय** કહે છે.

જીવને **भव्यपणुं** કહેવું તથા સિદ્ધપણું કથવું, તેને **द्रव्यपर्याय** કહે છે. દ્રવ્યનું પ્રદેશમાન કરવું તેને **द्रव्यव्यंजनपर्याय** કહે છે. ગુણપર્યાય જે ગુણથી અનેકતા થાય. જેમ ધર્માસ્તિકાયદ્રવ્ય પોતાના ચલણ સાહાયકારાદિ ગુણથી અનેક જીવ તથા પુદ્‌ગલને સાહાય કરે છે, તથા જેમ કેવલ જ્ઞાન એક છે, તો પણ તે લોકાલોક અનંત જ્ઞેયને જ્ઞાનમાં વિષયી ભૂત કરે છે. તે **गुणपर्याय** જાણવો. એક જ્ઞાન ગુણના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, તથા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, તથા વિભંગજ્ઞાન, એમ ઘણા ભેદ પાડવા તથા એક દર્શનના ચક્ષુ દર્શન, અચક્ષુ દર્શન, અવધિ દર્શન, અને કેવલ દર્શન, એમ ઘણા ભેદ કરવા તેને **गुणव्यंजनपर्याय** કહે છે. અગુરૂલઘુથી **स्वभावपर्याय** છ દ્રવ્યોમાં રહેલો છે. એ પંચ પર્યાય ષડ્‌દ્રવ્યોમાં વર્તે છે. અને છઠ્ઠો **विभावपर्याय** છે, તે જીવ અને પુદ્‌ગલ એ બે દ્રવ્યમાં વર્તે છે. અને તે વિભાવ પર્યાયથી જીવ ચાર ગતિમાં નવનવા ભવ કરે છે. રાગદ્વેષ કરવો એ વિભાવ પર્યાય છે. આઠ કર્મની વર્ગણા ગ્રહવી, તથા પંચ પ્રકારનાં શરીર ગ્રહવાં, ઔદયિકભાવમાં રાચી માચીને રહેવું, ઈત્યાદિ સર્વ વિભાવ પર્યાય છે. વિભાવ પર્યાયનો નાશ થવાથી સિદ્ધપણું પ્રગટે છે. પુદ્‌ગલ દ્રવ્યસ્કંધપણું તે પણ વિભાવ પર્યાય છે.

વળી પર્યાયના બીજા છ ભેદ કહે છે.

૧ પુદ્ગલદ્રવ્યનો મેરૂ પ્રમુખ તે અનાદિ નિત્ય પર્યાય છે. ૨ જીવદ્રવ્યનું સિદ્ધ પણું છે, તે સાદિ નિત્ય પર્યાય જાણવો. સિદ્ધપણું પ્રગટ્યાની સાદિ છે, અને વળી તે सिद्धपर्याय નિત્ય છે, તેનો કદાપિકાળે નાશ થવાનો નથી. ૩ સમય સમયમાં જીવ ઉપજે છે અને વિણસે છે, તેને અનિત્ય પર્યાય કહે છે. अनित्यपर्याय સાદિસાંત ભાંગે છે, અને તે ષડ્દ્રવ્યમાં સમયે સમયે વર્તે છે.

૪ જીવોનાં જન્મ મરણ થાય છે, તે કર્મથી થાય છે, અને કર્મથી આત્માનો અશુદ્ધ પર્યાય કહેવાય છે. અને જન્મ મરણરૂપ પર્યાય છે, તે અનિત્ય છે, માટે જન્મ મરણાદિકને અશુદ્ધ અનિત્ય પર્યાય કહે છે.

૫ જડરૂપ કર્મનો સંબંધ છે, તે ઉપાધિ છે તેને उपाधिपर्याय કહે છે. ૬ સર્વ દ્રવ્યના મૂલ પર્યાય એક સરખા છે, તેને शुद्धपर्याय કહે છે.

હવે सप्तनय स्वरूप કહે છે.

સાત નયનાં નામ નીચે મુજબ છે. ૧ नैगम. ૨ संग्रह. ૩ व्यवहार. ૪. ऋजुसूत्र. ૫ शब्द. ૬ समभिरूढ. ૭ एवंभूत

પ્રથમ નૈગમનયનું સ્વરૂપ કહે છે, વસ્તુના ધર્મના

એક અંશને ગ્રહણ કરે છે, તેને નૈગમ કહે છે. જેમ કોઇ દેવદત્ત મનુષ્ય સિદ્ધાચલ યાત્રા કરવા માટે ઘરમાંથી બ્હાર નીકળ્યો. લોકો તેને ગામની બ્હાર વળાવી આવ્યા. કોઈ મનુષ્યે પૂછ્યું કે દેવદત્ત ક્યાં ગયો, ત્યારે એકે કહ્યું કે દેવદત્ત સિદ્ધાચળ ગયો. હજી દેવદત્ત ગામની બહાર છે, પણ ગમનનો એક અંશ ગ્રહી સિદ્ધાચલ ગયો એમ કહેવું, તે નૈગમનયની પ્રવૃત્તિ છે. તથા ગુરૂએ શિષ્યને કહ્યું, સંથારો કર. શિષ્ય સંથારો પાથરવાની પ્રવૃત્તિ કરવા લાગ્યો. ગુરૂએ પૂછ્યું સંથારો કર્યો કે; શિષ્યે કહ્યું કર્યો. આ વચન પણ નૈગમનયનું છે. કરવામાંડી વસ્તુ કરી કહેવાય, એમ આ નયનો અભિપ્રાય છે. यथा कडेमाणे कडे જમાલીએ કરવા માંડ્યું તે કર્યું ના કહેવાય, એમ કહી નૈગમનયના અભિપ્રાયનો અપલાપ કર્યો હતો. માટે તેને ઉત્સૂત્રભાષી શ્રીવીરપ્રભુએ કહ્યા હતો. તથા જેમ કોઇ મનુષ્યને રૂપૈયો લેવાનું મન થયું, તેથી તે રૂપૈયા માટે માટી લેવા ગયો. માર્ગમાં કોઇએ પૃચ્છા કરી કે, હે ભવ્ય! તું ક્યાં જાય છે? ત્યારે તેણે ઉત્તર આપ્યો કે, હું રૂપૈયો લેવા જાઉં છું. હજી રૂપૈયો તો મળ્યો નથી, તો પણ માટીથી મળશે. માટી અર્થે ગમનના અભિપ્રાયમાં રૂપૈયાનો આરોપ કર્યો. માટે તેને નૈગમનય કહે છે. વસ્તુના એક અંશમાં વસ્તુનો આરોપ કરવો, તે નૈગમનું કાર્ય છે. તથા સર્વ જીવના

આઠરૂચક પ્રદેશ નિર્મલ છે, સિદ્ધસમાન છે, તેથી સર્વ જીવોને સિદ્ધ કહેવા, એ નૈગમનું વચન જાણવું. આઠરૂચકપ્રદેશ નિર્મળતારૂપ એક અંશથી સર્વ પરિપૂર્ણવસ્તુધર્મનો પદાર્થમાં આરોપ કર્યો. નૈગમનયના ત્રણ ભેદ છે. **अतीतनैगम**, **अनागतनैगम**, અને **वर्तमाननैगम**. વળી નૈગમનયના ત્રણ ભેદ છે–૧ **आरोप** ૨ **अंश** અને ૩ **संकल्प** તેમાં આરોપના ચાર ભેદ છે. ૧ **द्रव्यारोप**, ૨ **गुणारोप**, ૩ **कालारोप** અને ચોથો **कारणाद्यारोप**. તેમાં પ્રથમ દ્રવ્યારોપ છે તેને કહે છે. કાલદ્રવ્યરૂપ ભિન્ન વસ્તુ નથી. પંચાસ્તિકાયમાં સમયે સમયે ઉત્પાદવ્યયની વર્તનાને કાલ કથે છે. તે પંચદ્રવ્યમાં, સમયે સમયે વર્તી રહ્યો છે. તેવી વર્તના કંઇ છઠ્ઠુંદ્રવ્ય નથી તેમ છતાં તેવી વર્તનામાં દ્રવ્યનો આરોપ કરી, વર્તનાને કાલદ્રવ્ય કહેવું, તે **द्रव्यारोप** જાણવો. જ્ઞાન, દર્શન, ચારિત્ર, ગુણ છે, તે ગુણોનો આત્મદ્રવ્યમાં આરોપ કરવો અર્થાત્ દ્રવ્યને ગુણ કહેવો. જેમ **आत्मा,ज्ञान**, **आत्मा,दर्शन**, **आत्मा,चारित्र** ઇત્યાદિ દ્રવ્યમાં **गुणारोप** જાણવો. તથા વળી ચંચળતા, સ્ફૂર્તિ, વેગ, કીર્તિ, બળ, વિગેરે તથા મૂર્ખતા, નિંદા, અપકીર્તિનો જીવમાં આરોપ કરી જીવને ચંચળ કહેવો, મૂર્ખ કહેવો નિંદક કહેવો; બળવાન્ કહેવો, ઇત્યાદિ સર્વ **गुणारोप** જાણવો. પુણ્ય અને પાપની પ્રકૃતિયોથી કહેવાતા ગુણો તથા દુર્ગુણોનો

આરોપ જીવમાં કરવો, તે **गुणारोप** છે. પુણ્ય અને પાપની પ્રકૃતિયો જીવના ગુણ નથી, તેમ છતાં તેમાં ઇષ્ટાનિષ્ટ બુદ્ધિથી જીવ રાગદ્વેષયોગે કર્મ બાંધે છે. કાલારોપના ત્રણ ભેદ છે. તેમાં ૠષભદેવનું નિર્વાણ થયાં ઘણો કાળવ્યતીત થયો, તેમ છતાં એમ કહેવું આજ મેરતેરસના રોજ શ્રી આદિનાથનું નિર્વાણ કલ્યાણક છે, તે વર્તમાનકાળમાં **भूतकालारोप** જાણવો. પદ્મનાભાદિ અનાગતકાળના તીર્થંકરોનો વર્તમાનકાળમાં આરોપ કરવો. જેમ કે આજ શ્રીપદ્મનાભનું જન્મકલ્યાણક છે. તે વર્તમાનકાલમાં **अनागतकालारोप** જાણવો. એ પ્રમાણે વર્તમાનનો આરોપ અતીત અનાગતમાં કરવો. તથા શ્રીતીર્થંકર ભગવંતને **तारयाणं** (તારનારા) કહેવા, તે કારણમાં કર્તાપણાનો આરોપ જાણવો, અજ્ઞાનભાવે ઔદયિક ભાવની બાહ્ય કષ્ટક્રિયામાં મુક્તિનું કારણ કલ્પવું, તે **कारणाद्यारोप** છે. **अंश नैगम**ના બે ભેદ છે. એક ભિન્નાંશતે સ્કંધાદિકનો જાણવો. અને દ્વિતીય અભિન્નાંશ, તે આત્માના પ્રદેશ તથા ગુણનો અવિભાગ સમજવો. તથા નિગોદીયા વિગેરે જીવના આઠ રૂચક પ્રદેશ નિર્મલ સિદ્ધ સમાન છે, તેથી સર્વ જીવોને સિદ્ધ કહેવા. તે અંશ નૈગમ છે, તથા વળી અયોગી કેવલી ચતુર્દશમ ગુણસ્થાનકે વર્તે છે. તે સિદ્ધથી અંશે ઓછા છે. સમભિરૂઢ નયની અપેક્ષાએ તે સિદ્ધ છે.

પણ મુકિત સ્થાન નથી પામ્યા, એટલી ઓછાશ છે, તેમને સંસારી કહેવા. તે અંશ નૈગમનું લક્ષણ છે.

સંકલ્પ નૈગમના બે ભેદ છે. સ્વપરિણામરૂપ વીર્ય ચેતનાનો જે નવો નવો ક્ષયોપશમ લેવો તે. બીજો કાર્યાંતરે નવા નવા કાર્યે નવો નવો ઉપયોગ થાય, તે જાણવો, વસ્તુમાં ધર્મ અનેક છે, તે એકાંતે માને, પણ પરસ્પર સાપેક્ષપણે ન માને, એટલે વસ્તુના એક ધર્મને માને, બીજા ધર્મને માને નહીં, તેને નૈગમાભાસ કહે છે. એ દુર્નય જાણવો. કારણકે તે અન્યનયની અપેક્ષા રાખે નહીં. જેમ આત્મામાં સત્વ તથા ચૈતન્ય એ બે ધર્મ ભિન્ન ભિન્ન છે. તેમાં ચૈતન્યપણું ન માને તેને નૈગમાભાસ કહે છે.

૨ સંગ્રહનયનું સ્વરૂપ.

सामान्य वस्तु सत्ता संग्राहकः संग्रहः स द्विविधः सामान्य संग्रहो विशेष संग्रहश्च सामान्य संग्रहो द्विविधः मूलत उत्तरतश्च मूलतोऽस्तित्वादि भेदतः षड्विधः उत्तरतो जातिसमुदायभेदरूपः जातितः गवि गोत्वं घटे घटत्वं वनस्पतौ वनस्पतित्वं समुदयतो सहकारात्मके वने सहकारवनं मनुष्यसमुहे मनुष्यवृंद इत्यादि समुदाय रूपः अथवा द्रव्यमिति सामान्य संग्रहः जीव इति विशेष संग्रहः तथा विशेषावश्यके संगहणं संगिन्हइ संगिन्हं तेव तेण जंभेया तो संगहो संगिहिय पिंडियत्थं वउज्ज-

स्स संग्रहणं सामान्यरूपतया सर्वं वस्तूनामाक्रोडनं संग्रहः अथवा सामान्यरूपतया सर्वं गृह्णातीति संग्रहः अथवा संगृहीतं पिंडितं तदेवार्थोऽभिधेयं यस्य तत् संगृहीत पिंडितार्थं एवंभूतं वचो यस्य संग्रहस्येति संगृहीत पिंडितं तत् किमुच्यते इत्याह संगहीय मागहीयं संपिंडिय मेगजाइ माणीयं संगहीय मणुगमो वा वइरे गोपिंडियं भणियं ॥ १ ॥ सामान्याभिमुख्येन ग्रहणं संगृहीत संग्रह उच्यते पिंडितं त्वेकजाति मानितमभिधीयते पिंडितसंग्रहः अथ सर्वव्यक्तिष्वनुगतस्य सामान्यस्य प्रतिपादनमनुगमसंग्रहोभिधीयते व्यतिरेकस्तु तदितरधर्मनिषेधात् ग्राह्यधर्मसंग्राहकं व्यतिरेकसंग्रहो भण्यते यथा जीवो जीव इति निषेधे जीवसंग्रह एव जाताः अतः १ संग्रह २ पिंडितार्थ ३ अनुगम ४ व्यतिरेकभेदाच्चतुर्विधः अथवा स्वसत्ताख्यं महासामान्यं संगृह्णाति इतरस्तु गोत्वादिकमवांतरसामान्यं पिंडितार्थमभिधीयते महासत्तारूपं अवांतरसत्तारूपं एगं निच्चं निरवयवमक्रियं सव्वगं च सामन्नं एतत् महासामान्यं गवि गोत्वादिकमवांतरसामान्यमिति संग्रहः ॥

ભાવાર્થ—સામાન્ય વસ્તુસત્તા જે નિત્યત્વાદિક ધર્મ સર્વ દ્રવ્યમાં વ્યાપક છે, તે ગ્રહણ કરે, તેને **संग्रहनय** કહે છે. સંગ્રહના બે ભેદ છે. ૧ **सामान्य संग्रह** ૨ વિ-

શેષ સંગ્રહ તેમાંવળી સામાન્ય સંગ્રહના બે ભેદ છે. ૧ ૧ મૂલ સામાન્ય સંગ્રહ ૨ ઉત્તર સામાન્ય સંગ્રહ તેમાં મૂળ સામાન્ય સંગ્રહના ૭ ભેદ છે. ૧ અસ્તિત્વ ૨ વસ્તુત્વ, ૩ દ્રવ્યત્વ, ૪ પ્રમેયત્વ, ૫ સત્વ, ૬ અગુરુલઘુત્વ, તેમાં પ્રથમ અસ્તિત્વનું સ્વરૂપ કહે છે.

છ દ્રવ્ય પોત પોતાના ગુણ પર્યાય તથા પ્રદેશે કરી અસ્તિ છે, ધર્મ, અધર્મ, લોકાકાશ, અને જીવ, એ ચારનો અસંખ્યાત પ્રદેશમળી સ્કંધ થાય છે. પુદ્ગલદ્રવ્યમાં સ્કંધ થવાની શક્તિ છે. અલોકાકાશનો સ્કંધ અનંતપ્રદેશી છે. એ પંચ દ્રવ્ય અસ્તિકાય છે, છઠ્ઠા કાલદ્રવ્યનો સમય કોઇ કોઇથી મળતો નથી. કેમકે એક સમય નષ્ટ થયા પશ્ચાત્ દ્વિતીય સમય આવે છે. માટે કાલ અસ્તિકાય નથી.

વસ્તુત્વ—ષડ્દ્રવ્યમાં વસ્તુપણું સામાન્યપણે વ્યાપી રહ્યું છે. છદ્રવ્ય એક ક્ષેત્રમાં રહ્યા છે. એક આકાશ પ્રદેશમાં, ધર્માસ્તિકાયનો તથા અધર્માસ્તિકાયનો એકેક પ્રદેશ રહ્યો છે. અને અનંતાજીવના અનંતાપ્રદેશ રહ્યા છે. પુદ્ગલપરમાણુઓ અનંતા રહ્યા છે. તે સર્વ પોતાની સત્તાગ્રહીને રહ્યા છે. એક દુકાનમાં પંચનોકર રહે, પણ તેથી જેમ તે ભેગામળીજાય નહીં. અર્થાત્ તેમની ભિન્ન ભિન્ન વ્યક્તિ રહે, તેમ આકાશમાં પંચદ્રવ્ય રહ્યાં છે, પણ તે એક થઇજાય નહીં. ભિન્નવ્યક્તિ રહે.

૩ द्रव्यत्व—દ્રવ્યપણું. સર્વ દ્રવ્ય પોતપોતાની ક્રિયા કરે. ધર્માસ્તિકાયમાં ચલણ સહાયગુણ સર્વ પ્રદેશમાં છે, તે સદા જીવ પુદ્ગલને ચલાવવારૂપ ક્રિયાકરે છે.

પ્રશ્ન—લોકાંત સિદ્ધક્ષેત્રમાં ધર્માસ્તિકાય છે તે સિદ્ધજીવોને ચલાવવા રૂપક્રિયા કેમ કરતો નથી.

ઉત્તર—સિદ્ધના જીવ અક્રિય છે, માટે ગમનાગમન કરીશકતાનથી. તેથી ધર્માસ્તિકાય ચાલવા સહાય આપીશકતું નથી. ધર્માસ્તિકાયનો ગુણ એ છે કે, જે ચાલતો હોય તેને સહાયઆપે; પણ નહીં ગમનકરનારને ચલાવીશકે નહીં. સિદ્ધક્ષેત્રમાં નિગોદીયાજીવ રહ્યા છે, તથા પુદ્ગલ છે તેને ધર્માસ્તિકાય ચાલવામાં સહાય આપે છે; માટે તે પોતાની શક્તિ ફેરવે છે તથા અધર્માસ્તિકાય જીવ પુદ્ગલને સ્થિરથવામાં સહાય આપેછે-તથા આકાશદ્રવ્ય સર્વ દ્રવ્ય અવગાહના દાનરૂપ કાર્ય કર્યા કરે છે.

પ્રશ્ન—અલોકાકાશમાં અન્ય કોઈ દ્રવ્યનથી, તો અલોકાકાશ કયાદ્રવ્યને અવગાહના દાન આપે છે.

ઉત્તર—અલોકાકાશમાં અવગાહના દાન ગુણની શક્તિતો લોકાકાશસદૃશ છે, કિંતુતત્ર અવગાહન દાન ગ્રહનાર અન્યકેચિત્ દ્રવ્ય નથી. અલોકાકાશના પ્રતિપ્રદેશે ઉત્પાદવ્યય સમયે સમયે થઇરહ્યોછે. उत्पादव्ययध्रौव्ययुक्तं द्रव्यं જ્યાં ઉત્પાદ વ્યય ધ્રૌવ્યતા હોયછે, તે દ્રવ્ય કહેવાય છે. અલોકાકાશમાં

જો ઉત્પાદ વ્યય થાય નહીં, તો તે દ્રવ્ય કહેવાયનહીં. ત્યાં ઉત્પાદવ્યયનો સદ્ભાવ છે, માટે તે દ્રવ્ય કહેવાયછે. પુદ્ગલદ્રવ્ય મળવા વિખરવાની ક્રિયાકરેછે. કાલદ્રવ્ય વર્તનારૂપ ક્રિયાકરેછે, પણ તે ઉપચારથી જીવદ્રવ્ય જ્ઞાનલક્ષણ ઉપયોગ રૂપ ક્રિયા કરેછે. એમ સર્વ દ્રવ્ય પોતપોતાની ક્રિયાકરે છે.

૪ **प्रमेयत्वं=प्रमाविषयीभूतः प्रमेयः** પ્રમા એટલે જ્ઞાનમાં જે ભાસે, તેને પ્રમેય કહેછે. છદ્રવ્ય છે, તે જ્ઞાનમાં ભાસે છે, માટે તે પ્રમેય છે, પ્રમેયનું પ્રમાણ કેવલી પોતાના જ્ઞાનથી કરેછે. ચઉદરાજલોકનું પ્રમાણ પણ જ્ઞાનથી થાયછે. ધર્મ, અધર્મ, આકાશ, એકેક દ્રવ્ય છે, જીવદ્રવ્ય અનંતછે. તેની ગણના નીચેમુજબ. સંજ્ઞીમનુષ્ય સંખ્યાતા છે, અસંજ્ઞી મનુષ્ય અસંખ્યાતા છે. નારકી અસંખ્યાતા છે, દેવતા અસંખ્યાતા છે. તિર્યક્પંચેન્દ્રિય અસંખ્યાતા છે, દ્વીન્દ્રિય અસંખ્યાતા છે. ત્રીન્દ્રિય અસંખ્યાતા છે. ચતુરિન્દ્રિય અસંખ્યાતા છે. તેથી પૃથ્વીકાય અસંખ્યાતા છે. અપ્કાય અસંખ્યાતા છે, તૈજસકાય અસંખ્યાતા છે. વાયુકાય અસંખ્યાતા છે, પ્રત્યેક વનસ્પતિ જીવ અસંખ્યાતા છે, તેથી સિદ્ધના જીવ અનંતા છે. તેથી બાદરનિગોદીયાજીવ અનંતગુણાછે. આદુ, મૂલા, ગજરીઆં, બટાટા, સૂરણ, પિંડાળુ, રતાળુ વિગેરે બાદરનિગોદજીવ છે. બાદરનિગોદ કંદમૂલ છે, તે સુઇના અગ્રભાગમાં આવે તેટલા કંદમૂલમાં અનંતા-

જીવ છે, તે સિદ્ધના જીવથી અનંતગુણા છે. સૂક્ષ્મનિગોદના જીવ અનંતગુણા છે.

सूक्ष्मनिगोदनोविचार.

જેટલા લોકાકાશના પ્રદેશ છે, તેટલા નિગોદીયા ગોળા છે. તેમાં એકેક ગોળામાં અસંખ્યાત નિગોદ છે. અનંતજીવોનો પિંડભૂત એકશરીર, તેને નિગોદ કહેછે, એકેક નિગોદમધ્યે અનંતજીવ છે. અતીતકાલના સર્વસમય, તથા અનાગતકાલના સર્વસમય, તથા વર્તમાનકાલનો એક સમય તેને ભેળાકરી અનંતગુણા કરીએ તેટલાજીવ એક નિગોદમાં છે, સંસારીજીવ અનંતા છે. એકેક જીવના અસંખ્યાત પ્રદેશ છે. એકેકા પ્રદેશે અનંતીકર્મની વર્ગણા લાગી છે, અને એકેક કર્મવર્ગણામાં અનંત પુદ્‌ગલ પરમાણુઓ છે. એમ અનંત પરમાણુ એકેક જીવને લાગ્યા છે. તથા એકેક પરમાણુમાં અનંતા ગુણપર્યાયવ્યાપીને રહ્યા છે. અનંતગુણ પુદ્‌ગલપરમાણુ જીવથી છૂટા છે. અસંખ્યાતા ગોળામાટે શાસ્ત્રની સાક્ષી નીચે મુજબ.

गाथा.

गोलाय असंखिज्जा, असंखनिगोयओ हवइ गोलो;
इक्किकमि निगोए, अणंत जीवा मुणेयव्वा. ॥ १ ॥

गाथा.

सत्तरस समहिया, किरइगाणु पाण मिहंति खुड्डभवा;
सगतिस सयतिहुत्तर, पाणु पुण इग मुहुत्तंमि १

મનુષ્યના એક શ્વાસોશ્વાસમાં નિગોદીયા જીવ સત્તર-ભવ ઝાઝેરા કરેછે. એક મુહુર્તમાં ૩૭૭૩ ત્રાણુહજાર સાતસો-તહોત્તર શ્વાસોશ્વાસ થાય. તેટલામાં નિગોદીયા કેટલા ભવ-કરે તે કહેછે,

गाथा.

पणसठि सहस्स पणसय छत्तिरसा इगमुहुत्त खुड्डभवा;
आवालियाणां दोसय, छप्पन्ना एग खुड्डभवे १

નિગોદીયાજીવ એક મુહૂર્તમાં ૬૫૫૩૬ ભવ કરે છે. અને નિગોદનો એકભવ ૨૫૬ આવલીનો છે. એને ક્ષુલ્લક-ભવ કહે છે.

गाथा.

अथ्थि अणंता जीवा, जेहिं न पत्तो तसाइ परिणामो;
ऊवज्जंति चयंतिय, पुणोवि तत्थेव तत्थेव. १

નિગોદમાં અનંતાજીવ એવા છે કે, પ્રથમ કદાપિ ત્રસપણું પામ્યા નથી. અનંતકાળ ગયો, અને અનંતકાળ જશે, પણ તે જીવો વારંવાર ત્યાં ઉપજે છે, અને ત્યાં

ચવે છે, નિગોદના બે ભેદ છે. ૧ એક વ્યવહારરાશિનિગોદ અને બીજી અવ્યવહારરાશિનિગોદ. તેમાં બાદર એકેન્દ્રિયપણું ભાવેત્રસપણું પામીને પશ્ચાત્ નિગોદમાં ગયા છે, તેને વ્યવહાર રાશિયા કહે છે. જે જીવ કોઇપણ કાળે નિગોદમાંથી નીકળ્યા નથી, તેને અવ્યવહારરાશિયા નિગોદજીવ કહે છે. અત્ર મનુષ્યમાંથી કર્મ ખપાવીને જેટલા જીવ એક સમયમાં મુક્તિપામે છે. તેટલા જીવ તેજ સમયમાં અવ્યવહારરાશિ સૂક્ષ્મનિગોદમાંથી નીકળી ઉંચા આવે છે. જો દશ જીવ મુક્તિપામે તો દશજીવ નીકળે. કોઇવેળા ભવ્યજીવ ઓછા નીકળેતો, તે સ્થાને એક બે અભવ્ય નીકળે પણ વ્યવહારરાશિમાં જીવ વધે ઘટે નહિં

લોક મધ્યના નિગોદીયા ગોલા, છદિશિના આવ્યા પુદ્ગલને, આહારપણે લે છે. તે **સકલગોલા** કહેવાય છે. લોકાંતપ્રદેશમાં રહેલા નિગોદીયા ગોળાને ત્રણદિક્‌ના આહારની સ્પર્શના છે. માટે તેને વિકલગોળા કહે છે. પંચસ્થાવર સૂક્ષ્મજીવ ચઉદ રાજલોકમાં વ્યાપીને રહ્યા છે. સાધારણપણું માત્ર એક વનસ્પતિમાં છે, પણ ચારમાં નથી. નિગોદીયાજીવ અનંત દુઃખ ભોગવે છે. જીવ, અજીવ, પુણ્ય પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, અને મોક્ષ એ નવ તત્વપણ જ્ઞાનમાં વિષયીભૂત થાય છે. ઇત્યાદિ સર્વ પ્રમેયનો પ્રમાતા આત્મા છે, સર્વ પદાર્થોમાં પ્રમેયત્વરૂપ સાધા

રણુ ધર્મ રહ્યા છે, તેનું પ્રમાણુજ્ઞાન ગુણુથી આત્મા કરેછે.

૫ **सत्व** (સતપણું) સત્વરૂપ સાધારણુ ધર્મ છે, તે ષડ્-દ્રવ્યોમાં વ્યાપીને રહ્યા છે. **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** ઇતિ **तत्वार्थवचनात.** ધર્માસ્તિકાયના અસંખ્યાત પ્રદેશ છે ત્યાં એક પ્રદેશમાં અગુરૂલઘુ અસંખ્યાતો છે, અને દ્વિતીય પ્ર-દેશમાં અનંત અગુરૂલઘુ છે. તૃતીય પ્રદેશમાં સંખ્યાત અગુરૂલઘુ છે. એમ અસંખ્યાતા પ્રદેશમાં અગુરૂલઘુ પર્યાય ઘટતો વધતો રહે છે. અગુરૂલઘુપર્યાય ચલ છે. જે પ્રદેશમાં અસંખ્ય છે, તે પ્રદેશમાં અનંત થાય છે. અને અનંતાને સ્થાને અસંખ્યાત થાય છે. એમ લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશમાં સરખો સમકાલે અગુરૂલઘુ પર્યાય ફરે છે. તે જે પ્રદેશમાં અસંખ્યાતો ટળીને અનંત થાય છે, તે પ્રદેશમાં અસંખ્યાતપણાનો વિનાશ છે, અને અનંતપણાનો **उत्पाद** છે. અને અગુરૂલઘુપણે ધ્રુવ છે. એમ **उत्पादव्यय** અને ધ્રુવ એ ત્રણ પરિણામથી સત્વપણું જાણવું.

અધર્માસ્તિકાયમાં પણ એ ત્રણ પરિણામ અસંખ્યાત પ્રદેશે સમયે સમયે પરિણમી રહ્યા છે, એમ આકાશના અનંત પ્રદેશમાં પણ એક સમયે ત્રણ પરિણામ પરિણમે છે. જીવનાઅસંખ્યાત પ્રદેશ છે. તેમાં પણ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યત્વપણું રહ્યું છે. તથા પુદ્ગલ પરમાણુમાં પણ સમય સમય થાય છે. અને કાલનો વર્તમાન સમય ફરીને અતીત-

કાલ થાય છે. તે સમયમાં વર્તમાનપણાનો વિનાશ છે. અને અતીતત્વનો ઉત્પાદ છે. અને કાલપણે ધ્રુવ છે, એમ સ્થુલથી ઉત્પાદવ્યય ધ્રુવત્વ કહ્યા. અને વસ્તુગત્યા મૂલપણે જ્ઞેયને પલટવે જ્ઞાનનું પણ તે ભાસનપણે પરિણમવું થાય છે તેથી પૂર્વપર્યાયના ભાસનનો વ્યય, અને અભિનવજ્ઞેય પર્યાય ભાસનનો ઉત્પાદ. તથા જ્ઞાનપણે ધ્રૌવ્યતા એવી રીતે સર્વગુણ ધર્મપ્રવૃત્તિરૂપ પર્યાયનો ઉત્પાદવ્યય શ્રી સિદ્ધભગવંતમાં પણ થઇ રહ્યો છે. કાલદ્રવ્યમાં ઉપચારથી સર્વ કહેવું. એવી રીતે સર્વ દ્રવ્યમાં ઉત્પાદવ્યય ધ્રૌવ્યતા વર્તીરહી છે. એમ સર્વ દ્રવ્યમાં **सत्वस्वरूप** કહ્યું. જો અગુરૂલઘુનો ભેદ ન થાય તો પછી પ્રદેશોનાં પરસ્પર ભેદ કેમ થાય? અર્થાત થાય નહી. માટે અગુરૂલઘુનો ભેદ સર્વમાં છે. અને જેનું ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ સત્પણું એક છે, તે દ્રવ્ય એક છે. અને જેનું, ઉત્પાદધ્રૌવ્યરૂપ સત્પણું જુદું છે તે દ્રવ્યપણ જુદા છે. **इतिसत्त्वव्याख्या.**

૬ ઠ્ઠો—**अगुरुलघुत्व**— જે દ્રવ્યનો અગુરૂલઘુ પર્યાય છે, તે ૭ પ્રકારની હાનિ વૃદ્ધિ કરે છે. તેમાં ૭ પ્રકારનીહાનિ **१ अनंतभागहानि, २ असंख्यातभागहानि, ३ संख्यातभागहानि, ४ संख्यातगुणहानि, ५ असंख्यात, गुणहानि, ६ अनंतगुणहानि** તથા ૭ પ્રકારનીવૃદ્ધિ. **१ अनंतभागवृद्धि २ असंख्यातभागवृद्धि ३संख्यातभागवृद्धि, ४ संख्यातगुणवृद्धि ५ असंख्यातगुणवृद्धि ६**

અનંતગુણવૃદ્ધિ એ ૬ પ્રકારની હાનિ તથા ૬ પ્રકારની વૃદ્ધિ. સર્વ-
દ્રવ્યમાં સદા સમયે સમયે પરિણમી રહી છે. અગુરૂલઘુ સ્વ-
ભાવને આવરણ નથી, તથા આત્મામાં જે અગુરૂલઘુગુણ છે,
તે આત્માના અસંખ્યાત પ્રદેશે ક્ષાયિકભાવ થયેછતે સર્વગુણ
સામાન્યપણે પરિણમે છે. પણ અધિક ન્યૂન પરિણમતો
નથી. તે અગુરૂલઘુગુણનું પ્રવર્તન જાણવું. અગુરૂલઘુગુણને
ગોત્રકર્મ રૂંધે છે. **अगुरुलघु स्वरूपमिति** એ પ્રમાણે મૂળ
સામાન્ય સંગ્રહના **अस्तित्वादिक** ૬ ભેદ જાણવા.

તથા **उत्तरसामान्य** બે ભેદ છે. ૧ **जातिसामान्य** ૨
समुदायसामान्य. તેમાં ગાયના સમુદાયમાં ગોત્વરૂપજાતિ છે
તથા ઘટ સમુદાયમાં **घटत्व**, તથા વૃક્ષ સમુદાયમાં **वृक्षत्वरूप**
સામાન્યધર્મ. તથા મનુષ્યના સમુદાયમાં **मनुष्यत्व** સામાન્ય
ધર્મ તે જાતિ સામાન્યસંગ્રહ જાણવો. તથા આંબા-
ના સમૂહને આમ્રવન કહેવું, તથા મનુષ્યના સમૂહને મનુ-
ષ્યવૃન્દ કહેવું. તે સમુદાય સામાન્ય છે. ઉત્તરસામાન્ય છે,
તે ચક્ષુદર્શન તથા અચક્ષુદર્શનથી ગ્રહાય છે. અને મૂલસા-
માન્ય છે, તે **अवधिदर्शन** તથા **केवलदर्शनथी** ગ્રહાય છે
તથા વળી સંગ્રહનયના બે ભેદ છે. ૧ **सामान्यसंग्रह** ૨
विशेषसंग्रह. ત્યાં ૬ દ્રવ્યના સમુદાયને દ્રવ્ય એવું કહેવું,
તે સામાન્ય સંગ્રહ છે. દ્રવ્યત્વ કહેવાથી સર્વ દ્રવ્યનું ગ્રહણ
થાય છે, અને જીવને જીવ કહી અજીવથી જુદો પાડવો તે

વિશેષ સંગ્રહ છે. વિશેષ સંગ્રહનો વિસ્તાર ઘણો છે. તથા વિશેષાવશ્યકમાં સંગ્રહનયના ચાર ભેદ કહ્યા છે. સામાન્યપણે સર્વ વસ્તુનો ગ્રહણ કરવો. અથવા સામાન્યરૂપપણે સર્વનો સંગ્રહ કરે તેને **संग्रहनय** કહે છે, તેના ચારભેદ છે. ૧ **संगृहीतसंग्रह**, ૨ **पिंडितसंग्रह**, ૩ **अनुगमसंग्रह** ૪ **व्यतिरेकसंग्रह**.

૧ સામાન્યપણે વહેંચણવિના એવો ઉપયોગ અથવા એવું વચન અથવા એવો ધર્મ કોઇપણ વસ્તુમાં હોય તેને ગ્રહે, તે **संगृहीत संग्रहनय** કહેવાય છે.

૨ એક જાતિમાટે એકત્વ માનીને, એકમાંજ સર્વનું ગ્રહણ કરવું, તેને **पिण्डित संग्रहनय** કહે છે જેમ **एगे आया एगे पुग्गले** ઇત્યાદિ અનંતિવસ્તુ પણ એકજાતિથી ગ્રહણ થાયછે. **घटत्व**જાતિથી અતીતકાલ, અનાગતકાળ અને વર્તમાનકાલના સર્વ ઘટોનું ગ્રહણ થાયછે.

૩ અનેક જીવરૂપ અનેક વ્યક્તિમાં જે અનુગમધર્મ વર્તેછે, તેને **अनुगमसंग्रह** કહેછે. જેમ **सच्चिन्मय आत्मा**. સત્પણું સર્વજીવમાં સરખું છે.

૪ જેના ના કહેવાથી ઇતર સર્વનો જ્ઞાનથી સંગ્રહ થાય. અજીવ છે એમ કહેતાં, જીવ નથી તે અજીવ કહેવાય. અર્થાત્ કોઇક જીવછે એમઠર્યું. તથા ઉપયોગે જીવનું ગ્રહણ થાયછે, માટે તેને **व्यतिरेकसंग्रह** કહેછે.

અથવા સંગ્રહનયના બેભેદ છે. १ महासत्तारुप २ अ
वांतरसत्तारुप ત્રણ ભુવનની સર્વવસ્તુઓનું સ્વરૂપ સંગ્રહ
નય ગ્રહણ કરેછે. તત્વાર્થાધિગમભાષ્યમાં अर्थानां सर्वैक-
देशसंग्रहणं संग्रहः પદાર્થોના સર્વૈક દેશનું સંગ્રહણ કરે, તેને
સંગ્રહનય કહ્યોછે.

३ व्यवहारनय स्वरूपम्.

संग्रहगृहीतवस्तुभेदांतरेण विभजनं व्यवहरणं प्रवर्तनंवा
व्यवहारः सद्विविधः शुद्धोऽशुद्धश्च शुद्धो द्विविधः वस्तुगतव्यव-
हारः धर्मास्तिकायादिद्रव्याणां स्वस्वचलनसहकारादिः जीवस्य
लोकालोकादिज्ञानादिरूपः स्वसंपूर्णपरमात्मभावसाधनरूपो गु-
णसाधकावस्थारूपः गुणश्रेण्यारोहादिसाधनशुद्धव्यवहारः अशु-
द्धोपि द्विविधः सद्भूतासद्भूतभेदात् सद्भूतव्यवहारो ज्ञानादिगुणः
परस्परंभिन्नः असद्भूतव्यवहारः कषायात्मादि मनुष्योऽहं, देवोऽ
हं, सोऽपि द्विविधः संश्लेषिताशुद्धव्यवहारः शरीरं मम अहं श-
रीरी असंश्लेषिता सद्भूतव्यवहारः पुत्रकलत्रादिः तौ च उपच-
रितानुपचारितव्यवहारभेदात् द्विविधौ तथा च विशेषावश्यके
व्यवहरणं व्यवहारः एस तेण व्यवहार एव सामन्नं व्यवहारपरोव्व
जओ विशेसओ तेण व्यवहारः व्यवहरणं व्यवहारः व्यवहरति स
इति वा व्यवहारः विशेषतो व्यवह्रियते निराक्रियते सामान्यं

तेनेति व्यवहारः लोकव्यवहारपरो वा विशेषतो यस्मात्तेन व्यवहारः न व्यवहारा स्वस्वधर्मप्रवर्तितेन ऋते सामान्यामिति स्वगुणप्रवृत्तिरूपव्यवहारस्यैव वस्तुत्त्वं तमंतरेण तदभावात् स द्विविधः विभजनप्रवृत्तिभेदात् प्रवृत्तिव्यवहारास्त्रिविधः १ वस्तुप्रवृत्तिः २ साधनप्रवृत्तिः ३ लौकिकप्रवृत्तिश्च साधनप्रवृत्तिस्त्रेधा लोकोत्तर लौकिककुमावचानिकभेदात् इतिव्यवहारनयः श्रीविशेषावश्यके.

ભાવાર્થ—સંગ્રહનયે ગ્રહણ કરેલી વસ્તુને ભેદાંતરે વહેંચે, તેને વ્યવહારનય કહેછે. જેમ દ્રવ્ય એવું સામાન્ય નામ છે, તેની વ્હેંચણ કરીને દ્રવ્યના બે ભેદ પાડે, જેમ દ્રવ્યના બે ભેદ. ૧ જીવદ્રવ્ય બીજું અજીવદ્રવ્ય. તેમાં વળી જીવદ્રવ્યના બે ભેદ પાડે ૧ સિદ્ધ બીજા સંસારી. તેમાં સંસારીજીવના બે ભેદ છે ૧ સ્થાવર અને ત્રસ. તેમાં સ્થાવરના પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય, એ પંચભેદ છે. અને ત્રસના દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, અને પંચેન્દ્રિય એ ચારભેદ છે. તેમાં પંચેન્દ્રિયના ચારભેદ છે, દેવતા, મનુષ્ય, તિર્યક્, અને નારકી. વળી સંસારીજીવના બેભેદ છે, એક અયોગી ચઉદમા ગુણઠાણાવાળા, અને બીજા સયોગી. તેસયોગીના બે ભેદ, એક કેવલી અને બીજા છદ્મસ્થ. તે છદ્મસ્થના બેભેદ છે; એક ક્ષીણમોહી બારમાગુણઠાણે વર્તતા, કે જેણે મોહનીયકર્મ ખપાવ્યું તે.

બીજા ઉપશાંતમોહી. તેના બેભેદ છે; એક અકષાયી અગ્યારમાગુણઠાણે વર્તતાજીવ, અને બીજા સકષાયી. સકષાયીના બેભેદ છે; એક સૂક્ષ્મકષાયી દશમાગુણઠાણાનાજીવ, બીજા બાદરકષાયી. તેના બેભેદ છે; એક શ્રેણિપ્રતિપન્ન, બીજા શ્રેણીરહીત. તેમાં શ્રેણિરહીતના બેભેદ છે. એક અપ્રમાદી, બીજા પ્રમાદી વળી પ્રમાદીના બેભેદ છે; એક સર્વ વિરતિ, બીજા દેશવિરતિ. દેશવિરતિના બેભેદ છે, એક અવિરતિપરિણામી, બીજા વિરતિપરિણામી. અવિરતિના બેભેદ છે, એક અવિરતિસમકિતી, બીજા અવિરતિમિથ્યાત્વી. મિથ્યાત્વીના બેભેદ છે, એક ભવ્ય, બીજા અભવ્ય. ભવ્યના બે ભેદ છે, એક ગ્રંથીભેદી બીજા અગ્રંથીભેદી. એપ્રકારે જીવ જેવા દેખાય તેને તેવા વ્યવહારનય માને છે. તથા અજીવ દ્રવ્યના બેભેદ કરવા. એકરૂપી અને બીજા અરૂપી. રૂપીપુદ્ગલ દ્રવ્ય છે, અને અરૂપી અજીવના ચાર ભેદ કરવા. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને કાલ.

વ્યવહરણ એટલે પ્રવર્તન તેને વ્યવહાર કહે છે. તેના બેભેદ છે. ૧ **શુદ્ધવ્યવહાર.** ૨ **અશુદ્ધવ્યવહાર.** તેમાં શુદ્ધવ્યવહારના બેભેદ છે; ૧ સર્વ દ્રવ્યની સ્વસ્વરૂપ રૂપ શુદ્ધપ્રવૃત્તિ. જેમકે ધર્માસ્તિકાયની ચલન સહાયતા; અધર્માસ્તિકાયની સ્થિરસહાયતા, જીવનીજ્ઞાયકતા. ઇત્યાદિને **વસ્તુગત શુદ્ધવ્યવહાર** કહેછે. દ્રવ્યનો ઉત્સર્ગસ્વભાવ ઉત્પન્ન

થવામાટે, રત્નત્રયીની શુદ્ધતા, ગુણસ્થાન શ્રેણિ આરોહણરૂપ
છે, તેને **साधन शुद्ध व्यवहारनय** કહે છે. ચારિત્ર અંગી-
કાર કરવું, પંચમહાવ્રત પાળવાં, જ્ઞાન, ધ્યાન, તપ વિ-
ગેરેનો આ વ્યવહારમાં સાપેક્ષપણે સમાવેશ થાય છે.

વળી અશુદ્ધ વ્યવહારના બે ભેદ છે. ૧ **सद्भूत** ૨
असद्भूत. તેમાં જે ક્ષેત્રે અવસ્થાને અભેદપણે રહ્યા જે
જ્ઞાનાદિગુણ, તેને પરસ્પર ભેદથી કહેવા તે **सद्भूतव्यवहार**.
તથા જેમ ક્રોધી હું, માની હું, દેવતા હું, મનુષ્ય હું,
ઇત્યાદિ દેવતાપણો તે હેતુપણે પરિણમતાં થયા જે દેવ-
ગતિ વિપાકીકર્મ, તેનો ઉદયરૂપ પરભાવ છે. તે પણ યથાર્થ
જ્ઞાનવિના ભેદજ્ઞાન શૂન્યજીવ એક કરી માને છે. તેને **अशुद्ध
असद्भूत व्यवहार** કહે છે. તેના બે ભેદ છે. ૧ **संश्लेषित
अशुद्ध व्यवहार**. તે જેમ, શરીર મારૂં, હું શરીરી
ઇત્યાદિ અને **असंश्लेषित अशुद्ध असद्भूत व्यवहार** તે. આ
પુત્ર પુત્રી સ્ત્રી મારાં તથા ધનાદિક મારાં વિગેરે માનવું
તે સમજવું. તથા ઉપચરિત અને અનુપચરિત એ બે ભેદે
વ્યવહાર જાણવો.

તથા વિશેષાવશ્યક મહાભાષ્યમાં વ્યવહાર નયના
મૂળ બે ભેદ કહ્યા છે. એક વહેંચણરૂપ વ્યવહાર. દ્વિતીય
પ્રવૃત્તિરૂપ વ્યવહાર. તેમાં પ્રવૃત્તિરૂપ વ્યવહારના ત્રણ ભેદ છે. ૧
वस्तुप्रवृत्ति ૨ **साधनप्रवृत्ति** ૩ **लौकिकप्रवृत्ति**, તેમાં પણ સાધ-

નપ્રવૃત્તિના ત્રણ ભેદ છે. ઇહિ પરલોક પુદ્‌ગલસુખ આશા રહિત શુદ્ધસાધનમાર્ગે અરિહંતની આજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરવી, તેને ૧ **લોકોત્તરસાધનપ્રવૃત્તિ** કહે છે. સ્યાદ્વાદજ્ઞાન વિના મિથ્યાભિનિવેશ સહિત સાધનપ્રવૃત્તિ છે, તેને ૨ **કુપ્રાવચનિક સાધનપ્રવૃત્તિ** કહે છે. અને લોકના દેશ, કુળ, વંશ, રૂઢીની ચાલે જે પ્રવર્તવું, તેને લોક વ્યવહારપ્રવૃત્તિ કહે છે. લોકવ્યવહાર પ્રવૃત્તિના પણ આર્ય અને અનાર્ય એ બે ભેદ છે. આર્યમાં પણ સમકિતી ગૃહસ્થોના કુળ, રીત; રીવાજ, આચારની પ્રવૃત્તિ અને બીજી મિથ્યાત્વીઓના કુળ, રીત, રીવાજ, આચારની પ્રવૃત્તિ.

વળી ભેદાંતરે વ્યવહારના છ ભેદ કહ્યા છે. ૧ **શુદ્ધવ્યવહાર**. ઉપરના ગુણસ્થાનકનું ગ્રહણ કરવું, અને પાછલાગુણઠાણાનું છોડવું. અથવા રત્નત્રયી આત્માથી ભિન્ન નથી તો પણ સમજાવવા ભેદ કરવો, તે **શુદ્ધવ્યવહાર** છે. જીવમાં અજ્ઞાન, રાગ, દ્વેષરૂપ અશુદ્ધપણું છે. તેને **અશુદ્ધવ્યવહાર** કહે છે. જીવ અને પુદ્‌ગલના સંબંધે અશુદ્ધવ્યવહાર છે, એ બે દ્રવ્યવિના બાકીના દ્રવ્યમાં અશુદ્ધવ્યવહાર નથી. ૩ પુણ્યક્રિયાપ્રવૃત્તિ ને **શુભવ્યવહાર** કહે છે. ૪ પાપની ક્રિયાને **અશુભ વ્યવહાર** કહે છે. પુત્ર, પુત્રી, સ્ત્રી માત, પિતાદિક કુટુંબ તથા ધન ઘર વિગેરે આત્માથી ભિન્ન છે, પણ અજ્ઞાનથી જીવે પોતાનું કરી જાણ્યું છે. તે **ઉપચ-**

रित व्यवहार છે. શરીરાદિક પુદ્ગલવસ્તુ યદ્યપિજીવથી જુદી છે; તો પણ पारिणामिकभाव લોલીપણે એકઠી મળી રહી છે. તેને જીવ અજ્ઞાનયોગથી પોતાની માને છે, તેને अनुपचरितव्यवहार કહે છે.

તથા વળી વ્યવહારના બે ભેદ કહ્યા છે. ૧ सद्भूतव्यवहार ૨ असद्भूतव्यवहार તેમાં પણ सद्भूतव्यवहारના બે ભેદછે. એક शुद्धसद्भूतव्यवहार, તે જેમ આત્માનું કેવલજ્ઞાન. અત્ર કેવલજ્ઞાન ક્ષાયિકભાવીય છે, તેમાં કોઇજાતની અશુદ્ધતા નથી. બીજા ભેદમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનાદિક આત્મદ્રવ્યના ગુણ છે, પણ તે ક્ષયોપશમભાવે છે. માટે અશુદ્ધતા છે, તે अशुद्धसद्भूतव्यवहार જાણવો.

પરપરિણતિ ભળતાં દ્રવ્યાદિકઉપચારથી નવ પ્રકારે असद्भूतव्यवहार છે.

૧ द्रव्येद्रव्योपचार: જીનાગમમાં ક્ષીરનીર ન્યાયે, જીવ પુદ્ગલ સાથે મળ્યાં છે. માટે જીવ દ્રવ્યમાં પુદ્ગલ દ્રવ્યનો ઉપચાર જાણવો.

૨ गुणेगुणोपचार: ભાવલેશ્યા આત્માનો અરૂપી ગુણ છે, તેને કૃષ્ણ, નીલ, કાપોતાદિ લેશ્યા કહીએ છીએ. પુદ્ગલ દ્રવ્યના કૃષ્ણાદિ ગુણનો ઉપચાર આત્મ ગુણમાં કરીએ છીએ. તે ગુણે ગુણોપચાર જાણવો.

૩ पर्याये पर्यायोपचार: અશ્વ, હાથી, પ્રમુખ આ-

રૂમ દ્રવ્યના અસમાન જાતીય પુદ્ગલદ્રવ્ય પર્યાયનો આત્મ દ્રવ્ય પર્યાય ઉપચાર કરીએ છીએ. તે પર્યાયે પર્યાયોપચાર નામનો ત્રીજો ભેદ જાણવો.

૪ **द्रव्ये गुणोपचारः** હું ગોરવર્ણ છું, એમ કહેતાં હું એટલે આત્મદ્રવ્ય અને ગોરવર્ણ એ પુદ્ગલનો ગુણ છે. આત્મદ્રવ્યમાં ગોરવર્ણ જે પુદ્ગલ ગુણ છે તેનો ઉપચાર થયો, માટે તેને દ્રવ્યે ગુણોપચાર કહે છે.

૫ **द्रव्ये पर्यायोचारः** જેમ હું દેહ છું, તેમાં હું એ આત્મદ્રવ્ય અને દેહ છે, તે પુદ્ગલ સ્કંધ પર્યાય છે. માટે આત્મદ્રવ્યમાં દેહરૂપ પર્યાયનો ઉપચાર કર્યો જાણવો.

૬ **गुणे द्रव्योपचारः** ગુણમાં દ્રવ્યનો ઉપચાર. જેમ તે ગોરો દેખાય છે, ગોરપણું પુદ્ગલગુણ છે, તેમાં તે એટલે આત્મ દ્રવ્ય તેનો ઉપચાર જાણવો.

૭ **पर्याये द्रव्योपचारः** પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર. જેમ દેહ છે, તે આત્મા છે. અત્ર દેહરૂપ પુદ્ગલપર્યાયમાં આત્મદ્રવ્યનો ઉપચાર કર્યો.

૮ **गुणे पर्यायोपचारः** ગુણમાં પર્યાયનો ઉપચાર. જેમ મતિજ્ઞાન છે, તે શરીર જન્ય છે, માટે તેને શરીરજ કહેવું. અત્રમતિ જ્ઞાન રૂપ આત્મગુણમાં શરીરરૂપ પુદ્ગલ પર્યાયનો ઉપચાર જાણવો.

૯ **पर्याये गुणोपचारः** તે પૂર્વ પ્રયોગને વિપરીત

કરવાથી થાય છે. જેમ શરીર તે મતિજ્ઞાન છે; અત્ર શરીરરૂપ પર્યાયમાં મતિજ્ઞાન રૂપ ગુણનો ઉપચાર કર્યો કહેવાય છે.

એમ ઉપચારથી **असद्भूत व्यवहार** નવ પ્રકારનો કહ્યો. તથા એના ત્રણ ભેદ છે.

૧ **स्वजाति असद्भूत व्यवहार** તે જેમ પરમાણુમાં બહુપ્રદેશી થવાની જાતિ છે. માટે તેને બહુપ્રદેશી કહેવો. તથા વળી મતિજ્ઞાનને મૂર્તિમત્ કહેવું. મૂર્ત જે વિષય આલોક નમસ્કાર છે તેથી તે ગુણ ઉત્પન્ન થયો અત્ર મતિજ્ઞાન આત્મગુણ છે. તેમાં મૂર્તત્વ જે પુદ્ગલ તેનો ઉપચાર કર્યો. માટે તેને **विजातिय असद्भूत व्यवहार** કહે છે. એ બીજો ભેદ કહ્યો. ત્રીજા **स्वजातिविजाति असद्भूत व्यवहार** સ્વરૂપ દર્શાવે છે. જેમ જીવાજીવ વિષયજ્ઞાન, અત્ર જીવતે જ્ઞાનની સ્વજાતિ છે, અને અજીવ તે જ્ઞાનની વિજાતિ છે. એમ એનો વિષય વિષય. ભાવ નામે ઉપચરિત સંબંધ છે. માટે તેને **स्वजाति विजाति असद्भूत व्यवहार** કહે છે. ઇતિવ્યવહાર નય સ્વરૂપ.

૪ ऋजुसूत्रनय.

રૂજુ સરલ, અને શ્રુત કહેતાં બોધ એટલે, જે નયનો સરલ બોધ છે, તેને રૂજુસુત્રનય કહે છે. આ નય છે તે અતીતકાલ અને અનાગતકાલની અપેક્ષા કરતો નથી. અને

વર્તમાનકાલે જે વસ્તુ જેવા ગુણે પરિણમે છે, વર્તે છે. તે વસ્તુને તે પ્રમાણે કહે. તે માટે આ નય પરિણામગ્રાહી છે. જેમ કોઇ સાધુ થયો છે, પણ તેના પરિણામ ગૃહસ્થના વર્તે છે. તો આ નયના અનુસારે તે ગૃહસ્થ છે. તથા કોઈ જીવ ગૃહસ્થ છે, પણ તેના અંતરંગ પરિણામ સાધુ જેવા વર્તે છે, તો તેને આ નય સાધુ કહે છે. ૠજુસૂત્રનયના બે ભેદ છે. એક સૂક્ષ્મ ૠજુસૂત્રનય છે, તે એમ કહે છે કે, સદાકાલ સર્વવસ્તુમાં એક વર્તમાન સમય વર્તે છે. એટલે જે જીવ ભૂતકાલે અજ્ઞાની હતો. અને ભવિષ્યકાળે અજ્ઞાની થશે. પણ વર્તમાનકાલે જ્ઞાની છે, તો તેને જ્ઞાની કહે. તે સૂક્ષ્મૠજુસૂત્રનય જાણવો. બાહ્ય મોટા પરિણામને ગ્રહે તેને સ્થુલૠજુસૂત્રનય કહે છે. એક પરમાણુ ભૂતકાલે કૃષ્ણ હતો, વર્તમાનકાલે લાલ છે, અને ભવિષ્યકાલે પીત થશે, તેમાં બે કાલનો ત્યાગ કરીને પરમાણુને વર્તમાનકાલમાં લાલ દેખી લાલ કહેવો, તે આ નયનું લક્ષણ છે. અતીત અનાગતકાલ ૠજુસૂત્રનયની અપેક્ષાએ અછતો છે. કારણ કે અતીતપણો વિણશી ગયો છે, અને અનાગતકાલ આવ્યો નથી. માટે અતીત અનાગત બે અવસ્તુ છે. અને જે વર્તમાન પર્યાયે વર્તે છે, તે ૠજુસૂત્રનયની અપેક્ષાએ વસ્તુપણું છે, પૂર્વકાલ પશ્ચાત્કાલ ગ્રહીને વસ્તુ કહેવી, તે નૈગમનયછે. આરોપરૂપ તે છે કોઇ કહેછે કે નૈગમનય સંસારી

સકર્માજીવને સિદ્ધ સમાન કહે છે, અને સંસારીજીવ ભવિષ્યકાલમાં સિદ્ધ થશે, તો ૠજુસૂત્રનય છે તે અનાગતને કેમ અવસ્તુ કહે છે તેનો પ્રત્યુત્તર કે, હે ભવ્ય ! એતો અનાગત ભાવી છે, માટે કહેતા નથી. વર્તમાન સર્વગુણની છતિ આત્મપ્રદેશે છે, પણ તે આવરણદોષથી પ્રવર્તતી નથી. વર્તમાનકાલમાં સિદ્ધ પણાનો આવિર્ભાવ નથી. વર્તમાનકાલમાં આત્મ ગુણોનો તિરોભાવ છે. માટે સંગ્રહનયે કહીએ. આત્મામાં સર્વ કેવળજ્ઞાનાદિ ગુણ છતા પણે વર્તે છે. તે માટે સિદ્ધ કહેવાય છે. નામાદિક નિક્ષેપાતે સર્વ ૠજુ સૂત્રનયના ભેદ છે. નામાદિક ત્રણ નિક્ષેપા દ્રવ્ય છે. અને ભાવતે ભાવ છે.

૫ शब्दनयस्वरूपं लिख्यते.

शप आक्रोशे शपनमाव्हानामिति शब्दः शपतीति वा आव्हानयतीति शब्दः शप्यते आहूयते वस्तु अनेनेति शब्दः तस्य शब्दस्य यो वाच्योर्थः तत् परिग्रहात् तत् प्रधानत्वात् नयशब्दः यथाकृतकत्वादि इत्यादिकपंचम्यंतः शब्दोऽपिहेतुः अर्थरूपंकृतकत्वमानित्यत्वगमकत्वात् मुख्यतया हेतुरुच्यते उपचारवस्तु तद्वाचककृतकत्वशब्दो हेतुरभिधीयते एवमिहापि शब्दवाच्यार्थपरिग्रहादुपचारेण नयोपि शब्दो व्यपदिश्यते इतिभावः अथवा ऋजुसूत्रनयस्याभीष्टं प्रत्युत्पन्नं वर्तमानं तथैव इच्छत्यसौ शब्द-

नयः यद्यस्मात् पृथुबुध्नोदरकलितमृन्मयं जलाहरणादिक्रियाक्षमं प्रसिद्धघटरूपं भावमेवेच्छत्यसौ न तु शेषान् नामस्थापना द्रव्यरूपान् त्रीन् घटानिति शब्दार्थप्रधानो ह्येष नयः चेष्टालक्षणश्च घटः शब्दार्थो घटचेष्टायां घटते इति घटः अतो जलाहरणादिचेष्टां कुर्वन् घटः अतश्चतुरोपि नामादिघटानिच्छतः ऋजुसूत्राद्विशेषिततरं वस्तु इच्छति असौ शब्दार्थोपपत्ते र्भावघटस्यैवानेनाभ्युपगमादिति अथवा ऋजुसूत्रात् शब्दनयः विशेषिततरः ऋजुसूत्रे साधारण्येन घटोऽभिप्रेतः शब्देन तु सद्भावादिभिरनेकधर्मैरभिप्रेत इति ते च सप्तभंगाः पूर्वमुक्ता इति.

ભાવાર્થ—બોલાવે તેને શબ્દ કહે છે, અથવા વસ્તુપણે બોલાવીએ તેને શબ્દ કહેવો અથવા વાચ્યાર્થ ગ્રહવામાં પ્રધાનપણે વર્તે, તેને **शब्दनय** કહે છે. જેમ **कृतकत्वात्** કર્યું તેનો હેતુ ધર્મ જે વસ્તુમાં હોય, તે બોલાય છે. અર્થાત્ શબ્દનું કારણ તો વસ્તુનો ધર્મ થયો. જેમ જલાહરણ ધર્મ જેમાં છે, તેને ઘટ કહે છે. અત્રપણ શબ્દથી વાચ્યાર્થ ગ્રહણ કરે, માટે તે નયનું નામપણ **शब्दनय** છે; જેમ રૂજુસૂત્રનયને વર્તમાનકાલીક વસ્તુ ધર્મ ઈષ્ટ ગ્રાહ્ય છે. તેમ શબ્દનયને પણ વર્તમાનકાલીક વસ્તુ ધર્મ ઈષ્ટ છે. જે માટે આનયથી પૃથુ—પહોળો—બુધ્ન (ગોળ) સંકોચિત ઉદરકલિતયુક્ત તથા જલાહરણાદિક ક્રિયામાં સમર્થ પ્રસિદ્ધ ઘટરૂપ

ભાવઘટ ઇચ્છાય છે, પણ બાકીના નામઘટ, સ્થાપનાઘટ, દ્રવ્યઘટ, એ ત્રણ ઘટને શબ્દનય ઘટ માનતો નથી. ઘટ-શબ્દના વાચ્યાર્થ સંકેતને આ નય ઘટ કહે છે, ઘટધાતુ ચેષ્ટા કર્તાને ઘટ કહે છે, રૂજુસૂત્રનય ચારનિક્ષેપા સંયુક્તને ઘટ માને છે. અને શબ્દનય ભાવઘટને ઘટ માને છે. એટલો વિશેષ છે. શબ્દના અર્થની જ્યાં સિદ્ધિ હોય, તેનેજ શબ્દનય વસ્તુ કહે છે, રૂજુસૂત્રનયના મતથી, સામાન્યઘટ ગ્રહાયો. અને શબ્દનયથી **सद्भाव** જે અસ્તિધર્મ, તથા **असद्भाव**, જે નાસ્તિધર્મ, તે સર્વ સંયુક્તને વસ્તુ કહેવાય છે, વસ્તુને શબ્દથી બોલાવતાં, સાત ભાંગે બોલાવવી માટે એ સપ્તભંગી જેટલાજ શબ્દનયના ભેદ જાણવા. અત્ર પ્રસંગાનુસાર સપ્તભંગીનું સ્વરૂપ કહે છે. **सप्तभंगी १ स्यात्अस्ति** પ્રથમ ભંગનું સ્વરૂપ કહે છે.

स्वद्रव्यादिचतुष्टयेन व्याप्यव्यापकादिसंबंधिस्थितानां स्व परिणामात् परिणामांतरागमनहेतुः वस्तुनः सद्रूपतापरिणतिः अस्तिस्वभावः ॥

પોતાના દ્રવ્યાદિક ચાર ધર્મનો જેમાં વ્યાપકપણો છે, તેને **अस्तिस्वभाव** કહે છે. દ્રવ્ય તે ગુણપર્યાયસમુદાયનો આધાર છે. **क्षेत्र** તે પ્રદેશરૂપ છે. સર્વ ગુણપર્યાયની અવસ્થાને રાખવાપણો—જે જેને રાખે તે તેનું **क्षेत्र** છે. **काल** તે ઉત્પાદવ્યય ધ્રુવપણે વર્તના છે. **भाव**

તે સર્વગુણપર્યાયનો કાર્યધર્મ છે. તત્ર જીવદ્રવ્યનું સ્વદ્રવ્ય પ્રદેશ ગુણનો સમુદાય દ્રવ્ય છે. જીવના અસંખ્યાત પ્રદેશ છે, તે **क्षेत्र** છે. તથા જીવના પર્યાય મધ્યે કારણ કાર્યાદિનો જે ઉત્પાદવ્યય છે તે **स्वकाल** છે. તથા આત્માના ગુણપર્યાયનો કાર્ય ધર્મ તે **स्वभाव** છે. એમ સ્વદ્રવ્યાદિક ચતુષ્ટયપણે જે પરિણમે છે, તે દ્રવ્યની અસ્તિતા જાણવી. દ્રવ્યનો અસ્તિ સ્વભાવ છે, તે અન્યધર્મપણે પરિણમતો નથી સર્વ દ્રવ્ય સ્વદ્રવ્યાદિક ચતુષ્ટયની અપેક્ષાએ **आस्तिस्वभाव** છે તેથી જીવદ્રવ્ય છે. તે અજીવપણે પરિણમતું નથી. તથા એક જીવ છે, તે અન્યજીવપણે પરિણમતો નથી. તેમ ધર્મદ્રવ્ય, તે અધર્મરૂપે પરિણમતું નથી. અને અધર્મદ્રવ્ય, તે ધર્મપણે પરિણમતું નથી. તથા જીવનો એક ગુણ છે, તે અન્યગુણપણે પરિણમતો નથી. જ્ઞાનગુણમાં જ્ઞાનની અસ્તિતા છે, અને જ્ઞાનમાં દર્શનાદિક ગુણની નાસ્તિતા છે. ચક્ષુ દર્શનમાં અચક્ષુ દર્શની નાસ્તિ છે, અને ચક્ષુદર્શનની અસ્તિતા છે. તથા એક ગુણના પર્યાય અનંતા છે. અને સર્વ પર્યાય ધર્મે સરખા છે. પણ એક પર્યાયના ધર્મ બીજા પર્યાયમાં નથી. અને બીજા પર્યાયના ધર્મ છે, તે પ્રથમપર્યાયમાં નથી. માટે સર્વદ્રવ્ય પોતાના ધર્મે અસ્તિ છે.

इति अस्तिस्वभाव स्वरूपं.

अन्यजातीयद्रव्यादीनां स्वीयद्रव्यादिचतुष्टयतया व्यवास्थि-

तानां विवक्षिते परद्रव्यादिके सर्वदैवाभावाविच्छिन्नानां अन्यधर्माणां व्यावृत्तिरूपो भावः नास्तिस्वभावः यथा जीवे स्वीयाः ज्ञानदर्शनादयो भावाः अस्तित्वे परद्रव्यस्थिताः अचेतनादयो भावा नास्तित्वे सा च नास्तिता द्रव्ये अस्तित्वेन वर्तते घटे घटधर्माणां अस्तित्वं पटादिसर्वं परद्रव्याणां नास्तित्वं एवं सर्वत्र तथाहि स्वपर्यायैः परपर्यायैः उभयपर्यायैः सद्भावेनासद्भावेनोभयेन वार्पितो विशेषतः कुंभः अकुंभः कुंभाकुंभौ वा अवक्तव्योभयरूपादिभेदो भवति सप्तभंगी प्रतिपाद्यते इत्यर्थः ओष्ठग्रीवाकपोलकुक्षिबुध्नादिभिः स्वपर्यायैः सद्भावेनार्पितः विशेषतः कुंभः कुंभो भण्यते सन् घटः इति प्रथमभंगो भवति एवं जीवः स्वपर्यायैः ज्ञानादिभिः अर्पितः सन् जीवः तथा पटादिगतैः त्वक्त्राणादिभिः परपर्यायैरसद्भावेनार्पितः अविशेषितः अकुंभो भवति सर्वस्यापि घटस्य परपर्यायैरसत्वविवक्षायामसन् घटः एवं जीवोपि मूर्त्तत्वादिपर्यायैः असत्जीवः इति द्वितीयो भंगः ॥

હવે દ્વિતીય નાસ્તિસ્વભાવનું સ્વરૂપ લખે છે. અન્ય જે દ્રવ્યાદિક દ્રવ્યગુણ પર્યાય, તેના પોતાના જે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ છે, તે તેજ દ્રવ્યમાં સદા અવષ્ટંભપણે પરિણમે છે. વિવક્ષિત દ્રવ્યાદિકથી પર જે બીજા દ્રવ્યાદિ-

કના ધર્મની વ્યાવૃત્તિતાત્વરૂપ પરધર્મ છે, તે વિવક્ષિત દ્રવ્યમાં નથી, અર્થાત્ નાસ્તિતા આવી, માટે નાસ્તિસ્વભાવ જાણવો. જેમ જીવમાં જ્ઞાનદર્શન ચારિત્ર સુખ વીર્ય દિગુણની અસ્તિતા છે. અને પર દ્રવ્યસ્થિત અચેતનાદિક ભાવની નાસ્તિતા છે. અર્થાત્ અજીવના ધર્મો છે, તે જીવદ્રવ્યમાં નથી. માટે પરધર્મની નાસ્તિતા છે. પણ તે नास्तिता તે અજીવ દ્રવ્ય મધ્યે आस्तिપણે રહી છે. જેમ ઘટના ધર્મ ઘટમાં છે, તેથી ઘટમાં ઘટધર્મનું અસ્તિત્વ છે. અને પટાદિધર્મોનું ઘટમાં નાસ્તિત્વ વર્તે છે. તથા જીવમાં જ્ઞાનાદિક ગુણનું અસ્તિત્વ છે અને પુદ્ગલાદિકની નાસ્તિતા છે. શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે કે હે गौतम ! अथ्थित्तं अथ्थित्ते परिणमयी नथ्थित्तं नथ्थित्ते परिणमयी તથા ઠાણાંગ સૂત્રે પણ કહ્યું છે કે–૧ सियअथ्थि ૨ सियनथ्थि ૩ सियअथ्थिनथ्थि ૪ सियअवत्तव्वं–એ ચતુર્ભંગી કહી છે. શ્રી વિશેષાવશ્યક મધ્યે કહ્યું છે કે, જે વસ્તુનો अस्तित्व नास्तित्व ધર્મ જાણે છે, તે સમ્યગ્જ્ઞાની છે. અને જે અસ્તિ નાસ્તિ સ્વરૂપ નથી જાણતો, તેને મિથ્યાત્વી જાણવો, અથવા અયથાર્થપણે જાણે છે, તેને મિથ્યાત્વી કહે છે. उक्तंच.

गाथा.

सदसदविसेसणाओ, भवहेउ जहठीओवलंभाओ ॥
नाणफलाभावाओ, मिच्छादिठिस्स अन्नाणं ॥ १ ॥

एकैकस्मिन् द्रव्ये गुणे पर्याये च सप्तसप्तभंगा भवंत्येव अतः अनंतपर्यायपरिणते वस्तुनि अनंताः सप्तभंग्यो भवंति इति रत्नाकरावतारिकायां.

દ્રવ્યમાં, ગુણમાં, પર્યાયમાં, સાત સાત સપ્તભંગી લાગે છે. એ સપ્તભંગીના પરિણામને સ્યાદ્વાદપણું કહે છે. સ્વધર્મમાં પરિણમવું, તે અસ્તિધર્મ છે. અને પરધર્મમાં પરિણમવું, તે નાસ્તિ ધર્મ છે, એ સપ્તભંગી વસ્તુ ધર્મમાં છે. વસ્તુ પોતાના પર્યાયે છતાપણે છે, અને પર પર્યાયે જે અન્યદ્રવ્યમાં પરિણમે છે, તેનો असद्भाव છે. તે નાસ્તિ ધર્મ છે. એકજ વસ્તુમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ એક સમયમાં વર્તે છે. વસ્તુમાં રહેલા અનંત અસ્તિ ધર્મ અને અનંત નાસ્તિ ધર્મ કેવલ જ્ઞાનીને એક સમયમાં સમકાલે ભાસે છે. તે અનંત ધર્મને શ્રી કેવલજ્ઞાની ભંગાંતર વચનથી કહી શકે છે. અને છદ્મસ્થ તે ધર્મને શ્રદ્ધામાં એક કાળમાં સદ્દહે છે. અને કેવલીના ભાસનમાં સમકાલે છે. અને વસ્તુના અનંત ધર્મનું ભાસન શ્રી શ્રુત જ્ઞાનીને ક્રમપૂર્વક થાય છે. કારણ કે, ભાષાથી સર્વ ધર્મ અનુક્રમે કહેવાય છે. તેથી એક કાળમાં સર્વ કહ્યા જાય નહીં. તેથી અસત્ય થાય માટે જો स्यात् પદે પ્રરૂપીએ, તો સત્ય થાય છે. માટે स्यात् પૂર્વક સપ્તભંગી કહેવામાં આવે છે. દ્રવ્ય, ગુણ, પર્યાય, સ્વભાવ, છે તે

સર્વ દ્રવ્યમાં છે, તે તથા રીત્યા સદ્દહવા. તે દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે ओष्ठ હોઠ, ગાબડ, કાંઠો, કપાલ, તલો, કુક્ષિપેટો, બુધ્ન, પહોળો ઇત્યાદિ સ્વપર્યાયથી ઘટ सत् છે. તે ઘટને સ્વ પર્યાયે છતાપણે અર્પિત કરીએ ત્યારે કુંભ કુંભ ધમ सत् કહેવાય છે. પણ અછતાદિક ધર્મની છતિ સાપેક્ષ રાખવાને स्यात् પૂર્વક अस्ति ભંગ કહેવો. स्यात् अस्तिघटः એ પ્રથમ ભંગ જાણવો. તથા જીવજ્ઞાનાદિકગુણે કરી અસ્તિ છે. માટે જીવમાં स्यात्अस्तिर्जीवः, એ પ્રથમ ભંગ જાણવો. પટમાં રહેલા ત્વક્ જે શરીરની ચામડીને ઢાંકે, લાંબો પથરાય, ઇત્યાદિ પર્યાય તે ઘટના પર્યાય નથી, પટના પર્યાય છે. ઘટમાં પટના પર્યાયની નાસ્તિ છે. તેથી એ પર્યાયનો असद्भाव છે. ઘટના પર્યાય નથી. પરપર્યાયની અપેક્ષાએ घट असत् છે. એમ જીવમાં પણ અચેતન દ્રવ્ય મૂર્ત્ત પર્યાયની નાસ્તિ છે. તેથી स्यात्नास्ति એ બીજો ભંગ જાણવો. કેમકે પરપર્યાયની નાસ્તિતાનું પરિણમન દ્રવ્ય મધ્યે છે. બીજા ભંગમાં છતા ધર્મની સાપેક્ષતા રાખવા માટે स्यात् પદ કહ્યું છે ઇતિદ્વિતીય ભંગ.

तथा सर्वो घटः स्वपरोभयपर्यायैः सद्भावासद्भावाभ्यां सत्त्वासत्त्वाभ्यामर्पितो युगपद् वक्तुमिष्टो अवक्तव्यो भवति स्वपरपर्यायसत्त्वासत्त्वाभ्यांएकैकेनाप्यसांकेतिकेन शब्देन सर्वस्यापि तस्य वक्तुमशक्यत्वादिति एवं जीवस्यापि सत्त्वासत्त्वाभ्या-

मेकसमयेन वक्तुमशक्यत्वात् स्यादवक्तव्यो जीव इति तृतीय भंगः एते त्रयः सकलादेशाः सकलं जीवादिकं वस्तुग्रहणपरत्वात् ॥

ભાવાર્થ:—સર્વ ઘટાદિ વસ્તુ પોતાના સદ્ભાવ પર્યાયથી છતાપણે છે. અને પરપર્યાયથી અસત્ કહેવાય છે. એમ એક વસ્તુમાં સત્ત્વ અને અસત્ત્વ બે ધર્મ સમકાલે છે. પણ વાણીથી એક સમયમાં કહીશકાય નહીં. સ્વપર્યાયથી સત્ત્વ અને પરપર્યાયથી અસત્ત્વ તે બે ધર્મ કોઈપણ સાંકેતિક શબ્દથી કહેવામાં સમર્થપણું નથી. એપ્રમાણે જીવમાં પણ જ્ઞાનાદિક પર્યાયથી સત્ત્વપણું અને અચેતન પર્યાયથી અસત્ત્વપણું એમ બેધર્મ રહ્યા છે. પણ એકસમયમાં કહીશકાય નહીં. માટે स्याद् अवक्तव्य નામે એ ત્રીજોભાંગો જાણવો. કોઇને એવો બોધ થાય કે વસ્તુધર્મ સર્વથા વચન અગોચર છે. એમ એકાંતમતનું ખંડન કરવામાટે स्यात् એપદ મૂક્યું. કથંચિત્પણે એક સમયે ન કહેવાય.

अथ चत्वारो विकलादेशाः ॥ तत्र एकस्मिन्देशे स्वपर्यायसत्त्वेन अन्यत्र तु परपर्यायसत्त्वेन संश्च असंश्च भवति घटोऽघटश्च एवंजीवोपि स्वपर्यायैः सन् परपर्यायैः असन् इति चतुर्थभंगः

હવે ચારભાંગા વિકલાદેશી કહેછે, વસ્તુના એકદેશમાં

સ્વપર્યાયના સત્ત્વપણાથી, અને અન્યત્ર પરપર્યાયના અસત્ત્વપણાથી, सत्त्व અને असत्त्व એમ બેધર્મ રહેછે. જેમ ઘટ સ્વપર્યાયે સત્ છે, અને પરપર્યાયે असत् છે, પોતાના પર્યાયથી ઘટ અને પરપર્યાયની અપેક્ષાએ અઘટ છે. એમ જીવમાં સ્વપર્યાયની અસ્તિતા, અને પરપર્યાયની નાસ્તિતા એકસમયમાં છે. પણ કહેવામાં અસંખ્યાતા સમય લાગેછે स्यात् अस्ति नास्ति એ ચતુર્થભંગ કહ્યો.

तथा एकस्मिन् देशे स्वपर्यायैः सद्भावेन विवक्षितः अन्यत्र तु देशे स्वपरोभयपर्यायैः सत्त्वासत्त्वाभ्यां युगपदसांकेतिकेन शब्देन वक्तुं विवक्षितः सन् अवक्तव्यरूपः पंचमो भंगो भवति एवं जीवोऽपि चेतनत्वादिपर्यायैः । सन् शेषैः अवक्तव्य इति ॥

ભાવાર્થઃ—તથા એક દેશમાં પોતાના પર્યાયોથી છતાપણે વિવક્ષા કરીએ અને બીજા દેશમાં સ્વપર ઉભયપર્યાયોથી सत्त्व તે છતાપણે અને असत्त्व તે અછતાપણે સમકાલે વિવક્ષા કરીએ ત્યારે સત્ત્વાસત્ત્વરૂપ ઉભયનો સાંકેતિક એક શબ્દ નહીં હોવાથી ઉભયનું સ્વરૂપ કહીશકાય નહી—માટે स्यात् अस्तिअवक्तव्य રૂપ પંચમો ભંગ જાણવો.

तथा एकदेशे परपर्यायैरसद्भावेनार्पितो विशेषतः अन्यैस्तु स्वपरोभयपर्यायैः सद्भावासद्भावाभ्यां सत्त्वासत्त्वाभ्यां युगपद-सांकेतिकेन वक्तुं विवक्षितः कुंभोऽसन् अवक्तव्यश्च भवति

अकुंभो अवक्तव्यश्च भवतीत्यर्थः देशे तस्याकुंभत्वात् देशे अवक्तव्यत्वादिति षष्ठो भंगः ।

તથા એકદેશે પરપર્યાય જે નાસ્તિપર્યાય છે, તેનો અસદ્ભાવ (असत्त्व) અર્પિત કરીને મુખ્યપણે વિવક્ષા કરીએ, પશ્ચાત્ બીજા સ્વપર્યાયે અસ્તિપણું તથા પરપર્યાયે નાસ્તિત્વ એમ સ્વપરરૂપ ઉભયપર્યાયોથી સત્ત્વાસત્વવડે સમકાલે સાંકેતિક શબ્દના અભાવે ઉભયનું સ્વરૂપ કહી શકાય નહીં. અને કહ્યા વિના શ્રોતાને શી રીતે જ્ઞાન થાય, માટે અન્યભાંગાની સાપેક્ષતા અર્થે स्यात् પદજોડીને स्यातनास्तिअवक्तव्य રૂપ છઠ્ઠો ભંગ કહ્યો. પરપર્યાયથી કુંભ છે. તે અકુંભ છે, અને તે અવક્તવ્ય છે. સાપેક્ષતા માટે સ્યાત પદની યોજના છે—

इति षष्ठभंगः

॥ सप्तमभंगस्वरूपम्. ॥

तथा एकदेशे स्वपर्यायैः सद्भावेनार्पितः एकस्मिन् देशे परपर्यायैरसद्भावेनार्पितः अन्यस्मिंस्तु देशे स्वपरोभयपर्यायैः सद्भावासद्भावाभ्यां युगपदेकेन शब्देन वक्तुं विवक्षितः सन् असन् अवक्तव्यश्च भवति इति सप्तमो भंगः एतेन एकस्मिन् वस्तुन्यर्पितानर्पितेन सप्तभंगी उक्ता ॥

ભાવાર્થ:—તથા એકદેશે સ્વપર્યાયનું છતાપણું અર્પિત

કરીએ અને એકદેશે પરપર્યાયનું અછતાપણું અર્પિત કરીએ. અને અન્યદેશમાં સ્વપરરૂપ ઉભયપર્યાયોથી સત્વાસત્વવડે સમકાલમાં અસાંકેતિક અવક્તવ્યરૂપ એકશબ્દથી ઉભયની વિવક્ષા કરતાં, **स्यात् अस्ति नास्ति युगपद् अवक्तव्य** રૂપ સાતમો ભંગથાયછે. એમ એક ધર્મમાં સપ્તભંગી કહી. નયચક્રમાં ત્રીજોભંગ **स्यात् अवक्तव्य** લખ્યોછે. તથા સંમતિતર્કના દ્વિતીયકાંડમાં પ્રાંતે સપ્તભંગીનું સ્વરૂપ લખ્યું છે, તેમાંપણ **स्याद् अवक्तव्य** રૂપ ત્રીજોભંગ કહ્યો છે. એક અનેકના ઉપર સપ્તભંગી લખી છે. યથા.

सामान्यविशेषात्मकत्वात् वस्तुनः चास्य सामान्यस्यैकत्वात् तदविवक्षायां यदेव घटादिद्रव्यं स्यादेकमिति प्रथमभङ्गविषयः तदेव देशकालप्रयोजनभेदात् नानात्वं प्रतिपद्यमानं तद्विवक्षया स्यादनेकमिति द्वितीयभंगविषयः तदेवोभयात्मकमेकशब्देन यदाभिधातुं न शक्यते तदा स्यादवक्तव्यमिति तृतीय भंगविषयः इत्यादि.

स्याद् अवक्तव्य એ ત્રીજોભંગ ટીકાકારે કહ્યો છે. એમ બે પુસ્તકમાં આપ્રમાણે ત્રીજોભંગ કહ્યોછે. નયચક્ર તથા સંમતિ ટીકામાં **स्याद् अवक्तव्य** ભંગને સકલાદેશમાં ગણ્યો છે. પણ સ્યાદ્વાદમંજરી. રત્નાકરાવતારીકા, આગમસાર, તથા શ્રી આત્મારામજી મહારાજકૃત તત્ત્વનિર્ણયપ્રાસાદ વિગેરે ઘણા

ગ્રંથોમાં स्यात् अवक्तव्य ને ચોથાભંગમાં ગણ્યોછે. ઠાણુંગ-સૂત્રમાં પણ सिय अवत्तव्वं એટલે स्यात् अवक्तव्यને ચોથા-ભંગમાં ગણ્યોછે. તથા રાજવાર્તિક, શ્લોકવાર્તિક, અષ્ટસહસ્રી વિગેરે દિગંબરી ગ્રંથોમાં स्यात् अवक्तव्यને ચોથાભંગમાં ગણ્યોછે. અને તેને વિકલાદેશી કહ્યા છે. સત્ય તત્ત્વ કેવલીભગવાન્ જાણે, વા બહુશ્રુત જાણે, આગમસાર પ્રમાણે સપ્તભંગીસ્વરૂપ—१ स्यात् अस्ति, २ स्यात् नास्ति, ३ स्यात् अस्ति नास्ति, ४ स्यात् अवक्तव्य, ५ स्यात् अस्ति अवक्तव्यं, स्यात् नास्ति अवक्तव्यं ७ स्यात् अस्ति नास्ति युगपत् अवक्तव्यम्.

૧ स्यात्—એકાંતપણે સર્વ અપેક્ષાલેઇ જીવમાં સ્વદ્રવ્ય; સ્વક્ષેત્ર; સ્વકાલ; સ્વભાવ એમ પોતાના ગુણ પર્યાયે जीव अस्ति છે—ષડ્દ્રવ્યપણ સ્વદ્રવ્યાદિક ચતુષ્ટયની અપેક્ષાએ अस्ति છે-स्यात् એ પદથી ગૌણભાવે નાસ્તિભાવપણ બન્યો રહે છે-स्यात् એટલે કથંચિત સાપેક્ષપણે अस्ति પણું છે.

૨ પરદ્રવ્યના દ્રવ્યાદિક ચતુષ્ટય છે તે જીવદ્રવ્યમાં નથી. અર્થાત્ પર દ્રવ્યની નાસ્તિતા જીવમાં વર્તે છે. માટે स्यात्नास्ति द्वितीय ભંગ જાણવો. स्यात् શબ્દથી अस्तिता ગૌણ ભાવે રહે છે.

૩. जीवद्रव्य માં અનંત ગુણપર્યાયની अस्ति છે. અને

પરદ્રવ્યનાં અનંતગુણ પર્યાયની નાસ્તિ રહી છે. અસ્તિ અને નાસ્તિ સમકાલે રહી છે, માટે **अस्तिनास्ति** એ ત્રીજો ભંગ જાણવો.

૪. અસ્તિ અને નાસ્તિ એ બે ભંગ એક સમયમાં છે, પણ વાણીથી **अस्ति** શબ્દોચ્ચારણ કરતાં અસંખ્યાત સમય લાગે છે. તેથી નાસ્તિભંગ તે સમયે કહેવાયો નહીં. નાસ્તિભંગ કહેવાના કાલમાં **अस्तिभंग** કહી શકાતો નથી—**अस्ति**નું ઉચ્ચારણ કરતાં તે સમયે નાસ્તિભંગ નહિં કહેવાથી **नास्ति**નો મૃષાવાદ લાગે. તેમ નાસ્તિ કહેતાં **अस्ति**નો મૃષાવાદ લાગે. માટે એ બે ભંગ એક વા બે સમય, વિગેરે માં કહ્યા જાય નહીં—વચન અગોચર છે માટે ચોથો **स्यात् अस्ति अवक्तव्य** ભંગ જાણવો.

૫. વસ્તુમાં **अस्तिधर्म**નું પણ અવક્તવ્યત્વ છે. માટે **स्यात् अस्ति अवक्तव्य** નામનો પંચમ ભંગ જાણવો.

૬. તથા વસ્તુમાં નાસ્તિ ધર્મ પણ **अवक्तव्य** છે માટે **स्यातनास्ति अवक्तव्य** છઠો ભંગ છે.

૭. **अस्तित्व** તથા **नास्तित्व** એ બે ધર્મ છે, તે એક સમયમાં વસ્તુમાં વર્તે છે. પણ તે **अवक्तव्य** છે માટે **स्यात अस्तिनास्तियुगपत अवक्तव्य** નામે સાતમો ભંગ જાણવો.

એ સાત ભંગ એક તથા અનેકમાં પણ લાગે છે. જેમ ૧ **स्यात एकं** ૨ **स्यात् अनेकं** ૩ **स्यात एकानेकं** ॥૪॥

स्यात् अवक्तव्यं ॥५॥ स्यात् एकं अवक्तव्यं ॥ ६ ॥ स्यात् अनेकं अवक्तव्यं ॥७॥ स्यात् एकानेकं युगपत् अवक्तव्यं ॥ તથા નિત્ય અનિત્યમાં સપ્તભંગી યથા.

१ स्यात् नित्यं २ स्यात् अनित्यं ३ स्यात् नित्यानित्यं ४ स्यात् अवक्तव्यं ५ स्यात् नित्यं अवक्तव्यं ६ स्यात् अनित्यं अवक्तव्यं ७ स्यात् नित्यानित्यं युगपत् अवक्तव्यम्.

એમ ભેદાભેદ વિગેરેની અનંતિ સપ્તભંગી થાયછે. એમ શબ્દનયનું પ્રસંગોપાત વર્ણન કરતાં સપ્તભંગીનું સ્વરૂપ કહ્યુંછે. શબ્દનય છે, તે ભાવનિક્ષેપાયુક્ત વસ્તુનું ગ્રહણ કરે છે. ઋજુ સૂત્ર નયથી સામાન્યપણે ઘટનું ગ્રહણ કર્યું. અને શબ્દનયથી સદ્ભાવ વિગેરે અનેક ધર્મ વિશિષ્ટ ઘટનું ગ્રહણ થાય છે. આગમસારમાં નામ સ્થાપના દ્રવ્ય-ભાવ એ ચાર નિક્ષેપા શબ્દનયના કહ્યા છે. નયચક્રમાં ભાવનિક્ષેપાનું ગ્રહણ કર્યું છે. પ્રસંગોપાત ભાવનિક્ષેપાનું સ્વરૂપ જણાવતાં ચાર નિક્ષેપાનું કિંચિત્ સ્વરૂપ બતાવવામાં આવે છે. વસ્તુનું કોઇ પણ સંકેતિક નામ પાડવું તે **नामनिक्षेपो** છે. કોઇ પણ વસ્તુની તેના જેવા આકારપણે વા જુદી રીતે પણ કોઇ પણ વસ્તુમાં સ્થાપના કરવી તે **स्थापना** નિક્ષેપો જાણવો. નામ નિક્ષેપયુકત સ્થાપના-નિક્ષેપ હોય છે. સ્થાપનાના બે ભેદ છે. **१ सद्भावस्थापना २ असद्भावस्थापना** તથા નામ આકારે સહિત હોય, તથા

લક્ષણપણ હોય, પણ ભાવપણું ન હોય તે દ્રવ્યનિક્ષેપો છે. જેમ અજ્ઞાની જીવ છે તે જીવના ઉપયોગાદિ ભાવવિના દ્રવ્ય જીવ છે. **अणुवओगो दव्वं** ઉપયોગવિના દ્રવ્ય એમ શ્રી અનુયોગદ્વારા સૂત્રમાં કહ્યું છે. તથા વસ્તુ છે, તે ભાવગુણ સહિત હોય, ત્યારે **भावनिक्षेपो** કહેવાય છે. શ્રી ચૈત્યવંદન ભાષ્યમાં જીનના ઉપર ચાર નિક્ષેપા ઉતાર્યા છે. **यथा.**

गाथा.

नाम जिणा जिणनामा, ठवणजिणा पुण जिणंद पडिमाओ ॥
दव्वजिणा जिणजीवा, भावजिणा समवसरणथ्था ॥ १ ॥

શ્રીજીનેશ્વરનાં નામો તે નામજિનો છે. ચોવીસ તીર્થંકર વિગેરે. અને શ્રીજીનેન્દ્રની પ્રતિમા તે **स्थापनाजिन** છે. જીનનાજીવ તે **द्रव्यजिन** છે. જ્યારથી તીર્થંકર નામકર્મનાં દલીકસમુપાર્જન કર્યાં, ત્યારથી તે છેક ઘાતીકર્મ ખપાવી સવસરણમાં બેઠા નથી, ત્યાંસુધી **द्रव्याजिन** કહેવાયછે. અને સમવસરણમાં બેઠેલા ભાવજીન કહેવાયછે. જ્ઞાનના ઉપર ચાર નિક્ષેપા લગાડે છે, કોઇનું જ્ઞાનનામ પાડયું, તે **नामज्ञान** તથા જ્ઞાનની અક્ષરરૂપે પુસ્તકમાં સ્થાપના કરવી તે **स्थापनाज्ञान** કહેવાય છે. અને ઉપયોગવિના સિદ્ધાંત પઠન, તથા અન્યદર્શનનાં શાસ્ત્ર ભણવાં ઈત્યાદિ **द्रव्यज्ञान** છે. તથા

જ્ઞ શરિરાદિક પણ **દ્રવ્યજ્ઞાન** માં સમાવેશ પામે છે. અને નવતત્ત્વ તથા ષડ્ દ્રવ્યસ્વરૂપ જાણી શ્રદ્ધા કરી આત્મોપયોગ સન્મુખ પ્રવર્તવું તે **ભાવજ્ઞાન** છે. તપના ઉપર ચાર નિક્ષેપા લખે છે. કોઈનું **તપ** એવું નામ તે **નામતપ** જાણવું. તથા પુસ્તકમાં તપની વિધિનું લેખન વિગેરે **સ્થાપનાતપ** છે. તથા પુણ્યરૂપ માસ ખમણાદિક તપ કરવું, તે **દ્રવ્યતપ** છે. અને પરવસ્તુ ત્યાગ પરિણામ છે, તે **ભાવતપ** કહેવાય છે. એમ ધર્માસ્તિ કાયાદિક ષડ્દ્રવ્ય નવતત્ત્વ વિગેરે દરેક વસ્તુઓમાં ચાર નિક્ષેપા લગાડવા. શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં કહ્યું છે કેઃ—

गाथा.

जथ्थय जं जाणिज्जा निखेवं निखिवे निरवसेसं,
जथ्थ वियनजाणिज्जा चोक्कयं निख्खवे तथ्थ ॥ १ ॥

इति शब्दनयस्वरूपम्—

अथ समभिरूढनय स्वरूपम्

गाथा.

जंजं सणं भासइ तंतं चिय समभि रोहइ जम्हा ॥
सणंतरथ्थविमुहो, तओ नओ समभिरूढोत्ति ॥ १ ॥

यां यां संज्ञां घटादिलक्षणां भाषते वदाति तां तामेव य-

स्मात् संज्ञांतरार्थाविमुखः समभिरूढो नयः नानार्थनामा एव भाषते यदि एकपर्यायमपेक्ष्य सर्वपर्यायवाचकत्वं तथा एकपर्यायाणां संकरः पर्यायसंकरे च वस्तुसंकरो भवत्येवेति माभूत संकरदोषः अतः पर्यायांतरानपेक्ष एव समभिरूढनय इति ॥

ભાવાર્થ—શબ્દનયે ઇન્દ્ર, શક્ર, પુરંદર ઇત્યાદિ સર્વ ઇન્દ્રના નામ ભેદ છે. એક ઇન્દ્રપર્યાયવંત દેખીને તેનાં સર્વ નામ કહે પણ સમભિરૂઢનય નામ ભેદે અર્થભેદ સ્વીકારે, એજ એ નયનો ભેદછે. એક પર્યાયના પ્રગટવાથી અને શેષપર્યાયોના અણપ્રગટવાથી, શબ્દનય તેટલા સર્વનામ બોલાવે પણ સમભિરૂઢનય તે પ્રમાણે બોલાવે નહિં. એટલો શબ્દનય અને સમભિરૂઢનયમાં ભેદ છે. ઘટ કુંભાદિકમાં જે સંજ્ઞાનો વાચ્યાર્થ દેખાય તેજ, સંજ્ઞા કહે છે. સંજ્ઞાંતર અર્થ વિમુખ સમભિરૂઢનય છે. જો એક સંજ્ઞામાં સર્વ નામાંતર માનીએ, તો સર્વનો શંકર થાય, અને પર્યાયનો ભેદ રહે નહિં, અને જે પર્યાયાંતર હોય છે, તેતો ભેદપણેજ હોય છે. તેથી પર્યાયાંતરનો ભેદપણું રહ્યો. માટે લિંગાદિ ભેદના સાપેક્ષપણે વસ્તુનો ભેદપણું માનવું. એમ સમભિરૂઢ નયનો મત છે. સમભિરૂઢ નયમાં પણ સમભિરૂઢ નયની મુખ્યતા છે. આ નય એક અંશ ઓછી વસ્તુને પુરેપુરી કહે છે, તેરમા ગુણ ઠાણાવાળા કેવલીને સિદ્ધ કહે છે.

अथ एवंभूतनयस्वरूपम् लिख्यते ॥

एवं जह सद्दत्थो संतोभूओ तदन्नहा भूओ ॥
तेणेवं भूअ नओ सद्दत्थपरो विसेसेणं ॥ १ ॥

एवं यथा घटचेष्टायामित्यादिरूपेण शब्दार्थो व्यवस्थितः तहत्ति तथैव यो वर्तते घटादिकोर्थः स एवं सन् भूतो विद्यमानः तदन्नहाभूओत्ति वस्तु तदन्यथा शब्दार्थोल्लंघनेन वर्तते स तत्वतो घटाद्यर्थोऽपि न भवति किं भूतो विद्यमानः येनैव मन्यते तेन कारणेन शब्दनयसमभिरूढनयाभ्यां सकाशादेवंभूतनयो विशेषेण शब्दार्थनयतत्परः अयं हि योपिन्मस्तकारूढं जलाहरणादिक्रियानिमित्तं घटमानमेव चेष्टमानमेव घटं मन्यते न तु गृहकोणादिव्यवस्थितं विशेषतः शब्दार्थतत्परोयमिति वंजण मत्थेण त्थंच वंजणे णोभयं विसेसेइ जह घडसद्दंचेठा वयातहातंपि तेणेव ॥ १ ॥ व्यंज्यते अर्थोऽनेनेति व्यंजनं वाचकशब्दो घटादिः तं चेष्टावता एतद्वाच्येनार्थेन विशिनष्टि स एव घटः शब्दो यश्चेष्टावन्तमर्थं प्रतिपादयति नान्य इत्येवं शब्दमर्थेन नैयत्ये व्यवस्थापयतीत्यर्थः तथार्थमप्युक्तलक्षणमभिहितरूपेण व्यंजनेन विशेषयति चेष्टापि सैव या घटशब्देन वाच्यत्वेन प्रसिद्धा योषिन्मस्तकारूढस्य जलाहरणादिक्रियारूपा न तु स्थानतरणक्रिया-

त्मिका इत्येवमर्थं शब्देन नैयत्ये स्थापयतीत्यर्थः इत्येवमुभयं विशेषयति शब्दार्थो नार्थः शब्देन नैयत्ये स्थापयतीत्यर्थः एतदेवाह यदा योषिन्मस्तकारूढचेष्टावानर्थो घटशब्देनोच्यते स घटलक्षणोर्थः स च तद्वाचको घटशब्दः अन्यदा तु वस्त्वंतरस्यैव तच्चेष्टाभावादघटत्वं घटध्वनेश्चावाचकत्वमित्येवमुभयविशेषक : एवंभूतनय इति ॥

ભાવાર્થઃ—એવંભૂતનયનું સ્વરૂપ કહે છે. જેમ ઘટ ધાતુનો અર્થ ચેષ્ટા છે. અને ચેષ્ટા જેમાં પામીએ તેને ઘટ કહેવાય છે. ઇત્યાદિ રૂપે શબ્દનયનો અર્થ કહ્યો છે. જે વિદ્યમાનપણે શબ્દના અર્થને ઉલ્લંઘીને વર્તે તે તે શબ્દનો વાચ્ય નથી. અને જેમાં શબ્દાર્થત્વ પમાય નહીં, તે વસ્તુ કહેવાય નહીં. માટે જો શબ્દાર્થમાંથી એક પર્યાયપણ ન્યૂન હોયતો એવંભૂતનય તેને ગ્રહે નહીં. માટે શબ્દનય તથા સમભિરૂઢનયથી, એવંભૂત તે વિશેષાંતર છે.

એવંભૂતનયાનુસારે લલનામસ્તકે ચઢયો હોય, તથા જલ આણુવાની ક્રિયાનો નિમિત્ત, માર્ગે આવતાં ઘટચેષ્ટા કરતો હોય, તે ઘટ કહેવાય છે. પણ ઘરના ખૂણામાં પડેલા ઘટને એવંભૂતનય ઘટ કહે નહીં. કેમકે તે જલાહરણાદિ ક્રિયાને કરતો નથી. તથા અર્થને પ્રગટ કરે તેને વ્યંજન કહે છે. વ્યંજન તે વાચક શબ્દ છે. શબ્દ અર્થને કહે,

સંપૂર્ણ અર્થ પામે, તેને વસ્તુ કહે, પણ ન્યૂનપર્યાયવાળી વસ્તુને વસ્તુ કહે નહીં. એમ એવંભૂતનયનો મત છે. જેમ સામાન્યકેવલી છે, તે ગુણોથી તીર્થંકર સામાન છે, માટે સમભિરૂઢનય સામાન્યકેવલીને તીર્થંકર કહે છે. પણ એવંભૂતનય તો સમવસરણમાં બેઠેલા હોય, ચોત્રીશ અતિશય હોય, દેશના દેતા હોય, ચોસઠ ઇન્દ્ર પૂજતા હોય, તેને તીર્થંકર કહે છે. ઇત્યાદિ એવંભૂતનય સ્વરૂપમ્ ॥

એ સાત નયનું સ્વરૂપ કહ્યું, તેમાં નૈગમના દશભેદ, તથા સંગ્રહના છ અથવા બારભેદ, તથા વ્યવહારના આઠ ભેદ, અથવા ચઉદ ભેદ છે. ઋજુસૂત્રના ચાર અથવા છ ભેદ છે. શબ્દના સાત ભેદ, તથા સમભિરૂઢના બે ભેદ, અને એવંભૂતનો એક ભેદ, એમ સાતનયના ભેદ જાણવા. વળી એકેક નયના સો સોભેદ ગણતાં સાતસો ભેદ થાય છે.

મુખ્યપણે નયના બે ભેદ છે. ૧ **દ્રવ્યાર્થિક**, અને ૨ **પર્યાયાર્થિકનય**, તેમાં દ્રવ્યાર્થિકના નૈગમ, સંગ્રહ, વ્યવહાર, રૂજુસૂત્ર એ ચાર ભેદ છે. કેટલાક આચાર્ય વિકલ્પરૂપ રૂજુસૂત્રનય છે, માટે તેને **ભાવનય** કહે છે. તે મત પ્રમાણે દ્રવ્યાર્થિકના ત્રણ ભેદ થાય છે. શબ્દનય, સમભિરૂઢ, અને એવંભૂત એ ત્રણ નય છે, તે પર્યાયાર્થિકના ભેદ સમજવા. મતાંતરે રૂજુસૂત્ર પણ પર્યાયાર્થિકનો ભેદ છે. એ સાત નયમાં આદ્યના ચાર નય છે, તે અવિશુદ્ધ છે. અને શ-

ब्दनय, समभिरुढ, અને એવંભૂત એ ત્રણ શુદ્ધ નય કહેવાય છે.

એ સાત નયમા સામાન્ય વિશેષ બેને માને છે. તથા સંગ્રહનય સામાન્યને માને છે. તથા વ્યવહારનય વિશેષને માને છે. અને રૂજુસૂત્ર વિશેષ ગ્રાહક છે. એ ચાર નય દ્રવ્યાર્થાવલંબી છે. અને શબ્દાદિક ત્રણ નય વિશેષના ગ્રહણ કરનાર પર્યાયાર્થિક ભાવનય કહેવાય છે. શબ્દાદિક ત્રણ નય છે, તે પ્રત્યેક વસ્તુના નામ, સ્થાપના, દ્રવ્ય, એ ત્રણ નિક્ષેપાને માનતા નથી. એક ભાવનિક્ષેપાનેજ માને છે. **तिन्ह सद्दनयाणं अवथ्थु** શબ્દાદિક ત્રણ નયમાં ત્રણ નિક્ષેપા અવસ્તુરૂપ છે, એમ શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે, એ સાત નયને પરસ્પર સાપેક્ષપણે ગ્રહે, તે સમકિતી જાણવા. અને એકાંતે નય ગ્રહણ કરે, તે મિથ્યાત્વી જાણવા.

पूर्वपूर्वनयः प्रचुरगोचरः परास्तु परिमितविषयाः सन्मात्र गोचरात् संग्रहात् नैगमो भावाभावभूमित्वात् भूरिविषयः वर्तमानविषयात् ऋजुसूत्रात् व्यवहारःत्रिकालविषयत्वात् बहुविषयः कालादिभेदेन भिन्नार्थोपदर्शनात् भिन्नात् रुजुसूत्रविपरीतत्वात् महार्थः प्रतिपर्यायमशब्दमर्थभेदमभीप्सितः समभिरूढात् शब्दप्रभूतविषयः प्रतिक्रियां भिन्नमर्थं प्रतिजानात् एवंभूतात् समभिरूढः महान् गोचरः नयवाक्यमपि स्वविषये प्रवर्तमानं

विधिप्रतिषेधाभ्यां सप्तभंगीमनुव्रजति अंशग्राही नैगमः सत्ताग्राही संग्रहः गुणप्रवृत्ति लोकप्रवृत्तिग्राही व्यवहारः कारणपरिणामग्राही रुजुसूत्रः व्यक्तकार्यग्राही शब्दः पर्यायांतरभिन्नकार्यग्राही समभिरूढः तत्परिणमनमुख्यकार्यग्राही एवंभूतः इत्याद्यनेकरूपो नयप्रचारः जावंति यावयणप्पहा तावंतिया चेव हुंति नयवाया ॥ इति वचनात् ॥

ભાવાર્થ—પૂર્વપૂર્વના નય પ્રચુરગોચર છે, ઉપર ઉપરના નય અલ્પ વસ્તુગોચર વિષયવાળા છે. સત્તા માત્રગ્રાહક સંગ્રહનય કરતાં, નૈગમનયનો વિષય ઘણો છે. નૈગમના કરતાં, સંગ્રહનો અલ્પવિષય છે, કારણ કે સંગ્રહનય તો સત્તાનેજ ગ્રહણ કરે છે, અને નૈગમનયતો છતાભાવ અને સંકલ્પપણે અછતા સર્વ ભાવને ગ્રહણ કરે છે અથવા નૈગમનય છે તે સામાન્ય અને વિશેષ એ બે ધર્મને ગ્રહે છે, અને સંગ્રહતો સામાન્યને ગ્રહે છે. અને વ્યવહારનય એક વિશેષને ગ્રહે છે, માટે સંગ્રહથી વ્યવહારનો વિષય અલ્પ છે. વ્યવહાર આકૃતિભેદે ભેદ માને, પણ સંગ્રહનય માને નહીં. માટે વ્યવહારથી સંગ્રહનય બહુવિષયી છે, ઘટ થવાની માટીમાં ઘટસત્તા રહી છે, તેથી સંગ્રહનય મૃત્તિકાને ગ્રહે, અને વ્યવહારનય આકૃતિમાન્ ઘટ ગ્રહે. તેથી તેના કરતાં વ્યવહાર અલ્પવિષયી છે. રૂજુસૂત્ર વર્તમાન વિ-

શેષ ધર્મનો ગ્રાહક છે. માટે તે અલ્પવિષયી છે. અને વ્યવહાર બહુવિષયી છે. કારણ કે રૂજુસૂત્રથી વ્યવહાર ત્રિકાલ વિષયી છે. રૂજુસૂત્ર વર્તમાન વિશેષધર્મને ગ્રહે છે, અને શબ્દનય કાલાદિવચન લિંગથી વહેંચતા અર્થને ગ્રહે છે. અને રૂજુસૂત્રનય વચનલિંગને ભિન્ન પાડતો નથી. તે માટે રૂજુસૂત્રથી શબ્દ અલ્પવિષયી છે. શબ્દ કરતાં રૂજુસૂત્ર બહુવિષયી છે, શબ્દનય ઈન્દ્રરૂપ એક પર્યાયને ગ્રહતાં, શક્ર, વજ્રી, પુરંદર, શચીપતિ વિગેરે ઇન્દ્રવ્યક્તિબોધક સર્વ પર્યાયને ગ્રહે છે, અને સમભિરૂઢનય જે ધર્મ વ્યક્ત છે, તેજ વાચક પર્યાયને ગ્રહે છે. માટે શબ્દથી સમભિરૂઢનય અલ્પવિષયી છે. એવંભૂતનય પ્રતિસમયે ક્રિયાભેદે ભિન્નાર્થપણો માનતો અલ્પ વિષયી છે. માટે એવંભૂતથી સમભિરૂઢ બહુવિષયી છે. જે નયવચન છે, તે પોતાના નયના સ્વરૂપે अस्ति છે. અને તેમાં પરનયના સ્વરૂપની નાસ્તિ છે. સર્વ નયમાં સ્વનયસ્વરૂપ अस्तिता, અને પરનય સ્વરૂપની નાસ્તિતા વર્તી રહે છે. તેથી ભિન્ન ભિન્ન નય વર્તે છે. જો એવંભૂતનયમાં સમભિરૂઢનયની નાસ્તિતા નહીં માનવામાં આવે, તો એવંભૂત તે સમભિરૂઢનય કહેવાય. એ દોષ લાગે તથા એવંભૂતથી સમભિરૂઢનું સ્વરૂપ ભિન્ન ઠરે નહીં, ઇત્યાદિ દોષો આવે, માટે વિધિપ્રતિષેધે કરી નયોમાં સપ્તભંગી માનતાં, સર્વ દોષ પરિહારપૂર્વક પ્રત્યેક

નયની સિદ્ધિ થાય છે. પણ નયની જે સપ્તભંગી તે વિ-કલાદેશીજ હોય છે. અને જે સકલાદેશી સપ્તભંગી છે તે પ્રમાણ છે, શ્રી રત્નાકરાવતારિકામાં કહ્યું છે કે विकलादेशस्वभावा हि नयसप्तभंगी वस्त्वंशमात्रप्ररूपकत्वात् सकलादेशस्वभावानुप्रमाणसप्तभंगी संपूर्णवस्तुस्वरूपप्ररूपकत्वात् એ સાતનય એક બીજાની અપેક્ષા ન રાખે તો દુર્નય કહેવાય છે. અને એકાંતનય ગ્રહણ કરવાથી મિથ્યાદૃષ્ટિપણું પ્રાપ્ત થાય છે.

तम्हा सव्वेवि नया मिच्छादिठी दिठा सपक्खपडिबद्धा अण्णेण्ण णिस्सिआ उण हवंति सम्मत्तसभ्भावा ॥१॥सम्मति तर्कवृत्तौ ॥

હવે ધર્મ ઉપર સાતનય ઉતારે છે.

નૈગમનયથી સર્વ ધર્મ છે, કારણ કે સર્વ પ્રાણી ધર્મ-ને ઇચ્છે છે, એ નય અંશરૂપ ધર્મને ધર્મ એમ કહે છે. સંગ્રહનય કહે છે કે, વડેરાએ આદર્યો તે ધર્મ છે, એ નયે અનાચાર ત્યાગ્યો, પણ કુલાચારને ધર્મ કહ્યો. વ્યવહારનય કહે છે કે સુખનું કારણ તે ધર્મ છે. પણ એ નયે પુણ્યક-રણીને ધર્મ માન્યો. રૂજુસૂત્રને મતે ઉપયોગ સહિત વૈરાગ્ય પરિણામને ધર્મને કહે છે, એ નયમાં યથાપ્રવૃત્તિકરણના પરિણામ પ્રમુખ સર્વ ધર્મમાં ગણ્યા. યથાપ્રવૃત્તિકરણ મિ-

ધ્યાત્વીને પણ હોય છે. શબ્દનય કહે છે કે, ધર્મનું મૂળ સમકિત છે. માટે સમકિત તેજ ધર્મ કહેવાય છે. અને સમભિરૂઢનય કહે છે કે, જીવઅજીવાદિ નવ તત્વ તથા છ દ્રવ્યને ઓળખીને જીવસત્તા ધ્યાવે, અજીવનો ત્યાગ કરે. એવો જ્ઞાનદર્શન ચારિત્રનો શુદ્ધ નિશ્ચય પરિણામ તેજ ધર્મ છે. એ નય સાધક સિદ્ધના પરિણામ તેને ધર્મપણે લીધા. એવંભૂતના મતે શુકલધ્યાન રૂપાતીતના પરિણામ, ક્ષપકશ્રેણિ કર્મક્ષયનો કારણ તે ધર્મ. મોક્ષરૂપ કાર્ય ન કરે તે ધર્મ. એમ સાતનયથી ધર્મ જાણવો.

હવે સાતનયે સિદ્ધપણું કહે છે. સર્વ જીવના આઠ રૂચકપ્રદેશ સિદ્ધ સમાન નિર્મળ હોવાથી સર્વ જીવ સિદ્ધસમાન છે.

સંગ્રહનય કહે છે કે સર્વ જીવની સત્તા સિદ્ધ સમાન હોવાથી સર્વ જીવ સિદ્ધ છે, એ સંગ્રહનયે પર્યાયાર્થિકનયે કરી કર્મ સહિત અવસ્થાને ટાળીને દ્રવ્યાર્થિકનયે કરી સિદ્ધ સમાન અવસ્થા સર્વ જીવોની અંગીકાર કરી.

વ્યવહાર નય કહે છે કે, વિદ્યાલબ્ધિ પ્રમુખગુણથી સિદ્ધ થયા તે સિદ્ધ. આ નયે બાહ્ય તપજપ આદિ ધર્મ અંગીકાર કર્યો. રૂજુસૂત્રના મતે જેણે પોતાના આત્માની સિદ્ધપણાની સત્તા ઓળખી, અને ધ્યાનના ઉપયોગમાં વર્તે છે, તે સમયે તે સિદ્ધ જાણવો. એ નયે સમકિતી જીવ

સિદ્ધ સમાન છે, એમ કહ્યું. શબ્દનયના મતે શુદ્ધ શુકલ ધ્યાન નામાદિક નિક્ષેપે સહિત તે સિદ્ધ છે. ત્યારે સમભિરૂઢનય કહે છે કે, કેવલજ્ઞાન, કેવલ દર્શન, યથાખ્યાત ચારિત્ર, ઇત્યાદિ ગુણ સહિત તેરમા ગુણ ઠાણે વર્તનારા કેવલી સિદ્ધ જાણવા. તેરમા ચઉદમા ગુણ ઠાણાના કેવલીને આ નય સિદ્ધ કહે છે. અને એવંભૂતનયના અભિપ્રાયથી સકલ કર્મ ક્ષય કર્ત્તા, લોકના અંતે બિરાજમાન, અષ્ટગુણસંપન્ન તે સિદ્ધ જાણવા. એમ સિદ્ધ ઉપર સાત નયનો અવતાર કહ્યો.

પ્રશ્ન—એક વસ્તુમાં ભિન્ન ભિન્ન અભિપ્રાય વાળા સાત નય શી રીતે લાગી શકે?

ઉત્તર—ભિન્ન ભિન્ન અભિપ્રાયથી એક વસ્તુનું સ્વરૂપ કહેવામાં કોઇ જાતનો વિવાદ પ્રાપ્ત થતો નથી. સંમતિતર્કકવૃત્તિમાં તે ઉપર દ્રષ્ટાંત આપ્યું છે, જેમ—

गाथा.

पिउ पुत्तणत्तु भग्गय भाउण एगपुरिस संबंधो ॥
णयसो एगस्सवि णथ्थि सेसयाणंपि यो होइ ॥१॥

ભાવાર્થ:—એક પુરૂષ છે તે પુત્રની અપેક્ષાએ પિતા કહેવાય છે અને તે બાપની અપેક્ષાએ પુત્ર કહેવાય છે. અને તે માતાના પિતાની અપેક્ષાએ નસા કહેવાય છે અને

તે મામાની અપેક્ષાએ ભાણેજ કહેવાય છે. અને તે ભાઈની અપેક્ષાએ ભ્રાતા કહેવાય છે. એમ અપેક્ષા બુદ્ધિથી એક પુરૂષમાં પૂર્વોક્ત સંબંધ લાગે છે. પણ એમ નથી કે તે પુત્રની અપેક્ષાએ પિતા કહેવાયો, એટલે તે સર્વનો પણ પિતા કહેવાય. કિંતુ કહેવાય નહીં, તથા તત્ત્વાર્થભાષ્યમાં લખ્યું છે કે—

यथा सर्वमेकं सदविशेषात् सर्वं द्वित्वं जीवा जीवात्मकत्वात् सर्वं त्रित्त्वं द्रव्यगुणपर्यायावरोधात् सर्वं चतुष्टं चतुर्दर्शनविषयावरोधात् सर्वं पंचत्वं अस्तिकायावरोधात् सर्वं षटत्वं षड्द्रव्यावरोधादिति यथैता न विप्रतिपत्तयो अथ च अध्यवसाय स्थानांतराण्येतानि तद्वन् नयवादा इति ॥

ભાવાર્થ:—જેમ સર્વ વસ્તુ એક છે, સત્ત્વપણાના સરખાથી. તથા જીવ અને અજીવના ભેદથી, સર્વ વસ્તુ બે પ્રકારે છે. તથા દ્રવ્ય ગુણ અને પર્યાયથી, સર્વવસ્તુ ત્રણ પ્રકારે છે. તથા ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન, એ ચાર દર્શનમાં સર્વવસ્તુ ભાસે છે, માટે વિષયીની અપેક્ષાથી સર્વના ચાર પ્રકાર છે. તથા પંચાસ્તિકાયની અપેક્ષાએ સર્વવસ્તુ પંચપ્રકારની કહેવાય છે, તથા ષડ્દ્રવ્યની અપેક્ષાએ સર્વવસ્તુ છ પ્રકારની કહેવાય છે. જેમ એ સર્વ વ્યવહાર વિવાદને ધારણ કરતો નથી. કિંતુ તે સાપેક્ષવ્યવહાર છે, તે સમ્યગ્જ્ઞાનનું કારણ છે. તેમ સાતનયોનો

વાદ પણ જાણવો; તથા ઘટરૂપ એક વસ્તુ છે, તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અને કેવલજ્ઞાનનો વિષય છે. પંચજ્ઞાનથી એક ઘટરૂપ વસ્તુ ભાસે છે, તેથી પંચજ્ઞાનમાં વિવાદ થતો નથી. પણ ઉલટું ઉત્તરોત્તરજ્ઞાનમાં પર્યાયની વિશુદ્ધતા ભાસે છે. તેમ નયોમાં પણ પરસ્પર સાપેક્ષબુદ્ધિથી વિવાદ થતો નથી. પ્રત્યુત સમ્યગ્જ્ઞાનનું કારણ થાય છે તથા જેમ અગ્નિ પ્રત્યક્ષથી દેખાય છે. અને તેજ અગ્નિ અનુમાનથી અનુમેય છે. અને તેજ અગ્નિ સાદૃશ્યજ્ઞાનથી ઉપમેય છે. અને તેજ અગ્નિ આપ્તવચનથી શબ્દનો વિષય છે. એમ ચાર પ્રમાણથી અગ્નિની સિદ્ધતા થાય છે. પરંતુ ચાર પ્રમાણમાં પરસ્પર વિવાદ નથી. પ્રત્યુત અગ્નિનો નિશ્ચય થાય છે. તેમ સાતનયમાં સાપેક્ષપણે પરસ્પર વિવાદ નથી; પરંતુ તે સમ્યગ્જ્ઞાનમાં કારણીભૂત થાય છે.

શંકા—હે ગુરૂ મહારાજ ! એક શંકા ઉત્પન્ન થાય છે કે, એક વસ્તુમાં સાતનયથી ભિન્ન ભિન્ન વ્યવહાર કરવાથી મૂળ એક વસ્તુ રહી શકશે નહીં તેનું કેમ ?

સમાધાન—હે ભવ્ય ! એકાગ્રચિત્તથી શ્રવણ કર—એકજીવ દેવશરીરને ધારણ કરે છે, ત્યારે તે દેવ કહેવાય, અને જ્યારે મનુષ્યપર્યાય ધારણ કરે છે, ત્યારે મનુષ્ય કહેવાય છે. અને તેજ જીવ જ્યારે નારકીપર્યાયને ધારણ

કરે છે, ત્યારે નારકી કહેવાય છે, અને તેજ જીવ જ્યારે તિર્યંચ્યોનિમાં જાય છે, ત્યારે તિર્યંગ્ કહેવાય છે. એમ ચારગતિની અપેક્ષાએ ચાર પ્રકારના વ્યવહારને તે જીવ પામે છે. પણ તેથી તે જીવ નષ્ટ થતો નથી. તેમ સાતનયથી એકવસ્તુ સ્વરૂપ કહેવાય છે, પણ તેથી તે વસ્તુની નષ્ટતા થતી નથી. તે સંબંધી સમ્મતિતર્કમાં નીચે મુજબ કહ્યું છે.

गाथा.

जह संबंधविसिठो सो पुरिसभाव णिरइ सओ ॥
तहदव्वमिंदियगयं रूवाइ विसेसणं लहइ ॥ १ ॥

જેમ એક પુરૂષ છે તે પુત્રાદિકના સંબંધથી જુદા જુદા પિતાદિવ્યવહારને ધારણ કરે છે, પણ તેથી તે નષ્ટ થતો નથી. તેમ એક કેરી (આમ્રફળમાં) ચક્ષુસંબંધથી રૂપવાન્ કેરી કહેવાય છે, અને તેજ કેરીને જીભનો સંબંધ થવાથી, રસવાળી કહેવાય છે. અને તે કેરીને નાસીકાનો સંબંધ થવાથી સુગંધાદિવાળી કહેવાય છે. અને તેજ કેરીને ત્વક્ ઇન્દ્રિયનો સંબંધ થવાથી, સુકોમળાદિ વ્યવહારવાળી કહેવાય છે. અને શ્રોતેન્દ્રિયનો સંબંધ થવાથી પિચપિચાદિ શબ્દ વ્યવહારને પામે છે, એમ પંચઇન્દ્રિઓનો કેરીમાં સંબંધ થવાથી તે જુદા જુદા વ્યવહારને પામે છે પણ તેથી કેરી વસ્તુ

નષ્ટ થતી નથી. તેમ ભિન્ન ભિન્ન વિષયવાળા સાત નયથી એક વસ્તુનું સ્વરૂપ કહેતાં, વસ્તુ નષ્ટ થતી નથી. આ સત્ય વાત છે–કેમકે એક દેવ વજ્રને ધારણ કરે છે, ત્યારે વજ્રી કહેવાય છે. અને જ્યારે પરમૈશ્વર્યને ધારણ કરે છે, ત્યારે ઇન્દ્ર કહેવાય છે. અને જ્યારે પુરને દારણ કરે છે, ત્યારે પુરંદર કહેવાય છે. અને જ્યારે પરમ શક્તિને ધારણ કરે છે, ત્યારે શક્ર કહેવાય છે. ઇત્યાદિ એક દેવવ્યક્તિમાં જુદો જુદો વ્યવહાર થવાથી, દેવપણું નષ્ટ થતું નથી. તેમ ભિન્ન ભિન્ન વિષયવાળા સાતનયથી, એક વસ્તુનું સ્વરૂપ કહેવાથી, વસ્તુની નષ્ટતા થતી નથી, પરંતુ વિશેષતઃ સમ્યગ્જ્ઞાન થાય છે. શ્રી તત્ત્વાર્થભાષ્યમાં પંચજ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ આઠમાં કોણ જ્ઞાન કયા નયનો વિષય છે, તે બતાવ્યું છે તે નીચે મુજબ—

नैगमादयस्त्रयः सर्वाण्यष्टौ श्रयंते ऋजुसूत्रनयो मतिज्ञानम-त्यज्ञानवर्जानि षट् अत्राह कस्मान् मतिं सविपर्ययां न श्रयेत इति । अत्रोच्यते श्रुतस्य सविपर्ययस्योपग्रहत्वात् । शब्दनयस्तु द्वे एव श्रुतज्ञान केवलज्ञाने श्रयते अत्राह । कस्मान्नेतराणि श्रयत इति । अत्रोच्यते । मत्यवधिमनःपर्यायाणां श्रुतस्यैवोपग्राहकत्वात् । चेतनाज्ञस्वाभाव्याच्च सर्वजीवानां नास्य कश्चिन् मिथ्यादृष्टिरज्ञो वा जीवो विद्यते तस्मादपि विपर्ययान्न श्रयत इति।

अतश्च प्रत्यक्षानुमानोपमानाप्तवचनानामपि प्रामाण्यमभ्यनुज्ञायते इति ॥

ભાવાર્થ—નૈગમ, સંગ્રહ, વ્યવહાર, એ ત્રણ નય પંચજ્ઞાન તથા ત્રણ અજ્ઞાનને ગ્રહે છે. અને ચોથો રૂજુસૂત્રનય, મતિજ્ઞાન અને મતિઅજ્ઞાનને વર્જીને છને ગ્રહણ કરે છે. અત્ર પ્રશ્ન કરે છે કે રૂજુસૂત્રનય મતિજ્ઞાન અને મતિઅજ્ઞાનને કેમ ગ્રહણ કરતો નથી; અત્ર ઉત્તર કે, મતિજ્ઞાન છે, તે શ્રુતજ્ઞાનનું કારણ છે. અને મતિઅજ્ઞાન શ્રુતઅજ્ઞાનનું ઉપકારક એટલે કારણ છે, માટે સારાંશ કે શ્રુતજ્ઞાન, અને શ્રુતઅજ્ઞાનને ઉત્પન્ન કરીને, મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન નષ્ટ થઈ જાય છે. શબ્દનય શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાન એ બેને અંગીકાર કરે છે. અત્ર પ્રશ્ન કે, બાકીનાં ત્રણ જ્ઞાન તથા ત્રણ અજ્ઞાનને કેમ શબ્દનય વિષય કરતો નથી ? પ્રત્યુત્તરમાં જાણવાનું કે મતિ, અવધિ, અને મનઃપર્યવ, એ ત્રણ જ્ઞાનતો શ્રુતજ્ઞાનનાં ઉપકારક છે, અર્થાત્ કારણીભૂત છે. તેથી તેનું ગ્રહણ કર્યું નથી. અને ત્રણ અજ્ઞાનતો મિથ્યાદૃષ્ટિને હોય છે. અને શબ્દનયતો સમકિતને ગ્રહણ કરે છે. તેથી ત્રણ અજ્ઞાનને શબ્દનય ગ્રહણ કરતો નથી. શબ્દનયના પ્રતાપથીજ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, અને આપ્તવચનમાં પ્રામાણ્ય આવે છે. ઇત્યાદિ સ્વરૂપ જાણવું.

શ્લોક.

इति नयवादाश्चित्राः क्वचिद्विरुद्धा इवाथ च विशुद्धाः ॥
लौकिकविषयातीता स्तत्त्वज्ञानार्थमधिगम्याः ॥ १॥

ઇત્યાદિ નયવાદ વિચિત્ર એટલે અનેક પ્રકારે છે. ક્યાંક વિરૂદ્ધની પેઠે જણાય છે, પરંતુ વસ્તુતઃવિશુદ્ધ છે. તે નયવાદ લૌકિકવિષયાતીત છે. કારણકે નયવાદમાં બુદ્ધિમાન પુરૂષો પણ મુંઝાય છે. એ નયવાદ તત્ત્વજ્ઞાનને માટે જાણવા યોગ્ય છે, **इतिसप्तनयस्वरूपम्.**

એમ દ્રવ્યાદિકની સ્વદ્રવ્યમાં અસ્તિતા અને પરદ્રવ્યની સ્વદ્રવ્યમાં નાસ્તિતાનું સાપેક્ષપણે વર્ણન કરતાં પ્રસંગોપાત નયાદિકનું સ્વરૂપ કહ્યું. હવે મૂળ વિષયને કહે છે. દરેક દ્રવ્યમાં સમયે સમયે સ્વદ્રવ્યાદિકની અનંતી અસ્તિતા વર્તે છે, અને પરદ્રવ્યાદિકની અનંતી નાસ્તિતા વર્તે છે. જો પરદ્રવ્યની નાસ્તિતા આત્મામાં ના આવે, તો પરદ્રવ્યની અસ્તિતાનો નાશ થાય. વા આત્મદ્રવ્ય તે પરદ્રવ્યમાં અસ્તિરૂપે પરિણમવાથી સર્વ દ્રવ્ય એકરૂપ થઇજાય. માટે પરદ્રવ્યની નાસ્તિતા આત્મદ્રવ્યમાં વર્તે છે. અને આત્મદ્રવ્યની નાસ્તિતા પરદ્રવ્યમાં વર્તે છે. તેથી પ્રત્યેક દ્રવ્ય વ્યક્તિરૂપે ભિન્ન ભિન્ન વર્તે છે.

હવે આ પ્રમાણે પરદ્રવ્યનું સ્વરૂપ જાણી આત્મદ્રવ્ય

ઉપાદેય સમજી આત્મા પોતાનેજ કહે છે કે, તું જ્ઞાનના-ક્ષયોપશમભાવથી, પોતાના ગુણની શોધ કર. ગુણનું ધ્યાન કર. અત્રજ્ઞાનની ક્ષયોપશમતા લેવાનું કારણ એ છે કે, જ્ઞાનની પ્રાપ્તિ ક્ષયોપશમભાવે અને ક્ષાયિકભાવે છે. સાધક અવસ્થામાં બારમા ગુણ સ્થાનક સુધી જ્ઞાનનો ક્ષયોપશભાવ વર્તે છે. અને તેરમા ગુણઠાણે ક્ષાયિકભાવે કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જ્યાંસુધી કેવલ જ્ઞાનની પ્રાપ્તિ થઈ નથી, ત્યાંસુધી જ્ઞાનના ક્ષયોપશમભાવે આત્મગુણની શોધ કરવાની છે. હે ચેતન, પંચ ઇન્દ્રિયો દ્વારા બહિર વિષયને ગ્રહણ કરવાથી, પોતાના સ્વરૂપનું ભાન તારાથી ભૂલાય છે. જ્યારે બહિર પદાર્થોમાં જ્ઞાનનો ઉપયોગ ભળે છે, ત્યારે પોતાના સ્વરૂપનું ધ્યાન તથા સ્મરણ થતું નથી. અને જ્યારે આત્મસ્વરૂપમાં ચેતના ભળે છે, ત્યારે બાહ્યપદાર્થોનું વિસ્મરણ થવાથી આપોઆપ રાગદ્વેષ થતા નથી. અને ભૂતકાળનાં લાગેલાં કર્મ આત્મપ્રદેશોથી ખરવા માંડે છે. અને વર્તમાનકાલમાં આત્મધ્યાનથી સંવર વર્તે છે. ટીપે ટીપે જેમ સરોવર ભરાય છે, અને કાંકરે કાંકરે જેમ પાળ બંધાય છે, તેમ અલ્પ અલ્પ પણ પ્રતિદિન આત્માનો ઉપયોગ રાખી ગુણોનું ધ્યાન કરવાથી તે તે ગુણોની પ્રાપ્તિ થાય છે. જે જે ગુણોને ખીલવવા હોય, તે તે ગુણોનું એકસ્થિર ઉપયોગથી ચિંતન કરવું. અને તેતે ગુણોને માટે સંયમ કરવો. તેથી તે ગુ-

ણોને આચ્છાદન કરનાર કર્મ ખરીજવાથી ગુણો પ્રકાશે છે. આત્મગુણના ઉપયોગમાં એવા સ્થિર થઇજવું કે, પંચેન્દ્રિયો બાહ્યના વિષયને ગ્રહે છે કે નહિ તેની ખબર પણ રહે નહીં. જેમ એક સોની દુકાને બેસી સુવર્ણનો સુક્ષ્મઘાટ ઘડતો હતો. તેની આગળથઇને રાજાની સેના ચાલી ગઇ.તોપણ તેણે દેખી નહિ.–જાણી નહીં, તેમ આત્મોપયોગમાં એવા સ્થિર થઇ જવું કે, બાહ્યના વિષય બીલકુલ ભાન ભૂલાય–એમ પ્રતિદિન સ્વગુણોના ધ્યાનમાં ઉપયોગ લાગતાં (ચઢતે ભાવે જાગશે; चिदानंदकी मोज) ચઢતે ભાવે ચિદાનંદની મોજ પ્રગટ થશે. અન્તરમાં આનંદની લહેરીયો પ્રગટ થશે. જેમ કૂપ ખોદતાં, તળીયે જલની શેરો પ્રગટે છે. તેથી સિદ્ધ થાય છે કે, હવે જલ આવ્યું, તેમ અત્ર પણ આત્મગુણનું ધ્યાન કરતાં, અનુભવયોગે આનંદની લહેરીયો પ્રગટે છે તેથી સિદ્ધ થાય છે કે એ આનંદની ખુમારી આત્માના ઘરની છે. આત્મા વિના આનંદની મોજ અન્યદ્રવ્યમાં નથી. જે યોગી મુનિવર ધ્યાન કરે છે, તેમને આત્માના આનંદની ખુમારી પ્રાપ્ત થાય છે. તેથી તેમના ચહેરા ઉપર પણ આનંદની છાયા છવાઈ જાય છે. તેથી તેવા ધ્યાનીયોગિયો દુનીયાના સંબંધથી ન્યારા રહી આત્મધ્યાન કરી અન્તરનું સુખ ભોગવે છે. દુનીયાના સંબંધમાં આવતાં બાહ્યવિષયમાં ચિત્ત ભળવાથી, આત્મિક

આનંદ ભોગવાતો નથી. જ્યારે આત્મધ્યાન કરતાં આવી અન્તરમાંથી આનંદની ખુમારીઓ ઉછળે છે, ત્યારે યોગિલોક મોક્ષના સુખનો અત્ર ભોગ કરે છે. મોક્ષના સુખનો અનુભવ જેને અત્ર થતો નથી, તે ભવ્ય મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી. કહ્યું છે કે જ્ઞાનસાર

॥ श्लोक ॥

निर्विकारं निराबाधं ज्ञानसारमुपेयुषां ॥
विनिवृत्तपराशानां मोक्षोऽत्रैव महात्मनाम् ॥१॥

અનેકપ્રકારના વિષયવિકારરહિત અને આ બાધારહિત તથા દૂર કરી છે પુદ્‌ગલિક આશાઓ જેમણે, અને જેઓએ જ્ઞાનનું સાર પ્રાપ્ત કર્યું છે, એવા યોગિયોને આત્માનુભવમાં રમણતા કરતાં અત્રજ મોક્ષ છે. અર્થાત્ આત્મધ્યાનાનુભવથી અત્ર મોક્ષનાં સુખ મહાત્માઓ અનુભવે છે. બાહ્યવિષયમાં મહાત્માઓ કિંચિત્ પણ સુખની આશા રાખતા નથી. ઇન્દ્રનાં સુખ પણ દુઃખ કરી જાણે છે. કીર્તિ માન, પૂજા, તથા જગત્‌માં સારા કહેવરાવાના સંસ્કારો બીલકુલ ક્ષય થઈ જાય છે, ત્યારે આત્માનુભવમાં ચિત્તવૃત્તિ સ્થીર થાય છે અને આત્માનુભવમાં વર્તતાં વિકલ્પ સંકલ્પ દશા બીલકુલ નષ્ટ થતાં સુખનો પોતાના આત્માને સાક્ષાત્ અનુભવ થાય છે, આવી દશાને પ્રાપ્ત

કરવા ભવ્યજીવો એકાંત જંગલમાં ધ્યાન કરે છે. નિર્જન-સ્થાનમાં કોઈ આત્મધ્યાન કરે છે. કોઇ આત્મસુખને માટે સદ્ગુરૂદ્વારા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે, કોઇ પરમા-ત્માની ભક્તિ કરે છે. કોઇ આત્મસુખાર્થે આત્માના અ-સંખ્યાતપ્રદેશમાં દ્રષ્ટિ વાળી હું પોતાના સ્વરૂપમાં છું. એમ દ્રઢ સ્થિર ઉપયોગ રાખીને વિચારે છે. આ જગત્માં હું કોણ છું, શરીર નથી, મન નથી, વાણી નથી, ઇ-ન્દ્રિયો નથી, કુટુંબ નથી, ત્યારે અહો આજદીન પર્યંત ફોગટ અહંત્વ પરવસ્તુમાં મેં ધારણ કર્યું, હવે તો હું બાહ્ય દેખાતા પદાર્થોમાં નથી, એમ નિશ્ચય થયો. હું તો અસંખ્યાત પ્રદેશરૂપ આત્મવ્યક્તિ છું એમ વિચારતાં માયા વાસના છુટી જાય છે. આ યુક્તિનો ભવ્યજીવોએ અનુભવ કરવો. અનેકાંત આત્મસ્વરૂપ અનુભવ જ્ઞાનગમ્ય છે. એવા આત્મસ્વરૂપમાં કંઇ પણ વાદવિવાદ રહેતો નથી. જેને આત્માની રૂચી પ્રગટી છે, આત્મ જિજ્ઞાસુ પક્કો થયો છે, તે આત્માને ઓળખે છે. નાસ્તિક વિના સર્વ દર્શન આત્માને સ્વીકારે છે. આત્મજ્ઞાનની અંદર સર્વ જ્ઞાન સમાય છે. આત્મા માટે કંઈ પણ વિવાદ સ્થાન નથી. જેઓની મિથ્યા બુદ્ધિ છે, તેવા જીવોને એકાંત દૃષ્ટિથી વાદવિવાદ પ્રગટે છે. અનેકાંત દૃષ્ટિથી આત્મસ્વરૂપ જા-ણતાં, માધ્યસ્થ ભાવના પ્રગટે છે. અને તેથી ભવ્ય મ-

હાત્માઓ આત્મધ્યાનમાં તલ્લીન થાય છે. **ध्यान ध्यानमां भेदता क्षयोपशमना भेद** પ્રત્યેક જીવોને વિચિત્ર પ્રકારનો જ્ઞાનનો ક્ષયોપશમ પ્રગટે છે, તેથી સર્વ જીવ પોતાને જેવું જેવું ક્ષયોપશમ જ્ઞાન હોય, તદનુસારે ધ્યાન કરી શકે છે. **सम्यगज्ञान**ના પ્રભાવથી ધ્યાનમાં આનંદ પ્રગટે છે, અને તેથી વિકલ્પ સંકલ્પજનિત ખેદ રહેતો નથી. જે સમ્યગ્જ્ઞાન વિના એકાંત ક્રિયાકાંડથી મુક્તિ માને છે, તેને હિતશિક્ષા આપે છે.

॥ दुहा ॥

सम्यगज्ञान विना मुधा क्रियाकाण्डनुं कष्ट ॥
सहेतो तत्त्व न पामतो धर्म विना ते भ्रष्ट ॥१३१॥

ભાવાર્થઃ—સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિવિના, ફોગટ ક્રિયાકાંડનું કષ્ટ છે. અજ્ઞાની કષ્ટક્રિયાથી અનેક પ્રકારના ઉપસર્ગ સહન કરે, તોપણ આત્મતત્વની પ્રાપ્તિ કરી શકતો નથી. કારણકે જ્ઞાનવિના આત્મિકધર્મ ઓળખી શકતો નથી. અને આત્મિકધર્મ વિના તે ભ્રષ્ટ જાણવો. જ્ઞાનીની ક્રિયા સવિ લેખે એમ કહ્યું છે. વળી કહ્યું છે કે— **नाणेण य मुणी होइ न मुणी अरणवासेन—ज्ञानेन च मुनिर्भवति न मुनिः अरण्यवासेन** જ્ઞાનથી મુનિપણું પ્રાપ્ત થાય છે, પણ કંઈ અરણ્યમાં વાસ કરવાથી મુનિપણું પ્રાપ્ત થતું

નથી. શ્રી સમાધિશતકમાં પણ ઉપાધ્યાયજીએ કહ્યું છે કે—

ज्ञानविना व्यवहारको कहाबनावत नाच ॥
रत्न कहो को काचकुं अंत काचसो काच ॥

તથા દશવૈકાલીકમાં પણ કહ્યું છે કે—**पढमं नाणं तओ दया—प्रथमं ज्ञानं ततः दया** પ્રથમ જ્ઞાન અને પશ્ચાત્ દયા હોય છે. તથા દ્રવ્યગુણ પર્યાયના રાસમાં પણ કહ્યું છે કે— **बहुविध बाह्यक्रिया करे ज्ञानरहित जे टोलेरे-शत जिम अंध अदेखता. तेतो पडियाछे भोलेरे. श्रीजिन ॥** તથા કહ્યું છે કે—

॥ गाथा ॥

गीयथस्स वयणेणं विसं हालाहलं पिबे
अगीयथ्थस्स वयणेणं अमयंपि न घुट्टए ॥

ગીતાર્થ જ્ઞાનીના વચનથી હલાહલ વિષ પણ પીવું. પણ અજ્ઞાનીના વચનથી અમૃત પણ પીવું યોગ્ય નથી. તથા કહ્યું છે કે— **बाहिर बकपरे चालता अंतर आकरी कातीरे तेहने जेह भला कहे—मति नवि जाणे ते जातीरे—श्रीजिन ॥ नाणरहित हित परिहरी—अज्ञानज हठरातारे—कपटक्रिया करता यति न हुये निजमति मातारे.** તથા યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં કહ્યું છે કે—

॥ श्लोकः ॥

तात्त्विकः पक्षपातश्च भावशून्या च या क्रिया
अनयोरंतरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥ १ ॥

જ્ઞાનરહિત જે શુભક્રિયા અને ક્રિયા રહિત જે શુભ જ્ઞાન એ બેનું અંતર સૂર્ય અને ખદ્યોત (આગીયો) જેટલું છે. જ્ઞાન તે સૂર્યસમાન અને ક્રિયા તે ખદ્યોતસમાન છે. તથા ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ કહ્યું છે કે—यथा

॥ गाथा ॥

सूइ जहा ससुत्ता णणस्सइ कयवरंमि पडिआवि
इय जीवोवि ससुत्तो णणस्सइ गओवि संसारे ॥ १ ॥

સૂત્રમાં પરોવેલી સોય કચરામાં પડેલી હોય તો પણ નષ્ટ થતી નથી; અર્થાત્ જડે છે. તેમ જ્ઞાન સહિત જીવ પણ સંસારમાં જાય તોપણ નષ્ટ થતો નથી. અર્થાત્ મુક્તિ સન્મુખ થઇ મુક્તિપદ પામે છે. જ્ઞાન છે તે સમકિત સહિત પ્રાપ્ત થાય છે, માટે તે પામ્યાબાદ મિથ્યાત્વમાં આવે તોપણ એક કોડા કોડી સાગરોપમ ઉપરાંત કર્મબંધ જીવ કરતો નથી. તથા મહાનિશીથમાં જ્ઞાનગુણને અપ્રતિપાતિ કહ્યા છે, તથા બૃહત્ કલ્પ ભાષ્યમાં શ્રુતજ્ઞાની અને કેવળજ્ઞાનીને સરખા કહ્યા છે. તેની ગાથા—

किं गीयथ्थो केवली चउव्विहे जाणणे य कहणेय तुल्ले रागद्देसे अणंतकायस्स वज्जणवा इत्यादि. જે દ્રવ્યગુણ પર્યાયને જાણે છે, તેને જ્ઞાની કહે છે. દરેક દ્રવ્યમાં સામાન્ય અને વિશેષ સ્વભાવ રહ્યા છે, તેને જે જાણે, તેને જ્ઞાની કહે છે. તથા પ્રત્યેક વસ્તુમાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય લગાડે છે, અને તેનો સમ્યગ્ બોધ કરે છે, તેને જ્ઞાની કહે છે. દ્રવ્યાર્થિકનય એમ કહે છે કે હું મુખ્યનાએ દ્રવ્યનું ગ્રહણ કરૂં છું, પણ તેથી પર્યાયનો નિષેધ કરતો નથી. જેમ સુવર્ણનાં પચાસ જુદાં જુદાં આભૂષણ બનાવ્યાં હોય છે, ત્યાં હું સુવર્ણથી સર્વ આકૃતિયોમાં વ્યાપી રહેલા સુવર્ણને ગ્રહું છું, ત્યારે પર્યાયાર્થિકનય કહે છે કે, સુવર્ણની પચાસ આકૃતિયો કે જે કટક, કુંડલ, કટીબદ્ધ વિગેરે છે તેને ગ્રહણ કરૂં છું. પણ તેથી પચ્ચાસ આકૃતિયોમાં વ્યાપી રહેલા સુવર્ણરૂપ દ્રવ્યનો નિષેધ કરતો નથી. એમ કથંચિત્ જુદા જુદા પણ બે નય એક વસ્તુને ગ્રહણ કરે છે. પર્યાયાર્થિક નય કહે છે કે, જો હું દ્રવ્યાર્થિકનયનો નિષેધ કરૂં, તો મૂલ દ્રવ્ય સુવર્ણ નહીં હોવાથી આકૃતિરૂપ પર્યાય પણ મારો નાશ થાય. દ્રવ્યાર્થિક નય કહે છે કે, જો હું પર્યાયાર્થિક નયનો નિષેધ કરૂં તો કટક, કુંડલ, કેયુરાદિક આકૃતિરૂપ પર્યાયનો નાશ થવાથી જગત્ના વ્યવહારનો લોપ થઈ જાય. કારણકે

વ્યવહારમાં પર્યાયરૂપ આકૃતિયોની જરૂર પડે છે. દુનીયાનો વ્યવહાર છે, તે વસ્તુના પર્યાયથી છે. પણ દ્રવ્યથી નથી માટે બેનય સાપેક્ષપણે મળવાથી એક વસ્તુની સિદ્ધિ થાય છે. પર્યાયથી દ્રવ્ય ભિન્ન નથી, અને દ્રવ્યથી પર્યાય ભિન્ન નથી. **उक्तंच सम्मति तर्के,**

॥ गाथा ॥

दव्वं पज्जवविउयं दव्वविउत्ता य पज्जवा णत्थि ।
उप्पाय ठिइ भंगा हंदि दविय लख्खणं एयं ॥ १ ॥

ભાવાર્થઃ—પર્યાયરહિત દ્રવ્ય નથી, અને દ્રવ્યથી રહિત પર્યાય નથી. ઉત્પાદ સ્થિતિ અને વ્યય છે લક્ષણ જેનું, એવું દ્રવ્ય જાણવું. સુવર્ણનું કટક એટલે કડું બનાવ્યું, અને કડુ ભાગીને હાર બનાવ્યો. તેમાં કટકનો વ્યય અને હારનો ઉત્પાદ અને સુવર્ણની ધ્રુવતા એમ એ ત્રણ લક્ષણ એક સુવર્ણરૂપ દ્રવ્યમાં વ્યાપી રહ્યાં છે. ઉત્પાદ છે તે કથંચિત્ સ્થિતિ વિનાશ રૂપ છે. અને વિનાશ પણ સ્થિતિ ઉત્પત્તિરૂપ છે. અને સ્થિતિ પણ ઉત્પાદવ્યય રૂપ છે. **उक्तं च सम्मतितर्कवृत्तौ यथा—**
भावस्योत्पादः स्थितिविनाशरूपः विनाशोऽपि स्थित्युत्पत्ति रूपःस्थितिरपि विगमोत्पादात्मिका कथंचिदभ्युपगंतव्या ।
ઉત્પાદ વ્યય બે દ્રવ્યનું લક્ષણ કહેતાં પણ દ્રવ્યની સિદ્ધિ

થતી નથી કારણકે સ્થિતિવિના કટક, અને કુંડલરૂપ પર્યાયનીજ સિદ્ધિ થતી નથી. કોઇ કહેશે કે, સ્થિતિરૂપ દ્રવ્ય માનીશું તો તે પણ અનુભવ વિરૂદ્ધ છે. કારણકે એક આત્મા, દેવતા, મનુષ્ય તિર્યકનારકી વગેરે પર્યાયોને ધારણ કરે છે, તે આત્માને એકાંત ધ્રુવ માનતાં સિદ્ધ થશે નહીં, તથા એકજ મૃત્તિકા, ઘટ, કોઠી, સરાવળાંરૂપ અનેક આકારને ધારણ કરે છે, તેની મૃત્તિકાને એકાંત ધ્રુવ માનતાં સિદ્ધિ થશે નહીં માટે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત દ્રવ્ય કહેવાય છે. છ દ્રવ્યમાં સમયે સમયે ઉત્પાદ, વ્યય, ધ્રુવતા વ્યાપી રહી છે. ષડ્દ્રવ્ય, નવતત્વ વિગેરેના જ્ઞાન વિના સમ્યકત્વની પ્રાપ્તિ થઈ શકતી નથી. અને જ્ઞાનવિના અજ્ઞાનીનું ક્રિયાકાંડ કષ્ટ નિષ્ફળ જાય છે. તથા પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે કે–

॥ गाथा ॥

जो जाणइ अरिहंते दव्वगुणपज्जवंतेहि
सो जाणइ अप्पाणं मोहो खलु जाहि तस्स लयं ॥

ભાવાર્થ:—જે ભવ્યદ્રવ્યગુણ પર્યાયથી અરિહંતને જાણે છે, તે ભવ્ય પોતાના આત્માને જાણે છે. અને તેનો મોહ ક્ષય થાય છે. ઇત્યાદિ જ્ઞાનમાહાત્મ્ય જાણીને સમ્યગ્જ્ઞાનપ્રાપ્તિ માટે બહુ પ્રયત્ન કરવો. ગીતાર્થ ગુરૂની ઉ-

પાસના કરવી. જ્ઞાનનું કારણ જે શ્રુતજ્ઞાન, તેનો બહુ ભાવ ધારણ કરશો. શ્રી ઠાણાંગસુત્ર તથા ભગવતી સુત્રમાં ૧ વાંચના, ૨ પૃચ્છના, ૩ પરાવર્તના, ૪ અનુપ્રેક્ષા, ૫ ધર્મકથા ઈત્યાદિનું ફળ મોક્ષ કહ્યું છે. સ્વાધ્યાયથી જીવ જ્ઞાનાવરણીયકર્મનો નાશ કરે છે. અને વાચનાથી તીર્થ ધર્મ પ્રવર્તે છે, અને મહાનિર્જરા થાય છે. પૃચ્છાથી સૂત્ર તથા અર્થની શુદ્ધિ થાય છે. અને તેથી મિથ્યાત્વમોહનીયનો નાશ થાય છે. અનુપ્રેક્ષા એટલે અર્થ વિચારતાં સાત કર્મની સ્થિતિના રસ પાતળા કરે. અનંત સંસાર ખપાવીને અલ્પભવ બાકી રાખે. શ્રુત જ્ઞાનના આરાધનથી અજ્ઞાનનો નાશ થાય છે. ભવ્યજીવોને જ્ઞાનનોજ આધાર મોટો છે. કહ્યું છે કે—

॥ गाथा ॥

कथ्थ अम्हारिसा पाणी दुसमा दोस दूसिया
हायणाहा कहं हुंता न हुंतो जइ जिणा गमो ॥ १ ॥

હે ભગવંત જો તમારાં કહેલાં સ્યાદ્વાદ આગમ નહોતતો દુઃષમ દોષથી દૂષિત એવા અમારા સરખા પામર અનાથ જીવોની શી ગતિ થાત? જો જીનાગમ નહોત તો ખરાબ ગતિ થાત. પંચમકાલમાં આગમનો આધાર છે. માટે શ્રુત અને શ્રુતજ્ઞાનીનો બહુ વિનય કરવો. અજ્ઞાનના

જેવો કોઈ મહા શત્રુ નથી માટે અજ્ઞાનનો નાશ કરી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી ધર્મક્રિયા કરવાથી કર્મનો નાશ થાય છે. દુર્લભ વસ્તુ જ્ઞાન છે, તો તે જ્ઞાન જ્ઞાનીવિના પ્રાપ્ત થતું નથી. પંચમકાળમાં પ્રસંગોપાત દુર્લભ અને દુસ્ત્યાજ્ય વસ્તુ કઈ છે, તે દુહાથી બતાવે છે.

॥ दुहा ॥

सम्यग् ज्ञानी दोहिला, दुर्गम ज्ञानी पन्थ;
दृष्टिराग दुःत्याज्यछे, दुर्गम ज्ञानी ग्रंथ. ॥१३२॥
श्रद्धा सद्गुरु दुर्लभा । दुर्लभ सत्य विवेक;
अगम्य वाणी ज्ञानिनी । समजे वीरला छेक. ॥१३३॥

ભાવાર્થ—સમ્યગ્જ્ઞાનિ મહાત્માઓ દુર્લભ છે જ્ઞાની-સદ્ગુરૂ વિના તત્ત્વસ્વરૂપનું જ્ઞાન થતું નથી. શ્રી સર્વજ્ઞે કહેલો મોક્ષમાર્ગ પણ દુઃખે કરી જણાય એવો છે. તેમ દૃષ્ટિરાગનો ત્યાગ કરવો દુઃત્યાજ્ય છે, જગતમાં અજ્ઞાનતઃ સર્વત્ર દૃષ્ટિરાગનું સામ્રાજ્ય અખંડ પંચમકાલમાં પ્રવૃત્તિ રહ્યું છે અહો દૃષ્ટિરાગ રૂપવિષધર એવો તો બળવાન્ છે કે, જેને તે કરડે છે, તેને કશું સત્ય સૂઝતું નથી. ધતુર-ભક્ષકને જેમ સર્વત્ર પીળું દેખાય છે, તેમ દૃષ્ટિરાગીને પોતે જે માન્યું તે સારૂ દેખાય છે. પોતાની બુદ્ધિથી સત્ય જાણ્યા વિના જે ઉપર રાગ થઈ ગયો, તે પ્રાણાંતે પણ

છૂટતો નથી. જગતમાં કોઇને ધનનો રાગ હોય છે, કોઇને સ્ત્રીના ઉપર રાગ હોય છે. કોઇને કામ રાગ છે. કોઇને સ્નેહરાગ હોય છે. કોઇને શરીર ઉપર રાગ હોય છે. ઇત્યાદિ સર્વ રાગનો નાશ શ્રી સદ્ ગુરૂના ઉપદેશ વિગેરેથી થઇ શકે છે. પણ દ્રષ્ટિરાગતો એવો પાપી છે કે તે મહાત્માઓને પણ દુસ્ત્યાજ્ય છે. કહ્યું છે કે—

॥ श्लोक ॥

कामराग स्नेहरागाविषत्कर निवारणौ ॥
दृष्टिरागस्तु पापीयान् दुस्त्याज्यः महतामपि ॥१॥

દૃષ્ટિરાગથી મણિને બદલે કાચનું ગ્રહણ થાય છે. દૃષ્ટિરાગી પુરૂષ કપટીઓની કપટ જાળમાં ફસાઈ જાય છે. અને દૃષ્ટિરાગીથી સત્યાસત્ય ધર્મનો નિર્ણય થતો નથી. દૃષ્ટિરાગીનાં સત્યચક્ષુ મીંચાઈ જાય છે. દૃષ્ટિરાગી પુરૂષ વિષને અમૃત માની પાન કરે છે. દૃષ્ટિરાગી પુરૂષ ધોળા દીવસે આંધળો થઇ ચાલે છે. સત્ય ધર્મરૂપ સૂર્યને દેખવા દૃષ્ટિરાગી ઘુઅડની આચરણા કરે છે. વિવેકરૂપ મિત્રને દૃષ્ટિરાગી ધક્કો મારી કાઢી મૂકે છે-મિથ્યાત્વરૂપ કુમિત્રને દૃષ્ટિરાગી પુરૂષ પ્રેમથી બોલાવે છે-કુમતિનો સંગ કરી સુમતિને દૃષ્ટિરાગી દૂર કરે છે. દૃષ્ટિરાગી ભાંગ પીધેલાની પેઠે વા દારૂ પીધેલાની પેઠે આચરણા કરે છે. હારિલ નામનું પંખી કોઇ

પણ લાકડાના કકડાને પકડે છે, તો તે કદી મૂકતું નથી. તેમ દૃષ્ટિરાગીનો રાગ જ્યાં લાગ્યો હોય છે, ત્યાંથી છૂટતો નથી. દૃષ્ટિરાગી પુરૂષથી સત્યદેવ, સત્યગુરૂ, અને સત્યધર્મ રાગ કરી શકાતો નથી. કોઇએ ગદ્ધાનું પુચ્છ પકડયું તે લાતો વાગે તો પણ તે મૂર્ખ મૂકતો નથી, તેમ દૃષ્ટિરાગીએ જે અંગીકાર કર્યું તે તેનાથી મૂકાતું નથી. દૃષ્ટિરાગી પુરૂષ ન્યાયથી સત્યપરીક્ષક બનતો નથી. **वथ्थुसहावो धम्मो** વસ્તુનો સ્વભાવ છે તેજ ધર્મ છે, અર્થાત્ આત્માનો સ્વભાવ છે તે ધર્મ છે. આત્માનો ધર્મ અરૂપી છે, તેમ જાણે નહીં, જાણે અને જડમાં ધર્મની બુદ્ધિ એકાંતે રાગથી રાખે તે પણ દૃષ્ટિરાગી છે. સદ્ ગુરૂ સત્ય વસ્તુ સમજાવે, પણ તેનો કુગુરૂના દૃષ્ટિરાગથી વિશ્વાસ બેસે નહીં. હલાહલ વિષના સમાન દૃષ્ટિરાગ છે. સત્ય તત્ત્વોપ્રદેશ શ્રી સદ્ ગુરૂ ઉપર પ્રેમ, ભક્તિ, સુરાગવિના તથા પક્કી શ્રદ્ધા વિનાં તેમનાં ઉપદેશ વચનો બીલકુલ અસર કરી શકતાં નથી. માટે અવશ્ય સદ્ ગુરૂ ઉપર રાગ ધારણ કરવો. સુરાગ પણ ગુણ ઠાણાની હદે નાશ પામે છે, જ્ઞાનિયોના ગ્રન્થોમાં કથિત સૂક્ષ્મ તત્વસ્વરૂપ પણ દુઃખે કરી જાણી શકાય છે. સદ્ગુરૂ વિના સૂક્ષ્મતત્ત્વની ગમ યથાર્થ પડતી નથી. જ્ઞાનિગીતાર્થ સદ્ ગુરૂના વચનામૃત પાનથી, સત્યમાર્ગમાં સૂર્યના જેવો પ્રકાશ પડે છે. એક ગામથી બીજે ગામ જવું હોય

છે, તો પણ મનુષ્યોને માર્ગ પુછવો પડે છે. ત્યારે મુક્તિ-
નગરીના માર્ગમાં ચાલતાં, સદ્ગુરૂરૂપ વળાવા વિના અભી-
ષ્ટનગરે પહોંચી શકાય નહીં. જ્ઞાનિયોના ગ્રંથોમાં તીવ્ર
સૂક્ષ્મબુદ્ધિ વિના પ્રવેશ થતો નથી. અને સૂક્ષ્મજ્ઞાન તે વિના
થતું નથી. દ્રવ્યાનુયોગના સૂક્ષ્મજ્ઞાન વિના શ્રદ્ધા તથા સમ-
કિતની પ્રાપ્તિ થતી નથી. માટે સૂક્ષ્મ દ્રવ્યાનુયોગનું જ્ઞાન
કરવા સદ્ગુરૂની ઉપાસના કરવી. સદ્ગુરૂવિના તત્ત્વમાર્ગની
ગમ પડતી નથી. પણ પંચમકાળા સદ્ગુરૂની શ્રદ્ધા થવી
દુર્લભ છે. ગુરૂના દોષબુદ્ધિથી દોષ દેખનારાઓને કાગડાના
જેવી દૃષ્ટિ હોવાથી તેઓને તો સત્ય લાભ પ્રાપ્ત થતો
નથી. કેટલાક કૂળગુરૂની પેઠે સદ્ગુરૂને માનનારાઓ
પણ ગુરૂની શ્રદ્ધા યથાર્થ કરી શકતા નથી. અને નિં-
દક કુપાત્ર જીવોના સહવાસથી, કેટલાકોને સત્યગુરૂની
શ્રદ્ધા રહેતી નથી. કેટલાક તો ગુરૂના ઉપકારને જાણી
શકતા નથી, તો તેને શ્રદ્ધા શી રીતે થઇ શકે?
કેટલાક તો ધોળું તેટલું દૂધ, એવી બુદ્ધિથી સત્યગુરૂ
શરણુ અંગીકાર કરી શકતા નથી. જેના માથે સદ્ગુરૂ એક
સાચા નથી, તે નગુરાઓ ભવમાં ભટકયા કરે છે—કેટલાક
ભોળા મૂર્ખ જાડી બુદ્ધિવાળા મનુષ્યો તો ગાડરીયા પ્રવાહની
પેઠે ગુરૂ માન્યા કરે છે. કેટલાક તો સ્વાર્થ હોય, ત્યાં સુધી
ગુરૂ અને પશ્ચાત્ બુરૂ કરવામાં ચુકતા નથી, દુનીયાની વિદ્યા;

હુન્નર; યુદ્ધાદિ કળા શિખવાને માટે લૌકિકગુરુની જરૂર છે. અને આત્મધર્મની પ્રાપ્તિ માટે લોકોત્તર પંચ-મહાવ્રત ધારક સદુપદેશક ગુરૂની જરૂર છે. માટે એવા સદ્ ગુરૂની શ્રદ્ધા જે ભવ્યો કરે છે, તે પરમાત્મપદને પામે છે. દુનીયામાં ચિંતામણિ રત્ન કરતાં પણ અનંત-ગણો અમૂલ્ય છે તેવો મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને વિ-વેક દૃષ્ટિની જાગૃતિ કરવી. વિવેકના બે ભેદ છે. લૌકિક વિવેક અને લોકોત્તર વિવેક તેમાં લોકોત્તર વિવેક દુ-ર્લભ છે. નવતત્ત્વ તથા ષડ્દ્રવ્યનું સ્વરૂપ જાણીને, ઉપાદેય આત્મસ્વરૂપનો સ્વીકાર કરે, અને જડદ્રવ્યનો ત્યાગ કરે. આવી વિવેક બુદ્ધિ પ્રગટવાથી, સમકિત રત્નની પ્રાપ્તિ થાય છે. વિવેકદૃષ્ટિ થતાં, ભવ્યજીવ સત્યને જાણી અસત્યને પરિહરે છે. પદાર્થોનું સ્વરૂપ બતાવવા વિવેક સૂર્ય સમાન છે. દૂધ અને જલની પેઠે પુદ્ગલ અને આત્માને ભિન્ન કરવા હંસની ચંચુ સમાન વિવેક દૃષ્ટિ છે. વિવેક ચક્ષુથી અંધ મનુષ્યો સત્ય પદાર્થ સ્વરૂપ ઓળખી શકતાં નથી. વિવેક દૃષ્ટિહીન મનુષ્યો આત્માને પરમાત્મરૂપ જાણી શકતાં નથી. વિવેક દૃષ્ટિહીન પુરૂષો અસત્યને સત્ય માને છે, અને સત્યને અસત્ય માને છે. વિવેક દૃષ્ટિવિના આત્મારૂપ હીરો પારખી શકાતો નથી. વિવેક દૃષ્ટિથી આત્મા મોક્ષ માર્ગમાં ગમન કરી શકે છે. વિવેક દૃષ્ટિ ચિંતા-

મણિ રત્ન કરતાં અધિક છે, તત્વ વિવેક દ્રષ્ટિથી સર્વ મતોમાં માધ્યસ્થ ભાવના પ્રગટે છે. અને કદાગ્રહ ગ્રહ છે, તે આત્મારૂપ સૂર્યથી છુટી જાય છે. અગમ્ય જ્ઞાનિની વાણીને સમજનારા ચતુર પુરૂષોને વિવેક દ્રષ્ટિની પ્રાપ્તિ થાય છે, માટે શ્રી સર્વજ્ઞની વાણીનો અભ્યાસ કરવો. વારંવાર શ્રી સર્વજ્ઞની વાણી સદ્દગુરૂ પાસેથી સાંભળવી, તેનો વિચાર કરવો, હૃદયમાં શ્રદ્ધા કરવી. તેથી દુર્લભ વસ્તુની પણ પ્રાપ્તિ થતાં અનંત સુખ ભોકતા આત્મા બનશે. હવે માન વાસના વિગેરેથી આત્મ ધર્મ ન્યારો છે, તેવું સમજાવી શુદ્ધ ધર્મનો આદર કરાવવા ઉપદેશ કથે છે.

॥ दुहा ॥

मान वासना मन वसे । कीर्ति माटे धर्म ॥
बहिरातमपद प्राणिया । बांधे उलटां कर्म ॥१२४॥
आत्मिक शुद्ध स्वभावना । उपयोगे छे धर्म ॥
समज समज भव्यातमा । जेथी नासे कर्म ॥१२५॥
ध्यावो अन्तरदृष्टिथी । चिद्घन तत्त्व प्रकाश ॥
असंख्य प्रदेशी आतमा । तेतुं अविचल खास ॥१२६॥
तेतुं अविचल खास छे । विमलेश्वर विख्यात ।
अवर न तुं त्रिकालमां । याद करीले वात ॥१२७॥

ભાવાર્થ:—માનની વાસના મનમાં વ્યાપી રહી છે. અને કીર્તિની આશાએ ધર્મનું સેવન કરતાં બહિરાત્મ પ્રાણી ઉલટું કર્મ બાંધે છે. જે જે ધર્મકૃત્ય કરે છે, તેમાં માન પૂજાની લાલચ રહી છે, એવાં ધર્મ કૃત્યો બહિર્મુખતાને લીધે સફળ થતાં નથી. માન કીર્તિ નામ નાની આશાઓથી જીવ અનંત ઘણી ધર્મ સેવા કરે છે, તો પણ કોડી જેટલું ફળ પ્રાપ્ત શકતો નથી. તે ઉપર એક દૃષ્ટાંત કહે છે. એક મનઃપુર નામનું નગર હતું, તેમાં ચેતનલાલ નામનો એક ગૃહસ્થ રહેતો હતો, તેની પાસે અલ્પ ધન હતું પણ ઉદ્યમથી પ્રતિદિન નવીન ધન સમુપાર્જન કરી પોતાની આજીવિકા ચલાવતો હતો, મનોવૃત્તિ સ્ત્રીના સંબંધથી તેને કંઇક સુખાનુભવ થતો હતો, એક દીવસ ચેતનલાલના મનમાં એવો વિચાર આવ્યો કે, અરે મારે પુત્રાદિક પરિવાર થયો; તે પુત્રોને ઉમર લાયક થતાં પરણાવવા પડશે. માટે હવે પુષ્કળ ધન પેદા કર્યાવિના છુટકો નથી. દુનિયામાં ધન તેજ સારભૂત છે; વિદ્યાભણીને પણ અંતે ધન કમાવું પડે છે. વિદ્વાન્ પુરૂષોપણ લક્ષ્મીવંતના ઘરે દાસત્વ કરે છે. લક્ષ્મીવંતને રાજાઓ પણ આવકાર આપે છે, લક્ષ્મીવિના ગૃહસંસાર શ્મશાન તુલ્ય છે. લક્ષ્મીવિના દાન પુણ્યાદિક ક્રિયાઓ પણ થઈ શકતી નથી. લક્ષ્મીવંતના સામુ ત્યાગી મહાત્માઓને

પણ જોવું પડે છે. લક્ષ્મીના લીધે ગૃહસ્થોના અનેક દોષો ઢંકાઇ જાય છે. ભાટ, ચારણ, છાપાવાળાઓ પણ લક્ષ્મી- વંતને, જી રાવ સાહેબ, મહેરબાન, વિગેરે શબ્દોથી બોલાવે છે. તથા છાપાઓમાં લક્ષ્મીવંત પુરૂષો પહેલા ચડે છે. લ- ક્ષ્મીથી અનેક પ્રકારનાં ભોજન પ્રાપ્ત થાય છે. અહો! લક્ષ્મી તારો અદ્‌ભુત મહિમા છે. તારા વિના મનુષ્યોને સંસારવ્યવહાર ચલાવવામાં અનેક જાતની આપત્તિયો તથા સંકલ્પ વિકલ્પ થયા કરે છે. એ પ્રમાણે ચેતનલાલ શેઠે લક્ષ્મીનો વિચાર કરી નિશ્ચય કર્યો કે—કોઈ તપ, જપ કરીને દેવતા પ્રસન્ન કરી વરદાન મેળવી ધનવાન થાઉં. શુભ શકુને ચંદ્રસ્વર વહેતાં પરદેશ ગમન કર્યું. ગામો ગામ ગમન કરતો ચેતનલાલ સાબરમતીના કાંઠે આવી પહોંચ્યો. પ્રભાતનો સમય થયો છે. આકાશમાં પક્ષીયો ઉ- ડાઉડ કરી રહ્યાં છે. વિદેશી પુરૂષો એક સ્થાનથી અન્યત્ર ગમન કરે છે. ચેતનલાલ સાબરમતીમાં સ્નાન કરી આગળ ચાલ્યો. તો એક ઉચ્ચ શિખર તેની નજરે પડયું તેની તરફ શુભાશાથી ગમન કર્યું. દેવાલયમાં પ્રવેશતાં, આસ- પાસ વૃક્ષની ઘટા દેખાઇ, નદીનાં નાળાં પણ પાસે દેખાયાં, અનેક પક્ષીઓ કલ્લોલ કરતાં દેખાયાં, નાની નાની પ્રાચીન દેરીઓ દેખી અનેક પ્રકારના તર્ક વિતર્ક કરતો ચેતનલાલ દેવાલય નજીક આવ્યો. ગગનને ચુંબન કરતી ધ્વજા અં-

દરના દેવની કીર્તિ ફરકાવી રહી છે. દેવાલયના ગોળ ઘુમટ અદ્ભૂત શોભાને આપતા દેવત્વની ખ્યાતિ કરે છે. ઘનન ઘનન ઘંટ વાગીને દેવના માહાત્મ્યનું ગુણગાન કરે છે. છેક નજીક આવતાં, અદ્ભૂત આકારવાળી એક વિશાળ ચમત્કારી મૂર્તિ દેખાઈ. કોની મૂર્તિ હશે એમ વિચાર કરતાં તેને પૂર્વની વાતનું સ્મરણ થતાં નિશ્ચય થયો કે આતો **माणिभद्रवीर** ની પ્રતિકૃતિ છે. **प्रभाविक मूर्तिने** નમસ્કાર કર્યો મનમાં અનેક આશાઓ હતી, તેની સિદ્ધિ અર્થે સ્તવના કરીને ઓટલા આગળ બેસી કંઈક મનમાં ચિંતવે છે, એટલામાં તેની પાસે **माणिभद्रवीर**નો પુજારો આવ્યો, તેણે શેઠનું નામ પુછ્યું. શેઠે નામ જણાવ્યું. પૂજારીએ શેઠની આગળ વીરનો મહિમા ગાવા માંડયો. હે શેઠ આ વીરનું પુરેપુરૂં સાચ્ચ છે. અમુક મનુષ્યને સર્પ કરડયો હતો, પણ તેમના ઓટલા આગળ લાવીને વીરની જય બોલાવી કે તુરત ઉતરી ગયો. ઘણા યતિયો વીરની આરાધના માટે અત્રે આવે છે. અનેક પ્રકારના રોગીઓના રોગ પણ ખરી શ્રદ્ધાથી સ્તુતિ કરતાં નાશ પામે છે. કોઈને તો વીર આરાધતાં પ્રત્યક્ષ દર્શન થાય છે. અને તેનાં કાર્ય કરે છે. એટલું કહી પૂજારી મૌન રહ્યા. શેઠના મુખ ઉપર નવું નુર આવ્યું. શરીરમાં બળ આવ્યું હોય, તેમ પૂજારીને જણાયું, અને ઉઠયા. **माणिभद्र** ની સામા ઉભા

રહી કેટલુંક બોલ્યા—અને ત્યાં રહેવાનો નિશ્ચય કર્યો અને સંકલ્પ કર્યો કે જ્યારે माणिभद्रवीर પ્રસન્ન થશે ત્યારે અન્ન જલ ગ્રહણ કરીશ. તેમની આગળ એક ધ્યાનથી બેસી જાપ કરવા લાગ્યો—એક દીવસ, બે દીવસ કરતાં કરતાં, એકવીશ દીવસ થઇ ગયા—ચેતનલાલનું શરીર પાતળુ થઈ ગયું, આંખોમાં ખાડા પડયા, લોહી સુકાઈ ગયું, હાલવા ચાલવાની શક્તિ રહી નહીં—મુખથી જાપ પણ થઇ શકતો નહોતો. શેઠની પૂર્ણ ટેક શ્રદ્ધાથી સાક્ષાત્ माणिभद्र વીરે દર્શન આપ્યાં, અને કહ્યું કે હે શેઠ, તારે જે જોઇએ તે માગ. શેઠે નમસ્કાર કરી કહ્યું કે, हे दयालो ! આપ જો મારા ઉપર પ્રસન્ન થયા હો તો સ્પર્શમણિ આપો. વીરે તુરત સ્પર્શમણિ આપ્યો. શેઠની સર્વ આશાઓ ફળીભૂત થઈ. ચેતનલાલ ત્યાંથી પોતાને ઘેર આવ્યા. સ્પર્શમણિના યોગે પુષ્કળ સુવર્ણ કર્યું. અબ્જાધિપતિ બની ગયા. મોટા મોટા મહેલ બંધાવ્યા, અનેક રમણીય આરામ કરાવ્યા. ઘોડા ગાડી વિનાતો શેઠ પગલું પણ ચાલી શકતા નથી. પાણીને ઠેકાણે દૂધના પ્યાલા નોકરો આપવા લાગ્યા. ચારે ખંડમાં મોટી મોટી પેઢીઓ સ્થાપન કરી. શેઠનું નામ ચારે ખંડમાં ફેલાયું. શેઠના પુત્રને ઘેર પુત્ર થયા. શેઠની આટલાથીજ આશાઓ તૃપ્ત થઇ નહીં—તેમની આશા ઇન્દ્રનું ઇન્દ્રાસન લેવાની થઇ.

એક મનુષ્ય કે જે ધર્માત્મા હતો, તેને શેઠે પૂછ્યું કે, હે ભાઈ! ઇન્દ્રની પદવી શાથી મળી શકે! ત્યારે તેણે કહ્યું કે જે ભવ્ય, સર્વ સાધુ સંતને ઇચ્છિતદાન આપે, ધર્મનું આરાધન કરનાર શ્રાવક વર્ગને નવકારશી કરી જમાડે, મુનિરાજોને આહાર પાણી વહોરાવે, દુઃખી રોગીઓને સ્હાય કરે, આમ સાંભળી શેઠને ઘણો આનંદ થયો. ચેતનલાલના મનમાં ઇન્દ્રપદવી આદી બીજી પણ અનેક આશાઓ સદાકાળ થયા કરતી હતી. મનમાં એમ વિચારતો હતો કે, મારૂં નામ જગત્માં યાવત્ દિવાકર ચંદ્ર પર્યંત અમર રહે. સર્વ કોઈ સવારમાં ઉઠતાંજ મારા ગુણ ગાય તથા જ્યાં ત્યાં મારા નામની કીર્તિનાં પુસ્તકોમાં પ્રભુના નામને સ્થાને ગણાય, મારી કીર્તિ ત્રણ ભુવનમાં ફેલાય, તથા એવો ઉપાય કરૂં કે,—મોટા મોટા દાનેશ્વરોને દુનીયા ભૂલી જાય. ઇત્યાદિ આશાના અંકુરો હૃદયમાં મક્કમપણે વાસ કરી રહ્યા હતા. તે શેઠ પોતાની આશાની પૂર્ણતાને માટે અનેક નવકારશીઓ કરવા લાગ્યા—ગગન તલને ચુંબન કરે એવાં હજારો જીનાલય તથા ઉપાશ્રય બંધાવ્યા. કરોડો રૂપૈયા ખર્ચી પોતાના નામની ધર્મશાળાઓ બંધાવી. કરોડો રૂપૈયા ખર્ચી પાંજરાપોળો બંધાવી. કીર્ત્તિ તથા ઇન્દ્ર પદવીની આશાએ દવાખાનાં, તથા તળાવો કરાવ્યાં. જે કોઇ સાધુ સન્યાસી જે

માગે તે તુરત પ્રેમથી આપતા. જેટલું ધન ઓછું થતું તેટલું નવું બનાવી લેતા. ધનનો તો ગણતાં પણ પાર આવતો નહોતો—મોટાં મોટાં ધર્મનાં સ્થાનકો કરી, પોતાના નામનાં પત્થરનાં પાટીયાં પૃથ્વીમાં ઘલાવ્યાં કે જેથી બીજાઓ પોતાના નામની યાદી કરે. જૈન શાળાઓ અને કન્યાશાળાઓમાં પણ કરોડો રૂપૈયા ખર્ચી અંતરની આશાઓની સાફલ્યતા કરવા પ્રયત્ન કરતા હતા. એક દીવસ તેમણે કોઈ મહાત્માના મુખમાંથી સાંભળ્યું કે કાર્તિક શુદિ પૂર્ણિમાના દિવસે, શ્રી સિદ્ધાચળ તીર્થની યાત્રા કરનાર શ્રાવક તથા શ્રાવિકાઓને એકમના દિવસે જમાડે, તેને અનંતગણું ફળ થાય, તથા શ્રી સિદ્ધાચલ તીર્થે ગમન કરી સાધુ સાધ્વીને આહાર પાણી ભાવથી વહોરાવે, તેને અનંત ઘણું ફળ થાય. જેણે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી નથી તે માતાના પેટમાં છે. સર્વ તીર્થનો રાજા શ્રી શત્રુંજય તીર્થ છે. આવી વાત સાંભળી, ચેતનલાલ તે દીવસે ત્યાં ગયા અને પૂર્ણ ભાવથી તીર્થની યાત્રા કરી. કાર્તિક વદી એકમના દીવસે લાખો શ્રાવક શ્રાવિકાઓને નવકારશી કરી જમાડયાં. લાખો ગરિબ લોકોને અન્નદાન, વસ્ત્રદાન, પાત્રદાન, દીધું. સાધુ તથા સાધ્વીઓને પોતે હાથે પ્રેમથી વહોરાવવા લાગ્યા, આગળ પાછળના ગામોમાં રહેલા સાધુઓને ત્યાં જઇને વિધિ પૂર્વક દર્શનાદિક કરી આહાર

તથા અચિત જલ વહોરાવ્યું. હવે શેઠ છગાઉની પ્રદક્ષિણા દેવા ગયા, ત્યાં સિદ્ધ શિલાના નજીક પર્વતના કોટમાં કોઇ ધ્યાની મુનિ હોય તો તેનાં દર્શન થાય એવી બુદ્ધિથી ગયા ત્યાં એક મુનિવર ધ્યાનમાં તલ્લીન દીઠા. જેની દૃષ્ટિ નાસિકાના અગ્ર ભાગ ઉપર રહી છે, પણ જગતના પદાર્થને દેખતી નથી. બાહ્યના પદાર્થોનું બીલકુલ ભાન ભૂલી ગયા હોય, એવી જેની આકૃતિ હતી. અલ્પ વસ્ત્ર વિના વિશેષ ઉપાધિ દેખાતી નહોતી. પદ્માસન વાળેલી શાંત મૂર્તિ અલૌકીક આનંદ ભોગવતી હોય, એવો દેખતાંજ ભાસ થતો હતો. ધ્યાનની અડગ સ્થિતિ યોગેન્દ્રનાં લક્ષણ સૂચવતી હતી, આવી મુનિની સમાધિ સ્થિતિ જોઇને શેઠે વિચાર કર્યો કે, અહો ! આ કોઇ ચમત્કારી વિલક્ષણ યોગી જણાય છે. આવા મહાત્માઓને અન્નાદિકનું દાન કર્યું હોયતો સર્વાશાઓની સિદ્ધિ થાય. મુનિરાજ ધ્યાનમાં હતા, ત્યાં સુધી શેઠ ત્યાં બેઠા. ધ્યાન પૂર્ણ થતાં યોગેન્દ્ર મુનિએ શેઠ પ્રતિ દૃષ્ટિ કરી. શેઠે બે હાથ જોડી પંચાંગ પ્રણિપાત પૂર્વક વંદન કરી સુખશાતા પુછી, શેઠ વિનયથી યોગેન્દ્રને કહેવા લાગ્યા કે, આપ જેવા સંત પુરૂષનો સમાગમ થયો માટે મારા આત્માને ધન્ય માનું છું. શાસ્ત્રમાં કહ્યું છે કે—

साधूनां दर्शनं पुण्यं तीर्थभूता हि साधवः
तीर्थः फलति कालेन सद्यः साधुसमागमः ॥१॥

તીર્થ રૂપ સાધુઓ છે. સાધુઓના દર્શનથી પુણ્ય થાય છે સ્થાવર તીર્થતો કાળે ફળ આપે છે. અને સાધુની સંગતિ તુરત ફળ આપે છે. મુનિરાજે કહ્યું કે—હા સાધુના દર્શનથી અપૂર્વ લાભ થાય છે. ચેતનલાલે કહ્યું કે, હે: પરમકૃપાળુ મુનીન્દ્ર આપ મારા ઉપર કૃપા કરી અન્નદાનાદિક ગ્રહણ કરીને સેવકની આશા પૂર્ણ કરશો. મુનિરાજે કહ્યું કે, હાલ મારે આહારાદિકની ઇચ્છા નથી, ત્યારે શેઠે કહ્યું કે, હે પરમકૃપાળો દયાલાવી મારી આશા પૂર્ણ કરો અત્ર સર્વ સાધુ સાધ્વી કે જે મારી દૃષ્ટિએ પડયાં, તેમને અન્નદાનાદિક આપીને હું અત્ર આવ્યો છું. આપ પણ મહાપુણ્યથી દેખાયા તો હવે આપને હું છોડીશ નહીં. મુનિમહારાજ મહાજ્ઞાની હતા. તેમણે શેઠના સર્વ મનોભાવ જાણી લીધા. કંઇક વિચાર કરી, હસતે મુખે યોગિરાજ મુનિએ કહ્યું કે,—હે ભવ્ય ! જો તારે ભૂખ્યાને ખવરાવવું હોય, તો અત્ર નજીક ખાણુમાં એક ભિક્ષુકી પડી પડી બુમો પાડે છે, તેની ઇચ્છા પુર્ણ કર. ચેતનલાલ વિનયપૂર્વક વંદન કરી હર્ષથી ત્યાં ગયો, તો જેના શરીર ઉપર એક પણ વસ્ત્ર નથી, અને જેના પેટમાં મોટો ખાડો પડેલો છે; એવી કંગાલ ભિક્ષુકીને દીઠી. શેઠે કહ્યું હે ભિક્ષુકી ! કેમ ટળવળે છે. ભિક્ષુકીએ દીનવચને કહ્યું કે,—મને બહુ ભૂખ લાગી છે, તેથી ટળવળું છે. શેઠે કહ્યું કે તારે માટે ભોજન મંગાવું ત્યારે

ભિક્ષુકીએ કહ્યું, શેઠ! મારી કોઈ ભૂખ ભાગનાર નથી. મારે બહુ ખાવા જોઇએ છીએ. જો ખાતાં ખાતાં બીજું ભોજન ન મળે તો મહા દુઃખ થાય છે. માટે મારૂં દુઃખ મને ભોગવવા દો. શેઠે કહ્યું કે,—તારે જેટલું જોઈશે, તેટલું પૂર્ણ કરીશ. ભિક્ષુકીએ કહ્યું! જો મારૂં પેટ નહીં ભરાશે તો હું તને ખાઈ જઇશ. જો તું આ પ્રતિજ્ઞા કબુલ કરતો હોય તો ભલે તારી ઇચ્છા પૂર્ણ કર. શેઠે પ્રતિજ્ઞા કબુલ કરી મનમાં વિચાર્યું કે, બિચારી ભૂખી છે, તેથી તેને એમ લાગે છે, કે હું સર્વ ખાઇ જઇશ, જોઇએ તો ખરા તે ખાઇને કેટલું ખાય છે? મેં સર્વની આશાઓ પૂર્ણ થાય તેટલું દાન આપ્યું છે તો આ બિચારી ભિક્ષુકીના શા ભાર. ભિક્ષુકીએ કહ્યું, હે શેઠ ઉતાવળ કર. લાવ ભોજન, મરી જાઉ છું. શેઠે નોકરો મારફતે ત્રણ મણ ચાર મણ લાડું મંગાવ્યા જેમ જેમ આપવા માંડયા, તેમ તેમ વિશેષ ખાવા માંડી. પા કલાકમાં એટલા બધા લાડુ ખાઈ ગઇ, પાછી કહેવા માંડી કે, અરે શેઠ લાવ ખાવાનું, ભૂખના ભડકા વેહાતા નથી. શેઠે પચાશ મણ બીજા લાડુ મંગાવ્યા. એક તરફ ખાતી જાય છે, અને એક તરફ હજારો નોકરો મિષ્ટ લાડુ લાવતા જાય છે. દશમિનિટમાં તો એટલા લાડુ ખાઈ ગઇ, અને પાછી શેઠને ખાડાવાળું પેટ દેખાડવા માંડી. એટલામાં બસે મણ લાડુ આવી પહોંચ્યા

તે ભિક્ષુકીના આગળ ધર્યા. શેઠે હજારો નોકર સેવકોને હુકમ કર્યો કે—ગામમાં તથા આસપાસના ગામોમાં જેટલું અન્ન મળે, તેટલું રંધાવો. લાખો મનુષ્યોને આ કામમાં રોકી દો. શેઠની આજ્ઞા થતાં, લાખો મણ અન્ન રંધાઇ ગયું. ભિક્ષુકી ઝડપથી જેટલું ધરે, તેટલું ખાઇને માગવા લાગી. લાખો મણ અન્ન પણ જોતા જોતામાં ખાઈ ગઇ. શેઠ લાખો મણ બીજું અન્ન મંગાવ્યું તે પણ ખાઈ ગઇ. શેઠ મનમાં ગભરાવા લાગ્યો. મનમાં વિચારે છે કે, અરે આ તે કોઈ વિકાળ પિશાચી છે કે કાળ છે? એટલામાં તો બોલી ઉઠી કે, અરે પાપી લાવ અન્ન, અન્ન વિના મારા પ્રાણ જાય છે. જેમ જેમ ખાઉં છું, તેમ મારા પેટમાં દાવાનળ અગ્નિ સળગે છે. માટે અન્ન આપવાની ઉતાવળ કર. સેવકો વચ્ચમાં બોલી ઉઠયા કે,—શેઠ સાહેબ! હજારો ગરીબ મનુષ્યો ટળવળે છે, તે બિચારા ભૂખથી મરી જાય છે. માટે શું કરીએ? અન્ન ખુટયું છે. આ રાંડ ભિક્ષુકી તો કદી ધરાવાની નથી શેઠે નોકરોને કહ્યું. આખી દુનીયામાંથી અનાજ દૂધ, ઘી વિગેરે સર્વ ભોજ્ય પદાર્થ મંગાવો. અરેરે હવે તો મારી ફજેતીનો વખત આવ્યો, જો આને ભૂખી રાખીશ તો મને ખાઇ જશે. અને ખવરાવું છું, તો સમુદ્રની પેઠે ધરાતી નથી. હવે કેમ કરવું. સુડી વચ્ચે સોપારીના જેવો સમય આવ્યો, ભિક્ષુકીએ કહ્યું, હું સર્વ ખાઈ

ગઇ, લાવ અન્ન, અરે પાપી કેમ વાર કરે છે! મારાથી અન્ન વિના શ્વાસ પણ લેવાતો નથી અન્ન નહિં આપે, તો તને ખાઈ જઇશ. શેઠે કહ્યું તારૂં નામ શું છે? અને તને આટલી બધી કેમ ભૂખ લાગે છે? ભિક્ષુકીએ કહ્યું અરે તું મને ઓળખતો નથી. હું આશા નામની ભિક્ષુકી છું. અનાદિકાળથી આ દુનીયામાં મારો વાસ છે. હજી સુધી હું ધરાણી નથી. શેઠે કહ્યું, તું શું શું ખાય છે? આશા ભિક્ષુકીએ કહ્યું સર્વને હું ખાઇ જાઉ છું. શેઠે કહ્યું, આજ સુધી તેં શું શું ખાધું. આશાએ કહ્યું હે શેઠ! શ્રવણ કર. હું દરેક પ્રાણીયોના દીલમાં વાસ કરૂં છું ત્રણ ભુવનમાં જે જે જીવો વર્તે છે, તેના હૃદયમાં હું અનાદિકાળથી વસુ છું. હું અનેક પ્રાણીયોને ખાઇ ગઇ. રામ રાવણની લડાઇમાં કરોરો જીવોનાં મેં લોહી પીધાં. ઉદાયી અને ચેડા મહારાજની લડાઇમાં પણ હું સર્વ મનુષ્યોના હૃદયમાં વાસ કરીને સર્વનું ભક્ષણ કીધું. મહાભારતની લડાઈમાં અક્ષોહિણી સૈન્યની ભક્ષણ કરનારી હું હતી. ટ્રાન્સ્વાલ અને જાપાનની લડાઈમાં પણ મેં લાખો મનુષ્યનું રક્ત પીધું. દુનીયાના સર્વ ભોગ્ય પદાર્થોને ભોગવ્યા અને ભોજ્ય પદાર્થોને ખાધા તો પણ હજી વિશેષતઃ ભૂખી છું. એમ બોલે છે એવામાં એક પાછળથી ઘરડી બુદ્ઢી કંગાલ ભિક્ષુકી ત્રણ ડિંભને લેઇને આવતી જણાઇ. ચેતનલાલે

પૂછ્યું. આ વળી કોણ છે? આશાએ કહ્યું કે, એ ઘરડી આવે છે, તે અહંવૃત્તિ નામની મારી મા છે. જગતમાં તેનો પણ અનાદિકાળથી વાસ છે. મારા કરતાં એતો વળી વધારે ભૂખી છે. શેઠે કહ્યું કે, ત્રણ ડિંભનાં નામ શું શું છે? આશા ભિક્ષુકી બોલી એકનું નામ કીર્તિ છે, બીજાનું નામ महत्वाकांक्षा ત્રીજાનું નામ मानपूजा છે. આ ત્રણ બાલીકાઓ મારી છે. એ પણ કદી ખાતાં ધરાતી નથી. મારી પુત્રીઓ મારા જેવી હોય કહેવત છે કે, बाप तेवा बेटा वड तेवा टेटा; मा जेवी दीकरी, हांला जेवी ठीकरी આમ વાતો કરે છે, એટલામાં અન્ન આવી પહોંચ્યું. ભિક્ષુકીએ ચડપોચડપ અન્નના કોળીયા હજાર હજાર મણના મુખમાં ઉતારવા લાગી. જોતા જોતામાં સ્વાહા કરી દીધું. શેઠે વિચાર્યું કે, જો આ ભિક્ષુકીઓ ભૂખી જશે તો, મારૂં નામ દાતા તરીકે છે તે ચાલ્યું જશે, અને કોઇ પણ રીતે તૃપ્ત થાય તો, મારૂં નામ સદાકાળ અમર રહેશે, એટલામાં તો ભિક્ષુકી બોલી કે, અરે શેઠ લાવ અન્ન, દુનીયામાંથી છેલ્લીવારનું મંગાવેલું સર્વ અન્ન ખાધું, તો પણ રાંડ ધરાતી નથી. હવે શું કરવું? ભિક્ષુકી બોલી અરે પાપી! મારા પેટનો ખાડો પૂર. નહિં તો તને ખાઈ જઇશ. શેઠ મુંજવા. લાગ્યા સેવક વિગેરે સર્વ લોક નાસી ગયા, દિગ્મૂઢ બની ગયા. એટલામાં તો આશા ભિક્ષુકીએ, વિકરાળરૂપ ધારણ કર્યું. ગુફાના જેવું પહોળું

મુખ કરી, શેઠને ખાવા દોડી. શેઠ નાસવા માંડયા. મહાભય વ્યાપ્યો. મહા આપત્તિનું વાદળું આવી પડયું અરિહંત અરિહંત એમ મંત્રનો જાપ કરવા લાગ્યો સંકટ સમયમાં મહામંત્ર નવકાર ગણવાથી સંકટ નાશ થાય છે, એમ તે જાણતા હતા. મંત્ર પ્રતાપે એવો વિચાર સૂઝયો કે,—જેણે આ ભિક્ષુકીને બતાવી, તે મુનીન્દ્રની પાસે જાઉં તો બચી શકું તુરત તે ગુફા તરફ મુઠી વાળી દોડયો. હાંફતો હાંફતો મુનીન્દ્રના ચરણકમળમાં त्राहि मां त्राहि मां શબ્દોચ્ચાર કરતો આવી પડયો. મુનીન્દ્રે તેના મસ્તક ઉપર હાથ ફેરવી ઉઠાડયો, અને કહ્યું કે લેશપણ આ ભિક્ષુકીનો ભય રાખીશ નહીં. આશા ભિક્ષુકી રાંકજેવી દુર ઉભી રહી હતી. શેઠ તેને દેખી ધ્રુજતો હતો. મુનીન્દ્રે મંત્ર ભણીને દુર ખસેડી. ભિક્ષુકી ચાલતી થઇ. શેઠે કહ્યું. હે પ્રભો આ પાપિણી કેવી ખરાબ. મને મારીનાંખવાને તત્પર થઇ. જો આપનું શરણુ કર્યું તો ઉગર્યો. જાણે એતો સાક્ષાત્ કાત્યા જેવી જણાય છે. મુનિવરે કહ્યું. તું એનો સંગી થયો, અને એને તારીપાસે રાખે છે, ત્યારે તને એ દુઃખદેવા આવી. શેઠે કહ્યું ના બાપજી, હું તો એને કદી પાસે રાખતો નથી. હું તો એનો કદી સંગી થયો નથી. અત્રજ મેં એને દીઠી. મેં એની દયા કરી, ત્યારે તેણે ઉલટી દયા ડાકણને ખાય એવું કર્યું. એમાં મારો શો દોષ? મુનિરાજ ઉપદેશ આપે છે કે, હે શેઠ! હજી તારામાં અજ્ઞાન

છે, જેથી તું એનું સ્વરૂપ સમજી શકતો નથી. અનાદિકાળથી એ તારી સંગી છે. અનેકપ્રકારની આશાઓ કરવી; તેજ આશા છે. તેં ધનની આશા કરીને, પુત્રની આશા કરીને, તારા દીલમાં આશાભિક્ષુકીનો વાસ કરાવ્યો છે. અને એ આશાથીજ, તેં માણિભદ્ર વીરનું આરાધન કર્યું હતું. સ્પર્શમણિ મળ્યો, અને તેથી તને સંતોષ થયો નહીં. કીર્તિની, માનપૂજાની; ઇન્દ્રાસન લેવાની, અને અમર નામ રાખવાની આશાને તેં આજસુધી સેવી છે. તેં જ્ઞાન, તપ, જપ, નવકારશીઓ વિગેરે કીર્તિઆશા, પુણ્યાશા, નામનાની આશા, અને ઇંદ્રપદવી લેવાની આશાઓ કરી છે. તારી અખંડ નામ રાખવાની આશા તો પ્રબલપણે વર્તતી હતી. અને તું કહે છે કે, મેં આશાનો સંગ કર્યો નથી. એટલું બધું અજ્ઞાન? હે ભવ્ય! કલ્પિત આશાઓનો કદાપિકાળે અંત આવતો નથી. જો તેં આશાને પૂર્ણ કરવા કેટલો પ્રયત્ન કર્યો? તેટલું ખાઇગઇ. તોપણ આશાની શાંતી થઈ નથી. અને કદી થવાની પણ નથી. કીર્તિની આશા, ઇન્દ્રાસનની આશા, અમર નામની આશાઓ કરી, પણ તેની શાંતિથવાની નથી. ઉત્તરોત્તર અન્ય આશાઓ પાછી પ્રગટશે. પણ તેનો અંત આવશે નહીં. વડનું બીજ નાનું હોય છે, તેમાંથી મહદ્‌વટવૃક્ષ થાય છે. તેમ એક આશાના અંકુરોમાંથી અનેક મોટી આશાઓ પ્રગટ થાય છે અને તેના

ફળમાં લાલચુ મધનાં ટીપાંની પેઠે સંસારમાં મહા દુઃખ ભોગવે છે. વિષય વૃક્ષ વાવ્યાથી વિષ ફળનીજ પ્રાપ્તિ થાય છે. તેમ સાંસારીક અનેક આશાઓથી જીવ મહાદુઃખ પામે છે. હે ચેતનલાલ તારૂં નામતો સારૂં છે, પણ તું માયિક પદાર્થોની મિથ્યા આશામાં લપટાયો. દુનિયામાં નામરૂપનો નાશ છે. કોઇનું નામ દુનીયામાં સદાકાળ અમર રહ્યું નથી, અને રહેવાનું નથી. નામથી આત્મા ભિન્ન છે તો નામ અમર રહેવાથી પણ આત્માને કિંચિત્ સુખ નથી. તેં કીર્તિની આશામાં દાનાદિકથી જે ઉત્તમોત્તમ ફળ થવાનું હતું, તે ખોયું. કીર્તિ અને અપકીર્તિ નામ કર્મની પ્રકૃતિ છે. તેમાં ઇષ્ટાનિષ્ટપણું કંઇ નથી. અહંવૃત્તિથી તેમાં ઇષ્ટાનિષ્ટપણું બંધાય છે આશાની મા અહંવૃત્તિની પૂર્ણતા કદી થઇ નથી, અને થવાની નથી. તારૂં અમૂલ્ય જીવન આજ પર્યંત ફોગટ ગાળ્યું શેઠ કહે છે કે, હે યોગેન્દ્ર, કૃપાકરીને સમજાવો કે. હું તે કોણ ?

॥ हुं कोण? ॥

મહા યોગેન્દ્ર કહે છે કે, હે ભવ્ય! હું તું સત્ય જ્ઞાન થવાથી અહંત્વવૃત્તિનો સર્વથા નાશ થાય છે. શરીર તે તું નથી. કારણકે, શરીરતો પુદ્ગલનું બનેલું છે. તું મન તથા વાણીરૂપ નથી. કર્મથી શરીરમાં વસેલો પણ

કર્મથી તથા શરીરથી ન્યારો, તું આત્મા છે. તારી ગતિ ન્યારી છે. તું જ્ઞાનદર્શન ચારિત્રાદિ અનંતગુણમય આત્મા છે, તેજ આત્મા સત્ય હુંછું. આત્માના અસંખ્યાત પ્રદેશ છે. અનાદિકાળથી અશુદ્ધ પરિણતિના યોગે આત્મા પરવસ્તુને પોતાની માની બેઠો છે. અને પરવસ્તુમાં અહંત્વ બુદ્ધિનાયોગે, આત્મસ્વરૂપ ભૂલી ગયો છે. તારો આત્મા અનંત સૂર્યકરતાં પણ અધિક જ્ઞાનથી પ્રકાશે છે. તારા આત્માની અનંતિ શક્તિ છે. જ્યાંસુધી તારા આત્નાની શક્તિ પ્રગટ કરવામાટે તેં પ્રયત્ન કર્યો નથી, ત્યાંસુધી તું કંગાલ છે. પુદ્ગલની લાલચથી તું પોતાની શક્તિની રૂચી ધરાવતો નથી. હે ચેતનલાલ આનંદ, સુખ, શાંતિ, જ્ઞાન, દર્શનાદિગુણ આત્મામાં છે. અને આત્મા અરૂપી છે. એવા આત્માના ગુણો પ્રગટ કરવા તેજ સત્ય ધર્મ છે. આત્માના ગુણોનું આચ્છાદન કર્મથી થયું છે. જ્યારે સ્વસ્વરૂપનું જ્ઞાન થાય છે, ત્યારે પરવસ્તુમાં થતી મોહબુદ્ધિ નાશ થવાથી આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થાય છે. અને પોતાના સ્વભાવમાં રમતો એવો આત્મા સમભાવી બને છે. ત્યારે ઇચ્છા કીર્તિ, માનપૂજા, તથા આશાભિક્ષુકીનું કંઇ જોર ચાલતું નથી. પરમાં અહંત્વ બુદ્ધિ થતાંજ આશાની ઉત્પત્તિ થાય છે. જ્ઞાનથી અજ્ઞાન નષ્ટ થતાં અહંત્વ બુદ્ધિનું જોર નાશ પામે છે. હે ચેતનલાલ તું ચેતન છે; માટે હવે આત્મસ્વ-

ભાવે જાગ. જો આ સિદ્ધાચલ તીર્થના રમણીય પ્રદેશોમાં દ્રષ્ટિ નાંખીને વિચાર કે આજ પ્રદેશ પ્રાપ્ત કરી અનેક જીવ પરમપદ પામ્યા અને અનંત સુખના ભોગી થયા. ચેતનલાલ કહેછે કે હે સ્વામી, મેં કરોડો સોનૈયાનાં દાન કર્યા. તે શું નિષ્ફળ જશે, મને ઇન્દ્રાસન મળશે કે નહી. હે ભવ્ય હજી તારૂં અજ્ઞાન નષ્ટ થયું નથી. ઇન્દ્રાસન લેવાની તારી બુદ્ધિ છે, તેજ ખોટી છે, અને તેપણ મહા આશા છે, તેનાથી તને કાંઇ સુખ મળવાનું નથી, ઇન્દ્રને જન્મ જરા અને મરણ ટળ્યાં નથી, અને ત્યાંથી પણ ક્ષીણ પુણ્ય થતાં અને આયુષ્ય મર્યાદા અવધિ પૂર્ણ થતાં, મનુષ્ય વિગેરે ગતિમાં આવવું પડે છે. ઇન્દ્રને પણ અનેક વિકલ્પ સંકલ્પ થયા કરે છે. શેઠ કહે છે, હાય ! હાય ! ત્યારે હવે મારે શું કરવું ? હે કૃપાનિધિ ! એવો કંઇ ધર્મ બતાવો કે જેથી જ્યાં જન્મ જરા અને મરણ હોય નહીં, અને અનંતાં સુખ મળેજ. મુનિવરે કહ્યું કે. **ज्ञानदर्शन चारित्राणि मोक्षः** જ્ઞાનદર્શનચારિત્રથી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતાં, પ્રાંતે શિવપુરની પ્રાપ્તિ થાય છે, મોક્ષ પામ્યા બાદ જન્મ જરા અને મરણના ફેરા કરવા પડતા નથી, અને આત્મા અનંતસુખ ભોગવે છે, ઇત્યાદિ વિસ્તારથી મોક્ષસ્વરૂપ સમજાવ્યું. અને આત્મસ્વરૂપની શ્રદ્ધા કરાવી. શેઠે કહ્યું કે, હે કૃપાનાથ ! આજસુધી મારી સાધ્યદૃષ્ટિ પ્રગટી નહોતી, હવે તે સાધ્ય-

દૃષ્ટિ આપના સદુપદેશથી પ્રગટી, માટે આપનો ઉપકાર માનું છું, પણ એક પ્રશ્ન કે, આ સંસારમાં મનુષ્યો જીનાલય, ઉપાશ્રય, જૈનશાળા, પૌષધશાળા, પુસ્તકલેખન; નવકારશી, સાધુ સાધ્વીને દાન કરે છે, તે મારીપેઠે આશાથીજ કરતાં હશે કે કેમ? યોગિરાજે કહ્યું, હે ભવ્ય! સર્વ મનુષ્યો તારાજેવી આશાને ધરાવતાં હોય, એવો નિશ્ચય નથી. કેટલાક શ્રાવક શ્રાવીકાઓ સદ્ગુરૂના સેવક હોય છે, તેમને તત્વાદિકના જ્ઞાનથી હેય, જ્ઞેય, ઉપાદેય, બુદ્ધિ પ્રગટે છે. તેથી તે સમકિતને પામેલાં હોય છે. શ્રદ્ધાળુ શ્રાવક શ્રાવિકાઓ દાન, પુણ્ય, જીનાલયબંધન, આદિ વ્યવહારની સર્વ ક્રિયાઓ વિધિપૂર્વક પરમાત્મપદ (મોક્ષપદ) પ્રાપ્તિને માટે કરે છે. એમને માનપૂજા, ઇન્દ્રાસન આશા, અમર નામનાની બીલકુલ આશા હોતી નથી, તેથી તે દાન પુણ્યાદિક ક્રિયાઓથી પ્રાંતે મુક્તિનેજ પામે છે. મોક્ષને ઉદ્દેશી તેં સર્વ ક્રિયાઓ કરી નહીં, તેથી તું આશાના પંઝામાં સપડાઈ દુઃખ પામ્યો. કેટલાંક અજ્ઞાન જનો તારી પેઠે દેવલોકાદિની પદવી તથા કીર્તિને માટે દાન પુણ્ય, નવકારશીઓ કરીને, મોક્ષસુખ હારી જાય છે. દાનપુણ્ય, જીનાલયબંધન, વગેરે ક્રિયાઓ મહા ગુણકારી છે, તેમાં દોષ નથી. પણ તે ક્રિયાઓ કરનારની બુદ્ધિભેદે ફળભેદ પ્રાપ્ત થાય ને પૌદ્ગલિક આશારહિત જે જે વ્ય-

વહારધર્મક્રિયાઓ કરવામાં આવે છે. તેને ક્રિયાઓ સફળ થાય છે. કેટલાક મનુષ્યો સત્યસ્વરૂપ સમજી શકતાં નથી. અને ધનાશા, પુત્રાશા, કીર્તિઆશામાં પોતાનું જીવન પૂર્ણ કરે છે. વ્યવહારક્રિયા કે જે ધર્મરૂપ છે, તેનો ત્યાગ ગૃહસ્થાવાસમાં શ્રાવકોએ કરવો યોગ્ય નથી. ગૃહસ્થાશ્રમમાં દાનાદિક સર્વ પુણ્યક્રિયાઓ કરવી પણ સંસારીકપદાર્થની આશારહીત કરવી જોઇએ. ચેતનલાલ કહે છે કે, હે સદ્ગુરો યોગેન્દ્ર, આપે જે જે વચનામૃત કહ્યાં તે સર્વ યથાર્થ કહ્યાં છે. આપના વચનામૃતથી હવે સાંસારીક કાલ્પનિક આશાઓ હૃદયમાંથી નાશ પામી. સૂર્ય ઉગ્યાથી જેમ અન્ધકાર નાશ પામે છે, તેમ આપના સદુપદેશ રૂપ સૂર્યથી આશાદિક અંધકાર નષ્ટ થયું—હવે મને આત્મસુખની પ્રાપ્તી થઇ—આત્માજ ઉપાસવા યોગ્ય છે. આત્માજ સર્વ રૂદ્ધિ છે; શ્રી યોગેન્દ્રે કહ્યું છે કે, હે ભવ્ય ! તું આઆશાનો વિશ્વાસ કરીશ નહીં—પુનઃ પુનઃ તેથી સંભાળ રાખજે—કારણ કે, મુનિરાજોના હૃદયમાં પણ કેટલીક વખતે લાગ જોઇને, પ્રમાદ દશાવર્તતાં. આશાભિક્ષુકી પ્રવેશ કરે છે. માટે આત્માના ઉપયોગરૂપમંત્રનું વારંવાર સ્મરણ કરજે—વારૂ તને તારી પાસે રહેલા સ્પર્શમણિ ઉપર હવે મોહ વર્તે છે કે નહીં. ચેતનલાલે કહ્યું કે, એ હોવાથી હવે તેના ઉપર મને મોહ નથી, અને નષ્ટ થવાથી શોકબુદ્ધિ

નથી. આપના સદુપદેશથી જાણ્યું કે, મનુષ્યભવથી મોક્ષ થાય છે. માટે મોક્ષરૂપ ઇષ્ટફળની પ્રાપ્તિ માટે શરીર તે અમૂલ્ય સ્પર્શમણિ છે--મુનિરાજે કહ્યું કે, ભવ્ય જીવો સંસારની ઉપાધિનો ત્યાગ કરી નિરાશાએ સાધુવ્રત અંગીકાર કરી આત્મધ્યાન કરે છે તો અલ્પકાળમાં મુક્તિપદ પામે છે. ચેતનલાલને સાંસારીકવાસના ઉપરથી સદાકાળને માટે ચિત્ત ઉઠી જવાથી, અને સાંસારીકઆશાઓ વિલય થવાથી તે યોગેન્દ્રની પાસે મુનિવ્રત અંગીકાર કર્યું. પર્યંકાસન તથા પદ્માસનવાળી જીનાજ્ઞાપૂર્વક આત્મધ્યાન કરવા લાગ્યા. અને કોઇ વખત આનંદમાં આવી ગાતા કે.

आशा ओरनकी क्या कीजे, ज्ञान सुधारस पीजेरे; आशा.
भटकत द्वार द्वार लोकनके--कुकर आशा धारी.
आतम अनुभवरसके रसाया--उतरे न कबहु खुमारी. आशा. १
आशा दासीके जे जाया, ते जन जगके दासा;
आशा दासी करे जे नायक, लायक अनुभव प्यासा. आशा.

ઇત્યાદિ ગાઇને પુનઃ આત્મધ્યાનમાં લીન થતા--અધ્યાત્મ સુખનો અનુભવ કરી અંતર્મુખ ચેતના કરી. જગતનું સ્વરૂપ ભૂલી ગયા. આત્મવિના અન્ય વિષયમાં ચિત્ત ઠરવા લાગ્યું નહીં. અખંડ ધ્યાન કરતાં કરતાં કેવલજ્ઞાન પામી સાદિ અનંતમે ભાંગે મુક્તિપદ પામ્યા. ધન્ય છે તેવા સાચા ચે-

તન નામ ધારકને? આત્મ શુદ્ધ સ્વભાવના ઉપયોગે ધર્મ છે, એમ હે ભવ્ય પૂર્વોક્ત જોડેલા દૃષ્ટાંતથી સમજ. **વથ્થુ સહાવો ધમ્મો** આત્માનો શુદ્ધ સ્વભાવ તેજ ધર્મ છે; તેની પ્રાપ્તિ માટે નિમિત્ત કારણોમાં પણ ધર્મ છે; એમ માની પ્રવર્તવું-દેવ ગુરૂ પુજા-દાનાદિક નિમિત્તકારણોને ઉત્થાપતાં; કદાપિ મારો આત્મા પરમાત્મા પદ પામશે નહિ. એ વાત પુનઃ પુનઃ લક્ષ્યમાં લેઇ ને, વસ્તુસ્વભાવરૂપ ધર્મના ઉપયોગમાં રહેજો. એમ સમજતાં, શ્રદ્ધા કરતાં, અને આત્મસ્વભાવમાં રમણતા કરતાં સર્વ કર્મનો નાશ થાય છે.

હે ભવ્ય! તું બાહ્યપદાર્થોમાં ચિત્તવૃત્તિ વાળી સુખ કયાંથી પામીશ? શરીરમાં રહેલા જ્ઞાનવાન આત્માને અન્તરદૃષ્ટિથી દેખ, અસંખ્ય પ્રદેશી આત્મા તેજ તું ખાસ છે. ત્રણે કાળમાં તું જડ રૂપ નથી-નિશ્ચય કર. અનંતા તીર્થંકર; તથા અનંતા મુનિયો અન્તરાત્મપ્રભુનું ધ્યાન કરી પરમાત્મ પદ પામ્યા. અને અનંત પામશે. તેજ નિર્મલ આત્મા પ્રભુ તું છે. જડરૂપ તું નથી. હે ચેતન! તારૂં સ્વરૂપ તું સંભારી લે હવે ભૂલીશ નહીં. તું સ્વપર પ્રકાશક ચેતન છે. કયાં જડ પુદ્ગલમાં અહંવ બુદ્ધિથી પોતાને ઓળખે છે! તું તારા સ્વરૂપમાં છે. એમ જ્ઞાનદ્રષ્ટિથી જાણ. હવે તેજ આત્મસ્વરૂપનું વિશેષતઃ વિવેચન કરે છે.

॥ दुहा ॥

त्रिभुवनपाति आ देहमां, छे तुं पोते खोज ॥
अन्तर्दृष्टि विना भवी । छे तुं रणनु रोज ॥ १३८ ॥
अन्तर्दृष्टि देखीए । असंख्य प्रदेशी भूप ॥
आपो आप प्रकाशतां । मिटे अनादि कूप ॥ १३९ ॥
पोते तुं परमातमा । धर निश्चय विश्वास ॥
शुद्धस्वभावे लक्ष्यतो । परमातम तुं खास ॥ १४० ॥
शुद्धचेतना संगी तुं । परको संग निवार ॥
परसंगी भवमां भमे । पामे दुःख अपार ॥ १४१ ॥
शुद्धस्वरूपी तुं सदा । रत्नत्रयी भण्डार ॥
वाणी अगोचर तुं सहि । अकम्प सत्याधार ॥ १४२ ॥
चिदघन ज्ञेय प्रकाशी तुं । पोताने नहीं भूल ॥
बाजी दुनीया जालकी । अन्त धूलनी धूल ॥ १४३ ॥
तिमिरारि तुं चन्द्रमा । पञ्चभूतथी भिन्न ॥
निर्लेपी निःस्पर्शी तुं । धर तारुं आकीन ॥ १४४ ॥

ભાવાર્થ—ત્રણભુવનનો સ્વામી એવો આત્મા આ દેખાતા શરીરમાં વ્યાપી રહ્યો છે. તેની હે ભવ્ય ખોજના કર, તેનાથી હે ભવ્ય તું ભિન્ન નથી. પણ શુદ્ધબુદ્ધપરમાત્મા-સ્વરૂપ એવો આત્મા અન્તર્દૃષ્ટિ પ્રગટયા વિના દેખાતો

નથી. અને અન્તરદૃષ્ટિ જ્યાં સુધી પ્રગટી નથી, ત્યાં સુધી તું રણના રોઝ સમાન છે—આત્મદર્શન વિના ખરી શાંતિનો અનુભવ થતો નથી. શ્રી આનંદઘનજી કહે છે કે—

दर्शन दर्शन करतो जो फिरू, तो रणरोझ समान;.
जेने पिपासा हो अमृतपाननी, किम भाजे विषपान. ॥ अभिनन्दन ॥

આત્મદર્શનનો જો અનુભવ થાય તો, અનંતસુખની ખુમારીનો સ્વાદ મળ્યા વગર રહેતો નથી. બહિરાત્મ જીવો જડમાં અહંત્વબુદ્ધિ ધારણ કરે છે, તેથી આત્માનુભવજન્ય-સુખાસ્વાદ કરી શકતા નથી. માટે જ્ઞાનદ્વારા અન્તરદૃષ્ટિથી અસંખ્યપ્રદેશીભૂપનું દર્શન કરતાં, સ્વસ્વરૂપનો પ્રકાશ થશે. અને તેથી અનાદિકાળની ધૂપ કે જે જન્મ જરામરણરૂપ દુઃખરૂપ છે, તેનો નાશ થશે. બાહ્યના પદાર્થોની ખૂબી દેખવા તમે મુંબાઈ કલકત્તા વગેરે જાઓ છો, અને તેને દેખીને મનમાં આશ્ચર્ય માનો છો. પણ તે આશ્ચર્ય કશા કામનું નથી. તમે આત્મામાં રહેલા અનંતગુણોને દેખશો તો તમને જે આનંદ થશે, તેનો કદી અંત આવશે નહીં. તમે જગતના મોટા મોટા બાગો દેખી, ખુશ ખુશ થઈ જાઓ છો, પણ આત્માના આનંદાદિ ગુણોનો બાગ દેખ્યા પછી બાહિરનો બાગ એક સામાન્ય દેખાશે. બાહિર્-સૃષ્ટિની લીલા નિહાળી, અનંત અખંડ આનંદ પામશો, એમાં કિંચિત પણ શંકા નથી. બાહ્યજગતના મીઠા મેવા

ખાઇને, જે આનંદ પામો છો તેના કરતાં આત્માનુભવજન્ય સુખનો અનુભવ થશે, તેથી અખંડ અનંત આનંદની પ્રાપ્તિ થશે. બાહ્ય જળથી જે આનંદ મળે છે, તે આનંદ તો સમતા જળવાનના આનંદ આગળ હિસાબમાં નથી. બાહ્ય પદાર્થોમાં ઇષ્ટાનિષ્ટબુદ્ધિથી તેમાં પોતાની મેળે તમે બંધાયા છો. અને કહો છો કે, અમને આત્માનંદની ખુમારી આવે; વાતોના તડાકા મારતાં, કંઇ તમને આત્માનંદસ્વાદ મળવાનો નથી. દુનીયાની ખટપટમાં તમે આખો દીવસ રાચીમાચી રહો છો. એક ઘડી પણ આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે વિચાર કરતા નથી. અને તમારે આત્માનો આનંદ જોઇએ છીએ, તે શી રીતે મળશે? અધ્યાત્મનાં પુસ્તક વાંચી તેનું મનન કરવું. આત્માનંદી મુનિવરોની સંગતિ કરવી. અધ્યાત્મજ્ઞાનની હૃદયમાં ભાવના કરવી એમ પ્રતિદિન આત્મસ્વરૂપ જ્ઞાનાભ્યાસ કરતાં, આત્મરૂચિ પ્રગટશે. અને આત્મજ્ઞાનનો જારી અભ્યાસ રાખીને, આત્મધ્યાન કરવાથી, કેટલેક કાળે અધ્યાત્મજ્ઞાનની પરિપક્વ અવસ્થા થશે. પશ્ચાત્ અધ્યાત્મશબ્દોનો ભાવનાથી નિદિધ્યાસનથી, આત્મામાં રસ ઉતરશે.. અર્થાત્ શબ્દ અધ્યાત્મથી ભાવઅધ્યાત્મની પ્રાપ્તિ થશે. પશ્ચાત્ તેથી ખરેખર આનંદની ખુમારી પ્રગટશે. અધ્યાત્મનાં પુસ્તક વાંચ્યાં, અને ફક્ત આત્મા છે તે જ આનંદરૂપ છે. એટલું જાણ્યું, એટલે આત્મા-

નો આનંદ પ્રગટવો જોઇએ, એમ માની બેસશો નહીં. શેલડી વાવી અને એક બે હાથની મોટી થઇ એટલે મીઠો રસ થવો જોઇએ એવો વિચાર કરશો નહીં, શેલડી મોટી થશે, અને તેનો કાળ પહોંચશે, એટલે શેલડીમાં મિષ્ટરસ પ્રગટશે. તેમ આત્માનો આનંદ પણ પરિપક્વ જ્ઞાનાવસ્થા તથા કાળની અપેક્ષા રાખે છે.

શિષ્યપ્રશ્ન—હે કૃપાળુ સદ્ગુરૂ આત્માનો આનંદ અમને પ્રત્યક્ષ ઇન્દ્રિયોથી દેખાડો તો અમે આત્માના આનંદને સત્ય માનીએ.

ગુરૂ-ઉત્તર—હે વિનેયશિષ્ય આત્માનો આનંદ અરૂપી છે. તેથી ઇન્દ્રિયો તેનું ગ્રહણ કરી શકતી નથી, તેથી તેનું ઇન્દ્રિયોદ્વારા ભાન થતું નથી. જે જીવો ઇન્દ્રિયોદ્વારા આત્માનો આનંદ જાણવા ઇચ્છે છે, તે અજ્ઞાની છે, તે ઉપર એક દૃષ્ટાંત હું તને આપું છું. ગંગાનદીના કાંઠે એક યોગી રહેતો હતો. તેની પાસે યોગાભ્યાસ કરવા માટે અનેક જીજ્ઞાસુ ભવ્યો આવતા હતા. યોગિ પણ સર્વભવ્યોને બાહ્યપદાર્થાનંદના કરતાં આત્માનો આનંદ અખંડ અને નિત્ય છે, એમ અનેક યુક્તિ પ્રયુક્તિથી સમજાવતા હતા. એક નાસ્તિક શિષ્યે કહ્યું, કે—હે યોગિરાજ, જે આનંદ ઇન્દ્રિયગોચર નથી, તે આનંદ આત્માનો છે, તેનો મને અનુભવ આવતો નથી. તેથી મને આત્માના આનંદની શ્રદ્ધા

થતી નથી. એમ વિનયથી જ્યારે નાસ્તિક શિષ્યે કહ્યું, ત્યારે પરમશાંતાવસ્થાધારક યોગિરાજે ઉત્તર આપ્યો કે આત્માનો આનંદ અતીન્દ્રિય છે, તેથી તે ઇન્દ્રિયોથી જાણી શકાય નહીં. આત્મજ્ઞાનનાં પુસ્તકો વાંચવાથી, તથા તેનો અનુભવ કરવાથી તથા યથાવિધિ આત્મધ્યાન કરવાથી, આત્માનો આનંદ, જ્ઞાનથી આત્મા જાણી શકે છે. આત્માનંદનો અનુભવ થતાં, પુર્ણ શ્રદ્ધા આનંદથી પ્રગટે છે અને જ્યાં સુધી આત્માનંદ પ્રગટ્યો નથી, ત્યાં સુધી ગુરૂના વચન ઉપર વિશ્વાસ રાખી પ્રવર્તવું જોઇએ. યોગિરાજે આ પ્રમાણે ઉત્તર આપ્યો, ત્યારે શિષ્યે કહ્યું કે–મને તો પ્રથમથી આત્માનો આનંદ ભાસે તો, તમારૂં વચન ખરૂં માનું, મને કોઈ પણ યુક્તિથી આત્માનંદની સિદ્ધિ કરી આપો. યોગિરાજે અલ્પસમય સુધી વિચાર કરીને, શિષ્યને પાસે બોલાવી, તેના કપાળમાં જોરથી પત્થર માર્યો. તેથી શિષ્યના કપાળમાંથી દડદડ લોહી નીકળવા માંડ્યું. અને તેથી શિષ્યને ઘણું દુઃખ થયું. શિષ્યે કહ્યું, અરે યોગિ તેં તો મારૂં મસ્તક ફોડી નાંખ્યું, અરે! મને મહાદુઃખ થાય છે, તારા બ્રહ્માનંદમાં બળતો પુળો મૂક, આવું કરે છે કે. યોગિરાજે કહ્યું–અરે શિષ્ય! તને શું થાય છે કે આટલો બધો તપી જાય છે. શિષ્યે કહ્યું, અરે મને મહા દુઃખ થયું તે તમારા ધ્યાનમાં નથી. યોગિરાજે કહ્યું જરા તારૂં દુઃખ મને નાંખ્યથી

સુંઘવા દે, શિષ્યે કહ્યું, દુઃખ તે વળિ સુંઘે જણાતું હશે! યોગિએ કહ્યું, તારૂં દુઃખ મને આંખે દેખવા દે, શિષ્યે કહ્યું, દુઃખ તે વળી આંખથી દેખાતું હશે! યોગિએ કહ્યું–તને જે દુઃખ થાય છે તેનો સ્વાદ જીભથી ચાખવા દે. શિષ્યે કહ્યું, જીહ્વાથી દુઃખનો સ્વાદ જાણી શકાતો નથી. યોગિરાજે કહ્યું, તારૂં દુઃખ કાનથી સાંભળવા દે. શિષ્યે કહ્યું કાનથી તે જાણી શકાય નહીં, તેમ સ્પર્શેન્દ્રિયથી સ્પર્શી પણ શકાતું નથી. ત્યારે યોગિરાજે કહ્યું, કે હે મૂર્ખ હવે સમજ્યો, જેમ તને થતું દુઃખ ઇન્દ્રિયોથી જાણી શકાતું નથી. તેમ આત્માનો આનંદ પણ પંચઇન્દ્રિયો જાણી શકતી નથી. તને થતા દુઃખનો અનુભવ હું જાણી શકતો નથી–વેદીશકતોનથી, તેમ મને થતો આત્માના આનંદનો અનુભવ તેને તું જાણી શકતો નથી. જેને ધ્યાનમાં આત્મસુખ પ્રગટે છે, તેને તેજ વેદે છે, અને જાણે છે. બીજા જાણી શક્તા નથી. તારા કપાળમાં જેવો પત્થર વાગ્યો, અને દુઃખ થયું, તેવીજ રીતે મારા કપાળમાં તે પત્થર વાગ્યો હોત તો મને પણ દુઃખ થાત. તથા આત્માનો આનંદ જ્ઞાનધ્યાનથી જેવો હું ભોગવું છું, તેવી જ્ઞાનધ્યાનની તને પ્રાપ્તિ થાય તો તું પણ આત્માનંદને વેદે–જાણે. એવી દશા થયાવિના સુખ આનંદનો વેદક આત્મા બનતો નથી. આ પ્રમાણે યોગિરાજની યુક્તિથી, તથા બોધથી, નાસ્તિક શિષ્યની નાસ્તિકતા ટળી ગઈ, અને

તે આત્માના આનંદનો પરમ શ્રદ્ધાળુ થયો. આ દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે કે, આત્માના આનંદને આત્માજ જાણી શકે છે. આત્માની જ્ઞાનશક્તિ પ્રગટવાથી આત્મા-જ્ઞાન વિના કોઈની અન્તર્દૃષ્ટિ થઈ નથી. અને થવાની પણ નથી. તે સંબંધી કહ્યું છે કે—

॥ श्लोक ॥

ज्ञानेन भिद्यते कर्म छिद्यन्ते सर्वसंशयाः ।
आत्मीयध्यानतो मुक्तिरित्येवं कथितं जिनैः ॥१॥

જ્ઞાનથી કર્મનો ભેદ અર્થાત્ નાશ થાય છે. માટે અનેક વિચારો કરીને પણ મૂળ કોણ તત્ત્વ ઉપર આવ્યા વિના છૂટકો નથી. અનેક પ્રકારની શક્તિનું મૂળ છે? ક્યાંથી વિચાર થાય છે, તેનું જ્ઞાન કર. જળનો ખજાનો જેમ દરિયો છે, તેમ જ્ઞાનશક્તિનો ખજાનો આત્મા છે અને તે આત્મા પંચભૂતમય શરીરથી ન્યારો છે. જ્ઞાનશક્તિ અનંતપદાર્થનો જ્ઞાનમાં ભાસ કરે તોપણ ખુટે તેમ નથી. જ્ઞાનશક્તિ અરૂપી છે અને તે આત્માનો ગુણ છે. અને તે મતિજ્ઞાનાદિક પંચ ભેદે છે. સૂર્યના ઉપર જેમ મેઘનું આવરણ આવે છે, તેમ જ્ઞાનના ઉપર જ્ઞાનને આચ્છાદન કરનારૂં આવરણ છે. આ આવરણ ક્ષીરનીરની પેઠે આત્માના અસંખ્ય પ્રદેશોની સાથે પરિણમ્યું છે. જે જે અંશે જ્ઞાનાવરણ

ખસે છે, તે તે અંશે આત્મામાંથી જ્ઞાનશક્તિનો પ્રકાશ પડે છે. જ્ઞાનશક્તિ આત્માના પ્રદેશોનો ત્યાગ કરી, અન્યત્ર જતી નથી. હરેકના આત્મામાં જ્ઞાન રહ્યું છે. છદ્મસ્થ દૃષ્ટિથી તમે તમારા જ્ઞાનનું રૂપ દેખવા જશો તો દેખાશે નહીં. માટે જ્ઞાનને અરૂપી કહ્યું છે. તથા વળી વર્ણગંધરસ સ્પર્શવાળી વસ્તુરૂપી હોય છે. જ્ઞાનમાં તેમાંનું કશું નથી, માટે જ્ઞાનને અરૂપી કહે છે. આત્માની જ્ઞાનશક્તિ જ્ઞેયપદાર્થોની પાસે જઈ જ્ઞેયનો પ્રકાશ કરતી નથી. તેમ જ્ઞેય સર્વ પદાર્થો જ્ઞાનમાં આવીને પડતા નથી. ત્યારે જ્ઞાનશક્તિ જ્ઞેયપદાર્થનો પ્રકાશ શી રીતે કરતી હશે ? પ્રત્યુત્તરમાં સમજવાનું કે જ્ઞાનમાં એવા પ્રકારની શકિત છે કે લાખો ગાઉ દૂર રહેલા પદાર્થોનો પણ પોતાનામાં ત્યાં ગયા વિના ભાસ કરી શકે છે. ત્રણભુવનના પ્રત્યેક પદાર્થનું સૂક્ષ્મસ્વરૂપ જ્ઞાનશક્તિથી જાણી શકાય છે. આવી અનંતજ્ઞાનશકિત હરેકના આત્મામાં રહેલી છે. પણ જ્ઞાનાવરણને દૂર કરે, તો પૂર્વોક્ત જ્ઞાનશક્તિનો પ્રકાશ થાય. જ્ઞાનગુણશક્તિનો આધારીભૂત આત્મા આખા શરીરમાં વ્યાપી રહ્યો છે. તેજ આત્મા જ્ઞાનશકિતથી ઇન્દ્રિયોદ્વારા ભિન્ન ભિન્ન વિષયને જાણી શકે છે. આત્મા જ્યારે જ્ઞાનથી પોતાના સ્વરૂપનું ધ્યાન કરે છે, અને એકાગ્રચિત્તથી ધ્યાન કરતાં સ્થિરતા પામે છે. ત્યારે આત્માના પ્રદેશોને લાગેલાં જ્ઞાનાવરણીયાદિ કર્મ ખરી જાય છે. અને તેને અંશે જ્ઞા-

નશક્તિ પ્રગટે છે. ચિત્તવૃત્તિની એકાગ્રતા થતાં, પંચેન્દ્રિય-વિષયમાં ઉપયોગ જોડાતો નથી. ત્યારે બહિર્મુખતાને પામતી જ્ઞાનશક્તિ અન્તર્મુખ કરે છે. અને પોતાના સ્વરૂપમાં વળેલી જ્ઞાનચેતનાથી આત્મગુણ સ્મરણ–ધ્યાનરૂપ કાર્ય થાય છે. તેના પ્રતાપે ચીકણાં કર્મ પણ ભેદાય છે. અને જ્ઞાનના પ્રતાપે આત્મામાં થતા અનેક પ્રકારના સંશયો પણ છેદાય છે. અન્તર્મુખ પામેલી ચેતનાથી પોતાનું સ્વરૂપ સ્પષ્ટ અનુભવાય છે. અને તેથી અન્તરના સત્યાનંદનો ઝરો વહેવા માંડે છે. અને તેથી આનંદની છાયા મુખ ઉપર છવાય છે. અન્તર્મુખજ્ઞાનોપયોગથી સર્વ બાહ્યના વેપારોની મારામારી શાંત થઇ જાય છે. અને તેથી આત્મા દુનીયાના વૈષયિક સુખ કરતાં, અન્તરના અપૂર્વ સુખનો ભોગ કરે છે આવી આત્માની સ્થિતિમાં નામાદિક સંજ્ઞામાં અહંવૃત્તિપણું કલ્પેલું હતું, તે ટળી જવાથી, હું **मणिलाल** છું કે હું **वर्धमान** છું તેનું ભાન રહેતું નથી. તેમજ જાતિ, કૂળ, વંશ, કુંટુંબ, શરીર, ધન વિગેરે બાહ્યવસ્તુનું ભાન ભૂલવાથી જાણે આત્મા વિના કશું નથી, એવું અદ્વૈત ભાન થાય છે. આવી ધ્યાનદશામાં કરોડોભવ સુધી ચારિત્ર, તપ, જપ કરવાથી જે કર્મનો ક્ષય થતો, તેવાં કર્મનો ક્ષણમાં ક્ષય થઇ જાય છે. આવી દશામાં આત્મપ્રભુની પરાભક્તિ થાય છે. અને એવી પરાભક્તિથી રીઝીને આત્મપ્રભુ અનંત-

રૂદ્ધિનો વર આપે છે; ત્યારે આત્મા અખંડસુખનો પાત્ર બને છે. વર આપનાર અને વરનો ભોક્તા પણ આત્માજ છે. આવી ધ્યાનદશાથી ઉત્થાન થતાં આત્માને બાહ્ય સંબંધમાં રૂચિ થતી નથી. તેથી તે પાછો પોતાના અસંખ્યાત પ્રદેશરૂપ મૂળ સ્થાનમાં ધ્યાનદ્વારા બેસે છે. અને ત્યાં સત્યાનંદ ભાસવાથી બાહ્યવસ્તુમાં લેશમાત્ર પણ મમત્વભાવ રહેતો નથી. આવું શુદ્ધ આત્મિકધ્યાન ધરતાં સકલ કર્મરહિત આત્મા પરમાત્માવસ્થાને પામે છે. અને સાદિ અનંતમા ભાંગે મુક્તિનાં સુખ ભોગવે છે. હે આત્મા ! ખરેખર તારૂં એજ સ્વરૂપ છે; એજ તું એ હું, હું અને તું એવી ભાવના પણ શુદ્ધ આત્મા થતાં, નિશ્ચયથી રહેતી નથી. એમાંજ જન્મ હો એમાંજ લય હો એ હું, તું, તેનું વિસ્મરણ શુદ્ધદશામાં છે. શુદ્ધસ્વરૂપથી હું ભિન્ન નથી, એજ ઉપયોગ અન્તરમાં વર્તો એજ આનંદનિધિ, એજ સુખનિધિ, તમે પોતાના આત્માને પરમાત્મારૂપ માનીને તેનું સેવન કરો. અરે હું દીન છું. હું તો પામર છું, હું તો નિર્ધન છું. હું તો ચાલાક છું. આવા શબ્દો તમારા આત્માને ઉદ્દેશી કહો છો,. તેથી તમારામાં અજ્ઞાન સ્પષ્ટ જણાય છે. તમારા આત્માની અંદર જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અનંતરૂદ્ધિ ભરી છે. તેમ છતાં કેમ તમે પોતાને ગરીબ માનો છો ? આત્માની સત્તા તો તમારી સિદ્ધાત્મા જેવી છે, અને

તેવી સત્તા પ્રગટ કરનાર પણ પોતે તમો છો, તેમ છતાં કેમ પોતાને નિર્ધન માનો છો ? એ તમારી ભૂલ છે. મહાત્માઓ **सोऽहं सोऽहं** શબ્દનું સ્મરણ કરવાને માટે કહે છે **स** એટલે પરમાત્મા તેજ **अहं** એટલે હું અર્થાત્ હું પરમાત્મા છું. જે સત્તાથી પરમાત્મા છે, તે વ્યકિતથી પણ પરમાત્મા થાય છે; જેમ મૃતિકામાં સત્તાએ ઘટ રહ્યા છે તો તેજ મૃત્તિકા ઘટરૂપ વ્યકિતપણાને પામે છે. **तत्त्वमसि** એ મહાવાકય પણ આત્મા પરમાત્મરૂપ છે, એમ બોધન કરે છે. **तत्** એટલે પરમાત્મા; અને ત્વં એટલે તું, **असि** એટલે છે. સારાંશ કે તું પરમાત્મા છે. તું શબ્દથી આત્મા લેવો. હે આત્મા તું પરમાત્મારૂપ છે. સત્તાની અપેક્ષાએ આત્મા છે તે પરમાત્મ સ્વરૂપથી અભિન્ન છે. અને જ્યાં સુધી આત્માના સર્વ ગુણોનો ક્ષાયિકભાવે આવિર્ભાવ થયો નથી, ત્યાં સુધી વ્યક્તિભાવ આત્માનો પૂર્ણ નથી. તેથી વ્યક્તિભાવની અપેક્ષાએ આત્મા તે કથંચિત્ પરમાત્મદશાથી ભિન્ન છે—**सोऽहं**માં **सः** શબ્દથી દ્રવ્ય અને પર્યાય એમ બેનું ગ્રહણ કરવું. દ્રવ્યમાં આત્મદ્રવ્ય અને પર્યાયમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યાદિકનું ગ્રહણ કરવું. અનંતગુણપર્યાયનું ભાજન હોય, તેને દ્રવ્ય કહે છે. એવો દ્રવ્યગુણપર્યાયમય, પરમાત્મ સત્તામય હું છું. આત્મા અને પરમાત્મદશાનું અંતર કર્મથી છે. અને એ કર્મનું અંતર નાશ કરનાર **सोऽहं** છે.

આત્મા અને પરમાત્માની ઐકયતા વા સંપ કરાવનાર **સોઽહં** છે, અને તે **સોઽહં**થી આત્મભાવના પકવ થયાથી આનંદ આનંદ વ્યાપી રહે છે, અને તેથી દીનત્વના અને યાચકત્વના વિચારોને સદાને માટે જલાંજલિ મળે છે. નિયમ પણ એવો છે કે,—જેવી ભાવના કરશો, તેવા તમે દેખાશો. કોઈ પુરૂષ પોતાને એમ માનશે કે, હું દરરોજ ક્ષીણ થતો જાઉં છું. એમ પ્રતિદિન ભાવના કરશે, તો તે કેટલેક કાળે ક્ષીણ શરીરવાળો થશે. એક દુશ્મને પોતાના વેરીને એક દીવસે જરા શોકમુદ્રાથી કહ્યું કે—તમારા શરીરમાં કંઇક રોગ થયો લાગે છે. પેલો પુરૂષ પોતાને રોગી માની કેટલેક દીવસે બહુ માંદો પડયો, અને તેવી રોગની ભાવનામાં મૃત્યુ પામ્યો. મનમાં આંબલીની ભાવના કરવાથી મુખમાં પાણી છુટશે. સારી ભાવનામાં સારી શકિત રહી છે, અને નઠારી ભાવનામાં, નઠારી શકિતની વૃદ્ધિ થાય છે. ક્રોધ, માન, માયા લોભ, હિંસા, વ્યભિચાર, વિશ્વાસઘાત, પ્રપંચ, આદિના વિચારો કરવા તે નઠારી ભાવના છે. તેવીજ રીતે આત્માને પોતાના સ્વરૂપે સિદ્ધ સમાન માનવો. દયા, દાન, ક્ષમા, સમતા, સમભાવધ્યાન, ધ્યાન, લય આદિના જે વિચારો કરવા, તે સારી ભાવના છે. નઠારી ભાવનાથી આત્માની અવનતિ થાય છે. અને તેથી નીચ યોનિમાં અવતાર ધારણ કરવા પડે છે. તેમજ સારી ભાવનાથી આત્માની ઉન્નતિ થાય છે.

અને તેથી આત્મા ઉત્તમ દેવાદિક ગતિ પામે છે. જો તમારા હૃદયમાં કોઇની નિંદાની ભાવના થશે, વા અમુક વ્યભિચારી છે, અમુક ઢોંગી છે, અમુક કપટી છે, અમુક ચોર છે, એવી ભાવનાની સ્ફુરણા થશે, તો અલ્પ એવી ખરાબ ભાવનાના સંસ્કારો પડવાથી, વારંવાર તમારા હૃદયમાં ખરાબ ભાવનાના વિચારો ઉત્પન્ન થશે. જેમ કોઇ મનુષ્યને અફીણનું વ્યસન લાગે છે, તો તે છૂટતું નથી, તેમ તમે પણ જો હૃદયમાં નઠારી ભાવનાના વિચારો કરશો, તો પછી તે નઠારા વિચારો તમને બનતા પ્રયત્ને છોડશે નહીં. તમારા આત્માને નઠારી ભાવનાના વિચારોથી બચાવીને સારી ભાવનાના વિચારોમાં મૂકવા, એ રાધાવેધ કરતાં પણ મોટું કામ છે. નઠારાં બીજ અને સારાં બીજ ઉગીને, સારાં તેમજ નઠારાં ફળને આપે છે, તેમ તમારા હૃદયમાં ઉઠેલી નઠારી અગર સારી ભાવનાઓ નઠારા તેમજ સારા ફળને આપ્યા વિના રહેશે નહિ. હવે મૂળ વિષય ઉપર આવીને કહેવાનું કે, सोऽहं ઇત્યાદિ શબ્દથી પોતાના આત્માને પરમાત્મરૂપ માનવો, અને પરમાત્મમય થવા ધ્યાન કરવું; એ ઉત્તમોત્તમ ભાવનાછે. અને એવી ઉત્તમોત્તમ ભાવનાથી, પોતાનું ઉત્તમોત્તમ સ્વરૂપ પ્રાપ્ત થાય છે, માટે તમારા આત્માને ઉત્તમ ભાવનાથી પરમાત્મ સ્વરૂપ માનો કે, જેથી તમે પરમાત્મમય થાઓ. ખરેખર આત્મા પરમાત્મા છે. ધ્યાનસંધિ પણ આત્મા અને

પરમાત્માની ઐકયતા કરાવી આપશે. સ્યાદ્વાદભાવે અન્તરમાં શુદ્ધપરમાત્મભાવના ભાવો. આગમસારમાં કહ્યું છે કે—

एहिज अप्पा सो परमप्पा कम्मविसेसोइ ॥
जायोजप्पा इयमे देवज्जाजुसो परमप्पा वहु तुम्हे अप्पो अप्पा॥१॥

આજ આત્મા તેજ પરમાત્મા છે. તેજ શુદ્ધ બ્રહ્મ છે. કિંતુ કર્મસંબંધથી જન્મ મરણુ કરે છે. પણુ આ શરીરમાં જે જીવ છે તેજ દેવ છે. તેજ પરમાત્મા છે. માટે હે ભવ્યો ! તમે પોતાના આત્માનુ ધ્યાન કરો. તરણુ તારણુ આગબોટ સમાન આત્મા છે. તથા શ્રી હેમચંદ્રાચાર્ય શ્રી વીરતરાગ સ્તોત્રમાં કહે છે કે—

॥ श्लोक ॥

यः परमात्मा परं ज्योतिः परमः परमेष्ठिनाम् ; ॥
आदित्यवर्णस्तमसः परस्तादामनंति यं ॥ १ ॥

જે આત્મા પરમાત્મરૂપ છે, અને તે પરમજ્યોતિ છે, પંચપરમેષ્ટિથી પણુ અધિકપૂજ્ય છે. કારણુ કે, પંચપરમેષ્ઠિ તો મોક્ષ માર્ગના દર્શાવનાર છે; પણુ મોક્ષમાં જનાર તો આત્માજ છે. આત્માજ અજ્ઞાનનો નાશ કરનાર છે; સર્વ કર્મકલેશનો ક્ષય કરનાર પણુ આત્મા છે. આત્માજ પરમશ્રેયઃનું કારણુ છે. એવા ઉપાદેય આત્માની શ્રદ્ધા કરવી અને શરીર, ધન વિગેરે પરવસ્તુ સમજીને તેમાં થતો મમત્વ-

ભાવ ત્યાગવો. ઇન્દ્રિયના વિકારોને કર્મબંધહેતુ જાણી તે-
નાથી દૂર રહો. પોતાના આત્માને ભવ્ય કહે કે, હે આત્મા!
તું તો નિશ્ચયનયથી શુદ્ધ ચેતનાસંગી છે. માટે અન્તરથી
પરમાં ભળવાનો સંગ દૂર કર. રાગદ્વેષમય ચિત્તવૃત્તિથી
પરમાં પરિણમવું, એ તારો ધર્મ નથી. જેમ હંસ મોતીનો
ચારો ચરે છે, તેમ તું પણ તારા શુદ્ધધર્મનો ભોગી છે.
માટે પરવસ્તુમાં અહંત્વ, સુખત્વ બુદ્ધિથી પરિણમવું
યોગ્ય નથી. હે ચેતન! તું પરસંગી થવાથી અનાદિકાળથી
ભવમાં ભમે છે અને અપાર દુઃખ પામે છે. અરેરે! હજી
ચેતન આવું સાંભળતાં સમજતાં છતાં પણ હજી સુધી
તને વૈરાગ્ય આવતો નથી. હજી તારી પ્રથમના જેવી પ્ર-
વૃત્તિ દેખાય છે. અરેરે! તારી કેવી દશા થશે! મળેલી
સામગ્રી હારીશ નહિ. પોતાના સ્વરૂપમાં રમણતા કર.
શુદ્ધસ્વરૂપી તું સદા છે, એમ અન્તર ઉપયોગથી ધ્યાન
કર. જ્ઞાનદર્શનરૂપ રત્નત્રયીનો ભંડાર તું છે. બાહ્યરત્નોથી
ક્ષણીકસુખ મળે છે, અને આત્માની રત્નત્રયીથી તો
અખંડ અનંત નિત્ય આત્મિકસુખ મળે છે. અર્થાત્ તું
રત્નત્રયીનો ભંડાર છે. તારામાં એ રૂદ્ધિ છે, તો કેમ હવે
તેને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતો નથી. પ્રયત્ન કરીને રત્નત્ર-
યીને મેળવ. વચનઅગોચર આત્મા છે. તેથી વાણીથી તારૂં
શી રીતે વર્ણન કરી શકીએ? હે ચેતન! તું અકમ્પ છે

તો કેમ સાત પ્રકારના ભયથી ત્રાસ પામે છે ? સત્યનો આધાર પણ તું છે. તેમજ સત્યજ્ઞેય તથા સત્યજ્ઞાનનો પ્રકાશક પણ તું જ્ઞાનથી છે. હેચિદ્ઘન આત્મા પોતાનું સ્વરૂપ ભૂલ નહિ. અનંતજ્ઞેય વસ્તુના પ્રકાશ કરનાર તારામાં અનંતજ્ઞાન છે. તું છે તે તુંજ છે. બાકી દુનીયાદારીની માયાની બાજી તો ધૂળજ છે. માયામાં તારૂં કશું નથી. જડપદાર્થો ત્રિકાલમાં કોઇના થયા નથી અને થશે પણ નહીં. તો હવે ચેતન વિચાર કે, ધનાદિકવસ્તુ તારી કોઇ કાળે થઇ નથી તો હવે કેમ થશે? તું જે શરીરમાં રહ્યો છે તે શરીરના ભૂતકાળમાં અનંત આકાર બની ગયા અને તેજ શરીરના ભવિષ્યકાળમાં અનંત આકાર બનશે. વસ્તુના ભૂતકાળમાં અનંતપર્યાય થઇ ગયા અને ભવિષ્યકાળમાં પણ અનંતપર્યાય થશે. દુનીયામાંની અનંતવસ્તુઓના ભૂતકાળમાં પણ અનંતપર્યાય અને ભવિષ્યકાળમાં પણ અનંતપર્યાય થશેજ. જે શબ્દ બોલે છે, તે શબ્દોના પુદ્ગલોએ ભૂતકાળમાં અનંત જુદા જુદા પર્યાયને ધારણ કર્યા હતા. અને તેજ શબ્દોનાં પુદ્ગલો ભવિષ્યકાળમાં અનંત ભિન્ન ભિન્ન પરિણામને ધારણ કરશે. સમ્મતિતર્કના દ્વિતીયકાંડની વૃત્તિમાં ૩૯ ઓગણચાલીશમે પાને લખ્યું છે કે, અન્યપુદ્ગલો જ્યારે શબ્દપરિણામને પામે છે ત્યારે શ્રવણેન્દ્રિયથી સાંભળી શકાય છે.

यथा परिमित संख्यानां पुद्गलद्रव्योपादानापरित्यागेनैव

परिणता नाम श्रावणस्वभावपरित्यागात्राप्तश्रावणस्वभावानां विशिष्टानुक्रमयुक्तानां वर्णानां वाचकत्वात् शब्दत्वमन्यथोक्तदोषानातिवृत्तेः ।

ઇત્યાદિ વસ્તુના અનંતપર્યાયો થયા અને થશે. ષડ્ દ્રવ્યના અનંતપર્યાય થયા અને થશે=અર્થપર્યાયની અનંતતાને વ્યંજક એવા શબ્દરૂપ વ્યંજનપર્યાયો પણ અનંત થયા અને થશે. દ્રવ્યપણે વસ્તુ નિત્ય છે, અને પર્યાયપણે વસ્તુ અનિત્ય છે. હવે ચેતન તું વિચાર કે, જડ દ્રવ્યમાં તારૂં શું છે. વા જેનામાં સુખ આનંદ સ્વભાવ નથી એવી જડવસ્તુથી તને કદી સત્યસુખ મળ્યું નથી, અને મળનાર નથી અને હે આત્મા! તું તારા ચૈતન્યધર્મને ત્રિકાલમાં પણ ત્યાગનાર નથી; માટે શુદ્ધ એવા ધર્મને પ્રગટ કરવા પ્રયત્ન કર, તિમિરનો નાશ જેમ ચંદ્ર કરે છે, તેમ તું અજ્ઞાનઅંધકારનો નાશ કરવા ચંદ્રસમાન છે, તું પંચભુતથી ભિન્ન છે. તું નિશ્ચયથી નિર્લેપી છે. તો હવે નિર્લેપપણું પ્રગટ કર. નિશ્ચયનયથી તું નિઃસ્પર્શી છે. તો હવે તું પુદ્ગલના સંબંધરહિત તારૂં સ્વરૂપ પ્રગટ કર. તારૂં આ કીન તું ધારણ કર. તારી અનંતશક્તિનો ભોક્તા તું છે. પણ જડની શક્તિનો ભોક્તા તું નથી. તારા ધર્મનો તું ભોક્તા છે. પરના ધર્મને ભોગવવામાં કદી સત્યશાંતિ તને

મળી નથી; અને મળનાર પણ નથી. માટે હવે ચેતન આત્માને પુનઃચેતવાનો ઉપદેશ આપે છે.

॥ दुहा ॥

पुनः पुनः पस्तायगा, छेल्ली बाजी जीत; ॥
स्याद्वादी सर्वज्ञनी, आणी मनमां रीत. ॥ १४५ ॥
थया अनन्ता थाय छे, थाशे जेह अनन्त, ॥
तत्त्वमसिना ध्यानथी, चिदानन्द भगवंत. ॥ १४६ ॥
प्रति शरीरे भिन्न छे, आत्म तत्त्व मन धार;
कर्माच्छादित जीवनी, विचित्रता बहुसार. ॥ १४७ ॥
सत्ताए सहु जीवनी, शक्ति अनन्ति सत्य; ॥
तेनी आविर्भावता, तत्त्व थकी ए कृत्य. ॥ १४८ ॥
शक्ति अनंति शाश्वती, वर्ते शुद्ध स्वभाव; ॥
भूली कृत्य शुद्धात्मानुं, शुं वर्ते परभाव. ॥ १४९ ॥
सत्य सत्य तुं एक छे, तारुं नहि हे कोइ; ॥
पर पोतानुं मानी तें, सत्यवातने खोइ. ॥ १५० ॥
चेतेतो अब चेत तुं, पछ्या रहेगा सब; ॥
आवेगा जब काळतो, धर्म करेगा कब. ॥ १५१ ॥
निर्भय देशी तुं सदा, त्हारो नहि आ देश; ॥
देश वेष द्वेषे करी तुं, पामे मिथ्या क्लेश. ॥ १५२ ॥

ભાવાર્થ—હે જીવ જો મનુષ્યજન્મ પામીને સ્યાદ્વાદતત્વમય ધર્મની આરાધના કરીશ નહીં તો નીચગતિમાં અવતાર ધારણ કરીશ. અને વારંવાર પશ્ચાતાપ કરીશ—આ છેલ્લી બાજી અપ્રમત્ત ભાવથી જીતીલે. નાણું મળશે, પણ ટાણું નહિ મળે—એ અમૂલ્ય કહેવતને ભુલી જઇશ નહિ. સ્યાદ્વાદધર્મોપદેષ્ટા શ્રી સર્વજ્ઞની મનમાં રીતિ લાવીને તું પણ ચૈતન્યધર્મનું સાધન કરીલે. આત્મધર્મની આરાધનાથી અનંતજીવો ભૂતકાળે સિદ્ધ થયા; અને થાય છે. અને ભવિષ્યકાળમાં પણ અનંતજીવ સિદ્ધભગવંત થશે. तत्त्वमसि ના ધ્યાનથી ચિદાનન્દભગવંતપણું પ્રાપ્ત થાય છે, એમાં કિંચિત્પણ સંશય નથી. तत्त्वमसि એમ શબ્દોચ્ચારણ માત્રથી તો કંઇ આત્મહિત થતું નથી. तत्त्वमसि વાક્યનું યથાર્થજ્ઞાન થવું જોઇએ. तस्य परमात्मनः त्वं जीवोसि તે પરમાત્માનો તું જીવ છે. પરમાત્માનો તું જીવ સેવક છે. અને પરમાત્મા સ્વામી છે. એ રીતે કેટલાક મતવાદી અર્થ કરે છે, અને કહે કે જીવ તે પરમાત્મા રૂપ થતો નથી—માટે આપણેતો સેવકપણું સ્વીકારી, ફક્ત પરમાત્માની ભક્તિ કરવી જોઇએ—એમ તેમનું એકાંતવચન મિથ્યા છે. અનેકાંતવાદમાં કથંચિત્ સ્વામીસેવકભાવ માનવાથી કોઇ જાતનો દોષ આવતો નથી, તે બતાવે છે. અષ્ટકર્મ સહિત જીવ છે તે સિદ્ધ પરમાત્મા જે છે થયા, તેની સેવા કરે છે,

માટે સેવક પણ કહેવાય છે. અને જ્યારે જીવ અષ્ટકર્મથી રહિત થઇ સિદ્ધ બુદ્ધઅવસ્થા પ્રાપ્ત કરે છે, ત્યારે તે સ્વામી પણ કહેવાય છે. તેમજ પોતાનો આત્મા સત્તાની અપેક્ષાએ પરમાત્મા છે, અને તે સત્તાથી પરમાત્મા સ્વામી છે, અને તેનો ધ્યાતા આત્મા સેવક છે. તે અપેક્ષાએ પણ સ્વામી સેવકભાવ ઘટે છે પણ જ્યારે આત્મા પરમાત્મ અવસ્થા પોતાની પ્રગટ કરે છે; ત્યારે સ્વામી સેવકભાવ રહેતો નથી. જે જીવો એકાંતથી આત્માને સેવક માને છે, અને અન્યપરમાત્મા માને છે, તેઓ ભૂલ કરે છે. કારણ કે પરમાત્મામાં જેવો જ્ઞાનાદિક ધર્મ રહ્યા છે, તેવોજ આત્મામાં જ્ઞાનાદિક ધર્મ રહ્યા છે. પણ કર્માવરણથી આત્માનો ધર્મ પ્રગટથતો નથી, ત્યાં સુધી તે આવિર્ભાવની અપેક્ષાએ પર-આત્મા કહેવાતો નથી પણ જ્યારે કર્માવરણનો સર્વથા ક્ષય થઇ જાય છે, ત્યારે આત્મા તે જ પરમાત્મા બને છે. કહ્યું છે કે

आतम सो परमात्मा परमातमसो सिद्ध,
वीचकी दुविधा मिट गइ प्रगट भइ निजरिद्ध. १ ॥

એકાંતસ્વામી સેવકભાવ માનનારને પુછીશું કે, તમો આત્મા તે પરમાત્મા થતો નથી, એમાં શું કારણ બતાવો છો. તમે એમ કહેશો કે, આત્મામાં પરમાત્મ થવાની શક્તિ નથી, ત્યારે અમો કહીશું કે, આત્મામાં પરમાત્મ થવાની કેમ શક્તિ નથી ?–શું જીવને કર્મ નડે છે ! વા ઇશ્વર જી-

વને પરમાત્મ થવા દેતો નથી. પ્રથમ પક્ષ લેશો તો તે કર્મનો નાશ કરવાથી પરમાત્મા થવામાં બાધ આવતો નથી. અને બીજો પક્ષ લઇ કહેશો કે ઇશ્વર જીવને પરમાત્મા થવા દેતો નથી, ત્યારે અમો પુછીએ છીએકે, જીવને પરમાત્મા થવામાં ઇશ્વરને શું ગમતું નથી વા અદેખાઇ આવે છે? બે પક્ષમાંથી એકનો પણ ઉત્તર આપી શકાશે નહીં. તમો એમ કહેશો કે ઇશ્વર જીવોને બનાવે છે, તેથી જીવોમાં અલ્પશક્તિ મૂકે છે. ત્યારે કહેવાનું કે, એમ કહેવું પણ તમારૂં યોગ્ય નથી. કારણ કે ઇશ્વર જો જીવોને બનાવે તો, જીવનું ઉપાદાન કારણ કોણ અને નિમિત્ત કારણ કોણ? જો જીવોનું ઉપાદાન કારણ ઈશ્વર કહેશો તો સર્વજીવો ઇશ્વરરૂપ બની ગયા તે ત્યારે સ્વામી સેવકભાવ બીલકુલ રહ્યા નહી. જેમ ઘટનું ઉપાદાન કારણ માટી છે તો માટીથી ભિન્ન ઘટ હોતો નથી. માટી તેજ ઘટરૂપે બનેલી છે. તેથી ઘટ માટીથી અભિન્ન છે. તથા પટનું ઉપાદાન કારણ તંતુઓ છે તે પટથી અભિન્ન છે, તેમ જીવોનું ઉપાદાન કારણ ઈશ્વર પણ જીવોથી અભિન્ન ઠર્યો. તેથી સર્વ જીવમય ઇશ્વર થયો. તેથી સર્વજીવો પરમાત્મા કહેવાશે. વળી એવો નિયમ છે કે, જે વસ્તુ ઉત્પન્ન થાય છે, તે અનિત્ય કહેવાય છે. કાર્યત્વપણાથી, જેમ ઘટ ઉત્પન્ન થાય છે, તો તે અનિત્ય છે, એમ જીવો પણ ઉત્પન્ન થવાથી **અનિત્ય** ઠર્યા. અનિત્ય વસ્તુ નાશ પામે છે. તેમ

જીવો પણ વિનાશી ઠર્યા. તેથી જીવોનું ઉપાદાન કારણ ઈશ્વર પણ વિનાશી ઠરશે. અને તેથી સ્વામી સેવકભાવ મૂળમાંથી નાશ પામશે. માટે ઈશ્વરે જીવોને ઉત્પન્ન કર્યા એમતો માની શકાયજ નહીં. એમ માનવામાં અનેક દૂષણો પ્રાપ્ત થાય છે. અને કોઇપણ પ્રમાણુથી તે વાત સિદ્ધ થતી નથી. તમે એમ કહેશો કે, ઈશ્વર જીવોને બનાવતો નથી, જીવો નિત્ય છે, અને પરમાત્મા પણ નિત્ય છે. ત્યારે અમો કહીશું કે, જીવોને કોઈએ ઉત્પન્ન કર્યા નથી, તેઓ જીવો સ્વતંત્ર ઠર્યા. તેથી પરમાત્મા સ્વામી અને જીવો સેવક છે, એમ કદાપિકાળે માની શકાય નહીં. તમો એમ કહેશો કે પરમાત્મામાં અનંત શક્તિ છે, અને જીવોમાં સ્વલ્પશકિત તેથી તેમની આજ્ઞા માનવી જોઇએ ત્યારે અમો તમને પુછીએ છીએ કે, પરમાત્માને અનંત શક્તિવાળા તમો જે માનો છો તે તમો જ્ઞાનથી માનો છે કે અજ્ઞાનથી. તમો કહેશો કે અમો જ્ઞાનથી માનીએ છીએ, તો પુછવાનું કે, અલ્પજ્ઞાનથી માનો છો કે સંપુર્ણ જ્ઞાનથી માનો છો ! જો કહેશો કે અમો પરમાત્માને અનંતશક્તિવાળા અલ્પજ્ઞાનથી માનીએ છીએ; તો તે પણ મિથ્યા છે—કારણ કે અલ્પજ્ઞાનથી અનંતશક્તિ પરમાત્માની જાણી શકાતી નથી. જુઓ તમે અલ્પજ્ઞાનથી ઉત્તર ધ્રુવની પેલી તરફ શું છે તે જાણી શકતા નથી તો પરમાત્માની અનંતશકિત શી રીતે

જાણી શકશો તે જરા આંખ મીંચીને વિચારશો તો સમજણમાં આવશે. બીજો પક્ષ અંગીકાર કરીને કહેશો કે, અમો સંપૂર્ણ જ્ઞાનથી અનંતશકિતવાળા પરમાત્માને જાણીએ છીએ ત્યારે બસ, સિદ્ધ ઠર્યું કે, તમે પણ સંપૂર્ણજ્ઞાનશકિતથી પરમાત્મા ઠર્યા, કારણ કે જેનામાં સંપૂર્ણ જ્ઞાનશકિત છે, તે જ પરમાત્મા છે ત્યારે તમારો માનેલો સ્વામી સેવકભાવ નષ્ટ થયો. કદાચ તમો અજ્ઞાનથી અનંત શકિત વાળા પરમાત્માને માનો છો એમ કહેશો તો તે પણ મનુષ્યના શીંગડાની પેઠે અસત્ય ઠરે છે. કારણ કે, અજ્ઞાનથી સામાન્ય એક વસ્તુને પણ જાણી શકાતી નથી, તો અનંત શકિતવાળા પરમાત્માને શી રીતે જાણી શકાય; તમો એમ કહેશોકે, પરમાત્માની સેવા કરતાં પરમાત્મા જીવોને અનંત સુખ આપે છે, ત્યારે અમો તમને પુછીએ છીએ કે; પરમાત્મા અનંત સુખ જીવોને આપે છે તે પોતાનામાંથી અનંત સુખ કાઢીને આપે છે કે, જીવોના આત્મામાંથી અનંત સુખ પ્રગટ કરે છે—પ્રથમ પક્ષ અંગીકાર કરી તમો કહેશો કે, પરમાત્મા પોતાનામાંથી અનંત સુખ જીવોને આપે છે ત્યારે અમો પુછીએ છીએ કે, પરમાત્મામાં અનંત સુખ પરમાત્માથી ભિન્ન છે કે? તમો કહેશો કે, પરમાત્માનુ અનંત સુખ પરમાત્માથીજ ભિન્ન છે; એ પણ અસત્ય છે, કારણ કે પરમાત્માનું સુખ કંઇ પરમાત્માથી ભિન્ન નથી

અને અનંત સુખ પરમાત્માનું જીવોમાં જાયતો જીવોપણ પરમાત્માસ્વરૂપ ઠર્યા કારણ કે અનંત સુખ જેનામાં હોય છે, તે પરમાત્મા કહેવાય છે. તેથી સ્વામી સેવકભાવને જલાંજલિ મળે છે, વળી કહેવાનું કે ગુણિને છોડીને ગુણ અન્યત્ર જતા નથી, તો પરમાત્માનું અનંતસુખ જીવોમાં જઇ શકે નહીં, માટે પ્રથમ પક્ષ પણ તમારાથી માની શકાશ નહીં. બીજો પક્ષ અંગીકાર કરીને કહેશો કે, અનંત સુખ છે; તે પરમાત્માથી અભિન્ન છે, તો તે સુખ જીવોને કદી પ્રાપ્ત થનાર નથી. તેથી જીવો પરમાત્માની સેવા કરવાથી સુખી થશે નહીં તેથી પરમાત્માને સ્વામી માનવાથી જીવોને કંઇ લાભ નહીં મળવાથી, સ્વામી સેવકભાવ કલ્પવો વ્યર્થ ઠરે છે. બીજો પક્ષ અંગીકાર કરીને તમો કહેશો કે, પરમાત્માજીવોના આત્મામાંથી અનંત સુખ પ્રકટાવે છે. ત્યારે અમો પૂછીએ છીએ કે, પરમાત્માએ પ્રથમથીજ જીવોના આત્મા માંથી કેમ પ્રગટાવ્યું નહિં. તમો કહેશોકે, જ્યારે જીવો પરમાત્માનું ધ્યાન ધરે છે ત્યારે કર્મનો ક્ષય થઇ જાય છે, તેથી તેમના આત્મામાંથી અનંતસુખ પ્રગટાવે છે, ત્યારે અમો પુછીશું કે જ્યાં સુધી જીવોને કર્મ છે, અને પોતે પરમાત્માનું ધ્યાન કરતા નથી, ત્યાં સુધી પરમાત્મા જીવોના આત્મામાંથી અનંત સુખ પ્રગટાવી શકતો નથી, તેનું કારણ શું છે? તમો કહેશો કે, કર્મ હોય ત્યાં સુધી પરમાત્મામાં જીવોના આત્મા-

નું અનંત સુખ પ્રગટાવી શકાતું નથી–જ્યારે કર્મ નાશ પામે છે, ત્યારે પરમાત્મા જીવોમાં રહેલું અનંતસુખ પ્રગટાવી શકે છે–જ્યારે કર્મનો નાશ થાય કે તુરત તેમના આત્માનું અનંતસુખ પ્રગટ કરે છે–જો એમ કહેશો તો અમો કહીએ છીએ કે, કર્મનો નાશ થતાં, સ્વતઃ આત્મામાં રહેલ અનંતસુખ પ્રકટી નીકળે છે. તેમાં પરમાત્માએ સુખ પ્રગટાવ્યું એમ કહેવું તે વ્યર્થ ઠરે છે. જેમ સૂર્યની ઉપર રહેલું વાદળાંનું આવરણ નાશ પામતાં, સ્વતઃપ્રકાશ પ્રગટે છે. તે પ્રકાશને અન્ય કોઇએ પ્રગટાવ્યો એમ માનીએ તો તે વ્યર્થ ઠરે છે, તેમ અત્ર પણ આત્માઓને લાગેલાં કર્મ નાશ પામવાથી સ્વતઃ અનંતસુખ આત્માઓનું પ્રકાશી નીકલ્યું. એમ સિદ્ધ થયું તેથી ઇશ્વરે જીવોના આત્મામાં રહેલું અનંતસુખ પ્રગટાવ્યું એમ માનવું વ્યર્થ ઠર્યું. અને જ્યારે ધ્યાનથી કર્મ નાશ પામતાં, આત્મામાંજ આત્માનું અનંતસુખ પ્રકાશી નીકલ્યું. ત્યારે આત્મા પરમાત્મારૂપ થયો તેથી સ્વામિ સેવકભાવ રહ્યો નહીં અનેકાન્તવાદમાંતો પરમાત્મા છે તે આત્માને ધ્યાન કરવામાં પુષ્ટઆલંબનરૂપ નિમિત્ત કારણ હોવાથી નિમિત્ત કારણની અપેક્ષાએ આત્મામાં અનંતસુખ પ્રગટાવે છે. એમ કહી શકાય છે. પણ ઉપાદાન કારણની અપેક્ષાએ કારણીભૂત પરમાત્મા નથી. જેમ ઘટનું ઉપાદાન કારણ માટી છે. અને નિમિત્ત કારણ કુંભકાર

રાસભ વિગેરે છે. તેમ આત્માની પરમાત્માદશા થવામાં ઉપાદાન કારણ તો જ્ઞાન દર્શન ચારિત્ર છે, અને નિમિત્ત કારણ દેવ; ગુરૂ આદિ છે. સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરતાં આ-આત્મામાં રહેલી પરમાત્મા સત્તા પ્રગટ થાય છે. તેથી તે નિમિત્ત કારણ કહેવાય છે. અને તે અપેક્ષાએ સિદ્ધ પરમાત્મા સ્વામી અને ધ્યાન કરનાર આત્મા સેવક કહેવાય છે.

શંકા—જૈન, સિદ્ધ પરમાત્માઓ સમાન સત્તાથી પોતાનો આત્મા છે; એમ, અલ્પજ્ઞાનથી જાણે છે કે સંપૂર્ણજ્ઞાનથી? અલ્પજ્ઞપક્ષ લેશો, તો યુક્તિહીન છે. બીજો પક્ષ લેશો, તો હાલ કોઇ સિદ્ધાંતી સંપૂર્ણ જ્ઞાનવાળો જણાતો નથી. તેથી તમારૂં વચન સિદ્ધ થતું નથી.

સિદ્ધાંતી—હે પ્રિય ભવ્ય! સાંભળો સ્યાદ્વાદતત્ત્વોપાસક! પોતાના અલ્પજ્ઞાનથી આત્મા પરમાત્મસમાન છે, એમ માનતા નથી. તથા સંપૂર્ણજ્ઞાન કે જે કેવલજ્ઞાન કહેવાય છે, તે તો હાલ નથી તેથી બીજો પક્ષ પણ અમો સ્વીકારતા નથી પણ આજથી બે હજાર ચારશો તેત્રીસ વર્ષ ઉપર ચોવીસમા તીર્થંકર શ્રી વીરપ્રભુ કેવલજ્ઞાની થયા, તે લોકાલોકની સંપૂર્ણ વસ્તુઓના જ્ઞાતા હતા. તેમની ઉપદેશવાણી સૂત્રરૂપ છે. તે વાંચીને વા સાંભળીને જાણીએ છીએ. જેમ હાલ અમેરિકાનો નકશો જોઇને કહીએ છીએ કે અમુક ઠેકાણે પર્વત આવ્યો છે, અમુક સ્થાને નદી છે, પોતે

ત્યાં ગયા નથી, તો પણ એ વાત આપ્ત પુરૂષોએ શોધેલી હોવાથી સત્ય પડે છે, તેમ શ્રી કેવલજ્ઞાની વીરપ્રભુએ પણ કેવલજ્ઞાનથી જેવી જે વસ્તુ હતી, તેને તેવી કહી, તેથી તેમની વાણીથી અમો સત્યવાત માનીએ છીએ, અને તેમનાં વચન અનુભવમાં આવે છે. તેથી અનેકાન્ત વાદમાં કોઈ જાતનો દોષ આવતો નથી.

પ્રશ્ન—આત્માની પરમાત્માવસ્થા सती ઉત્પન્ન થાયછે કે असती ઉત્પન્ન થાય છે? પ્રથમ પક્ષગ્રહી सती ઉત્પન્ન થાયછે, એમ માનશોતો सती વસ્તુનો ઉત્પાદ સંભવતો નથી જેમ આકાશ. અને असती માનશો તો, आकाश कुसुमनी પેઠે અસત્ વસ્તુની ઉત્પત્તિ સંભવતી નથી, તેથી બે પક્ષ માંથી એક પક્ષ પણ સિદ્ધ ન થતાં આત્માની પરમાત્મા અવસ્થા શી રીતે બનશે?

ઉત્તર—હે ભવ્ય જરા લક્ષ રાખીને સાંભળો એકાંત સત્વસ્તુની પણ ઉપત્ત્તિ થઈ શકતી નથી. ત્યારે કેવી વસ્તુની ઉત્પત્તિ થાય છે તે બતાવે છે. કથંચિત્સત્ અને કથંચિત્ અસત્ એવી વસ્તુની ઉત્પત્તિ થાય છે, જેમ ઘટ છે, તે પૂર્વે માટીમાં હતો માટીમાં ઘટની સત્તા રહી છે, માટી તેજ ઘટરૂપે બને છે, માટે માટી પણ સત્તાની અપેક્ષા એ ઘટ કહેવાય છે. દંડાદિક સામગ્રી મળતાં ઘટનો આકાર મૃત્તિકા ધારણ કરે છે. મૃત્તિકારૂપ સત્તાની અપે-

ક્ષાએ **ઘટસત્** એવો ઉત્પન્ન થયો કહેવાય છે, અને ઘટાકાર વ્યક્તિપૂર્વે નહોતી તેથી ઘટાકાર વ્યક્તિની અપેક્ષાએ **અસત્** એવો ઘટ ઉત્પન્ન થાય છે. તેમ અત્ર પણ આત્મામાં પરમાત્માવસ્થા સત્તાએ રહેલી છે, તેની અપેક્ષાએ **સતી** એવી **પરમાત્માવસ્થા** ઉત્પન્ન થાય છે, અને કર્મ સંબંધ છતા, પરમાત્માવસ્થા પ્રગટ થઇ નથી. તેથી **પરમાત્માવસ્થાનો** વ્યક્તિભાવ નથી. માટે **અસતી** એવી પરમાત્માવસ્થા ઉત્પન્ન થાય છે. એમ કથંચિત્ **સત** અને કથંચિત **અસત** એવી વસ્તુ માનતાં તેની ઉત્પત્તિની સિદ્ધિ અનેકાન્તવાદમાં થાય છે. અનેકાન્તવાદ કથંચિત્ વસ્તુને **સત** માને છે, અને કથંચિત્ વસ્તુને **અસત્** માને છે.

પ્રશ્ન—તમે જ્યારે સર્વ વસ્તુને **સત** અને **અસત** રૂપે માનો છો. તો દરેક વસ્તુમાં **સત** અને **અસત** એમ બે ધર્મ રહેશે, તેમ જ દરેક વસ્તુમાં પરસ્પર વિરોધી એવા ધર્મ રહેશે તો મુક્તિ પામેલા સિદ્ધ ભગવન્ત પણ મુક્ત કહેવાશે અને અમુક્ત કહેવાશે. તો મુક્તજીવો અમુક્ત ઠર્યા તેનું કેમ ?

ઉત્તર—તમારૂં કહેવું ઠીક છે. પ્રત્યેક વસ્તુમાં પરસ્પર વિરોધી એવા ધર્મો સાપેક્ષપણે માનવાથી કોઇ જાતનો દોષ આવતો નથી. સિદ્ધ પરમાત્મામાં મુક્તપણું અને અમુક્તપણું ઠરશે એમ તમે કહ્યું, પણ તેમાં તમને સમજણ

પડી નથી તેથી એમ કહો છો. સિદ્ધ પરમાત્મા સ્વસત્તા પેક્ષાએ મુક્ત છે, અને પરસત્તાપેક્ષાએ અમુક્ત છે. જો પરસત્તાની અપેક્ષાએ મુક્ત કહેવાય, તો એકની મુક્તિ થવાથી સર્વ જીવોની મુક્તિ થવી જોઇએ. કારણ કે, જેમ સિદ્ધાત્માની સત્તા મુક્તિરૂપ પરિણામને પામી, તેમ પરજીવોની સત્તા પણ મુક્તિરૂપ પરિણામને પામે, તો સંસાર પરિણતિરૂપ સત્તાનો અભાવ થાય, માટે પરજીવોની સત્તાપેક્ષાએ સિદ્ધાત્માઓ અમુક્ત જ છે, વળી સ્વસત્તાની અપેક્ષાએ, મુક્તિ ન હોય, તો કોઇ જીવની મુક્તિ નહીં થવાથી કોઇ સિદ્ધ ન થવાથી, તપ, જપ, વ્રત, ધર્મ, ક્રિયા નિષ્ફળ થાય. માટે સ્વસત્તાપેક્ષાએ મુક્ત અને પરસત્તાપેક્ષાએ અમુક્ત, એ બે ધર્મ સિદ્ધજીવોમાં માનવા જોઇએ. અને તે તેમ જ છે. આ સંબંધી વિશેષ ચર્ચા શ્રી સમ્મતિ તર્કના પ્રથમ કાંડની વૃત્તિમાં છે, ત્યાંથી જાણી લેવી- એ પ્રમાણે **तत्त्वमसि** વાક્યથી એકાંત જીવ પરમાત્માનો સ્વામી સેવક ભાવ સ્વીકારે છે તેને યથાર્થ સમજાવીને પુનઃ **तत्त्वमसि महावाक्य**નું વર્ણન કરે છે. **तत्शब्देन परमात्मा वाच्यः परमात्मैव त्वं जीवोऽसि**–હે જીવ તું પરમાત્મા જ છે. પરમાત્માથી તું ભિન્ન નથી એમ અદ્વૈતવાદી સ્વીકારે છે. અમો અદ્વૈતવાદીને પુછીએ છીએ કે સર્વ જીવોમાં સત્તાએ પરમાત્મા સ્વરૂપ રહ્યું છે, તેનાથી જીવ ભિન્ન નથી,

એમ માનો છો કે જીવોની પરમાત્મસત્તાથી ભિન્ન એવા અન્ય કોઇ પરમાત્મા છે, અને તેનાથી જીવો ભિન્ન નથી, એમ માનો છો ? પ્રથમ પક્ષ ગ્રહી એમ માનશો કે સત્તાની અપેક્ષાએ જીવોમાં પરમાત્માસ્વરૂપ રહ્યું છે. તેનાથી જીવો ભિન્ન નથી. એમ માનતાં અનેકાન્ત જૈન માર્ગમાં પ્રવેશ તમારા મતનો થશે. કારણ કે સર્વ જીવોમાં સત્તાએ પરમાત્મત્વ રહ્યું છે, તેનાથી જીવો ભિન્ન નથી. પણ એટલું વિશેષ છે કે કર્મસહિત જીવોને સત્તાની અપેક્ષાએ **परमात्म**પણું છે. પણ વ્યક્તિભાવે પ્રગટભાવ, અર્થાત્ જેને આવિર્ભાવ કહે છે, તેની અપેક્ષાએ **परमात्म त्व** નથી તેથી સંસારી જીવો સત્તાની અપેક્ષાએ **परमात्मत्व** છે. તેનાથી અભિન્ન છે, અને વ્યક્તિભાવીય પરમાત્માની અપેક્ષાથી, સંસારી જીવો કથંચિત્ ભિન્ન છે, અને જ્યારે સર્વથા પ્રકારે કર્મનો નાશ થાય છે, ત્યારે જીવમાં અનંત ગુણનો આવિર્ભાવ થવાથી, વ્યક્તિભાવ સત્તામાં રહેલું પરમાત્માપણું પ્રગટે છે. તેથી આત્મા પરમાત્મારૂપ બને છે, પશ્ચાત્ સ્વામી સેવકભાવ રહેતો નથી. અદ્વૈતવાદમાં સ્વામિ સેવકભાવ બીલકુલ માન્યો નથી ત્યારે કેટલાક એકાન્ત સ્વામી સેવકભાવ સ્વીકારે છે ત્યારે અનેકાન્તવાદી જૈન સ્વામી સેવક ભાવ કથંચિત્ સ્વીકારે છે. એકાન્ત સ્વામી સેવકભાવ નહીં માનનાર એવા અદ્વૈતવાદીને કહે છે કે, તમો જીવોને કર્મ

માનો છો કે નથી માનતા. જો જીવોને કર્મ માનશો, તો કર્મથી રહીત થયેલા જીવ જે પરમાત્માઓ થયા છે, તેના કર્મસહીત જીવો સેવક, વા ધ્યાતા, વા પૂજક ગણાશે. અને જો અનાદિકાળથી જીવોને કર્મ લાગ્યાં નથી, અર્થાત્ કર્મ-રહિત જીવો છે એમ માનશો તો તમે અનાદિકાળથી પોતે પરમાત્મા ઠર્યા, તો શામાટે શાસ્ત્રાભ્યાસ, તપ, જપ, ધ્યાન, વિગેરે કરો છો? ધર્મક્રિયાની નિષ્ફળતા થશે, તથા વળી તમો અનાદિકાળથી શુદ્ધ બ્રહ્મરૂપ પોતાને માનો છો તો શ-રીર મન વાણીને શા કારણથી ધારણ કર્યા છે. શરીર ધારણ કરવાનું કારણ માયા માનશો, તો માયા બ્રહ્મથી ભિન્ન છે કે અભિન્ન છે? જો માયાને બ્રહ્મથી ભિન્ન માનશો તો હિમાચલ, વિંધ્યાચલની પેઠે બે ભિન્ન રહેવાથી, માયાથી શરીર ધારણ કરાશે નહીં—અને જો બ્રહ્મ અને માયાનો અભિન્ન સંબંધ માનશો તો, માયાથી બ્રહ્મ ભિન્ન થશે નહીં—અને તેથી સદાકાળ બ્રહ્મની સાથે માયા લાગવાથી શરીર રહિત બ્રહ્મ થશે નહીં, તેથી અનાદિકાળથી હું શુદ્ધ બ્રહ્મરૂપ છું, એવું તમારૂં મન્તવ્ય અસિદ્ધ ઠર્યું—તથા વળી માયાના સંબંધથી બ્રહ્મ વિકારી માનો છો, એમ ક-હેશોતો સ્યાદ્વાદીવીતરાગ મત તે પ્રમાણે માંને છે, માટે સ્યાદ્વાદદર્શનમાં પ્રવેશ થવાથી ભેદભાવ રહેતો નથી, પણ બ્રહ્મને તો તમે વિકારી માનતા નથી. તેથી પ્રથમ પક્ષતો

શ્રહી શકાશે નહીં. દ્વિતીય પક્ષ લેઇ બ્રહ્મને અવિકારી માનશોતો—શરીરાદિકની ઉત્પત્તિ થઈ શકશે નહીં—અને શરાદિકતો પ્રત્યક્ષ દેખાય છે, માટે માયાના સંબંધથી બ્રહ્મમાં વિકાર થાય છે, તેમ માનવું જોઇએ—તથા વળી તમો બ્રહ્મને સર્વદેશવ્યાપક આકાશની પેઠે માનો છો કે એકદેશવ્યાપક શરીરાવચ્છેદેન માનો છો? તમો કહેશો કે, સર્વત્ર વ્યાપક બ્રહ્મને માનીએ છીએ, તો પુછવાનું કે, સર્વત્રનું જ્ઞાન થવાથી સર્વત્ર વ્યાપક બ્રહ્મને માનો છો કે એક દેશના જ્ઞાનથી સર્વત્રવ્યાપક બ્રહ્મ માનો છો? તથા વળી માયાના સંબંધથી જ્ઞાન હોય છે કે કેવળ શુદ્ધ બ્રહ્મમાં જ્ઞાન હોય છે; એ ચાર વિકલ્પમાંથી એક વિકલ્પનો ઉત્તર આપી શકશો નહીં. જુઓ, પ્રથમ વિકલ્પ લેઇ તમો કહેશો કે, સર્વત્રનું જ્ઞાન થવાથી સર્વત્ર વ્યાપક બ્રહ્મને માનીએ છીએ, એ પણ અસત્ય છે, અહીં બેઠાં અમેરિકા ખંડને પણ જાણી શકતા નથી તો, સર્વ દેશને જાણ્યા વિના સર્વત્ર વ્યાપક બ્રહ્મ છે, એવું જ્ઞાન પણ થશે નહીં. અને સર્વત્ર દેશનું જ્ઞાન તો તમને નથી, તેથી સર્વત્રનું જ્ઞાન થયા વિના સર્વત્રવ્યાપક બ્રહ્મ છે, એવું તમારાથી કહી શકાશે નહીં—તમો કહેશો કે પૂર્વે મોટા મહાત્માઓ થઇ ગયા તે તો જાણતા હતા, તેથી અમો સર્વત્રવ્યાપક બ્રહ્મ માનીએ છીએ. આ પણ તમારૂં

કહેવું વિચારશુન્ય છે. કારણકે, અનુભવથી તે વાત વિરૂદ્ધ છે—"તમો કહોછો કે-પ્રથમ મોટા મહાત્માઓ થઇ ગયા, તે સર્વ દેશને જાણુતા હતા તો તે શરીરના સંબંધ વડે સર્વ દેશને જાણુતા હતા કે, શરીરના સંબંધ વિના? તમો કહેશો કે શરીરના સંબંધથી જાણુતા હતા—ત્યારે અમો પુછીએ છીએ કે શરીરના સંબંધ વડે શુદ્ધ બ્રહ્મથી જાણુતા હતા કે-અશુદ્ધ બ્રહ્મથી? તમો કહેશો કે શરીરના સંબંધ વડે શુદ્ધ બ્રહ્મથી સર્વ જાણે છે, ત્યારે પુછવાનું કે અનાદિ કાળથી શરીરના સંબંધ વડે શુદ્ધબ્રહ્મથી સર્વને કેમ નહોતા જાણુતા? તમે કહેશો કે પ્રથમ માયા નડતી હતી-અને માયાનો નાશ થાય છે ત્યારે સર્વને જાણે છે-ત્યારે બસ સિદ્ધ ઠર્યું કે, માયા કહો કે કર્મ કહો, તે જ્યાં સુધી નડે, ત્યાં સુધી સર્વ જ્ઞાન થતું નથી, એમ જૈન દર્શન માને છે. અને જ્યારે માયા વા કર્મનો નાશ થાય છે, ત્યારે કેવળ જ્ઞાન થાય છે એમ અમારા મતનો આશ્રય લેવાથી અનાદિ કાળથી બ્રહ્મ નિર્લેપ છે, અને માયા નડતી નથી, આવો તમારો સિદ્ધાંત મુળથી ઉડી ગયો. તમે કહેશો કે શરીર સંબંધ છુટયા બાદ શુદ્ધબ્રહ્મ સર્વ દેશને જાણે છે, તો સમજવું કે, શરીર સંબંધ છુટયાથી મુખ વિના કોની આગળ સર્વત્રવ્યાપક બ્રહ્મ છે એમ કહી શકશો! કારણ કે મુખ વિના શબ્દનું ઉચ્ચારણ થતું નથી. અને શા-

વદ શ્રવણ કર્યા વિના તમો સર્વત્ર વ્યાપક બ્રહ્મ છે, એવું જાણી શકશો નહીં. માટે પ્રથમ બ્રહ્મ માયાના સંબંધથી અશુદ્ધ હતું અને પશ્ચાત્ કારણ સામગ્રી પામી શુદ્ધ થયું. અને શુદ્ધ બ્રહ્મથી સર્વ વસ્તુનું શરીરાવચ્છેદન જ્ઞાન થતાં, તેરમા ગુણઠાણે સયોગી કેવળ જ્ઞાનીની પદવી પમાય છે, તો તેથી સિદ્ધ ઠર્યું કે, જ્યારે અશુદ્ધ બ્રહ્મ વા અશુદ્ધ આત્મા હતો, ત્યારે શુદ્ધ બ્રહ્મ વા શુદ્ધ કેવળજ્ઞાની આત્મા કરતાં મલીન હોવાથી, શુદ્ધ બ્રહ્મજ્ઞાનીનો સેવક કહેવાય તેમાં જરા માત્ર દોષ આવતો નથી. અને આ સિદ્ધાંત સર્વ પ્રમાણથી સિદ્ધ ઠરે છે. અને જો આ પ્રમાણે માનશો તો ભેદભાવ ટળી જશે—અને એ પ્રમાણે માને તે જૈનનો સિદ્ધાંત માને છે એમજ સમજવું. તથા બીજો પક્ષ લેઇ કહેશોકે, એક દેશના જ્ઞાનથી સર્વત્રવ્યાપક બ્રહ્મ માનીએ છીએ, તો આ વાતતો અલ્પજ્ઞાની પણ પ્રમાણ માનશે નહીં. જેને ગુજરાત દેશ કેવડો મોટો છે, તેનું તો જ્ઞાન નથી તે એમ કહેશે હું અનંત બ્રહ્માંડને જાણું છું, તો તે વાત કોણ માને—અલબત કોઇ માને નહીં, ત્રીજો પક્ષ તમે લેઇ કહેશો કે, માયાના સંબંધથી જ્ઞાન હોય છે, અને તેથી સર્વત્ર વ્યાપક બ્રહ્મને જાણી શકાય છે. આ વાત પણ અનુભવ વિરૂદ્ધ છે. માયાના સંબંધથી તો સર્વ જ્ઞાન થવું જોઇએ. પણ તે તો આંખની પાંપણના વાળ કેટલા છે,

તે પણ બરાબર જાણી શકતા નથી માટે ત્રીજો પક્ષ પણ માની શકાશે નહીં. ચોથો પક્ષ લેઇ કહેશો કે, કેવળ શુદ્ધ-બ્રહ્મમાં જ્ઞાન હોય છે ને તેથી સર્વજ્ઞાન થાય છે તો ત-મારા કહેવાથી સિદ્ધ ઠર્યું કે શુદ્ધ બ્રહ્મમાં જ્ઞાન હોય છે, ત્યારે તેથી વ્યતિરેક દૃષ્ટાંતે કરી અશુદ્ધ બ્રહ્મમાં જ્ઞાન નહીં. અશુદ્ધ બ્રહ્મ તે શુદ્ધ બ્રહ્મ થાય છે, તો સિદ્ધ ઠર્યું કે બ્રહ્મ-ની અશુદ્ધતા માયાના સંબંધથી થાય છે, અને જ્યાં સુધી માયાનો સંબંધ છે ત્યાં સુધી શુદ્ધ બ્રહ્મજ્ઞાનિયોનો અશુદ્ધ બ્રહ્મ સેવક ઠર્યો. અને જ્યારે શુદ્ધ બ્રહ્મદશા થશે, પશ્ચાત્ સેવક પણું રહેશે નહીં, એ વાત સિદ્ધ ઠરી તથા અશુદ્ધ બ્રહ્મ સિદ્ધ ઠરવાથી, અશુદ્ધ આત્મા કર્મના સંબંધથી અને શુદ્ધ આત્મા કર્મના નાશથી થાય છે, એમ વીતરાગનાં વ-ચન છે, તેની સિદ્ધિ થઇ. હવે આદ્યમાં કરેલા બીજા પક્ષ-ને તમે અંગીકાર કરીને કહેશો તો તે પણ વિચાર શૂન્ય છે, તે બતાવે છે. જીવોની પરમાત્મસત્તાથી ભિન્ન એવા અન્ય કોઇ પરમાત્મા છે અને તેનાથી જીવો ભિન્ન નથી, એમ માનશો તો અમો કહીશું કે જીવોની સત્તાથી ભિન્ન વ્યક્તિ તરીકે અન્ય કોઈ પરમાત્મા માનવાથી જીવોની સ-ત્તાથી પરમાત્માની સત્તા ભિન્ન ઠરશે, અને તેથી સર્વ જી-વોનો એક આત્મા માનવાનો સિદ્ધાંત શશશૃંગની પેઠે અ-સત્ય ઠરે છે; કારણ કે, જીવોની સત્તા ભિન્ન હોવાથી,

અને પરમાત્માની સત્તા જુદી હોવાથી વ્યક્તિ ભિન્ન ભિન્ન ઠરવાથી, परमात्मा તે હું એમ કહી શકાશે નહીં. ઇત્યાદિ ઘણા દોષો આવે છે. તેનું વર્ણન કરતાં ઘણો વિસ્તાર થઇ જાય, માટે વિશેષ વર્ણન કર્યું નથી. આત્મા પ્રતિ શરીરે ભિન્ન છે, અને આત્મા સર્વવ્યાપક નથી, એનું વિશેષ વર્ણન સમ્મતિતર્ક, ષડ્દર્શન સમુચ્ચય, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, અષ્ટસહસ્રી વિગેરે ગ્રંથમાંથી જોઇ લેવું. આત્મા સર્વત્રવ્યાપક નથી, એની સિદ્ધિ પૂર્વે કરી છે, તેથી અત્ર વિસ્તાર કર્યો નથી. એ પ્રમાણે અદ્વૈતવાદમાં પણ तत्त्वमसि ની યથાર્થ સત્ય ઉપપત્તિ થતી નથી. અનેકાન્તમતમાં તો યથાર્થ સત્ય ઉપપત્તિ तत्त्वमसि महावाक्य ની થાય છે. વૈશેષિક તો द्रव्य, गुण, कर्म, सामान्य, विशेष, समवाय, अने अभाव એ સાત પદાર્થ માને છે. તે સાત પદાર્થનો અન્તર્ભાવજીવ અને અજીવ પદાર્થમાં થાય છે. તેથી અત્ર વિવેચન કર્યું નથી. તે મતમાં तत्त्वमसि મહા વાક્યાર્થની યથાતથ્ય ઉપપત્તિ થતી. બૌદ્ધ મતમાંતો, આત્માને ક્ષણ ક્ષણમાં નાસવંત માનવાથી तत्त्वमसि ની સાફલ્યતા થતી નથી. જૈન દર્શન અનેકાન્ત છે, તેથી તેમાં બરાબર तत्त्वमसि મહાવાક્ય ઘટે છે. ચોથા ગુણઠાણુથી તત્ત્વમસિ એમ પોતાના આત્માને જાણે છે. तत्त्वमसिની ભાવના કરતાં, સહજ સમા-

ધિની પ્રાપ્તિ થાય છે. અને તેથી સર્વ કર્મનો ક્ષય થતાં મુક્તિ પદની પ્રાપ્તિ થાય છે. માટે વારંવાર તત્ત્વમસિનું ધ્યાન કરવું. **तत्त्वमसि** નું ધ્યાન કરનાર જીવો પ્રતિ શરીર ભિન્ન ભિન્ન છે. અને કર્માવરણથી વિચિત્ર જીવો બન્યા, બને છે, અને બનશે. ચોરાશી લાખ જીવયોનિમાં અનેક પ્રકારનાં શરીર કર્મથી ધારણ કરાય છે. તોપણ સત્તાએ સર્વ જીવોને અનંત શક્તિ છે. તેનો આવિર્ભાવ સંપૂર્ણ પણે થાય તેને **परमात्मपद** કહે છે. જ્યારે હે ચેતન ! આ પ્રમાણે તારામાં અનંત શક્તિ છે; તું અનંત સુખનો સ્વામી છે, ત્યારે કેમ પોતાના સ્વરૂપમાં રમણતા ન કરતાં પરભાવમાં રમણતા કરે છે? માટે હવે વિચાર, પોતાના સ્વરૂપમાં રમણતા કર. હે ચેતન ! સત્ય તું **એક** છે, અને તારૂં અન્ય કોઈ નથી. પરવસ્તુને પોતાની માની તેં તારા સ્વરૂપને ખોયું છે. કહ્યું છે કેઃ—

॥ गाथा ॥

एगोहं नथ्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ; ॥
एवं अदीणमणसो, अप्पाणमणुसासइ. ॥ १ ॥
एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ; ॥
सेसा मे बाहिरा भावा, सव्वे संजोग लख्खणा. ॥ २ ॥

ભાવાર્થઃ—એક જ્ઞાન દર્શન ચારિત્રમય આત્મા હું

છું. અન્ય મારૂં કોઇ નથી. એ પ્રમાણે અદીન મનવાળો થઈ આત્માને ભાવે. એક મારો આત્મા શાશ્વત છે, અને તે રત્નત્રયી સમેત છે. બાકી શરીરાદીક બાહ્યભાવ પ્રપંચ છે, સર્વ સંયોગ લક્ષણ રૂપ બાહ્યભાવોથી અહંત્વ મમત્વ ભાવ ત્યાગીને એક સ્વસ્વરૂપના ઉપયોગમાં રમણતા કરવી. આત્મસ્વભાવ સન્મુખ થતી ચેતનાથી અનેક ભવનાં કરેલ કર્મનો નાશ થાય છે. માટે રાગ દ્વેષ રહીત ચેતનાથી સ્થિર સમ ભાવથી આત્માને ક્ષણે ક્ષણે ભાવવો તે સંબંધી યોગ નિર્ણય નામના ગ્રંથમાં કહ્યું છે કેઃ—

॥ श्लोक ॥

दीपिका खलु निर्वाणे, निर्वाणपथदर्शिनी; ॥
शुद्धात्मा चेतना या च, सात्रूनामक्षयो निधिः ॥१॥

એ પ્રમાણે શુદ્ધાત્મ ચેતનાનું અપૂર્વ માહાત્મ્ય જાણી, તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો. શુદ્ધ આત્મસ્વભાવરૂપ પોતાનું શુદ્ધ ચરણ છે. તથા પોતાના સ્વભાવમાં આવ્યા-વિના ત્રણ લોકમાં કોઇ પણ ઠેકાણે તથા કોઇ પણ કાળે સુખ નથી. પોતાના સ્વરૂપમય થવું, એજ પરમ કર્તવ્ય મહાત્માઓ જાણે છે. પોતાના સ્વરૂપનું શુદ્ધ જ્ઞાન નિશ્ચય નયથી જાણીને આત્મામાં રમણતા કરવી. જગત્માં હે ચેતન! તેં અનેક જીવોનાં અનંત ભવમાં અનંત સગપણ

કર્યો. અનંતવાર તું જન્મ્યો અને મર્યો, પણ તેથી જન્મ જરાના દુઃખની ઉપાધિ ટળી નહીં. મોહ માયામાં અંધ બનીને, તેં પોતાના હિતનો જરામાત્ર પણ વિચાર કર્યો નહીં—જરા મનમાં ભવ્ય વિચાર તો ખરો કે આ દેખાતી દુનીયાની બાજીમાંથી તારી સાથે કોણ આવનાર છે? હે ચેતન! તારી પરભવમાં શી ગતિ થશે? અશુદ્ધ પર્યાયના સંબંધથી કદી સત્ય સુખનો અનુભવ થયો નથી. તેથી તને ધર્મરાગ ચોલ મજીઠના જેવો લાગ્યો નથી. પંચેન્દ્રિયની પ્રાપ્તિ થઇ છે, નિમિત્તાદિક સામગ્રી પામીને પણ વિષયકષાયના વશ થઇ, હે ચેતન! તું અમૂલ્ય આયુષ્ય નકામું ગુમાવે છે. હજી ચેત! ચેત! માથે કાળ ઝપાટા દે છે. તારા જેવા દુનીયામાં કરોડો મનુષ્યો ચાલ્યા ગયા; અને તું પણ ચાલશે. માટે જરા મનમાં વિચાર કર. માયાનું કરોડો મણનું ગોદડું ઓઢીને, અજ્ઞાનાવસ્થામાં સૂઈ રહ્યો છે? તને ધર્મ ઉપર રાગ થતો નથી, તેનું કારણ પુણ્યની ખામી છે. તારી પ્રમાદ દશાને લીધે પરભવમાં તારો કયાં જન્મ થશે તે તું વિચાર. સદ્ગુરૂનું તથા સદ્દેવનું શરણ કર. કરેલા પાપોનો પશ્ચાતાપ કર. દુનિયાની ઉપાધિની ખટપટમાંથી તને નવરાશ મળશે, માટે તેના ઉપરથી પ્રેમ દૂર કરી હે ચેતન! ચેતવું હોય તો ચેત. સર્વ વસ્તુ પડી રહેશે. જો એકદમ કાળ આવશે, તો કયારે ધર્મ કરીશ. ધર્મની વાટે વળ. ભૂલ્યો ત્યાંથી

ફરીથી ગણ. ધર્મરૂપ લક્ષ્મી સત્ય જાણી તેનો આદર કર. જગતની મોહમાયાથી આત્મા બંધાયો છે. એમ ખરેખર હે ચેતન! જાણ. મનુષ્ય જન્મને હારીશ નહીં. શ્રી સૂયડાંગસૂત્ર માં કહ્યું છે કે, (અધ્યયન સાતમું—બીજું શ્રુત સ્કંધ.)

संबुज्झहा जंतवो माणुसत्तं, दट्ठुंभयं बालिसेणं अलंभो; ॥
एगंत दुक्खे जरिएव लोह, सक्कम्मणा विप्परिया सुवेइ. ॥२॥

હે પ્રાણિયો! તમે બોધ પામો. મનુષ્યત્વ દુર્લભ છે. જન્મ જરા મરણના ભય દેખીને બોધ પામો બોધ પામો. અજ્ઞાન જીવ વડે સદ્‌વિવેક પ્રાપ્ત કરી શકાતો નથી.

સંસારી જીવ ગણ જ્વરવાળાની પેઠે એકાંત દુઃખી છે—કહ્યું છે કે:—

गाथा.

जम्म दुःखं जरा दुःखं रोगा य मरणाणि अ ॥
अहो दुखो हुं संसारो, जथ्थ कीसंति पाणिणो. ॥१॥

જન્મ દુઃખ, જરાનાં દુઃખ, રોગ, મરણ, જેમાં છે, એવો અહો આ સંસાર છે. જેમાં અજ્ઞાની પ્રાણિયો પરિભ્રમણ કરતા, અનેક પ્રકારના કલેશ પામે છે, સુખાર્થી પ્રાણી પણ અજ્ઞાન યોગે પ્રાણિઓનું ઉપમર્દન કરતો છતો દુઃખ પામે છે, તથા સૂયડાંગ સૂત્રના પ્રથમ શ્રુત સ્કંધના દ્વિતિય અધ્યયનમાં કહ્યું છે કે—જેમ—

संबुज्झह किं न बुज्झह संबोही खलु पेच दुल्लहा ॥
णो हू वणमंति राया, नो सुलभं पुणरवि जीवियं॥ १ ॥

डहरा बुड्ढाय पासह, गब्भथ्थावि चियंति माणवा॥
सेणे जह वट्टयं हरे, एव माऊख्खयंमि तुट्टइ ॥ २ ॥

તમે બોધ પામો. ધર્મમાં બુદ્ધિ કરો. કેમ બોધ પામતા નથી. મનુષ્યભવાદિ સામગ્રી પામીને પણ ધર્મબોધ કેમ કરતા નથી. જેઓ ધર્મ કરતા નથી, તેમને પરભવમાં બોધિનીપ્રાપ્તિ દુર્લભ છે. નિશ્ચયથી સમજોકે ગઈ રાત્રિયો પાછી આવતી નથી. તથા ગએલો યૌવન કાલ કદી પાછો આવતો નથી. પુનઃસંયમ જીવીત સુલભ નથી. આયુષ્યની અનિત્યતા બતાવે છે કે, ડહરા એટલે બાળ તથા બુદ્ધાઓ જીવિતવ્યનો ત્યાગ કરે છે. તે જુઓ. કેટલાકતો ગર્ભમાંજ નાશ પામે છે. એમ સર્વ અવસ્થામાં મૃત્યુ રૂપ કાળ જીવિતવ્યનો નાશ કરે છે. જેમ સીંચાણો તેતર પંખીનો ઝપટ મારી નાશ કરે છે, તેમ તમારા જીવનનો પણ મૃત્યુ નાશ કરશે. બોધ પામો. બોધ પામો. તથા તેજ અધ્યયનમાં કહે છે.

मायाहिं पियाहिं लुप्पइ, नो सुलहा सुगईय पेच्चऊ ॥
एयाइं भयाइं पेहिया, आरंभो विरमेज्ज सुव्वए ॥ ३ ॥

जमिणं जगती पुढो जगा, कम्मेहिं लुप्पंति पाणिणो ।
सयमेव कडेहिं गाहइ, णो तस्स मुच्चेज्ज पुठयं ॥ ४ ॥

જે માતા પિતાના મોહથી ધર્મમાં ઉદ્યમ કરતો નથી, તેનું માતા પિતાદિ વડે સંસારમાં પરિભ્રમણ કરાય છે. અર્થાત્ તે માતા પિતાદિથી સંસારમાં બંધાય છે, તેને જન્માંતરમાં સુગતિ સુલભ નથી. એવું જાણી મોહાદિક ભયને દેખીને શુભવ્રત અંગીકાર કરનાર થા, અવિરતિ જીવને સંસારનાં દુઃખ પ્રાપ્ત થાય છે. અવિરતિ જીવો જગત્માં ભિન્ન ભિન્ન નરકાદિ સ્થાનકોમાં પોતાનાં ઉપાર્જેલાં કર્મોથી પીડાય છે. તે પ્રાણી પોતાના કરેલ કર્મથી નરકાદિ સ્થાનકોને પામે છે. બાંધેલાં કર્મ ભોગવ્યાવિના અશુભ વિપાકોથી મૂકાતો નથી. માટે ભવ્ય પુરૂષે કર્માષ્ટકનો નાશ કરવા માટે જ્ઞાન ધ્યાન વૈરાગ્યથી આત્માને ભાવવો. પોતાના સ્વરૂપથી જે જન્મ્યો, તેને સંસારનાં જન્મ નથી. જેણે આત્માના પૂર્ણ શુદ્ધ પર્યાયની પ્રાપ્તિથી પ્રાણ છોડયા, તે કદી પુનઃ મરતો નથી. હે આત્મા ! તારા સ્વરૂપમાંજ સ્થિરતાથી રમણતા કર. અસંખ્ય પ્રદેશરૂપ તારા દેશનું સ્વરૂપ નિહાળ. તારા દેશમાં સાત ભયમાંનો કોઇ પણ ભય નથી. માટે તારો અસંખ્યાત પ્રદેશરૂપ દેશ નિર્ભય છે. માટે તું વસ્તુતઃ નિર્ભય દેશી છે. આ બાહ્ય જગત્નો દેશ તે તારો દેશ નથી. બાહ્ય દેશને પોતાનો માની, મિ-

અર્યા તું કલેશ પામે છે. શા માટે બાહ્ય દેશના મમત્વથી મનમાં વિકલ્પ સંકલ્પ કરે છે! બાહ્યદેશ ત્રણે કાળમાં ત્હારો થનાર નથી. અને તું એનો થનાર નથી. મનમાં પુનઃ પુનઃ જીવ વિચાર. દેશ વેશના દ્વેષથી ફોગટ હે ભવ્ય કલેશ પામે છે. અનેક પ્રકારના ઇષ્ટ અને અનીષ્ટ વેષોમાં પણ રાગ અને દ્વેષબુદ્ધિથી પોતાની મેળે તું બંધાયો છે તેના મનમાં વિવેકથી વિચાર કરીને આત્મરૂપનો સત્ય માર્ગ અંગિકાર કરી, શુદ્ધપરિણતિનું સેવન કર, કે જેથી અનંત સુખ પામે. હવે સત્ય એક આત્મ સ્વરૂપ જાણીને તેની પ્રાપ્તિ માટે એકાંત નિરૂપાધિસ્થાનનું સેવન કરવું જોઇએ તે બતાવે છે.

॥ दुहा ॥

त्यागी सहु व्यवहारने, निर्जन जंगल सेव ॥
निरुपाधिपद पामवा, त्यागो मिथ्या टेव ॥ १५३ ॥
द्रव्य क्षेत्रने काल भाव, सामग्री सद्भाव ॥
सानुकूळता योगथी, बनशे शुद्ध बनाव ॥ १५४ ॥
कथनी कथतां शुं थयु, जो नाहि तत्त्व पमाय ॥
रख तुं रहेणी आतमनी, थावे चिन्मयराय ॥ १५५ ॥
ध्यावो अन्तर जग धणी, पामो शाश्वतमेव ॥
सत्य सत्य पद पामवा, सेवो आतम देव ॥ १५६ ॥

गच्छ गच्छमां भिन्नता, बाह्यक्रियामां फेर ॥
आत्मज्ञाननी लोपता, अरे महा अन्धेर ॥ १५७ ॥
ज्ञानी जनतो अल्पछे, कल्पवृक्ष सम कयांय ॥
अज्ञानी अथडायछे, पग पग ज्यांना त्यांय ॥ १५८ ॥
अहो विषम आ कालमां, समजे नांहि जन थोक ॥
यादृशी भवितव्यता, घटे न करवो शोक ॥ १५९ ॥
सर्वांशे परिपूर्णछे, जिन दर्शन स्याद्वाद ॥
ज्ञान विना जे साध्यता, निजबुद्धि उन्माद ॥ १६० ॥

ભાવાર્થ—શ્રવણ માર્ગને ઉદ્દેશીને કહે છે લેખક પોતાના આત્માને પણ બોધાર્થમ્ કહે છે કે હે આત્મા તું જગતના સંકલ્પવિકલ્પકારક, તથા રાગદ્વેષમય એવા સર્વ વ્યવહારને ત્યાગીને, આત્મજ્ઞાનવડે સહિત તું નિર્જન જંગલમાં વાસ કરીને આત્મધ્યાન કર. મનુષ્યોના સંસર્ગથી અનેક પ્રકારની ઉપાધિયોનો સંસર્ગ થાય છે અને તેથી મનની ચંચળતા વૃદ્ધિ પામે છે, માટે પ્રથમ દ્રવ્યાનુયોગવડે આત્મતત્ત્વનું સમ્યક્ જ્ઞાન કરીને પશ્ચાત્ મનુષ્ય સંસર્ગ રહીત સ્થળોમાં ધર્મધ્યાન કરવું શ્રેયસ્કર છે. શ્રી સમ્મતિ તર્ક દ્વિતીયકાંડની વૃત્તિમાં પણ ધ્યાનનું વર્ણન કરતાં પ્રથમ નીચે મુજબ કહ્યું છે. પત્ર ૨૭૨.

यथा—पापध्यान द्वयमपि हेयं उपादेयं तु प्रशस्तं धर्म-

शुक्लध्यानद्वयं तत्र पर्वत गुहा जीर्णोद्यान शून्यागारादौ मनुष्या-
पात विकले अवकाशे मनोविक्षेप निमित्त शून्ये सत्त्वोपघात
रहिते उचिते शिलातलादौ यथा समाधानं विहित पर्यंकासन
ऊर्ध्वस्था न स्थोवा मन्दमन्द प्राणापान प्रचारो अतिप्राण नि-
रोधे चेतसो व्याकुलत्वे नैकाग्रतानुपपत्ते निरुद्ध लोचनादि
करणप्रचारो हृदि ललाटे मस्तकेऽन्यत्र वा यथा परिचयं मनोवृत्ति
प्रणिधाय मुमुक्षु र्ध्यायेत् प्रशस्तं ध्यानं तत्र बाह्याध्यात्मिकभा-
वानां यथात्म्यं धर्मः तस्मादनपेतं धर्म्यं तच्च द्विविधं बाह्य माध्या-
त्मिकं च सूत्रार्थ पर्यालोचनं दृढव्रतता शीलगुणानुरागो निभृत-
काय वाग्व्यापारादिरूपं बाह्यमात्मनः स्वसंवेदन ग्राह्यमन्येषां
अनुमेय माध्यात्मिकं तत्त्वार्थ संग्रहादौ चातुर्विध्येन प्रदर्शितं ॥

ભાવાર્થ:—આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બે પાપધ્યાન ત્યાજ્ય છે. आर्तध्यानના ૧ ઇષ્ટવિયોગ. ૨ અનીષ્ટસંયોગ. ૩ રોગચિંતા. ૪ અગ્રશોચ એ ચાર પાયા છે, તથા રૌદ્રધ્યા-નના હિંસાનુબંધિ, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી, અને પરિગૃહા-નુબંધીએ ચાર પાયા છે—એ બે તિર્યંચ અને નરકગતિ અર્પનાર છે માટે એ બેદુર્ધ્યાનના વિચારોની સાથે બહાદૂરી-થી લડવું અને ધર્મધ્યાન અને શુકલધ્યાનનો આદર કરવો. ચાર ધ્યાનનું વિશેષ વર્ણન अस्मदीयकृत ध्यानविचार નામના ગ્રંથમાં કર્યું છે. ધ્યાનનું એકાંત સ્થાન છે. તેમાં પણ પર્વ-

તની ગુફાઓ, જીર્ણઉદ્યાન, શૂન્ય ઘર વિગેરે જાણવાં. ત્યાં ધ્યાન કરવું તેમાં પણ મનુષ્યોનો જ્યાં બહુ સંચાર નહોય, તથા મનમાં વિક્ષેપ થવાનાં નિમિત્ત કારણથી શૂન્ય, અને જ્યાં વાઘસર્પઆદિ પ્રાણીથી ઘાત ન થાય એવા સ્થાનમાં યોગ્ય એવી શિલા ઉપર જેવી રીતે ચિત્ત સમાધિ ભાવને પામે, તેમ પર્યંકાસન વાળીને, વા ઊંચા આસન ઉપર બેસીને મન્દ મન્દ પ્રાણાપાનવાયુનો વેગ કરતો છતો, મુમુક્ષુ ધ્યાન કરે, પણ પ્રાણનો અતિનિરોધ કરે નહીં. કારણ કે અતિપ્રાણનો નિરોધ કરે, તો ચિત્તની વ્યાકૂલતા થાય, અને એકાગ્રતા થાય નહીં. આસનાદિકનું વિધાન કરીને લોચન વિગેરે ઇન્દ્રિયોનો નિરોધ કરે. હૃદયમાં, લલાટમાં, વા મસ્તકમાં વિગેરે સ્થાને, જ્યાં ચિત્તવૃત્તિની સ્થિરતા વિશેષ રહેતી હોય, ત્યાં મનોવૃત્તિ ધારણ કરીને, મુનિરાજ પ્રશસ્ત ધ્યાન કરે. ત્યાં બાહ્ય અને આધ્યાત્મિક ભાવોના યથાતથ્ય ધર્માનુકૂળ ધ્યાન કરવું. બાહ્ય અને આધ્યાત્મિક એમ બે પ્રકારે ધ્યાન છે. સૂત્રાર્થનું વિચારવું. વ્રતનું દૃઢપણું શીલગુણાનુરાગ, તથા કાયા, વાણીના વ્યાપારને રોકવા તેને બાહ્ય ધ્યાન કહે છે= આત્માને સ્વસંવેદનથી ગ્રહણ કરવો, અને અન્યપદાર્થોને અનુમાનથી જાણવા, તેને આધ્યાત્મિક ધ્યાન કહે છે. તત્વાર્થ સંગ્રહાદિમાં ચાર પ્રકારે ધ્યાન બતાવ્યું છે. ધ્યાનાભ્યાસ

થી નિરૂપાધિપદનું સુખ આત્મા અનુભવે છે. અહો? એવી ધ્યાનદશામાં ક્યારે જીવન જશે? ક્યારે પર્વતની ગુફાઓમાં ધ્યાનારૂઢ થઇ અવધૂત દશાનો અનુભવ કરશે? ક્યારે પરપરિણુતિ રમણુતા રૂપ મિથ્યા ટેવને ત્યાગી, ચેતન સ્થિરે કચિત્ત દ્વારા યોગારૂઢ થશે ? રાગદ્વેષવડે અનુભવાતા બાહ્ય સંયોગોમાં ક્યારે સમભાવ થશે ? ક્યારે સમતારૂપ ગંગા નદીમાં સંસારતાપ નિવારણુ કરવા માટે ઝીલાશે ? અન્તર્મુખચેતનથી ક્યારે આત્મપ્રભુનું સેવન થશે ? ક્યારે સર્વ પૌદ્ગલિક ભાવોપરથી અહંત્વબુદ્ધિ છૂટશે ? ક્યારે જગતના પદાર્થોમાંથી ઈષ્ટબુદ્ધિ છૂટશે? હે ચેતન ! હજી આત્મપરાક્રમ ફોરવે તો રાગાદિક શત્રુઓને જીતી પરમપદની પ્રાપ્તિ કરે-અન્તરના વિકારોને જીતવા બને તેટલો પ્રયત્ન-કર દેવગુરૂ ધર્મની આસ્તિક્યતા ધારણુ કર.

પ્રશ્ન:—હે સદ્ગુરો ! કેટલાક લોકો કહે છે કે, જૈન ધર્મ નાસ્તિક ધર્મ છે, અને તે વેદબાહ્ય છે, તેનું કેમ?

ઉત્તર:—હે શિષ્ય ! જે લોકો જૈન ધર્મને નાસ્તિક કહે છે, તે લોકો જૈન ધર્મનું બરાબર સ્વરૂપ સમજતા નથી, તેથી કહે છે, જૈન ધર્મ તે પ્રત્યેક મનુષ્યોનો ધર્મ છે. અને તે હરેક મનુષ્યના આત્માની ઉન્નતિનું સ્વરૂપ બતાવે છે, નાત જાતના ભેદમાં જૈન ધર્મ સમાતો નથી. જે રાગ અને દ્વેષને જીતે તે જિન કહેવાય છે. એવા જી-

નોએ કહેલો જે ધર્મ તેને જૈન ધર્મ કહે છે. વેદબાહ્ય જૈન ધર્મને કેટલાક કહે છે, તે પોતાની મતિથી કહે છે. વેદનો વેદ પણ જૈન સૂત્ર છે. સૂત્રો તે સત્ય વેદ છે. માધ્યસ્થ બુદ્ધિથી વિચારવામાં આવે, તો આસ્તિકયતાનો અગ્રેશ્વર જૈન ધર્મ છે.

પ્રશ્નઃ—હે સદ્‌ગુરૂ! આસ્તિક અને નાસ્તિકનું શું લક્ષણ છે.?

ઉત્તરઃ—હે ભવ્ય! જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ માને તેને આસ્તિક કહે છે. પુનર્જન્મ, પરમાત્મા, કર્મ વિગેરે માને તે આસ્તિક કહેવાય છે. અને તે તત્ત્વોને માને નહીં, તે નાસ્તિક કહેવાય છે.

પ્રશ્નઃ—જૈનો ઇશ્વરને માનતા નથી? એમ અજ્ઞલોક કહે છે, તે ખરી વાત કે?

ઉત્તરઃ—હે ભવ્ય! એ વાત સત્ય નથી. જૈનો અષ્ટાદશ દોષ રહિત એવા તીર્થંકર દેવોને ઇશ્વર માને છે. અને જે અઢાર દોષ રહીત હોય, તે દેવાધિ દેવ ઇશ્વર કહેવાય છે. માટે એવા સત્ય ઇશ્વરને જૈનો સ્વિકારે છે, માટે તે પરમ આસ્તિક જાણવા.

પ્રશ્નઃ—જૈન ધર્મ ક્યારે નીકળ્યો તે કહેશો?

ઉત્તરઃ—હે ભવ્ય! પ્રવાહની અપેક્ષાએ જૈન ધર્મ

અનાદિ કાળથી ચાલતો આવે છે. તેમ મિથ્યાત્વ પણ અનાદિકાળથી છે. જે જે તીર્થંકરો ઉત્પન્ન થાય છે, તેઓ પૂર્ણ ધર્મ સ્વરૂપનો ઉપદેશ ભવ્ય જીવોની આગળ કરે છે.

પ્રશ્ન:— જૈન ધર્મને તમે સત્ય તથા મોટો ધર્મ શાથી માનો છો ?

ઉત્તર:—દુનીયામાં ચાલતા જે જે ધર્મના પન્થો છે; તેમાં જે જે સત્યતાનો અંશ રહ્યો છે, તે સર્વ સત્ય અંશોને જૈન ધર્મ સાપેક્ષદ્રષ્ટિથી ગ્રહે છે. અર્થાત્ દુનીયાના સર્વ ધર્મનો સત્ય ભાગ જૈન ધર્મમાં સમાય છે. તેથી દુનીયાના અનેક ધર્મોનો સમાવેશ જૈન ધર્મમાં થાય છે માટે જૈન ધર્મ મોટો કહેવાય છે.

પ્રશ્ન—દરેક ધર્મની સત્યતાનો જૈન ધર્મમાં સમાવેશ થાય છે. તે દૃષ્ટાંતપૂર્વક સમજાવશો ?

ઉત્તર—હે પ્રિય ભવ્ય ! સાંભળો મહાયોગિરાજ અધ્યાત્મજ્ઞાન શિરોમણિ શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે, જિનવરમાં સઘળાં દર્શન છે દર્શને જિનવર ભજનારે સાગરમાં સઘળી તટિની સહિ. તટિનીમાં સાગર ભજનારે ષડ્દર્શન જિનઅંગ ભણીજે ॥ જૈનદર્શનમાં સઘળાં દર્શન અર્થાત્ દુનીયાના સર્વ ધર્મ પન્થનો સ્યાદ્વાદદૃષ્ટિ સાપેક્ષતાએ જોતાં સમાવેશ થાય છે, જેમ સાગર એટલે સમુદ્રમાં સર્વ નદીયો ભળે છે, પણ નદીયોમાં સમુદ્રની ભજના છે. ભરતીઓટ

હોય તો કોઇ નદીમાં સમુદ્રનું પાણી જાય, પણ તે અંશે કવચિત્‌કાળે એમ બને છે. તેમ અત્ર પણ જૈનધર્મમાં સમાવેશ થાય છે, અને અન્યમાં જૈનધર્મની ભજના છે, માટે જૈનધર્મનું આરાધનકરતાં સર્વ ધર્મનું આરાધન થાય છે.

પ્રશ્ન—જૈનધર્મને કોણ પાળી શકવાને સમર્થ છે?

ઉત્તર—જે જે મનુષ્યો પોતાના આત્માનું સ્વરૂપ સમજી શકે છે, અથવા જે પોતાના આત્માની ઉન્નતિ ઇચ્છે છે, તે સર્વ લોકો જૈનધર્મ પાળી શકવાને સમર્થ છે.

પ્રશ્ન—જૈનધર્મ પાળવાથી આ ભવમાં તથા પરભવમાં શા શા ફાયદા થાય છે?

ઉત્તર—જૈનધર્મ પાળવાથી આ ભવમાં દયાની બુદ્ધિ થાય છે. પરોપકાર, સત્ય બોલવું, ચોરીનો ત્યાગ, મૈથુનનો ત્યાગ, સંતોષ, સમતા, ગંભીરતા, ક્ષમા, સરળતા, વૈરાગ્ય કામવિકારોનો જય, દુર્વ્યસનનો ત્યાગ, ભ્રાતૃભાવ, નિઃસ્પૃહતા વિગેરે અનેક સદ્‌ગુણોની પ્રાપ્તિ આ ભવમાં થાય છે તથા શ્રમણવ્રત, તથા શ્રાવકવ્રતોની પણ પ્રાપ્તિ થાય છે. આ ભવમાં કામવિકાર, રાગદ્વેષાદિક અન્તરના શત્રુઓ ઉપર જય મેળવવાથી, આત્મા નિર્મળ થાય છે, અને તેથી આત્મિકસુખનો અનુભવ થાય છે. અને પરભવમાં તેથી દેવયોનિ વા મોક્ષપદ મળે છે.

પ્રશ્ન—જૈનધર્મમાં સર્વ ધર્મનો સમાવેશ થાય છે,

તો ત્યારે કહો કે અદ્વૈતવાદી (વેદાંતી) આત્માને સર્વવ્યાપક માને છે, અને એક આત્મા સર્વનો માને છે, તેનો સમાવેશ જૈનધર્મમાં શી રીતે થાય છે?

ઉત્તર—હે ભવ્ય ! સાપેક્ષનય બુદ્ધિથી જોતાં જૈનદર્શનમાં એ વાત ઘટે છે, જ્યારે આત્માને જ્ઞાનધ્યાનાદિથી ચારિત્ર પાળતાં કેવળજ્ઞાન થાયછે. ત્યારે આત્મા લોકાલોકનો જાણનાર કેવલજ્ઞાનથી થાય છે. કેવલજ્ઞાનની અપેક્ષાએ, આત્માવિભુ અર્થાત્ સર્વ વ્યાપક જૈનો કહે છે. અને આત્માની અસંખ્ય પ્રદેશરૂપ વ્યક્તિની અપેક્ષાએ અવ્યાપક છે મધ્યમ પરિણામી છે અસંખ્ય પ્રદેશરૂપ આત્માનો કદાપિકાળે નાશ થયો નથી, અને થવાનો નથી કોઈ કહેશે કે, ઘટપટની પેઠે મધ્યમ પરિમાણવાળો આત્મા છે, તેનો નાશ થવો જોઇએ ત્યારે તેના ઉત્તરમાં સમજવાનું કે, આકાશની પેઠે અરૂપી એવા મધ્યમ પરિમાણવાળા આત્માનો અરૂપીપણાથી ત્રિકાલમાં પણ નાશ થતો નથી માટે કથંચિત્ આત્મા, જ્ઞાનાપેક્ષાએ વિભુ છે, એમ સિદ્ધ ઠર્યું, તથા સંગ્રહનયસત્તાથી સર્વવસ્તુને એક કહેવામાં આવે છે. જેમ માટીના હજાર ઘડા છે, જો કે તે પોતપોતાની વ્યક્તિથી ભિન્ન ભિન્ન છે, તેથી વ્યક્તિ એટલે આકારની અપેક્ષાએ હજાર કહેવાય છે, પણ તે સર્વ ઘડાઓમાં મૃત્તિકાની સત્તા વ્યાપી રહે છે; માટીમાટી એવો વ્ય-

વહાર સર્વ ઘડાઓમાં થાય છે, તેથી માટી–મૃત્તિકારૂપ સામાન્ય સત્તાની અપેક્ષાએ સર્વ ઘડાઓ એક કહેવાય છે, તેમ જૈનો વ્યક્તિની અપેક્ષાએ અનંત આત્મ સ્વીકારે છે, અને અનંત આત્માઓમાં જ્ઞાનાદિક ધર્મ સરખા રહ્યા છે. જ્ઞાનગુણાદિકથી સર્વથા રહીત કોઈ આત્મા નથી, તેથી આત્મ ધર્મની અપેક્ષાએ અનંત આત્માઓ એક સરખા છે, માટે તે કથંચિત્ એક કહેવાય છે. પણ તેથી અનંત આત્મવ્યક્તિઓની નાસ્તિતા સિદ્ધ ઠરતી નથી. અર્થાત્ આત્મા અનંત છે, તેમ વ્યક્તિની અપેક્ષાએ સિદ્ધ ઠરે છે. સર્વ આત્માઓનું જ્ઞાનાદિક ગુણથી એકત્વપણું જૈનદર્શન સ્વીકારે છે, તેથી વેદાંત દર્શનનો પણ જૈન દર્શનમાં સમાવેશ થાય છે પણ વેદાંત આત્માની સત્તાનેજ સ્વીકારી, અનંત આત્મા વ્યક્તિથી ભિન્ન ભિન્ન છે, એમ બીજી બાજુ તરફ નહીં જોતાં તેનો અપલાપ કરે છે, માટે તે સર્વ દેશી નથી, પણ તે એક દેશી હોવાથી મિથ્યાત્વની વૃદ્ધિ કરેછે. આ વાતથી પણ સિદ્ધ થયું કે, જૈનદર્શન સર્વ દેશી છે, તેથી તેમાં વેદાંત દર્શનનો સમાવેશ થાય છે માટે જૈન દર્શન તે સત્ય દર્શન છે.

પ્રશ્નઃ—વૈષ્ણુવ ધર્મનો જૈન ધર્મમાં કેવી રીતે સમાવેશ થાય છે !

ઉત્તરઃ—વૈષ્ણુવ ધર્મમાં કૃષ્ણુની ઉપાસના થાય છે.

અને કૃષ્ણને પ્રભુ તરીકે માને છે ત્યારે જૈન દર્શન કહે છે કે શ્રી બાવીસમા તીર્થંકર શ્રી નેમનાથ ભગવાનના કૃષ્ણ શ્રાવક હતા, અને તે સમકિતી હતા. અને તે આવતી ચોવીશીમાં તીર્થંકર થવાના છે, તેથી તે ભવિષ્યકાળની અપેક્ષાએ તીર્થંકર થવાથી જૈનો અપેક્ષાએ ભગવાન્ માને છે તેથી સત્ય કૃષ્ણનો જૈન દર્શનમાં સમાવેશ થાય છે તેથી જેણે જૈન ધર્મ પાળ્યો, તેણે કૃષ્ણનું આરાધન કર્યું કહેવાય છે. શક્રસ્તવ એટલે નમુથ્થુણંમાં કહ્યું છે કે.

जेअ अइया सिद्धा जेअ भविस्संति णागएकाले संपइय ।
वट्टमाणा सव्वे तिविहेण वंदामि ॥

ભાવાર્થઃ—જે આત્માઓ ભૂતકાળમાં કર્મનો ક્ષય કરીને સિદ્ધ થયા, અને જે ભવિષ્ય કાળમાં કર્મનો ક્ષય કરીને મુક્તિ પદ પામશે, અને મહા વિદેહ ક્ષેત્રમાં હાલ વર્તમાન કાળે જે સિદ્ધ છે, તે સર્વને મન વચન અને કાયા વડે હું વાંદુ છું. આ સૂત્રના પાઠથી પણ ભવિષ્ય કાળમાં શ્રી કૃષ્ણ તીર્થંકર થઇને સિદ્ધ થશે, માટે શ્રી કૃષ્ણની ભવિષ્ય કાળમાં તીર્થંકરની અવસ્થા તથા સિદ્ધાવસ્થા થવાની છે, તે વાંદવા પૂજવા યોગ્ય છે. પદ્મનાભ તીર્થંકરની પેઠે તેમની તે અવસ્થાની પ્રતિમા વર્તમાન કાળમાં પણ ભરાવીને માનવા પૂજવાથી ફાયદો થાય છે. માટે તે અપેક્ષાએ જૈન દર્શન, કૃષ્ણને ભગવાન્ માને છે.

પણ કૃષ્ણે જગત્‌ને બનાવ્યું, તથા લીલાઓ કરી, તેને જૈન દર્શન સ્વીકારતું નથી. કૃષ્ણ સંબંધી વિશેષ હકીકત જાણવી હોય તો શ્રી નેમનાથનું ચરિત્ર વાંચવું. માટે એવી રીતે સાપેક્ષપણે કૃષ્ણનો પણ જૈન દર્શનમાં સમાવેશ થાય છે. વૈષ્ણવ ધર્મી વિષ્ણુ ને સર્વવ્યાપક માને છે, અને કૃષ્ણને તેનો અવતાર ગણે છે. હે ભવ્ય ! જૈન દર્શન આત્માને વિષ્ણુ કહે છે. ज्ञानेन सर्वत्र व्याप्नोति इति विष्णुः જ્ઞાનથી સર્વત્ર આત્મા પ્રકાશ કરે છે, માટે આત્મા જ્ઞાનથી વ્યાપક ગણાય છે. અને તે આત્મામાં જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી સત્તાએ કેવલજ્ઞાન રહ્યું છે, અને તેવો વિષ્ણુરૂપ આત્મા કર્મ વડે અવતાર ધારણ કરે છે, તે પ્રમાણે કૃષ્ણનો આત્મા સર્વ આત્માઓની પેઠે જ્ઞાનથી વિષ્ણું છે, અને તે કર્મ વડે અવતાર ધારણ કરે છે. કર્મનો નાશ થતાં, અવતાર ધારણ કરતો નથી. એમ વિષ્ણુનું સ્વરૂપ જૈન દર્શન સ્વીકારે છે, તેથી વિષ્ણુનો સમાવેશ પણ જૈન દર્શનમાં થાય છે. પણ તે અપેક્ષા જેઓ નથી સમજતા, અને વિષ્ણુને માને છે, તેઓ અજ્ઞાનથી ભૂલે છે. જેઓ વિષ્ણુને જગત્‌કર્તા તરીકે સ્વીકારે છે, તેઓ ભૂલ કરે છે. જો વિષ્ણુને કર્મ રહીત નિર્મલ પરમાત્મા સ્વીકારો, તો તેમના અવતાર થઇ શકે નહીં, કારણકે કર્મ સહિતના અવતાર થાય છે. તેમ સર્વત્ર વ્યાપક એવા

વ્યક્તિથી એક વિષ્ણુ છે, એમ માનતાં ઘણા દોષો આવે છે. આત્મા મધ્યમ પરિણામવાળો હોવાથી, સર્વ વ્યાપક હોઇ શકતો નથી. એવી આત્માની સ્થિતિ છે. સર્વત્ર વ્યાપક જો વિષ્ણુ માનશો તો આકાશની પેઠે નિષ્ક્રિય ઠરવાથી, અવતારાદિકને ધારણ કરી શકે નહીં. ઈત્યાદિ ખંડન સમ્મતિ તકર્ક, શાસ્ત્ર વાર્તા સમુચ્ચય; ધર્મ સંગ્રહણી વિગેરે ગ્રંથોથી જોઈ લેવું. તથા ઇશ્વર જગત્‌નો કર્ત્તા સિદ્ધ થતો નથી, તેનું વિવેચન તત્ત્વાદર્શ, અજ્ઞાનતિમિર ભાસ્કર, તથા સ્યાદ્વાદ મંજરી, સમ્મતિ તકર્ક, તથા અસ્મદીયકૃત જૈન ધર્મ અને ખ્રીસ્તિ ધર્મના મુકાબલો વિગેરે ગ્રંથોમાંથી જોઇ લેવું.

પ્રશ્નઃ—જૈનો ઇશ્વરને જગત્‌ના કર્ત્તા તરીકે સ્વીકારતા નથી, ત્યારે ઇશ્વર કર્ત્તા વાદીનો જૈન ધર્મમાં સમાવેશ થશે નહીં, તેનું કેમ?

ઉત્તરઃ—હે ભવ્ય! જે સત્ય તત્વ હોય છે, તેને જૈનો સ્વીકારે છે. જગત્‌નો કર્તા ઇશ્વર કોઇ પણ પ્રમાણથી સિદ્ધ ઠરતો નથી. પ્રથમ અમો પુછીએ છીએ કે, ઈશ્વર સાકાર છે કે નિરાકાર છે? જો ઇશ્વર સાકાર છે, તો તે શરીરથી એક દેશ વ્યાપી છે, કે સર્વ દેશ વ્યાપી છે. જો કહેશો કે, ઇશ્વર સાકાર છે, અને તે એક દેશ વ્યાપી છે. વા તે પ્રત્યક્ષ આંખે સાકાર હોવાથી

કેમ દેખાતો નથી ? તમો કહેશો કે ભૂતવ્યંતરની પેઠે અદ્રશ્ય રહે છે, તો કહો કે તેને પ્રત્યક્ષ થવામાં કંઈ શરમ આવે છે ? તમો કહેશો કે શરમ તો આવતી નથી, પણ જીવના શુભ કર્મ હોય તેને દેખાય છે. ત્યારે પુછવાનું કે શુભકર્મ છે, તે સ્વતંત્ર છે કે તે ઇશ્વરના તાબામાં છે જો કહેશો કે, કર્મ સ્વતંત્ર છે, તો બસ સિદ્ધ ઠર્યું કે શુભકર્મની પ્રેરણાથી ઇશ્વર દર્શન દે છે, ત્યારે ઇશ્વર પણ કર્મની પ્રેરણાથી પરતંત્ર ઠર્યો. તમો કહેશો કે, કર્મ ઇશ્વરના તાબામાં છે, તો પુછવાનું કે શુભ વા અશુભ કર્મ જીવને ઇશ્વરની પ્રેરણાથી લાગે છે કે જીવના શુભાશુભ પ્રયત્નથી ? જો કહેશો કે ઇશ્વરની પ્રેરણાથી કર્મ જીવને લાગે છે, તો બસ સિદ્ધ ઠર્યું કે, કોઇને પુન્યકર્મ લગાડવાથી ઇશ્વર રાગી ઠર્યો, અને કોઇને અશુભકર્મ લગાડવાથી ઇશ્વર દ્વેષી ઠર્યો. અને રાગીદ્વેષી હોય તો કદાપિકાળે ઇશ્વર કહેવાય નહીં. તમો કહેશો કે પોતાના શુભાશુભ મનોવાક્કાય પ્રયત્નથી જીવને કર્મ લાગે છે, તો સિદ્ધ ઠર્યું કે ઇશ્વરના તાબામાં કર્મ નથી તેમ જીવ પણ નથી. જીવ જેવાં કર્મ કરે છે, તેવાં કર્મ ભોગવે છે. તમો કહેશો કે કર્મનો કર્તા તથા ભોક્તા તો જીવ છે, પણ કર્માનુસારે સુખદુઃખ આપવું તેતો ઇશ્વરનું કામ છે. આમ પણ તમારૂં કહેવું અસત્ય ઠરે છે કારણ કે પોતે કર્મજીવ કરે છે, ત્યારે સુખદુઃખ ઇશ્વર આ-

પે છે, એમ કહેવું તે અજ્ઞાન મૂલક છે કેમકે જુઓ આપણે હાથમાં અગ્નિ ગ્રહણ કરીએ અને કહીએ કે મને ઇશ્વર બાળે છે. કેવું ખોટું છે. પ્રત્યક્ષ દેખાય છે કે હાથમાં અગ્નિ ગ્રહણ કરતાં દાહકત્વગુણ અગ્નિનો છે, તેથી અગ્નિ બાળે છે. તથા પોતાના પેટમાં છરી મારીએ અને કહીએ મને ઇશ્વરે વેદના કરી. આ કહેવી ભૂલ ભરેલી વાત છે. આંધજડ વિના આમ કોઇ માની શકે નહી. જ્ઞાની તો કહેશે કે મારા હાથે છરી પેટમાં મારી, તો વેદનાનું કારણ છરી ઠરી તેમાં ઇશ્વરની કલ્પના જુઠી ઠરે છે. તેમ અત્ર પણ જ્યારે જીવ પોતે કર્મનો કર્તા છે ત્યારે તે કર્મથી થતા સુખદુ:ખનો ભોક્તા પોતે કેમ કહેવાય નહીં. સુખદુ:ખ આપનાર અલબત કર્મસિદ્ધ ઠરે છે, અને તે કર્મનો કર્તા આત્મા છે. એમ સિદ્ધ ઠરવાથી સમજવાનું કે ઇશ્વર જીવોને બનાવનાર નથી. જીવોને સુખદુ:ખ આપનાર નથી. તેથી તમારો માનેલો સુખદુ:ખ જીવોને આપનાર ઇશ્વર સિદ્ધ ઠરતો નથી. તથા વળી કહેવાનું કે એક દેશી સાકાર ઇશ્વિર સિદ્ધજ ઠરતો નથી, જો ઇશ્વિરને દેહવાળો માનશો તો કર્મવિના દેહ હોય નહીં અને રાગદ્વેષ વિના કર્મ લાગે નહીં. તેથી ઇશ્વરપણ રાગીદ્વેષી સિદ્ધ ઠર્યો, તેથી તમોએ માનેલુ, ઇશ્વરપણું ગયું કોઇ પણ પ્રમાણથી તમારૂં માનેલું ઇશ્વરપણું સિદ્ધ ઠરતું નથી. જો તમે ઇશ્વર-

તે સદેહી અને આકાશની પેઠે સર્વત્ર વ્યાપક માનશો તો એવો ઇશ્વર સર્વત્ર વ્યાપક હોવાથી, અને તે મૂર્તિમાન્ હોવાથી, આંખે દેખાવો જોઇએ. દેખાતો તો નથી, માટે તેવો ઈશ્વિર તમારાથી માની શકાયજ નહીં તથા સાકાર ઇશ્વર માનતાં રાગદ્વેષાદિકવાળો ઈશ્વિર પૂર્વોકત યુકિત પ્રમાણે સિદ્ધ ઠરશે તથા તમો બીજો પક્ષ લેઈને કહેશો કે, ઇશ્વર નિરાકાર છે. તો કહેવાનું કે નિરાકાર એવા ઈશ્વિરથી સાકારની ઉત્પત્તિ આકાશની પેઠે થઇ શકે નહીં. જે જે શરીરરૂપ આકારવાન્ હોય છે, તે કુંભકાર જેમ ઘરને બનાવે છે, તેમ અન્ય વસ્તુ બનાવી શકે છે માટે નિરાકાર ઇશ્વર માનતાં ઇશ્વર જગતકર્ત્તા સિદ્ધ ઠરતો નથી તથા વેદમાં પણ કહ્યુ છે કે न तस्य प्रतिमा ઇશ્વરનો આકાર નથી. જૈનો તો સિદ્ધ પરમાત્મારૂપ જે ઇશ્વર છે તે નિરાકાર છે અને તે જગતકર્ત્તા નથી. પોતાના શુદ્ધ સ્વરૂપમાંજ આનંદ ભોગવે છે એમ માને છે. તેથી તેવા ઇશ્વર માનતાં કોઇ જાતનો દોષ સંભવતો નથી. કોઇ પણ પ્રમાણથી ઇશ્વર જગત્ કર્त्ता સિદ્ધ ઠરતો નથી, તથા વળી પુછવાનું કે, જે જે કાર્ય ઉત્પન્ન થાય છે, તેનાં બે કારણો હોય છે. જેમ કુંભકાર ઘટ બનાવે છે તે ઘટ મૃતિકા (માટી) વિના બનતો નથી; માટે માટી તે ઘટનું ઉપાદાન કારણ છે, અને કુંભકાર, ચક્ર, દંડ વિના માટીનો પ-

ણુ ઘટ બનતો નથી, તેથી કુંભાર વિગેરે નિમિત્ત કારણ છે, માટી રૂપ ઉપાદાન કારણથી, ઘટ ભિન્ન નથી, તે સહજ સમજાશે, તેમ અત્ર પણ સમજવાનું કે, ઇશ્વિર જગતકર્તા માનો છો, તો તે ઇશ્વર જગતનું ઉપાદાન કારણ છે કે નિમિત્ત કારણ છે. જો ઇશ્વરને જગતનું ઉપાદાન કારણ કહેશો તો જગત્ પણ ઇશ્વરરૂપ થઇ પડયું, ત્યારે પાપી, ધર્મી, હિંસક, વ્યભિચારી વિગેરે સર્વ રૂપે તે ઇશ્વર હોવાથી ઇશ્વર પોતેજ બંધાયો, નરકમાં જનાર તથા મોક્ષમાં જનાર પણ ઇશ્વર ઠર્યો, પુણ્ય પાપ બંધન મુક્તરૂપ પણ ઇશ્વર ઠરવાથી, તપ, જપ, બંધ, મોક્ષ વિગેરેની વ્યવસ્થા સિદ્ધ ઠરશે નહિં. આ પ્રમાણે ઇશ્વરને માને છે, તેના મતમાં ચોર, વ્યભિચારી, ગૌહત્યા કરનાર સર્વ ઇશ્વર છે, તો તેને પણ નમસ્કાર કરી લેવા જોઈએ. તથા સર્વ ઇશ્વરરૂપ હોવાથી સન્યાસ લેવો, દયા દાન કરવાં, ઇશ્વરપૂજન કરવું, તે સર્વ અસત્ય ઠરે છે. માટે તે પક્ષ પણ તમારાથી માની શકાશે નહીં. તમો કહેશો કે, ઇશ્વર જગતનું નિમિત્ત કારણ છે, ત્યારે અમો પુછીએ છીએ કે, જગત્ એકાંત સત્ છે કે અસત્ છે? તથા ઇશ્વર જગત્માં તે કે જગત્ની બહાર છે ? જો તમે કહેશો કે, જગત્ એકાંત **સત્** છે, ત્યારે સમજો કે જે **સત્ વસ્તુ** હોય છે, ત્રિકા-

લમાં વર્તે છે, તેથી. જગત્ સત્ માનવાથી અનાદિકાળથી જગત્ છે, અને તેનો અંત આવશે નહીં. માટે જગત્‌ને એકાંત સત્ માનવાથી તેનો કર્ત્તા ઇશ્વર કહેવાયજ નહીં. જગત્‌ને એકાંત અસત્ માનશો, તો આકાશપુષ્પ જેમ એકાંત અસત્ છે, તેનો કોઈ ઉત્પન્ન કર્ત્તા નથી, તથા તે આકાશકુસુમ અસત્ હોવાથી ત્રિકાલમાં ઉત્પન્ન થતું નથી. તેમ જગત્ પણ એકાંત અસત્ હોવાથી તેની ત્રિકાલમાં ઉત્પત્તિ થઇ શકે નહીં. તો તેનો કર્ત્તા ઇશ્વર કેમ કહેવાય ? અપિતુ કદાપિ કાળે કહેવાય નહીં, માટે એ બે પક્ષથી પણ ઇશ્વર જગતકર્તા સિદ્ધ ઠર્યો નહીં. તથા વળી રાગદ્વેષ રહીત એવો ઇશ્વર તેને જગત્ રચવાનું કંઈ પણ પ્રયોજન. નથી ખ્રીસ્તિયો કહે છે કે, દુનીયાનો બનાવનાર ઇશ્વર તેમના ઇશ્વરથી જુદો છે અને તેણે છ દીવસમાં દુનીયા બનાવી, અને રવિવારના દીવસે થાક લીધો, અને દુનીયાને બનાવ્યાને લગભગ છ હજાર વર્ષ થઇ ગયાં. બ્રહ્માવાદી કહે છે કે, જગત્‌નો કર્ત્તા બ્રહ્મા છે, અને વિષ્ણુધર્મવાળા કહે છે કે, જગત્‌નો બનાવનાર વિષ્ણુ છે. આ સર્વમાંથી એક પણ જગત્‌નો કર્તા પૂર્વોકત દૂષણોથી સિદ્ધ ઠરતો નથી. ત્યારે કોઈ કહેશે કે, જગત્ એકાંત કાર્યરૂપ નથી. જગત્‌ની અંદર નવતત્વનો સમાવેશ થાય છે. આ-

ત્માઓ, પંચભૂત, વિગેરે પ્રકારાંતરે જગત્ કહેવાય છે. તેમાં આત્મા તથા, પંચભૂત પણ અનાદિકાળથી છે, તેથી તેનો બનાવનાર કોઇ સિદ્ધ થતો નથી. પરકર્તૃત્વ સ્વભાવનો સંપૂર્ણ ક્ષય કરનાર અને આત્મસ્વરૂપને સંપૂર્ણ પ્રગટ કરનારને મુક્ત ઇશ્વર કહેવામાં આવે છે. માટે એવા ઈશ્વરમાં જરા માત્ર પણ કર્મની ઉપાધિ તથા જગતકર્તૃત્વની ઉપાધિનો સંભવ નથી. **जीवरूप ईश्वर शरीररूप जगत्नो कर्त्ता कथंचित् छे.** અનેકાન્ત જૈનદર્શનમાં કથંચિત નયની અપેક્ષાએ જીવને ઈશ્વર માનીને કર્મકર્તૃત્વની સિદ્ધિ કરે છે. અનાદિકાળથી જીવને કર્મ લાગ્યાં છે, અને તેથી જીવ સંસારી કહેવાય છે. જગતમાં અનંતજીવો વર્તે છે. તેઓ રાગદ્વેષથી કર્મગ્રહણ કરે છે, અને તેથી તે કર્મ । કર્ત્તા તથા ભોક્તા કહેવાય છે અને તેથી જીવ અનેક પ્રકારનાં શરીરોને ચારગતિમાં ધારણ કરે છે. જીવ તે કર્મસહિત હોય છે ત્યાં સુધી કર્મસહિત ઇશ્વર કહેવાય છે. અને જેનાં કર્મ નાશ પામ્યાં છે, તે કર્મરહીત ઇશ્વર અનંતસિદ્ધ કહેવાય છે. મલીન સુવર્ણ અને નિર્મલ સુવર્ણ એમ સુવર્ણના બે ભાગ પડે છે, તેમ અત્રપણ કર્મ સહિત ઈશ્વર રૂપ જીવો અને જેઓએ કર્મનો સંપૂર્ણ નાશ કર્યો છે, એવા સિદ્ધ જીવો, એમ બે ભેદ પડે છે. સિદ્ધ જીવોને કદી કર્મ લાગતાં નથી. કારણ કે કર્મ લાગવાનું કારણ રાગ-

દ્વેષાદિ છે. તેનો નાશ થતાં, દ્રવ્ય કર્મનું ગ્રહણ થતું નથી, માટે તે તો કદાપિકાળે પરના કર્તા થતા નથી.

હવે સંસારી જીવરૂપ ઇશ્વર કર્મ સહિત છે, તે કર્મનો કર્ત્તા છે, અને તે કર્મથી શરીરને ધારણ કરે છે, માટે શરીરરૂપ જગત્ તેનો કર્ત્તા પોતાનો આત્મા અનાદિકાળથી છે એમ સર્વ જીવો કે જે અપેક્ષાએ ઇશ્વરો કહેવાય છે, તે પોતપોતાના શરીરરૂપ જગતના કર્ત્તા, મકડીના જાળાની પેઠે જાણવા. એમ સકર્મ ઇશ્વરરૂપઆત્મા આપેક્ષાએ શરીરરૂપ જગત્નો કર્ત્તા સિદ્ધ કર્યો, તો તે કર્મ સહિત આત્માને વિષ્ણુ કહો. રામ કહો બ્રહ્મા કહો, ખુદા કહો, ઇશ્વર કહો, કૃષ્ણ કહો, તેને અનેક નામથી બોલાવો, સકર્માવસ્થામાં તે શરીરરૂપ જગત્નો કર્તા છે અને તે આત્મારૂપ કૃષ્ણ, રામ, બ્રહ્મા, ખુદા, મહાદેવને ઓળખીએ, અને તેનું પૂજન ધ્યાન વીતરાગની આજ્ઞા પ્રમાણે કરીએ, તો કર્મનો નાશ થતાં આત્મા તેજ પરમાત્મારૂપ કર્યો. કર્મનો નાશ થયાબાદ રાગદ્વેષના નાશથી, શરીરરૂપ જગત્ કર્તૃત્વનો નાશ થાય છે. માટે કંથચિત્ દેહરૂપ જગત્ કર્તૃત્વ છે, તે આત્મારૂપ કૃષ્ણ, વિષ્ણુ, ખુદા, ઈશ્વર, બ્રહ્માદિકમાં સકર્માવસ્થામાં વ્યવહાર નયની અપેક્ષાએ, જૈનદર્શન સ્વીકારે છે, માટે તે અપેક્ષાએ પૂર્વોક્ત બ્રહ્માદિકનો જૈન દર્શનમાં અનેકાન્તપણે સમાવેશ થાય છે. માટે જૈનદર્શન સર્વાંશી છે અને પૂર્વોક્ત વાદિયો

નિરપેક્ષ એકાંતપણે એકેક અંશને સ્વીકારે છે, માટે તે અજ્ઞાની છે, તે અપેક્ષાએ તેમનો મત ત્યાજ્ય છે. એ પ્રમાણે સત્ય ઇશ્વરની સિદ્ધિ કર્યાબાદ, નિત્યાનિત્ય વાદીયોનો પણ જૈન દર્શનમાં સમાવેશ થાય છે તે બતાવે છે.

સાંખ્યો આત્માને નિત્ય માને છે તથા નૈયાયીકો તથા વેદાંત પણ આત્માને નિત્ય માની અનિત્ય આત્મા એકાંત માનનાર બાદ્ધદર્શનનું ખંડન કરે છે. ત્યારે બૌધદર્શન પણ એકાંત ક્ષણિક આત્મા સ્વીકારી, વેદાંત, સાંખ્ય, નૈયાયિકોનું ખંડન કરે છે, ત્યારે તે બે વાદીયો લડતા લડતા શ્રી વીરપ્રભુની પાસે આવ્યા. શ્રીસર્વજ્ઞ વીરપ્રભુએ બે વાદીયોને કહ્યું કે, તમે શા માટે એક બીજાની અપેક્ષા સમજ્યાવિના, વાદ કરી દુનીયામાં અશાંતિ ફેલાવો છો? ધ્યાન રાખો. જુઓ, દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આત્મા નિત્ય છે; અને તેથી આત્મા ત્રિકાલમાં વર્તે છે. અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ, અશુદ્ધ વા શુદ્ધપર્યાયોને ધારણ કરે છે. દેવતા થઇને, મનુષ્ય થાય છે. અને મનુષ્ય પર્યાયનો નાશ થતાં નારકી પર્યાય અર્થાત્ (આકૃતિ)ને ધારણ કરે છે. તેથી કથંચિત્ આત્મા દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ, નિત્ય અને કથંચિત્ આત્મા પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છે. માટે આત્માને નિત્યાનિત્ય માનવો જોઇએ. એમ જૈનદર્શન એ પક્ષને સ્વીકારવાથી, બે દર્શનોના અંશને સાપેક્ષપણે

ગ્રહે છે, તેથી તે દર્શનોનો પણ જૈનદર્શનમાં સમાવેશ થાય છે. તથા જ્ઞાનવાદી અને ક્રિયાવાદી પોતાના તત્ત્વને ઇષ્ટ માનતા શ્રી વીરપ્રભુની પાસે ન્યાય મેળવવા આવ્યા. ત્યારે શ્રી વીરપ્રભુએ કહ્યું કે, તમો નિરપેક્ષપણાથી વાદ કરો છો. એકલા જ્ઞાનથી પણ મુક્તિ થતી નથી, તેમ એકલી ક્રિયાથી પણ મુક્તિ થતી નથી, બે સંગમ થતાં મુક્તિ થાય છે. ज्ञानक्रियाभ्यां मोक्षः જ્ઞાન અને ક્રિયા બે માનવાથી મુક્તિ થાય છે. જેમ કોઇ માણસ ઇષ્ટ નગરનો રસ્તો જાણતો હોય પણ ચાલવાની ક્રિયા કરે નહીં તો ઇષ્ટનગરમાં પહોચતો નથી. તથા કોઇ ઇષ્ટનગરનો રસ્તો જાણતો નથી, અને ગમન કરે, તો ભૂલો ભમે, માટે જ્ઞાન અને ક્રિયા બે હોય તો ઇષ્ટનગરમાં પહોચે છે. કહ્યું છે કે:—

गाथा.

हयं नाणं कियाहीणं हया अन्नाणओ किया ।
पासंतो पंगुलो दड्ढो धावमाणो अ अंधओ ॥ १ ॥

આ પ્રમાણે ઉપદેશ આપ્યાથી એક બીજાની સાપેક્ષતા સમજ્યા, તેથી જ્ઞાનવાદી અને ક્રિયાવાદી જૈનદર્શનમાં ભળ્યા કેટલાક એકાન્ત યોગથી મુક્તિ માને છે તથા કેટલાક એકાંત ભક્તિથીજ મુક્તિ માને ને. તથા કેટલાક એકાંત બ્રહ્મથીજ મુક્તિ માને છે. અને પરસ્પર એક બીજાનું ખં-

ડન કરી વેર, ઝેર, કુસંપથી દુનીયામાં અશાંતિ ફેલાવે છે. ત્યારે તે સર્વવાદીયોને સાપેક્ષપણે સમજાવીને, જૈનદર્શન કહે છે કે કથંચિત્ ભક્તિથી પણ મુક્તિ છે. પણ ભક્તિ દોષરહીત એવા પરમાત્માની હોવી જોઇએ અને તેમના ગુણોને સ્મરી પોતાના હૃદયમાં પ્રકાશ થવો જોઈએ, તથા આત્માનું ધ્યાન કરવું. આત્માનું શબ્દવડે ગાન કરવું તે પણ આત્મ પ્રભુની ભુક્તિ છે. કથંચિત્ આત્માની યોગથી પણ મુક્તિ થાય છે, તથા બ્રહ્મજ્ઞાનથી પણ મુક્તિ થાય છે. એમ સર્વ દર્શનોના અંશને સાપેક્ષ દૃષ્ટિથી જૈન માને છે. તેથી જૈનનધર્મ દુનીયામાં મોટામાં મોટો અને શાંતિ ફેલાવનાર તથા ભ્રાતૃભાવ વધારનાર ધર્મ છે. જૈનધર્મમાં સર્વ ધર્મ ભળે છે, તેથી જૈનધર્મ આરાધવાથી સર્વ ધર્મનું આરાધન થાય છે. જેમ એક મનુષ્ય છે, તેનો કોઈ હાથ પકડીને કહે કે, હાથ તે મનુષ્ય છે, કોઈ પગ પકડીને કહે કે, પગ તે મનુષ્ય છે. કોઇ મસ્તક પકડીને કહે કે, મસ્તક તે પુરૂષ છે; કોઇ પેટ ઉપર હાથ ફેરવીને કહે કે પેટ તે પુરૂષ છે, એમ અકેક જુદાં જુદાં અંગ માનવાથી અને બીજા અંગનો નિષેધ કરવાથી, પુરૂષ માન્યો સિદ્ધ થતો નથી. પણ હાથ, પગ, મસ્તક, પેટ, વિગેરે સર્વ અંગને ભેગાં કરીને માને તો પુરૂષ માન્યો કહેવાય છે. તેમ અત્રપણ સાંખ્ય, મીમાંસક, વેદાંત, બૌદ્ધ, એ વાદીયો

ધર્મરૂપી પુરૂષનું એકેક અંગ માનીને, બીજા અંગનું ખંડન કરે છે, અને પુરૂષનો નાશ કરે છે ત્યારે જૈનદર્શન સર્વ અંગને સાપેક્ષતાએ, ભેગાં મેળવીને ધર્મરૂપી પુરૂષનું પ્રતિપાદન કરે છે, માટે જૈનધર્મ તે અંગી છે, અને બીજા દર્શન અંગ છે. માટે અંગીભૂત જૈનધર્મનું આરાધન કરવાથી, સર્વ ધર્મરૂપ અંગનું આરાધન થઇ શકે છે. માટે દુનીયામાં સાપેક્ષબુદ્ધિથી સર્વધર્મનો સાર ગ્રહણ કરનાર, અને શાંતિ તથા ભ્રાતૃભાવ, સંપ ફેલાવનાર જૈનધર્મ છે અને જૈનધર્મના આરાધનથી મુક્તિ મળે છે, જૈનધર્મરૂપ મહાસમુદ્ર તેમાંથી ઉછળેલા બિંદુસમાન દુનીયાના અન્યધર્મો છે, ષડ્દર્શન છે, તે જીનકથીત ધર્મનાં અંગ છે. અને જૈનધર્મ તે અંગી છે તે ઉપરશ્રી આનંદઘનજી મહારાજશ્રી કહેછે કે—

नमिनाथ स्तवनम्.

॥ यथा. ॥

षड् दर्शन जिनअंग भणीजे, न्याय षडंगजो साधेरे, नमि जिनवरना चरण ऊपासक, षटदर्शन आराधेरे. षट ॥ १ ॥
जिन सुर पादय पाय वखाणुं, सांख्य योग दोय भेदरे, आतमसत्ता विवरण करता, लहो दुग अंग अखेदरे. षट ॥ २ ॥
भेद अभेद सुगत मीमांसक, जिनवर दोयकर भारीरे, लोका-

लोक अवलंबन भजीए, गुरुगमथी अवधारीरे. षट ॥ ३ ॥ लोकायातिक कूख जिनवरनी, अंश विचारी जो कीजेरे, तत्त्व-विचार सुधारसधारा, गुरुगमविण केम पीजेरे. षट ॥ ४ ॥ जैन जिनेश्वर वर उत्तम अंग; अंतरंग बहिरंगेरे, अक्षर न्यासधरा आधारक, आराधे धरी संगेरे. षट ॥ ५ ॥ जिनवरमां सघळां दर्शनछे, दर्शने जिनवर भजनारे, सागरमां सघळी तटिनी सही, तटिनीमां सागर भजनारे. षट ॥ ६ ॥ जिनस्वरूप थइ जिन आराधे, ते सहि जिनवर होवेरे, भृंगी इलीकाने चटकावे, ते भृंगी जग जोवेरे. षट ॥ ७ ॥ चूरण भाष्य सूत्र निर्युक्ति, वृत्ति परंपर अनुभवरे, समयपुरुषनां अंग कह्यांए, जे छेदे ते दूरभव्यरे. षट ॥ ८ ॥ मुद्रा बीज धारणा अक्षर, न्यास अर्थविनियोगेरे। जे ध्यावे ते नवि वंचाजे, क्रिया अवंचक भोगेरे. षट ॥ ९ ॥ श्रुत अनुसार विचारी बोलुं सुगुरु तथा विधि न मिलेरे, किरिया करी नवी साधी शकीए, ए विषवाद मन सघलेरे. षट ॥ १० ॥ ते माटे ऊभो करजोडी, जिनवर आगळ कहीएरे, समयचरण सेवा शुद्ध देजो, जेम आनंदघन लहीएरे षट्. ११

આ સ્તવનનો અર્થ કરતાં ઘણો વિસ્તાર થઇ જાય, માટે અત્ર અર્થ કર્યો નથી. ભવ્યજીવોએ ગુરૂગમથી ધારી લેવો. તાત્પર્યાર્થ એ છે કે ષટ્દર્શન પણ જૈન ધર્મનાં અંગ

છે. તે અંગસાપેક્ષતાએ ગ્રહવાથી સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે. અને નિરપેક્ષતાએ ગ્રહણ કરવાથી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. સમકિતી જીવ સમ્યગ્જ્ઞાનથી સર્વત્ર માધ્યસ્થભાવ ધારણ કરી શકે છે, અને તેથી ઉપશમાદિભાવની પ્રાપ્તિ થાય છે. બીજા ધર્મવાળાઓ તરવારની ધારથી અને બંદુક તથા તોપના ગોળાથી ધર્મોન્નતિ માટે લડે છે. અને લાખો મનુષ્યોનો સંહાર કરે છે. ત્યારે સમુદ્ર સમાન ગંભીર જૈન ધર્મ વિવેકરૂપ તરવારની ધારાથી, અને જ્ઞાન ધ્યાનરૂપ બંદુક અને તોપના ગોળાથી, મોહમાયા કામ ક્રોધાદિક અંતરના શત્રુઓને સંહારી, આત્માની ઉન્નતિ ઇચ્છે છે, ધર્મ માટે કોઇ જીવનો સંહાર કરવો. તે જૈન ધર્મ સ્વીકારતો નથી દુનીયામાં મનુષ્યોના હૃદયમાં રહેલા ક્રોધ, માયા, માન; લોભાદિક દોષોને ટાળવા મનથી પણ કોઇ જીવને મારવો નહીં, સત્યવચન બોલવું. ચોરી કરવી નહીં. પરસ્ત્રી મા બેન સમજવી, લોભથી ધનવૃદ્ધિમાં અશક્ત થવું નહીં. સંતોષ રાખવો, ભ્રાતૃભાવ સર્વજીવોની સાથે રાખવો. સંપ કરવો, પરોપકાર કરવો, દેવગુરૂનું પૂજન કરવું, માતપિતા તથા વડીલની સેવા કરવી. એવા ઊત્તમગુણોનો બોધ આપી નાત જાતનો ભેદ રાખ્યા વિના, સર્વ મનુષ્યોને મુક્તિની યોગ્યતા બતાવે છે. જૈનધર્મ પાળનારાઓ દારૂ માંસનું કદાપિકાળે ભક્ષણ કરતા નથી. સુધારાથી સુધરેલો, પ્રાચી-

નમાં પ્રાચીન અને સર્વજ્ઞપ્રભુએ કહેલો જૈન ધર્મ પાળવાથી સર્વ મનુષ્યોનું કલ્યાણ થાય છે. જૈનધર્મ પાળવાથી, સર્વ કર્મનો નાશ થાય છે. કર્મને વેદાન્તીઓ અવિદ્યા કહે છે. સાંખ્યો કર્મને ક્લેશ વા પ્રકૃતિ કહે છે. બૌદ્ધો કર્મને વાસના કહે છે. અને શવો કર્મનો પાશ કહે છે કર્મભવનું કારણ છે, તેનો નાશ થતાં, જન્મ જરા મરણનાં દુઃખ નાશ પામે છે, માટે જૈનદર્શનની આરાધના કરવામાં પ્રમાદ કરશો નહીં. આત્માનો ધર્મ જૈન છે. અને રાગદ્વેષ જીતવાથી, આત્મા જિન કહેવાય છે. જૈનધર્મ ચાર સંજીવિની સમાન છે, તે આ પ્રમાણે. એક ગામમાં એક બ્રાહ્મણની પુત્રીને એક બહેનપણી હતી. તે પરણવાથી જુદી પડી. અને બ્રાહ્મણીનો પતિ તેને તેની બહેનપણી પાસે જવા દેતો નહોતો તેથી તે ઉદાસ થઇ ગઇ. એવામાં બ્રાહ્મણીને ઘેર પરોણા આવ્યા. તેમણે તેને ઉદાસ દેખી કારણ પૂછતાં એક ઔષધિ આપીને કહ્યું કે,—આ ઔષધિથી તારો પતિ બળદ થઇ જશે. બ્રાહ્મણીએ પતિને ઔષધી ખવરાવવાથી તે બળદ બની ગયો. પછી તે ઘણો પશ્ચાતાપ કરવા લાગી. બળદને ચારે અને ફરે, પણ તેના હાથમાં કોઇ ઉપાય આવ્યો નહીં. તે વડવૃક્ષ નીચે બેઠી હતી. એવામાં ત્યાં દિવ્યપક્ષીનું જોડું આવ્યું. તેણે સ્રીને રૂદન કરતી દેખીને જ્ઞાનથી પરસ્પર વાત કરી કે, આ વ-

ડની હેઠળ સંજીવની ઔષધિ છે. તે જો આ બળદને ખ-
વરાવવામાં આવે તો બળદ પુરૂષ થાય. સ્ત્રીએ આ વાત
સાંભળી સંજીવની ઔષધિ અમુક છે, તેમ તે જાણુતી ન-
હોતી. ત્યારે મનમાં વિચાર કર્યો કે, સંજીવીની એકલી
ઔષધી પારખ્યા વિના શી રીતે ખવરાવું, માટે વડ હેઠળ
ઉગેલું સર્વ ઘાસ ખવરાવું. તો તે પણ ભેગી આવશે,
એમ નિશ્ચય કરી સર્વ વનસ્પતિ કાપીને ખવરાવી. તેથી
બળદ પાછો પુરૂષ થઇ ગયો. કથાંતરે પ્રાયઃ સાંભળવા પ્ર-
માણે વિદ્યાધરનું જોડેલું કહ્યું છે. તાત્પર્યાર્થમાં ફેર નથી.
તેમ અત્ર પણ ગુરૂ બળદ જેવા સંસારના મનુષ્યોને ચાર
સંજીવની સમાન જૈનધર્મ પળાવીને પરમાત્મસ્વરૂપ બ-
નાવી દે છે. દૃષ્ટાંત એકદેશી હોય છે. જેમ પેલી સ્ત્રીએ
સર્વ વનસ્પતિ ખવરાવી; તેમ અત્ર પણ ગુરૂ મહારાજ સર્વ
ધર્મનો જેમાં સમાવેશ થાય છે, એવા જૈન ધર્મનું ચાર-
સંજીવનનીના ન્યાયથી સેવન કરાવે છે. અને સર્વજીવોને
મોક્ષસુખ આપે છે. માટે જૈનધર્મનું ભવ્યજીવોએ જ્ઞાન-
ગ્રહણ કરવું. જીવાદિક નવ પદાર્થ જાણવા. જીવાદિક નવ
પદાર્થ જાણવાથી સમકિતની પ્રાપ્તિ થાય છે કહ્યું છે કે,

गाथा.

जीवाइ नव पयथ्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं;
भावेण सद्दहंतो, अयाणमाणोवि सम्मत्तं ॥ १ ॥

જીવાદિક નવ પદાર્થને જે રૂડી રીતે જાણે છે. તેને સમ્યકત્વ પ્રગટે છે. અજાણતાં પણ કેવલી ભગવાને કહ્યું છે, તે સત્ય છે. એમ ભાવવડે પણ સમકિત પ્રગટે છે. સાતનયોથી નવ તત્વનું સ્વરૂપ જાણતાં શ્રદ્ધા કરતાં સમક્તિની નિશ્ચયથી પ્રાપ્તિ થાય છે. ભવ્યજીવોએ નિરપેક્ષપણે થતો વાદવિવાદ આગ્રહ છોડીને સાપેક્ષપણે વસ્તુનું સ્વરૂપ સમજવું, સાતનયોની સાપેક્ષતા સમજ્યા વિના હઠ, કદાગ્રહ, વિવાદની ઉત્પત્તિ છે, જેમ કોઇ નગરની બહાર એક જ્ઞાની ઉદ્યાનમાં રહેતા હતા. ત્યાં કેટલાક મૂર્ખ આવ્યા. તે મૂર્ખાઓ ઘીની વાત જ્ઞાનીને પુછવાના હતા. તેમાંથી એક મૂર્ખે ખાનગીમાં પૂચ્છયું. ઘૃતનું કારણ શું છે? જ્ઞાનીએ કહ્યું ઘાસ છે. બીજા મૂર્ખાએ ખાનગીમાં ઘૃતનું કારણ પુચ્છયું. જ્ઞાનીએ કહ્યું, ગાય છે, ત્રીજાને ખાનગીમાં આંચળ બતાવ્યા. ચોથાને દોહન બતાવ્યું. પાંચમાને દુધ બતાવ્યું. છઠ્ઠાને દહિં બતાવ્યું, સાતમાને માખણ બતાવ્યું. તે મૂર્ખાઓ આ પ્રમાણે ખાનગીમાં પુછીને ચુપચુપ ત્યાંથી નીકળી ગયા, પશ્ચાત્ એક સરોવરની તીરે બેઠા પછી તેમાંથી એકે કહ્યું ભાઇઓ જુઓ, ઘીનું કારણ ઘાસ છે. બીજાએ કહ્યું તમારૂં કહેવું ખોટું છે, ઘીનું કારણ ગાય છે ત્યારે ત્રીજાએ કહ્યું ઘીનું કારણ આંચળ છે, બીજી બધી વાત ખોટી છે, ચોથાએ ઘૃતનું કારણ દૂધ કહી બીજી

વાતોનું ખંડન કર્યું. પાંચમાએ ઘૃતનું કારણ દહીં બતાવી બીજા કારણોનું ખંડન કર્યું. છઠ્ઠાએ ઘૃતનું કારણ માખણ બતાવી, બીજાઓએ માનેલાં કારણોનું ખંડન કર્યું. અને પરસ્પર વાદવિવાદ કરવા લાગ્યા, અને લડવા લાગ્યા. પોતપોતાનાં માનેલાં કારણોને જ સત્ય માનવા લાગ્યા. તેવામાં પેલા જ્ઞાની પુરૂષ આવી પહોંચ્યા. અને સર્વે તેમને નમસ્કાર કર્યો. જ્ઞાનીએ મૂર્ખાઓને વાદવિવાદનું કારણ પુચ્છ્યું ત્યારે તેઓએ પોતપોતાની સર્વ હકીકત જણાવી. ત્યારે સર્વને શાંત કરી જ્ઞાની કહેવા લાગ્યા કે, હે ભવ્યો! તમોને મેં જુદાં જુદાં કારણ કહ્યાં છે. તે તમારી પરીક્ષા જોવાને જુદી જુદી વાત કહી છે. પણ તમે સમજ્યા નહીં. એકેકને એક એક કારણ બતાવ્યું, પણ તેટલાથી ઘૃત બનતું નથી. પણ સાતે કારણોને ભેગાં કરી માનીએ તો ઘી થાય. જુઓ તે હું તમને સમજાવું. પ્રથમ ઘાસ ખાધા વિના ગાય દૂધ આપે નહીં. માટે ઘાસ પણ ઘૃતનું કારણ છે. તથા ગાય અગર ભેંસ વિગેરે વિના દૂધ થતું નથી. માટે ગાય વિગેરે પણ ઘૃતનું કારણ છે. તથા આંચળ વિના દૂધ નીકળે નહીં, તથા આંચળને પણ દોહ્યા વિના દૂધ નીકળે નહીં માટે દોહન પણ દૂધપ્રતિ કારણ છે, અને દૂધ વિના દહીં થાય નહીં, અને દહીં વિના માખણ થાય નહીં, અને માખણ વિના ઘૃત થાય નહીં, માટે દૂધ, દહીં અને મા-

બણ પણ ઘી થવામાં કારણ છે. તેમજ વલોવનાર તથા ગોળો વિગેરે પણ ઘૃતમાં નિમિત્ત કારણ છે. ઘીનું કારણ માખણ માને અને બીજું માને નહીં તો, દહીં વિના માખણ બની શકનાર નથી. માટે દહીં પણ ઘીનું કારણ માનવું જોઇએ. તથા દૂર કારણ ઘાસ, ગાય વિગેરે છે અને આસન્ન કારણ દહીં માખણ છે પણ આસન્ન કારણ દહીં અને માખણ એ બે માને, અને બીજાં માને નહીં, તે પણ યોગ્ય નથી કારણ કે દહીંનું કારણ દૂધ છે. દૂધવિના દહીં થાય નહીં, માટે દૂધ પણ માનવું જોઇએ. દૂધ, દહીં, અને માખણ એ ત્રણવિના અન્ય ઘીનાં કારણ નથી એમ કહેવું પણ યોગ્ય નથી—કારણ કે દૂધ પણ આંચળવિના નીકળે નહીં, માટે આંચળ પણ કારણ માનવું, અને ભેંસ તથા ગાય વિગેરે વિના આંચળ હોય નહીં, માટે ગાય વિગેરે પણ કારણ માનવાં જોઇએ. અને ગાય પણ ઘાસ વિગેરે ભક્ષ્યવિના દૂધ આપે નહીં, માટે તે પણ કારણ માનવાં જોઇએ—એમ આસન્ન સાપેક્ષદૃષ્ટિથી સર્વે માનતાં, ઘી (ઘૃત)ની ઉત્પત્તિ બને છે. તેમ અત્ર પણ નૈગમ વિગેરે સાતનયથી એક ધર્મરૂપ વસ્તુની સિદ્ધિ થાય છે. સાતનયોની સાપેક્ષતાએ ધર્મવસ્તુનું પૂર્ણસ્વરૂપ સિદ્ધ થાય છે—માટે ભવ્યપુરૂષોએ સાતનયોથી સત્યસ્વરૂપ સમજી હઠ કદાગ્રહ દૂર કરી જૈનદર્શનનો સ્વીકાર કરવો. કાળથી કાર્યની ઉત્પત્તિ કાલવાદી માને છે. તથા સ્વભાવવાદી સ્વ-

ભાવથી કાર્યની ઉત્પત્તિ એકાંતે સ્વીકારે છે-નિયતિવાદી નિયતિથી કાર્યસિદ્ધિ માને છે. કર્મવાદી કર્મથી એકાંત કાર્યની ઉત્પત્તિ માને છે-અને ઉદ્યમવાદી એકાંત ઉદ્યમથી કાર્યસિદ્ધિ માને છે. એ પાંચ વાદીઓ એકેક કારણ માની અન્યનો નિષેધ કરી પરસ્પર દ્વેષ કરે છે; તેઓ વાદ વિવાદ કરતા, શ્રી વીરપ્રભુની પાસે ન્યાય મેળવવા ગયા. ત્યારે શ્રી વીરપ્રભુએ કહ્યું કે—પાંચ કારણો મળેથી, કાર્યની સિદ્ધિ થાય છે-જુઓ એક મનુષ્ય ઉત્પત્તિ ઉપર ઘટાડીએ, ગર્ભ ધારણ કરવાનો કાળ આવે છે, ત્યારે સ્ત્રી ગર્ભને ધારણ કરે છે. કંઇ બાલ્યાવસ્થામાં ગર્ભ ધારણ કરતી નથી. તેમજ મનુષ્યની ઉત્પત્તિ સ્ત્રીથી થાય છે. લીંબડાને લીંબોડી થાય છે, આંબાને કેરી થાય છે, ગધેડીથી ગધેડાં થાય છે. મનુષ્યોત્પત્તિ સ્વભાવ સ્ત્રીમાં છે. માટે સ્વભાવ પણ કારણ છે. સ્ત્રીને ગર્ભ રહ્યો, પણ નિયતિ હોય તો જીવી શકે છે, નહીંતો ગર્ભમાં પણ કેટલાક મરી જાય છે, માટે મનુષ્યોત્પત્તિપ્રતિ નિયતિ પણ કારણ છે. તથા પૂર્વભવમાં મનુષ્ય ગતિ કર્મ બાંધ્યું ન હોત, તો મનુષ્યાવતાર આવત નહીં, માટે કર્મ પણ કારણ છે. તથા ગર્ભમાં ઓજાહાર, લોમાહાર, વિગેરે આહાર ગ્રહણ કરવાનો પ્રયત્ન રાખ્યો નહોત, તો વૃદ્ધિ પામત નહીં, માટે; પુરૂષાર્થ પણ કારણ છે. એમ કાલ, સ્વભાવ, નિયતિ, કર્મ અને ઉદ્યમ એ પાંચ પણ મનુષ્યપ્રતિ કારણ છે. એમ દરેક

કાર્યમાં પાંચ કારણના સમવાયની જરૂર છે. આ પ્રમાણે શ્રી વીરપ્રભુના ઉપદેશથી અજ્ઞાન નષ્ટ થવાથી, પાંચવાદીઓ પણ જૈનદર્શનમાં ભળ્યા. આ પ્રમાણે પ્રસંગોપાત વર્ણન કરી મૂળ વિષય ઉપર આવીને કહે છે કે, આત્માની પરમાત્મદશા પ્રાપ્તિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પામીને બનશે. કાલાદિક સામગ્રી પામતાં મોક્ષરૂપ સંપૂર્ણ કાર્યની સિદ્ધિ થશે. શ્રી આનંદઘનજી મહારાજ પણ અજીતનાથના સ્તવનમાં કહે છે કે—

काल लब्धि लही पंथ नीहाळशुंरे, ए आशा अविलंब;
ए जन जीवेरे जिनजी जाणजोरे, आनन्द घन मत अंब=पन्थडो.

સાનુકૂળ સામગ્રીની સંપૂર્ણતાએ ક્ષાયિકભાવે મોક્ષની પ્રાપ્તિ થશે. કથની કથતાં, જો તત્ત્વની પ્રાપ્તિ ન થાય, તો કથનીથી પણ આત્મહિત નથી, માટે આત્મસ્વભાવમાં રમણુતા કર, તેથી તું પરમાત્મપદ પામીશ. અન્તરમાં વર્તનાર ત્રણ ભુવનનાનાથ એવા આત્માનું ધ્યાન કરો, તેથી શાશ્વત સુખરૂપ મેવા પામશો. સત્ય શાશ્વત પદપામવા આત્મદેવનું આરાધન કરો. નિશ્ચયથી આત્માજ દેવ છે, તથા આત્માજ ગુરૂ છે,અને નિશ્ચયથી જોતાં આત્મામાંજ ધર્મ છે. અને વ્યવહારથી પૂજ્ય અરિહંત દેવ, સુસાધુ ગુરૂ અને તીર્થંકરે કહેલો ધર્મ જાણુવો. ગચ્છ ગચ્છની ભિન્નતા, તથા ગચ્છ ગચ્છની બાહ્યક્રિયામાં ફેર છે તેમાં એકાંત જે રાગી થઇ, સત્યતત્ત્વ જોતા નથી,

તે આત્મહિતકરતા નથી. બાહ્ય ગચ્છાદિકમાં એકાંત ધર્મ માની જીવો અનેકાંત ધર્મનું સેવન કરી શકતા નથી. વ્યવહારમાં ગચ્છ માનવો જોઇએ. શ્રી વીરપ્રભુની પરંપરાએ સુવિહિતગચ્છ ચાલ્યો આવે છે. સાધુને ગચ્છમાં વાસ કરવો જોઇએ. એમ ઉપદેશમાળામાં કહ્યું છે. ગચ્છથી વીરપ્રભુનું શાસન ચાલે છે. આત્મજ્ઞાનની પ્રાયઃ લોપતા થઈ છે. અહો મહા અન્ધેર જગતમાં જ્ઞાનવિના ચાલી રહ્યું છે. તેમજ અનેકાંત ધર્મના જ્ઞાતા મુનિવર્યો તો અલ્પ છે, અને અજ્ઞાનિ જીવો તો જ્યાં ત્યાં અથડાય છે, વિષમ કલિકાલમાં મનુષ્યનો સમુદાય આત્મજ્ઞાન પ્રતિ લક્ષવાળો નથી. તથા જનસમુદાયની પ્રાયઃ આત્મજ્ઞાન પ્રતિભાવના થતી નથી અને તે વાત સમજી પણ શકતો નથી. તેમની જેવી ભવિતવ્યતા, તે બાબત શોક કરવો યોગ્ય નથી. સર્વાંશે જિનકથિત સ્યાદ્વાદ દર્શન પરિપૂર્ણ છે, એમ નિશ્ચય છે. સ્યાદ્વાદજ્ઞાનવિના મોક્ષની સાધના કરવી, તે પોતાની મતિનો ઉન્માદ જાણવો, તત્ત્વની પરીક્ષા કરી તત્ત્વની શ્રદ્ધા કરવી અને તેનો આદર કરવો બતાવે છે.

दुहा.

करो परीक्षा तत्त्वनी, गुरु गम धारी ज्ञान ॥
पंडित पुरु पारखे, त्यजी कदाग्रह मान ॥ १६१ ॥
वीर वीर श्री वीरनी, वाणीनो ऊपकार ॥
गुरुक्रमए जाणीयो, कहेतां नावे पार ॥ १६२ ॥

केवलज्ञानि वीरना, वचने छे विश्वास ॥
काललब्धि सामग्रीथी, फळशे सघळी आश ॥ १६३ ॥
श्रीसंखेश्वर पासजी, करतो सेवक स्हाय ॥
नगर धुलेवा आवीने, बुद्धिसागर गाय ॥ १६४ ॥
केशरीया रूषभप्रभु, करजो मुजपर म्हेर ॥
आपपसाए आत्ममां, थाशे लीलालहेर ॥ १६५ ॥
ओगणीस बासठ सालमां, वसन्त पञ्चमी दिनः ।
नगर धुलेवामां कर्यो, पूर्णग्रन्थ सुखलीन ॥ १६६ ॥

ભાવાર્થ—સુગમ છે, તેથી વિશેષ લખ્યો નથી. આ ગ્રન્થ દુહામાં રચવાનો પ્રારંભ ઇડરગઢમાં સંવત ૧૯૬૨ માગશર શુદી એકમના રોજ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ વિજાપુરના સંઘમાં કેશરીયાજી જતાં સ્થિરતાના વખતમાં પ્રાંતિજ, અહમદનગર, રૂપાલ, ઢીંટોઇ, શામળાજી વીંછીવાડા, ડુંગરપુર અને કેશરીયાજીમાં રચના થઇ હતી. ૧૨૫ દુહાથી શ્રી કેશરીયાજીમાં શ્રી રૂપવિજયજી મહારાજની દેરીની ઉપર એક ઉંચી ટેકરી છે, ત્યાં બાકીની રચના કરવામાં આવી હતી. શ્રી કેશરીયાનાથની કૃપાથી, ધુલેવાનગરમાં દુહાથી પૂર્ણ ગ્રંથ સમાપ્ત કર્યો.

ज्ञानक्रियाभ्यां मोक्ष જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ છે, માટે આ ગ્રન્થ વાંચી જ્ઞાનક્રિયાપરાયણ થવું. શુદ્ધ આચરણ વિનાના શુષ્ક જ્ઞાનિયો હોલીના ફાગની પેઠે, આત્મા આત્મા

પોકારે છે. પણ પોતાનાં આચરણ સુધારતા નથી. અને જાણે તત્ત્વ પામ્યા એમ માની સ્વેચ્છાચારી બને છે, તેમને હિતશિક્ષા કે જ્ઞાનનું ફળ વિરતિ છે. આશ્રવનાં આચરણ છોડી, સંવરનાં આચરણ ગ્રહણ કરવાં. શ્રાવકનાં બારવ્રત ગ્રહણ કરવાં અને શક્તિ હોય તો દીક્ષા અંગીકાર કરી પંચમહાવ્રત પાળવાં. એકાંત ક્રિયાવાદીને હિતશિક્ષા કે જ્ઞાનપૂર્વક ક્રિયાથી સંવર તથા નિર્જરાની પ્રાપ્તિ થાય છે. શાશનની ઉન્નતિ જ્ઞાનથી તથા પોતાનાં નિર્મલ આચરણથી થાય છે. જ્ઞાનથી શાસન ચાલે છે. ભગવાનની વાણીરૂપ શ્રુતજ્ઞાનનો પરમ આધાર છે. જ્ઞાન ભણવું, ભણાવવું, જ્ઞાનાભ્યાસીઓને સ્હાય આપવી, જ્ઞાનવિના અંધારૂં છે. દેવગુરૂ ધર્મને પણ જ્ઞાનવિના કોઈ જાણી શકતું નથી. માટે સૂર્યસમાન એવા જ્ઞાનનું એકચિત્તથી આરાધન કરવું.

ग्रन्थकर्तृप्रशस्तिः

चतुर्विंशः स्वामी जिनभगवतां, वीरभगवांस्तदीया शिष्याणां;
विशदपरिपाटी बहुरभूत्, मुनिस्तस्यां श्रीहीरविजय इति–
प्रादुरभवत् । यदाऽऽदिष्टैर्जीवैः सुलभमभवन्मोक्षाविभवम् ॥१॥
सहेजसामरस्तस्य शिष्योऽभून्मुनिपुङ्गवः ॥
चारित्रशुद्धिधर्त्ताऽसौ तच्छिश्यो जयसागरः ॥ २ ॥
जयसागर शिष्योऽपि, जीतसागरनामकः ॥
धर्मैकजीवनस्तस्य, शिष्योऽभून मानसागरः ॥ ३ ॥

मयगलसागरऋषिणा, तस्याशिष्यत्वमनन्तरं विहितम् ॥
तदनन्तरमनुभविता पद्मसागराख्यमुनिवर्य्यः ॥ ४ ॥
सुज्ञानसागरमुनिः, प्रथयाश्चकार ॥
गुर्वी गुरोः सरलंभक्तिमसौ ततोऽग्रे ॥
सुज्ञानसागरमुनेरभवत्सुशिष्यः ॥
रूपेण यः सहित आत्मन इत्यभिख्यः—॥ ५ ॥
सरूपसागरो यस्य, नाममात्रं हि सुश्रवम् ॥
तच्छिष्योऽजनि धर्मात्मा, निधानसागरो मुनिः॥ ६ ॥
निधानसागरस्यापि, शिष्योऽभून्मुनिरुत्तमः ॥
मयासागर इत्येवं,–संज्ञया ख्यातकीर्तिकः ॥ ७ ॥
आस्तां शिष्यावुभौ साधोः श्रीमयासागरस्ययौ ॥
याभ्यां परम्परा ख्याता, श्रीवीरपरमात्मनः—॥ ८ ॥
नेमसागर इत्याख्यो, गौतमसागरश्च तौ ॥
अभूतां शासनोद्धारे, दत्तचित्तौ मनीषिणौ ॥ ९ ॥
तत्रासीत् खलु नेमसागरमुनिः संवेगपक्षोद्धरन् ॥
सच्चारित्रजुषां पथः शिथिलतां मूलोपघातं नयन् ॥
निस्तन्द्रं क्रियया कुठारसमया कर्माटवीं छेदयन् ॥
भव्यान् देशनया सुधामधुरया मोक्षोदयोग्यान् दिशन् ॥ १० ॥
तच्छिष्यो रविसागरो रविरिवाऽज्ञानान्धकारान्तकः ॥
श्रीमत्सागरगच्छपुष्करतले श्रीतात्त्विषां संचयः

सच्चारित्रपरायणात्मनिरतः शान्तः प्रतापी मुनिः ॥
तच्छिष्यः सुखसागरो विजयते शिष्यप्रशिष्यावृतः ॥११॥
भवेच्चेत् कोऽपि पापीयान् दृष्ट्वा तं सुखसागरम् ॥
सुखस्य सागरे मग्नो जायते नात्र संशयः ॥ १२ ॥
श्रीवचोवर्गणा यस्य यादृशी तोषदायिनी ॥
वक्तुं नो शक्यते यैस्ते भुक्त्वा जानन्ति तद्रसम् ॥ १३ ॥
शैथिल्येपीन्द्रियादीनां चारित्रे शूरताधरः ॥
अहो चेतस ऐकाग्र्यं मुनेरेकान्तवासिन. ॥ १४ ॥
तच्छिष्याग्राणि बुद्धिसागरमुनेः सत्त्वानुकम्पार्थिनः ॥
जीवो मोक्षपथं कथं सुलभतामित्याशयेयं कृतिः ॥
यावच्चन्द्रदिवाकरौ प्रभवतु श्रेयोऽर्थिनां श्रेयस ॥
ग्रन्थः श्रेष्ठजनादृतः सविवृतिः पूर्तिं गतो भावतः ॥१५॥
कृष्णश्रेष्ठिसुपुत्राय माणसा ग्रामवासिने ॥
श्रावकवीरचन्द्राय चात्मार्थं विवृतिः कृता ॥ १६ ॥
पावकाङ्काङ्कचन्द्राब्दे (१९६३) वैक्रमे पूर्णिमातिथौ ॥
पूर्णतामगमद्ग्रन्थः श्रावणे भृगुवासरे ॥ १७ ॥
सानन्दसङ्घविज्ञप्त्या चातुर्मास्यं कृतं मुदा ॥
सुखाब्धिगुरुणा सार्धं समाधिसुखपूर्वकम् ॥ १८ ॥

ॐ ह्रीँ श्रीँ धरणेन्द्रपद्मावतीसहिताय संखेश्वरपार्श्वनाथाय शांतिं तुष्टिं पुष्टिं कुरु २ स्वाहा ॥ ॐ शांतिः शांतिः शांतिः ३

पद (भजन)

ओधवजी संदेशो कहेजो श्यामने. ए राग.

अपूर्व अवसर समकित श्रद्धाथी लही,
वैरी वामीशकर्म मर्म जंजाळजो.
सादि अनंति स्थिति भांगो ए कह्यो,
टळे अनादि शांतपणे निरधारजो. अ—१
दुःख सुख समभावे वेदु हुं आत्ममां,
शत्रु मित्र पुत्रादिकपर समचित्त जो.
चउ गति छेदक चोथुं गुण गणुं लही,
दर्शन मोहनी टळतां थाउ पवित्रजो. अ—२
अनंत भव कारक क्रोधादिक चउ हणी,
आतम भावे थाउ हुं सम स्थिरजो.
अंतरदृष्टिथी आतमने देखतां,
टळे अनादिपर परिणति भव पीडजो. अ—३
आत्मासंख्य प्रदेशो दृष्टि जोडतां,
संयम हेतु पामी थाउ फकीरजो.
वीर कषायने टाळी गुणश्रेणि चढे.
धर्म ध्यान वेगथी संयत वीर जो. अ—४
रोग शोक वियोगादिक दूरे टळ्या,
निरागी निःस्नेहि अप्रतिबद्धजो.
निर्लेपि आकाशनी पेरे तत्त्वथी,
क्षपक श्रेणि शुक्ल परिणामे लब्धजो. अ—५
भिन्न भिन्न स्वरुप आतमनुं ओळख्युं,

दुःखकारक टळीयो पर पुद्गल संगजो.
आत्मानुभवसागर कल्लोले चढयो,
उछळीने समता त्यां ज्ञान तरंगजो. अ—६
आत्मस्वरूपे आरोहण गुणठाणनुं,
कर्म प्रकृति विचित्र झरती जोयजो,
सोऽहं सोऽहं लागी ताळी ध्याननी,
तत्त्वमसिपद सम्यक् त्यां अवलोयजो. अ—७
धर्मास्तिकायादिक पांचे द्रव्यनुं,
भिन्नपणुं त्यां आतम द्रव्यथी होयजो.
तेना गुण पर्यायादिक पण भिन्न छे.
अस्तिपणे वसीया स्वद्रव्यमां जोयजो. अ—८
नास्तिकता तेनी छे आतम द्रव्यमां,
स्वगुणनी अस्तिता आत्म अनंतजो.
अस्तिता नास्तिता समकाळे रही,
वाच्या वाच्यपणे भाखे भगवंतजो. अ—९
द्रव्य गुण पर्याय स्वरूपनी चिन्तना,
पुद्गलथी न्यारो मुज आतमद्रव्यजो.
स्वपर प्रकाशक भोगी छे निजऋद्धिनो,
करे प्रवृत्ति तत्त्वविवेचक भव्यजो. अ—१०
काळ अनादिथी लाग्यां जे घातियां,
कर्म तणो गुणठाणे बारमे अन्तजो.
केवल ज्ञानी क्षायिक वीर्य धरी वरे,
सयोगी गुणस्थानक तेरमुं कन्तजो. अ—११
दग्ध रज्जुवत् वेदनीयादिक चारनी,

स्थितिनुं होवे ज्यांहि जेटलुं मानजो.
भोगवी चउदमुं गुण ठाणुं उल्लंघतां,
सिद्ध बुद्ध परमातम श्री भगवानजो. अ—१२
मन वच काया कर्माष्टकनी वर्गणा,
पुद्गल संगनो जरा नहि संबंधजो.
जन्म जरा मरणादिक सहु दूरे गयुं,
लह्यो अपूर्व आतम कर्म अबंधजो. अ—१३
आविर्भावे भासी गुणनी संतति,
सहजानन्दे विचरे आतम भूपजो.
पूर्व प्रयोगे गति परिणामे सिद्धमां,
पहोच्यो चेतन टळी अनादि धूपजो. अ—१४
सादि अनन्ति स्थिति शाश्वत पदतणी,
षट्कारक परिणमतां तत्त्व स्वरूपजो.
निराकार साकाररूप दो चेतना,
चिदानन्द गुणधारक श्रीचिद्रूपजो. अ—१५
सहस्रजिव्हा आयुष्य पूर्वकरोडनुं,
केवलज्ञानी कहेतां न लहे पारजो.
व्यवहार निश्चय नयबेने अवलंबतां,
बुद्धिसागर शाश्वतपद निर्धारजो: अ—१६

ॐ शान्तिः शान्तिः शान्तिः